# ધાર્મિક જ્ઞાનગંગા

## પ્રભુનો આભાર માનો કે .........

( **Message on Thanks Giving** - વિનોદ પટેલ – સાંડીયાગો, અંગ્રેજીમાંથી ભાષાંતર)

• પ્રભુનો આભાર માનો કે તમે જે કઈ જીવનમાં ઈચ્છયું હોય એ બધું જ તમને પ્રાપ્ત થયું નથી. જો તમોને એ બધું જ મળી ગયું હોત તો મેળવવાનુ બાકી ન રહેતાં મેળવવાનો જે આનંદ હતો એ મળી નહી શકે.

• પ્રભુનો આભાર માનો કે તમે જે કઈ જાણવા માંગો છો એ બધું જ જાણતા નથી કેમ કે એ તમને જ્ઞાન પ્રાપ્તિ માટેની એક વધુ તક પૂરી પાડે છે.

• તમારા જીવનની મુશ્કેલ પરિસ્થિતિ માટે પ્રભુનો આભાર માનો કેમ કે મુશ્કેલીઓના સમયમાં જ તમારો સારો અને સાચો વિકાસ થતો હોય છે.

• પ્રભુનો આભાર માનો કે તમારામાં હજુ કેટલીક મર્યાદાઓ રહી ગઈ છે, કેમ કે આવી મર્યાદાઓ જ તમને તમારી જાતમાં જરૂરી સુધારો કરવાની તકો પૂરી પાડે છે .

• તમારા જીવનમાં આવતા દરેક નવા પડકાર માટે પ્રભુનો આભાર માનો, કેમ કે આવા પડકારો જ તમારામાં નવી શક્તિ અને સાચા ચારિત્ર્ય(**Character**)નું ઘડકર કરશે.

• તમારી ભૂલો માટે પ્રભુનો આભાર માનો કેમ કે તમારી ભૂલોમાંથી જ તમને તમારા જીવન માટેનો અમુલ્ય બોધપાઠ શીખવા મળશે.

• તમે જ્યારે જીવનનો થાક અનુભવો અને અંદરથી ભાંગી પડ્યાની લાગણી અનુભવો એવે વખતે પ્રભુનો આભાર માનો કેમકે જીવનમાં સારી વસ્તુઓ પ્રાપ્ત થાય ત્યારે આભારી બનવાનું તો સહેલું હોય છે, પરંતુ જિંદગીમાં જ્યારે પીછેહઠ કરવાનો સમય આવે ત્યારે જ પ્રયત્નો કરીને તમારી જે ભાવનામય પૂર્ણતા શક્ય બનાવશો એનો તો આનંદ જ અનેરો હોય છે.

• તમારી આ પ્રકારની પ્રભુ પ્રત્યેની આભારવશતા તમારી સર્વે નકારાત્મક દ્રષ્ટિ(**Negative attitude**)ને સકારાત્મક દ્રષ્ટિ(**Positive attitude**)માં પલટી નાખશે. તમારા જીવનની અડચણો અને મુશ્કેલીઓના સમયે પ્રયત્નશીલ બની પ્રભુના આભારવશ બનવાના બધા જ રસ્તા શોધી કાઢો અને પછી જુઓ કે તમારા માટે એ છુપો આશીર્વાદ બની રહે છે કે નહી !

## વિચાર-વીથિકા - દેવેશ મહેતા

http://suratiundhiyu.wordpress.com/

જ્યારે યુધિષ્ઠિર ભીષ્મ પિતામહ પાસે પહોચ્યા...

મહાભારતના યુદ્ધની બધી તૈયારીઓ થઇ ચૂકી હતી. કુરુક્ષેત્રમાં બન્ને તરફ કૌરવો અને પાણ્ડવોની સેનાઓ ગોઠવાઇ ગઇ હતી. બધા રણભેરી વાગવાની રાહ જોઇ રહ્યા હતા. ત્યાં બધાએ જોયું તો ધર્મરાજ યુધિષ્ઠિર એમના અસ્ત્ર- શસ્ત્ર, કવચ વગેરે રથમાં જ મૂકીને ચાલતા ચાલતા કૌરવોની છાવણી તરફ જઇ રહ્યા છે ! આને કારણે પાણ્ડવો અને કૌરવો બન્ને પક્ષે જાતજાતના તર્કવિતર્કો થવા લાગ્યા. પાણ્ડવોને પણ સમજાયું નહી કે યુધિષ્ઠિર આવું કેમ કરી રહ્યા છે ? અર્જુને એમને પૂછવાનું વિચાર્યું પણ પછી એમ કરવાને બદલે તે એમની પાછળ જ ચાલી નીકળ્યો. એ સાથે ભીમ, સહદેવ, નકુળ અને કૃષ્ણ પણ એની પાછળ ગયા. કૌરવોમાંથી કેટલાક એવું વિચારવા લાગ્યા કે યુધિષ્ઠિર સંધિપ્રસ્તાવ લઇને ક્ષમા માંગીને યુદ્ધ ન કરવાની વિનંતી કરવા આવતા હશે તો કેટલાક તેને કોઇ રાજનીતિની ચાલ સમજવા લાગ્યા. ભીમસેને યુધિષ્ઠિર પાસે પહોંચીને પૂછયું પણ ખરું- મહારાજ, તમે આ શું કરી રહ્યા છો ?' પણ યુધિષ્ઠિરે કોઇ જવાબ આપ્યો નહી. શ્રીકૃષ્ણે ભીમને શાંત રહેવાનો ઇશારો કર્યો અને કહ્યું- 'ધર્મરાજ યુધિષ્ઠિર હંમેશા ધર્મને અનુકૂળ કાર્ય કરે છે. અત્યારે પણ તે એવું જ કાર્ય કરતા હશે.'

યુધિષ્ઠિર ત્યાંથી આગળ વધી કૌરવોની સેનાના મધ્યમાં રહેલા ભીષ્મ પિતામહ પાસે પહોચ્યા. અત્યંત આદરપૂર્વક એમના ચરણોમાં મસ્તક નમાવી પ્રણામ કર્યા અને બન્ને હાથ જોડી પ્રાર્થના પૂર્વક કહેવા લાગ્યા- પિતામહ, એવો અવસર આવી ગયો છે કે અમારે આપની સાથે યુદ્ધ કરવું પડે એમ છે. આપ અમને આપના આશીર્વાદ સાથે આજ્ઞા આપો.' ભીષ્મ પિતામહે ઉત્તર આપતાં કહ્યું- 'યુધિષ્ઠિર ! તમે સાચેસાચ ધર્મરાજ છો. કેવળ તમારા મુખમાં જ આવા શબ્દો આવી શકે. તમે ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારની પરંપરાને જાળવી છે. તમે આ રીતે નમ્રતાપૂર્વક મારી અનુમતિ લેવા ન આવત તો મને અવશ્ય ક્ષોભ થાત અને તમારા પરાજય માટે પ્રયત્ન કરત. પરંતુ તમે વિવેક દાખવીને મારુ મન જીતી લીધું છે. હું તમને યુદ્ધ- વિજયના આશિષ આપું છું. દુર્યોધનનું અન્ન ગ્રહણ કરતો રહ્યો છું. એટલે મારે એના તરફથી લડવું પડે છે અને અધર્મનો સાથ આપવો પડે છે. હું એના તરફથી યુદ્ધના લડું એ સિવાય તમે મારી પાસેથી જે સહાયતા માગો તે આપવા તૈયાર છું. ભીષ્મની આ ઉદારતા જોઇ યુધિષ્ઠિર કહેવા લાગ્યા- 'પૂજ્ય ! આપ સર્વશ્રેષ્ઠ યોદ્ધા છો. આપની સામે યુદ્ધ કરીને અમે કેવી રીતે વિજય મેળવી શકવાના છીએ ? આપને યુદ્ધમાં હરાવવાની કોઇનામાંય શક્તિ નથી. ભીષ્મે તેમને કહ્યું- 'ફરી એકવાર તમે મારી પાસે આવજો. હું તમને એનું રહસ્ય કહીશ. એ રીતે તમે મને મારી શકશો. તે પછી ત્યાંથી યુધિષ્ઠિર દ્રોણાચાર્ય પાસે પહોચ્યા. તેમને દંડવત પ્રણામ કરીને એમની પાસેથી પણ યુદ્ધની આજ્ઞા માંગી. તેમણે પણ ભીષ્મ પિતામહની જેમ જ દુર્યોધન તરફથી પોતાને લડવું પડે છે. તે લાચારી દર્શાવી તેમને વિજય શ્રી પ્રાપ્ત થવાના

http://suratiundhiyu.wordpress.com/

આશીર્વાદ આપ્યા. આ જોઇને યુધિષ્ઠિરે નમ્રતા અને શિષ્ટતાપૂર્વક કહ્યું- 'ગુરૂદેવ ! આપની સામે અમારે લડવાનું છે. તો અમને વિજય ક્યાંથી પ્રાપ્ત થઇ શકવાનો છે ? આપને અમે કદી હરાવી શકીએ એમ નથી. ગુરુ દ્રોણાચાર્યે જવાબ આપતા કહ્યું- એ વાત સાચી છે કે મારી પાસે અસ્ત્ર- શસ્ત્ર હોય ત્યાં સુધી મને મારી શકવાનું સંભવ નથી પણ મારા નિકટના કોઇ સગાના મરણના સમાચાર મને મળે ત્યારે હું અસ્વસ્થ બનીને શસ્ત્ર મૂકી દઉ છું.તે સમયે મને મારી શકાય છે. તમને વિજય મળે એ માટે આ રહસ્યની વાત કેવળ તમને જ કહું છું.'

તે પછી યુધિષ્ઠિર કુળગુરુ કૃપાચાર્ય પાસે ગયા. તેમને પણ સાષ્ટાંગ પ્રણામ કરી તેમની પાસેથી યુદ્ધની પરવાનગી માંગી. તેમણે પણ યુધિષ્ઠિરના નિયમ અને વિવેકથી પ્રસન્ન થઇ યુદ્ધમાં વિજયી બનવાના આશિષ પ્રદાન કર્યા. એમની સામે યુદ્ધમાં જીત કેવી રીતે મેળવવી તે પૂછવા જતા હતા ત્યાં જ તેમણે સામેથી એમના મનના વિચાર જાણી લઇને કહ્યું- 'ધર્મરાજ ! યુદ્ધમાં મને કોઇ મારી તો શકે એમ છે જ નહી. પણ હું તમને વિજય મળે એ માટે અનુકૂળ થઇશ. એમાં વચ્ચે બાધક નહી. બનુ ઇશ્વરને પણ પ્રાર્થના કરીશ કે તે તમને જ વિજયલક્ષ્મી પ્રદાન કરે.' તે પછી યુધિષ્ઠિર મામા શલ્ય પાસે ગયા અને તેમને પણ પ્રણામ કરી યુદ્ધ માટે સંમતિ માંગી. મામા શલ્યે પણ તેમને વિજય પ્રાપ્ત કરવાના આશીર્વાદ આપ્યા. તેમણે યુધિષ્ઠિરને કહ્યું- હું તમને સીધી રીતે તો નહી પણ આડકતરી રીતે મદદ કરીશ. હું યુદ્ધ વખતે કર્ણને કઠોર શબ્દો કહીને હતોત્સાહ કરતો રહીશ. એની નાની અમથી નબળાઇઓને પણ બહુ મોટી બતાવીને એને માનસિક રીતે નબળો પાડતો રહીશ.છેવટે શ્રીકૃષ્ણે યુદ્ધ માટે હું પણ બધુ અનુકૂળ કરી દઇશ એવું સાંત્વન આપ્યું અને સમય આવ્યે આ રહસ્યો જાણીને એને અનુરૂપ યોજના કરીને પાણ્ડવોને વિજય પ્રાપ્ત કરવા સહાય રૂપ બન્યા. આમ, યુધિષ્ઠિરે એમના વિનય અને વિવેકથી ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય અને શલ્ય જેવા મહારથીઓના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી એવી સહાનુભૂતિ પ્રાપ્ત કરી કે જેથી તે મહારથીઓએ પોતાનો પરાજય જ નહી, પણ પોતાના પ્રાણ પણ કેવી રીતે લઇ શકાય તેના રહસ્યો ખુલ્લાં કરી દીધા. આ સિવાય પાણ્ડવો માટે યુદ્ધમાં વિજય મેળવવો.

## ગ્લાનિ – ફાધર વાલેસ

રાજાએ ભરેલા દરબારમાં રાજગુરુને પ્રશ્ન કર્યો : 'જૂના જમાનામાં પ્રજામાં ધર્મનું બળ હતું તે અત્યારે કેમ નથી ?' રાજગુરુએ જવાબ તો આપ્યો નહિ, પણ બધાંની આગળ એક મોટા વાસણમાં તેલ ભરી દીધું, અને દરબારમાં ઊભેલા હતા એ દરેકના હાથમાં એવું એક ખાલી વાસણ મૂકીને સૌને આજ્ઞા કરી કે તેલવાળું વાસણ લઈને એની બાજુની વ્યક્તિના હાથમાં ખાલી રહેલા વાસણમાં

http://suratiundhiyu.wordpress.com/

બધું તેલ રેડી આપે, અને એ વળી એ તેલ લઈને બાજુવાળાના ખાલી રહેલા વાસણમાં રેડે અને એમ બધાં કરતાં જાય.
એમ એક એક પોતાના પાત્રમાં તેલ લે અને બીજાના પાત્રમાં રેડે, અને ક્રમે ક્રમે દરબારનું આખું ચક્ર પૂરું થયું અને છેલ્લા દરબારીએ પોતાના પાત્રમાંનું તેલ રાજાના હાથમાં રહેલા પાત્રમાં રેડી દીધું. રાજાએ જોયું તો થોડાંક જ ટીપાં એના પાત્રમાં પડ્યાં. અને સૌએ પણ રાજાની સાથે એ જોયું. તેલ ઘણું હતું. પણ વાસણે વાસણે એ ચોંટતું જાય એટલે શરૂઆતમાં ખાસ ફેર દેખાતો નથી પણ એનું પ્રમાણ ઓછું થતું જાય, અને આખરે રાજાના હાથમાં થોડાં જ ટીપાં આવી જાય.
રાજા સમજી ગયા.
બધાં સમજી ગયાં.
ધર્મના અનુભવને બદલે ધર્મનું શિક્ષણ આવે ત્યારે ધર્મની ગ્લાનિ આવે. ('પ્રસન્નતાની પાંખડીઓ' પુસ્તકમાંથી સાભાર.)

## વાણીમાં કટુતા ન હોય ત્યારે જીવનમાં પ્રેમ પ્રગટ થાય છે

**મોરારીબાપુ**

- પ્રેમ જ ઇશ્વરની જાતિ છે, પ્રેમ જ ઇશ્વરનો રંગ છે અને પ્રેમ જ ઇશ્વર પ્રાપ્તિનું સરનામું છે. આપણા ઘરમાં પ્રેમ હોય તો હરિ આપણા ઘરમાં પ્રગટ થાય છે
રામચરિતમાનસમાં તુલસીદાસજી પ્રેમ વિષયકની ચર્ચા ખૂબ જ કરે છે. તુલસીદાસજી પ્રેમના વિષયમાં એટલું જ કહે છે કે કોઇપણ વ્યક્તિના હૃદયમાં પ્રેમ પ્રગટ થઇ જાય પછી જીવનમાં કંઇ બાકી રહેતું નથી. હવે પ્રેમ કેવી રીતે પ્રગટ થાય એ વાત આપણે બધાએ વિચારવી જોઇએ. ચાલતા જતાં હોઇએ અને પ્રેમ પ્રગટ થાય એ તો નાશ્વત પ્રેમ છે, એને પ્રેમ કહેવો કે કેમ એ મોટો પ્રશ્ન છે. પ્રેમ તો અમુક કસોટીમાંથી પાર ઊતરીએ પછી જ પ્રાપ્ત થાય છે. તુલસીદાસજી દોહાવલી રામાયણમાં પ્રેમ પ્રગટ થવાની કેટલીક વિદ્યાઓનું દર્શન કરાવ છે જે દોહાનું દર્શન કરીએ,
'સુધે મન સૂધે બચન સૂધી સબ કરતૂતિ
તુલસી સૂધી સકલ બિધિ રઘુબર પ્રેમ પ્રસુતિ'
દરેક વ્યક્તિના જીવનમાં, એક સાધકના જીવનમાં પ્રેમ કેવી રીતે પ્રગટ થાય છે? પ્રેમનો જન્મ કેવી રીતે થાય છે? એ વિષયમાં તુલસીદાસજી દોહાવલી રામાયણમાં કેટલાંક સૂત્રો આપ્યાં છે. એ સૂત્રોને આધારે હું તમારી સમક્ષ પ્રેમની વાત મૂકું છું. પ્રેમનો ક્યારેય અંત આવતો જ નથી. પ્રેમ તો શાશ્વત છે પણ પ્રેમની ચર્ચા ચાલે છે ત્યારે એટલું જ કહીશ કે એક વાર અકબરના દરબારમાં ઘણા બધા વિદ્વાન પંડિતો બેઠા હતા. બધા પોતપોતાની રીતે અકબરને વાત સંભળાવી રહ્યા હતા. એવા સમયે અકબર વિદ્વાન પંડિતોને એક સવાલ કરે છે. તમે બધા આજે મને બતાવો કે અલ્લાહની જાતિ કઇ

http://suratiundhiyu.wordpress.com/

છે? અકબરનો પ્રશ્ન સાંભળીને બધા થોડીવાર મૌન થઇ ગયા. હવે અકબરના દરબારમાં તો નવરત્નો પણ હતા.
એ નવરત્નો તો બુદ્ધિશાળી હતા. અકબરે નવરત્ન સમાન પંડિતોને પૂછ્યું કે તમે બતાવો કે અલ્લાહની જાતિ કઇ છે? નવરત્ન સમાન પંડિતો પણ જવાબ આપી શકતા નથી. ફરી પાછા અકબર બીજો પ્રશ્ન કરે છે કે અલ્લાહનો રંગ કેવો છે? આનો જવાબ પણ કોઇ પંડિત પાસે નથી. વળી ફરી પાછા અકબર પ્રશ્ન કરે છે કે અલ્લાહનું સરનામું શું છે? એક પણ પંડિત બોલવા માટે તૈયાર નથી. છેલ્લે અકબર ફરી એક પ્રશ્ન કરે છે કે ઓ પંડિતો, અલ્લાહનો આકાર કેવો હોય છે? આમ તો ઇસ્લામમાં કોઇ આકાર નથી. સૂફીવાદમાં બધું જ સ્વીકાર્ય છે એટલે એ ધર્મમાં કબરને પૂજવામાં આવે છે. હવે અકબરના પ્રશ્નો સાંભળીને એક પણ પંડિત જવાબ આપવા માટે તૈયાર નથી.
અંતે અકબર થાકીને એક ફકીર પાસે જાય છે. ફકીર એક સાદડી બિછાવીને એક વૃક્ષની નીચે માટીમાં બેઠા છે. અકબર ફકીરને પ્રણામ કરે છે. અકબરને જોયા પછી ફકીર કહે છે કે 'શહેનશાહ આપ શું કામે મારી પાસે આવ્યા છો? ફકીરની વાત સાંભળીને અકબર કહેવા લાગ્યા કે હું આપની પાસે એક જિજ્ઞાસા લઇને આવ્યો છું. કૃપા કરીને એને પરીક્ષા ન સમજતા પણ એક અજ્ઞાનીને બાળક જાણીને મનમાં જે શંકા પડી છે એને દૂર કરજો. મારી એક જિજ્ઞાસા છે જે આ પ્રમાણે છે, કૃપા કરીને જણાવજો. મને અમુક પ્રશ્નો સતાવે છે. જેનો જવાબ કોઇ પંડિતો પણ આપવા માટે તૈયાર નથી, માટે હું તમારી પાસે આવ્યો છું. ફકીર હસતા હસતા કહેવા લાગ્યા, 'હે શહેનશાહ જણાવો તમારા પ્રશ્નો.'
અકબર હાથ જોડીને કહેવા લાગ્યા કે મારો પ્રથમ પ્રશ્ન એ છે કે અલ્લાહની જાતિ કઇ છે? બીજો પ્રશ્ન એ છે કે અલ્લાહનો રંગ કેવો છે? આગળના પ્રશ્નો એવા છે કે અલ્લાહનું સરનામું કયું છે? અને અલ્લાહનો આકાર કેવો છે? બસ આટલા પ્રશ્નો મને સતત સતાવે છે. આનો જવાબ કોઇ વ્યક્તિ આપવા માટે તૈયાર નથી. માટે મારી જિજ્ઞાસાને આપ પૂર્ણ કરો. રાજાની વાત સાંભળીને ફકીર હસતા-હસતા કહેવા લાગ્યા કે, હે રાજા, સાંભળો તમારા પ્રશ્નોના જવાબ. તમારો પહેલો પ્રશ્ન એવો હતો કે અલ્લાહની જાતિ કઇ છે? પણ તમારા જેટલા પ્રશ્નો છે એ બધાનો જવાબ એક જ છે.

અલ્લાહની જાતિ પ્રેમ છે. નરજાતિ, નારીજાતિ, નાન્યતરજાતિ એવી કોઇપણ પ્રકારની અલ્લાહની જાતિ નથી. પ્રેમ જ પરમાત્માની જાતિ છે. પ્રેમ જ અલ્લાહનો રંગ છે. હું ઊછળ-કૂદવાળા ઇશ્કની વાત કરતો નથી. તમે પ્રેમનો ગલત અર્થ કરો તો એ તમારી જવાબદારી છે. હું કઢંગા પ્રેમની ચર્ચા કરતો નથી પણ જે પ્રેમથી પ્રભુ સ્વયં પ્રગટ થાય એવા પ્રેમની ચર્ચા હું તમારી સાથે કરી રહ્યો છું.

http://suratiundhiyu.wordpress.com/

અહીંયાં વિષયીપ્રેમની ચર્ચા નથી અહીંયાં તો વિશ્વાસુપ્રેમની ચર્ચા છે. તો પ્રેમ જ ઇશ્વરની જાતિ છે, પ્રેમ જ ઇશ્વરનો રંગ છે અને પ્રેમ જ ઇશ્વર પ્રાપ્તિનું સરનામું છે. તુલસીદાસજી તો રામચરિતમાનસમાં બહુ સ્પષ્ટ લખે છે કે,

'હરિ વ્યાપક સર્વત્ર સમાના
પ્રેમ તે પ્રગટ હોહિ મે જાના'

જ્યાં પ્રેમ છે ત્યાં સ્વયં હરિ પ્રગટે છે. આપણા ઘરમાં પ્રેમ હોય તો હરિ આપણા ઘરમાં પ્રગટ થાય છે. મારી તો દરેકને પ્રાર્થના છે કે પરિવારમાં પ્રેમથી વ્યવહાર કરજો. દ્વેષ, ઇર્ષ્યા, કંકાસ છોડીને પ્રેમની ગંગામાં સ્નાન કરજો, જીવન ધન્ય બની જશે. ઘરમાં પૂજા થાય તો કરો, માળા થાય તો જ કરો, સેવા થાય તો કરો પણ પ્રેમ બધાને કરજો. પ્રેમ જ ઇશ્વરને પ્રાપ્ત કરવાનું સરનામું છે. તુલસીદાસજી દોહાવલી રામાયણમાં પ્રેમ પ્રગટ થવાનાં અમુક સાધનો બતાવ્યાં છે જે આ પ્રમાણે છે.

૧. સૂધે મન: 'સૂધેમનનો અર્થ થાય કે જેનું નામ સીધુંસાદું છે જેનું મન બિલકુલ સરળ છે એવા વ્યક્તિમાં પ્રેમ પ્રગટ થાય છે. તુલસીદાસજી એમ કહે છે સીધુંસાદું મન તો આપણે ત્યાં નાનાં બાળકોનું હોય છે. હા કોઇ સાધક પુરુષ હોય, કોઇ સદ્ગુરુ હોય તો મન સરળ હોય છે. આપણા મહાપુરુષોનું મન હંમેશાં બાળક જેવું હોય છે માટે તો સતત પ્રેમ એમની પાસેથી વહ્યા કરે છે. આવા જ વ્યક્તિઓ પાસે પ્રેમ પ્રગટે છે જેનું જીવન સરળ હશે એને ત્યાં પ્રેમનું પ્રાગટય અવશ્ય થશે. જીવનને સરળ બનાવવાના પ્રયત્નો કરો.'

૨. સૂધે બચન: તુલસીદાસજી પ્રેમનાં દર્શન કરાવતા કહે છે કે જેની વાણીમાં કટુતા ન હોય, જેની બોલીમાં કોઇ પ્રપંચ ન હોય, ક્યારે બોલવું, કેમ બોલવું, કોની સામે બોલવું એનો વિવેક હોય. જેનાં વચનો બિલકુલ સીધાં-સાદાં હોય, વાણીમાં સાધુતા પડી હોય એવી વાણીથી પ્રેમ પ્રગટ થાય છે. વાણીને વિવેકપૂર્ણ બોલવી જોઇએ. જે વ્યક્તિને વાણી ઉપર સંયમ આવી જશે એ વ્યક્તિ જીવનમાં બીજાને પ્રેમ પણ કરી શકશે અને પ્રેમ પ્રાપ્ત પણ કરી શકશે.

૩. સૂધી સબ કરતૂતિ: આપણું મન બહુ જ નાનું છે છતાં કેટલી બધી વસ્તુઓ એમાં સમાય છે. આ બધી જ વસ્તુઓ જેવી કે કપટતા, કુટિલતા, દ્વેષ, ઇર્ષ્યા વ્યક્તિના વ્યવહારના આધારે સ્થાન પ્રાપ્ત કરે છે. માટે બધું જ છોડીને કેવળ શુદ્ધ વ્યવહાર રાખવામાં આવે તો પ્રેમનો જન્મ થાય છે. જય સીયારામ'

## પ્રભુ પ્રિય ભક્તોનાં લક્ષણો

(શ્રીમદ્ ભગવદ્ ગીતા અનુસાર)

http://suratimdhiyu.wordpress.com/

શ્રીમદ્ ભગવદગીતાના બારમા અધ્યાયમાં શ્લોકઃ૧૩ થી ૧૯માં સિદ્ધાવસ્થાને પ્રાપ્ત થયેલા પ્રભુ પ્રિય ભક્તોનાં ૩૬ લક્ષણોનું વર્ણન છે.ભક્ત એટલે જે વિભક્ત નથી તે ! ભક્ત જ્ઞાનથી મધુર ભાવવાન હ્રદય..કર્મથી મક્કમ અને પ્રેમનો ભીનો હોય છે.ભક્તિ એટલે મન..બુદ્ધિ પ્રભુને અર્પણ કરવાં.ભક્તિ એ મનનું સ્નાન છે.જગતમાં આવીને જે આ ૩૬ ગુણો મેળવે છે તે પ્રભુને ગમે છે અને વાસ્તવમાં જ ભક્ત છે.

અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ | નિર્મમો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી || 13 ||
સંતુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ | મય્યર્પિતમનોબુદ્ધિર્યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ || 14 ||
યસ્માન્નોદ્વિજતે લોકો લોકાન્નોદ્વિજતે ચ યઃ | હર્ષામર્ષભયોદ્વેગૈર્મુક્તો યઃ સ ચ મે પ્રિયઃ || 15 ||
અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ | સર્વારમ્ભપરિત્યાગી યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ || 16 ||
યો ન હ્રષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાઙ્ક્ષતિ | શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્યઃ સ મે પ્રિયઃ || 17 ||
સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ | શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સઙ્ગવિવર્જિતઃ || 18 ||
તુલ્યનિન્દાસ્તુતિર્મૌની સંતુષ્ટો યેન કેનચિત | અનિકેતઃ સ્થિરમતિર્ભક્તિમાન્મે પ્રિયો નરઃ || 19 ||

## 1) અદ્વેષ્ટા સર્વભૂતાનાં...

પ્રાણીમાત્રના પ્રત્યે દ્વેષનો અભાવ.. ધન..મોટાઇ..આદર..સત્કાર વગેરેની પ્રાપ્તિમાં કોઇ ગમે તેવાં વિઘ્ન પેદા કરે..શરીર..મન..બુદ્ધિ.. ઇન્દ્રિયો અને સિદ્ધાંતને પ્રતિકૂળ કોઇ ગમે તેવો વ્યવહાર કરે..ઇષ્ટની પ્રાપ્તિમાં વિઘ્ન નાખે.. કોઇપણ પ્રકારની આર્થિક અને શારીરિક હાની પહોચાડે,પરંતુ ભક્તના હ્રદયમાં તેના પ્રત્યે ક્યારેય સહેજપણ દ્વેષ થતો નથી,કારણ કેઃ તે પ્રાણીમાત્રમાં પોતાના પ્રભુને જ વ્યાપક દેખે છે.આવી સ્થિતિમાં તે કોનો વિરોધ કરે...? "નિજ પ્રભુમય દેખહિં જગત કેહી સન કરહિં વિરોધ" (રામાયાણઃ૭/૧૧૨-ખ)

તે અનિષ્ટ કરવાવાળાઓની બધી ક્રિયાઓને પણ પ્રભુનું કૃપાપૂર્ણ..મંગલમય વિધાન જ માને છે. પ્રાણી માત્ર સ્વરૂપથી પ્રભુનો જ અંશ છે,તેથી કોઇપણ પ્રાણીના પ્રત્યે દ્વેષભાવ રહેવો એ પ્રભુ પ્રત્યે જ દ્વેષ છે.ઘણીવાર ભક્ત કોઇનો દ્વેષ ના કરતો હોવા છતાં પણ કેટલાક લોકો તેમનો દ્વેષ કરે છે. આવા અજ્ઞાનીઓનો ભક્ત દ્વેષ કરતા નથી પણ તેમના અજ્ઞાનનો તે દ્વેષ કરે છે અને અજ્ઞાન કાઢી નાખે છે. ભક્ત થવા માટે અંતઃકરણને શુદ્ધ કરવું પડે છે.અદ્વેષ્ટામાં તટસ્થ ના રહેતાં ભૂતમાત્ર ઉપર પ્રેમ કરવાનો છે.

## 2) મૈત્ર...

ભક્તના અંતઃકરણમાં પ્રાણીમાત્ર સાથે મૈત્રી તથા દયાનો વ્યવહાર હોય છે.તે બીજા માટે જે કંઇ કરે છે તે કર્તવ્ય તરીકે નહી,પરંતુ સ્નેહથી કરે છે.પોતાનું અનિષ્ટ કરવાવાળા પ્રત્યે પણ ભક્ત

http://suratiundhiyu.wordpress.com/

મિત્રતાનો વ્યવહાર કરે છે.ભક્ત માને છે કેઃમારૂં અનિષ્ટ કરવાવાળો..અનિષ્ટમાં નિમિત્ત બનીને મારા પૂર્વમાં કરેલા પાપકર્મોનો નાશ કરી રહ્યા છે તેથી તે વિશેષરૂપે આદરને પાત્ર છે.
પાતંજલ યોગદર્શનમાં ચિત્તશુદ્ધિનાં ચાર સાધનો બતાવવામાં આવ્યાં છેઃ સુખીઓ પ્રત્યે મૈત્રી.. દુઃખીઓ પ્રત્યે કરૂણા..પુણ્યાત્માઓ પ્રત્યે મુદિતા(પ્રસન્નતા) અને પાપાત્માઓ પ્રત્યે ઉપેક્ષાના ભાવથી ચિત્તમાં નિર્મળતા આવે છે.

## 3) કરૂણા...

કરૂણા હોવી. સિદ્ધ ભક્તોનો સુખીઓ પ્રત્યે તથા પુણ્યાત્માઓ પ્રત્યે મૈત્રીનો ભાવ તથા દુઃખીઓ અને પાપાત્માઓના પ્રત્યે કરૂણાનો ભાવ રહે છે.ભગવાન તેજોમય..જ્ઞાનમય..પ્રેમમય અને કરૂણામય છે.કરૂણામાં દયા..આત્મિયતા અને કૃતિશીલતા...આ ત્રણ વાતો આવે છે. સાધક અવસ્થામાં પોતાના ઉપર કરૂણા લાવો અને વિચારો કે...પ્રભુએ મને આટલી સરસ બુદ્ધિ આપી પણ...! મેં શું કર્યું ? માનવજીવનનો ઉદ્દેશ્ય શું ? હું કોન ? મને પ્રભુએ કેમ મોકલ્યો ? જે કામ માટે ચૌરાશી લાખ યોનિઓમાં શ્રેષ્ઠ માનવ શરીર આપ્યું છે તો જે કાર્ય કરવા માટે આપ્યું છે તે કાર્ય કર્યું છે ખરૂં ? કે ફક્ત આહાર..નિદ્રા..ભય..મૈથુનમાં જ જીવન વેડફી નાખ્યું ? આમ, સાધક અવસ્થામાં પોતાના માટે અને સિદ્ધાવસ્થામાં લોકો માટે કરૂણા ઉપજવી જોઇએ.પ્રભુ આપણા માટે કેટલી મહેનત કરે છે,પરંતુ એકપણ માણસ ભગવાનને યશ આપતો નથી..પ્રભુની કદર કરતો નથી..એ જોઇને ભક્તનું હ્રદય કરૂણાથી ભરાઇ આવે છે. ભતૃહરી કહે છે કેઃ હે પંડિતો ! સ્ત્રીસંગના ક્ષણભંગુર સુખથી વિરામ પામો અને સ્ત્રીસંગની ઇચ્છા હોય તો કરૂણા..મૈત્રી અને પ્રજ્ઞારૂપી સ્ત્રીનો સંગ કરો.પ્રત્યેક ચાર સ્ત્રીઓ (કરૂણા..મૈત્રી..પ્રજ્ઞા અને સ્ત્રી) સાથે પરણવું જોઇએ,કારણ કેઃ હારયુક્ત ભારે સ્તન મંડલ કે મણીની મેખલાથી રૂમઝુમ થતા નિતંબનો ભાર કંઇ નરકમાં શરણ (તારનાર) થનાર નથી.

## 4) નિર્મમ...

ભક્તનો પ્રાણીમાત્રના પ્રત્યે પ્રેમ..મૈત્રી અને કરૂણાનો ભાવ રહે છે તો પણ તેમની કોઇના પ્રત્યે સહેજપણ "મમતા" હોતી નથી.પ્રાણીઓ અને પદાર્થોમાં મમતા (મારાપણાનો ભાવ) અને અહમ્ જ મનુષ્યને સંસારમાં બાંધવાવાળી થાય છે.ભક્ત આ મમતાથી રહીત હોય છે.તેમની પોતાના શરીર..ઇન્દ્રિયો..મમન અને બુદ્ધિમાં પણ મમતા હોતી નથી. આ જગતમાં મારૂં કંઇ જ નથી પણ બધું ભગવાનનું છે.

## 5) નિરહંકાર...

શરીર ઇન્દ્રિયો..વગેરે જડ પદાર્થોને પોતાનું સ્વરૂપ માનવાથી અહંકાર ઉત્પન્ન થાય છે.ભક્તની પોતાના શરીર..વગેરે પ્રત્યે સહેજપણ અહમ્ બુદ્ધિ ના હોવાથી તથા પ્રભુ સાથે પોતાનો નિત્ય

http://suratiundhiyu.wordpress.com/

સબંધનો અનુભવ થઇ જવાથી તેના અંતઃકરણમાં આપોઆપ શ્રેષ્ઠ..દિવ્ય અને અલૌકીક ગુણો પ્રગટ થવા લાગે છે.આ ગુણોને પણ તે પોતાના ગુણો માનતો નથી,પરંતુ દૈવી સંપત્તિ હોવાથી પ્રભુના જ માને છે.સત્ (પરમાત્મા)ના હોવાથી જ આ ગુણ સદગુણ કહેવાય છે.આવી દશામાં ભક્ત તેમને પોતાના માની જ કેવી રીતે શકે ? એટલા માટે તે અહંકારથી સર્વથા રહીત હોય છે.

## 6) સુખ-દુઃખમાં સમતા...

ભક્ત સુખ-દુઃખની પ્રાપ્તિમાં સમાન રહે છે,એટલે કેઃઅનુકૂળતા-પ્રતિકૂળતા તેમના હ્રદયમાં રાગ-દ્વેષ..હર્ષ-શોક...વગેરે પેદા કરી શકતાં નથી.અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિ આવતાં પોતાનામાં હર્ષ-શોક વગેરે વિકારો ના આવવા જોઇએ..કારણ કેઃસુખ જેને મોકલ્યું છે તેને જ દુઃખ મોકલ્યું છે.સુખ પણ શિવ અને દુઃખ પણ શિવ (કલ્યાણ) છે. ગુરૂદેવ હરદેવ (નિરંકારી બાબા) આ વાત સમજાવતાં કહે છે કેઃ !! જૈસી ભી હો પરિસ્થિતિ એકરસ રહે મનઃસ્થિતિ !!

ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય છતાં જેના મનની સ્થિતિ એકરસ રહે તે ભક્ત...! અજ્ઞાની મનુષ્યને સુખની પ્રાપ્તિમાં હર્ષ અને દુઃખમાં દ્વેષ થાય છે..એટલે કેઃ તેનો શોક કરે છે પણ જ્ઞાની ભક્તનો સુખ-દુઃખમાં સમભાવ હોવાથી કોઇપણ અવસ્થામાં તેના અંતઃકરણમાં હર્ષ શોક..વગેરે વિકારો આવતા નથી.

## 7) ક્ષમી...

પોતાનો કોઇપણ જાતનો અપરાધ કરવાવાળાને કોઇપણ પ્રકારનો દંડ ન આપવાની ઇચ્છા રાખીને ક્ષમા કરી દેવાવાળાને "ક્ષમી” કહેવામાં આવે છે.અપરાધ કરવાવાળાને શિક્ષા કરવાનું સામર્થ્ય હોવા છતાં પણ તેના અપરાધને સહન કરી લેવો અને તેને માફ કરી દેવો એ ક્ષમા” છે. જો મનુષ્ય પોતાના માટે કોઇની પાસેથી કોઇપણ પ્રકારની સુખની આશા ન રાખે અને પોતાના ઉપર અપકાર કરવાવાળાનું ખરાબ ન ઇચ્છે તો તેનામાં ક્ષમાભાવ પ્રગટ થાય છે.

## 8) સંતુષ્ટ...

ભગવાનનો ભક્ત ખૂબ જ સંતોષી હોય છે.પોતે નિત્ય હોવાના કારણે જીવને નિત્ય પરમાત્માની અનુભૂતિથી જ વાસ્તવિક અને સ્થાઇ સંતોષ થાય છે. શ્રીમદ્ ભાગવત(૭/૧૫/૧૭) માં કહ્યું છે કેઃ જેવી રીતે પગમાં જોડા પહેરીને ચાલવાવાળાને કાંકરા અને કાંટાનો કોઇ ભય હોતો નથી,તેવી જ રીતે જેના મનમાં સંતોષ છે તેના માટે હંમેશાં બધી જગ્યાએ સુખને સુખ જ છે..દુઃખ છે જ નહી ! ભક્તોને મન બધી વસ્તુઓની કિંમત હોતી નથી અને યોગ્ય સમયે મને મળશે તેની ખાત્રી તેમને હોય છે તેથી તે સંતુષ્ટ હોય છે.

http://suratundhiyu.wordpress.com/

"કબીરદાસજી"એ કહ્યું છે કેઃ ગોધન ગજધન બાજીધન ઔર રતનધન ખાણ, જબ આવે સંતોષ ધન સબ ધન ધુરિ સમાન....! અવતારવાણીમાં કહ્યું છે કેઃ ધીરજ સંયમને સમદ્દષ્ટિ, સંતોના આભૂષણ છે, શૃંગાર હરિના જનનો, હરિ ઇચ્છામાં જીવન છે... (અવતારવાણીઃ૨૮)

## 9) સતત યોગી...

ભક્તિયોગ દ્વારા પરમાત્માને પ્રાપ્ત (નિત્ય નિરંતર પરમાત્મા સાથે સંયુક્ત) પુરૂષનું નામ "યોગી" છે.વાસ્તવમાં કોઇપણ મનુષ્યનો પરમાત્માથી ક્યારેય વિયોગ થયો નથી..છે નહી..થઇ શકતો નથી અને સંભવ પણ નથી.આ વાસ્તવિકતાનો જેને અનુભવ કર્યો તે યોગી. આવો ભક્ત પરમાનંદના અક્ષય..અનંત ભંડાર પ્રભુ-પરમાત્માની પ્રત્યક્ષ અનુભૂતિ કરી લે છે તેથી સદાય તે સંતુષ્ટ રહે છે.સંસારી મનુષ્યને જે સંતોષ થાય છે તેની ખાત્રી થતાં અસંતોષ ઉત્પન્ન થાય છે તેથી તે હંમેશાં સંતુષ્ટ રહી શકતો નથી.

## 10) યતાત્મા...

જેનો મન..બુદ્ધિ અને ઇન્દ્રિયો સહીત શરીર ઉપર પૂર્ણ અધિકાર છે તે "યતાત્મા" છે.જ્ઞાની ભક્તોનાં મન..બુદ્ધિ અને ઇન્દ્રિયો સહીત શરીર હંમેશાં તેના વશમાં રહે છે.તે ક્યારેય મન..બુદ્ધિ અને ઇન્દ્રિયોના વશમાં થતા નથી.જેથી તેનામાં કોઇપણ પ્રકારના દુર્ગુણ-દુરાચારની સંભાવના હોતી નથી.

## 11) દ્દઢ નિશ્ચયી..

જેને બુદ્ધિ દ્વારા પરમાત્માના સ્વરૂપનો નિશ્ચય કરી લીધો છે.જેને સર્વત્ર ભગવાનનું જ પ્રત્યક્ષ દર્શન થાય છે તથા જેની બુદ્ધિ..ગુણ..કર્મ અને દુઃખ..વગેરેના કારણે પરમાત્માના સ્વરૂપથી ક્યારેય વિચલિત થતી નથી તેવો દ્દઢ નિશ્ચયી ભક્ત પ્રભુને પ્રિય હોય છે.

## 12) મય્યઅર્પિતમનોબુદ્ધિ...

ભક્ત નિત્ય નિરંતર મનથી ભગવાનના સ્વરૂપનું ચિંતન અને બુદ્ધિથી તેમનો નિશ્ચય કરતાં કરતાં તેનાં મન અને બુદ્ધિ ભગવાનના સ્વરૂપમાં કાયમના માટે તન્મય થઇ જાય છે.
ભગવાનને તો બધા પ્રિય હોય છે,પરંતુ ભક્તનો પ્રેમ ભગવાન સિવાય બીજે ક્યાંય હોતો નથી તેથી ભગવાનને પણ ભક્ત પ્રિય હોય છે.જેનો ભગવાનમાં અહૈતુક અને અનન્ય પ્રેમ છે,તેથી ભગવાનના સ્વરૂપમાં અટલ સ્થિતિ છે જેનો ક્યારેય પ્રભુ પરમાત્માથી વિયોગ થતો નથી.જેને મન બુદ્ધિ ભગવાનને અર્પણ કર્યા છે,ભગવાન જ જેનું જીવન..ધન..પ્રાણ તથા સર્વસ્વ છે..જે ભગવાનના હાથની કઠપૂતળી છે એવા જ્ઞાની ભક્તોને ભગવાન પ્રિય બનાવે છે..

## 13) અનુદ્વિગ્નતા...

http://suratiundhiyu.wordpress.com/

ભક્ત સર્વત્ર અને સર્વમાં પોતાના પરમ પ્રિય પ્રભુને જ જુવે છે.આથી તેની દ્દષ્ટિમાં મન..વાણી અને શરીરથી થવાવાળી તમામ ક્રિયાઓ પ્રભુની પ્રસન્નતા માટે જ થાય છે,એવી અવસ્થામાં ભક્ત કોઇપણ પ્રાણીને ઉદ્વેગ કેવી રીતે પહોચાડી શકે...?

### 14) અન્ય કોઇ પ્રાણીથી ઉદ્વિગ્ન ન થવું...

બ્રહ્મદર્શન પછી જ્ઞાની ભક્તનો તમામમાં સમભાવ થઇ જાય છે.જેના લીધે તે જાણી જોઇને પોતાના તરફથી કોઇપણ એવું કાર્ય કરતો નથી જેનાથી તેનો કોઇ દ્વેષ કરે..તેથી બીજા લોકો પણ તેને દુઃખ પહોચાડનારી કોઇપણ ચેષ્ટા કરતા નથી.જ્ઞાની ભક્તને પણ પ્રારબ્ધ અનુસાર પરેચ્છાથી દુઃખનું નિર્મિત પ્રાપ્ત થાય છે,પરંતુ તેમાં રાગ..દ્વેષનો અભાવ હોય છે,તેથી મોટામાં મોટા દુઃખની પ્રાપ્તિમાં પણ તે વિચલિત થતો નથી.

### 15) હર્ષ-અમર્ષ-ભય-ઉદ્વેગથી મુક્ત...

હર્ષથી મુક્ત થવાનો અર્થ છે કેઃ સિદ્ધ ભક્ત તમામ પ્રકારના હર્ષ..વગેરે વિકારોથી રહીત હોય છે..પરંતુ તેનો આશય એવો નથી કે તે હર્ષરહીત (પ્રસન્નતાશૂન્ય) હોય છે.ઉલ્ટાની તેની પ્રસન્નતા તો નિત્ય..એકરસ..વિલક્ષણ અને અલૌકિક હોય છે.તેની પ્રસન્નતા સાંસારીક પદાર્થોના સંયોગ-વિયોગથી ઉત્પન્ન ક્ષણિક..નાશવાન અને વધવા ઘટવાવાળી હોતી નથી.સર્વત્ર ભગવદ્ બુદ્ધિ રહેવાથી તે સર્વવ્યાપક પ્રભુને જોઇને તે સદાય પ્રસન્ન રહે છે.. અમર્ષ...એટલે કોઇના ઉત્કર્ષ (ઉન્નતિ)ને સહન કરવો.બીજા લોકોને પોતાના સમાન કે પોતાનાથી અધિક સુખ
સુવિધાઓ..ધન..વિદ્યા..મહિમા..આદર સત્કાર પ્રાપ્ત થયેલા જોઇને સાધારણ મનુષ્યના અંતઃકરણમાં તેમના પ્રત્યે ઇર્ષ્યા થવા લાગે છે,કારણ કેઃ તેનાથી બીજાનો ઉત્કર્ષ સહન થતો નથી.કેટલીકવાર સાધકો (સામાન્ય ભગતો)ના અંતઃકરણમાં પણ બીજા સાધકોની આધ્યાત્મિક ઉન્નતિ તથા પ્રસન્નતા જોઇને..સાંભળીને..ઇર્ષ્યાનો ભાવ પેદા થાય છે..પરંતુ "ભક્ત" આ વિકારથી રહીત હોય છે..કેમકેઃ તેમની દ્દષ્ટિમાં પોતાના પ્રિય પ્રભુના સિવાય અન્ય કોઇની સ્વતંત્ર સત્તા રહેતી જ નથી પછી કોના પ્રત્યે અમર્ષ કરે અને શા માટે કરે...? ઇષ્ટના વિયોગ અને અનિષ્ટના સંયોગની આશંકાથી થવાવાળા વિકારને "ભય" કહે છે.

### ભય બે પ્રકારથી થાય છે.

(૧)બહારના કારણોથી...જેમકે સિંહ..સાપ..ચોર..ડાકુ..વગેરેથી અનિષ્ટ થવાની અથવા કોઇ પ્રકારની સાંસારીક હાનિ પહોચવાની આશંકાથી થવાવાળો ભય અને...
(૨)આંતરીક કારણોથી...જેમકે ચોરી..હિંસા..જૂઠ..કપટ..વ્યભિચાર..વગેરે શાસ્ત્ર વિરૂદ્ધ નિષિદ્ધ કર્મોથી થવાવાળો ભય... સૌથી મોટો ભય મોતનો હોય છે.વિવેકશીલ કહેવાનારા પુરૂષોને પણ મોતનો ભય

http://suratundhiyu.wordpress.com/

રહ્યા કરે છે. સાધકને પણ સત્સંગ..ભજન..ધ્યાન..વગેરે સાધનોથી શરીર કૃશ થવા વગેરેનો ભય રહે છે.આ બધા ભય ફક્ત શરીર (જડતા)ના આશ્રયથી જ પેદા થાય છે.ભક્ત હંમેશાં ભગવદ્ ચરણોનો આશ્રિત રહે છે એટલા માટે તે હંમેશાં ભયરહીત હોય છે.સાધક પણ જ્યાંસુધી ભગવદ્ચરણોમાં આશ્રિત થતો નથી ત્યાંસુધી ભય રહે છે.સિદ્ધ ભક્ત (બ્રહ્મદર્શી) ને તો હંમેશાં સર્વત્ર પોતાના પ્રિય પ્રભુ જ દેખાય છે પછી તેનામાં ભય કેવી રીતે પેદા થઇ શકે ?
મનનું એકરૂપ ન રહેતાં હલચલયુક્ત થઇ જવું એ "ઉદ્વેગ" કહેવાય છે. ગીતાના અધ્યાયઃ૧૨/૧૫મા શ્લોકમાં "ઉદ્વેગ" શબ્દ ત્રણવાર આવ્યો છે.પહેલીવાર ઉદ્વેગની વાત કહીને ભગવાને બતાવ્યું છે કેઃ ભક્તની કોઇપણ ક્રિયા તેના તરફથી કોઇ મનુષ્યના ઉદ્વેગનું કારણ બનતી નથી...બીજીવાર ઉદ્વેગની વાત કહીને એ બતાવ્યું છે કેઃ બીજા મનુષ્યની કોઇપણ ક્રિયાથી ભક્તના અંતઃકરણમાં ઉદ્વેગ થતો નથી.આ સિવાય પણ બીજા કેટલાક કારણોથી પણ મનુષ્યને ઉદ્વેગ થાય છે..જેમકેઃ વારંવાર પ્રયત્ન કરવા છતાં પણ પોતાનું કાર્ય ના થવું..કાર્યનું ઇચ્છાનુસાર ફળ ના મળવું..અનિચ્છાએ ઋતુ પરીવર્તન..ધરતીકંપ..પૂર..વગેરે ઘટના બનવી..પોતાની કામના.. માન્યતા..સિદ્ધાંત અથવા સાધનમાં વિધ્ન પડવું..વગેરે. ભક્ત આ બધા પ્રકારના ઉદ્વેગોથી મુક્ત હોય છે. આ બતાવવા માટે ઉદ્વેગની ત્રીજીવાર વાત કરવામાં આવી છે.ટૂંકમાં જે ભક્ત હોય છે તેના અંતઃકરણમાં ઉદ્વેગ નામની કોઇ ચીજ રહેતી નથી. ઉદ્વેગ થવામાં અજ્ઞાનજનિન ઇચ્છા અને આસુરી સ્વભાવ જ કારણ છે.ભક્તમાં અજ્ઞાનનો અભાવ હોવાથી કોઇ સ્વતંત્ર ઇચ્છા જ રહેતી નથી..પછી આસુરી સ્વભાવ તો સાધનાવસ્થામાં જ નષ્ટ થઇ જાય છે.ભગવાનની ઇચ્છા જ ભક્તની ઇચ્છા હોય છે.
મુક્ત એટલે વિકારોથી છૂટેલો.. અંતઃકરણમાં સંસાર હોવાથી તથા પરમાત્મામાં પૂર્ણપણે મન-બુદ્ધિ ન લાગવાથી જ હર્ષ..અમર્ષ..ભય..ઉદ્વેગ..વગેરે વિકારો ઉત્પન્ન થાય છે..પરંતુ ભક્તની દ્રષ્ટિમાં એક પ્રભુ પરમાત્મા સિવાય અન્ય કોઇની સત્તા અને મહત્તા ન રહેવાથી તેનામાં આ વિકારો ઉત્પન્ન થતા જ નથી. ભક્ત આ તમામ દુર્ગુણ દુરાચારોથી રહીત હોય છે.ગુણોનું અભિમાન થવાથી દુર્ગુણો આપોઆપ આવી જાય છે.વાસ્તવમાં ગુણોના અભિમાનમાં ગુણ ઓછા અને દુર્ગુણ (અભિમાન) વધારે હોય છે.અભિમાનથી દુર્ગુણોની વૃદ્ધિ થાય છે કેમકેઃ બધા દુર્ગુણ દુરાચાર અભિમાનના જ આશ્રિત રહે છે. ભક્તને ખબર પણ નથી હોતી કે મારામાં કોઇ ગુણ છે ! જો એમને પોતાનામાં ક્યારે કોઇ ગુણ દેખાય છે તો તે તેને પ્રભુનો જ માને છે..પોતાનો નહી ! આ રીતે ગુણોનું અભિમાન ન હોવાથી ભક્ત બધા દુર્ગુણ દુરાચારોથી અને વિકારોથી મુક્ત હોય છે.ભક્તનો જીવન વ્યવહાર કેવો હોવો જોઇએ તે હવે પછી ના છ લક્ષણોમાં બતાવવામાં આવ્યું છે...

16) અનપેક્ષ....

http://suratiundhiyu.wordpress.com/

અનપેક્ષ એટલે તેને કંઇપણ અપેક્ષા નહી.ભક્ત ભગવાનને જ સર્વશ્રેષ્ઠ માને છે.તેમની દ્રષ્ટિમાં ભગવદપ્રાપ્તિ (પ્રભુની પ્રત્યક્ષ અનુભૂતિ..આત્મસાક્ષાત્કાર)થી વધીને બીજો કોઇ લાભ હોતો નથી. આથી સંસારની કોઇપણ વસ્તુમાં તેનું સહેજપણ ખેંચાણ હોતું નથી..એટલું જ નહી પોતાનાં કહેવાતાં શરીર..ઇન્દ્રિયો..મન અને બુદ્ધિમાં પણ તેને પોતાપણું હોતું નથી,પરંતુ તેને ભગવાનનાં જ માને છે.આથી તેને શરીરનિર્વાહની પણ ચિંતા હોતી નથી..પછી તે બીજી કંઇ વાતની અપેક્ષા રાખે..? નાશવાન પદાર્થો રહેવાના નથી અને અવિનાશી પરમાત્માથી ક્યારેય વિયોગ થતો જ નથી...આ વાસ્તવિકતા જાણવાના લીધે ભક્તમાં સ્વાભાવિક જ નાશવાન પદાર્થોની ઇચ્છા પેદા થતી નથી.ફક્ત ઇચ્છા કરવાથી શરીર નિર્વાહના પદાર્થો મળતા હોય અને ઇચ્છા ન કરવાથી ન મળતા હોય...એવો કોઇ નિયમ નથી.વાસ્તવમાં શરીર નિર્વાહની આવશ્યક સામગ્રી આપમેળે પ્રાપ્ત થાય છે..કેમકે જીવમાત્રના શરીરનિર્વાહની આવશ્યક સામગ્રીનો પ્રબંધ પ્રભુ તરફથી પહેલાંથી જ થયેલો રહે છે.જીવનનિર્વાહની આવશ્યક વસ્તુઓ વિના માગ્યે આપોઆપ મળે છે, આથી વસ્તુઓની ઇચ્છા કરવી એ ફક્ત મૂર્ખતા અને વિના કારણે દુઃખ પામવું છે.સિદ્ધ..બ્રહ્મજ્ઞાની ભક્તને તો પોતાના શરીરની પણ અપેક્ષા હોતી નથી..એટલા માટે તે હંમેશાં નિરપેક્ષ હોય છે..

શ્રીમદ્ ભાગવતમાં(૧૧/૧૪/૧૬) કહ્યું છે કેઃ "જે નિરપેક્ષ (કોઇની અપેક્ષા ન રાખવાવાળો)..નિરંતર મારૂં મનન કરવાવાળો..શાંત..દ્વેષરહીત અને બધાના પ્રત્યે સમાનદ્રષ્ટિ રાખવાવાળો છે તે મહાત્માની પાછળ પાછળ હું સદા એવું વિચારીને ઘુમ્યા કરૂં છું કેઃ તેમની ચરણરજ મારા ઉપર પડી જાય અને હું પવિત્ર થઇ જાઉં છું." કોઇપણ વસ્તુની ઇચ્છાને લીધે ભગવાનની ભક્તિ કરવાવાળો મનુષ્ય વસ્તુતઃ એ ઇચ્છીત વસ્તુનો જ ભક્ત થઇ જાય છે કેમકેઃ વસ્તુની તરફ લક્ષ્ય રહેવાથી તે વસ્તુના માટે જ ભગવાનની ભક્તિ કરે છે..ભગવાનના માટે નહી ! પરંતુ ભગવાનની એ ઉદારતા છે કેઃ તેને પણ પોતાનો ભક્ત માને છે (ગીતાઃ૭/૧૬) કેમકે તે ઇચ્છિત વસ્તુના માટે કોઇ બીજા ઉપર ભરોસો ન રાખીને ફક્ત ભગવાન ઉપર ભરોસો રાખીને ભક્તિ કરે છે,એટલું જ નહી ભગવાન પણ ભક્ત ધ્રુવની જેમ તે અથાર્થી ભક્તની ઇચ્છા પુરી કરીને તેને સર્વથા નિઃસ્પૃહ પણ બનાવી દે છે..

## 17) શુચિ....

અંદર બહારની શુદ્ધિનું નામ શૌચ છે.જળ..માટી..વગેરેથી શરીરની શુદ્ધિ થાય છે અને દયા..ક્ષમા.. ઉદારતા તથા અંતઃકરણમાં રાગ-દ્વેષ..હર્ષ-શોક..કામ-ક્રોધ..વગેરે વિકારો ન હોવાથી અંતઃકરણ શુદ્ધ અને પવિત્ર થાય છે.પરમ હિતકારી સત્ય વચનો બોલવાં..કોઇના દિલને દુઃખ થાય તેવું ના બોલવું..એ વાણીની પવિત્રતા છે.ભક્ત શુદ્ધ હોય..તેનું પ્રત્યેક કર્મ શુદ્ધ હોય. શરીરમાં અહંતા.. મમતા (હું મારાપણું) ન હોવાથી ભક્તનું શરીર અત્યંત પવિત્ર હોય છે.એવા ભક્તનાં દર્શન..સ્પર્શ વાર્તાલાપ અને ચિંતનથી બીજા લોકો પણ પવિત્ર થઇ જાય છે.તીર્થો લોકોને પવિત્ર કરે છે,પરંતુ

http://suratiundriyu.wordpress.com/

આવા ભક્તો તીર્થોને તીર્થત્વ પ્રદાન કરે છે,એટલે કેઃ તીર્થ પણ એમના ચરણસ્પર્શથી પવિત્ર થઇ જાય છે.(પરંતુ ભક્તના મનમાં એવો અહંકાર હોતો નથી) એવા ભક્તો પોતાના હ્રદયમાં વિરાજીત "પવિત્રાણાં પવિત્રમ્ " પ્રભુના પ્રભાવથી તીર્થોને પણ મહાતીર્થ બનાવતા રહીને વિચરણ કરે છે...

## 18) દક્ષ...

દક્ષતા એટલે ચતુરતા.જેનામાં દક્ષતા હોય તેને કોઇ છેતરી ના શકે..તે ખુબજ કૌશલ્યવાન હોય. જે ઉદ્દેશ્યની સફળતા માટે મનુષ્ય શરીર મળ્યું છે તે ઉદ્દેશ્યની પ્રાપ્તિ કરવી એ જ ચતુરતા (દક્ષતા) છે.અનન્ય ભક્તિ દ્વારા એક પ્રભુ પરમાત્માની પ્રત્યક્ષ અનુભૂતિ..પરમાત્માની પ્રાપ્તિ કરી લેવી એ જ મનુષ્યજન્મનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

ભગવાન કહે છે કેઃ વિવેકીઓના વિવેક અને ચતુરોની ચતુરાઇની પરાકાષ્ટા તેમાં જ છે કે તેઓ આ વિનાશી અને અસત્ય શરીરના દ્વારા મારા અવિનાશી તેમજ સત્ય તત્વને પ્રાપ્ત કરી લે." (શ્રીમદ ભાગવદઃ૧૧/૨૯/૨૨)

## 19) ઉદાસીન...

ઉદાસીન એટલે ઉત્+આસીન..એટલે કે ઉપર બેઠેલો..તટસ્થ..પક્ષપાતથી રહીત.વિવાદ કરવાવાળી બે વ્યક્તિઓ પ્રત્યે જેનો હંમેશાં તટસ્થભાવ રહે છે તેને ઉદાસીન" કહેવાય છે. ઉદાસીન શબ્દ નિર્લિપ્તતાનો ઘોતક છે.કોઇપણ અવસ્થા..ઘટના..પરિસ્થિતિ..વગેરેની ભક્ત ઉપર કોઇ અસર પડતી નથી.તે હંમેશાં નિર્લિપ્ત રહે છે.ભક્તના અંતઃકરણમાં પોતાની સ્વતંત્રતા સત્તા રહેતી નથી તે શરીર સહિત તમામ સંસારને પરમાત્માનો માને છે એટલા માટે તેનો વ્યવહાર પક્ષપાતથી રહીત થાય છે.

## 20) ગતવ્યથ...

ભક્તને વ્યથા ના હોય..જે કંઇ મળે કે ના મળે..કંઇપણ આવે કે ચાલ્યુ જાય..જેના ચિત્તમાં દુઃખ.. ચિંતા..શોકરૂપી હલચલ ક્યારેય થતી જ નથી.વ્યથા એટલે દુઃખ એકલું નહી..અનુકૂળતાની પ્રાપ્તિ થતાં ચિત્તમાં ખિન્નતાની જે હલચલ થાય છે તે પણ વ્યથા છે.ભક્તને અનુકૂળતા તથા પ્રતિકૂળતાની પ્રાપ્તિ થતાં અંતઃકરણમાં થવાવાળા રાગ-દ્વેષ,હર્ષ-શોક..વગેરે વિકારોનો હંમેશાં અભાવ હોય છે.

21) સર્વારમ્ભપરીત્યાગી....

ભોગ અને સંગ્રહના ઉદ્દેશ્યથી નવાં નવાં કર્મ કરવાને આરંભ" કહે છે.ભક્ત ભોગ અને સંગ્રહના માટે કરવામાં આવનારાં તમામ કર્મોનો સર્વથા ત્યાગી હોય છે.જેનો ઉદ્દેશ્ય સંસારનો છે અને જે વર્ણ..આશ્રમ..વિદ્યા..યોગ્યતા..પદ..અધિકારી..વગેરેને લીધે પોતાનામાં વિશેષતા જુવે છે તે ભક્ત હોતો નથી.ભક્ત ભગવદ્ નિષ્ઠ હોય છે આથી તેના કહેવાતા શરીર..મન..ઇન્દ્રિયો..બુદ્ધિ..ક્રિયા..ફળ વગેરે ભગવાનને અર્પિત હોય છે.વાસ્તવમાં આ શરીર વગેરેના માલિક ભગવાન જ છે.પ્રકૃતિ અને

http://suratiurdhiyu.wordpress.com/

પ્રકૃતિનું કાર્યમાત્ર ભગવાનનું છે આથી ભક્ત એક ભગવાન સિવાય કોઇને પણ પોતાનાં માનતો નથી.તે પોતાને માટે ક્યારેય કંઇ કરતો નથી..તેના દ્વારા થવાવાળા તમામ કર્મો ભગવાનની પ્રસન્નતાના માટે જ હોય છે.ધન..સંપત્તિ..સુખ..આરામ..માન..મોટાઇ માટે કરવામાં આવતા કર્મો તેના દ્વારા ક્યારેય થતા નથી.આમ,બુદ્ધિમાં સંકલ્પરહીતતા આવે ત્યારે જ આરંભ છૂટે છે.જેના હૈયામાં પરમાત્માતત્વની પ્રાપ્તિની..બ્રહ્મદર્શનની લગની લાગી છે તે ભલે કોઇપણ માર્ગનો કેમ ના હોય ! ભોગ ભોગવવા અને સંગ્રહ કરવાના ઉદ્દેશ્યથી તે ક્યારેય નવાં કર્મનો આરંભ કરતો નથી.

ભગવાનમાં સ્વભાવીક જ એટલું મહાન આકર્ષણ હોય છે કે ભક્ત આપમેળે તેમના તરફ ખેંચાઇ જાય છે..એમનો પ્રેમી બની જાય છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કેઃ જ્ઞાન દ્વારા જેમની ચિત્તગ્રંથિઓ કપાઇ ગઇ છે એવા આત્મારામ મુનિગણ પણ ભગવાનની નિષ્કામ ભક્તિ કર્યા કરે છે,કેમ કેઃભગવાનના ગુણ જ એવા છે કે તેઓ પ્રાણીઓને પોતાની તરફ ખેંચી લે છે. કાર્યનો આરંભ બે કારણોથી થાય છે. કાર્યની શરૂઆત આપણે બુદ્ધિથી કરીએ છીએ અને કેટલાક કાર્યો ગયા જન્મારાના કર્મો આપણને દબાણ કરીને કરાવે છે..તો પછી કાર્યનો આરંભ છોડવો કેવી રીતે ? સંપૂર્ણ શરણાગતિ વિના સર્વારંભપરિત્યાગી થવાતું નથી.આજે આપણે સત્કર્મો..સેવા..સુમિરણ..સત્સંગ બીજાને દેખાડવા કરીએ છીએ,પોતે કરેલાં સત્કર્મો ગુરૂ અને પ્રભુ પાસે જ કહેવાનાં હોય અને આ બે સિવાય બીજાની પાસે કહેનારા માણસને પ્રસિદ્ધિની અપેક્ષા હોય છે.સર્વારંભપરિત્યાગી થવા માટે ફળ..કર્મ અને સંકલ્પ પ્રભુને અર્પણ કરવાનો હોય છે..

## 22) યોનહૃષ્યતિ... હર્ષિત થતો નથી.

ઇષ્ટવસ્તુની પ્રાપ્તિમાં અને અનિષ્ટના વિયોગથી હર્ષ થાય છે.ભક્તના માટે સર્વશક્તિમાન પરમાત્મા જ પરમ પ્રિય વસ્તુ છે અને તેમની ભક્તએ અંગસંગ અનુભૂતિ કરેલ હોય છે એટલે તે હંમેશાં પરમાનંદમાં સ્થિત રહે છે.સંસારની કોઇપણ વસ્તુમાં તેનો સહેજપણ રાગ-દ્વેષ હોતો નથી, તેથી લોકદ્દષ્ટિથી થનાર કોઇપણ પ્રિય વસ્તુના સંયોગથી કે વિયોગથી તેના અંતઃકરણમાં ક્યારેય સહેજપણ હર્ષનો વિકાર થતો નથી. જે હર્ષિત થતો નથી તે ભક્ત પ્રભુને ગમે છે.ઇન્દ્રિયોનો વિષયો સાથે સબંધ થતાં જ સુખનો અનુભવ થાય છે,પરંતુ સુખનો અનુભવ ભોગવ્યા પછી માણસમાં જે ગાંડપણ આવે છે તેને હર્ષ” કહે છે.હર્ષ કર્તવ્યની વિસ્મૃતિ લાવે છે.આમ,જ્યારે સુખનો અનુભવ આપણને કર્તવ્યની અને ભાવની વિસ્મૃતિ કરાવે ત્યારે સમજી લેવાનું કેઃ આપણને હર્ષ થયો.સુખ પચે તેવાં મન અને બુદ્ધિ તૈયાર કરવાં જોઇએ.ચિત્ત એકાગ્ર કરીને ભક્તિ કરવી અને સેવા..સુમિરણ..સત્સંગ કરવાં.જીવનમાં સુખ દુઃખ આવવાનાં જ..તેના લીધે આપણા નિશ્ચયો બદલાવવા ન જોઇએ. અવતારવાણી”માં કહ્યું છે કેઃ હોઇ ભલે કોઇ રાજા છતાં તે, દુઃખોથી ના છૂટી

http://suratiundhiyu.wordpress.com/

શકતો, પ્રભુના ભેદને જાણીને સંત, હરપલ પ્રસન્ન રહી શકતો.. વૈભવ હોય સર્વ પ્રકારે, છતાં તૃપ્ત ના થાવાનો, પ્રભુને જાણ્યા માણ્યા વિના, વિશ્વાસ કદિ ના થાવાનો... (અવતારવાણીઃ૩૯)

## 23) દ્વેષ કરતો નથી...

ભગવાનનો ભક્ત સંપૂર્ણ જગતને ભગવાનનું સ્વરૂપ સમજે છે તેથી તેનો કોઇપણ્ વસ્તુ પ્રાણીમાં ક્યારેય કોઇપણ કારણથી દ્વેષ હોતો નથી.તે સર્વ જગતને સિયારામમય જુવે છે. સિયારામમય સબ જગ જાની, કરઉં પ્રણામ જોરી જુગ પાની... (રામાયણ) અવતારવાણીમાં કહ્યું છે કેઃ કણકણમાં છે તારી જ્યોતિ, પાન પાન પર તારૂં નામ, જ્યાં જોઉં ત્યાં સર્વ દિશામાં, જોઇ રહ્યો છું તારૂં ધામ.. (અવતારવાણીઃ૨) આપણે સ્વને ભુલી ગયા છીએ તેથી બીજાઓનો દ્વેષ કરીએ છીએ. જેના વિચારોની બેઠક દ્વેષના આધારે હોય તેને તત્વજ્ઞા..તત્વદર્શન થઇ શકતું નથી.” હર્ષ-શોક બન્ને રાગ-દ્વેષનાં જ પરીણામ છે.જેના પ્રત્યે રાગ છે તેના સંયોગથી અને જેના પ્રત્યે દ્વેષ છે તેના વિયોગથી હર્ષ થાય છે.સિદ્ધ ભક્ત રાગ-દ્વેષ જેવા વિકારોથી રહીત હોય છે.

## 24) શોક કરતો નથી...

ભગવાનના ભક્તમાં શોકનો વિકાર હોતો નથી.અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં અને ઇષ્ટના વિયોગથી શોક થાય છે.પ્રભુની લીલામાંના વિધાન અનુસાર ભક્તને ક્યારેય પ્રતિકૂળતાનો અનુભવ થતો નથી.પ્રભુની લીલાના રહસ્યને તે સમજતો હોવાથી તે દરેક સમયે સર્વવ્યાપક પ્રભુના સ્વરૂપમાં મગ્ન રહે છે..પછી તેને શોક કેવી રીતે થઇ શકે ? હર્ષ અને શોકના પ્રસંગમાં જે બુદ્ધિ અને મનનું સમતોલપણું ગુમાવતા નથી તે ભક્ત ભગવાનને ગમે છે..

## 25) આકાંક્ષા (કામના) કરતો નથી...

ભગવાનથી વિમુખ અને સંસારથી સન્મુખ થવાથી શરીર નિર્વાહ અને સુખના માટે અનુકૂળ પદાર્થ..પરિસ્થિતિ..વગેરે મેળવવાની કામના થાય છે,તેમના મળવાથી હર્ષ થાય છે અને તેની પ્રાપ્તિમાં વિઘ્ન પહોંચાડવાવાળા પ્રત્યે દ્વેષ કે ક્રોધ થાય છે અને ન મળવાથી કેવી રીતે મળે ? એવી ચિંતા થાય છે,પરંતુ જેને પરમાત્માની પ્રાપ્તિ (બ્રહ્માનુભૂતિ) થઇ ગઇ છે તેનામાં આ વિકારો રહેતા નથી.બુદ્ધિ અને મન પ્રભુને અર્પણ કરી દેવામાં આવે તો જ તે બદલાઇ જાય છે અને ત્યારબાદ જ આ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

26) શુભાશુભ પરિત્યાગી...

યજ્ઞ..દાન..તપ..સેવા..સુમિરણ..સત્સંગ તથા વર્ણાશ્રમ અનુસાર જીવિકા તથા શરીર નિર્વાહ માટે કરવામાં આવતાં શાસ્ત્રવિહિત કર્મોને શુભ તથા જૂઠ..કપટ..ચોરી..હિંસા..વ્યભિચાર..વગેરે પાપ કર્મને અશુભ કર્મ કહેવામાં આવે છે.ભગવાનનો જ્ઞાની ભક્ત આ બંન્ને પ્રકારના કર્મોનો ત્યાગી હોય

http://suratiundhiyu.wordpress.com/

છે,કારણ કે તેના શરીર ઇન્દ્રિયો અને મન દ્વારા થતાં તમામ શુભ કર્મોને તે ભગવાનને સમર્પિત કરી દે છે તેમાં તેની સહેજપણ મમતા..આસક્તિ કે ફલેચ્છા હોતી નથી અને રાગ..દ્વેષનો તેનામાં અભાવ હોવાથી પાપકર્મો તેના દ્વારા થતાં જ નથી,એટલે તેને શુભાશુભપરિત્યાગી” કહે છે. મનુષ્યને કર્મો નથી બાંધતાં,પરંતુ કર્મોમાં રાગ-દ્વેષ જ બાંધે છે.શરૂઆતમાં માણસ અશુભ કર્મોનો ત્યાગ કરે ત્યારબાદ તે શુભકર્મોનો ત્યાગ કરે ! જ્યાં સુધી આપણે શુભ કર્મો છોડતા નથી ત્યાંસુધી અશુભ કર્મો પણ છૂટતાં નથી.જે શુભ અને અશુભ બન્ને કર્મો છોડે તેની જવાબદારી ભગવાન ઉપાડે છે,તેનાથી શુભની આસક્તિ નહી અને અશુભની ધૃણા નહિ !

27) અને (૨૮)

## 28) સમઃશત્રો ચ મિત્રે ચ..... (શત્રુ અને મિત્રમાં સમાન)

ભક્તની દ્રષ્ટિમાં તેનો કોઇ શત્રુ કે મિત્ર હોતો નથી,તેમછતાં લોકો પોત પોતાની ભાવના અનુસાર મૂર્ખતાવશ ભક્ત દ્વારા પોતાનું અનિષ્ટ થાય છે તેમ સમજીને..ભક્તનો સ્વભાવ તેમને અનુકૂળ ન દેખાતો હોવાથી અથવા ઇર્ષ્યાવશ ભક્તમાં શત્રુભાવનો આરોપ લગાવે છે.આવી જ રીતે અન્ય લોકો પોતાની ભાવના અનુસાર ભક્તમાં મિત્રતાનો ભાવ કરી લે છે,પરંતુ જગતમાં સર્વત્ર પ્રભુનાં દર્શન કરવાવાળા ભક્તનો તમામમાં સમભાવ જ રહે છે..તેમની દ્રષ્ટિમાં શત્રુ-મિત્રનો સહેજપણ ભેદ હોતો નથી,તે તો હંમેશાં તમામની સાથે પ્રેમનો જ વ્યવહાર કરે છે.તમામને પ્રભુનું જ સ્વરૂપ સમજીને સમભાવથી તમામની સેવા કરવી એ જ તેમનો સ્વભાવ બની જાય છે. અવતારવાણીમાં ગુરૂદેવ નિરંકારી બાબાએ કહ્યું છે કેઃ દશે દિશામાં પ્રભુને જોવો, એથી ઉત્તમ ધર્મ નથી, સંતજનોની સેવા કરવી, એથી ઉંચુ કર્મ નથી.. સંતોની સેવા કરવામાં, તન મન ધન જે લૂંટાવે છે, સાચું માનો મેલ હ્રદયનો, આપ મેળે ધોવાયે છે.. સદગુરૂના ઉપદેશથી વધીને, જગમાં બીજી વાણી નથી... (અવતારવાણીઃ૧૫૪)

## 29) માન-અપમાનમાં સમતા...

માન-અપમાન પરકૃત ક્રિયા છે.જે શરીર પ્રત્યે થાય છે.ભક્તની પોતાના કહેવાતા શરીરમાં અહંતા મમતા ન હોવાથી શરીરનું માન-અપમાન થવા છતાં પણ ભક્તના અંતઃકરણમાં કોઇ હર્ષ-શોકનો વિકાર પેદા થતો નથી,તે નિત્ય નિરંતર સમતામાં જ સ્થિત રહે છે.

## 30) શિતોષ્ણ સુખ-દુઃખેષુ સમ....

(ઠંડી-ગરમી અને સુખ-દુઃખના દ્વંદ્વોમાં સમાન..) શિતોષ્ણ શબ્દ તમામ ઇન્દ્રિયોના વિષયોનો વાચક છે.પ્રત્યેક ઇન્દ્રિયનો પોતપોતાના વિષયની સાથે સંયોગ થતાં ભક્તને એ (અનુકૂળ કે પ્રતિકૂળ) વિષયોનું જ્ઞાન તો થાય છે,પરંતુ તેના અંતઃકરણમાં હર્ષ-શોક..વગેરે વિકારો થતા નથી,તે હંમેશાં

http://suratiundhiyu.wordpress.com/

સમાન રહે છે.સાધારણ મનુષ્ય ધન.. ભૌતિક સંપત્તિ..વગેરે અનુકૂળ પદાર્થોની પ્રાપ્તિમાં સુખ અને પ્રતિકૂળ પદાર્થોની પ્રાપ્તિમાં દુઃખનો અનુભવ કરે છે,પરંતુ તે જ પદાર્થો પ્રાપ્ત થતાં અથવા ન થતાં સિદ્ધ ભક્તના અંતઃકરણમાં હર્ષ- શોક..વગેરે વિકારો થતા નથી તે હંમેશાં સમાન રહે છે. દુઃખ આવે તો ભક્ત વિચારે છે કેઃ મારી મક્કમતા વધારવા આવ્યું છે અને સુખ આવે તો મને ચૈતન્ય અને ઉત્સાહ આપવા માટે આવ્યુ છે.

## 31) સંગવિર્વજિત...

સંગ શબ્દનો અર્થ સબંધ (સંયોગ) તથા આસક્તિ થાય છે.મનુષ્યના માટે સ્વરૂપથી બધા પદાર્થોનો સંગ (સબંધ) છોડવાનું શક્ય નથી,કેમકે જ્યાંસુધી મનુષ્ય જીવિત છે ત્યાંસુધી શરીર.. મન..બુદ્ધિ અને ઇન્દ્રિયો તેની સાથે જ રહે છે.શરીરથી ભિન્ન કેટલાક પદાર્થોનો સ્વરૂપથી ત્યાગ કરી શકાય છે,પરંતુ તેના અંતઃકરણમાં તેમના પ્રત્યે સહેજપણ આસક્તિ ચાલુ રહી હોય તો તે પ્રાણી પદાર્થોથી દૂર રહેવા છતાં પણ વાસ્તવમાં તેનો તેમની સાથે સબંધ ચાલુ રહેલો જ છે.બીજી બાજુ જો અંતઃકરણમાં પ્રાણી પદાર્થોમાં સહેજપણ આસક્તિ ના હોય તો પાસે રહેવા છતાં પણ તેમની સાથે સબંધ હોતો નથી.જો પદાર્થોનો સ્વરૂપથી ત્યાગ કરવાથી જ મુક્તિ થાત તો મરવાવાળી દરેક વ્યક્તિ મુક્ત થઇ જાત ! કેમકે તેણે તો પોતાના શરીરનો પણ ત્યાગ કરી દીધો ! પરંતુ એવી વાત નથી.અંતઃકરણમાં આસક્તિ રહેવાથી શરીરનો ત્યાગ કરવા છતાં સંસારનું બંધન ચાલુ જ રહે છે.આથી મનુષ્યને સાંસારીક આસક્તિ જ બાંધવાવાળી છે..સાંસારીક પ્રાણી પદાર્થોનો સ્વરૂપથી સબંધ નહી. આસક્તિ દૂર કરવા માટે પદાર્થોનો સ્વરૂપથી ત્યાગ કરવો એ પણ એક સાધન થઇ શકે છે,પરંતુ ખાસ જરૂર આસક્તિનો સર્વથા ત્યાગ કરવાથી જ થાય છે.સંસાર પ્રત્યે જો સહેજપણ આસક્તિ હોય તો તેનું ચિંતન અવશ્ય થશે,આ કારણે તે આસક્તિ સાધકને ક્રમશઃ કામના..ક્રોધ..મૂઢતા.. વગેરે પ્રાપ્ત કરાવતી રહીને તેને પતનના ખાડામાં પાડવાનું સાધન બની શકે છે. (ગીતાઃ૨/૬૨-૬૩) પરમાત્માના શુદ્ધ અંશ ચેતનમાં કે જડપ્રકૃતિમાં આસક્તિ નથી હોતી,પણ જડ અને ચેતનના સબંધરૂપી હું" પણાની માન્યતામાં છે..તે જ આસક્તિ મન..બુદ્ધિ..ઇન્દ્રિયો અને વિષયો (પદાર્થો) માં પ્રતિત થાય છે. આસક્તિનું કારણ અવિવેક છે.પોતાના અંશી પ્રભુથી વિમુખ થઇને ભૂલથી સંસારને પોતાનો માની લેવાથી સંસારમાં રાગ થઇ જાય છે અને રાગ થવાથી સંસારમાં આસક્તિ થઇ જાય છે.સંસાર સાથે માનેલું પોતાપણું સર્વથા દૂર થઇ જવાથી બુદ્ધિ સમ થઇ જાય છે..બુદ્ધિ સમ થતાં પોતે આસક્તિ રહીત થઇ જાય છે. માણસ આધ્યાત્મિક દ્દષ્ટિએ એવી સ્થિતિ ઉપર પહોચવો જોઇએ કેઃ વ્યક્તિ કે વસ્તુના સંગની તેના ઉપર અસર ના થાય.જે સબંધથી માણસની બુદ્ધિ અને વૃત્તિ બદલાય તેને જ સંગ કહેવાય. વસ્તુ..વ્યક્તિ અને વિચાર આપણી પાસે હોવા છતાં આપણી બુદ્ધિ અને વૃત્તિમાં બદલાવ ના થાય તો તે સંગવિવર્જીત સ્થિતિ કહેવાય.

http://sunatundhivu.wordpress.com/

## 32) તુલ્ય નિંદાસ્તુતિ...

જે નિંદા-સ્તુતિને સમાન સમજે છે. બીજાના મનમાંથી અમુક માણસ ઉતરી જાય એવો પ્રયત્ન કરવો એ "નિંદા" કહેવાય. સ્વાર્થ રહીત વર્ણનને (વખાણને) પ્રસંશા કહેવાય. સ્વાર્થ સહિત વર્ણનને સ્તુતિ કહેવાય છે. જે માણસ નિંદા-સ્તુતિથી પર થયો હોય તેની જવાબદારી ભગવાન ઉપાડે છે.ભગવાનના ભક્તનો પોતાના નામ અને શરીરમાં સહેજપણ અભિમાન કે મમત્વ હોતું નથી..તેથી તેને સ્તુતિથી હર્ષ કે નિંદાથી કોઇપણ પ્રકારનો શોક થતો નથી..તેનો બંન્નેમાં સમભાવ રહે છે.ભક્ત દ્વારા અશુભ કર્મો તો થઇ શકતાં જ નથી અને શુભ કર્મો થવામાં તે ફક્ત ભગવાનને કારણ માને છે.છતાં પણ તેની કોઇ નિંદા કે સ્તુતિ કરે તો તેના ચિત્તમાં વિકાર પેદા થતા નથી.જો કે માનવના જીવનમાં પ્રાથમિક અવસ્થામાં નિંદા-સ્તુતિની આવશ્યકતા છે.

## 33) મૌની...

આપણે બોલવાનું બંધ કરીએ તે મૌન નથી..**Silence** છે.મૌનમાં માણસની બધી ઇન્દ્રિયોની પ્રવૃતિ આત્મા સાથે જોડાવવી જોઇએ.વાસના અને કામના બંધ કરવાં એ મન અને બુદ્ધિનું મૌન છે.સિદ્ધ ભક્ત દ્વારા આપોઆપ સ્વાભાવિક ભગવત્સ્વરૂપનું મનન થતું રહે છે એટલા માટે તેને "મૌની" એટલે કેઃ મનનશીલ કહેવામાં આવ્યો છે.અંતઃકરણમાં આવવાવાળી પ્રત્યેક વૃતિમાં તેને ભગવાન જ દેખાય છે,એટલા માટે તેના દ્વારા નિરંતર ભગવાનનું જ મનન થાય છે.ટૂંકમાં મૌની એટલે ભગવાનના સ્વરૂપનું મનન કરવાવાળો...!

## 34) સંતુષ્ટો યેન કેનચિત...

બીજા લોકોને ભક્ત પ્રારબ્ધ અનુસાર શરીર નિર્વાહના માટે જે કંઇ મળે તેમાં જ સંતુષ્ટ દેખાય છે,પરંતુ વાસ્તવમાં ભક્તના સંતોષનું કારણ કોઇ સાંસારીક પદાર્થ કે પરિસ્થિતિ હોતું નથી. એકમાત્ર ભગવાનમાં જ પ્રેમ હોવાના લીધે તે નિત્યનિરંતર ભગવાનમાં જ સંતુષ્ટ રહે છે.આ સંતોષના કારણે તે સંસારની પ્રત્યેક અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિમાં સમ રહે છે કારણ કેઃ તેના અનુભવમાં પ્રત્યેક અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ ભગવાનના મંગલમય વિધાનથી જ આવે છે.આ રીતે પ્રત્યેક પરિસ્થિતિમાં નિત્ય નિરંતર સંતુષ્ટ રહેવાના કારણે તેને સંતુષ્ટો યેન કેનચિત કહેવામાં આવે છે.

## 35) અનિકેત...

જેમનું કોઇ નિકેત એટલે કે વાસ સ્થાન નથી તે જ અનિકેત હોય તેવી વાત નથી.ભલે ગૃહસ્થ હોય કે સાધુ સંન્યાસી..જેમની પોતાના રહેવાના સ્થાનમાં મમતા કે આસક્તિ નથી તે બધા અનિકેત" છે.ભક્તને રહેવાના સ્થાનમાં કે શરીર(સ્થૂલ..સૂક્ષ્મ..કારણ શરીર)માં લેશમાત્ર પણ પોતાપણું તથા

http://suratiundhiyu.wordpress.com/

આસક્તિ હોતી નથી એટલા માટે તેને અનિકેત કહેવામાં આવે છે.અનિકેત સ્થિતિ લાવવા માટે મમત્વ તથા આસક્તિ આઘાં કરવાં જોઇએ..

## 36) સ્થિરમતિ...

ભક્તને ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થયાં હોવાથી તેના તમામ સંશય નષ્ટ થઇ જાય છે.. ભગવાનમાં તેનો દ્દઢ વિશ્વાસ થઇ જાય છે..તેનો નિશ્ચય અટલ અને નિશ્ચલ હોય છે તેથી તે સાધારણ મનુષ્યની જેમ કામ..ક્રોધ..લોભ..મોહ કે ભય વગેરે..વિકારોના વશમાં આવીને ધર્મથી કે ભગવાનના સ્વરૂપથી ક્યારેય વિચલિત થતો નથી તેથી તેને "સ્થિર બુદ્ધિ" કહ્યો છે. સ્થિર બુદ્ધિ થવામાં કામનાઓ જ બાધક થાય છે આથી કામનાઓના ત્યાગથી જ સ્થિર બુદ્ધિ થઇ શકે છે. ઉપરોક્ત ૩૬ લક્ષણોમાં રાગ-દ્વેષ અને હર્ષ-શોકનો અભાવ બતાવવામાં આવ્યો છે..અંતમાં ભગવાને કહ્યું છે કેઃ "જેઓ મારામાં શ્રદ્ધા રાખવાવાળા અને મારા પરાયણ થયેલા ભક્તો ઉપર કહેલા આ ધર્મમય અમૃતનું સારી રીતે સેવન કરે છે તેઓ મને અત્યંત પ્રિય છે." (ગીતાઃ૧૨/૨૦) મન સ્વસ્થ..શુદ્ધ..પવિત્ર અને સંસ્કારી બનાવવા માટે ભક્તિ એ ભગવાને આપેલ ઉત્કૃષ્ટ સાધન છે તે આપણે બધા અપનાવીએ એવી પ્રાર્થના.....!!

સંકલનઃ વિનોદભાઇ મંગળભાઇ માછી "નિરંકારી"

# પ્રભુ પરમાત્માની અલૌકિક લીલા

પ્રભુ પરમાત્મા જયારે પોતાની અહૈતુકી કલ્યાણમયી દિવ્ય લીલામાં સંલગ્ન થાય છે ત્યારે તે ધરતી,મહિસુર એટલે કે બ્રહ્મજ્ઞાની,સાધુસંતો,ભકતો અને દેવતાઓના હિતાર્થે લૌકિક નરરૂપમાં સમય સમય પર અવતાર ધારણ કરે છે.

ભગવાન શ્રી કૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતા (અધ્યાયઃ૪/૭-૮)માં કહે છે કેઃ

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિભવતિ ભારત, અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્..(૭)

પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્, ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામી યુગે યુગે..(૮)

જ્યારે જ્યારે ધર્મની હાની થાય છે અને દુષ્ટોની વૃધ્ધિ થાય છે ત્યારે ત્યારે ભગવાન અવતાર લઇને સાધુઓની રક્ષા કરે છે અને પાપીઓનો સંહાર કરે છે.યુગ યુગમાં પરમાત્માના અવતાર લેવાનો આ જ ઉદેશ્ય છે.આ જ વાતને સ્પષ્ટ કરતાં ગોસ્વામી તુલસીદાસજી મહારાજ કહે છે કેઃ

ભગત હેતુ ભગવાન પ્રભુ રામ ધરેઉં તનુ ભૂપ, કિયે ચરીત પાવન પરમ પ્રાકૃત નશ અનુરુપ..

(રામચરીત માનસઃ૭/૭૨/ક) સર્વ સાધારણને સમજાવવા માટે તેઓ સ્પષ્ટરૂપે કહે છે કેઃ જથા અનેક

http://suratundhiyu.wordpress.com/

બેષ ધરી નૃત્ય કરઇ નટ કોઇ, સોઇ સોઇ ભાવ દેખાવઇ આપુન હોઇ ન સોઇ... (રામચરીત માનસઃ૭/૭૨/ખ)

પરબ્રહ્મનું લૌકિક અવતરણ તેમની અલૌકિક લીલાનું જ પરીણામ છે.હવે અહી સમજવાની વાત એ છે કેઃ ધર્મની રક્ષા તથા દુષ્ટોના સંહાર માટે જે મનુષ્યરૂપ અથવા અન્ય રૂપોને પ્રભુ ધારણ કરે છે તે સ્વરૂપતઃ કેવાં છે..? તેમની સ્વાભાવિક લીલા કેવી હોય છે..? તે લીલા કેવી રીતે થઇ રહી છે..? વસ્તુતઃ તે લીલાને કોઇ ચર્મચક્ષુથી કે દિવ્યદ્દષ્ટિથી જોઇ શકતા નથી,પરંતુ આત્મદ્દષ્ટિથી જ જાણી શકાય છે.ભગવાને કોઇપણ રૂપ ધારણ કરીને તે જાગતિક લીલા કરી તે લીલાને ઘણાઓએ તે સમયે ચર્મચક્ષુઓથી જોઇ હતી તે પ્રસંગોને સદગ્રંથોમાં લખ્યા છે,જેવા કેઃ ભગવાન વિષ્ણુના રૂપમાં દાનવોનો સંહાર કરવા માટે જે લીલા કરી તેનું વિસ્તૃત વર્ણન પુરાણોમાં મળે છે.ત્રેતાયુગમાં પુરૂષોત્તમ ભગવાન શ્રી રામની લીલાઓનું વર્ણન રામાયણમાં વર્ણવેલ છે.તેવી જ રીતે દ્વાપરયુગમાં ભગવાન શ્રી કૃષ્ણના રૂપમાં અવતાર લઇને જે લીલા કરી તેનું વર્ણન મહાભારત તથા શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણમાં આવે છે, પરંતુ સર્વકાળમાં અહર્નિશ પરમપિતા પરમાત્માની જે સ્વાભાવિક લીલાઓ થઇ રહી છે તેને કોઇ વિરલા વ્યક્તિઓ જ અથવા ઋષિમુનિઓ કે સંત મહાત્માઓ જ જાણે છે.. શ્રી રામચરીત માનસમાં ખૂબ જ મહત્વપૂર્ણ પ્રસંગ આવે છે કેઃભગવાન શ્રી રામ જ્યારે ચિત્રકૂટના જંગલમાં વાલ્મિકીજીના આશ્રમમાં પધારે છે ત્યારે વાલ્મિકી મુનિને ભગવાન શ્રી રામ પૂછે છે કેઃ આ જંગલમાં એવું કોઇ સ્થાન બતાવો કે જ્યાં હું નિવાસ કરૂં..? વાલ્મિકીજી જવાબમાં નિવેદન કરે છે કેઃ !! પૂંછેહું મોહિ કિ રહીં કહીં મૈં પૂછત સકુચાઇ,જહાં ન હોહું તહીં દેહું કહિ તુમ્હહિ દેખાવીં કાઉં !! ભગવાનને કંઇક કહેવામાં વાલ્મીકીજીને સંકોચ થાય છે, તેમછતાં પ્રશ્ન કરે છે કેઃ આપ તે સ્થાન બતાવો કે જ્યાં આપ ના હો..તો હું પણ આપને રહેવાનું સ્થાન બતાવું. અહી સ્પષ્ટ થાય છે કેઃ ભગવાન શ્રી રામ સ્વરૂપતઃ નિર્ગુણ નિરાકાર છે.મહર્ષિ વાલ્મિકીજી આ વાત સમજાવતાં કહે છે કેઃ !! રામ સરૂપ તુમ્હાર બચન અગોચર બુધ્ધિ પર,અબિગત અકથ અપાર નેતિ નેતિ નિગમ કહે !! રામના સ્વરૂપને મન..બુધ્ધિ..વાણી અથવા ઇન્દ્રિયોથી જાણી શકાતું નથી.વેદ પણ તેના સબંધમાં નેતિ નેતિ કહીને પોકારે છે,તે રામ પોતાના સ્વરૂપથી સંસારની તમામ લીલાઓને જુવે છે તથા બ્રહ્મા..વિષ્ણુ અને શંકરને પણ નાચ નચાવે છે તે વાતને પ્રમાણિત કરતાં ગોસ્વામી તુલસીદાસજી કહે છે કેઃ

!! જગુ પેખન તુમ્હ દેખનિહારે, વિધિ હરિ શંભુ નચાવનિહારે !!

ફરીથી તેનાથી પણ વિશિષ્ટતમ્ માર્મિક તથ્ય સમજાવતાં કહે છે કેઃ

!! તેઉં ન જાનહિં મર્મ તુમ્હારા, ઔસ તુમ્હહિ કો જાનનિહારા !! વાલ્મિકીજી કહે છે કેઃ હે રામ..! આપના સ્વરૂપને ત્રિદેવ પણ જાણી શકતા નથી તો પછી અન્ય લોકો આપને કેવી રીતે જાણી શકે..?

http://suratiundhiyu.wordpress.com/

આપના સ્વરૂપને તે જ જાણી શકે છે જેને આપ સ્વયમ્ જણાવી દો છો અને આમ,જે આપને તત્વથી જાણી લે છે તે આપને જાણીને આપથી નિર્ભેદ બની જાય છે. !! સોઇ જાનઇ જેહિ દેહું જનાઇ, જાનત તુમ્હહિ તુમ્હઇ હોઇ જાઇ !! ભગવાનના વ્યક્તરૂપને જાણીને કોઇ નિર્ભેદ બની શકતા નથી,પરંતુ મોહિત થઇ જાય છે.રામાયણમાં અનેક સ્થાનો પર તેનું વર્ણન છે.ભગવાન શંકરની સમક્ષ જ સતિને મોહ થાય છે..નારદજી જેવા ઋષિશ્રેષ્ઠ પણ મોહિત થાય છે..લંકામાં ભગવાનને નાગપાશમાં બંધાયેલા જોઇને ગરૂડજીને પણ મોહ થાય છે,પરંતુ ગોસ્વામી તુલસીદાસજી સ્પષ્ટ કહે છે કેઃ ભગવાન રામનું સ્વરૂપ ચિદાનંદરૂપ છે..નિર્મલ છે..નિરાકાર છે..સર્વવ્યાપક છે..નિત્ય અને અવિનાશી છે ત્યાં મોહ નથી.

સોઇ સચ્ચિદાનંદ ઘન રામા, અજ બિગ્નાન રૂપ બલ ધામા, વ્યાપક વ્યાપ્ત અખંડ અનંતા, અખિલ અમોઘ શક્તિ ભગવંતા, અગુણ અદભ્ર ગિરા ગોતીતા,સબદરસી અનવધ અજીતા, નિર્મમ નિરાકાર નિરમોહા,નિત્ય નિરંજન સુખ સંદેહા, પ્રકૃતિ પાર પ્રભુ સબ ઉર બાસી,બ્રહ્મ નિરીહ બિરજ અવિનાશી, ઇહાઁ એહ કર કારણ નાહિ,રવિ સન્મુખ તમ કબહું કિ જાહિં... (રામચરીત માનસઃ૭/૭૨/૩-૮) વિનય પત્રિકામાં ગોસ્વામીજી લખે છે કેઃ

શોક મોહ ભયહરણ દિવસ નિસિ દેશ કાળ તહાઁ નાહિઁ તુલસીદાસ યહી દશાહીન સંશય નિર્મૂલ ન જાહિઁ... (વિનયપત્રિકા) સંત કબીરદાસજી પણ રામના આ સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે કેઃ રામ માયા રહિત અને સમગ્ર સંસાર માયાનો પ્રસાર છે...

!! રામ નિરંજન ન્યારા રે,અંજન સકલ પસારા રે !! સ્વરૂપના વર્ણનમાં કબીર સાહેબની વાણી ખુબ જ વિચારણીય છે.આગળ તે કહે છે કેઃ જ્યાં સુધી પ્રભુ પરમાત્મા સ્વરૂપતઃ સ્થિત છે ત્યાં નથી દિવસ કે રાત..ત્યાં નથી સૂર્ય કે ચંદ્ર..ત્યાં તારા નથી કે નથી ધરતી, આકાશ..પવન..પાણી..એટલું જ નહી ત્યાં તો કાળની સત્તા પણ પહોંચતી નથી..ત્યાં ધૂપ છાંવ પણ નથી, તેને તે જ જાણી શકે છે જેની ત્યાં દ્રષ્ટિ પહોંચે છે.તે સ્વરૂપ સર્વથી ભિન્ન છે..અદ્વિતિય છે. આ સ્થિતિમાં તે દિવ્યતમ લીલા સ્વરૂપનું દર્શન કેવી રીતે થાય..? ત્યાં કોન પહોંચી શકે..? તેના માટે સાધન શું..? આનું સમાધાન પ્રસ્તુત કરતાં કહે છે કેઃ

ન જોગી જોગસે ધ્યાવે,ન તપસી દેહ જરવાવૈ, સહજમેં ધ્યાનસે પાવૈ,સૂરતિકા ખેલ જેહિ આવૈ, સોહંગમ નાદ નહિ ભાઇ,ન બાજૈ શંખ શહનાઇ, નિહચ્છર જાપ તહાઁ જાપૈ,ઉક્ત ધૂન સુન્નસે આપૈ, મંદિરમેં દીપ બહુ બારી,નયન બિનુ ભઇ અંધિયારી, કબીર દેશ હૈ ન્યારા,લખૈ કોઇ રામકા પ્યારા...

!! મહાયોગી ગોરખનાથજી મહારાજની વાણીમાં પણ ઇશ્વરના સ્વરૂપનું વર્ણન જોવા મળે છે.. બસ્તી ન શૂન્યં શૂન્યં ન બસ્તી,અગમ અગોચર ઐસા, ગગન શિખર મહિં બાલક બોલહિં,વાંકા આંવ ધરહું

http://suratiundriyu.wordpress.com/

મૈં કૈસમ...!! એટલે કે જ્યાં પરમાત્મા સ્વરૂપતઃ છે ત્યાં કોઇ ગામ કે ઘર કે શૂન્ય પણ નથી,તેને સમજવું ખૂબ જ કઠિન પણ છે કારણ કેઃપરમાત્મા બુધ્ધિથી તથા ઇન્દ્રિયોથી પર છે.
ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે કે : જયાં મારૂં પરમધામ છે તેને સૂર્ય,ચંદ્ર કે અગ્નિ પણ પ્રકાશિત કરી શકતાં નથી અને જેને પ્રાપ્ત થઇને જીવ ફરીથી સંસારમાં આવતો નથી તે જ મારૂં પરમધામ છે.(ગીતાઃ૧૫/૬)
ગુરૂ નાનકદેવજી મહારાજ પ્રભુ પરમાત્માના સ્વરૂપના વિશે કહે છે કે: પરમાત્મા અલખ છે, અપાર છે, ઇન્દ્રિયગ્રાહય નથી, ત્યાં કાળ કે કર્મ નથી, કોઇ જાતિ કે યોનિ નથી-આવા પરમાત્મા ઉપર પોતાને ન્યોછાવર કરો. આ રામ સર્વવ્યાપી એટલે કે સર્વમાં રમણ કરનાર સર્વશકિમાન છે તે પોતાની લીલા માત્રથી મચ્છરને બ્રહ્મા અને બ્રહ્માને મચ્છરથી પણ હીન બનાવી શકે છે, જે પ્રભુ જડને ચેતન અને ચેતનને જડ બનાવી શકે છે તેમના સ્વરૂપને અને તેમની અલૌકિક લીલાને સર્વ સાધારણ માનવ જાણી શકતા નથી એટલે ઉપનિષદમાં કહયું છે કે : પરમાત્મા ઘણા બધા ગ્રંન્થોના અધ્યયનથી કે પ્રવચનથી અથવા ઘણું બધું સાંભળવાથી પ્રાપ્ત થતા નથી. જેમકે :

નાયમાત્મા પ્રવચનેન ભવચ્ભ્યો, ન મેધયા ન બહુના શ્રુતેન,
યમેવૈષ ભાન્તમનુભાતિ સર્વ,તસ્ય ભાસા સર્વમિદં વિભાતિ !! કઠોપનિષદઃ૧/૨/૨૩ !!

એટલે કે: આ આત્મા વેદાધ્યન દ્વારા પ્રાપ્ત થઇ શકતા નથી અને ધારણા શકિત કે અધિક શ્રવણથી પણ પ્રાપ્ત થઇ શકતા નથી. સાધક જે આત્માનું વરણ કરે છે તે આત્માથી જ પ્રાપ્ત કરી શકાય છે, તેના પ્રત્યે આ આત્મા પોતાના સ્વરૂપને અભિવ્યકત કરી દે છે. ગુરુદેવ નિરંકારી બાબા પોતાના પ્રસિધ્ધ પુસ્તક "અવતારવાણી" માં કહે છે કે:

" રંગ રૂપ આકારથી ન્યારા,મન બુધ્ધિ ચિંતનથી પરછો,તમને કોટિ પ્રણામ કરૂ "

આત્મા દ્વારા પરમાત્માની પ્રાપ્તિ કેવી રીતે થાય ? તેના માટે સર્વ પ્રથમ મનને એકાગ્ર કરીને પોતાના ઇષ્ટદેવ(ગુરૂદેવ)નું માનસિક ધ્યાન કરવું જોઇએ. ત્યારબાદ દ્રષ્ટિયોગની સાધના આવે છે, જે સૂક્ષ્મ સાધના છે.દ્રષ્ટિયોગને બિન્દુ ધ્યાન અથવા શૂન્ય ધ્યાન પણ કહેવામાં આવે છે.આ ધ્યાન સાધનાની વિવેચનામાં શ્રીમદભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણ ઉધ્ધવજીને ઉપદેશ આપતાં કહે છે કેઃ
" પહેલાં મારા સર્વાંગ શરીરનું ધ્યાન કરો,પછી મુખારવિંદનું ધ્યાન કરો,પછી શુન્યનું ધ્યાન કરો."
ગોસ્વામી તુલસીદાસજી મહારાજ રામચરીતમાનસમાં પ્રભુની આ લીલાનું વર્ણન કરતાં કહે છેઃ-
બિનુ પદ ચલઇ સુનઇ બિનુ કાના,કર બિનુ કરમ કરઇ વિધિ નાના,
આનન રહિત સકલ રસ ભોગી,બિનુ બાની વકતા બડ જોગી,
તન બિનુ પરસ નયન બિનુ દેખા,ગ્રહઇ ઘ્રાણ બિનુ બાસ અસેષા,
અસિ સબ ભ્રાંન્તિ અલૌકિક કરની, મહિમા જાસુ જાઇ નહિં બરની...

http://sumiundriyu.wordpress.com/

(રામતરીત માનસ : ૧/૧૧૮/૫-૮)
આમ તો ભગવાનના વિરાટરૂપનાં દર્શન વર્ણન સાધારણ દ્રષ્ટિથી થઇ શકતાં નથી.ભગવાન શ્રીકૃષ્ણ જયારે મહાભારતના યુધ્ધના મેદાનમાં અર્જુનને વિરાટરૂપનાં દર્શન કરાવે છે ત્યારે સ્પષ્ટરૂપમાં કહે છે કેઃ
'ન તુ માં શકયસે દ્રષ્ટુમનેનૈવ સ્વચક્ષુષા, દિવ્ય દદામિ તે ચક્ષુ:પશ્ય મે યોગમેશ્વરમર્'
||ગીતા:૧૧/૧૮||
એટલે કે, મને તું પોતાનાં આ પ્રાકૃત નેત્રો દ્વારા જોવામાં નિ:સંદેહ સમર્થ નથી,એટલે હું તને દિવ્ય અર્થાત્ અલૌકિક ચક્ષુ પ્રદાન કરૂં છુ જેનાથી તું મારી ઇશ્ર્વરીય યોગશકિતને જો. આ જ તો પ્રભુની અલૌકિક લીલા છે જેમાં તે પોતાના ભકતને સ્વ-સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે પોતે જ તેનો સુગમ માર્ગ બતાવે છે.માર્ગ જ નહી,પરંતુ સ્વત: તેને પોતાના પરમધામમાં ખેંચી લાવે છે.આ અલૌકિક સ્વરૂપનું જ્ઞાન અલૌકિક લીલાથી જ સંભવ છે.લૌકિક દ્રષ્ટિએ તો આ શકિત જ કહેવાય ? એટલે દિવ્યદ્રષ્ટિની પ્રાપ્તિ કેવી રીતે થાય છે ? તેના માટે ગોસ્વામી તુલસીદાસજી મહારાજ ગુરૂ રૂપનું (પ્રભુ પરમાત્માનું) ધ્યાનનું માધ્યમ બતાવે છે.આ પ્રકારનું ધ્યાન કરવાથી જ દિવ્યદ્રષ્ટિની પ્રાપ્તિ થાય છે. દિવ્યદ્રષ્ટિની પ્રાપ્તિમાં અંત:પ્રકાશ હોય છે.જેનાથી મોહરૂપી અંધકારનો વિનાશ થાય છે અને સંસારના તમામ દોષ દુ:ખ દુર થઇ જાય છે એ જ ભગવાન શ્રી રામની ગુપ્ત અથવા પ્રગટ લીલા જોઇ શકે છે.ભગવાનની આ લીલા ભલે પહાડોમાં,જંગલોમાં,પૃથ્વી પર કે અંતરમાં કેમ ના થાય ? એટલે પ્રભુ પરમાત્માની દિવ્ય અને અલૌકિક લીલા જોવા માટે સ્થૂળ અને સુક્ષ્મ બંને પ્રકારની ઉપાસના કરવી જોઇએ. સગુણરૂપ ઉપાસના અને અરૂપ,નિર્ગુણ નિરાકારની ઉપાસના કરીને પરમાત્માની અલૌકિક લીલાને જાણી શકાય છે,આવો ઋષિઓ અને સંતોનો મત છે....!!
સંકલનઃ વિનોદભાઇ મંગળભાઇ માછી "નિરંકારી")

## કલ્યાણ પ્રાપ્તિનો સરળ ઉપાય..

ભગવાનના નામની મહિમા અપાર છે.ફક્ત નામ સુમિરણના પ્રભાવથી કલ્યાણ થઇ શકે છે,એટલે મરણ પર્યંત જો ભગવાનને ના ભુલીએ,નિત્ય નિરંતર ભજન-ધ્યાન,સેવા,સુમીરણ,સત્સંગ કરતા રહીએ તો આપણું કલ્યાણ થતાં વાર લાગતી નથી.
ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કેઃ
અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ ! તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિનઃ !!
(ગીતાઃ૮/૧૪)

http://suratiundhiyu.wordpress.com/

(અનન્ય ચિત્તવાળો જે મનુષ્ય મારામાં મુજ પુરૂષોત્તમનું નિત્ય નિરંતર સ્મરણ કરે છે તે નિત્ય નિરંતર મારામાં જોડાયેલા યોગીને માટે હું સુલભ છું એટલે કેઃતેને સુલભતાથી પ્રાપ્ત થઇ જાઉં છું.) જો આપણને શંકા થાય કે ભગવાન સુલભ છે,પરંતુ તેમનું ચિંતન સુલભ નથી,પરંતુ એવી વાત નથી કારણ કેઃજયારે આપણને નિરંતર ચિંતનથી ભગવાનની સુલભતાનો અનુભવ થઇ જાય છે તો ચિંતન પણ સરલ બની જશે અને જો ચિંતન ના થાય તો સમજવાનું કેઃ આપણામાં શ્રધ્ધાની ખામી છે.

નામની મહીમા જે શાસ્ત્રોમાં વર્ણવી છે તે અલ્પ છે.નામની મહીમા તેનાથી અધિક છે.નામની મહીમાનું જેટલું વર્ણન કરવામાં આવે તે ઓછું જ છે.અમો ક્યારેક વિચારીએ છીએ કેઃઅમે ભજન કરીએ છીએ પણ પાપોનો નાશ થયો નથી,તો આમાં આપણી માન્યતા પાપોનો નાશ થયો નથી જ કારણભૂત છે.જો અમે એવી શ્રધ્ધા રાખીએ કેઃભજનથી પાપોનો નાશ થઇ રહ્યો છે તો જુવો ! કેટલો ફાયદો થાય છે.સંત મહાપુરૂષો શાસ્ત્રો માં કહે છે કેઃકળિયુગમાં નિષ્કામ કર્મના થોડા ઘણા સાધનથી ઉધ્ધાર થઇ જાય છે.પરમાત્મામાં થોડોક પ્રેમ થઇ જાય તો તે આપોઆપ વધીને ઉધ્ધાર કરાવી દે છે.મહાત્માઓના,શાસ્ત્રોના આ વચનો ઉપર અમારે શ્રધ્ધા રાખવાની જરૂર છે.ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કેઃ

અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ !<br>
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્વ્યવસિતો હિ સે !!<br>
ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાન્તિં નિગચ્છતિ !<br>
કૌન્તેય પ્રતિજાનીહિ ન મે ભક્ત પ્રણશ્યતિ !! (ગીતાઃ૯/૩૦-૩૧)

(જો કોઇ અત્યંત દુરાચારી પણ અનન્ય ભક્ત બનીને મને ભજે છે તો તેને સાધુ જ માનવાયોગ્ય છે,કેમકેઃ તેણે ખૂબ સારી રીતે દ્રઢ નિશ્ચય કરી લીધો છે,એ સત્વરે એ જ ક્ષણે ધર્માત્મા થઇ જાય છે અને સદા રહેનારી પરમશાંતિને પામે છે,તમે મારી પ્રતિજ્ઞા જાણો કે મારા ભક્તનો વિનાશ(પતન) થતો નથી.)

હવે શંકા એ થાય છે કેઃ એવો દુરાચારી અનન્યભાવથી ભગવાનના ભજનમાં કેવી રીતે લાગશે ? તેના લાગવામાં કેટલાક કારણો છે,જેમકેઃતે કોઇ આફતમાં પડી જાય અને તેને કયાંયથી સહેજપણ સહારો ના મળે,એવામાં અચાનક તેને પુર્વે સાંભળેલી વાત યાદ આવી જાય કેઃભગવાન બધાના સહાયક છે અને એમના શરણમાં જવાથી બધું કામ સારું થઇ જાય છે...

- તે કયારેક કોઇ એવા કોઇ વાયુ મંડળમાં ચાલ્યો જાય,જ્યાં મોટા મોટા સંત મહાપુરૂષો થયા હોય અને વર્તમાનમાં પણ હોય તો તેમના પ્રભાવથી ભગવાનમાં રૂચિ પેદા થઇ જાય છે...

http://suratiundhiyu.wordpress.com/

- વાલ્મિકી,અજામિલ,સદન કસાઇ...વગેરે પાપીઓ પણ ભગવાનના ભક્તો બની ચૂક્યા છે અને ભજનના પ્રભાવથી તેઓમાં વિલક્ષણતા આવી છે - એવી કોઇ કથા સાંભળીને પૂર્વનો કોઇ સારો સંસ્કાર જાગી ઉઠે..
- કોઇ પ્રાણી એવી આફતમાં આવી ગઇ જ્યાં તેને બચવાની કોઇ સંભાવના જ ન હતી,પરંતુ તે બચી ગયું,એવી ઘટના વિશેષને જોઇને તેના હેયામાં એ ભાવ પૈદા થઇ જાય કે કોઇ એવી વિલક્ષણ શક્તિ છે,જે આવી આફતથી બબચાવે છે...
- તેને કોઇ સંતનાં દર્શન થઇ જાય અને તેનાં પતન કરવાવાળાં દુષ્કર્મોને જોઇને તેના ઉપર સંતની કૃપા થઇ જાય.

અનન્યભાવ થવામાં ખાસ વાત એ છે કેઃ હું ભગવાનનો છું અને ભગવાન મારા છે.આ રીતે પોતાની અહંતાને બદલી દેવી.અહંતા પરિવર્તનથી જેટલી જલ્દી શુધ્ધિ આવે છે,એટલી શુધ્ધિ જપ,તપ,યજ્ઞ,દાન વગેરે ક્રિયાઓથી આવતી નથી.આ અહંતાના પરિવર્તનના વિષયમાં ત્રણ વાતો છે.

- અહંતાને દૂર કરવી : -જ્ઞાનયોગથી અહંતા દૂર થાય છે.
- અહંતાને શુધ્ધ કરવી : -કર્મયોગથી અહંતા શુધ્ધ થાય છે.
- અહંતાનું પરિવર્તન કરવું : -ભક્તિયોગથી અહંતા બદલાઇ જાય છે.

ભક્તિયોગની દૃષ્ટિએ તમામ દુર્ગુણ દુરાચારો ભગવાનની વિમુખતા ઉપર જ ટકી રહે છે,જ્યારે પ્રાણી અનન્યભાવથી ભગવાનની સન્મુખ થઇ જાય છે ત્યારે તમામ દુર્ગુણો દુરાચારો દૂર થઇ જાય છે અને તત્કાળ તે ધર્માત્મા થઇ જાય છે,મહાન પવિત્ર બની જાય છે,કારણ કેઃ આ જીવ પોતે પરમાત્માનો અંશ છે અને જ્યારે તેનો ઉદ્દેશ પણ પરમાત્માની પ્રાપ્તિ કરવાનો થઇ ગયો તો હવે તેને ધર્માત્મા થવામાં શું વાર લાગવાની ? હવે તે પાપાત્મા કેવી રીતે રહેશે ? જીવ માત્ર પરમાત્માનો અંશ હોવાથી તત્વતઃ નિર્દોષ છે.સંસારની આસક્તિને કારણે જ તેનામાં આગંતુક દોષ આવી જાય છે.દુરાચરી પણ જ્યારે ભક્ત થઇ શકે છે તો પછી ભક્ત થયા બાદ તે ફરીથી દુરાચારી પણ થઇ શકે છે એમ ન્યાય કહે છે,પરંતુ ભક્ત થયા બાદ તેમનું ફરીથી પતન થઇ શકતું નથી.આમ, ભગવાને બધાના ઉધ્ધાર માટે રસ્તો બતાવ્યો છે.ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કેઃ

અન્યે ત્વેવમજાનન્તઃશ્રુત્વાન્યેભ્ય ઉપાસતે !તેઅપિ ચાતિતરન્ત્યેવ મૃત્યું શ્રુતિપરાયણા !!
(ગીતાઃ૧૩/૨૫)

http://suratiundhiyu.wordpress.com/

(બીજા મનુષ્યો આ રીતે ધ્યાનયોગ,સાંખ્યયોગ,કર્મયોગ..વગેરે સાધનોને નથી જાણતા,ફકત જીવન્મુક્ત મહાપુરૂષો પાસેથી સાંભળીને ઉપાસના કરે છે એવા તેઓ સાંભળવાને પરાયણ થયેલા મનુષ્યો પણ મૃત્યુને તરી જાય છે)

સંત મહાપુરૂષોની આજ્ઞાનું પાલન કરવાથી એમના મનની કે સંકેતની આજ્ઞાનુસાર તત્પરતાપૂર્વક ચાલવાથી મનુષ્ય આપમેળે એ પરમાત્માતત્વને પ્રાપ્ત થઇ જાય છે.શરીરની સાથે સબંધ રાખવાથી જ મૃત્યુ થાય છે.જે મનુષ્યો મહાપુરૂષોની આજ્ઞાને પરાયણ થઇ જાય છે એમનો શરીર સાથે માનેલો સબંધ છુટી જાય છે આથી તેઓ મૃત્યુને તરી જાય છે.ભગવાન માનવા અને જાણવા ઉપર વધારે જોર આપે છે.સાંભળવાની અપેક્ષાએ માનવું ઉત્તમ છે અને માનવાની અપેક્ષાએ તત્વથી જાણી લેવું ઉત્તમ છે,જેમ કેઃ એક બાળકને અમે કહીએ કેઃઆ તારી મા છે,આ પિતા છે,કાકા છે તો તે સાંભળીને તેમને માની લે છે,પછી આગળ જતાં તેને ખબર પડે છે કેઃતેનો અર્થ શું થાય છે.આમ,અમે પણ સાંભળેલી વાતોને માની લઇએ છીએ.

ભગવાન કહે છે કેઃ

જ્ઞાત્વા માં શાંતિમૃચ્છતિ (ગીતાઃ૫/૨૯)

જે મને તત્વતઃ જાણી લે છે તે શાંતિને પ્રાપ્ત થાય છે.

ભગવાનની આ વાતને અમે સાંભળીએ છીએ પરંતુ તેને માનતા નથી અને માની લઇએ તો અમારૂં કામ થઇ જાય.

ભગવાને ગીતામાં જાણવા ઉપર વિશેષ બળ આપ્યું છે.વાસ્તવમાં જે કામ મનથી થાય છે તેની જ કિંમત છે.કોઇપણ ક્રિયામાં જો મનમાં કોઇ સ્વાર્થ છે તો તે નીચા દર્જાનું છે. ક્રિયામાં ત્રણ વાત મુખ્ય છે.ક્રિયા કાં તો સ્વાર્થથી થાય છે અથવા પરમાર્થથી અથવા આ બંનેથી રહિત.જ્યાં સ્વાર્થ અને પરમાર્થ બંને નથી તે ક્રિયાઓને ત્યાગ કરી દેવો જોઇએ.પ્રમાદ અને આળસથી બચવું જઇએ.સમગ્ર સમય ભગવાનની તરફ લગાવવું જોઇએ.જેમ અમોને ખબર હોય કેઃઅહી ખાડો છે અને તેમાં પડીશું તો પ્રાણનાશ થઇ જશે તો અમે તેની પાસે પણ નથી તેવી જ રીતે જો અમે પાપોને સમજી લઇશું તો અમારાથી કયારેય પાપ નહી થાય,કેમકેઃ

ભગવાન કહે છે કેઃ અધો ગચ્છન્તિ તામસાઃ

તામસી વ્યક્તિ અધોલોકમાં જાય છે,આ સમજ્યા પછી કોઇપણ દુર્ગુણ દુરાચાર અમારામાં આવી શકતા જ નથી.જો લૌકિક સ્વાર્થનું ચિંતન પણ હાનીકારક માલૂમ પડે તો તેનાથી છૂટકારો થઇ શકે છે,પરમાર્થ વિષય જ સૌથી ઉચ્ચકોટીની ચીજ છે.     ઉપરોકત કહેલી વાતોને એકાંતમાં બેસીને વારંવાર વિચાર કરવો જોઇએ.ભલે સર્વસ્વનો નાશ થઇ જાય પરંતુ જેનાથી ચૌરાશી લાખ યોનિયોમાં ભટકવું પડે તે કામ અમો નહી કરીએ.આવી રીતે દૃઢતાથી વિચારવાથી અમે વાસ્તવમાં

http://suratiundhiyu.wordpress.com/

સુખી બની જઇએ છીએ.આવું સમજવાથી અન્ય કામ ગૌણ બની જાય છે.જો અમે આ વાતોને સમજી લઇએ તો અમોને અન્ય કામ ખતરનાક દેખાય છે અને અમે સૌથી પહેલાં ભજન જ કરવા લાગીએ છીએ.હજુ તો માન્યતામાં જ ખામી છે પછી જાણવાની વાત તો ખૂબ દૂરની વાત છે.વસ્તુના તત્વનું જ્ઞાન થવાથી તો પછી અન્ય કામ ખતમ થઇ જાય છે.અમારે અમારા નિત્ય કર્મની સાથે સાથે પાંચ મિનિટ આ વિચારને નિત્યકર્મમાં સામેલ કરી લેવાં જોઇએ.જો અમારા શરીરનો નાશ થઇ જાય તો અમારૂં શું નુકશાન થવાનું છે? કારણ કેઃઆ સર્વ તો નાશવાન છે જ.મનુષ્યયોનિ સિવાય અન્ય યોનિયોમાં આત્મ કલ્યાણના માટે આગળ આવી શકતાં નથી,એટલા માટે આ મનુષ્યશરીરને પામીને પોતાનો ઉદેશ્ય સફળ કરી લેવો જોઇએ.

શાસ્ત્ર કહે છે કેઃ  !! ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ત વરાન્નિબોધત !!

ઉઠો,જાગો અને આત્મકલ્યાણકારી શ્રેષ્ઠ વચનોને સાંભળીને,જાણીને લક્ષ્યની પ્રાપ્તિ માટે આગળ વધો.આપણે આધ્યાત્મિક વિષયમાં સૂઇ રહ્યા હોઇએ તો તેનાથી આગળ વધીએ.ઉઠો,જાગો અને તે તત્વને સમજો,પરંતુ અમે તો મોહ માયારૂપી મદિરા પીને નશામાં ચૂર છીએ.અમારે વિચારવું જોઇએ કેઃ પાપીથી અધીક પાપી પણ જો હોય અને આજે જ મરણ પામનાર હોય તો તેનું પણ કલ્યાણ થઇ શકતું હોય તો પછી અમારી પાસે તો હજુ ઘણો સમય છે,તેમ છતાં જો અમે પોતાનું આત્મકલ્યાણ નહી કરીએ તો અમારા જેવો મૂર્ખ બીજો કોઇ નથી.અમે નહી માનીએ તો શાસ્ત્રો અને સંતોને તો કોઇ નુકશાન થવાનું નથી,નુકશાન તો અમારૂં જ થવાનું છે,એટલે અમારે વિચાર કરવો જોઇએ કેઃઅમારૂં જેમાં પરમહિત છે તે કામ ના માટે પ્રાણપર્યન્ત પ્રયત્ન કરવો જોઇએ.તેના માટે મરવું મિટવું જોઇએ.લોકો તો ધન અને માન-બડાઇના માટે મરી જાય છે,જેલ જાય છે તેનાથી તેમને માન મળે છે પણ...તેમનું કલ્યાણ થતું નથી.વસ્તુતઃ કલ્યાણના માટે મરવું જ અસલી ચીજ છે.માનવ મરે તો એવી રીતે મરે કે ફરીથી મરવું ના પડે..ધર્મના માટે મરે...!!

સંકલનઃ વિનોદભાઇ મંગળભાઇ માછી "નિરંકારી"

## અનમોલ મનુષ્ય જીવનનો ઉદ્દેશ્યઃ પ્રભુદર્શન

સૃષ્ટિના તમામ પ્રાણીઓ સુખ અને શાંતિ ઇચ્છે છે.તે ઇચ્છે છેઃ મને રોટી..કપડાં અને મકાન મળે.. મારી આસપાસનું વાતાવરણ શાંત અને સુખમય હોય.કોઇપણ મનુષ્ય અશાંતિમાં રહેવાનું પસંદ કરતો નથી..તો પછી કયું કારણ છે કેઃ સૃષ્ટિનો સૌથી વધુ બુદ્ધિમાન પ્રાણી મનુષ્ય આજે સુખનાં તમામ સાધનો હોવા છતાં દુઃખી કેમ છે ? પ્રત્યેક વસ્તુ પોતાના મૂળથી અલગ થવાથી દુઃખ પામે છે.જ્યાં સુધી તેને તે સ્રોત મળતો નથી ત્યાંસુધી ભટકતી રહે છે.અનેક સૃષ્ટિ પદાર્થોમાં સુખની શોધ

http://suratiundhiyu.wordpress.com/

કરતાં ચૌરાશી લાખ યોનિઓમાં ભ્રમણ કરવા છતાં તેને સુખ મળતું નથી..કારણ કેઃ સંસારનો કોઇપણ સબંધ-પદાર્થો માનવને કાયમી સુખ આપતાં નથી.જ્યારે તેનો અભાવ થાય છે ત્યારે માનવ દુઃખી થાય છે, જેમ કેઃ સુંદર સ્ત્રી..સુંદર મકાન..સુંદર કાર..બાળકો વગેરે તમામ પ્રિય લાગે છે,પરંતુ આ સુખનાં સાધન સ્થાઇ હોતાં નથી.જે આજે છે તે કાલે જૂનાં થઇ જાય છે અને પરમ દિવસે રહેતાં નથી.કોઇ વસ્તુ અધવચ્ચે જ વિદાય લઇ લે તો માનવ દુઃખી થઇ જાય છે.આ કુચક્રથી પૂર્ણ સંત જીવને મુક્ત કરે છે.પૂર્ણ સંત સમજાવે છે કેઃ આ બધાં સાધનો જીવનનો આધાર જરૂરી છે,પરંતુ જીવનનું લક્ષ્ય નથી.મનુષ્ય જીવનનું લક્ષ્ય તેના મૂળ સ્ત્રોતને પામીને તેમાં ભળવાનું છે.(મુક્તિ પામવાનું છે) આવા પ્રકારનો દ્દષ્ટિકોણ પ્રત્યેક યુગમાં અવતારી પુરૂષોએ સંસારને પ્રદાન કર્યો છે.આજ કાર્ય આજે સંત નિરંકારી મિશન કરી રહ્યું છે. સંસારને ભવસાગર કહેવામાં આવે છે,તેને કોઇ છલાંગ મારીને પાર કરી શકાતો નથી.પ્રત્યેક પ્રાણીએ તેની વચ્ચેથી પસાર થવું પડે છે.સુખ દુઃખ ભોગવતાં ભોગવતાં મુક્તિ સુધી પહોંચવું એ જીવનનું લક્ષ્ય છે.આપણે જોઇએ છીએ કેઃ સામાન્ય જળાશયને પાર કરવા માટે પણ કોઇ નાવ કે કેવટની જરૂર પડતી જ હશે ને ? આ જ વાત સંત મહાપુરૂષો પોકારી પોકારીને કહે છે કેઃ સદગુરૂ જ નામ ધન આપીને ભવસાગરમાંથી પાર કરાવી દે છે.સદગુરૂ જિજ્ઞાસુઓને સમજાવે છે કેઃ નામ ધન કોઇ મંત્ર નથી કે જેનું કોઇ એકાંત જગ્યાએ જઇને આંખો બંધ કરીને સ્મરણ કરવામાં આવે કે જેનાથી ભગસાગર પાર કરી શકાય ! કેવી નવાઇની વાત છે ! જો અમે આંખો બંધ કરીને રસ્તો ઓળંગવાનો પ્રયત્ન કરીએ તો શું તે શક્ય છે ? આમ કરવાથી અકસ્માત થઇ શકે છે, તો પછી આટલા મોટા ભવસાગરને પાર કરવા ફક્ત પોપટની જેમ રટન કરવાથી કેવી રીતે પાર ઉતરી શકાય ? એટલે ફક્ત નામ લેવાથી..ફક્ત એકલા મંત્રજાપથી કામ થઇ શકતું નથી. જેમ કાગળ ઉપર લખેલ દવાના પ્રિસ્ક્રિપશન(Prescription)ને વાંચવા માત્રથી આરામ થતો નથી.પ્રિસ્ક્રિપશનમાં લખેલી દવા ખરીદીને ખાવી પડે છે..તેવી જ રીતે નામ લેવાનો અર્થ છેઃ જાણકારી પ્રાપ્ત કરવી. જ્યારે અમોને જાણકારી પ્રાપ્ત થાય છે પછી પ્રાર્થના કરી શકાય છે અને સાંભળી શકાય છે.જો અમારે નોકરી મેળવવી હોય તો તેના માટે પ્રાર્થના-પત્ર(અરજી) લખીને મોકલવું પડે છે.હવે પ્રાર્થના-પત્ર લખ્યું..પરંતુ નોકરી આપનારનું સરનામું અમને ખબર નથી તો ફક્ત પ્રાર્થના-પત્ર નોકરી આપી શકતું નથી.આવી જ હાલત સદગુરૂ વિનાના માનવની છે કે તે સદગુરૂ વિના સદ્ ગ્રન્થોના અધ્યયયનથી મુક્તિ મેળવવા ઇચ્છે છે કે જેને આજસુધી કોઇ મેળવી શક્યો નથી.સંત નિરંકારી મિશન આજે પ્રભુ પરમાત્માની જાણકારી કરાવીને પ્રાર્થના કરાવી રહ્યું છે અને માનવ મુક્તિનું સાધન બની રહ્યું છે.

http://suratiundriyu.wordpress.com/

આજે વિશ્વની વસ્તી ખૂબ જ ઝડપથી વધી રહી છે.તેના કારણે બેકારી..ભૂખમરો..જેવી સમસ્યાઓ ઉભી થઇ છે.યુવાવર્ગ પથભ્રષ્ટ થઇ વિનાશકારી કાર્યોમાં લાગી જાય છે.આવી ભયાવહ સ્થિતિ સંસારમાં વ્યાપ્ત છે.સંત આવી અવસ્થામાં એવા સમાજવાદની સ્થાપના કરવાનું ઇચ્છે છે જેમાં તમામ મનુષ્યો અંદરો અંદર સુખ દુઃખ વહેંચે.જેની પાસે પોતાની જરૂરીયાત કરતાં વધુ છે તે જરૂરતમંદોને વહેંચી દે. સંત પોતાના શિષ્યોને એવું શિક્ષણ આપે છે કેઃ જરૂરતમંદોને મદદ કરવી.. યુવાશક્તિને યોગ્ય દિશા પ્રદાન કરી માનવ હિતના કાર્યોમાં લગાવવી.યુવાશક્તિ પ્રત્યેક મિશન.. સંપ્રદાયમાં હોય છે,પરંતુ સંત નિરંકારી મિશનના યુવકો શાંતિ..પ્રેમ અને ભાઇચારો સ્થાપિત કરવામાં દિવસ રાત પ્રયત્નશીલ છે,જે આજના ઉગ્ર વાતાવરણમાં શાંતિ સ્થાપવાનું એક કદમ છે. આજે દરેક ઘરમાં ક્લેશ..વડીલોનો નિરાદર..જીવન મૂલ્યોનો હ્રાસ..સ્ત્રીઓનું શોષણ અને દુર્દશા જોવામાં આવે છે,પરંતુ નિરંકારી પરીવારોમાં ગુરૂદેવ હરદેવના ઉપદેશ દ્વારા જે શાંતિ અને પ્રેમની વર્ષા થઇ રહી છે તે બાકીના જગતના માટે અનુકરણીય છે.

જ્યારે પણ ધર્મમાં પાખંડ,મિથ્યાચાર..અંધ વિશ્વાસ વધી જાય છે.સંત નિરંકારી મિશન આ તમામને જીવનમાંથી કાઢી નાખવા અને એક પરબ્રહ્મ પરમાત્મા કે જે સમગ્ર સૃષ્ટિના કર્તા છે..સર્વવ્યાપક તથા સર્વશક્તિમાન છે તેમને જાણીને વિશ્વના માનવને ધર્મનો સાચો મર્મ પ્રદાન કરે છે. આજે વિશ્વમાં જાતિવાદ..પ્રાંતિયવાદ..ધર્મોની સંકિર્ણતા માનવને ભવસાગર તરવામાં વિઘ્ન બનીને અધ્ વચ્ચે જ ડુબાડી રહી છે..પરંતુ જે માનવતાવાદી સદગુરૂની શરણાગતિ લઇ લે છે તેના માટે મુક્તિ સરળ બની જાય છે.મુક્તિ મેળવવા માટે કોઇ ખર્ચ કરવો પડતો નથી..વેશભૂષા બદલવી પડતી નથી.તેના માટે ગુણ-અવગુણ,ઉંચ-નીચનો પ્રશ્ન હોતો નથી. ગુરૂની શરણમાં આવીને ફક્ત ચરણોમાં શિશ ઝુકાવીને શરણાગતિ સ્વીકારવાથી સદગુરૂ આગળ આવીને શિષ્યની તમામ પ્રકારની જવાબદારીઓ નિભાવીને શિષ્યના રક્ષક બની જાય છે,એટલે કે દરેક માનવે આવા સંત (ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ)ની શરણમાં આવી મુક્તિ પથના રાહી બની જવું જોઇએ. કેટલીક બાહ્ય વાતોને ધ્યાન ઉપર લાવવામાં ના આવે તો મનુષ્યમાત્ર  પછી તે ગમે પ્રાંત કે રાજ્યનો હોય..દરેકનું શરીર પાંચ તત્વનું એક સરખું જ હોય છે... તો પછી માનવ માનવ સાથે કેમ ઝઘડે છે ?

તમામ જીવ નર અને માદા જ્યારે એક જ જ્યોતિ(બ્રહ્મ)થી બનેલા છે અને એક તેમનો નિર્માતા છે..એક જ પરમાત્માની સૃષ્ટિ શરીર પણ તમામનાં એક સરખાં જ છે તો પછી આ જાત-પાંતના ભેદ અને બ્રાહ્મણ..ક્ષત્રિય..શૂદ્ર..વૈશ્યના ચાર વર્ણ તથા લોકાચાર..વગેરેના વિવાદ કેમ ઉભા કરવામાં આવે છે ?

http://suratnirankari.wordpress.com/

તમામ જાતિઓની જેમ તથાકથિક ધર્મ અને સંપ્રદાયો સાથે સબંધિત વ્યક્તિઓ પણ એક જ પરમાત્માનાં સંતાન છે તો પછી એમને માનવ સમજીને સમાનરૂપથી પ્રેમ કરવામાં કેમ નથી આવતો ?

ભલે કોઇ સારો હોય કે ખરાબ ! જ્યારે તમામ માનવ એક બ્રહ્મનાં જ રૂપ છે તો પછી તેમનાં સારા ખોટાની કલ્પના જ મિથ્યા છે.તમામ માનવોને આપવામાં આવતી ધાર્મિક વાતો (શિક્ષણ)માં પણ તમામ ધર્મગ્રંથો કહે છે કેઃ

“માનવ બનો” પરોપકાર..ત્યાગ..તમામના ભલાઇની કામના વ્યક્ત કરો.

તમામ ધાર્મિક ગ્રંથોમાં ફક્ત ભાષાનું જ અંતર છે.તમામ પીર..પયંગબરો.. અવતારોએ યુગની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને માનવમાત્રને સાચા માનવ બનવાની પ્રેરણા આપી છે.સમય બદલાતાં યુગ બદલવા છતાં સંતો કે પયંગબરોના ઉપદેશ બદલાતા નથી..હા..! પયંગબરોના શિષ્યોનાં નામ અલગ અલગ મળે છે જેવા કેઃ આર્ય..બૌદ્ધ..જેન..મુસલમાન..ખાલસા..વગેરે. જો આ શબ્દોના શબ્દાર્થની વાસ્તવિકતાની ખબર પડે તો તમામ ભ્રાંતિઓ દૂર થાય છે. આર્ય શબ્દ ઉચ્ચ શુદ્ધ વ્યક્તિ એવો અર્થ સૂચવે છે.

બૌદ્ધ નો અર્થ છેઃ એવો જ્ઞાની કે જેને પ્રભુની જાણકારી થઇ ગઇ છે. મુસલમાન શબ્દ બે શબ્દોને ભેગા કરીને બનાવેલ છે. મુસલમ્ + ઇમાન..એટલે કે જે ખુદાને જાણે અને તેના પર યકીન (વિશ્વાસ) કરે છે. જૈન શબ્દ જિન (ઇન્દ્રિયો)નો નિગ્રહ એટલે કેઃ ઇન્દ્રિયો ઉપર જેને કાબૂ મેળવી લીધો છે એવા વ્યક્તિ માટે વપરાય છે. ખાલસા શબ્દ ખાલીશ એટલે કે શુદ્ધ જીવનવાળો એવો થાય છે. ઉપરોક્ત શબ્દ ભલે અલગ અલગ સમય ઉપર બન્યા,પરંતુ આ તમામનો શાબ્દિક અર્થ એક સમાન છે.આ તમામ શબ્દો શુદ્ધ..સદાચારી..બ્રહ્મજ્ઞાની સંતનો અર્થ પ્રગટ કરે છે..તેમછતાં માનવ મનમાં દરાર કેમ ? અવશ્ય અમોને કોઇ ગેરસમજમાં ફસાવ્યા છે.આવી ભૂલ ત્યારે જ થાય છે જ્યારે અમે શબ્દના સાચા અર્થને છોડીને શબ્દના અનર્થ કરીએ છીએ,જેમ કેઃ મોહમ્મદ સાહેબ પછી કેટલાક શાસકોએ મુસલમાનોને જ્ઞાની અને બાકીનાઓને "કાફિર” કહ્યા.વાસ્તવમાં કાફિર શબ્દ તેમના માટે જ વપરાય છે કે જે ખુદાને જાણતા નથી..જે સર્વત્ર હાજરાહજૂર છે.હવે પેલા શાસકોએ બાકીના માનવોનો નરસંહાર..કત્લેઆમ કર્યો ! તો શું તેમનામાં ખુદાનું નૂર નહોતું ? આવા પ્રકારની અનેક ભૂલો માનવજાતિ કરતી આવી છે. માનવ એક બીજાને ધાર્મિક સ્તર ઉપર નાનો મોટો સમજે છે.હિન્દુ મુસલમાનને..ઇસાઇ હિન્દુંને પોતાનાથી તુચ્છ સમજે છે.તમામ ધાર્મિક સ્થાનો પર જે ધાર્મિક શાસ્ત્રોનો પાઠ કરવામાં આવે છે તેમાં વર્ણવેલ છે કેઃ વિશ્વના તમામ પ્રાણીઓ એક જ પરમાત્માની સંતાન છે...

http://suratiundhiyu.wordpress.com/

તેમછતાં એક ભાઇ બીજાથી દૂર જઇ રહ્યો છે.આજે વિશ્વમાં ભાષાઓના પણ ઝઘડાઓ થઇ રહ્યા છે.ઉંડાણપૂર્વક વિચાર કરવામાં આવે તો... ભાષા તો ફક્ત વિચાર વ્યક્ત કરવાનું એક માત્ર સાધન છે.જે ભાષાને તમે ઉત્તમ સમજો છો તે ભાષામાં કોઇને ગાળ બોલવામાં આવે તો સાંભળવાવાળાનું લોહી ગરમ ના થઇ જાય ? અને જે ભાષાને તમે હલકટ સમજો છો તે ભાષામાં કોઇને મીઠા શબ્દો કહેવામાં આવે તો શું તેને શિતળતા નથી મળતી ? કોઇપણ ભાષા સારી કે ખરાબ નથી.જો તેનાથી ગાળ બોલવામાં આવે તો ખરાબ અન્યથા પ્રેમની જ ભાષા છે એટલે ભાષાઓના ઝઘડાઓ પણ વ્યર્થ છે. ખૂબ જ સમજવા લાયક વાત છેઃ ઇશ્વરનાં રૂપ..મૂર્તિઓ..ચિત્ર તથા પૂજનનાં ચિન્હ ! આ રૂપો તો પયંગમ્બર..અવતારોનાં છે, જે સમય સમય પર અવતરીત થયા હતા..એટલા માટે તે બધા પૂજનીય છે,કારણ કેઃ તેમના ઉપદેશ સમસ્ત માનવતાની ભલાઇ માટેના હતા..એટલે તે પણ પૃથકવાદી તત્વ નથી,તો પછી પ્રભુ પરમાત્મા કે જે નિર્ગુણ નિરાકાર છે તે શું અલગ અલગ માનવના અલગ અલગ છે ? શું તેમને પ્રત્યેક માનવે જોયા છે કે જે સમગ્ર સૃષ્ટિના સર્જનહાર.. પાલનકર્તા તથા સંહારકર્તા છે ? બસ...! આ એક ભૂલને કારણે જ આજનો માનવ પ્રભુ પરમાત્માને ઉપર કે કોઇ એક સ્થાનમાં સ્થિત સીમિત માનીને લડાઇ ઝઘડા કરી રહ્યો છે. આજના પરીવેશમાં સંત નિરંકારી મિશન માનવ એકતાના માટે નિઃસંદેહ પ્રશંસનીય કાર્ય કરી રહ્યું છે.તેના પાંચ સિદ્ધાંત કે જે માનવને અહંકાર રહીત વિશાળતા પ્રદાન કરે છે..ભાઇચારો..પ્રેમ..પ્રીતિ શિખવે છે.તે "જીવો અને જીવવા દો" નો પાઠ ભણાવે છે.સાથે સાથે નિરાકાર પ્રભુ પરમાત્મા કે જે ઘટ ઘટમાં વ્યાપક છે.શરણમાં આવનાર માનવને તેમનાં દર્શન (અનુભૂતિ) કરાવી મુક્તિના અધિકારી બનાવે છે. આવો...! સંત નિરંકારી મિશનના પાંચ સિદ્ધાંત વિશે વિસ્તૃત ચર્ચા કરીએ.....!! સિદ્ધાંતઃ ૦૧ અતિકૃપા ભગવાને કરીને, આપી સુંદર કાયા છે, આ તો થાપણ છે ઇશ્વરની, જેને સહુને બનાવ્યા છે.. મનનું માનીને તૂં મુરખ, વ્યર્થ જ કષ્ટ ઉઠાવે છે, મારૂં મારૂં કહીને મૂરખ, ખોટો અહમ્ વધારે છે.. ભવ્ય ઇમારત કુટુંબ-પરીવાર, આ તો સઘળી માયા છે, દશ્યમાના છે સકળ વિનાશી, હરતી ફરતી છાયા છે.. જે જે વસ્તુ છે જગમાંહી, પ્રભુ તણી જે માને છે, એ જ કમળવત્ નિર્લેપ રહીને, સાર આ જગનો જાણે છે.. જેનું છે તન એનું સમજો, આ બધું સર્જનહારનું છે, કહે અવતાર" આ પહેલી પ્રતિજ્ઞા, તન મન ધન નિરાકારનું છે....!! અવતારવાણી !!

માનવનું શરીર જ પ્રભુ દ્વારા માનવને આપવામાં આવેલ સર્વશ્રેષ્ઠ ઉપહાર છે..એટલે આ દેહને પ્રભુની અમાનત અને પારકો માલ સમજીને તેનો પ્રયોગ કરવો જોઇએ,એટલે કે દેહમાં પણ આત્મભાવ ના કરવો.મનથી અહંકાર અને અહંકારથી અનેક પ્રકારનાં દુઃખ પેદા થાય છે..કારણ કેઃ મન જેને મારૂં મારૂં કહે છે તે ક્યારેય પોતાનું થતું નથી અને જે પોતાનું છે તેની ખબર નથી.ચલ અચલ સંપત્તિ અને પરીવાર જે દેખાય છે તે સાકાર વસ્તુઓ છાયાની જેમ અસત્ય અને જૂઠી

http://suratiundhiyu.wordpress.com/

(અસ્તિત્વહીન) છે.પ્રભુની આપેલ આ વસ્તુઓનો પ્રભુની આજ્ઞાથી..પ્રભુના માટે સમર્પિતભાવથી ભોગ કરવાથી અહંકારનો રોગ દૂર થઇ આનંદનો અનુભવ થાય છે.આ તન..મન..ધન તથા તેનાથી પેદા થયેલા સબંધો જેના છે નિર્વિવાદરૂપથી પ્રભુના સમજવા.તન..મન..ધનમાં પોતાપણાનો ત્યાગ અહંકારને ઓછો કરી વિનમ્રતામાં વૃદ્ધિ કરશે.તન..મન..ધનનો અભિપ્રાય..તેનાથી પેદા થયેલ સબંધો છે જેમ કેઃ તનના સબંધઃ માતા..પિતા..પૂત્ર..પત્ની..ભાઇ..પરીવાર...વગેરે મનનો સબંધઃ પોતાનો..પારકો..શત્રુ..મિત્ર..ઉદાસીન...વગેરે ધનના સબંધઃ
નાનો..મોટો..સ્વામી..સેવક..અમીર..ગરીબ..ઘર..જમીન..રૂપિયા...વગેરે જો તન..મન..ધન જ પોતાનાં નથી તો તેના ઉપર ટકેલા સબંધો અને પદાર્થો આપણા કેવી રીતે હોઇ શકે ? કારણ કેઃ આધાર વિના આધારીત રહેતાં નથી.આ પ્રતિજ્ઞા દ્વારા સમજાવવામાં આવ્યું છે કેઃ દ્દષ્યમાન તમામ માયા છે. ગો ગોચર જહં લગિ મન જાઇ, સો સબ માયા જાનહું ભાઇ...! !! રામચરીત માનસ !! જગતમાં સર્વ કંઇ પ્રભુ પરમાત્મા છે એટલે તેમની આજ્ઞાથી તેનો ઉપભોગ કરો અને કોઇના ધન ઉપર લલચાવું નહી.દ્દશ્યમાન જગત માયા છે..તે ક્ષણભંગુર છે..અસ્થાઇ છે.તેનો ત્યાગભાવથી પ્રભુનાં માનીને ઉપભોગ કરો.બ્રહ્મજ્ઞાન બાદ જો જગત સત્ય લાગે તો સમજો કે..નિર્મલ બ્રહ્મજ્ઞાન થયું નથી.જો સ્વપ્ન સત્ય લાગે તો સમજો કેઃ હજુ જાગ્યા જ નથી.સ્વપ્ન અને જગતમાં ફરક જ નથી..જીવનો સંકલ્પ સ્વપ્નું છે અને બ્રહ્મનો સંકલ્પ આ જગત છે.આ બંન્નેમાં ફર્ક એટલો જ છે કે સ્વપ્ન ત્યારે પુરૂ થાય છે જ્યારે આંખ ખુલે છે અને જગત ત્યારે ખતમ થાય છે જ્યારે આંખો બંધ થાય છે.જગત પણ સ્વપ્નની જેમ જુઠું છે.આનું વર્ણન કરતાં ગોસ્વામી તુલસીદાસજી કહે છે કેઃ મોહ નિશા જગ સોવન હારા, દેખહિ સપન અનેક પ્રકારા,
એહિ જગ જામિનિ જાગહિં જોગી, પરમારથી પ્રપંચ વિયોગી, જાનિએ જબહિં જીવ જગ જાગા, જબ સબ વિષય વિલાસ બિરાગા...!! રામચરીત માનસ !!
સમગ્ર સંસાર મોહરાત્રિમાં દેખાતું એક સ્વપ્ન છે.આ સ્વપ્ન જીવ જોઇ રહ્યો છે.પરમાર્થના માર્ગ પર ચાલનાર જીવ ગુરૂકૃપાથી જાગે છે..તેનો આ પ્રપંચ (જગતરૂપી સ્વપ્ન) થી છુટકારો થઇ જાય છે. જાગ્યો છે તેની ઓળખાણ એ છે કેઃ વિષય વિલાસ જે અસત્ય છે તે તેને આકર્ષિત કરતી નથી.જગત ફક્ત નામ અને રૂપનો સમુહ છે. તમામ નામ કલ્પિત છે અને રૂપ પરીવર્તનશીલ છે..મિથ્યા છે..અસત્ય છે.તન..મન..ધનને પરમાત્માની દેન માનનાર સાકાર સૃષ્ટિમાં પણ નિરાકારનું દર્શન કરતાં કરતાં નિર્લિપ્ત રહીને કર્તવ્યકર્મ કરતો રહે છે.
સિદ્ધાંતઃ ૦૨ એક તત્વ છે સહુની અંદર, ભલે એ નર કે નારી છે, બ્રાહ્મણ..ક્ષત્રિય..વૈશ્યને શૂદ્દ, પ્રભુની રચના સઘળી છે. એક તત્વ છે સહુ માનવમાં, એક જ સરખી કાયા છે,
હિન્દુ..મુસ્લીમ..શીખ..ઇસાઇ, વાદ-વિવાદ નકામાં છે. દરેક માનવ પ્રભુના માનવ, સહુ માનવનો

http://suratiundriyu.wordpress.com/

એક જ દેશ, સમદ્દષ્ટિથી સરખા જાણો, ભલે ઉજળો કાળો વેશ. નર-નારીમાં એક જ ઇશ્વર, સૌ પ્રાણી છે એક સમાન, જે જે નદીઓ ભળે ગંગામાં, એ સૌને તૂં ગંગા જાણ. સૌ માનવને સરખા માની, સૌનું સૌ સન્માન કરો, કહે "અવતાર" આ બીજી પ્રતિજ્ઞા, જાતિ-વર્ણનું છોડો માન...!! અવતારવાણી-૯/ખ !!

આ પદમાં પ્રાચિન..વૈદિક કે સનાતન ધર્મની વર્ણવ્યવસ્થાનો વિરોધ નથી,કારણ કેઃ વર્ણવ્યવસ્થા એક તત્કાલિન સામાજીક માન્યતા હતી.અવતારવાણી એક આધ્યાત્મિક ગ્રંથ છે તેને આધ્યાત્મિક દ્દષ્ટિથી જોવો જોઇએ.વૈદિક સાહિત્યના આધ્યાત્મિક પ્રસંગમાં પણ તમામ વર્ણોમાં સમદ્દષ્ટિ રાખવાનો આદેશ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે કેઃ "જ્ઞાનીજનો વિદ્યા અને વિનયશીલ બ્રાહ્મણમાં તથા ગાય કૂતરા અને ચાંડાલમાં પણ સમાન દ્દષ્ટિવાળા હોય છે." (ગીતાઃ૫/૧૮) રામાયણમાં કહે છે કેઃ તુલસી મમતા રામ સો, સમતા સબ સંસાર, રાગ ન રોષ ન દોષ દુઃખ, દાસ ભયે ભવપાર...(રામાયણ) આ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને વ્યક્તિ બ્રહ્મસ્વરૂપ બની જાય છે. !! બ્રહ્મવિદ્ બ્રહ્મોવ ભવતિ !! બ્રહ્મજ્ઞાની બ્રહ્મ જ હોય છે. (ઉપનિષદ) બ્રહ્મનું જ્ઞાન એટલું પવિત્ર છે કે તે અગ્નિની જેમ તમામ પાપોને નષ્ટ કરીને પતિતને પાવન અને દાનવને માનવ બનાવી દે છે. સંત સૂરદાસજી પોતાના પદમાં લખે છે કેઃ એક નદી ઇક નાર કહાવત મૈલો નરી ભરો,
જબ દોઉં મિલિ એક બરન ભયે સુરસરી નામ પરો, ઇક લોહા પૂજામેં રાખત ઇક ઘર બધિક પરો, પારસ ગુન અવગુણ નહી ચિંતવૈ કંચન કરત ખરો...!! ઋગ્વેદમાં કહ્યું છે કેઃ "કોઇ નાનું નથી કે કોઇ મોટું નથી.તમામ એક ઇશ્વરનાં જ સંતાન છે..ભાઇ ભાઇ છે.બધા ભેગા મળીને સફળતાના માટે આગળ વધો." (ઋગ્વેદ-૫/૬૦/૫) કબીરજી કહે છે કેઃ !! જાતિ પાંતિ પૂછે નહી કોઇ, હરિ કો ભજે સો હરિકા હોઇ !!

ટૂંકમાં અહી જાતિ-પાંતિ,વર્ણ-આશ્રમ...વગેરેથી સબંધિત અહંકારને છોડવાની પ્રેરણા આપી છે.
સિદ્ધાંતઃ ૦૩ જુદી જુદી ઋતુઓ છે જગમાં, સમય સમય પર આવે છે, ઋતુ ઋતુમાં જગના પ્રાણી મનથી ખાયને પીવે છે.. પ્રભુ નિર્મિત આ ખાવા પીવાની, નીતિ અને રીતિ નથી, ખાન પાન આધાર છે તનનો, આત્મા ખાતી પીતી નથી.. શાંત ચિત્તથી હે મન મૂરખ ! કરી લે એનો ઉંડો વિચાર, શરીરનો પોષક છે કેવળ, શું ધોતીને શું સલવાર ? પર ઉપદેશક બની જગતમાં, એની ના લે તૂં તકરાર, કહે અવતાર" પ્રભુ મળે છે, મનનો અહમ્ ગુમાવીને, ત્રીજી પ્રતિજ્ઞા ધૃણા ના કરવી, કોઇના ખાવા પીવા પર.... (અવતારવાણીઃ૯/ગ) કોઇપણ વ્યક્તિના ખાનપાન અને વસ્ત્રો કેવા હોવા જોઇએ તે અધ્યાત્મનો નહી,પરંતુ ચિકિત્સાનો વિષય છે.શરીરના ભોગોથી આત્મા નિર્લિપ્ત છે કારણ કેઃ " જીવ અને ઇશ્વર આ બંન્ને સુંદર પાંખોવાળા બે પક્ષી પરસ્પર મિત્ર છે અને આ શરીર રૂપી વૃક્ષ ઉપર

http://suratiundhiyu.wordpress.com/

બેઠેલા છે.આ બંન્નેમાંથી જીવ આ વૃક્ષના ફળનો સ્વાદ સુખ અને દુઃખનો ભોગ કરે છે.બીજો સચ્ચિદાનંદ પરમાત્મા ફક્ત સાક્ષીભાવથી જોઇ રહ્યો છે." (શ્વેતાશ્વર ઉપનિષદઃ૪૬)
આનાથી સિદ્ધ થાય છે કેઃ બ્રહ્મનું ખાન..પાન..ભોગ...વગેરેથી કોઇ સબંધ નથી.એ તો સાક્ષી..માત્ર દ્દષ્ટા છે.ખાન પાન મુક્તિમાં બાધક થતાં નથી કેમકે........ ગીધ અધમ અતિ આમિષ ભોગી, ગતિ દિન્હ જેહી જાચત જોગી............(રામાયણ)
એટલે કે આમિષ(માંસ) ભોગી ગીધને પણ તે જ મુક્તિ મળી કે જે યોગીઓ અને તપસ્વીઓને મળે છે કારણ કેઃ રામહિ કેવલ પ્રેમ પિયારા, જાન લેહું જો જાનન હારા !! રામાયણ !! આ પદમાં ગુરૂદેવ નિરંકારી બાબાએ કોઇપણ પ્રકારના ભોજન કે વસ્ત્રોની અવહેલના કે પ્રેરણા આપી નથી,પરંતુ આદેશ આપ્યો છે કેઃ તમે જે કંઇ ખાતા પીતા પહેરતા હો..પરંતુ કોઇ અન્ય વ્યક્તિના ખાનપાન વસ્ત્ર પરીધાનના આધારે તેમની ધૃણા ના કરવી. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કેઃ ભોજન પણ સૌને પોતપોતાના સ્વભાવ અનુસાર ત્રણ પ્રકારનું ગમતું હોય છે. (ગીતાઃ૧૭/૭) આયુષ્ય..બુદ્ધિ..બળ..આરોગ્ય..સુખ અને પ્રીતિ વધારનારા..રસયુક્ત..સ્નિગ્ધ..સ્થિર રહેનારા (જે પદાર્થોનો સાર લાંબા સમય સુધી સ્થિર રહી શકે એવા ઓજ ઉત્પન્ન કરનારા પદાર્થો) અને સ્વાભાવિક રીતે જ મનને ગમે તેવાં ભોજન સાત્વિક માણસોને ગમતાં હોય છે.
કડવા..ખાટા..ખારા..ઘણા ગરમ..તીખા..ભૂંજેલા..દાહ જન્માવનારા અને દુઃખ..ચિંતા તથા રોગોને જન્માવનારા આહાર રાજસી માણસોને ગમે છે. જે ભોજન અડધું પાકેલું અને અડધું કાચું..સૂકાઇ ગયેલા રસનું..સ્વભાવે જ દુર્ગંધવાળું..વાસી અને એઠું છે તથા જે અપવિત્ર છે એ ભોજન તામસી માણસને ગમતું હોય છે. (ગીતાઃ૧૭/૮ થી ૧૦) માંસ..ઇંડા જેવા હિંસામય પદાર્થો કે જે સ્વભાવે જ અપવિત્ર છે તેમજ અન્યાય અને અધર્મથી ઉપાર્જીત અસત્ ધનથી મેળવેલ આહાર પણ અપવિત્ર કહેવાય છે. સિદ્ધાંતઃ ૦૪ ત્યાગી ઘરને કુટુંબ પરીવાર, જંગલમાં તમે જાવો નહી, રહો જગતમાં બની ગૃહસ્થી, વેશ કોઇ બનાવો નહી.. બની બાવાને ભીખ માંગવી, એ સાચો વ્યવહાર નથી, કર્મ કરો સેવા અપનાવો, બનો પૃથ્વી પર ભાર નહી.. પ્રભુ ઇચ્છાને શુભ માનીને, મન પોતાનું બહેકાવો નહી, કહે અવતાર" ગૃહસ્થ અતિ ઉત્તમ, ત્યાગી વનમાં જાઓ નહી... (અવતારવાણીઃ૯/ઘ) પ્રાચીન અને અર્વાચીન ભારતીય સંસ્કૃતિમાં ક્યાંય ગૃહસ્થનો ત્યાગ કરી સમાજ પર બોજારૂપ બનવાનું કહ્યું નથી.
!! દેવસ્ય સવિતુઃ સર્વે કર્મકૃણ્વન્તું માનુષ !! (અથર્વવેદઃ૬/૨૩/૩)
એટલે કે "તમામના નિર્માતા જ્યોતિ સ્વરૂપ પરમાત્માની સૃષ્ટિમાં તમામ મનુષ્યે પોતપોતાનાં કર્મો કરવાં..કોઇ પ્રાણી અકર્મણ્ય ન રહે.."
યર્જુવેદ (૪૦/૨) માં કહ્યું છે કેઃ "માનવે કર્મ કરતાં કરતાં ૧૦૦ વર્ષ સુધી જીવવાની ઇચ્છા કરવી..તેના સિવાય અન્ય કોઇ માર્ગ નથી.માનવ કર્મથી નહી,પરંતુ કર્મફળથી લિપ્ત થાય છે."

http://suratiundriyu.wordpress.com/

ગોસ્વામી તુલસીદાસજીના મત અનુસાર ભગવાનની ભક્તિમાં ગૃહસ્થ નહી,પરંતુ આસક્તિ જ બાધક છે. "ઘર કિન્હે ઘર જાત હૈ, ઘર છાંડે ઘર જાઇ, તુલસી ઘર બન બિચહીં રામ પ્રેમ પુર છાઇ.."

"ઘર કરવાથી (ગૃહસ્થમાં રહેવાથી) પોતાના અસલી ઘર (પરલોક) નષ્ટ થાય છે અને ઘર છોડવાથી (સંન્યાસ ધારણ કરવાથી) અહીનું ઘર (પોતાનું ગૃહસ્થ) નષ્ટ થાય છે..એટલા માટે તૂં ઘર અને વનની વચ્ચે જ એટલે કે ઘરમાં જ ગૃહત્યાગની જેમ રહીને શ્રી રામજીના પ્રેમનું નગર વસાવ." ગૃહસ્થ ત્યાગ કરીને બાહ્ય સ્વાંગ સાધુનો ધારણ કરીને મનમાં વિષયભોગનું ચિન્તન કરનારને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં મિથ્યાચારી (પાખંડી) કહ્યો છે. "જે કર્મેન્દ્રિયોને (બધી ઇન્દ્રિયોને) બળ પૂર્વક રોકીને મનથી ઇન્દ્રિયોના વિષયોનું ચિંતન કરતો રહે છે તે મૂઢ બુદ્ધિવાળો મનુષ્ય મિથ્યા આચરણ કરવાવાળો કહેવાય છે." (ગીતાઃ૩/૬)

આ જ સંદર્ભમાં ભગવાન આગળ કહે છે કેઃ જે મનુષ્ય મનથી ઇન્દ્રિયો ઉપર નિયંત્રણ રાખીને આસક્તિ રહીત થઇને નિષ્કામ ભાવથી તમામ ઇન્દ્રિયો દ્વારા કર્મયોગનું આચરણ કરે છે તે જ શ્રેષ્ઠ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનો મુખ્ય મુદ્દો એ છે કેઃ અર્જુન જ્યારે કર્મ છોડીને ભાગવાની વાત કરવા લાગ્યો તો ભગવાન શ્રી કૃષ્ણજીએ સમજાવ્યું કેઃ ગૃહસ્થનો..કર્મક્ષેત્ર (કુરૂક્ષેત્ર) તો તારે જીતવું જ પડશે અને પરમ તત્વને જાણીને જીવન્મુક્તિ પ્રાપ્ત કરવી એ પણ તારૂં કર્તવ્ય છે.ગૃહસ્થાશ્રમમાં રહીને જ ભગવાને અર્જુનને નિરાકાર બ્રહ્મનું જ્ઞાન આપીને મુક્તિ અને પ્રથમ સંસારથી અનાસક્ત કરી દીધો હતો. ભગવાન શ્રી રામ..જનકજી..સપ્તઋષિઓ..વગેરે તમામ ગૃહસ્થી હતા અને ભગવાનના ઉચ્ચ કોટીના ભક્ત બની પ્રભુ સ્વરૂપ બની ગયા હતા. સંત ગંગાદાસજી કહે છે કેઃ !! મન રંગા નહી ઉસ રંગમેં, ક્યા હૂં કપડે રંગનેમેં !!

ગુરૂદેવ કહે છે કેઃ "પ્રભુ ઇચ્છામાં જીવન પસાર કરવાનું છે.ગૃહસ્થ આશ્રમ સૈથી ઉત્તમ આશ્રમ છે તેને છોડીને પ્રભુ પ્રાપ્તિના માટે વનમાં જવાની જરૂર નથી." મનુ મહારાજે ગૃહસ્થાશ્રમ વિશે કહ્યું છે કેઃ "તમામ પ્રાણ ધારી વાયુનો આશ્રય લઇને જીવિત રહે છે તેવી જ રીતે તમામ આશ્રમીઓ ગૃહસ્થમાં આશ્રય લે છે." (મનુસ્મૃતિઃ૭/૭૭)

બાહ્ય વેશભૂષા..આડંબરો વિશે તુલસીદાસજી લખે છે કેઃ જાકે નખ અરૂ જટા વિશાલા,સોઇ તાપસ પ્રસિદ્ધ કલિકાલા, મિથ્યારંભ દંભ રત જોઇ, તાકો સંત કહૈ સબ કોઇ, અશુભ બેષ ભૂષણ ધરે, ભચ્છાભચ્છ જે ખાહિં, તેઇ જોગી તેઇ સિદ્ધ નર પૂજ્ય તે કલિયુગ માહિં !! રામચરીત માનસઃઉત્તરકાંડઃ૯૭-૯૮ !!

જેને પોતાના નખ તથા જટા વધાર્યા હોય તેને તપસ્વી ગણવામાં આવે છે..

જે માણસ ખોટાં કર્મો શરૂ કરવામાં તથા દંભમાં તત્પર હોય તેને જ તમામ લોકો સંત કહે છે.

http://suratiundhiyu.wordpress.com/

જે માણસ અશુભ વેશને તથા ખોપરી..વગેરે અશુભ ભૂષણોને ધારણ કરે છે તથા ભોજનમાં ભક્ષ્ય કે અભક્ષ્યનો વિવેક કરતો નથી તે માણસ કળિયુગમાં યોગી તથા સિદ્ધજન તરીકે પૂજાય છે. નિરંકારી સંતો જ્ઞાન અને કર્મ ઉપર વિશેષ ભાર મૂકે છે.સાદું જીવન અને ઉચ્ચ વિચાર રાખીને સેવા..સુમિરણ..સત્સંગથી જ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. સિદ્ધાંતઃ ૦૫ બેસી જઇ સોનીની દુકાને ઘરેણાં ઘડી શકાય નહિ,

વિદ્યાર્થી હોય ઘણો જ લાયક શિક્ષક એ કહેવાય નહિ. પોતે જ જ્યારે હોય વિદ્યાર્થી શિક્ષણ એ શું ભણાવી શકે ? ભણી ગણીને પાસ થાય તો શિક્ષક બનીને ભણાવી શકે.. ભેદ પ્રભુનો જે બતલાવ્યો તેમાંથી તમે ડગો નહિ, કહે "અવતાર" આ પાંચમી પ્રતિજ્ઞા ગુરૂ આજ્ઞા વિના જ્ઞાન ખોલો નહિ... (અવતારવાણી)

આ પદના ત્રણ પ્રયોજન છે...

1. અનાધિકારી ગુરૂ દ્વારા જ્ઞાન આપવામાં ના આવે..
2. અનાધિકારી ગુરૂ માયા સંચય વગેરે..ના માટે જ્ઞાનનો દુરપયોગ ના કરે તથા જ્ઞાનનો અહંકાર ના કરવા લાગે..
3. અનાધિકારી શિષ્યને બ્રહ્મજ્ઞાન જેવી પવિત્ર વિદ્યા ન મળે,કારણ કે તેનાથી સમાજની હાની થવાનો ભય હોય છે.અધિકારી ગુરૂ (પરમ ગુરૂ) જ જાણી શકે છે કેઃ કયું પાત્ર પરાવિદ્યાનો અધિકારી છે અને કોન નથી ! હવે આ વિશે વિગતવાર ચર્ચા કરીએ..

વર્તમાન સમયમાં સાત પ્રકારના ગુરૂઓ જોવા મળે છેઃ

1. સૂચક ગુરૂઃ વર્ણોની જાળયુક્ત લૌકિક બાહ્ય શાસ્ત્રમાં નિપુણ હોય છે.તે ફક્ત ધર્મગ્રંથોની સૂચના આપે છે.
2. વાચક ગુરૂઃ વર્ણાશ્રમ..ધર્મ-અધર્મ ઉપર વ્યાખ્યાન આપે છે.
3. બોધક ગુરૂઃ ફક્ત મંત્ર આપે છે.પંચાક્ષરી..વગેરે મંત્રોના ઉપદ્રેષ્ટા હોય છે.
4. નિષિધ્ધ ગુરૂઃ સંમોહન..મારન..વશીકરણ..વગેરે તુચ્છ તંત્ર મંત્રના વિષયનું જ્ઞાન આપે છે.
5. વિહિત ગુરૂઃ સંસારમાંના દુઃખ અને નશ્વરતા સમજાવી વૈરાગ્યનો માર્ગ બતાવે છે.
6. કારણ ગુરૂઃ મહામંત્રનો આદેશ આપીને સાંસારીક રોગ દૂર કરે છે.
7. પરમ ગુરૂઃ (કારણ ગુરૂ) મહામંત્રનો આદેશ આપીને સાંસારીક રોગ..વગેરે દૂર કરનાર..ચાર વેદોનો એક મહામંત્ર મળીને ચાર પ્રસિદ્ધ મહામંત્ર કહેવાય છે. અયમાત્મા બ્રહ્મઃ આ આત્મા એ જ બ્રહ્મ છે.. (અથર્વવેદ) પ્રજ્ઞાન બ્રહ્મઃ જ્ઞાન એ જ બ્રહ્મ છે.. (ઋગ્વેદ) તત્વમસિઃ તે બ્રહ્મ તું જ છે... (સામવેદ) અહં બ્રહ્માસ્મિઃ હું જ બ્રહ્મ છું.. (યર્જુવેદ)

http://suratiundhiyu.wordpress.com/

વેદોના મહામંત્રોનો આદેશ આપનાર ગુરૂ પણ કારણ ગુરૂ કહેવાય છે. બધામાં સર્વશ્રેષ્ઠ પરમગુરૂ (સદગુરૂ) હોય છે જે પરમાત્માનાં અંગસંગ દર્શન કરાવી દે છે એટલે કે બ્રહ્મની પરોક્ષ અનુભૂતિ કરાવે છે તથા જે અહંકાર શૂન્ય તથા શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ હોય છે.આવા પરમગુરૂએ આપેલ જ્ઞાનથી જ શિષ્યનું કલ્યાણ થાય છે.ઘણા જન્મોના પુણ્યોથી આવા પરમ ગુરૂ મળે છે.જેને આવા ગુરૂ મળે છે તે જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થાય છે.
સદગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરી લેવા માત્રથી કોઇ જ્ઞાનવાન બની જતો નથી તેમજ બીજાને જ્ઞાન પ્રદાન કરવાનો અધિકારી બની શકતો નથી..કારણ કે, બ્રહ્મજ્ઞાનનાં ત્રણ સોપાન છે. બ્રહ્મતત્વને જાણવું..તેને જીવનમાં તારવું.. અને બ્રહ્મમય બની જવું.. આ ત્રીજી અવસ્થા જ જીવનમુક્તિ ની અવસ્થા છે કે જેને પ્રાપ્ત કરીને જ બીજા કોઇપણ જિજ્ઞાસુને પરાવિદ્યાની કૃપા વરસાવી શકાય છે.. જીવનમાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ ધ્યાન અને પ્રેમ (ભક્તિ)ની પરમ આવશ્યકતા છે.. કારણ કે, રામચંદ્રકે ભજન બિનુ જો યહ પદ નિર્વાણ, જ્ઞાનવંત અપિ સો નર પશુ બિન પૂંછ વિષાન... એટલે કે પ્રભુના ધ્યાન અને ભક્તિ વિના જ્ઞાની પણ પૂંછડા અને શિંગડા વિનાનો પશુ જ છે જ. બીજાને કેવી રીતે જ્ઞાન પ્રદાન કરી શકે ? બ્રહ્મજ્ઞાનનું નાટક બતાવીને ધન હરણ કરનારા ગુરૂ સામાજીક હાનિના પહોચાડે એટલા માટે આ પ્રણની પરમ આવશ્યકતા છે. ગુરૂગીતામાં કહ્યું છે કેઃ શિષ્યનું ધન હરણ કરનારા ગુરૂઓ તો ઘણા હોય છે પરંતુ શિષ્યના દુઃખને દૂર કરનાર ગુરૂ દુર્લભ છે. પરમગુરૂ પોતે જીવન્મુક્ત હોય છે અને તે જ જાણી શકે છે કેઃબ્રહ્મ વિદ્યાનો સાચો અધિકારી કોન છે ? અનાધિકારીને બ્રહ્મજ્ઞાન ન આપવાની શાસ્ત્રાજ્ઞા છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કેઃ આ ગુહ્યત્તમ જ્ઞાન એવા વ્યક્તિને ના કહેવું કે જે તપસ્વી ના હોય..ભક્ત ના હોય..જે સાંભળવા ઇચ્છતો ના હોય અને જે મારામાં દોષદૃષ્ટિ કરે છે. (ગીતાઃ૧૮/૬૭) પોતાના કર્તવ્યનું પાલન કરતાં સ્વાભાવિક જે કષ્ટ આવી જાય તેને પ્રસન્નતાપૂર્વક સહન કરવાનું નામ તપ છે.તપના વિના અંતઃકરણમાં પવિત્રતા આવતી નથી અને પવિત્રતા આવ્યા વિના સારી વાતો ગ્રહણ થતી નથી.જે ભક્તિથી રહીત છે..જેનો ભગવાન ઉપર ભરોસો..શ્રદ્ધા.. વિશ્વાસ નથી તેમજ રૂચી વિના જબરજસ્તીથી સંભળાવવાથી તે આવી ઉત્તમ બ્રહ્મવિદ્યાનો તિરસ્કાર કરી દે છે.સત્યનો વિવેક કરનારી બ્રહ્મવિદ્યા બ્રહ્મજ્ઞાનીઓ પાસે હોય છે.આ વિદ્યાને નાસ્તિકોથી..નિંદક..ઇર્ષ્યાળુ..ઇન્દ્રિયાધિન (ભોગોમાં લિપ્ત) અસાવધાન અને કપટી મનુષ્યોને નહી આપવાનું વિધાન છે. અધ્યાત્મ રામાયણ (૧૧/૧૫૨) માં કહ્યું છે કેઃ " હે નિષ્પાપ હનુમાન ! આ પરમ રહસ્ય (બ્રહ્મજ્ઞાન) મુજ આત્મસ્વરૂપ રામનું હ્રદય છે અને સાક્ષાત મેં તને સમજાવ્યું છે.જો તને ઇન્દ્રલોકના રાજ્યથી પણ વધુ ધન કોઇ આપી દે તો પણ આ જ્ઞાનનો ભેદ ખોલવો નહિ.”
સંકલનઃ વિનોદભાઇ મંગળભાઇ માછી "નિરંકારી"

http://suratiundhiyu.wordpress.com/

# ક્રોધ સાક્ષાત યમરાજા છે

માનવ જીવનમાં અનેક મનોવિકાર છે.આ પૈકી સૌથી પ્રબળ મનોવિકાર ક્રોધ" છે કે જેનાથી અમારા કર્મો સૌથી વધુ પ્રભાવિત થાય છે,પરંતુ ક્રોધ કેમ આવે છે ? આ પ્રશ્ન ઘણો જ ગંભીર છે તથા તેનો જવાબ પણ એટલો જ ગંભીર છે.આપણા જીવનમાં એવી કેટલીય ઘટનાઓ બને છે કે અમારે ક્ષણિક ક્રોધના કારણે ગંભીર પરીણામો ભોગવવા પડે છે.આવું બનવાનું પ્રથમ કારણ છેઃવિવેકની ખામી. જેમ પ્રકાશ અને અંધકાર એકબીજાના વિરોધી છે તેમ ક્રોધ અને વિવેક પણ એકબીજાના વિરોધી છે.જેમ પ્રકાશના એક કિરણથી અંધકાર દૂર થઇ જાય છે તેમ વિવેકની ગેરહાજરીના કારણે મનુષ્યને ક્રોધ આવી જાય છે.જ્યારે મનુષ્યનો વિવેક નષ્ટ થઇ જાય છે ત્યારે ક્રોધી વ્યક્તિને સારાસારનો તથા કેવી વાત કહેવી અને કેવી વાત ના કહેવી તેનો ખ્યાલ રહેતો નથી. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં (૨/૬૨) કહ્યું છે કેઃ

ધ્યાયતો વિષયાન્પુસઃ સંગસ્તેષૂપજાયતે ! સંગાત્સંજાયતે સંમ્મોહઃ સંમ્મોહાત્સ્મૃતિવિભ્રમઃ !! ૨/૬૨ !!

" વિષયોનું ચિંતન કરનાર મનુષ્યની તે વિષયમાં આસક્તિ જન્મે છે,આસક્તિથી કામના ઉત્પન્ન થાય છે, કામનામાં વિઘ્ન આવવાથી ક્રોધ જન્મે છે,ક્રોધથી મોહ(મૂઢતા) આવે છે,મૂઢતાથી સ્મૃતિ નષ્ટ થઇ જાય છે. સ્મૃતિ નષ્ટ થવાથી બુદ્ધિ અર્થાત્ વિવેક નાશ પામે છે.બુદ્ધિનો નાશ થવાથી મનુષ્યનું પતન થાય છે."

ભગવાનનું ચિંતન નહી થવાથી વિષયોનું જ ચિંતન થાય છે,કારણ કે જીવની એક તરફ પરમાત્મા છે અને બીજી તરફ સંસાર છે.જ્યારે આપણે પરમાત્માનો આશ્રય છોડી દઇએ છીએ ત્યારે સંસારનો આશ્રય લઇને સંસારનું જ ચિંતન કરીએ છીએ,કેમકે સંસાર સિવાય ચિંતનનો બીજો કોઇ વિષય રહેતો નથી.આ રીતે ચિંતન કરતાં કરતાં મનુષ્યની તે વિષયમાં આસક્તિ,રાગ અને પ્રીતિ ઉત્પન્ન થઇ જાય છે.આસક્તિ પેદા થવાથી મનુષ્ય તે વિષયનું સેવન કરે છે.વિષયોનું સેવન પછી ભલે તે માનસિક હોય કે શારીરિક હોય, તેનાથી જે સુખ થાય છે તેનાથી વિષયોમાં પ્રીતિ પેદા થાય છે.પ્રીતિથી તે વિષયોનું વારંવાર ચિંતન થવા લાગે છે. વિષયોમાં રાગ પેદા થવાથી તે વિષયોને(ભોગોને) પ્રાપ્ત કરવાની કામના પેદા થઇ જાય છે કે તે ભોગો.. વસ્તુઓ મને મળે ! કામનાને અનુકૂળ પદાર્થો મળતા રહેવાથી લોભ પેદા થઇ જાય છે અને કામના પુર્તિની સંભાવના થઇ રહી હોય,પરંતુ તેમાં કોઇ વિઘ્ન નાખે તો તેના ઉપર ક્રોધ આવી જાય છે.

અમારી ઇચ્છાનુસાર જ્યારે કોઇ કાર્ય ના થાય ત્યારે મનમાં તનાવ..કુંઠા..સંઘર્ષ તથા અસંતોષની સ્થિતિ પેદા થાય છે.આ સ્થિતિને શાંત કરવા અમુક હદ સુધી અમારો વિવેક પ્રયાસ કરે છે,પરંતુ

http://suratiundhiyu.wordpress.com/

જ્યારે વિવેકનું નિયંત્રણ રહેતું નથી ત્યારે ક્રોધ ભભૂકી ઉઠે છે.ક્રોધ અને હિંસાના પ્રભાવમાં વ્યક્તિ પેશાનિક ભાવનાથી પ્રેરાઇને ન કરવાનાં કાર્ય(અનર્થ) કરી બેસે છે.ઘણીવાર વિવેકની ખામીના કારણે અમારી અંદર વૈમનસ્ય..વિરોધ..કટુતા.. ઇર્ષા..શત્રુતા..બદલાની ભાવના..વગેરે હિંસાનાં સુક્ષ્મરૂપ અમારી અંદર અંકુરના રૂપમાં હોય છે તે પણ ક્રોધનું રૂપ ધારણ કરી લે છે.અમારી અંદર તામસિક તત્વની ઉગ્રતાના કારણે બુદ્ધિ ભ્રષ્ટ થઇ જાય છે અને તેથી કોઇનું પણ અનિષ્ટ કરવામાં કોઇ ક્ષોભ થતો નથી.જો પશુતાની જગ્યાએ પ્રેમ..દ્વેષની જગ્યાએ આત્મિયતા ભાવ હોય તો ક્રોધ ઓછો થઇ જાય છે.જ્યાં સુધી અમારી અંદર હિંસાની ભાવના રહેશે ત્યાં સુધી ગમે તે રૂપમાં ક્રોધ પ્રગટ રૂપમાં રહે છે.ફક્ત ક્રોધને દબાવવાથી જ ક્રોધ શાંત થતો નથી,પરંતુ એક ભયાનક મનઃસ્થિતિ બની જાય છે.દૈનિક જીવનમાં પણ ઘણીવાર હિનતાની ભાવનાના કારણે ક્રોધ આવી જાય છે. પોતાની કોઇ હીન ભાવનાને છુપાવવા માટે પણ લોકો ક્રોધનો સહારો લે છે કે જેથી પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરી શકાય. ભગવાન શ્રી કૃષ્ણએ ગીતામાં(૧૬/૨૧) ક્રોધને નરકનું દ્વાર કહ્યું છે...

ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ

કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્રયં ત્યજેત  !! ગીતાઃ૧૬/૨૧ !! "કામ..ક્રોધ અને લોભ..આ ત્રણ નરકના દરવાજા જીવાત્માનું પતન કરનારા છે,એટલા માટે આ ત્રણેનો ત્યાગ કરી દેવો જોઇએ.."

ક્રોધ આવે ત્યારે અમે જો થોડા સમય માટે તેને ટાળી દઇએ તો ક્રોધથી બચી જવાય છે.જ્યારે પણ કોઇ સારૂં કામ કરવાનો વિચાર આવે તો તુરંત જ કરી લેવું જોઇએ અને ખરાબ વિચાર આવે તો તેને ટાળી દેવું જોઇએ.આ કાર્ય કઠીન છે પરંતુ પ્રયાસ કરવાથી તેમાં સફળતા મળે છે,પરંતુ આ કાર્ય તે જ કરી શકે છે કે જે પોતાની ઇન્દ્રિયો ઉપર કાબુ રાખવામાં સક્ષમ છે.જેનામાં આત્મબળ છે..બુદ્ધિ પર વિશ્વાસ છે..સ્વભાવ શાંત અને ગંભીર છે.પ્રેમપૂર્વક વ્યવહાર કરવાથી બુદ્ધિનો વિકાસ..નિર્ણય લેવાની ક્ષમતા અને સમાજમાં પ્રતિષ્ઠા વધે છે. મનુસ્મૃતિમાં અક્રોધને ધર્મનાં દશ લક્ષણોમાંનું એક માનવામાં આવ્યું છે.

ધૃતિઃ ક્ષમા દમોઽસ્તેયં શૌચમિન્દ્રિય નિગ્રહઃ ધી વિદ્યા સત્યમક્રોધો દશકં ધર્મ લક્ષણમ્ ..
(મનુસ્મૃતિઃ૬/૯૨)

ધૃતિઃ  ધન વગેરે..ના નાશ થવા છતાં ચિત્તમાં ધૈર્ય બનેલું રહે..શરૂ કરેલા કર્મમાં વિઘ્ન અને દુઃખ આવવા છતાં ઉદ્વિગ્ન ના થવું..સંતોષ રાખવો..પોતાના ધર્મથી સ્ખલિત ના થવું..પોતાના ધર્મને ક્યારેય ના છોડવો એ ધૃતિ છે.

ક્ષમાઃ  વિના કારણે અપરાધ કરવાવાળાને દંડ આપવાનું સામર્થ્ય હોવા છતાં તેમના અપરાધને સહન કરી માફી આપી દેવી તે ક્ષમા છે.

http://suratiundhiyu.wordpress.com/

દમઃ   ઇન્દ્રિયોને વિષયોમાંથી હટાવવી એ દમ છે.મનને નિર્વિકાર રાખવું..મનને રોકવું..મનને મનમાની ના કરવા દેવી.

અસ્તેયઃ ચોરી ના કરવી..બીજાઓની વસ્તુઓમાં સ્પૃહા ન થવી..અન્યાયથી પરધન વગેરે..ગ્રહણ ન કરવાં..પારકા ધનને પત્થર તુલ્ય સમજવું તે અસ્તેય છે.

શૌચ - બાહ્યાંત્તરની શુધ્ધિનું નામ શૌચ છે.જળ..માટી..વગેરેથી શરીરની શુધ્ધિ થાય છે અને દયા..ક્ષમા..ઉદારતાથી અંતઃકરણની શુધ્ધિ થાય છે.રાગદ્વેષ અને તૃષ્ણા રહીત શુધ્ધ મન બનાવવું જોઇએ.ખાવા-પીવામાં પવિત્ર સાત્વિક ચીજોનો ઉપયોગ કરવો જોઇએ.

ઇન્દ્રિય નિગ્રહઃ ઇન્દ્રિયોને વિષયોમાં પ્રવૃત ના કરવી..જિતેન્દ્રિય બનવું..

ધીઃ બુધ્ધિમત્તા..પ્રતિપક્ષના સંશયને દુર કરવા..શાસ્ત્રજ્ઞાન..અપરાવિદ્યા પ્રાપ્ત કરવી..આત્મ ઉપાસના કરવી..નિષિધ્ધકર્મમાં  લજ્જા આવવી..શાસ્ત્રના તાત્પર્યને સમજવું..પોતાને અકર્તવ્યથી બચાવવા..

વિદ્યાઃ આત્મા-અનાત્મા વિષયક વિચાર..બહુશ્રુત થવું..આત્મા ઉપાસના કરવી.. સત્યઃ મિથ્યા અને અહિતકારી વચનો ન બોલવાં..વાસ્તવિક સત્ય જ બોલવું..પોતાની જાણકારી      અનુસાર યોગ્ય બોલવું..

અક્રોધઃ ક્ષમા કરવા છતાં પણ કોઇ અપકાર કરે તેમ છતાં ક્રોધ ના કરવો..દૈવવશ ક્રોધ ઉત્પન્ન થાય તો પણ તેને રોકવો..પોતાના મનોરથોમાં વિધ્ન નાખનાર પ્રત્યે પણ ચિત્ત નિર્વિકાર રાખવું.. આવા વ્યવહારથી મન અને વાણી ઉપર નિયંત્રણ રહે છે,એટલા માટે કહ્યું છે કેઃ અક્રોધેન જયેત્ક્રોધમ્..." ક્રોધને શાંતિથી જીતો.ક્રોધએ પતન અને પરાભવનું કારણ છે,એટલે તેનાથી બચવું શ્રેયસ્કર છે.ક્રોધ અનેક મહાપુરૂષોના પરાભવનું કારણ બન્યો છે.મહર્ષિ દુર્વાસાએ ભગવાન શંકરના અંશાવતાર અને મહાન જ્ઞાની હતા,પરંતુ સ્વભાવતઃ ક્રોધી હોવાના કારણે તેમને રાજા અંબરીષને ત્યાં વિપત્તિનો સામનો કરવો પડ્યો હતો અને ક્રોધ જ તેમના પરાભવનું કારણ હતો.તેવી જ રીતે ભૃગુશ્રેષ્ઠ ભગવાન પરશુરામજી પણ શિવ ધનુષ્યભંગના પ્રસંગમાં ક્રોધના કારણે જ પરાભૂત થયા હતા તથા તેમને તપસ્યાથી પ્રાપ્ત પુણ્ય ગુમાવવું પડ્યું હતું. વસ્તુતઃ ક્રોધના મૂળમાં કામ છે.કામના થવી કે કામના કરવી એ મનનું કાર્ય છે.મનથી વિપરીત થતાં જ ક્રોધ આવી જાય છે.મનનો સ્વભાવ અત્યંત ચંચળ છે અને તેની પ્રકૃતિ સંકલ્પ-વિકલાત્મક છે.મનના લીધેલ નિર્ણયો બુદ્ધિથી વિપરીત પણ હોઇ શકે છે એટલા માટે મનની ઉપર બુદ્ધિનું નિયંત્રણ હોવું ખુબ જ જરૂરી છે.બુદ્ધિના નિયંત્રણથી વિચારોમાં સાત્વિકતા આવે છે અને રજોગુણ તથા તમોગુણનો ભાવ દબાઇ જાય છે. ક્રોધ થવાથી અવિવેક ઉત્પન્ન થાય છે અને તેથી સ્મૃતિભ્રમ થઇ જાય છે.સ્મૃતિના નાશ થઇ જવાથી બુદ્ધિ નષ્ટ થઇ જાય છે અને બુદ્ધિનાશ એ વિનાશનો મૂળ હેતુ છે... "બુદ્ધિનાશાત પ્રણશ્યતિ"

http://suratiundhiyu.wordpress.com/

અનાસક્ત ભાવથી રહેવાથી કામ..ક્રોધ રહેતા નથી.શાસ્ત્રોમાં ક્રોધને સાક્ષાત યમરાજા કહ્યો છે તથા તેનાથી બચવાની સલાહ આપવામાં આવી છે...!

સંકલનઃ વિનોદભાઇ મંગળભાઇ માછી "નિરંકારી"

## ગણપતી ઉપાસનાનું આધ્યાત્મિક રહસ્ય

ભાદરવા સુદ ચોથ એ ગણેશ ચતુર્થી કહેવાય છે.મોરેશ્વર નામના ગણપતિના એક ભક્ત થઇ ગયા, તેમની ભક્તિના કારણે પ્રભુ સાથે તેમનું નામ જોડાઇ ગયું,તેથી આ દિવસોમાં "ગણપતિ બાપા મોરીયા" ના અવાજોથી વાતાવરણ ગુંજી ઉઠે છે.ભારતીય સંસ્કૃતિના ઋષિઓએ ગણપતિને ખુબ જ મહત્વ આપ્યું છે.પ્રત્યેક શુભ કાર્યમાં તેમનું પ્રથમ પૂજન કરવામાં આવે છે.

પુરાણોમાં કથા આવે છે કેઃમાતા પાર્વતીજીને સ્નાન કરવાની ઇચ્છા થઇ,તેમને પોતાના શરીર ઉપરથી મેલ ઉતારીને તેનું પૂતળું બનાવ્યું અને તેમાં પ્રાણ પૂર્યો,તે જીવતું થયું.તે બાળકને બહાર પહેરો ભરવા ઉભો રાખ્યો અને જણાવ્યું કેઃ કોઇપણ વ્યક્તિ આવે તો અંદર આવવા દેવો નહી.હું સ્નાન કરવા બેસું છું.આમ કહી પાર્વતીજી સ્નાન કરવા બેઠાં.બરાબર તે જ સમયે કૈલાશ (કિલ + આસ  જેની પ્રસિધ્ધ સત્તા રહેલી હોય તે પરમાત્મા કિલાસ કહેવાય અને કિલાસને રહેવાની જગ્યાનું નામ કૈલાસ)માં શિવજીની સમાધિ (મહા પ્રલયકાળનું ઐકાંન્તિક સ્થાન) ખુલી, હાથમાં ત્રિશૂળ લઇને તેઓ પોતાના ઘેર તરફ ઉપડ્યા.ઘેર આવીને જુવે છે તો એક બાળક પહેરો ભરી રહ્યો હોય છે જે શિવજીને અંદર જવા દેતો નથી..અટકાવે છે.પોતાના ઘરમાં જ પોતાને પ્રવેશ કરતાં અટકાવનાર કોન..? શિવજીને ક્રોધ ચડ્યો અને ક્રોધના આવેશમાં તેમને ત્રિશૂળ માર્યું એવું પેલા બાળકનું મસ્તક કપાઇ ગયું.અંતરાય દૂર થતાં લોહીવાળું ત્રિશૂળ લઇને શિવજી અંદર ગયા.પાર્વતીજી પૂછે છે કેઃ તમે આ શું કરીને આવ્યા..? તો શિવજીએ કહ્યું કેઃ દ્વાર પર એક બાળક મને અંદર આવવા દેતો ન હતો તેથી મેં તેનો શિરચ્છેદ કરીને અંદર આવ્યો છું.આ સાંભળીને માતા પાર્વતીજીને ઘણો જ આઘાત લાગે છે.પાર્વતીજીને ખુશ કરવા ભગવાન શિવજી પોતાના પાર્ષદોને શિશ(મસ્તક) શોધી લાવવા મોકલે છે.સેવકો રસ્તામાંથી પસાર થતા એક હાથીના બચ્ચાનું મસ્તક કાપીને લઇ આવે છે.જેને કપાયેલા ધડ ઉપર ચોટાડી દેવામાં આવે છે તે ગણપતિ..! ત્યારબાદ ભગવાન સદાશિવ આર્શિવાદ આપે છે કેઃઆજથી કોઇપણ શુભ કાર્યમાં મારા તથા અન્ય તમામ દેવો પહેલાં તમારી પૂજા કરવામાં આવશે.ત્યારથી દરેક શુભ કાર્યોની શરૂઆતમાં ગણપતિજીની પ્રથમ પૂજા કરવામાં આવે છે.

આ બધી વાતો રૂપકાત્મક છે.ખરેખર આવી કોઇ ઘટના બનેલી જ નથી,પરંતુ બુધ્ધિશાળીઓએ તેમાંથી સારગ્રહી ગૂઢતત્વનો ભેદ સમવજો જોઇએ.આ કથામાં શંકા થાય કેઃમાતા પાર્વતીજી સ્નાન

http://suratiundhiyu.wordpress.com/

કરવા બેઠાં ત્યારે તેમના શરીર ઉપર એટલો બધી મેલ જમા થયો હશે કે જેનું એક પુતળૂ થઇ જાય..? ભગવાન સદાશિવ તો સર્વજ્ઞ છે તો તેમને ખબર પડી જવી જોઇએ કે આ મારો છોકરો છે..! તેમછતાં તેમને એક અજ્ઞાનીની જેમ ક્રોધના આવેશમાં કર્તવ્ય બજાવી રહેલા છોકરાનો શિરચ્છેદ કરી નાખ્યો..? જે શિવજી હાથીના કાપેલા મસ્તકને ચોટાડી શકે તે શું ગણપતિના કપાયેલા મસ્તકને ના ચોટાડી શકે..? બિચારા નિર્દોષ પ્રાણીની હત્યા કેમ કરાવી..? અને માણસના ધડ ઉપર ક્યારેય હાથીનું મસ્તક ફીટ થાય ખરૂં..?

આ બધી ઘટનાઓ વાસ્તવમાં બનેલી ઘટનાઓ નથી પરંતુ સંતો મહાપુરૂષો આ રૂપકના દ્વારા આપણને આધ્યાત્મિક જ્ઞાન પીરસે છે કેઃ પરાત્પર નિર્ગુણ નિરાકાર બ્રહ્મને જ્યારે સૃષ્ટિ રચવાનો સંકલ્પ થયો ત્યારે સૌ પ્રથમ મહતત્વની રચના કરી.આ મૂળ પ્રકૃતિ કે જેને આપણે શક્તિ કહીએ છીએ..પુરાણો તેને જ પાર્વતી કે સતી કહે છે.આ મૂળ પ્રકૃતિમાંથી પ્રથમ જે વિકૃતિ-વિકાર થયો તે મહતત્વ(બુધ્ધિ)..તેમાંથી અહંકાર અને શબ્દ..સ્પર્શ..રૂપ..રસ અને ગંધ...આ પાંચ તન્માત્રાઓ અને તેમાંથી પાંચ મહાભૂતો (પૃથ્વી..પાણી..અગ્નિ..વાયુ અને આકાશ)..પાંચ જ્ઞાનેન્દ્રિયો (આંખ..કાન..નાક..જીભ અને ત્વચા)..પાંચ કર્મેન્દ્રિયો (હાથ..પગ..મુખ..ગુદા અને ઉપસ્થ) અને મન. આમ,પ્રકૃતિ સાથે ચોવીસ તત્વો અને પચ્ચીસમો પુરૂષ છે.આ બધામાં સૌ પ્રથમ મહતત્વ(બુધ્ધિ)નું નિર્માણ કરે છે.આ બુધ્ધિ તે પેલો છોકરો. ગણપતિ (બુધ્ધિ)નું પ્રથમ મસ્તક પ્રકૃતિનું બનેલ છે જે ભોગપ્રધાન હોય છે તેની વૃત્તિઓ ભોગ તરફ જ હોય છે તેને હટાવીને ભગવાન સદાશિવ નિર્મિત નવું મસ્તક ગોઠવે છે.ગણપતિનું મસ્તક હાથીનું જ બતાવ્યું છે કારણ કેઃ હાથી એ તમામ પ્રાણીઓમાં સૌથી બુધ્ધિશાળી પ્રાણી છે.પ્રાકૃતિક બુધ્ધિ ઇન્દ્રિયોની દાસ હોય છે..ઇન્દ્રિયો જેમ નચાવે છે તેમજ નાચતી હોય છે. યોગવશિષ્ઠ રામાયણમાં બે મન બતાવવામાં આવ્યાં છેઃ એક જે વ્યવહાર કરી રહ્યું છે તે અને બીજું મન મૂર્છાવસ્થામાં પડ્યું છે તે.. તે મનને જો જગાડી દેવામાં આવે તો તે ગણેશ થઇ જાય છે.

ગણપતિના માટે નવા મસ્તક તરીકે બીજા કોઇનું મસ્તક ન લેતાં હાથીનું જ મસ્તક શા માટે લીધું..? બુધ્ધિનું સ્વરૂપ સમજાવવા માટે હાથીના મોટા કાન..લાંબી સૂઢ..ઝીણી આંખો..મોટું પેટ..મોટું માથું..વગેરે અંગો તથા તેમનું વાહન ઉંદર દ્વારા ઋષિઓએ આપણને આધ્યાત્મિક અર્થ સમજાવે છે..

ઝીણી આંખોઃ ઝીણી આંખો સૂક્ષ્મ અવલોકન કરવાની ક્ષમતા તથા માનવીને જીવનમાં સૂક્ષ્મ દ્રષ્ટિ રાખવા પ્રેરણા આપે છે.પોતાની દ્રષ્ટિ સૂક્ષ્મ રાખી આપણને ખબર ના પડે તે રીતે આપણામાં ઘુસતા દોષોને અટકાવવા જોઇએ.

મોટું નાકઃ મોટું નાક દૂર સુધીની સુગંધ-દુર્ગંધને ઓળખી શકવાની ક્ષમતા દર્શાવે છે.તત્વવેત્તા જ્ઞાનીમાં દૂરદર્શીપણું હોવું જોઇએ.પ્રત્યેક વાતની ગંધ તેમને પ્રથમથી જ આવી જવી જોઇએ.કુકર્મના ઉકરડા ઉપર કેટલાક લોકો સત્કર્મનું મખમલ પાથરી ભભકાદાર
રોનક બનાવતા હોય છે તેમને જોઇ સામાન્ય માનવ તો અંજવાઇ જાય છે પરંતુ ગણેશ
જેવા તત્વવેત્તા મહાપુરૂષો ઓળખી જતા હોય છે.

મોટા કાનઃ મોટા કાન બહુશ્રુત..ઘણું બધુ સાંભળીને જેને જ્ઞાનનિધિ વધારી છે તેમછતાં વધુ સાંભળવા તૈયાર રહે છે તેનું સૂચક છે.તેમના કાન સૂપડા જેવા છે.સૂપડાનો ગુણ છેઃ સારને ગ્રહણ કરી લેવો અને ફોતરાને ફેંકી દેવા.વાતો બધાની સાંભળવી પણ એમાંનો સારગ્રહણ કરી બાકીની વાતો ફોતરાંની જેમ ઉડાડી દેવી..

બે દાંતઃ ગણપતિને બે દાંત છે. એક આખો અને બીજો અડધો.આખો દાંત શ્રધ્ધાનો છે અને તૂટેલો દાંત બુધ્ધિનો છે.જીવન વિકાસના માટે આત્મશ્રધ્ધા અને ઇશશ્રધ્ધા પૂર્ણ હોવી જોઇએ.બુધ્ધિ કદાચ ઓછી હશે તો ચાલશે પરંતુ પ્રભુ પરમાત્મા ઉપર પૂર્ણ વિશ્વાસ હોવો જોઇએ.પ્રભુ પરમાત્માએ માનવને બે ખુબ અમૂલ્ય ભેટ આપી છેઃ શ્રધ્ધા અને બુધ્ધિ.. આ બંન્નેનો સમન્વય હોય તો જ જીવન વિકાસ થાય છે.માનવીની બુધ્ધિ સિમિત હોવાથી આખરે તેને શ્રધ્ધાનો સહારો લેવો પડે છે. ખંડિત દાંત એ બુધ્ધિની મર્યાદાનું પ્રતિક છે અને પૂર્ણ દાંત એ અખૂટ શ્રધ્ધાનું પ્રતિક છે..

ચાર હાથઃ ગણપતિને ચાર હાથ છે.તેમાં અનુક્રમે અંકુશ..પાશ..મોદક અને આર્શિવાદ આપતો હાથ છે. અંકુશ- એ વાસના વિકારો ઉપર સંયમ જરૂરી છે તેમ બતાવે છે.પાશ- એ જરૂર પડ્યે ઇન્દ્રિયોને શિક્ષા કરવાનું સામર્થ્ય પણ તત્વવેત્તાઓમાં હોવું જોઇએ તેમ દર્શાવે છે.

મોદક - જે મોદ(આનંદ) કરાવે તે..મહાપુરૂષોનો આહાર આનંદ અને સંતોષ પ્રાપ્ત થાય તેવો સાત્વિક હોવો જોઇએ તેમ દર્શાવે છે.ચોથો આર્શિવાદ આપતો હાથ બતાવ્યો છે.એક હાથમાં મોદક રાખીને પોતાના લાડલા દિકરાઓ(ભક્તો)ને ખવડાવવા માટે બોલાવી રહ્યા છે..

વિશાળ પેટઃ બધી વાતો પચાવવાની ક્ષમતા દર્શાવે છે.સમુદ્રમાં જેમ બધું સમાઇ જાય છે તેમ મહાપુરૂષોના પેટમાં બધી વાતો સમાઇ જાય છે.ખોબા જેટલું પેટ હોય તો તે ઉલ્ટી કરી નાખે છે.કહેવા ન કહેવા જેવી બધી વાતો જ્યાં ત્યાં કહેતો ફરે તેથી તેને અનિષ્ટ પ્રાપ્ત થાય છે.બધાની સાંભળેલી વાતો પોતાના વિશાળ પેટમાં સમાવી દેવી એનું સૂચન કરે છે.તત્વવેત્તાની પાસે સૌ કોઇ આવીને પોતાનું હૃદય ઠાલવે છે..પોતાની આત્મકથા કહેતા હોય છે.હવે આ વાતો જો મહાપુરૂષો પેટમાં ના રાખે તો કદાચ પેલાની જીંદગી બરબાદ થઇ જાય અને બીજો કોઇ આ મહાપુરૂષની ઉપર વિશ્વાસ ના રાખે. તે સાગરની જેમ પોતાના પેટમાં અનંત વાતોને સમાવવાની શક્તિ ધરાવતો હોવો જોઇએ..

http://suratiundhiyu.wordpress.com/

પગઃ   તેમના પગ નાના છે.નાના પગ "ઉતાવળા સો બાવરા ધીરા સો ગંભીર"- એ કહેવતનો સાર સમજાવી રહ્યા છે.પોતાના કાર્યમાં ધીરે ધીરે આગળ વધનારનું કાર્ય સુદ્દઢ અને સફળ બનતું જાય છે- તે તત્વવેત્તાઓએ ધ્યાન રાખવું જોઇએ.નાના ટૂંકા પગ એ બુધ્ધિમત્તાનું લક્ષણ છે એટલે કે તે પોતે જ દોડ્યા કરતા નથી,પરંતુ બુધ્ધિથી બીજાને દોડાવે છે.

વાહનઃ ઉંદરઃ  તેમનું વાહન ઉંદર છે.મહાપુરૂષોનાં સાધનો નાના અને સ્વભાવ નમ્ર હોવો જોઇએ કે જેથી કરીને તે તમામના ઘરમાં પ્રવેશ પામી શકે. બીજી એક વ્યવહારીક નીતિ પણ ઉંદર પાસેથી શીખવા જેવી છે કે જ્યારે તે કરડે છે ત્યારે ફુંક મારીને કરડે છે તેથી કોઇને ખબર પણ પડતી નથી.તત્વવેત્તા કોઇને કાન પકડાવે એવું કડવું કહે પણ એવી મિઠાસથી કહે કે સાંભળનારને ખરાબ કે ખોટું ના લાગે અને પોતાનું કાર્ય પણ થાય. બીજું ઉંદર એ ચૌર્યવૃત્તિનું પ્રતિક છે..જે સારૂં હોય તે ચોરી લેવું..તેનો ઉપભોગ કરી લેવો.. આપણી ઇન્દ્રિયોનો સ્વભાવ છે કે સારી અને સુંદર ચોજોનો ભોગ કરવાની વૃત્તિ તેનામાં થઇ જાય છે.તત્વવેત્તા મહાપુરૂષો આ ઇન્દ્રિયો ઉપર અસવાર થઇને તેની આ ચૌર્યવૃત્તિને સંયમમાં રાખે છે.

વિવેકબુધ્ધિની ગતિનો આધાર તર્ક છે.તર્ક વિના બુધ્ધિનો વિકાસ શક્ય નથી.આ તર્ક જો નિરંકુશ હોય તો ઉંદરની માફક નિરર્થક કાપકૂપ કર્યા કરે છે,એટલા માટે તેના ઉપર ગણપતિનું ભારે (વિવેકાત્મક) શરીર ગોઠવ્યું છે.કાપકુપ કરનારો ઉંદર જ તર્કરૂપી બુધ્ધિનો વિકાસ કરનારો થઇ જાય છે.આ તર્ક એ જ આપણો ગુરૂ છે.કોઇપણ પરિસ્થિતિને આપણે તાર્કિક દ્દષ્ટ્રિએ મૂલવીશું તો તેનું નિરાકરણ પામી શકીશું એટલે તર્કનું પ્રતિક ઉંદર છે.તર્ક વિના શાસ્ત્રના અર્થ પણ યોગ્ય રીતે થઇ શકતા નથી,માટે બુધ્ધિ વિકાસમાં તર્કની અતિ આવશ્યકતા છે. આ તર્ક કુતર્ક ના થાય તેની સાવધાની માટે કોરો તર્ક નહી, પરંતુ ગણેશ (બુધ્ધિ)ના ભાર સાથેનો તર્ક હોવો જોઇએ..

ઉંદર એ માયાનું પ્રતિક છે.ઉંદરની માફક માયા પણ માનવને ફુંકી ફુંકીને કરડે છે.આ માયાને તત્વવેત્તાઓ જ અંકુશમાં રાખી શકે છે.

ગણપતિને દુર્વા(દાભ) ઘણી જ પ્રિય છે.લોકોને મન જેની કોઇ કિંમત નથી એવા ઘાસને પણ તેમને પોતાનું માન્યું છે અને તેની કિંમત વધારી છે.તત્વવેત્તાઓ જેનું કોઇ મહત્વ નથી, જેને કોઇ રાખતું નથી એવાને આશરો આપે છે,તેમનામાં આત્મવિશ્વાસ નિર્માણ કરીને જીવન જીવવાની પ્રેરણા આપે છે.આ દુર્વાને કોઇ રંગ કે સુગંધ નથી.મહાપુરૂષોની પાસે જે કોઇ જે પણ ભાવનાથી આવે,તેમને જે કંઇ પ્રેમથી આપે તે તેમને ગમવું જોઇએ - એવું દુર્વાનું સૂચન છે.

ગણપતિને લાલ ફુલ પ્રિય છે.લાલ રંગ ક્રાંન્તિનો સૂચક છે.તત્વવેત્તા મહાપુરૂષોને દૈવી ક્રાન્તિ પ્રિય હોય છે.

http://suratiundhiyu.wordpress.com/

ગણપતિની ઉપર આપણે ચોખા (અક્ષત) ચઢાવીએ છીએ.અક્ષત એટલે જેનામાં ઘા નથી..જે ખંડીત નથી પણ અખંડ છે.મહાપુરૂષોની પણ જીવન ધ્યેય માટે..પ્રભુ માટે અખંડ અને અનન્ય ભક્તિ હોવી જોઇએ.

ગણપતિને વક્રતુંડ કહે છે.રિધ્ધિ સિધ્ધિથી મુખ મરડીને ઉભા રહેનારને જ રિધ્ધિ સિધ્ધિ સાંપડે છે.વાંકા-ચૂંકા ચાલવાવાળાને..આડે અવડે રસ્તે જનારને જે દંડ આપે તે વક્રતુંડ..

દરેક કાર્યની સિધ્ધિ માટે ગણપતિનું સર્વપ્રથમ પૂજન કરવામાં આવે છે.તત્વવેત્તાઓ અને શ્રેષ્ઠ મહાપુરૂષો સમાજના ગણપતિઓ છે.કોઇપણ કાર્યની સિધ્ધિના માટે સર્વપ્રથમ શ્રેષ્ઠ પુરૂષોનું પૂજન કરવાથી..તેમને બોલાવવાથી..તેમનો સત્કાર કરવાથી તેમનું માર્ગદર્શન સતત મળતું રહે છે અને કાર્ય સિધ્ધ થાય છે.આધ્યાત્મિક દ્દષ્ટ્રિએ જોઇએ તો આપણી ઇન્દ્રિયોનો એક ગણ(સમુહ) છે.આ ગણનો પતિ મન છે.કોઇપણ કાર્યને સિધ્ધ કરવું હોય તો આપણો આ ગણપતિ (મન) ઠેકાણે હોવો જોઇએ,એટલે મનને કાર્યના પ્રારંભ પહેલાં મન શાંત અને સ્થિર કરવું જોઇએ,જેથી કોઇ વિઘ્નો ઉભા થાય જ નહી અને કાર્ય સરળ રીતે પાર પાડી શકાય.

ગણેશ ચતુર્થીના દિવસે જે ગણપતિને લાવીને સ્થાપના કર્યા પછી દશ દિવસ સુધી તેમનું પૂજન અર્ચન કર્યા બાદ તે ગણપતિનું અનંત ચતુદર્શીના દિવસે જળમાં કેમ વિસર્જન કરવામાં આવે છે...? જે શાંત છે તેને અનંતમાં..સાકારને નિરાકારમાં અને સગુણને નિર્ગુણમાં વિલિન કરીએ છીએ..સાકાર ભગવાન મૂર્તિમાં છે તો નિરાકાર પરમાત્મા સર્વવ્યાપક છે.જીવનમાં પણ વ્યક્તિ પૂજાથી શરૂઆત કરી તત્વપૂજામાં તે આરંભનું પર્યવસન કરીએ છીએ.અંતિમ પ્રમાણ આપણે તત્વને જ માન્યું છે.ટૂંકમાં ગણપતિનું વિસર્જન એટલે વિરાટની પૂજાનો આરંભ..બધા પરમાત્માના જ છે તેથી મારા ભાઇઓ છે..આપણું સૌનું દૈવી સગપણ છે એટલું સમજવાનું છે.

સાર્વજનિક ગણેશ ઉત્સવ એ એકતા અને સંગઠનની ભાવનાનું પ્રતિક છે.

નિજ મંદિરમાં બેઠેલા ભગવાન પોતાની પાસે આવનારને કહે છે કેઃ તારે જો મારી પ્રાપ્તિ કરવી હોય તો પ્રથમ તારી પ્રાકૃતિક બુધ્ધિનો વિચ્છેદ કરીને તેની જગ્યાએ શુધ્ધ શૈવ બુધ્ધિની સ્થાપના કર..વાસના નહી..પરંતુ આ શુધ્ધ બુધ્ધિ જ શિવ(પરમાત્મા)ને પમાડે છે તે બતાવવા શિવાલયમાં પણ ગણપતિની પ્રતિમા મુકવામાં આવે છે.

શિવ એટલે કલ્યાણ...શિવ પોતે અજન્મા..નિર્ગુણ નિરાકાર અવ્યક્ત બ્રહ્મ છે....!!!

શ્રી વિનોદભાઇ મંગળભાઇ માછી (નિરંકારી)

http://suratiundhiyu.wordpress.com/

# રાવણની વેર ભક્તિ

રામચરીત માનસમાં ભગવાન શંકર માતા પાર્વતીજીને કહે છે કેઃહે ઉમા ! ભગવાન શ્રી રામચંદ્દજીનું ચિત્ત મૃદુલ છે તે ખૂબ જ કરૂણાશીલ છે.નર માંસ ખાનાર દાનવોને પણ તે ગતિ પ્રદાન કરે છે.. જેની યાચના યોગીઓ કરે છે તથા જે નિશિચર વેરભાવથી સ્મરણ કરે છે તેમને પણ પરમપદ પ્રદાન કરે છે.જે આવા પ્રભુને ભ્રમરહીત બની ભજતા નથી તે મંદમતિ અત્યંત અભાગી છે. ભગવાન શંકરના આ ઉપદેશ અનુસાર રાક્ષસ રાજ રાવણે પણ પોતાની સ્થિતિને અનુકૂળ ભગવાન શ્રી રામ સાથે વેરભાવના દ્વારા પરમ પદ પ્રાપ્ત કરવાનો દ્દઢ સંકલ્પ કર્યો હતો. રામચરીત માનસમાં ભગવાનશ્રી રામને જન્મ લેવાનાં પાંચ કારણો બતાવ્યાં છે, તેમાં પહેલું કારણ ભગવાન વિષ્ણુના દ્વારપાળો જય અને વિજ્યને મળેલો શ્રાપ છે.આ બંન્ને દ્વારપાળો ચોકી કરતા હતા.એકવાર સનતકુમારો ભગવાનનાં દર્શન કરવા માટે આવે છે.મહાત્માઓને એમ કે અમારે કોની રજા લેવાની ? તેથી તેઓ સીધે સીધા અંદર જવા લાગ્યા.તે સમયે આ દ્વારપાળોએ તેમને અટકાવ્યા કે ભગવાન અત્યારે શયન કરે છે તેથી આપ અંદર નહી જઇ શકો ! તેથી ગુસ્સામાં આવી મહાત્માઓએ શ્રાપ આપ્યો કેઃ "તમે અમોને ભગવાનનાં દર્શન કરતા અટકાવો છો માટે બંન્ને જણ ભયંકર રાક્ષસ બની જાઓ.” આ કોલાહલથી ભગવાન જાગી જાય છે.ભગવાને મહાત્માઓને સમજાવ્યા કેઃ "દ્વારપાળોએ તમોને અટકાવ્યા એ તેમની ભૂલ છે,પરંતુ આપે તેમને શ્રાપ આપ્યો તે બરાબર નથી કર્યું.ગમે તેમ પણ એ દ્વારપાળો છે તેથી આપ શ્રાપમાં કાંઇક ફેરફાર કરો.” મહાત્માઓ કહે છે કેઃ "શ્રાપ મળ્યો છે એટલે તેમને રાક્ષસ તો થવું જ પડશે પણ...એક ફેરફાર કરીએ છીએ કેઃ રાક્ષસ બન્યા પછી તમારી સાથે ભક્તિભાવ રાખશે તો તેમને સાત જન્મ પછી મુક્તિ મળશે અને જો તમારી સાથે વેર બાંધશે તો તમારા હાથે મરી ત્રણ જન્મે મુક્તિ પામશે.” આ દ્વારપાળોએ નિશ્ચય કર્યો કેઃ ભગવાનનું ભજન કરીએ તો સાત જન્મે મુક્તિ મળે એના કરતાં ભગવાન સાથે વેર બાંધી ત્રણ જન્મે મુક્તિ મળે તેવું કરીએ.. આ બંન્ને દ્વારપાળો સતયુગમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપ બન્યા..તેમને મારવા(તારવા) પરમાત્માએ બે અવતાર લેવા પડ્યાઃ વરાહ અને નૃસિંહ !! ત્રેતાયુગમાં તે રાવણ અને કુંભકર્ણ બને છે..તેમને મારવા પરમાત્માએ "રામ” અવતાર લેવો પડ્યો. દ્વાપરયુગમાં તે દંતવક્ર અને શિશુપાળ

http://suratiundriyu.wordpress.com/

બન્યા, એમને મારવા (ઉદ્ધાર કરવા) માટે ભગવાને કૃષ્ણાવતાર લેવો પડ્યો હતો."  રામાયણમાં અનેક એવા પ્રસંગો આવે છે જેમાં ભગવાન શ્રી રામને ભગવાનનો અવતાર બતાવીને વારંવાર રાવણને ભગવાનની શરણાગતિ સ્વીકારવા કહેવામાં આવ્યું છે, જેનાથી રાવણનો સંકલ્પ હટવાના બદલે વધુ વધતો ગયેલો જણાય છે, તેનું દિગ્દર્શન અહી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે..
નાક..કાન વિનાની સૂપર્ણખા રાવણની પાસે ફરીયાદ કરવા જાય છે ત્યારે તે શ્રી રામચંદ્દજીનો પરીચય આપતાં કહે છે કેઃ
હે રાવણ ! રાત દિવસ તૂં મદિરાથી મસ્ત થઇને રહે છે..તારે માથે શત્રુ જાગ્યો છે તેની તને ખબર નથી.નીતિ વગરનું રાજ ટકતું નથી..ધર્મ વગરનું ધન ટકતું નથી..ઇશ્વરને અર્પણ ન કરે તો માનવીનાં સત્કાર્ય ટકતાં નથી..વિવેક ના આવે તો વિદ્યા ટકતી નથી..ખરાબ સંગ કરે તો સંન્યાસીઓનો સંન્યાસ ટકતો નથી અને અહંકાર કરે તો માનવીનું જ્ઞાન ટકતું નથી..શરાબ પીવે તો માનવીની ખાનદાની ટકતી નથી..ખરાબ મત લે તો રાજવીનું રાજ્ય ટકતું નથી.
રાવણ ! સાવધાન થઇ જા..! આ જગતમાં તૂં બધાને નાના ગણે છે, પરંતુ શત્રુ..રોગ..અગ્નિ.. પાપ.. રાજા..પ્રભુ અને સાપ..તેમને ક્યારેય નાના ન ગણવા જોઇએ.અયોધ્યાના રાજા દશરથના બે પૂત્રો કે જેઓ પુરૂષોમાં સિંહ તુલ્ય છે તેઓ વનમાં શિકાર ખેલવા આવ્યા છે.તેમનું કર્તવ્ય મારા જાણવામાં આવ્યું છે કેઃ તેઓ પૃથ્વીને રાક્ષસો વગરની કરવાના છે. હે રાવણ !  ઋષિ મુનિઓ તેમની ભૂજાઓના બળનો આશ્રય પામીને વનમાં નિર્ભય રીતે ફરવા લાગ્યા છે.તેઓ જોવામાં તો બાળક જેવા લાગે છે પણ કાળ સમાન છે..પરમ ધીર છે...પરમ ધીર છે...મોટા ધર્નુધારી અને અનેક ગુણવાળા છે.આ બે ભાઇ અતુલિત બળ અને પ્રતાપવાળા..ખલોનો વધ કરવામાં લાગેલા અને મુનિઓને સુખ દેનારા છે.
શૂપર્ણખાની આવી ઉપરોક્ત વાતોથી રામાયણમાં વર્ણવેલ અવતારનો હેતુ સ્પષ્ટ થાય છે. " જબ જબ હોઇ ધરમકી હાની, બાઢહિં અસુર અધમ અભિમાની, કરહિં અનીતિ જાઇ નહી બરની, સીદહિં વિપ્ર ધેનુ સુર ધરની, તબ તબ પ્રભુ ધરી વિવિધ શરીરા, હરહિં કૃપાનિધિ સજ્જન પીરા...!" (બાલકાંડઃ૧૨૦/ઘ/૨) રાવણ આખી વાત સમજી ગયો.સંન્ધ્યા સમયે પોતાના રાજભવનમાં સૂતો હતો,પરંતુ ઉંઘ આવતી નથી.તે વિચાર કરે છે કેઃ " સુર..નર..અસુર..નાગ અને પક્ષીઓ..વગેરે કોઇ મારા અનુચરો સમાન પણ બળવાન નથી.ખર અને દૂષણ તો મારા સમાન બળવાન હતા.તેમને ભગવાન સિવાય બીજો કોઇપણ મારી શકે નહી.જો પ્રભુએ દેવતાઓને રાજી કરવા અને પૃથ્વીનો ભાર ઉતારવા માટે અવતાર ધારણ કર્યો હોય તો હું જઇને તેમની સાથે વેર તથા હઠ કરૂં અને પ્રભુના બાણથી પ્રાણ ત્યજીને સંસારથી તરી જાઉં.આ તામસી રાક્ષસી શરીરથી ભજન થઇ શકવાનું

http://suratiundhiyu.wordpress.com/

નથી,માટે પ્રભુ સામે મન.. વચન..કર્મથી વેર કરીને તેમના હાથથી મરણ પામીને તરી જાઉં." એ જ મારો દ્દઢ નિશ્ચય છે.

આનાથી સ્પષ્ટ થાય છે કેઃ રાવણ અવતારવાદને માનતા હતા,પરંતુ તે સંશયવાદી હતો, એટલે તેનો વિચાર એ પણ હતો કેઃ...એ રામ જો સામાન્ય માનવ..રાજકુમાર જ હશે તો તેને તથા તેના ભાઇને રણમાં જીતીને તેમની સાથેની સ્ત્રીનું હરણ કરીશ." રાવણ મહા વિદ્વાન અને નીતિમાન હોવાના કારણે પોતાના કલ્યાણની પ્રાપ્તિના માટે જે દ્દઢ સંકલ્પ કર્યો હતો..તેનાથી વિચલિત થયો નહી. જો કે તેને વિચલિત કરવાના અનેક પ્રસંગો ઉપસ્થિત થયા હતા...તેની ઉપર નજર નાખીએ !!

પ્રભુના બાણથી મરીને સંસારથી તરી જવાનો વિચાર કરી રાવણ મારીચ પાસે જાય છે અને પોતાનો તમામ વૃત્તાંત સંભળાવે છે કેઃ "તૂં માયાવી છળ કરનારો મૃગ થા કે જે ગોઠવણથી હું એ રાજાની સ્ત્રીને હરી લાવું." તેના જવાબમાં રાવણને મારીચે અનેક રીતે સમજાવ્યો કેઃ હે રાવણ ! સાંભળ..! એ રામ મનુષ્ય નથી, પરંતુ મનુષ્યના રૂપમાં પરમેશ્વર અવતરેલા છે.વેર અને પ્રેમ સમાનની સાથે હોય અસમાન સાથે ના હોય. આમ કરવાથી સફળતા ના મળે.રામ કાળનાય કાળ છે.મંદોદરીનો ચૂડલો અમર રાખવો હોય તો અહીંથી પાછો જતો રહે.બાલ્યાવસ્થામાં રામ વિશ્વામિત્રના યજ્ઞના રક્ષણ કરવા માટે આવ્યા હતા. તે સમયે તેમને મને ફણા વગરનું બાણ માર્યું હતું, જેનાથી એક પળમાં સો યોજન દૂર આવી પડ્યો હતો. તેમની સાથે વેર બાંધવાથી પરીણામ સારૂં નહી આવે.જેમ ભમરીએ પકડીને છોડી દીધેલ કીડો જ્યાં ત્યાં ભમરીને જ જુવે છે, તેમ રામે પરાસ્ત કરીને છોડી દીધેલ હું જ્યાં રામ-લક્ષ્મણને જોઉં છું. ભયના સંસ્કારના કારણે મારી બુદ્ધિ ભમરીએ પકડીને છોડી દીધેલ કીડા જેવી થઇ ગઇ છે.તેમને તાડકા..સુબાહું..ખર..દૂષણ તથા ત્રિશિરાનો વધ કરેલ છે તે રામ સામાન્ય મનુષ્ય નથી..! આવાં યુક્તિપૂર્વકનાં વાક્યો દ્વારા મારીચે રાવણને સમજાવવા છતાં તેને મારીચની તમામ વાતોને ઉડાવી દેતાં કહ્યું કેઃ હે મૂઢ મારીચ ! તૂં ગુરૂની જેમ મને બોધ આપવા બેઠો છે ? તૂં એ બતાવ કેઃ આ તમામ જગતમાં મારા જેવો કયો યોદ્ધો છે ! મારા આદેશનું પાલન નહી કરે તો હમણાં જ તારો શિરચ્છેદ કરીશ.મારીચ સમજી ગયો કેઃ નહી જાઉં તો રાવણ મારી નાખશે અને જઇશ તો રામ મારશે અને તુલસીદાસજીએ લખી દીધું કેઃ સમજદાર માણસે નવ જણાની સાથે વિરોધ ના કરવો. શસ્ત્રીઃ શસ્ત્ર વાપરવામાં પારંગત હોય.. મર્મીઃ આપણા અંદરના ભેદને જે જાણતો હોય.. પ્રભુઃ ઇશ્વરની સાથે વિરોધ ના કરવો.. શઠઃ શઠની સાથે વિરોધ ના કરાય..જેનામાં લુચ્ચાઇ ભરી હોય..મુર્ખામી ભરી હોય... ધનવાનઃ ધનવાનની સાથે પણ વિરોધ ના કરવો..આજે રૂપિયાથી બધું ખરીદાય છે,માનવીનું ઇમાન

http://suratiundhiyu.wordpress.com/

પણ ખરીદાય છે..વિજય સત્યનો જ થાય છે પણ રૂપિયામાં બધા ગુણો આવી જાય છે. બંદીજનઃ કવિ..ભાટ..ચારણ... વૈદ્યઃ ડૉકટરની સાથે  વિરોધ ના કરાય.. ભાનસઃ રસોઇઓ..તેની સાથે પણ વિરોધ ના કરવો.. ગુણવાનઃ જેનામાં ધીરતા..ગંભીરતા અને સદગુણો હોય એવા સજ્જનોની સાથે વિરોધ ના કરવો..

ઉપરોક્ત નવની સાથે વિરોધ કરવાથી ફાયદો થતો નથી.ઉપરોક્ત વાતો ઉપરથી સ્પષ્ટ થાય છે કેઃ રાવણે પોતાના કલ્યાણના માટે જે દ્રઢ સંકલ્પ કર્યો હતો તેનાથી સહેજપણ હટવા ઇચ્છતો ન હતો, તેથી તો મારીચના ઉપદેશની તેને અવહેલના કરી હતી..  કેટલાક લોકોનો મત છે કેઃ રાવણે વિચાર કર્યો હતો કેઃ જો ભગવાને નરરૂપમાં અવતાર લીધો હશે તો યુદ્ધના મેદાનમાં તેમના હાથે મરી ભવસાગર તરી જઇશ અને જો અવતાર નહી હોય તો રણમેદાનમાં તેમને જીતી તેમની સ્ત્રીને ઉપાડી લાવીશ અને આ વિચારની પરીક્ષા કરવા માટે રાવણે મારીચને કપટમૃગ બનવાની વિનંતી કરી હતી.આમાં રાવણનું તાત્પર્ય એ હતું કેઃ જો અંતર્યામી ભગવાન નરરૂપમાં હશે તો માયાને ઓળખી લેશે અને જો માયામૃગને ન જાણી શકે તો હું સમજી લઇશ કે તે મનુષ્ય છે.આમ જ્યારે મારીચને રાવણ કપટમૃગ બનાવીને મોકલ્યો તો તેને મારવા શ્રી રામ પાછળ દોડ્યા તો રાવણે નક્કી કર્યું કેઃ આ અંતર્યામી ભગવાન નહી પરંતુ સાધારણ મનુષ્ય જ માનવા લાગ્યો અને તેના લીધે જ રાવણ ઉપર કોઇના ઉપદેશની અસર ના થઇ. પરંતુ... આ મત યોગ્ય નથી, કારણ કેઃ આ મતનું ખંડન મારીચ વધના પ્રસંગમાં થઇ જાય છે,જ્યારે શ્રી રામચંદ્રજી માયામૃગની પાછળ દૂર સુધી ચાલ્યા જાય છે તેમની પાછળ થોડા સમય પછી લક્ષ્મણ પણ શ્રી રામની શોધમાં નીકળી જાય છે ત્યારે પર્ણકુટીમાં સીતાજીને એકલા જોઇને યતિ (સાધુ)ના વેશમાં આવીને નીતિ પ્રિતિ તથા ભય બતાવીને અનેક પ્રકારની વાતો સીતાજીને કહેવા લાગ્યો.(માણસની આંખ અને વાણી સંતત્વ છે કે ધોખેબાજ છે તેની ખબર આપી દે છે) જેને સાંભળી !! કહ સીતા સુન જતિ ગોસાઇ, બોલેહું વચન દુષ્ટ કી નાઇ !!

ત્યારે રાવણે પોતાનું ભયંકર રૂપ બતાવ્યું ત્યારે સીતાજીએ કહ્યું કેઃ અરે ખલ ! તૂં ઉભો રહેજે..! રામચંદ્રજી હમણાં આવી પહોચશે. હે રાક્ષસોના રાજા ! જેમ સસલો સિંહની સ્ત્રીની ઇચ્છા કરે તેમ તૂં મારી ઇચ્છા કરે છે, માટે તું સસલાની જેમ કાળને જ વશ થયો છે એમ લાગે છે.આવાં વચનો સાંભળીને રાવણે ઉપરથી ક્રોધ દેખાડ્યો પરંતુ... રાવણ મનથી સીતાજીના ચરણોમાં પ્રણામ કરીને સુખનો અનુભવ કરવા લાગ્યો..

રાવણના આવા ભાવથી સમગ્ર ભેદ ખુલી જાય છે,તે પોતાના દ્રઢ સંકલ્પ અનુસાર વેરભાવને સાચવી રાખવા માટે બહારથી ક્રોધિત થાય છે તથા પોતાના આંતરીક નિશ્ચયના દ્વારા શ્રી સીતાજીને જગતજગની સમજીને તેમની ચરણવંદના કરે છે તથા ભગવાનની આ આહ્લાદિની પરાશક્તિનો

http://suratiundhiyu.wordpress.com/

આશ્રયથી આજે મારા કલ્યાણનો માર્ગ ખુલ્લો થયો છે તેમ સમજી આનંદિત થાય છે.
અશોકવાટીકામાંથી જ્યારે મેઘનાદ શ્રી હનુમાનજીને નાગપાશમાં બાંધીને રાવણની સભામાં લઇ જાય છે તો શ્રી હનુમાનજી રાવણને સમજાવતાં કહે છે કેઃ.... " હે રાવણ ! માયા જેની આજ્ઞાથી તમામ બ્રહ્માંડોનું સર્જન કરે છે એ પરાત્પર બ્રહ્મ ભગવાન શ્રી રામનો હું દૂત છું.મારી મા-નું તૂં અપહરણ કરી લાવ્યો છે એટલે હું તને હિતના બે શબ્દો કહેવા માટે આવ્યો છું. હે રાવણ ! જે બુદ્ધિ અને સંપત્તિના મૂળમાં બ્રહ્મભાવ નહી હોય તો અમુક સમય સુધી જ રહેશે પછી થપાટ મારીને જતાં રહેશે.ગમે તેટલાં આભૂષણો પહેરે પણ સ્ત્રી વસ્ત્ર ના પહેરે તો આ આભૂષણ નકામાં..પાણી વિનાની નદી નકામી..ચંદ્ર વિનાની રાત નકામી..સૂર્ય વિનાનો દિવસ નકામો..લાગણી વિનાનો મિત્ર નકામો..સ્નેહ વિનાનો સગો નકામો..અને જેની વાણી ભગવાનનું નામ બોલતી નથી એ વાણી શોભતી નથી. હે રાવણ ! હાથ જોડીને અરજ કરૂં છું માટે અભિમાન છોડી દઇને મારી શિખામણ સાંભળો.તમે પોતાના કુળનો વિચાર કરો. ભ્રમને છોડી દઇને ભક્તોના ભયને દૂર કરનાર શ્રી રામચંદ્રજીનું ભજન કરો..સુર-અસુર, ચર-અચરને જે ખાઇ જાય છે તે કાળ પણ જેમનાથી ખુબ ડરે છે એવાની સામે વેર ક્યારેય ના બાંધવું માટે જાનકીજીને સોંપી દો. રામચંદ્રજીના ચરણકમળોને હ્રદયમાં ધરો..લંકાનું અવિચળ રાજ કરો.તમે રામથી વિમુખ રહીને જે કાંઇ સંપત્તિ અને પ્રભુતાઇ મેળવી છે તથા મેળવશો તે તમામ જતી રહેશે. હે દશાનન ! હું પ્રતિજ્ઞા પૂર્વક કહું છું કેઃ જે પુરૂષ રામથી વિમુખ હોય તેનો કોઇપણ રક્ષક થતો નથી.તમારૂં રામની સાથે વેર થશે તો હજાર શંકર..વિષ્ણુ તથા બ્રહ્મા પણ તમોને બચાવી શકશે નહી.અભિમાન કે જે મોહરૂપી મૂળવાળું તથા ખુબ પીડા આપનારૂં છે તેને છોડી દો અને કૃપાના સાગર..મોટા ઐશ્વર્યરૂપ રઘુનાયક શ્રી રામચંદ્રજીનું ભજન કરો.."
શ્રી હનુમાનજીના યુક્તિપૂર્વક ઉપદેશોને સાંભળીને રાવણે તેના ઉપર કોઇપણ જાતનો વિચાર કર્યા વિના બિલ્કુલ કોરો જવાબ આપ્યો કેઃ મિલા હમહિં કપિ ગુરૂ બડ જ્ઞાની,
મૃત્યુ નિકટ આઇ ખલ તોહિ,
લાગેસિ અધમ શિખાવન મોહિ !
જુઓ તો ખરા ! આજે મને આ વાનર મોટો જ્ઞાની ગુરૂ મળ્યો છે..અરે મૂર્ખ વાનર ! તારૂં મૃત્યુ સમીપમાં આવ્યું લાગે છે તેથી જ તૂં નીચ હોવા છતાં મને શિખામણ આપવા લાગ્યો છે..! તારી બુદ્ધિમાં ભ્રમ થયો છે. ઉપરોક્ત જવાબથી એ સ્પષ્ટ ખબર પડે છે કેઃ રાવણે જે પોતાનો નિશ્ચય સંકલ્પ કર્યો હતો તેનાથી વિપરીત તે એક પણ શબ્દ સાંભળવા ઇચ્છતો ન હતો. વિભિષણ-રાવણના સંવાદમાં વિભિષણ રાવણને સમજાવતાં કહે છે કેઃ મોટાભાઇ ! સુમતિ અને કુમતિ બધાના હૈયામાં હોય છે, જ્યાં સુમતિ હશે ત્યાં શાંતિ..સંપત્તિ રહેશે અને જ્યાં કુમતિ હશે ત્યાં વિપત્તિ..મુશ્કેલીઓ

http://suratiundhiyu.wordpress.com/

આવશે. હે સ્વામી ! જો આપ કલ્યાણ..સુયશ..સુમતિ.. શુભગતિ અને અનેક પ્રકારનાં સુખ ઇચ્છતા હો તો પરસ્ત્રીના મુખના દર્શનને ચોથના ચંદ્રના દર્શનની પેઠે છોડી દો.જે ચૌદ બ્રહ્માંડનો એકમાત્ર સ્વામી હોય તે પણ જો પ્રાણીઓનો દ્રોહ કરવા લાગે તો લાંબાકાળ સુધી ટકે નહી.જે પુરૂષ ગુણોના સમુદ્રરૂપ અને ચતુર હોય તે પણ જો જરાપણ ખરાબ વિષયમાં લોભ રાખે તો કોઇ તેને સારો કહેતા નથી. હે નાથ ! કામ..ક્રોધ..મદ..લોભ..આ બધાં નરકના માર્ગરૂપ છે માટે એ સર્વેને છોડી દઇને રઘુનાથજીના ચરણોનું ભજન કરો.શ્રી રામ કંઇ મનુષ્યના જ રાજા નથી, પરંતુ તમામ બ્રહ્માંડોના ઇશ્વર છે..કાળના પણ કાળરૂપ છે..પરબ્રહ્મ પરમાત્મા છે..નિર્દોષ..અજન્મા તેમજ સર્વ ઐશ્વર્યવાળા..અજીત..અનાદિ અને અનંત છે. ત્યાર પછી જ્યારે માલ્યવાને પણ આ યુક્તિપૂર્વકના વાક્યોને અનુમોદન આપતાં કહ્યું કેઃ " હે તાત ! હે મહારાજ રાવણ ! આપનો નાનો ભાઇ વિભિષણ નીતિના શણગાર જેવો છે માટે તે જે વાતો કરે છે તે વાતોને હ્રદયમાં ધારણ કરો..."
વિભિષણ તથા માલ્યવાનનું આવું બોલવું સાંભળી રાવણ બોલ્યો કેઃ હે રાક્ષસો ! આ બંન્ને લુચ્ચા છે અને શત્રુની મોટાઇ કરી રહ્યા છે માટે તમો શા માટે તેમને અહીથી દૂર નથી કરતા ? અહી ધ્યાન આપવા જેવી બાબત એ છે કેઃ રાવણ એવો ના સમજ ન હતો કે વિભિષણના વેદશાસ્ત્ર.. પુરાન સંમત વચનોને સમજીને તેના ઉપર વિચાર કરવામાં અસમર્થ હોય ! પરંતુ મૂળ વાત એ હતી કેઃ તે પોતાના સંકલ્પ દ્દઢ રહેવાના કારણે તે સત ઉપદેશ આપનારનો પણ નિરાદર કરતો રહ્યો.જ્યારે વિભિષણને પોતાની યુક્તિ અને નીતિને સફળ થતી ના જોઇ તો પ્રીતિ અને મમત્વરૂપી અસ્ત્રનો પ્રયોગ કર્યો, કારણ કેઃ યુક્તિ અને પ્રમાણો કરતાં પ્રીતિ અને મમત્વરૂપી વચનોનો વધુ પ્રભાવ પડે છે, પરંતુ રાવણ પોતાના દ્દઢ સંકલ્પથી વિચલીત થનાર ન હતો.એટલે જ જ્યારે વિભિષણે એમ કહ્યું કેઃ હે તાત ! મારી વિનંતી માનો..મારા ઉપરનો આપનો પ્રેમ સદાય રાખો અને રામને સીતાજી પાછા સોંપી દો, આમ કરવાથી તમારૂ હીત જ થશે. રાવણે વિચાર્યું કેઃ વિભિષણ મારા કલ્યાણના માર્ગમાં બાધક છે એને દૂર હટાવવો જ શ્રેયકર છે તેમ માનીને કહ્યું કેઃ હે શઠ ! તૂં મારા નગરમાં રહીને જ તપસ્વીઓની સાથે પ્રીતિ કરે છે ? માટે જતો રહે અને તેમને મળીને આ તારી નીતિની વાતો સંભળાવજે..! જા એમ કહીને રાવણે વિભિષણને લાત મારી, કારણ કેઃ વિભિષણના નજીક રહેવાથી શક્ય છે કેઃ તેમનાં પ્રીતિ અને મમત્વપૂર્ણ વચનોથી પ્રભાવિત થઇને તે પોતાના કલ્યાણમાર્ગથી દૂર ન થાય. આમ,વિભિષણ સંવાદથી રાવણનો પોતાના કલ્યાણના માર્ગનો સંકલ્પ દ્દઢ થતો જોવા મળે છે. વિભિષણના પ્રભુ શ્રી રામના શરણમાં ગયા પછી રાવણે પોતાનો દૂત શુકને શ્રી રામજીની સેનાને જોવા માટે મોકલે છે, તે દૂત લક્ષ્મણજીનો પત્ર લઇને રાવણની સભામાં આવે છે તથા રાવણને શ્રી રામના શરણમાં જવા માટે અનેક રીતે સમજાવે છે.અહી રાવણ અને ગુપ્તચર દૂતના વચ્ચે જે વાર્તાલાપ થયો હતો તે ખુબ જ મહત્વનો છે.રાવણ પૂછે છે કેઃ "રામ-લક્ષ્મણ બે

http://suratiundhiyu.wordpress.com/

તપસ્વીઓની વાત કરો કેઃ જેઓના હ્રદયમાં મારો ભારે ત્રાસ વ્યાપી રહ્યો છે.તારી તેમની સાથે ભેટ થઇ હતી ? તેઓ મારા પરાક્રમને સાંભળીને પાછા ફરી ગયા ? તું શત્રુના સૈન્યના તેજની અને બળની વાતો કેમ કહેતો નથી ?" અહીયાં સજ્જનવૃંદ વિચાર કરી શકે છે કેઃ રાવણની આ વાતો દૂતોને ઠગવાવાળી નથી ? કારણ કેઃ રાવણે રામને ક્યારે ત્રાસ આપ્યો હતો ? ફરીથી જ્યારે દૂત ભગવાન શ્રી રામના ઉત્કર્ષની વાતો કરતાં કહે છે કેઃ શ્રી રામ સો સમુદ્રને પોતાના બાણથી સુકવી શકે તો પણ પોતે નીતિમાં ચતુર હોવાથી તમારા ભાઇને સમુદ્ર તરવાનો ઉપાય પૂછ્યો..એવા રામ તમારા ભાઇના કહેવાથી સમુદ્ર પાસે માર્ગની માંગણી કરે છે કેમકે એમના મનમાં સમુદ્ર ઉપર દયા છે. શુકનાં વચનો સાંભળી રાવણ હીંસી કરીને બોલ્યો કેઃ જેની બુદ્ધિ કંગાળ છે અને જેને વાનરોની સહાય છે તેનાથી કશું જ થવાનું નથી. અહી રાવણની ચતુરપૂર્વક દૂતોને ગેરમાર્ગે દોરવાની ચેષ્ટા જણાય છે.

અંગદ-રાવણના સંવાદમાં અંગદ રાવણ સાથે વાદ કરતાં શરૂઆતથી જ પ્રભુના અદભુત ઐશ્વર્યના વખાણ કરતાં ઉપદેશ આપવા લાગે છે,પરંતુ તેની અવગણના કરતાં અંગદના વ્યક્તિત્વ ઉપર આક્ષેપ કરતાં તેનો ઉપહાસ કરતાં કહે છે કેઃ અરે નીચ વાનર ! તારૂં અને તારા બાપનું નામ તો બતાવ ? કયા સબંધના લીધે હું તારી મિત્રતા માનું ? પરંતુ રાવણને અંગદે યુક્તિપૂર્વક જવાબ આપતાં તેન નિરૂત્તર કરી દીધો તથા "સુનુ રાવણ પરિહરિ ચતુરાઇ, ભજસિ ન કૃપાસિંધુ રઘુરાઇ..." વગેરે વાક્યો દ્વારા રાવણને ઉપદેશ આપવા લાગ્યા,પરંતુ રાવણે જોયું કેઃ અંગદ પોતાની ચતુરાઇથી તેના કલ્યાણ માર્ગમાં બાધક થાય તેમ છે તેથી અંગદને ફિટકાર આપતાં કહે છે કેઃ અરે મુરખ ! વાંદરાઓની સેના એકઠી કરી સમુદ્રને બાંધ્યો એટલી જ રામમાં પ્રભુતા છે. હે મુરખ કપિ ! સાંભળી લે.. અનેક પક્ષીઓ પણ સમુદ્રને ઉલ્લંઘે છે પણ તેથી તે શૂર હોતાં નથી. તું વારંવાર જેના ગુણોનું વર્ણન કરે છે તે તારો સ્વામી જો યુદ્ધવીર હોય તો તેને વિષ્ટિ શા માટે મોકલી છે ? અને તેને શત્રુની સાથે પ્રીતિ કરવામાં લાજ કેમ આવતી નથી ? (લંકાકાંડઃ૬/૨૭/૨) ઉપરોક્ત ઉત્તેજનાપૂર્વકના શબ્દોથી એ સ્પષ્ટ થાય છે કેઃ રાવણ સંધિ કરવા ઇચ્છતો ન હતો, તેમછતાં અંગદ તેને સમજાવીને રસ્તા ઉપર લાવવાની ચેષ્ટા કરતાં કહે છે કેઃ હે ખલ ! હવે વધારે નાહકની ચઢાઉતરી રહેવા દે અને માન છોડી દઇને મારૂં કહેવું સાંભળ...હે રાવણ ! હું વિષ્ટિ કરવા નથી આવ્યો,પરંતુ શ્રી રામજીએ બીજા વિચારથી જ મોકલ્યો છે.કૃપાળુ રામજી તો વારંવાર એમ કહેતા હતા કેઃ શિયાળને મારવાથી સિંહને કિર્તી મળતી નથી.." આમ, અંગદને આગળ વધતો જોઇ પોતાના ઉદ્દેશ્યની સફળતામાં પ્રબળ વિઘ્નરૂપ સમજીને રાવણે ખુલ્લા શબ્દોમાં પ્રભુની નિંદા કરી. આ નિંદાથી રાક્ષસરાજનો અભિપ્રાય અંગદના દ્વારા શ્રી રામને યુદ્ધના માટે ઉત્તેજીત કરવાનો હતો, કારણ કેઃ રાવણને ખબર હતી કે યુદ્ધના દ્વારા જ તેને કલ્યાણપદની પ્રાપ્તિ થવાની હતી.આ પ્રસંગમાં

http://suratiundhiyu.wordpress.com/

રાવણના તમામ જવાબોને જોતાં તેની સંકલ્પ દ્રઢતા સ્પષ્ટ થાય છે.      મંદોદરી-રાવણ સંવાદમાં જ્યારે પ્રથમવાર મંદોદરી રાવણને સમજાવતાં કહે છે કેઃ "હે નાથ ! ભગવાનની સામે શત્રુતા ના બાંધો અને મારાં વચન હ્રદયમાં હિતરૂપ ગણીને ધારણ કરો.રામના દૂતના સમાચાર સાંભળતાં જ રાક્ષસોની સ્ત્રીઓના ગર્ભ સ્ત્રવી જાય છે. " હે નાથ ! સીતાને પાછી આપ્યા સિવાય સદાશિવ તથા બ્રહ્મા પણ તમારૂં કલ્યાણ કરવા ધારશે તો તે પણ બની શકશે નહી."

ત્યારે રાવણ આ યુક્તિ અને પ્રમાણ સંગત વાતોને અનસૂની કરી હસતાં હસતાં કહે છે કેઃ સ્ત્રીઓનો સ્વભાવ મૂળે જ બિકણ હોય છે..એ વાત સાચી છે અને તેથી જ સ્ત્રીઓને પોતાના બિકણપણાના લીધે મંગળમાં પણ અમંગળ જ વર્તાય છે.જો વાનરોનું સૈન્ય અહી આવશે તો બિચારા રાક્ષસો તે વાનરોને ખાઇ ખાઇને જીવતા રહેશે.જેના ત્રાસથી લોકપાલ..દેવતાઓ પણ કાંપે છે એની પત્ની બીજા લોકોથી ભય પામે ! એ મોટી હસવા જેવી વાત છે !

અહી વાંચકો...વિચાર કરો કેઃ હનુમાનજી જેવા વાનરને ખાવાની કયા રાક્ષસે હિંમત કરી હતી ? આખી લંકા બળી ગઇ..ચારે બાજું હા..હા..કાર મચી ગયો.તમામ નિશિચર ત્રાહિ મામ્ કરવા લાગ્યા. વાસ્તવમાં મંદોદરીના ઉપદેશને ટાળી દઇને રાવણ પોતાના સંકલ્પ (પરમ પદ) ઉપર દ્રઢ રહેવાનું એકમાત્ર લક્ષ્ય હતું.

શ્રી રામજીના સેના સહીત સમુદ્ર પાર કર્યા પછી બીજીવાર મંદોદરી રાવણને ફરીથી સમજાવતાં કહે છે કેઃ  "હે નાથ ! વેર તો તેની સાથે બાંધવું જોઇએ જેને બુદ્ધિ કે બળથી જીતી શકીએ તેમ હોય.સૂર્ય અને આગિયા વચ્ચે કેટલો તફાવત છે તેટલો જ તફાવત તમારામાં અને શ્રી રામજીમાં છે.જેને મહા બળવાન મધુ અને કૈટભ નામના બે દૈત્યોને સંહાર્યા છે જેને બલિરાજાને બાંધ્યો હતો અને જેને એક હજાર હાથવાળા સહસ્ત્રાર્જુન રાજાને માર્યો હતો તે જ પ્રભુ પૃથ્વીનો ભાર ઉતારવા રામરૂપે અવતર્યા છે.. હે નાથ ! જગતને ખાઇ જનારો કાળ..જગતને બાંધનારાં કર્મ અને બાંધવામાં રજ્જુરૂપ થતા ગુણ પણ જેના હાથમાં છે તેનો વિરોધ ન કરવો જોઇએ." (લંકાકાંડઃ૬/૫/૩) અહીયાં ધ્યાન આપવા જેવી વાત એ છે કેઃ રાવણ-મંદોદરી સંવાદમાં મંદોદરીએ શ્રી રામને સાક્ષાત ભગવાન સૂચિત કરવામાં કોઇ કસર મુકી નથી,તેમ છતાં તેના ઉપર વિચાર ના કરતાં મંદોદરીને વાતોમાં બહેકાવી દઇને રાવણ કહે છે કેઃ હે વ્હાલી ! સાંભળ..! તૂં તમામ ખોટી ધાસ્તીઓ રાખીને ડરી રહી છે.આ જગતમાં મારા જેવો બીજો ક્યો યોદ્ધો છે.વરૂણ..કુબેર..પવન..યમ તથા સર્વે દિકપાળોને પણ હું મારી ભૂજાઓના બળથી જીત્યો છું.દેવતાઓ..દૈત્યો અને મનુષ્યો એ સર્વે મારા વશમાં છે,તેમછતાં તને શા કારણથી ભય ઉત્પન્ન થયો છે ? આ પ્રસંગથી સ્પષ્ટ થાય છે કેઃ મંદોદરીએ કહ્યું કેઃ શ્રી રામ સાક્ષાત ભગવાનનો અવતાર છે..તેનો રાવણ કોઇ જવાબ આપતો નથી, કારણ કેઃ રાવણને તો તેમાં દ્રઢ નિશ્ચય થઇ ગયો હતો કેઃ શ્રી રામ સાક્ષાત પરબ્રહ્મ છે,પરંતુ મંદોદરીના હ્રદયમાં શ્રી રામજીની

http://suratiundhiyu.wordpress.com/

સાથેના યુદ્ધના પરીણામ વિશે જે ભય ઉત્પન્ન થયો હતો તેને દૂર કરવા રાવણ પોતાની વિરતાની ડિંગ હાંકતો હતો તેનાથી રાવણના આંતરીક સંકલ્પની દ્રઢતા સ્પષ્ટ સૂચિત થાય છે. જટાયુ યુદ્ધના પ્રસંગમાં જોઇએ તો... !! સીતહિં જાન ચઢાઇ બહોરી, ચલા ઉતાઇલ ત્રાસ ન થોરી..!!

(પછી રાવણ સીતાજીને બીજા આકાશચારી વાહનમાં ચઢાવી ખુબ જ ત્રાસના લીધે ઉતાવળથી ચાલ્યો)

દૂત પ્રસંગમાં લખ્યું છે કેઃ

!! સુનત સભય મન મુખુ મુસુકાઇ, કહત દશાનન સબહિં સુનાઇ !!

(રાવણ આ ચિઠ્ઠી વાંચીને મનમાં તો ભય પામ્યો...પણ મુખ હસતું રાખીને સર્વ કોઇને સંભળાવતો હોય એ રીતે બોલ્યો કે....) સેતુબંધના સમાચાર સાંભળીને... સુનત શ્રવણ બારિધિ બંધાના, દશમુખ બોલી ઉઠા અકુલાના,

નિજ બિકલતા બિચારી બહોરી, બિહઁસિ ગયઉ ગૃહ કરી ભય ભોરી...! (રાવણ સમુદ્દ બંધાયાની વાત સાંભળતાં જ ગભરાયો,રાવણ હતો તો દશમુખવાળો પણ વાતચીત તો એક જ મુખેથી કરતો હતો,પરંતુ જ્યારે રામજી નજીક આવ્યાની વાત સાંભળી ત્યારે તે વ્યાકુળ થઇ ઉઠ્યો અને વ્યાકુળ થઇને બોલ્યો કે..)

પછી પોતાની વ્યાકુળતા સમજી..હસીને મનમાં ઉત્પન્ન થયેલા ભયને કાંઇક ઓછો કરીને પોતાના મહેલમાં ગયો. ઉપરોક્ત ચોપાઇથી સ્પષ્ટ સૂચિત થાય છે કેઃ રાવણ જો શ્રી રામને ભગવાનનો સાક્ષાત અવતાર ન માનતો હોત તો...ફક્ત મનુષ્યમાત્ર સમજીને રાવણના હ્રદયમાં આવા પ્રકારનો ભય કે વ્યાકુળતા ન થતી ! રાવણ કોઇ મનુષ્યથી ભયભીત થાય તેવું અનુમાન કરવું ખોટું છે. આમ, રામાયણમાં અનેક પ્રસંગો આવે છે જેના માર્મિક રહસ્ય ઉપર વિચાર કરવાથી સ્પષ્ટ થાય છે કેઃ રાવણ વેરભાવથી હંમેશાં ભગવાનનું સ્મરણ કરતો હતો અને પોતાના કલ્યાણના માટે રાવણે દ્દઢ સંકલ્પ કર્યો હતો કેઃ પ્રભુ સર પ્રાણ તજેં ભવ તરઉં, હોઇહિં ભજનું ન તામસ દેહા, મન ક્રમ બચન મંત્ર દ્દઢ એહા...!!

સંકલનઃ વિનોદભાઇ મંગળભાઇ માછી "નિરંકારી"

## અષ્ટાવક્ર મુનિનું જીવન ચરીત્ર તથા જનક અષ્ટાવક્ર સંવાદ

ઉદાલક મુનિના પૂત્ર શ્વેતકેતુ આ પૃથ્વીભરમાં મંત્રશાસ્ત્રમાં પારંગત સમજવામાં આવતા હતા.આ ઉદાલક મુનિના "કહોડ" નામથી પ્રસિદ્ધ શિષ્ય હતા,તેમને પોતાના ગુરૂદેવની ઘણી જ સેવા કરી હતી.જેનાથી પ્રસન્ન થઇને ગુરૂએ તેમને ઘણા જ થોડા સમયમાં તમામ વેદ-વેદાંગ ભણાવી દીધા હતા અને પોતાની કન્યા સુજાતાનો વિવાહ તેમની સાથે કર્યો હતો.થોડો સમય વિત્યા પછી સુજાતા

http://suratiundhiyu.wordpress.com/

ગર્ભવતી બને છે.અષ્ટાવક્ર જ્યારે માતાના ગર્ભમાં હતા ત્યારે તેમની માતા સુજાતા, તેમના પતિ કહોડ અને પિતા ઉદ્દાલક વચ્ચેનો જ્ઞાનસંવાદ સાંભળતી જેથી અષ્ટાવક્ર માતાના ગર્ભમાંજ મંત્રોચ્ચાર શિખી ગયા હતા.આ ગર્ભ અગ્નિની સમાન તેજસ્વી હતો.એક દિવસ કહોડ મુનિ વેદ પાઠ કરી રહ્યા હતા.તેમના પિતા અશુદ્ધ પાઠ કરી રહ્યા હતા તેથી ગર્ભસ્થ બાળકે કહ્યું કેઃ પિતાજી ! આપ અશુદ્ધ વેદપાઠ કરી રહ્યા છો.પોતાના શિષ્યોની હાજરીમાં આવા પ્રકારનો આક્ષેપ કરવાથી તેમના પિતાજીને ઘણો જ ક્રોધ આવ્યો અને તેમને ઉદસ્થ બાળકને શ્રાપ આપ્યો કેઃ "તું પેટમાં જ આવી ટેઢી ટેઢી વાતો કરે છે એટલા માટે તૂં આઠ જગ્યાએથી વક્ર (ટેઢો-વાંકો) ઉત્પન્ન થઇશ." જ્યારે અષ્ટાવક્ર પેટમાં વધવા લાગ્યા ત્યારે તેમની માતા સુજાતાને ઘણી જ પીડા થવા લાગી.તે સમયે તેમને પોતાના નિર્ધન પતિને ધન લાવવા માટે વિનંતી કરી.કહોડ મુનિ ધન લેવા માટે રાજા જનકની પાસે જાય છે તે દિવસોમાં રાજા જનકના દરબારમાં બંદિનામનો પુરોહીત આવ્યા હતા.તેમને એવો નિયમ બનાવ્યો હતો કે જે મારી સાથે શાસ્ત્રાર્થમાં હારી જશે તેમને હું જળમાં ડુબાડી દઇશ.  ઘણા મોટા મોટા વિદ્વાનો..પંડીતો આવતા હતા અને તેમની સામે શાસ્ત્રાર્થમાં હારી જતા હતા.હારી જતા વિદ્વાનો..પંડીતોને આ પુરોહીત જળમાં ડુબાડી દેતા હતા.અષ્ટાવક્રજીના પિતાજી કે જે ધનની પ્રાપ્તિના અર્થે રાજા જનકના દરબારમાં ગયા હતા તેઓ આ પુરોહીતની સામે શાસ્ત્રાર્થમાં હારી ગયા અને શાસ્ત્રાર્થના નિયમો અનુસાર તેમને પણ પાણીમાં ડુબાડી દેવામાં આવ્યા.અષ્ટાવક્રજીના મામા...વગેરેને પણ આવી રીતે જ પાણીમાં ડુબાડી દેવામાં આવ્યા હતા.જ્યારે ઉદાલકને આ સમાચાર મળ્યા ત્યારે તેમને પોતાની પૂત્રી સુજાતાની પાસે જઇને તમામ વાતોથી સુજાતાને વાકેફ કરી અને કહ્યું કેઃ તમારે આ વિશે અષ્ટાવક્રજીને કોઇ વાત કરવી નહી.અષ્ટાવક્રજીના જન્મ પછી તેમના પિતાના વિશે કોઇએ કોઇ જાણકારી ન આપવાથી તે ઉદાલક(દાદા)ને જ પોતાના પિતા સમજતા હતા અને તેમના પૂત્ર શ્વેતકેતૂ(મામા)ને જ પોતાના ભાઇ સમજતા હતા. એક દિવસ જ્યારે અષ્ટાવક્રજીની ઉંમર બાર વર્ષની હતી ત્યારે તે ઉદાલકના ખોળામાં બેઠા હતા તે જ સમયે ત્યાં શ્વેતકેતૂ આવે છે અને પોતાના પિતાના ખોળામાંથી અષ્ટાવક્રજીને ખેંચી લઇને કહે છે કેઃ આ તારા બાપની ગોદ(ખોળો) નથી.શ્વેતકેતૂની આવી કટૂક્તિથી અષ્ટાવક્રજીના ચિત્ર ઉપર આઘાત લાગ્યો, તેથી તેમને ઘેર જઇને તેમની માતાને પૂછ્યું કેઃ મારા પિતાજી ક્યાં ગયા છે ? આ સાંભળીને સુજાતાને ગભરામણ થાય છે અને શ્રાપના ભયથી બધી જ સત્ય વાતો જણાવી દે છે.તમામ રહસ્યની વાતો સાંભળીને અષ્ટાવક્રજી રાત્રીના સમયે પોતાના મામા શ્વેતકેતૂને મળીને બંન્ને મામા-ભાણેજ રાજા જનકના યજ્ઞમાં જવાનું નક્કી કરે છે.યજ્ઞશાળાના દ્વાર પર પહોંચીને જ્યારે તેઓ અંદર જવા લાગ્યા તે સમયે દ્વારપાળે કહ્યું કેઃ આપ લોકોને મારા પ્રણામ ! અમે તો આજ્ઞાનું પાલન કરવાવાળા છીએ.રાજા જનકના આદેશ અનુસાર અમે નિવેદન

http://suratiundhiyu.wordpress.com/

કરીએ છીએ કેઃયજ્ઞશાળામાં બાળકોને જવાની પરવાનગી નથી.ફક્ત વૃદ્ધ અને વિદ્વાનોને જ પ્રવેશ આપવામાં આવે છે, ત્યારે અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ દ્વારપાલજી ! મનુષ્ય વધુ ઉંમરનો હોવાથી..વાળ ધોળા થઇ જવાથી..ધનથી અથવા વિશાળ કુટુંબથી તે મોટો કહેવાતો નથી.બ્રાહ્મણોમાં પણ તે જ મોટો છે જે વેદોનો વક્તા છે આવો ઋષિઓએ નિયમ બનાવ્યો છે. અમે રાજસભામાં આવેલ પુરોહીતને મળવા ઇચ્છીએ છીએ,એટલા માટે આપ અમારા તરફથી આ વિનંતી મહારાજને પહોચાડી દો.આજે તમે અમોને વિદ્વાન પુરોહીતની સાથે શાસ્ત્રાર્થ કરતા જોશો અને વાદ વધી જતાં પુરોહીતને મારાથી પરાજીત થતાં તમે જોશો..

દ્વારપાળે કહ્યું કેઃ હું ગમે તે ઉપાય કરીને આપશ્રીને સભામાં લઇ જવાનો પ્રયાસ કરૂં છું..પરંતુ ત્યાં જઇને આપશ્રીએ વિદ્વાનોને શોભે તેવું કાર્ય કરવું પડશે.આવું કહીને દ્વારપાળ તેમને રાજા જનકની પાસે લઇ જાય છે, ત્યાં જઇને અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ રાજન ! આપ જનક વંશમાં મુખ્ય સ્થાન ધરાવો છો અને આપ ચક્રવર્તી રાજા છો.મે સાંભળ્યું છે કેઃ આપની સભામાં એક પુરોહીત આવ્યા છે ? તે બ્રાહ્મણોને શાસ્ત્રાર્થમાં પરાસ્ત કરીને પછી હારેલા બ્રાહ્મણો..પંડીતો..વિદ્વાનોને પાણીમાં ડુબાડી દે છે ? આ વાત સાંભળીને હું અદ્વૈતબ્રહ્મ વિષય પર તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે આવ્યો છું..તે રાજ પુરોહીત ક્યાં છે ? હું તેમને મળવા ઇચ્છું છું.

રાજા જનકે કહ્યું કેઃ પુરોહીત બંદીનો પ્રભાવ ઘણા બધા વેદવેત્તા બ્રાહ્મણો જોઇ ચુક્યા છે, તમે તેમની શક્તિને ન જાણતા હોવાથી જ તેમને જીતવાની આશા કરી રહ્યા છો. આ પહેલાં કેટલાય વિદ્વાન બ્રાહ્મણો આવ્યા,પરંતુ સૂર્યની આગળ તારાઓ ફીક્કા પડી જાય છે તેવી જ રીતે તમામ તેમની સામે હતપ્રભ બની ગયા છે...આવું સાંભળીને અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ હજુ સુધી તેનો મારા જેવાની સાથે સામનો થયો નથી તેથી જ તે સિંહની જેમ નિર્ભય બનીને આવી વાતો કરે છે. અષ્ટાવક્રજીની વાતો સાંભળીને તેમની પરીક્ષા કરવાના વિચારથી જનકરાજાએ કહ્યું કેઃ

"જે પુરૂષ ત્રીસ અવયવ..બાર અંશ..ચોવીસ પર્વ અને ફક્ત આરોવાળા પદાર્થને જાણે છે તે મોટો વિદ્વાન છે.”

આ સાંભળીને અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ જેનામાં પક્ષરૂપ ૨૪ પર્વ..ઋતુરૂપ ૬ નાભિ..માસરૂપ બાર અંશ..દિવસો રૂપ ૩૬૫ આરાઓ છે તે નિરંતર ફરનારા સંવત્સરરૂપ કાળ ચક્ર આપની રક્ષા કરે.”

આવો જવાબ સાંભળી રાજા જનકે પ્રશ્ન પૂછ્યો કેઃ સૂતી વખતે આંખ કોન બંધ કોન કરતું નથી ? જન્મ લીધા પછી કોનામાં ગતિ હોતી નથી ? અને વેગથી કોન આવે છે ?

અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ "માછલી સૂતી વખતે આંખ બંધ કરતી નથી..ઇડું ઉત્પન્ન થવા છતાં ચેષ્ટા કરતું નથી..પત્થરમાં હ્રદય હોતું નથી અને નદી વેગથી વહે છે.”

http://suratiundhiyu.wordpress.com/

આવો જવાબ સાંભળીને રાજા જનકે કહ્યું કેઃ આપ તો દેવતાઓની સમાન પ્રભાવશાળી છો.હું આપને સામાન્ય માણસ સમજતો નથી.આપ બાળક પણ નથી. હું તો આપશ્રીને જ્ઞાનવૃદ્ધ જ માનું છું.વાદ-વિવાદ કરવામાં આપ સમાન કોઇ નથી એટલા માટે આપશ્રીને બંદી પુરોહીત સાથે શાસ્ત્રાર્થ કરવા માટે સંમતિ આપું છું.

જનક રાજાની રાજસભામાં પ્રવેશ થતાં જ અષ્ટાવક્રજીના આઠ અંગ વાંકા હોવાથી આવું બેડોળ શરીર જોઇને તમામ સભાસદો હસી પડે છે અને જ્યારે સભાસદોએ જાણ્યું કે આ અષ્ટાવક્ર બાળક શાસ્ત્રાર્થ કરવા આવ્યા છે ત્યારે સભાસદો ખુબ જ ખડખડાટ હસી પડે છે.

અષ્ટાવક્રજી કહે છે કેઃ અમે તો સમજતા હતા કે વિદેહ રાજા જનકની સભામાં કેટલાય પંડીતો હશે,પરંતુ અહીયાં તો તમામ ચમારો જ જોવા મળે છે.

અષ્ટાવક્રજીનું આવું કથન સાંભળીને સભામાં ઉપસ્થિત તમામ પંડિતો વિદ્વાનો એક બીજાની તરફ જોવા લાગ્યા.રાજા જનકે પુછ્યું કેઃ બ્રહ્મણ ! આપે તમામ સભાસદોને ચમાર કેમ કહ્યા ? મારી સભામાં તો મોટા મોટા ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણો અને પંડીતો વિદ્યમાન છે.

અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ જુઓ..! આત્મા નિત્ય શુદ્ધ નિર્લેપ અને નિર્વિકાર છે તેનામાં કોઇ વિકાર કે દોષ નથી. જેને આત્મા-પરમાત્માનું જ્ઞાન છે તે જ બ્રહ્મજ્ઞાની કે પંડીત છે.જે આત્મા-પરમાત્માને ઓળખતો નથી અને ફક્ત ચામડાથી ઢંકાયેલ આ અસ્થિ-માંસના શરીરને જોઇને હસે છે તેને આત્મજ્ઞાન નથી ફક્ત ચામડાનું જ જ્ઞાન છે અને જેને ચામડાનું જ્ઞાન હોય છે તે ચમાર જ છે.

અષ્ટાવક્રજીની આવી યુક્તિયુક્ત વાતો સાંભળીને મહારાજ જનક તથા સમસ્ત સભાસદોને ઘણો જ સંતોષ થયો.તેમને અષ્ટાવક્રજીનું અભિવાદન કર્યું..પૂજા કરી તથા સભામાં આવવાનું કારણ પુછ્યું..

અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ હું આપના તે પંડીતની સાથે શાસ્ત્રાર્થ કરવા ઇચ્છું છું કે જે પોતાની સાથેના શાસ્ત્રાર્થમાં હારનાર પંડીતોને પાણીમાં ડુબાડી દે છે.મહારાજ જનકે તે પંડીત પુરોહીતની સાથે અષ્ટાવક્રજીનો શાસ્ત્રાર્થ યોજ્યો..ત્યારે અષ્ટાવક્રજીએ પંડીત પુરોહીતની તરફ ફરીને કહ્યું કેઃ પોતાને અતિવાદી માનનાર હે બંદી ! તમે પોતાની સામે હારી જનારને જળમાં ડૂબાડી દેવાની શરત રાખી છે,પરંતુ મારી સામે તમે જીતી શકવાના નથી.મારી સામે શાસ્ત્રાર્થમાં તમારી વાદશક્તિ નષ્ટ થઇ જશે.હવે તમે મારા પ્રશ્નોના જવાબ આપો અને હું તમારા પ્રશ્નોના જવાબ આપીશ.

જ્યારે ભરી સભામાં અષ્ટાવક્રજીએ શાસ્ત્રાર્થના માટે લલકાર કર્યો ત્યારે બંદી પુરોહીતે કહ્યું કેઃ અષ્ટાવક્રજી ! એક જ અગ્નિ અનેક પ્રકારથી પ્રકાશિત થાય છે..એક જ સૂર્ય સમગ્ર જગતને પ્રકાશિત કરી રહ્યો છે.. શત્રુઓનો નાશ કરનાર દેવરાજ ઇન્દ્ર એક જ વીર છે તથા પિતરોના યમરાજા પણ એક જ છે.

અષ્ટાવક્રજીઃ ઇન્દ્ર અને અગ્નિ...આ બે દેવતા છે..નારદ અને પર્વત...આ દેવર્ષિ પણ બે છે..અશ્વિનીકુમારો પણ બે છે..રથનાં પૈડાં પણ બે જ છે અને વિધાતાએ પતિ-પત્ની...આ સહચર પણ બે જ બનાવ્યાં છે.

બંદી પુરોહીતઃ આ તમામ પ્રજા કર્મવશ ત્રણ પ્રકારથી જન્મ લે છે.તમામ કર્મોનું પ્રતિપાદન પણ ત્રણ વેદ જ કરે છે.અધ્વર્યુજનો પણ પ્રાતઃ..મધ્યાન્હ અને સાંજે...આ ત્રણ સમયે યજ્ઞનું અનુષ્ઠાન કરે છે.કર્મ અનુસાર પ્રાપ્ત થનાર ભોગોના માટે સ્વર્ગ..મૃત્યુ અને નરક...આ ત્રણ લોક પણ ત્રણ છે તથા કર્મજન્ય જ્યોતિઓ પણ ત્રણ છે.

અષ્ટાવક્રજીઃ બ્રાહ્મણોના માટે આશ્રમ ચાર છે.(બ્રહ્મચર્યાશ્રમ..ગૃહસ્થાશ્રમ..વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ) ૐકારના અકાર..મકાર..ઉકાર અને અર્ધમાત્રા...આ ચાર જ વર્ણ છે અને મુખ્ય દિશાઓ પણ ચાર છે (પૂર્વ.. પશ્ચિમ..ઉત્તર..દક્ષિણ) તથા પરા..પશ્યન્તિ..મધ્યમા અને વૈખરી...વાણી પણ ચાર પ્રકારની છે. બંદી પુરોહીતઃ યજ્ઞની અગ્નિઓ પાંચ છે.(ગાર્હપત્ય,દક્ષિણાગ્નિ,આહ્વનિય,સભ્ય અને આવસથ્ય)..પંક્તિ છંદ પણ પાંચ પદોવાળા છે..યજ્ઞ પણ પાંચ પ્રકારના છે (અગ્નિહોત્ર..દર્શ..પૌર્ણમાસ..ચાર્તુમાસ્ય અને સોમ).. ઇન્દ્રિયો પાંચ છે..વેદમાં પંચ શીખાવાળી અપ્સરા પણ પાંચ છે તથા સંસારમાં પ્રસિદ્ધ નદીઓ પણ પાંચ છે. અષ્ટાવક્રજીઃ કાલ ચક્રમાં ઋતુઓ છ છે..મન સહિત જ્ઞાનેન્દ્રિયો પણ છ છે..કૃતિકાઓ પણ છ છે તથા તમામ વેદોમાં સાધસ્ક યજ્ઞ પણ છ છે..

બંદિ પુરોહીતઃ ગ્રામ્ય પશુ સાત છે..વન્ય પશુ પણ સાત છે..યજ્ઞને પૂર્ણ કરનાર છન્દ પણ સાત છે..ઋષિઓ પણ સાત છે (મરીચિ..અત્રિ..અંગિરા..પુલસ્ત્ય..પુલહ..ક્રતુ અને વસિષ્ઠ)..માન આપવાના પ્રકાર પણ સાત છે અને વીણાના તાર પણ સાત છે.

અષ્ટાવક્રજીઃ સેકડો વસ્તુઓનો તોલ કરનાર શાણ(તોલ)ના ગુણ પણ આઠ છે..સિંહનો નાશ કરનાર શરભના ચરણ પણ આઠ છે..દેવતાઓમાં વસુ નામના દેવતાઓ પણ આઠ છે..તથા યજ્ઞમાં યજ્ઞસ્તંભના કોણ પણ આઠ જ છે.

બંદી પુરોહીતઃ પિતૃયજ્ઞ સમિધા છોડવાના મંત્ર નવ કહેવામાં આવે છે..સૃષ્ટ્રિમાં પ્રકૃતિના વિભાગ પણ નવ કરવામાં આવ્યા છે (ઉપરઃ સૂર્ય..ચંદ્ર..તારાઓ, નીચેઃધરતી..અગ્નિ..પાણી, મધ્યમાઃ જીવ..આકાશ..વાયુ)... બૃહતિ છંદના અક્ષર પણ નવ છે અને જેનાથી અનેક પ્રકારની સંખ્યા બને છે તેવા એકથી નવ અંક છે.. અષ્ટાવક્રજીઃ સંસારમાં દિશાઓ દશ છે..સહસ્ત્રની સંખ્યા પણ સો ને દશવાર ગુણવાથી થાય છે..ગર્ભવતી સ્ત્રી દશ માસ ગર્ભ ધારણ કરે છે..તત્વનો ઉપદેશ કરનારા પણ દશ છે તથા પૂજન યોગ્ય પણ દશ છે.

http://suratiundhiyu.wordpress.com/

બંદી પુરોહીતઃ પશુઓના શરીરોમાં વિકારોવાળી ઇન્દ્રિયો અગિયાર છે..યજ્ઞના સ્તંભ અગિયાર શોય છે.. પ્રાણીઓમાં વિકાર પણ અગિયાર છે તથા દેવતાઓમાં રૂદ્ર પણ અગિયાર છે..
અષ્ટાવક્રજીઃ એક વર્ષના મહીના બાર હોય છે..જગતી છંદના ચરણોમાં અક્ષર બાર હોય છે..પ્રાકૃત યજ્ઞ બાર દિવસના કહેવાય છે અને ધીર પુરુષોએ આદિત્ય પણ બાર કહ્યા છે..(ધાતા,મિત્ર,અર્યમા,શુક્ર,વરુણ, અંશ કે અંશુમાન,ભગ,વિવસ્વાન,પૂષા, સવિતા,ત્વષ્ઠા અને વિષ્ણુ)
બંદી પુરોહીતઃ તિથિઓમાં ત્રયોદશીને ઉત્તમ કહેવામાં આવે છે..અને પૃથ્વી પણ તેર દ્વિપોવાળી છે.......... આમ, બંદી પુરોહીત અડધો શ્લોક કહીને ચૂપ થઇ ગયા..તેથી અષ્ટાવક્રજીએ શેષ અડધો શ્લોક પુરો કરતાં કહ્યું કેઃ અગ્નિ..વાયુ અને સૂર્ય...આ ત્રણેય દેવતાઓ તેર દિવસના યજ્ઞમાં વ્યાપક છે અને વેદોમાં પણ તેર આદિ અક્ષરોવાળા અતિછંદ કહેવામાં આવ્યા છે.
આટલું સાંભળતાં જ બંદીનું મુખ નીચે થઇ ગયું અને ઉંડા વિચારમાં પડી ગયા, પરંતુ અષ્ટાવક્રજીના મુખમાંથી શબ્દોની હારમાળા ચાલુ હતી.આ જોઇ સભામાંના બ્રાહ્મણો હર્ષ ધ્વનિ કરતાં કરતાં અષ્ટાવક્રજીની પાસે જઇને તેમનું સન્માન કરવા લાગ્યા.
અષ્ટાવક્રજીએ રાજા જનકને કહ્યું કેઃ આ પંડીત મારી સાથેના શાસ્ત્રાર્થમાં હારી ગયા છે તેમની સામે હારનાર અનેક બ્રાહ્મણોને તેમને પાણીમાં ડુબાડી દીધા છે તો હવે આ બંદી પુરોહીતની પણ તેવી દશા થવી જોઇએ.
પુરોહીતે કહ્યું કેઃ મહારાજ ! હું જલાધિશ વરૂણનો પૂત્ર છું.મારા પિતાને ત્યાં પણ આપની જેમ જ બાર વર્ષે પૂર્ણ થાય તેવો યજ્ઞ થઇ રહ્યો છે એટલા માટે મેં પાણીમાં ડુબાડી દેવાના બહાને પસંદગીના શ્રેષ્ઠ બ્રાહ્મણોને વરૂણલોક મોકલી આપ્યા છે. અષ્ટાવક્રજી મારા માટે પૂજનીય છે તેમની કૃપાથી પાણીમાં ડુબીને હું મારા પિતાજીના લોકમાં ઉપસ્થિત થઇશ.આ ચર્ચા ચાલતી હતી ત્યાં જ પાણીમાં ડુબાડી દેવામાં આવેલ તમામ બ્રાહ્મણો વરૂણ દેવ દ્વારા સન્માનિત થઇ પાણીમાંથી બહાર નીકળી રાજા જનકની સભામાં ઉપસ્થિત થયા.તે બ્રાહ્મણોમાં કહોડ કે જે અષ્ટાવક્રજીના પિતા હતા તેમને કહ્યું કેઃ મનુષ્ય આવા જ કામોના માટે પૂત્રોની કામના કરે છે જે કામને હું ના કરી શક્યો તે મારા પૂત્રએ કરી દેખાડ્યું. રાજન ! ક્યારેક ક્યારેક દુર્બળ મનુષ્યને પણ બળવાન અને મૂર્ખને ત્યાં પણ વિદ્વાન પૂત્ર ઉત્પન્ન થાય છે.ત્યારબાદ અષ્ટાવક્રજીએ પોતાના પિતાનું પૂજન કર્યું તથા પોતાના મામા શ્વેતકેતુ સહીત પોતાના આશ્રમમાં ગયા.આશ્રમમાં પહોચ્યા પછી કહોડે અષ્ટાવક્રજીને કહ્યું કેઃ તમે સભંગા નદીમાં સ્નાન કરો. અષ્ટાવક્રજીએ સભંગા નદીમાં ડૂબકી લગાવી કે તુરંત જ તેમનાં તમામ અંગો સીધાં થઇ ગયાં.આમ,એક જ ધર્માત્મા સત્પુરૂષ ઉત્પન્ન થાય તો તે સમસ્ત કૂળનો ઉદ્ધાર કરી દે છે.

**આ લેખમાં ઉભા થયેલા નીચેના પ્રશ્નોના જવાબ આપશ્રીની પાસે છે ?**

http://suratiundhiyu.wordpress.com/

* વેદમાં પંચ શીખાવાળી અપ્સરા પાંચ છે તે કઇ?
* કૃતિકાઓ છ છે કઇ?
* ગ્રામ્ય પશુ સાત છે કયા?
* વન્ય પશુ સાત છે કયા ?
* માન આપવાના પ્રકાર સાત છે કયા?
* તત્વનો ઉપદેશ કરનારા દશ છે કયા?
* પૂજન યોગ્ય દશ છે કયા?
* પ્રાણીઓમાં વિકાર અગિયાર છે કયા?
* દેવતાઓમાં રૂદ્ર અગિયાર છે કયા?
* પૃથ્વી તેર દ્વિપોવાળી છે કયા?

## વિશેષઃ

અષ્ટાવક્ર **(अष्टवक्र)** પ્રાચિન ભારતના મહાન ઋષિ હતા. તેઓ કહોડ ઋષિ અને સુજાતાના પુત્ર હતા. તેમના આઠ અંગ (બે હાથ,બે પગ,બે ઘુંટણ,છાતી અને માથું) વાંકા હોવાથી તેઓ અષ્ટાવક્ર (અષ્ટ= આઠ + વક્ર=વાંકા) તરીકે જાણીતા બન્યા. તેઓ રાજા જનક અને ઋષિ યાજ્ઞવલ્ક્યના ગુરૂ હતા. તેમણે રાજા જનકને આત્મા વિષે જે જ્ઞાન આપ્યું એ અષ્ટાવક્ર ગીતા તરીકે જાણીતું છે.
ઋષિ ઉદ્દાલક કે જેમનો ઉલેખ છાંદોગ્ય ઉપનિષદમાં છે, તેઓ વેદ જ્ઞાન આપવા આશ્રમ ચલાવતા હતા. આ આશ્રમમાં ઋષિ કહોડ અત્યંત યોગ્ય અને તેમના પ્રિય શિષ્ય હતા. ઋષિ ઉદ્દાલકે તેમની પુત્રી સુજાતાનાં લગ્ન તેમના શિષ્ય કહોડ સાથે કર્યા. અષ્ટાવક્ર જ્યારે માતાના ગર્ભમાં હતા ત્યારે તેમની માતા સુજાતા, તેમના પતિ કહોડ અને પિતા ઉદ્દાલક વચ્ચેનો જ્ઞાનસંવાદ સાંભળતી જેથી અષ્ટાવક્ર માતાના ગર્ભમાંજ મંત્રોચ્ચાર શિખી ગયા હતા.
એક વખત ઋષિ કહોડ મંત્રોચ્ચાર વખતે ખોટો ઉચ્ચારણ કરી રહ્યા હતા, તો અષ્ટાવક્ર માતાના ગર્ભમાંથી હલચલ કરી ઉચ્ચારણ ખોટું છે એમ જણાવા પ્રયત્ન કર્યો. આનાથી તેમના પિતાને લાગ્યું કે બાળક અભિમાની છે અને ગુસ્સામાં શ્રાપ આપ્યો કે બાળક આઠ અંગે વાંકુ જન્મે.
અષ્ટાવક્રના જન્મ બાદ, સુજાતાના આગ્રહના કારણે ઋષિ કહોડ રાજા જનકના દરબારમાં ગયા જ્યાં જનક રાજા પંડિતોની જ્ઞાન સભા બોલાવી તત્વજ્ઞાનની ચર્ચા કરાવતા. અનેક વખત આવી ચર્ચાઓ ભિન્ન વિચારધારા વાળા પંડિતો વચ્ચે સ્પર્ધાનું સ્વરૂપ લઇ લેતી અને હારનાર પ્રતિદ્વંદ્વીને જીતેલા વ્યક્તિની આકરી શરતોનું પાલન કરવું પડતું. ઋષિ કહોડે, વરુણપુત્ર બંદી સાથે સ્પર્ધા કરી અને હારી ગયા. બદીની શરતો મુજબ તેમને ગંગા નદીમાં જળસમાધી લેવી પડી. અષ્ટાવક્રનો ઉછેર ત્યારબાદ ઋષિ ઉદ્દાલક પોતાના પુત્રની જેમ કરવા લાગ્યા. ઋષિ ઉદાલકનો એક પુત્ર શ્વેતકેતુ

http://suratiundhiyu.wordpress.com/

અષ્ટાવક્રની ઉંમરનો જ હતો. અષ્ટાવક્ર એમજ સમજતા કે ઉદ્દાલક તેમના પિતા છે અને શ્વેતકેતુ તેમનો ભાઈ. જ્યારે અષ્ટાવક્ર બાર વર્ષના હતા અને ઉદ્દાલકના ખોળામાં બેઠા હતા ત્યારે શ્વેતકેતુએ તેમને ખેંચી નીચે ઉતાર્યા અને કહ્યું કે જઇને પોતાના પિતાના ખોળામાં બેસે. આ ઘટના પછી તેમને પોતાની માતા પાસેથી પિતાની જળસમાધી વિષે જાણવા મળ્યું. અષ્ટાવક્રએ નક્કી કર્યું કે તેઓ પિતાની હારનો બદલો પંડિત બંદી પાસેથી લેશે.

અષ્ટાવક્ર અને શ્વેતકેતુ રાજા જનકના દરબારમાં જાય છે. જયાં અષ્ટાવક્ર બંદીને તર્ક વિવાદ માટે પડકારે છે. આ ચર્ચામાં બન્ને પ્રતિદ્વન્દ્વીઓએ એકથી શરુ કરી વારાફરતી અંકો પર સિધ્ધ છંદ રચના કરવાની હોય છે. આ છંદો અંકોના તત્વજ્ઞાન સંબંધી અર્થો માટે જાણીતા છે. તેરમા અંક માટે બંદી ફક્ત અડધો જ છંદ રચી શક્યા. આ અધુરા છંદને અષ્ટાવક્રએ પુરો કરી બતાવ્યો અને સ્પર્ધા જીતી ગયા. સ્પર્ધાની શરત મુજબ બંદીએ અષ્ટાવક્રની કોઇ પણ એક ઇચ્છા પુરી કરવાની હોય છે. અષ્ટાવક્ર જણાવે છે કે તેમની ઇચ્છા બંદી જળસમાધી લે તેમ છે જેવી રીતે બંદીએ અષ્ટાવક્રના પિતા કહોડ પાસે લેવડાવી હતી તેમ જ. આ સાંભળી બંદી એક રહસ્ય ઉજાગર કરે છે કે તે જલ દેવતા વરૂણનો પુત્ર છે અને તેના પિતા વરૂણના યજ્ઞ માટે યોગ્ય બ્રાહ્મણો પસંદ કરવા આ રૂપ ધારણ કર્યું હતું. કારણકે તે સમયે વરૂણનો યજ્ઞ પણ પુરો થયો હતો, બંદી અષ્ટાવક્રના પિતા સહીત બધા બ્રાહ્મણોને મુક્ત કરી દે છે અને તેઓ રાજા જનકના દરબારમાં હાજર થાય છે. અષ્ટાવક્રના પિતા અષ્ટાવક્ર અને શ્વેતકેતુ સાથે આશ્રમ પાછા ફરે છે, ત્યાં સુજાતાની હાજરીમાં અષ્ટાવક્રને સામંગ નદીમાં સ્નાન કરવા જણાવે છે જેથી અષ્ટાવક્રના અંગ સીધા થઇ જાય છે.

બાદમાં અષ્ટાવક્ર એક જાણીતા તત્વવેતા બને છે અને મિથિલા જઇ રાજા જનકને આત્મા સંબંધી જ્ઞાન આપે છે. – સંકલનઃ શ્રી વિનોદભાઇ મંગળભાઇ માછી (નિરંકારી)

## યુધિષ્ઠિર અને સર્પ સંવાદ:

સંકલનઃ શ્રી વિનોદભાઇ મંગળભાઇ માછી (નિરંકારી)

બાર વર્ષના વનવાસ દરમ્યાન વીરવર પાંડવોએ વિશાળયૂપ નામના વનમાં એક વર્ષ આનંદપૂર્વક નિવાસ કર્યો હતો.મહાભારતના વનપર્વના ૧૭૮મા અધ્યાયમાં તેનું વર્ણન કરવામાં આવ્યું છે.આ વનમાં નિવાસ દરમ્યાન એક દિવસ ભીમ પર્વતની કંદરામાં એક મહાબલી અજગર કે જે મૃત્યુ સમાન ભયાનક અને પીડિત હતો.આ અજગરે ભીમના શરીરને લપેટી લીધું. અજગરને મળેલા પ્રભાવથી તેનો સ્પર્શ થતાં જ ભીમસેનની ચેતના લુપ્ત થઇ ગઇ.ભીમની ભુજાઓમાં દશ હજાર હાથીઓનું બળ હોવા છતાં તે તરફડવા લાગ્યો.ભીમસેને તેના પ્રબળ પાશમાંથી છુટવાના અનેક પ્રયાસ કર્યા,પણ તેના તમામ પ્રયાસ નિષ્ફળ નિવડ્યા ત્યારે તેને પૂછ્યું કે આપ કોન છો ? અને શું

http://suratiundhiyu.wordpress.com/

કરવા માંગો છો ? તેના જવાબમાં અજગરે કહ્યું કે હું ઘણા સમયથી ભૂખ્યો હોવાથી તને મારા ભક્ષ્ય તરીકે તને મેળવીને મને ઘણો જ આનંદ થયો છે.શરીરધારીઓમાં પ્રાણ જ સૌથી વધુ પ્રિય હોય છે. ભીમસેનના પૂછવાથી અજગરે પોતાના પૂર્વ જન્મનો પરીચય આપ્યો તથા શ્રાપ અને વરદાનની વાત સંભળાવી. ભીમસેને ઘણો જ અનુનય વિનય કરવા છતાં તે સર્પના બંધનથી છુટકારો મેળવી શક્યો નહી.બીજી તરફ રાજા યુધિષ્ઠિર ઘણા જ ભયંકર ઉત્પાત જોઇને ગભરાઇ ગયા.તેમના આશ્રમની દક્ષિણ દિશાના વનમાં ભયાનક આગ લાગી અને તેથી ગભરાયેલ ગીધો અમંગળ સૂચક સ્વરમાં દારૂણ ચિત્કાર કરવા લાગ્યાં.હવા પ્રચંડ વેગથી વહેવા લાગી.રેત અને કાંકરાઓનો વરસાદ શરૂ થયો.યુધિષ્ઠિરનો ડાબો હાથ તથા આંખ ફરકવા લાગ્યાં. આ બધાં અપશુકન જોઇને બુદ્ધિમાન રાજા યુધિષ્ઠિર સમજી ગયા કે અમારી ઉપર કોઇ મહાન ભય ઉપસ્થિત થયો છે.તેમને દ્રોપદીને પૂછ્યું કેઃ ભીમસેન ક્યાં છે ? દ્રોપદીએ કહ્યું કેઃ તેમને વનમાં ગયાને ઘણો જ સમય થયો છે.આ સાંભળીને યુધિષ્ઠિર ધૌમ્ય ઋષિને લઇને ભીમસેનને શોધવા માટે નીકળી પડે છે.વનમાં શોધતાં શોધતાં પર્વતના દુર્ગમ પ્રદેશમાં જઇને તેમને જોયું કે એક મહાન અજગરે ભીમસેનનો ભરડો લીધો છે તેથી તેઓ નિષ્ચેષ્ઠ બની ગયા હતા.

યુધિષ્ઠિરે સર્પને કહ્યું કેઃ આયુષ્યમાન ! તમે મારા આ પરાક્રમી ભાઇને છોડી દો.તમારી ભુખ મટાડવા હું તમોને બીજો આહાર આપીશ.સર્પે કહ્યું કેઃ આ રાજકુમાર મારા મુખની પાસે સ્વંય આવીને આહારના રૂપમાં પ્રાપ્ત થયો છે.તમો અહીથી ચાલ્યા જાવ, અહી રોકાવામાં આપનું કલ્યાણ નથી.જો તમો પણ અહી રોકાઇ જશો તો કાલે તમે પણ મારો આહાર બની જશો.

યુધિષ્ઠિરે કહ્યું કેઃ હે સર્પ ! આપ કોઇ દેવતા..દૈત્ય છો કે વાસ્તવમાં સર્પ છો ? આપ મને ભીમસેનના છુટકારા માટેનો ઉપાય બતાવો.સર્પએ કહ્યું કે હું ગયા જન્મમાં તમારો પૂર્વજ નહૂષ નામનો રાજા હતો.ચંદ્દમાની પાંચમી પેઢીમાં જે આપ નામના રાજા થઇ ગયા તેમનો પૂત્ર હતો.મેં અનેક યજ્ઞો કર્યા..તપસ્યા કરી..સ્વાધ્યાય..સત્કર્મો તથા પોતાના પરાક્રમથી મને ત્રણે લોકોનું ઐશ્વર્ય પ્રાપ્ત થયું. આ ઐશ્વર્ય પ્રાપ્ત થતાં મારો અહંકાર વધી ગયો.અહંકારમાં મદોન્મત બનીને મેં બ્રાહ્મણો તથા ઋષિમુનિઓનું અપમાન કર્યું.મેં સહસ્ત્ર શ્રેષ્ઠ ઋષિઓ પાસે મારી પાલખી ઉચકાવી.મહર્ષિઓના આવા અસાધારણ અપમાનથી કોપાયમાન થઇને મહર્ષિ અગત્સ્યજીએ મને શ્રાપ આપવાથી મારી આવી દશા થઇ છે.ખરેખર દૈવ ખૂબ જ બળવાન છે એ દેવના લીધે જ આ ભીમસેન મારી પાસે આવી પહોચ્યો છે અને મારો વંશજ હોવા છતાં હું તેને મારવા માટે તૈયાર થયો છું.સ્વર્ગલોકમાંથી શ્રાપના લીધે ભ્રષ્ટ થઇને નીચે પડતી વખતે મેં મહર્ષિ અગત્સ્યને શ્રાપના નિવારણ માટે પ્રાર્થના કરતાં તેમને જણાવેલું કેઃ તૂં થોડા વખત પછી આ શ્રાપમાંથી મુક્ત થઇશ. સત્ય-અસત્યના મર્મને સમજનારો જે પુરૂષ તારા પ્રશ્નના જવાબો આપશે તે તારા શ્રાપમાંથી મુક્તનું કારણ બનશે.તું જે

http://sutarijundriyu.wordpress.com/

પણ પ્રાણીને પકડશે તે તારા કરતાં બળવાન હશે તો પણ તે તુરંત જ નિર્બળ તથા અસહાય બની જશે.મહર્ષિના અગત્સ્યના શ્રાપના લીધે હું પૃથ્વી પર પડ્યો છું છતાં મહર્ષિના અગત્સ્યની કૃપાથી આજદિન સુધી મારી પૂર્વજન્મની સ્મૃતિ લુપ્ત થઇ નથી.ઋષિના શ્રાપ અનુસાર દિવસના છઠ્ઠા ભાગમાં આ તમારો ભાઇ મને ભોજનના રૂપમાં પ્રાપ્ત થયેલ છે એટલે હું તેમને છોડીશ નહી,પરંતુ જો તમે મારા પૂછેલા પ્રશ્નોના જવાબ આપશો તો હું તમારા ભાઇ ભીમસેનને છોડી દઇશ. યુધિષ્ઠિરે કહ્યું કેઃ હે સર્પ ! તમો ઇચ્છાનુસાર પ્રશ્ન પૂછો.જો મારાથી શક્ય બનશે તો તમારી પ્રસન્નતાના માટે અવશ્ય તમારા તમામ પ્રશ્નોના જવાબ આપીશ.

સર્પે પૂછ્યું કેઃ બ્રાહ્મણ કોન છે ? અને જાણવા યોગ્ય તત્વ શું છે ? યુધિષ્ઠિરે કહ્યું કેઃ હે નાગરાજ ! જેનામાં સત્ય..દાન..ક્ષમા..સુશીલતા..ક્રૂરતાનો અભાવ..તપસ્યા અને દયા...આ સદગુણો જોવા મળે તે જ બ્રાહ્મણ (બ્રહ્મજ્ઞાની સંત) છે.આવો સ્મૃતિઓનો સિદ્ધાંત છે અને જાણવા યોગ્ય તત્વ એક પરબ્રહ્મ પરમાત્મા જ છે કે જે સુખ-દુઃખથી પર છે અને જ્યાં પહોંચીને..જેને જાણીને મનુષ્ય શોકથી પર થઇ જાય છે.

સર્પે પૂછ્યું કેઃ  હે યુધિષ્ઠર ! બ્રહ્મ અને સત્ય તો ચારેય વર્ણોના માટે હિતકર તથા પ્રમાણભૂત છે તથા વેદોમાં બતાવેલ સત્ય..દાન..ક્રોધનો અભાવ..ક્રૂરતાનો અભાવ..અહિંસા અને દયા...વગેરે સદગુણો તો શુદ્રોમાં પણ જોવા મળે છે એટલે તમારી માન્યતા અનુસાર તો શૂદ્ર પણ બ્રાહ્મણ કહેવાય,તેના સિવાય તમોએ જે સુખ-દુઃખથી રહિત જાણવા યોગ્ય પદ(પરબ્રહ્મ) પરમાત્મા બતાવ્યું છે તેમાં પણ મને આપત્તિ છે.મારા વિચારમાં તો એવું આવે છે કે સુખ-દુઃખ બંન્નેથી રહીત કોઇ બીજું પદ છે જ નહી.

યુધિષ્ઠિરે કહ્યું કેઃ જો શૂદ્રમાં સત્ય..વગેરે ઉપરોક્ત લક્ષણો છે અને બ્રાહ્મણમાં તે લક્ષણો ના હોય તો તે શૂદ્ર શૂદ્ર  નથી અને બ્રાહ્મણ બ્રાહ્મણ નથી.હે સર્પ ! જેનામાં ઉપર દર્શાવેલ સત્ય...વગેરે લક્ષણો હોય તેને બ્રાહ્મણ સમજવો જોઇએ અને જેનામાં તેનો અભાવ હોય તેને શૂદ્ર કહેવો જોઇએ તથા તમે કહ્યું કેઃ સુખ અને દુઃખ બંન્નેથી રહિત કોઇ બીજું પદ છે જ નહી તે તમારો મત યોગ્ય છે.વાસ્તવમાં જે અપ્રાપ્ત છે અને કર્મોથી પ્રાપ્ત થનાર છે એવું પદ કોઇપણ કેમ ના હોય તે સુખ દુઃખથી શૂન્ય(રહિત) નથી..પરંતુ જેવી રીતે શિતલ પાણીમાં ગરમી રહેતી નથી તથા ઉષ્ણ સ્વભાવવાળા અગ્નિમાં શિતળતા હોતી નથી,કારણ કેઃતેમાં વિરોધ છે,તેવી જ રીતે જે વેદ્ય પદ છે તેને ફક્ત અજ્ઞાનનું આવરણ દૂર કરીને પોતાનાથી ભિન્ન સમજવાનું છે,તેનો ક્યારેય અને ક્યાંય પણ વાસ્તવિક સુખ દુઃખથી સંપર્ક હોતો નથી. સર્પે કહ્યું કેઃ રાજન ! જો તમે આચારથી જ બ્રાહ્મણની પરીક્ષા કરતા હો તો પછી જ્યાં સુધી તેના અનુસાર કર્મ ના હોય તો જાતિ વ્યર્થ જ છે.

http://suratiundhiyu.wordpress.com/

યુધિષ્ઠિરે કહ્યું કેઃ મારા વિચારથી તો મનુષ્યમાં જાતિની પરીક્ષા કરવી એ ઘણું જ કઠિન કામ છે,કારણ કેઃ વર્તમાન સમયમાં તમામ વર્ણનું અંદરોઅંદર શંકર(સમ્મિશ્રણ) થઇ ગયું છે.તમામ મનુષ્યો તમામ જાતિની સ્ત્રીઓથી સંતાનો પેદા કરી રહ્યા છે.બોલચાલ..મૈથુનમાં પ્રવૃતિ તથા જન્મ-મરણ...આ તમામ મનુષ્યોમાં એક સરખાં જોવા મળે છે.જે તત્વદર્શી વિદ્વાન છે તે શીલ(સદાચાર) ને જ પ્રધાનતા આપે છે.જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે નાળ છેદનના પહેલાં તેના જાતકર્મ સંસ્કાર કરવામાં આવે છે..તેમાં માતા સાવિત્રી અને પિતા આચાર્ય કહેવામાં આવે છે.જ્યાં સુધી બાળકના સંસ્કાર કરીને વેદાધ્યાન કરવા છતાં પણ શીલ અને સદાચાર ના આવે તો તેનામાં પ્રબળ વર્ણ શંકરતા છે...આવો વિચારપૂર્વક નિશ્ચય કરવામાં આવ્યો છે.જેનામાં સંસ્કારની સાથે શીલ અને સદાચારનો વિકાસ થયો હોય તે જ બ્રાહ્મણ છે.

સર્પે પૂછ્યુ કેઃ સર્વ દેવો..મહર્ષિઓ ધર્મની પ્રસંશા કરે છે તે ધર્મનું સંક્ષેપમાં વર્ણન કરો.. યુધિષ્ઠિરે કહ્યું કેઃ ધૃતિઃ..ક્ષમા..દમ..અસ્તેય..શૌચ..ઇન્દ્રિય નિગ્રહ..ધીઃ વિદ્યા..સત્ય અને અક્રોધ..એ સનાતન ધર્મનાં લક્ષણ છે.

સર્પે કહ્યું કેઃ સત્ય કોને કહેવાય ? તમે જે શમ કહ્યો તે કેવો હોય ? ઉત્તમ દયા કોને કહેવાય ? અને ધ્યાન કોને કહે છે ?

યુધિષ્ઠિરે કહ્યું કેઃ પ્રાણીઓના હિતને સત્ય કહ્યું છે.મનનો નિગ્રહને દમ, ચિત્તની શાંતિ તે શમ, સ્વધર્મ પ્રમાણે વર્તવું તે તપ, શંકરતાનો ત્યાગ તે શૌચ, નહી કરવા જેવા કાર્યથી નિવૃત્તિ તે હ્રી, ટાઢ-તાપ વગેરે..દ્વન્દ્વો સહન કરવા તે ક્ષમા, ચિત્તની સમતા તે આર્જવ, તત્વાર્થનો બોધ તે જ્ઞાન, પ્રાણીઓના હિતની ઇચ્છા તે દયા અને મનની નિર્વિષયતા તેને ધ્યાન કહેવામાં આવે છે.

સર્પે કહ્યું કેઃ પુરૂષોનો દુર્જય શત્રુ કોન ? અને મહા અસાધુ કોને કહેવાય ?

યુધિષ્ઠિરે કહ્યું કેઃ કામ એ દુર્જય શત્રુ છે..લોભ એ અનંતકાળનો વ્યાધિ છે..સર્વ પ્રાણીઓ ઉપર દયા કરનારો તે સાધુ અને નિર્દય મનુષ્ય તે અસાધુ છે.

સર્પે કહ્યું કેઃ મોહ કોને કહેવાય ? માન એટલે શું ? આળસ કોને કહેવાય ? અને શોક કોને કહે છે ?

યુધિષ્ઠિરે કહ્યું કેઃ ધર્મ સબંધી મૂઢતા તેને મોહ કહે છે.પોતાના સબંધમાં અભિમાન તે માન..ધર્મકૃત્ય ના કરવા તે આળસ..અને અજ્ઞાન જ શોક કહેવાય છે.

સર્પે કહ્યું કેઃ સ્થૈર્ય કોને કહેવાય ? ધૈર્ય કોને કહ્યું છે ? મુખ્ય સ્નાન કયું અને દાન કોને કહેવાય છે ?

યુધિષ્ઠિરે કહ્યું કેઃ સ્વધર્મમાં સ્થિરતા તે સ્થૈર્ય..ઇન્દ્રિયોનો નિગ્રહ તે ધૈર્ય..મનના મળનો ત્યાગ તે સ્નાન અને અભયદક્ષિણાને દાન કહેવાય છે.

સર્પે કહ્યું કેઃ કયા પુરૂષને પંડીત કહેવાય છે ? મૂર્ખ કોને કહેવો ? સંસારનું કારણ શું ? મુખ્ય તાપ કયા ?

http://suratiundhiyu.wordpress.com/

યુધિષ્ઠિરે કહ્યું કેઃ ધર્માત્મા પુરૂષને પંડીત જાણવો..નાસ્તિકને મૂર્ખ જાણવો..કામનાએ સંસારનો હેતુ છે અને અદેખાઇ એ જ હ્રદયમાં થનારો મુખ્ય તાપ છે.
સર્પે કહ્યું કેઃઅહંકાર કોને કહેવાય ? દંભ એટલે શું ? અસૂયા કોને કહેવાય અને પૈશુન્ય એટલે શું ?
યુધિષ્ઠિરે કહ્યું કેઃ મોહયુક્ત જ્ઞાન તે અહંકાર..ધર્મનો ધ્વજ ફરકાવવો તે દંભ..ધર્મનો દ્વેષ તે અસૂયા.. અને પારકાને દૂષણ આપવું તે પૈશુન્ય છે.
સર્પે કહ્યું કેઃહે રાજા! ધર્મ..અર્થ અને કામ એ પરસ્પર વિરોધી છે તો તેમનો સંયોગ કેવી રીતે થાય ?
યુધિષ્ઠિરે કહ્યું કેઃ જે કૂળમાં ભાર્યાથી ભર્તા અને ભર્તાથી ભાર્યા સંતુષ્ટ રહે છે તે કુળમાં નિત્ય ધર્મ.. અર્થ અને કામ વૃદ્ધિ પામે છે.જ્યારે ભાર્યા અને ભર્તા પરસ્પર વશ થઇને અનુકૂળ રહે છે ત્યારે ત્યાં ધર્મ..અર્થ અને કામ એ ત્રણેનો મેળાપ થાય છે.
સર્પે કહ્યું કેઃ જાતિ..કૂળ..આચાર..વેદાધ્યયન અને શાસ્ત્ર પઠન એ સર્વમાંથી શાના લીધે બ્રાહ્મણપણું આવે છે ?
યુધિષ્ઠિરે કહ્યું કેઃ હે તાત ! જાતિ..કૂળ..સ્વાધ્યાય..શાસ્ત્રપઠન..એ બ્રાહ્મણપણા માટે કારણ નથી, પણ આચાર જ મુખ્ય કારણ છે.અનેક મુનિઓ તિર્યક યોનિઓમાં ઉત્પન્ન થયા હતા તો પણ તેઓ સ્વધર્મના આચરણમાં તત્પર રહેવાથી આલોકમાંથી બ્રહ્મલોકમાં ગયા છે.જે ધર્માચાર પ્રમાણે વર્તે છે તેને ભણેલો અને પંડિત જાણવો.દુષ્ટ આચરણવાળો સારા કૂળમાં ઉત્પન્ન થાય તેથી તે સારો ગણાતો નથી, માટે આચાર જ બ્રાહ્મણનું લક્ષણ છે.ચાર વેદ ભણેલો બ્રાહ્મણ પણ જો દુરાચારી હોય તો તેને શૂદ્ર કરતાં પણ અધિક દૂષિત કહેવાય છે.જે અગ્નિહોત્ર પરાયણ..જિતેન્દ્રિય..નિત્ય સંતુષ્ટ.. શુદ્ધ..તપસ્વી અને વેદાધ્યયન નિષ્ઠ હોય તેને દેવો બ્રાહ્મણ જાણે છે.જે ટાઢ..તાપ..વગેરે દ્વન્દ્રને સહન કરનારો..ધીર..સર્વ સંગથી રહીત..સર્વ પ્રાણીઓના હીતમાં તત્પર અને મિત્ર ભાવનાવાળો હોય છે તેને દેવો બ્રાહ્મણ જાણે છે.જે હંમેશાં પારકાના ગુણોને શોધનારો અને દોષોને ક્યારેય ના જુવે..દીન ઉપર દયા કરનારો..સજ્જનો પ્રત્યે પ્રેમ રાખનારો અને પોતાની સ્ત્રી ઉપર જ પ્રિતિવાળો હોય તેને દેવો બ્રાહ્મણ તરીકે ઓળખે છે.
સર્પે કહ્યું કેઃ યુધિષ્ઠિર ! આપ જાણવા યોગ્ય બધું જ જાણો છો.તમે મારા જે પ્રશ્નોના જવાબ આપ્યા છે તેનાથી હું સંતુષ્ઠ છું.હવે હું તમારા ભાઇ ભીમસેનને મુક્ત કરૂં છું.
સર્પને તમામ પ્રશ્નોના જવાબ આપ્યા પછી યુધિષ્ઠિરે પોતે સર્પને પ્રશ્ન પૂછ્યો કેઃ સર્પરાજ ! તમો તમામ વેદ વેદાંગના જ્ઞાતા છો તો મને બતાવો કે... ક્યા કર્મના આચરણથી સર્વોત્તમ ગતિ પ્રાપ્ત થાય છે ?
સર્પે કહ્યું કેઃ ભારત ! સત્પાત્રને દાન આપવાથી..સત્ય અને પ્રિય વચન બોલવાથી તથા અહિંસા ધર્મમાં તત્પર રહેવાથી મનુષ્યને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે.

http://suratiundhiyu.wordpress.com/

યુધિષ્ઠિરે કહ્યું કેઃ દાન અને સત્યમાં મોટું કોન છે ? અહિંસા અને પ્રિય ભાષણ... આમાં કોનું મહત્વ વધારે છે ?

સર્પે જવાબ આપ્યો કેઃ રાજન ! દાન..સત્ય..અહિંસા અને પ્રિય ભાષણ...આ બધાનું ગૌરવ કાર્યની મહત્તા અનુસાર જોવામાં આવે છે.કેટલાક દાનથી સત્યનુ મહત્વ વધી જાય છે અને કોઇક સત્ય ભાષણથી દાન અધિક કહેવાય છે..તેવી જ રીતે ક્યાંક તો પ્રિય બોલવાની અપેક્ષાએ અહિંસાનું ગૌરવ વધુ હોય છે અને ક્યાંક અહિંસાથી વધુ પ્રિય ભાષણનું મહત્વ વધુ હોય છે.આમ, તેના ગૌરવ લાઘવનો વિચાર કાર્યની અપેક્ષાથી હોય છે.

યુધિષ્ઠિરે પૂછ્યું કેઃ મૃત્યુકાળમાં મનુષ્ય પોતાનું શરીર તો અહીયાં જ ત્યાગી દે છે તો પછી દેહ વિના તે સ્વર્ગમાં કેવી રીતે જાય છે ? અને કર્મોના અવશ્યામ્ભાવી ફળને તે કેવી રીતે ભોગવે છે ?

સર્પે કહ્યું કેઃ રાજન ! પોત પોતાના કર્મ અનુસાર જીવોની ત્રણ પ્રકારની ગતિ કહેવામાં આવી છે.સ્વર્ગલોકની પ્રાપ્તિ..મનુષ્ય યોનિમાં જન્મ લેવો અને પશુ-પક્ષી..વગેરે યોનિઓમાં જન્મ લેવો તેને જ ક્રમશઃ ઉધ્વગતિ..મધ્યગતિ અને અધોગતિ કહેવાય છે.આ જ ત્રણ યોનિઓ છે.આમાંથી જે જીવ મનુષ્ય યોનિમાં ઉત્પન્ન થાય છે તેમાં જ આળસ અને પ્રમાદનો ત્યાગ કરીને..અહિંસાનું પાલન કરીને દાન..વગેરે શુભ કર્મો કરે છે તો તેને પુણ્યની અધિકતાના કારણે સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે..તેનાથી વિપરીત કારણ ઉપસ્થિત થતાં મનુષ્ય યોનિ તથા પશુ-પક્ષી..વગેરે યોનિઓમાં જન્મ લેવો પડે છે..પરંતુ કામ..ક્રોધ..લોભ અને હિંસામાં તત્પર થઇને જે જીવ માનવતાથી ભ્રષ્ટ થઇ જાય છે..પોતાના મનુષ્ય હોવાની યોગ્યતાને પણ ખોઇ બેસે છે તે તિર્યક યોનિઓમાં જન્મ પામે છે..પછી સત્કર્મોનું આચરણ કરવા માટે નિમિત્ત બનાવવા મનુષ્ય યોનિમાં જન્મ લેવાના કારણે તેની તિર્યક યોનિથી ઉદ્ધાર થાય છે તેના પછી તે જગતના ભોગોથી વિરક્ત થઇ મુક્ત થઇ જાય છે.

યુધિષ્ઠિરે પૂછ્યું કેઃ શબ્દ..સ્પર્શ..રૂપ..રસ અને ગંધ..આનો આધાર શું છે ? તેનું યથાર્થ રીતથી વર્ણન કરો..આપણે તમામ વિષયોને એક સાથે કેમ ગ્રહણ કરી શકતા નથી ? તેનું રહસ્ય બતાવો.

સર્પે કહ્યું કેઃ રાજન ! જેને લોકો આત્મા કહે છે તે સ્થૂળ..સુક્ષ્મ શરીરરૂપી ઉપાધિનો સ્વીકાર કરવાના કારણે બુદ્ધિ..વગેરે અંતઃકરણથી યુક્ત બની જાય છે અને આ ઉપાધિ વિશિષ્ટ આત્મા જ ઇન્દ્રિયોના દ્વારા નાના પ્રકારના ભોગ ભોગવે છે.જ્ઞાનેન્દ્રિયો..બુદ્ધિ અને મન... એ જ આ શરીરમાં તેનાં કરણ (ભોગ સાધન) છે.હે તાત ! વિષયોની આધારભૂત જે ઇન્દ્રિયો છે તેનામાં સ્થિત થયેલ મનના દ્વારા જ આ જીવાત્મા બાહ્યવૃત્તિ દ્વારા ભિન્ન ભિન્ન વિષયોનો ભોગ કરે છે.વિષયોના ઉપભોગના સમયે બુદ્ધિના દ્વારા આ મન કોઇ એક જ વિષયમાં લાગી જાય છે એટલા માટે એક સાથે તેમના દ્વારા અનેક વિષયોને ગ્રહણ કરવા સંભવ નથી.જેને અમે બુદ્ધિ..ઇન્દ્રિયો અને મનથી યુક્ત થતાં "ભોક્તા" કહે છે, તે જ આત્મા કે અનાત્માના ચિન્તનમાં લાગેલા ઉત્તમ..અધમ બુદ્ધિને રૂપાદિ વિષયોની તરફ

http://suratiundriyu.wordpress.com/

પ્રેરીત કરે છે.બુદ્ધિના ઉત્તરકાળમાં પણ વિદ્વાન પુરૂષોને એક અનુભૂતિ દેખાય છે.જ્યાં બુદ્ધિનો લય અને ઉદય થવો સ્પષ્ટ સમજવામાં આવે છે આ જ્ઞાન જ આત્માનું સ્વરૂપ છે અને તે જ તમામનો આધાર છે.રાજન ! બસ આ જ ક્ષેત્રજ્ઞ આત્માને પ્રકાશિત કરવાવાળી વિધિ છે.
યુધિષ્ઠિરે પૂછ્યું કેઃ હે સર્પ ! મને મન અને બુદ્ધિનાં લક્ષણો બતાવવાની કૃપા કરો.અધ્યાત્મ શાસ્ત્રોના વિદ્વાનોએ તે જાણવું અત્યંત આવશ્યક બતાવ્યું છે.
સર્પે કહ્યું કેઃ બુદ્ધિને આત્માને આશ્રિત સમજવી જોઇએ, તેથી તે પોતાના અધિષ્ઠાનભૂત આત્માની ઇચ્છા કરતી રહે છે..નહી તો તે આધારના વિના ટકી શકતી નથી.વિષય અને ઇન્દ્રિયોના સંયોગથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને મન તો પહેલાંથી જ ઉત્પન્ન હોય છે.બુદ્ધિ પોતે વાસનાવાળી નથી.. વાસનાવાળું તો મન જ માનવામાં આવે છે.મન અને બુદ્ધિમાં આટલો જ ભેદ છે.
યુધિષ્ઠિરે પૂછ્યું કેઃ આપનાથી પૂર્વકાળમાં બ્રાહ્મણોનું અપમાન કેમ થયું ?
સર્પે કહે છે કેઃ ધન અને સંપત્તિ મોટા મોટા બુદ્ધિમાન અને શૂરવીર મનુષ્યોને પણ મોહમાં નાખી દે છે. સુખ અને વિલાસનું જીવન વ્યતિત કરનારા તમામ મનુષ્યો તેનાથી મોહિત થઇ જાય છે.

## જ્ઞાન કર્મમાં આવી જાય તો જીવનનો શૃંગાર બને

વિનોદભાઈ મંગળભાઈ માછી(નિરંકારી)

વર્તમાન સમયના સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ “નિરંકારી બાબા” માનવમાત્રને એક પ્રભુ પરમાત્માનું જ્ઞાન કરાવીને જાત-પાંત,વેશભૂષા,ધૃણા,નફરત,વેર વિરોધથી મુક્ત કરીને માનવીયતાનું વસ્ત્ર પહેરાવે છે.બ્રહ્મજ્ઞાનનો નકશો..પ્રેમ..નમ્રતા અને સમદ્દષ્ટિને જીવનનો આધાર બનાવી જીવન જીવવું એ જ મનુષ્યનું કર્તવ્ય છે.બ્રહ્મજ્ઞાન જ માનવને પોતાના નિજ સ્વરૂપનું જ્ઞાન કરાવે છે કેઃ તમામ માનવ સમાન છે..તમામ જીવોમાં એક જ આત્મા નિવાસ કરે છે.સંપૂર્ણ સૃષ્ટિ પરમાત્માનું રૂપ છે.

હું કંઇ જ નથી અને કંઇપણ કાર્ય કરી શકવા સમર્થ નથી..કરણકરાવનહાર પ્રભુ પરમાત્મા છે.. આવી ભાવનાથી યુક્ત થઇને જ મનુષ્યએ વર્તમાન સમયના સદગુરૂના માધ્યમથી એક નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્માના જ્ઞાનને જાણીને તેને અનુરૂપ નેકીના માર્ગ ઉપર ચાલવું જોઇએ.માનવના જીવનમાં “જ્ઞાનનો નકશો,અમલનો રંગ” કેવો ચઢવો જોઇએ તેના વિશે એક દ્દષ્ટાંત જોઇએ.....

http://suratiundhiyu.wordpress.com/

એક સંત મહાપુરૂષ રસ્તા ઉપર જઇ રહ્યા હતા.તેમને પાંચ બદમાશોએ પકડીને તેમની પાસેના પૈસા ઝુંટવી લીધા,ત્યારબાદ મારપીટ કરીને ભાગી ગયા.તે જ રસ્તે થઇને એક સજ્જન વ્યક્તિ પસાર થઇ રહ્યા હતા.સંતની આવી હાલત જોઇને તેમને દયા આવી ગઇ.તેઓ સંતને દવાખાને લઇ જઇ દાખલ કરી ઉપચાર કરાવ્યો.કેટલાક દિવસ પછી સંત મહાપુરૂષને હોંશ આવતાં પેલા સજ્જને પૂછ્યું કેઃ "મહારાજ ! શું આપને યાદ છે કે આપને મારપીટ કરનાર અને આપને લૂંટી લેનાર કોન હતા..?" અહીં દવાખાનામાં આપને કોન લાગ્યું હતું..? તેના જવાબમાં સંત મહાપુરૂષ કહે છે કેઃ "મને પુરેપુરૂ ભાન હતું કે તમે જ મને માર મારી લૂંટી લીધો હતો અને તમે જ મને અહી દવાખાનામાં દાખલ કરી ઉપચાર કરાવ્યો હતો." પેલા સજ્જને મહાત્માને કહ્યું કેઃ મહારાજ ! આપ જરા વિચાર કરીને બોલો ! મહાત્માએ કહ્યું કેઃ હું સાચું જ કહું છું કે તમે સાક્ષાત નિર્ગુણ નિરાકાર પરમેશ્વર આ મહાનુભાવના શરીરમાં આવીને મને પૂછી રહ્યા છો ! જ્યારે મને સજા આપવી હતી તો પાંચ બદમાશોના આત્માના રૂપમાં આવીને તમે જ મને માર્યો.સજા આપ્યા પછી તમે જ વિચાર્યું કે આને જાનથી મારી નાખવો નથી એટલે આ સજ્જનના રૂપમાં આવીને મારી તમામ પ્રકારની દેખભાળ કરાવી અને તમે જ મને પૂછી રહ્યા છો ! મારી દ્દષ્ટિમાં તો જિધર દેખતા હું તૂં હી તૂં હૈ !! કહેવાનો ભાવ સંત મહાપુરૂષના હ્રદયમાં સમયના સદગુરૂ દ્વારા આપવામાં આવેલ પ્રેમ..નમ્રતા..સમદ્દષ્ટિરૂપી જ્ઞાનનો નકશો જેવી રીતે રેખાંકીત કર્યો હોય છે તેના અનુરૂપ જ તેમના જીવનમાં કર્મરૂપમાં રંગ ચઢ્યો હતો.ઇશ્વર સમહ્રદય છે.અમારે પણ અમારા જીવનમાં સમદ્દષ્ટિનો ભાવ ઉત્પન્ન કરીને ભૌતિક તથા આધ્યાત્મિક બંન્ને સ્તર પર ઉન્નતિ કરવાની છે તથા જ્ઞાનના નકશા ઉપર અમલનો રંગ અમારા જીવનમાં ચઢાવવાનો છે..

સાચી માનવતાવાળું જીવન જીવન જીવવાની કામના કરનાર બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ પૂર્ણ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂના માધ્યમથી સબ ઘટવાસી અંતર્યામી નિર્ગુણ નિરાકાર પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.જો પ્રત્યેક માનવ પોતાના વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત કરી તે મુજબ જીવન જીવવાનું શરૂ કરી દે તો અશાંતિ..વૈરમનસ્ય..ચોરી અને વ્યભિચાર..અપરાધ તથા સ્વાર્થ પરાયણતા..માનવ માનવનું જે શોષણ કરે છે તે..લૂંટફાટ..ખૂના મરકી જેવા અત્યારચારો બંધ થઇ જાય તેમાં કોઇ શંકા નથી.

માનવતા એ જ માનવનો ધર્મ છે.જે માનવના હ્દયમાં બ્રહ્મજ્ઞાનો નકશો રેખાંકીત રહે છે,તેમનામાં વર્ગભેદ..વર્ણભેદ હોતો નથી એટલે જ જ્ઞાનીજનો યુગના અવતાર વર્તમાન સમયના સદગુરૂની વાણીને પરમાત્માના સાનિધ્યમાં લઇ જનારી વાણી સમજીને પોતાના જીવનમાં અનુસરણ કરી અમલનો રંગ ચઢાવી ઇમાનદારીના રસ્તે ચાલે છે...!

http://suratiundhiyu.wordpress.com/

# નમસ્કાર એક સુંદર પ્રક્રિયા છે

રજુઆત : વિનોદભાઈ.મંગળભાઈ.માછી

અમોને બ્રહ્મજ્ઞાન (આત્મજ્ઞાન) પ્રદાન કરીને સદગુરૂએ સહજ ભક્તિ સમજાવી છે.જીવનનાં તમામ કર્તવ્યકર્મો કરતાં કરતાં પ્રભુના યશોગાન કરતા રહીને ભક્તિ પથ પર આગળ વધવાનું છે.જે પ્રભુને યાદ કરે છે તે યશ અને માનને સહજમાં પામે છે.બ્રહ્મજ્ઞાન(સત્યની પ્રાપ્તિ) થવાના કારણે તેના તમામ ભ્રમો સમાપ્ત થઇ જાય છે.દ્રશ્યમાન જગતને સત્ય સમજવાનો ભ્રમ બ્રહ્મજ્ઞાનની દિવ્ય રોશનીથી દૂર થાય છે.ભક્તિમાં અહંકારને કોઇ સ્થાન નથી..કારણ કેઃભક્તિમાં નમ્ર ભાવની મહત્તા હોય છે.અમારા અંતઃકરણમાં પ્રભુ-પરમાત્માનો ભાવ અહંકારની અનુપસ્થિતિમાં જ થાય છે. માનવ જેટલો નમ્ર બને છે એટલો તેનો અહંકાર ઓછો થાય છે.સદગુરૂદેવ આપણને પોતાનાથી અધિક બીજાઓનો આદર સત્કાર કરવાનું શિખવે છે. નમસ્કાર(ચરણસ્પર્શ)નું શું માહાત્મય છે ? તેના વિશે મનોવિશ્લેષણ કરતાં અમે નીચેના નિષ્કર્ષ ઉપર પહોચ્યા છીએ...

- નમસ્કાર(ચરણસ્પર્શ) એક સુંદર પ્રક્રિયા છે.
- અમે જ્યારે સંતોના ચરણોમાં નમસ્કાર કરીએ તે સમયે જો અમારૂં અંતઃકરણ વિરોધ કરે તો સમજી લેવું જોઇએ કે આ વાસ્તવમાં અહંકાર જ છે જે અમોને રોકી રહ્યો છે..કારણ કેઃ અહંકાર નમવાનું નહી પરંતુ અક્કડ રહેવાનું જાણે છે.અમારા હ્રદયમાં આવી ભાવના હોય તો તેને દૂર કરવી જોઇએ.અહંકાર ના આવે તેના માટે નિરંતર સંતોના ચરણોમાં ઝુકતા રહેવું જોઇએ...
- બ્રહ્મની સાથે જોડાયેલા વ્યક્તિઓમાં પ્રભુના તેજનો પ્રવાહ પ્રગટ હોય છે.જે પરમ સત્યની સાથે જોડાયેલા છે તેમનામાં આધ્યાત્મિક શક્તિનો વાસ હોય છે.જ્યારે અમારૂં મન બ્રહ્મજ્ઞાનીઓના ચરણોમાં ઝુકે છે ત્યારે મનના વિકારો દૂર થાય છે..તે અમોને અનેક મુશ્કેલીઓમાંથી બચાવે છે.
- ખરાબમાં ખરાબ વ્યક્તિ પણ પોતાની સમક્ષ ઝુકેલા વ્યક્તિના પ્રત્યે કરૂણાશીલ બની જાય છે.
- બ્રહ્મજ્ઞાની મહાપુરૂષોના ચરણ સદગુરૂના ચરણ તુલ્ય જ છે..કારણ કેઃતન..મન..ધન.. સદગુરૂ પરમાત્માની અમાનત છે એટલે આધ્યાત્મિક સ્તરે કોઇ નાનો મોટો નથી.તમામનું શરીર પાંચ તત્વોનું બનેલું છે તથા છઠ્ઠું તત્વ આત્મા પરમાત્માનો અંશ છે જે તમામમાં સમાનરૂપે વિદ્યમાન છે. સંત નિરંકારી મિશનના પ્રસિદ્ધ ગ્રંથ "અવતારવાણી"માં કહ્યું છે કે...

જેને પ્રભુના દર્શન કીધા, એને તમે નમસ્કાર કરો, એમની અંદર પ્રભુ બોલે છે, એમનો તમે સત્કાર કરો, નકલની અંદર અસલ છુપ્યો છે, એ અસલથી પ્રેમ કરો, આ જીવનના ધ્યેયને જાણો, જીવનના

http://suratiundhiyu.wordpress.com/

બેકાર કરો, નિરખી પ્રભુને માની લીધો, એ પર વારી જાઉં હું, કહે "અવતાર"એ પ્રભુ ભક્તને, પલ પલ શિશ ઝુકાવું હું........(અવતારવાણી-૩૧૭) એટલે કે શરીરને નહી,પરંતુ આ પરમ શક્તિને જ નમસ્કાર કરવામાં આવે છે..પરંતુ અહંકાર દૂર થયો છે કે નહી તેની ખબર તો ત્યારે જ પડે છે કે જ્યારે અમે અમારાથી નાની ઉંમરની વ્યક્તિ સમક્ષ પણ નમ્ર ભાવથી શરીરની શ્રેષ્ઠતાનો ત્યાગ કરીને કણકણમાં વ્યાપક પરમ સત્તાનું રૂપ સમજીને નમસ્કાર કરીએ.નમસ્કારમાં શરીરથી વધુ મનને ઝુકાવવું પડે છે.જ્યારે શરીરમાંથી આત્મા (જીવ) નીકળી જાય છે તો તે શરીરને નમસ્કાર કરવામાં આવતા નથી..સાથે સાથે એ તથ્ય પણ ઉલ્લેખનીય છે કે નમસ્કાર તે જ કરે છે જેનામાં આત્મા છે !

"ઝુકતે હૈ વો જિસમે જાન હોતી હૈ..અક્કડ રહેના મુર્દેકી પહેચાન હૈ"

સંતવાણી કહે છે કેઃ સબ ઘટ મેરા સાંઇયા સુની સેજ ના કોઇ, બલિહારી ઉસ ઘટકી જા ઘટ પ્રગટ હોઇ....! આનો અર્થ એ છે કેઃદરેક ઘટમાં પરમાત્માનો વાસ છે તેથી દરેક ઘટમાં પરમાત્માનાં દર્શન કરીને નમસ્કાર કરવા જોઇએ,કારણ કે આ નિરાકાર પ્રભુ પરમાત્માની પૂજા થઇ શકતી નથી,તેમની પૂજા અમે સાકાર રૂપમાં જ કરી શકીએ છીએ, જેમ કે પ્રકાશની પૂજા ત્યારે જ થઇ શકે છે કે જ્યારે તેને પ્રગટ કરવાનાં સાધન દીવો અને વાટ હાજર હોય ! અમે જો પ્રકાશને પ્રગટ કરવાનું ઇચ્છતા હોઇએ તો દિપકનો સહારો લેવો પડે છે..પરંતુ પ્રકાશ અલગ છે..દિપક અલગ છે.જેમકે આત્મા અલગ છે..શરીર અલગ છે.શરીરનું મૃત્યુ થાય છે પરંતુ આત્માનું મૃત્યુ થતું નથી.જ્યારે અમે પ્રણામ કરીએ છીએ ત્યારે શરીરને નહી,પરંતુ ઇશ્વરના અંશ આત્માને પ્રણામ કરીએ છીએ. ઇમાનદારી એક સારો ગુણ છે, તેની વ્યાખ્યા એક ઇમાનદાર વ્યક્તિ પાસેથી જ સમજી શકાય છે. ઇમાનદારીની પૂજા ઇમાનદાર વ્યક્તિની પૂજા કરવાથી જ થાય છે.આ તથ્ય સાકારની મહત્તાને પ્રગટ કરે છે.અજ્ઞાની માનવ લગભગ રોશનીની પૂજાને જ દિપકની પૂજા સમજી બેસે છે.આ જ અમારી ભૂલ છે.

"હમ પૂજારી હૈ રોશની કે, સમજતી હૈ દુનિયા દિયા પૂજતે હૈ"

જો નમસ્કાર કરતી વખતે અમોને ભ્રમ થઇ જાય છે કે..અમે કોઇને નમસ્કાર કેમ કરીએ છીએ ? અથવા તો હું કેટલો મહાન છું કે લોકો મને નમસ્કાર(ચરણસ્પર્શ) કરી રહ્યા છે.આમ,આ બંન્ને ભાવ અહંકારના સૂચક છે..તે અમોને અધઃપતન તરફ લઇ જનારા છે માટે આ ભાવથી બચવું શ્રેયસ્કર છે.ભૂલથી બચવા માટે પોતાની હસ્તીને સદગુરૂ પરમાત્માના શ્રીચરણોમાં ન્યોછાવર કરીને ભક્તિમય જીવન જીવવાનું છે અને આ જ ગુરૂ ભક્તનું લક્ષણ છે.કહ્યું છે કેઃ મિટાદે અપની હસ્તી કો અગર કુછ મર્તબા ચાહે, કી દાના ખાકમેં મિલકર ગુલ એ ગુલઝાર હોતા હૈ

http://suratiundriyu.wordpress.com/

## પાપનું મૂળ લોભ:

રાજા સત્યપ્રિય એક ધર્મનિષ્ઠ શાસક હતો. એકવાર ન્યાય મંદિરમાં ન્યાય તોળતાં મનમાં એવો વિચાર જાગ્યો કે માનવી શામાટે પાપ કરવા વિવશ બની જતો હશે? જો પાપનાં મૂળને નષ્ટ કરીએ, તો પછી કોઇ પ્રવૃત્તિ થાયજ નહી. આમ જો એ પાપથી અળગો રહે, તો કોઇને સજા કરવી પડે નહી અને સમાજ શાંતિપ્રિય બની રહે. આથી રાજાએ ગુરુ સમક્ષ પોતાની આ વિષય પરત્વે જિજ્ઞાસા પ્રગટ કરી, ત્યારે ગુરુએ રાજાએ કહ્યું, 'આનો ઉત્તર તો રાજ્યમાં વસતી રૂપવાન અને ગુણવાન એવી વિદ્યામતી જ આપી શકશે.'

રાજા વિદ્યામતી પાસે અને એણે પોતાના મનમાં જાગેલી સમસ્યા પ્રગટ કરી ત્યારે વિદ્યામતી એ કહ્યું, 'આનો જવાબ મેળવવા માટે તમારે થોડા દિવસ અહીં અતિથિ બનીને રહેવું પડશે.'

રાજાએ તત્કાળ પોતાની અસમર્થતા પ્રગટ કરતાં કહ્યું, 'અરે! હું તો આટલા મોટા વિશાળ રાજનો રાજા છું. બહોળો કારભાર મારે સંભાળવાનો હોય છે. હું તમારે ત્યાં એક ક્ષણ પણ વધુ કઇ રીતે રહી શકું?'

ત્યારે વિદ્યામતીએ કહ્યું, 'એ જે કંઇ હોય તે, પણ તમારે તમારી સમસ્યાનું સમાધાન પ્રાપ્ત કરવું હોય, તો અહીં રહેવું અનિવાર્ય છે.'

આખરે રાજાએ વિદ્યામતીને ત્યાં રહેવાનું નક્કી કર્યું અને રાજ્યમાં સૂચના મોકલાવીકે પોતે એક અતિ આવશ્યક કાર્યને માટે રાજા અન્ય પ્રદેશમાં ગયા છે.

વિદ્યામતી રાત દિવસ રાજાની સંભાળ લેતી હતી. સ્વાદિષ્ટ ભોજન જમાડતી હતી અને એમની સાથે વેદ-ઉપનિષદ ની ચર્ચા પણ કરતી હતી.

સમય જતાં રાજા એના પર આસક્ત બન્યો અને એક દિવસ મોહિતરાજા એ સ્વયં એની સમક્ષ પોતાના પ્રણયનો એકરાર કર્યો.

આ સાંભળીને વિદ્યામતીએ કહ્યું, 'બસ, મહારાજ, હવે તમને તમારા પ્રશ્નનો ઉત્તર મળી ગયો. તમે રાજમહેલમાં નિરાંતે પાછા જઇ શકો છો.'

રાજાને વિદ્યામતીની વાત-વર્તન સમજાયા નહી. હજી એમની સમસ્યાનું સમાધાન મળ્યું નહોતું. વિદ્યામતીએ કહ્યું, 'મહારાજ, પાપનું મૂળ કારણ લોભછે. આપ એના સકંજામાં સપડાઇ ગયા છો. એક વખત આપ અહી એક ક્ષણ માટે વધુ રહેવાને રાજી નહોતા અને આજે તમે મને રાણી બનાવવા માટે તૈયાર થયા છો. આ લોભજ માનવીને અવળે માર્ગે લઇ જાય છે અને બુદ્ધિ ભ્રષ્ટ કરે છે.' વિદ્યામતીનો ઉત્તર સાંભળી રાજા શરમાઇને બોલ્યો, 'તમે સાચું કહો છો. લોભ જ માણસને ખોટેમાર્ગે લઇ જાય છે. આજે હું એ જ અવળે માર્ગે જઇ રહ્યો હતો.' રાજાએ વિદ્યામતીને નમસ્કાર કરીને વિદાય લીધી.

http://suratundhiyu.wordpress.com/

# ભગવદ્ ગીતામાંનો એક પણ અક્ષર નકામો કે કારણ વિનાનો નથી

યે જો હૈ ઝિંદગી - ગીતા માણેક

ભગવદ્ ગીતા સાથેનો મારો સંબંધ કદાચ જન્મથી જ છે. બહુ નાની હતી ત્યારે એક વાર મારા પિતાને પૂછ્યું હતું કે મારું આવું જુનવાણી નામ કેમ રાખ્યું છે? કોઈક સરસ મજાનું મોડર્ન નામ રાખવું હતુંને! એ વખતે પહેલવહેલી વાર ભગવદ્ ગીતાનું નામ સાંભળ્યું. મારા પપ્પાએ મને શક્ય એટલા સરળ શબ્દોમાં સમજાવ્યું હતું કે વિશ્ર્વના સર્વશ્રેષ્ઠ ગ્રંથોમાં જેનું નામ આવે છે, જેમાં જીવન જીવવાના પાઠ છે, જે પોતાનામાં જ એક સુંદર કાવ્ય છે અને સ્વયં કૃષ્ણનું ગીત છે એ ભગવદ્ ગીતા પરથી તારું નામ રાખ્યું છે. ત્યારથી મને મારું નામ ખૂબ ગમવા માંડ્યું.

આ બધી પ્રસ્તાવના એટલા માટે કે આજે વાત કરવી છે ભગવદ્ ગીતાની. ભગવદ્ ગીતા મહાન ગ્રંથ છે અને એ માટે એને આ લખનારના સર્ટિફિકેટની આવશ્યકતા લગરીકેય નથી કે ન તો એ મહાન ગ્રંથ પર ટીકા-ટિપ્પણી કરવાની મારી કોઈ પાત્રતા છે. ત્રણ-ચાર વાર ભગવદ્ ગીતા વાંચી છે અને એના પરનાં ભાષ્યો પણ થોડાંઘણાં વાંચ્યાં છે પણ દરેક વખતે ભગવદ્ ગીતા વાંચવાની શરૂ કરી ત્યારે એક પ્રશ્ર્ન મનમાં આવતો રહ્યો હતો. જેનો જવાબ હમણાં મળ્યો એટલે એની વાત કરવી છે.

ભગવદ્ ગીતાની શરૂઆત ધૃતરાષ્ટ્રના પ્રશ્ર્નથી થાય છે અને પહેલા અધ્યાયના શરૂઆતના શ્ર્લોકોમાં બંને પક્ષે જે યોદ્ધાઓ છે, જે સેના છે એની વાત આવે છે એ તો નાનું ટાબરિયુંય જાણે છે. જ્યારે-જ્યારે ભગવદ્ ગીતા પાસે ગઈ છું ત્યારે ત્યારે એક પ્રશ્ર્ન મનમાં થયો છે કે આટલા મહાન ગ્રંથની શરૂઆત, આજના યુવાનોના શબ્દોમાં કહું તો આટલી બોરિંગ કેમ છે? આ ગ્રંથ જે એક ઉપનિષદ છે. એમાં એકપણ શબ્દ નકામો કે કારણ વિના લખાયો હોય એ વાત માન્યમાં નહોતી આવતી. ભગવદ્ ગીતાને આધ્યાત્મિક કે ધાર્મિક ગ્રંથ ન પણ ગણીએ તોય તે ઉત્તમ કક્ષાની સાહિત્યિક કૃતિ તો છે જ. આવી રચનાની શરૂઆતમાં એના રચયિતા કશુંક પણ લખવા ખાતર લખે એ સ્વીકાર્ય નહોતું અને છતાં એનો સંતોષજનક જવાબ મળતો નહોતો.

કોઈ પણ પ્રશ્ર્ન જો હૃદયપૂર્વક અને ગંભીરતાથી પુછાયો હોય તો એનો જવાબ યોગ્ય સમયે સામેથી આવીને મળતો હોય છે એવો આ લખનારનો અનુભવ રહ્યો છે. ભગવદ્ ગીતાના આરંભના શ્ર્લોક અંગેના પ્રશ્ર્નનો જવાબ પણ આ જ રીતે અચાનક આવી મળ્યો.

‘ઓટોબાયોગ્રાફી ઓફ અ યોગી’ (જેનો ગુજરાતી અનુવાદ-યોગી કથામૃતના નામે ઉપલબ્ધ છે)ના લેખક અને સંત પરમહંસ યોગાનંદ વિશે ઘણા વાચકો પરિચિત હશે. પરમહંસ યોગાનંદના શિષ્ય સ્વામી ક્રિયાનંદનું પુસ્તક ‘ધ ભગવદ્ ગીતા-ભગવદ્ ગીતા કા સાર’ના નામે પ્રસિદ્ધ થયું છે. આ

http://suratundhiyu.wordpress.com/

પુસ્તકમાં સ્વામી ક્રિયાનંદે તેમના ગુરુ પરમહંસ યોગાનંદ દ્વારા ભગવદ્ ગીતા પર કરવામાં આવેલા ભાષ્યને પોતાનાં સ્મરણોના આધારે લખ્યું છે.
ભગવદ્ ગીતાના આરંભના શ્લોક વિશેની સમજણ આ પુસ્તકમાંથી મળે છે જે ઘણા અંશે સમાધાનકારક છે. ભગવદ્ ગીતાને ઐતિહાસિક સંદર્ભમાં જોઈએ તો મહાભારતના યુદ્ધમાં અર્જુન અને કૃષ્ણ વચ્ચેનો સંવાદ છે પણ આ ગ્રંથ આધ્યાત્મિક એટલે કે સાધક માટે દિશાસૂચન અને માર્ગદર્શન કરનારો પણ છે.
મહાભારતનું યુદ્ધ ખરેખર થયું હતું કે નહીં, આ રીતે યુદ્ધભૂમિ પર વચ્ચોવચ ઊભા રહીને અર્જુન અને કૃષ્ણ સવાલ-જવાબ કર્યા હતા કે નહીં એનું પિષ્ટપેષણ ઈતિહાસકારોને કરવા દઈએ. આવી કોઈ ઘટના ખરેખર બની હોય કે ન પણ બની હોય પણ ભગવદ્ ગીતાને માનવીના જીવનસંગ્રામમાં દિશાસૂચન કરનારી ગણીને પરમહંસ યોગાનંદે સમજણ આપી છે.
એક આડ વાત કે ઓશોએ યુદ્ધભૂમિ પર કૃષ્ણ અને અર્જુનના પ્રશ્નોત્તર ચાલતા હતા ત્યારે બાકીના બધા શું તેમનો સંવાદ પૂરો થાય એની રાહ જોતા ઊભા હતા એ મુદ્દાને જે રીતે સમજાવ્યો છે એ પણ એક જુદો જ દૃષ્ટિકોણ છે. તેમણે કહ્યું હતું કે અનેક વાર આપણે વિચારોમાં અમેરિકા કે આપણા ગામમાં અથવા જગતના કોઈ પણ ખૂણામાં પહોંચી જઈએ છીએ. આ બધી જગ્યાએ જો ખરેખર પ્રવાસ કરીને જઈએ તો કેટલી તૈયારી જોઈએ અને કલાકો કે દિવસો પણ લાગી શકે પણ આપણા વિચારોમાં આપણને ત્યાં પહોચતાં કદાચ થોડીક મિનિટો નહીં પણ ક્ષણ જ લાગે. હવે આપણા એ માનસિક પ્રવાસ અને વિચારોમાં આપણે જે જોયું કે અનુભવ્યું એનું વર્ણન કરવાનું કહેવામાં આવે તો કદાચ પાનાંઓ ભરાઈ જાય. ઓશો રજનીશ આ અંગે કહે છે કે કૃષ્ણ અને અર્જુનનો સંવાદ માનસિક સ્તરે થયો છે અથવા ટેલિપથીની એમાં બહુ મોટી ભૂમિકા રહી છે.
આપણી મૂળ વાત પર પાછા આવીએ તો પરમહંસ યોગાનંદે ગીતાને સિમ્બોલિક એટલે કે પ્રતીકાત્મક ભાષામાં વાત કરતો ગ્રંથ પણ ગણાવ્યો છે. જે રીતે કોઈ ટેક્નિકલ કે ભૌતિક, રાસાયણિક, કમ્પ્યુટર કે એવા કોઈ પણ વિષયનું પુસ્તક એક સાહિત્યનો વિદ્યાર્થી કે પછી આ વિજ્ઞાનોની ટેક્નિકલ ભાષા ન સમજતો વેપારી વાંચે તો એને એમાં કંઈ ગડ ન પડે એ જ રીતે એક જાણીતા સંત આનંદમૂર્તિ ગુરુમાના શબ્દોમાં કહીએ તો આવા આધ્યાત્મિક ગ્રંથ જાતે વાંચવાને બદલે કોઈ જ્ઞાની અને એ શબ્દો જેની વાત કરે છે એ અનુભવ સ્વયં મેળવી ચૂકેલા મહાત્મા કે ગુરુ પાસે બેસીને સમજીએ તો જ એ શબ્દોમાં છુપાયેલા ગૂઢાર્થ સુધી પહોંચી શકીએ.
ભગવદ્ ગીતાને રીતસર મહાભારતના યુદ્ધમાં થયેલા સંવાદ તરીકે ન જોઈએ અને આધ્યાત્મિક ગ્રંથ તરીકે જોઈએ તો પરમહંસ યોગાનંદે આપેલી સમજણ અનુસાર શરૂઆતના શ્લોકમાં જે આવે

http://suratiundhiyu.wordpress.com/

છે એ બધા પ્રતીકાત્મક શબ્દો છે, જેમ કે દુર્યોધન પ્રતીક છે ભૌતિક ઈચ્છાઓનું, પાંડવો પ્રતીક છે એ ભૌતિક ઈચ્છાઓના વિરોધમાં ઉન્નતિની આકાંક્ષાનું.

ભગવદ્ ગીતાના દ્વિતીય શ્લોકનું ગીતા પ્રેસના પુસ્તકમાં કરવામાં આવેલો અનુવાદ છે. સંજય બોલ્યો (ધૃતરાષ્ટ્રના પ્રશ્નના જવાબમાં) કે 'તે વખતે રાજા દુર્યોધને વ્યૂહમાં ગોઠવાયેલી પાંડવોની સેનાને જોયા પછી દ્રોણાચાર્ય પાસે જઈને આ વચન કહ્યું.' એ પછીના શ્લોકમાં પાંડવોની સેનામાં ભીમ, અર્જુન, સાત્યકિ, વિરાટ, ધૃષ્ટકેતુ, ચેકિતાન, બળવાન કાશીરાજ, પુરુજિત, કુન્તિભોજ અને પુરુષશ્રેષ્ઠ શૈબ્ય, પરાક્રમી યુધામન્યુ તથા બળવાન ઉત્તમૌજા, સુભદ્રાપુત્ર અભિમન્યુ વગેરેનાં નામ આવે છે.

ભગવદ્ ગીતાના આરંભના શ્લોકમાં જ આવી નામની યાદી આપવા પાછળ એના રચયિતાનું શું પ્રયોજન હશે? આવી શરૂઆત શા માટે કરી હશે? એ પ્રશ્નનો જવાબ પરમહંસ યોગાનંદ કંઈક એવો આપે છે કે આ બધાં નામ ઐતિહાસિક ઘટનાના સંદર્ભમાં જુઓ તો સામસામે લડવા ઉત્સુક થયેલા યોદ્ધાઓનાં છે. પણ આધ્યાત્મિક પ્રેરિપ્રક્ષ્યમાં જુઓ તો દુર્યોધન જે ભૌતિક વાસનાઓનું પ્રતીક છે તે દ્રોણાચાર્ય જે આદતો, પૂર્વ સંસ્કાર અથવા માનસિક અભિગમના પ્રતિક છે તે પોતાના 'ગુરુ'ને પૂછી રહ્યો છે. મતલબ કે ભૌતિક વાસનાઓ આપણી આદતો અને સંસ્કારો પ્રેરિત હોય છે. સાવ સાદું ઉદાહરણ આપીએ તો જે ઘરમાં પૈસાને જ પરમેશ્વર ગણવામાં આવતો હોય એ ઘરનાં સંતાનો વધુ સંપત્તિની વાસના ધરાવતાં હોય એવી શક્યતા હોય છે, કારણ કે તેમને પૈસા કમાવા એ જ જીવનનો ઉદ્દેશ્ય છે એવી સમજણ અથવા સંસ્કાર મળ્યા હોય છે.

ત્યાર પછીના શ્લોકમાં ભીમ, અર્જુન, વિરાટ વગેરેનાં જે નામ આવે છે એ પણ પ્રતીકાત્મક જ છે. જેમ કે, ભીમ શારીરિક ક્ષમતા અને ઊર્જાનું તો અર્જુન જ્વલંત સંયમ, વિરાટ એ ભાવોન્માદભર્યું વ્યક્તિત્વ તો દ્રુપદ પ્રતીક છે ઈન્દ્રિય દ્વારા મળતા આનંદ પ્રત્યે નિ:સ્પૃહતાનું, ધૃષ્ટકેતુ ગમે એવાં પ્રલોભનો સામે સંયમને ટકાવી રાખનાર, ચેકિતાન જેમનામાં આધ્યાત્મિક અનુભવની સ્મૃતિ ધરબાયેલી છે, કાશીરાજ જેમનામાં ઊર્ધ્વગમન તરફ લઈ જતો ભેદ અથવા તફાવતની સમજણ છે, પુરુજિત પ્રતીક છે એવા મનનું જે પોતાની ચેતનાને ભીતર તરફ વાળી શકે છે જેને પાતંજલિ પ્રત્યાહાર કહે છે, કુન્તીભોજ ટટ્ટાર અને સ્થિર શરીરનું પ્રતીક છે જેને યોગ આસન કહીને સંબોધે છે, શૈબલ્ય જેનામાં શિસ્ત અથવા જેને પાતંજલિ નિયમ કહે છે એનું પ્રતીક છે.

આ યાદી બહુ લાંબી છે અને આ દરેક વ્યક્તિ જે ગુણો કે અવગુણોનું પ્રતીક છે એને સમજવાનો પ્રયાસ કરીએ તો એના પર એક આખું ભાષ્ય તૈયાર થઈ શકે, પરંતુ આપણા જેવા આમઆદમી માટે જો ટૂંકમાં કહેવું હોય તો આ આખી યાદી પ્રતીકાત્મક છે જે દર્શાવે છે કે જીવન સંગ્રામમાં અસત્ પર વિજયી થવા માટે પાંડવોના પક્ષે આ બધું હતું અને કૌરવોના પક્ષે જે વ્યક્તિઓ અથવા

http://suratiundhiyu.wordpress.com/

પ્રતીકાત્મક અર્થમાં જોઈએ તો જે અવગુણો હતા એ દરેક વ્યક્તિમાં ઓછાવત્તા અંશે હોય છે. બીજા શબ્દોમાં ભગવદ્ ગીતા બહારની લડાઈની નહીં પણ ભીતરના યુદ્ધની વાત કરે છે. આપણામાં પણ સારી અને નરસી બાજુ છે મતલબ કે પાંડવો અને કૌરવો આપણી ભીતર પણ વસે છે. આ બંને વચ્ચે હરહંમેશ યુદ્ધ ચાલતું રહે છે.

સંત તુકારામના શબ્દોમાં કહીએ તો 'રાત્રિ દિવસ આમ્હા યુદ્ધાચા પ્રસંગ' મતલબ કે અમારે માટે રાતદિવસ જાણે યુદ્ધટાણું-સદ્ અસદ્ બુદ્ધિ વચ્ચે ચાલતો રહેતો સંઘર્ષ.

ભગવદ્ ગીતાની શરૂઆત આપણી ભીતર જે કૌરવો અને પાંડવો છે એની વાતથી શરૂ થાય છે. આપણા આ યુદ્ધમાં આપણા સારથિ તરીકે કૃષ્ણ-કૃષ્ણ ચેતના છે. જો આપણે એ કૃષ્ણ ચેતનાના હાથમાં આપણા રથની લગામ આપી દઈએ, તેના માર્ગદર્શનમાં ચાલીએ તો આપણા આ યુદ્ધમાં આપણી જીત નિશ્ચિત છે.

ભગવદ્ ગીતાનાં આ રહસ્યો જેમ-જેમ નજર સામે ઊઘડતા જાય એમ-એમ આ ગ્રંથને શા માટે આટલો મહાન ગણવામાં આવે છે એની સમજ આવતી જાય અને વિશેષત: આ ગ્રંથમાંનો એકપણ શબ્દ કે અક્ષર નકામો તો નહીં જ પણ સકારણ અને ગર્ભિત અર્થ ધરાવે છે એની ખાતરી થતી જાય છે.

આ ગ્રંથની વિશેષતા એ જ છે કે એને જેટલી વાર વાંચો અને સમજવાનો પ્રયાસ કરો એટલી વાર એ આપણા માટે નવા-નવા ખજાનાઓથી ભરેલી કોશ આપણા માટે ઉઘાડતો જાય છે. દરેક વખતે તે આપણી આંતરિક સમૃદ્ધિમાં ઉમેરો કરતો જાય છે. જ્ઞાનનો આ એક એવો કૂવો છે જેમાંથી જેટલું ઉલેચી શકાય એટલું ઉલેચો.

અમારો એક પરિચિત સાઈકિયાટ્રિસ્ટે ભગવદ્ ગીતાના કૃષ્ણને વિશ્વના સૌપ્રથમ કાઉન્સેલર કહ્યા છે જે ડિપ્રેશ્ડ એટલે કે વિષાદમાં પડેલા અર્જુનનું કાઉન્સેલિંગ કરે છે. તેમણે કૃષ્ણને સૌપ્રથમ કાઉન્સેલર ગણાવતી થિસિસ લખીને પી.એચ.ડી. મેળવ્યું છે તો એક જગ્યાએ એવું વાચ્યું હતું કે ભગવદ્ ગીતાના શ્લોકના શુદ્ધ ઉચ્ચારણથી જે ધ્વનિ તરંગો સર્જાય છે એ વ્યક્તિના શારીરિક અને માનસિક રોગને સાજા કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. આ વિષય પર પણ ઊંડું સંશોધન થયું છે.

## આપણે મનને ભાંગી ના નાખવું જોઈએ

દાદાવાણી-ડીસેમ્બર ૨૦૧૨

http://suratiundhiyu.wordpress.com/

આપણે મનને ભાંગી ના નાખવું જોઈએ. મન નાવડું આ બાજુ વળે તો મોક્ષે જાય ને આ બાજુ વળે તો સંસારમાં ભટકે.સંસારમાં ઊંધે રસ્તેય લઈ જનારું આ મન છે અને સદરસ્તેય લઈ જનારું આ છે. માટે જ્યાં સુધી કિનારે ના પહોંચાય ત્યાં સુધી આ મનને ભાંગી ના નાખીશ.

આ બધી ઇન્દ્રિયોના જેવું મન પણ કામ કરી રહ્યું છે. એનો પોતાનો ધર્મ બજાવી રહ્યું છે. આપણે મનનો ધર્મ જ પોતે લઈ લઈએ છે કે 'હું જ કરું છું. આ મને જ વિચાર આવે છે.' એટલે જ છે તે આ સંસાર ઊભો થાય છે. સંકલ્પ-વિકલ્પ ઊભાં થાય છે. આત્માનો સ્વભાવ શું? મનના ધર્મને જોયા કરે, બુદ્ધિના ધર્મને જોયા કરે, બધાના ધર્મને જોવું. કોણ કયો ધર્મ કેવી રીતે બજાવી રહ્યું છે એ જોવું, એનું નામ આત્માનો ધર્મ.

પ્રશ્નકર્તા : મનમાં વિચારો ઘણી જાતના આવે છે. મન તદ્દન શૂન્ય તો થતું નથી. વિચારો તો આવ્યા જ કરે છે.

દાદાશ્રી : વિચાર એ તો એવું છે ને, આ મન છે તે તમને ઇન્ફોર્મ (જાણ) કરે છે. આ સારું છે, આ ભયવાળું છે, આ આમ છે, તેમ છે, એવું એ એનો ધર્મ બજાવે છે. નહીં તો એ ભયની જગ્યાએ ના ઇન્ફોર્મ કરે તો એને માટે ગુનેગાર ગણાય. એમાં જેટલું તમારે ગ્રહણ કરવા જેવું લાગે એટલું ગ્રહણ કરવું ને બીજું છોડી દેવાનું. મન તો (એનો) ધર્મ બજાવે છે.મન કેવું છે? રડારની પેઠે કામ કરી રહ્યું છે. જે એને નજદીકમાં ભય દેખાય, તો બૂમાબૂમ કરી મેલે. મનનો સ્વભાવ વિચાર કરવાનો છે. આપણે ના કહીએ તોય વિચાર કરે. આપણે કહીએ, 'આવા વિચાર કેમ કરે છે ?' ત્યારે કહે, 'ના, મારે આવાં વિચાર કરવા છે.' જેમ સાસુ ખરાબ મળી હોય, તે સાસુની અથડામણમાં ના આવવું હોય તો છેટા રહીએ, એવું મન જોડે છેટા રહેવું. એને કહીએ, 'તું તારી મેળે બૂમો પાડ્યા કર.'વિચારોને કહી દઈએ કે 'તમારી વાત તમે જાણો, અમે તમારા પક્ષમાં નથી.' એટલે તમે ભગવાનના (આત્માના) પક્ષમાં બેઠા.

જ્ઞાન એક જ એવી વસ્તુ છે કે જ્ઞાનથી મન બંધાઈ જાય. 'હું શુદ્ધાત્મા છું' એ જ્ઞાન ઉત્પન્ન થયા પછી મન જે કૂદાકૂદ કરતું હોય ને, તે તો આપણે જોવાનું ને જાણવાનું. પછી એમાં ડખો રહ્યો જ નહીંને ! પછી એને મન મુશ્કેલીમાં મૂકે નહીં અને જ્ઞાન મળ્યા પછી મન એક્ઝોસ્ટ (ખાલી) થતું જાય. મન કોઈ દહાડો કંટ્રોલમાં રહી શકે નહીં, એ મિકેનિકલ (યાંત્રિક) વસ્તુ છે. છતાં એ જ્ઞાનથી બંધાય એવું છે. એમ કરતું કરતું દહાડે દહાડે મન એક્ઝોસ્ટ (ખાલી) થયા કરે, એટલે છેવટે એ ખલાસ થઈ જવાનું. નવી શક્તિ મળતી નથી, જૂની શક્તિઓ વિખરાયા કરે. તે મન પછી ખલાસ થઈ જવાનું.

http://suratiundrivu.wordpress.com/

પ્રશ્નકર્તા : મન અને આત્મા એકાકાર થાય તો સંસાર, અને મન અને આત્મા બન્ને જુદા રહે તો સંસાર ખલાસ થઈ ગયો?

દાદાશ્રી : હા, એ જ મોક્ષ. એનો સંસાર ખલાસ થઈ ગયો, પછી આ મન છે તે ફેરફાર થઈ અને નાશ થતું જાય. (હવે આપણે) જોયા કરવાનું કે મન શું વિચાર કરે છે. મન ખરાબ વિચાર કરે, સારા વિચાર કરે તોય બસ જોયા કરવાનું નિરીક્ષણ કરવાનું છે ફક્ત. બીજું કંઈ આપણે કરવાનું નથી. વિચાર એ આપણી શક્તિ નથી. એ શક્તિને પોતાની માનવાથી જ આ સંસાર ઊભો થયો છે. મને એમ કેમ વિચાર આવે છે, એવું ના હોય હવે આપણને. કારણ કે આપણે એના માલિક જ નથી, હતાય નહીં અને આ જેમ છે તેમ જાણી ગયા. પછી હવે છૂટા થઈ ગયા.

મનને એવું કશું નથી કે આમ જ બોલવું છે. તમે વાંકા થાવ તો એ વાંકું છે. એટલે નોટેડ ઇટ્સ કન્ટેન્ટસ્ (વિગતોની નોંધ કરી) એવું કહેવાનું. હા, નહીં તો કહેશે, 'મારું માન નથી રાખતા. આ પ્રમાણે નોટેડ (નોંધ લીધી) કહેજો. તે પછી કશું નહીં. પછી બીજી સારી વાત કરશે. કારણ કે આ શરીરમાં મન એક જ ચીજ એવી છે જે સંપૂર્ણ વિરોધાભાસી છે. દરેક રીતે વિરોધાભાસી હોય તો મન છે. મનમાં જે ભાવો છે તે ભાવ પ્રગટ થયા વગર રહે નહીં. કારણ કે મન છે એ બોલ્યા વગર રહે નહીં. એ બોલે તો આપણે કામનું હોય તો સાંભળવું. ના કામનું હોય તો 'તમારી વાત ખરી છે, હવે અમે ચેતવણી લઈશું', કહીએ. મનને ખસેડવાની જરૂર નથી, મારવાનીયે જરૂર નથી. કોઈને મારશો અને તમે મોક્ષે જશો એ ક્યારેય નહીં બને. મનને કહીએ, 'તું તારી મેળે જીવ.' અમે અમારી જગ્યાએ અમારા સ્થાનમાં છીએ, તું તારા સ્થાનમાં છે.

પ્રશ્નકર્તા : વિચારો આવતા હોય અને ગમતા હોય તો ?

દાદાશ્રી : આપણે તો જાગૃતિ જોવા માગીએ છીએ કે બહુ વિચાર આવે પણ તે ચંદુભાઈના છે, તમારે લેવાદેવા નહીં. સારા વિચાર આવે છે, એ મન વિચાર કરે છે ને તમે ચોંટી પડો છો કે 'મને વિચાર આવ્યા, મને વિચાર આવ્યા!' ન્હોય તારા, આ તો મનના છે.

આપણે તો સારા આવે છે કે ખોટા આવે છે, બેઉ વોસરાવી દીધું. આપણે ને એને લેવાદેવા નહીં. વિચાર તો શું ના આવે ? જરાક તબિયત નરમ થઈ ત્યારે કહેશે, મરી જવાશે કે શું ? એય વિચાર આવે. આવે કે ના આવે ? એ બધા વોસરાવી દેવાના.માંદા પડ્યા હોય ને, તો મહીં એમ ચેતવેય ખરું કે 'મરી જવાશે તો ?' ત્યારે આપણે કહીએ કે 'ભાઈ, હા. અમેય હવે બરોબર રેગ્યુલર (નિયમિત) રહીશું એ બાબતમાં. હવે બીજી વાત કરો.' પછી મન બીજી વાત કરે. પણ આ અજ્ઞાની મનુષ્યોનો સ્વભાવ કેવો ? મનને જે વિચાર આવ્યો તેની મહીં તન્મયાકાર થઈ જાય. એટલે પછી આગળની વાત કહેવાની રહી ગઈ, બધું એમાં ડૂબી મરે.

http://suratiundhiyu.wordpress.com/

અજ્ઞાનતા શું ના કરે? તન્મયાકાર થઈ જાય. એ કહેતા પહેલા જ તન્મયાકાર થઈ જાય.
વિચારો ખરી રીતે વિચારો કહેવાતા જ નથી, એ છે તો એક્ઝોસ્ટ થયા કરે છે. મન એ કોઠી ફૂટે એમ ફૂટ્યા કરે છે ને મહીં જાત જાતના ઝળકાટ થાય છે, તેને જોવાનું. પોતે જ માલ ભરેલો. મનનું બધું જ મિનિંગલેસ છે. એ ડિસ્ચાર્જ થતી વસ્તુ છે. એમાં ચાર્જ હોય એ મિનિંગવાળું, ડિસ્ચાર્જ એ બધું મિનિંગલેસ.

પ્રશ્નકર્તા : મન જ્યારે મિનિંગલેસ વાત પર ચઢી ગયું હોય તો શું કરવું જોઈએ ?
દાદાશ્રી : આપણે એમાં તન્મયાકાર નહીં થવાનું. અજ્ઞાન દશામાં તન્મયાકાર થતા હતા. હવે તન્મયાકાર નહીં થવાનું.
આ અમે સાંતાક્રુઝથી અહીં આગળ ટેક્ષીમાં આવતા હોય ને કોઈ જગ્યાએ કોઈ ગાડીઓની અથડામણ થયેલી હોય ને, તો અમારું મનેય કહે કે 'આગળ એક્સિડન્ટ થાય એવું છે.' ત્યારે મેં કહ્યું, 'ભઈ, અમે નોંધ લીધી. તારી વાત બરોબર છે. અમારે જાગૃત રહેવું જોઈએ.' પછી બીજો વિચાર આવે કે 'એવું કશું નથી કે જે તમને એક્સિડન્ટ કરાવે.' ત્યારે આપણે એમ કહેવું કે 'એ અમે નોંધ કરી.' કોઈક જગ્યાએ એક્સિડન્ટ થયેલા હોય, એવી જગ્યાએથી જવાનું થયું તો ત્યાં મન આપણને કહેશે કે 'એક્સિડન્ટ થશે તો ?' તો આપણે જાણવું કે અત્યારે મન-રડાર આવું બતાડે છે. એટલે 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું' એમ આપણે શુદ્ધાત્મામાં પેસી જવું અંદર.
મન વિરોધાભાસી છે. એમાં એક પ્રકારનું નથી. અને જે બાજુ મોઢું ફેરવી આપોને તો એ બાજુ ચાલવા જ માંડે. તમને ફેરવી આપતાં આવડવું જોઈએ. એને મારી-ઠોકીને કહીએ, 'તું ફર, તું ફર.' ત્યારે એ નહીં ફરે. તમે એને ફેરવી આપો ને ! મનનો સ્વભાવ એવો છે, એને ઓળખીને કામ લેવું પડે. એના સામા થવામાં ફાયદો નહીં.
જેનો ઉપાય ના હોય તે બાજુ મન બંધ કરી દેવું, જગત આખુંય જ્યાં ઉપાય નથી ત્યાં આગળ ચિતરામણ કરે છે. એકનો એક છોકરો મરી ગયો ત્યાંય બિનજરૂરી ચિતરામણ બધુંય ! ખોટ ગઈ, એનો ઉપાય કોઈ જાતનો નથી તોય બિનજરૂરી ચિતરામણ!
કોઇને લકવો થયો હોય તો તેને જોઇ આવીએ ને પછી વિચાર આવે કે આપણને આમ લકવો થશે તો ? એ અવળા વિચાર કહેવાય. એને પેસવા જ ના દેવાય. મહીં કોઇ અવળો વિચાર આવે તો તેને પેસવા જ ના દેવો, નહીં તો ઘર કરી જાય. આ ઑફિસમાં ચોર જેવો કોઇ આવે, તે એને પૂછીએ કે 'તું કોણ છે? તારો વ્યવસાય શો છે ?' એને તો પેસવા જ ના દેવાય. આ 'આપણી'

http://suratiundhiyu.wordpress.com/

સ્વતંત્ર રૂમમાં કોઇને પેસવા ના દેવાય. પેસવા દેવું એ જોખમકારી છે, એનાથી તો સંસાર ઊભો છે. અનંત પ્રકારના વિચાર આવે તો કહી દઇએ કે 'ગેટ આઉટ (બહાર નીકળો).'

પ્રશ્નકર્તા : ઇચ્છા ના હોય છતાંયે સાંસારિક વિચાર આવતા હોય ત્યાં શું કરવાનું ?
દાદાશ્રી : આવતા હોય તો એમને કહીએ, 'ટાઈમ થઈ ગયો છે, ગેટ આઉટ. હવે અમારા દવાખાનાનો ટાઈમ થઈ ગયો છે. માટે હવે તમે બહાર જતા રહો.'

પ્રશ્નકર્તા : તમે કહો ગેટ આઉટ, તોય બનતું નથી.
દાદાશ્રી : એ એક ફેરો ના પતે, પાંચ-પચાસ વખત, સો વખત કહો, ત્યાર પછી બંધ થઈ જાય. ઘણા કાળનું ટેવાયેલું એકદમ જાય નહીં. આ અંદર મન ફિઝિકલ ખરું પણ એ જીવતાં જેવું છે. પાવરવાળું તો છે જ. આમ મરી ગયેલું છે, પણ આપણે કહેવાની જરૂર એને.
દાદાશ્રી : મનને નિરોધ કરવા તો શું કરવાનું કહ્યું છે કે ચંપે ના ચઢવા દેશો. એને વહેતું ના મૂકો. સારી લાગી હોય તોય આપણે કહીએ કે આ તો 'ચીજ ખરાબ છે' એવું પાંચ વખત બોલોને, તો એ વસ્તુ નહીં અડે તમને. આ વસ્તુનો, ચીજનો સ્વભાવ એવો છે કે જો તમે ખરાબ બોલો તો અડે નહીં. સારી બોલો તો ચોંટ્યા વગર રહે નહીં. આ જડ વસ્તુનો સ્વભાવ છે એવો. એ પણ આટલું બધું માન રાખે છે.

પ્રશ્નકર્તા : મનનું પણ અપમાન કરવું જોઈએ કે આ (ચીજ) નથી સારી.
દાદાશ્રી : હા, તમે ઇન્સલ્ટ કરો. પછી ખસી ગયા પછી તમારે એમ કહેવું, આપણને અડતું ના હોય ત્યાર પછી કહેવું કે 'મેં આજ ઇન્સલ્ટ કર્યું હતું પણ તમારી માફી માગું છું. હવે ફરી નહીં કરું ઇન્સલ્ટ.' ફરી જમે કરી દેવડાવવું. હા, નહીં તો એ દરેક ક્લેઈમ (દાવો) રાખે છે પોતે.

પ્રશ્નકર્તા : એક વખતે આપે મનને મારવા માટે કીમિયો બતાવ્યો હતો કે મન કહે કે આજે (ટ્રેનમાં) થર્ડ ક્લાસમાં જવું છે, તો ફર્સ્ટ ક્લાસમાં જવું.
દાદાશ્રી : હા, બરોબર. મનનું ચલણ ના ચાલવા દઈએ ત્યારે મન સમજી જાય કે હવે આ સાહેબ આપણા કાબૂમાં નથી અને પછી એ જોરે નહીં કરે, જુલમ નહીં કરે. વખતે જોર કરશે પણ જુલમ નહીં કરે. એ જાણે કે આ કાબૂમાં છે તો ત્યાં સુધી જુલમ કરશે. માટે ગાંઠવું જ નહીં. એ આમ કરે તો આપણે એથી ઊંચું કરવું. એનું નામ વિવેક કહેવાય.

http://suratiundhiyu.wordpress.com/

પ્રશ્નકર્તા : જ્ઞાની પણ મનને છેતરે?

દાદાશ્રી : મનને ખુશ રાખવાનું. ત્યાગીઓ શું કરે ? અડવા ના દે. એટલે પેલું મન રિસાય પછી.આપણે એને ત્યાગ કરાવતા નથી, કશું તોફાન નથી કરાવતા. નહીં તો બહુ ત્યાગ કરાવ્યો હોય ને ત્યારે ચિડાયેલું હોય. હા, બહુ ચિડાયેલું હોય, આપણા બોલતા પહેલા બચકું ભરી લે. તે ચૂંટી ખણીએ ને તે ઘડીએ બચકું ભરી લે. કારણ કે ચિડાયેલું મન તે શું થાય? આ તો જરાય ચિડાયેલું નથી, ઉશ્કેરાટ છે જ નહીં મનમાં. અને ઉશ્કેરેલું કૂતરું કેવું હોય? બચકું ભરી લે. તે મનેય એવું જ છે, બળ્યું. એને 'આ ત્યાગ થાય, આ ત્યાગ થાય', તે કંટાળી જાય પછી.

પ્રશ્નકર્તા : આ બધી ગ્રંથિઓ ઉખેડવા માટે હું શું કરું, જેથી કરીને મારી ગાંઠો નીકળી જાય?

દાદાશ્રી : વિચારો આવે એટલે મહીં ગ્રંથિ હોય તો જ વિચાર આવે અને વધારે વિચાર આવે એટલે એ ગાંઠ મોટી છે. કોઈ માણસ રોજ બ્રાંડી પીતો હોય તો એને બ્રાંડી દહાડામાં બે-ત્રણ વખત યાદ આવે એટલે આપણે જાણીએ કે ગાંઠ આવી મોટી છે. છૂટતાં છૂટતાં ઘણો વખત લાગશે. નહીં તો ગાંઠ નાની હોય ને, તો ચાર-પાંચ વિચારમાં તો ખલાસ થઈ જાય પછી. કારણ કે બંધ પડતો નથી એવી એ નિર્જરી રહી છે. એટલે ખલાસ થઈ જાય. તમને કોઈ પણ વિચાર આવે તો એ ગ્રંથિ મહીં છે જ. એને કહીએ, 'જય સચ્ચિદાનંદ! આવો.' આ સારી છે ને આ ખોટી છે, એની ભાંજગડમાં નહીં પડવાનું. ભરેલો માલ છે એટલે એનો વિચાર આવ્યો.

ગ્રંથિઓ ટાઈમ થાય એટલે ફૂટે જ. એનો ટાઈમિંગ હોય કે અમુક ટાઈમે આ ઊગી નીકળવાની. એટલે ફૂટે ત્યારે આપણે એની મહીં તન્મયાકાર નહીં થવું, એને જોયા કરવું. એટલે એ ગાંઠ ગઈ. અને વખતે તન્મયાકાર થાય એવી ગાંઠ હોય એટલે એ ખાયે ખરું તો ખાનારાને પણ જોવો. એટલે એ ગાંઠ ગઈ બધી. બનતાં સુધી સ્ટ્રોંગ (મજબૂત) રહેવું. કહીએ કે 'એય ! ખાવાનું નહીં.' છતાંય આમ થઈ જાય તો પછી એય જોવું. એટલે ગાંઠ બધી છૂટી જાય. હવે ગાંઠો છૂટવા માંડશે. મન એટલે પાછલા અવતારનો માલ, તે અવતારમાં આપણે ગાંડા હોય કે ઘેલા હોય, જેવો ભરેલો એ આ ફેરે નીકળે છે.

જગત જીતવાનું છે. જો મન જીતે તો જગત જીતાય. મન વશનો રસ્તો શો છે કે 'આપણે કોણ છીએ, આ બધું શું છે, શા માટે છે', એવું થોડુંઘણું આપણને સમજાય તો મન વશ થાય. ગમે એટલા મનના વિચાર આવતા હોય, એ જ્ઞેય છે ને હું જ્ઞાતા છું એવું બોલે તો પરિણામ બિલકુલ શાંત થઈ જાય. જાગૃતિ તો કોને કહેવાય કે વિચાર આવતા પહેલાં સમજાય કે આ તો જ્ઞેય છે ને હું જ્ઞાતા છું. મનના જ્ઞાતા-દ્રષ્ટા રહેવાય ત્યાં સુધી જાગૃતિ લઈ જવાની છે. પછી એ જાગૃતિ, જાગૃતિનું સંભાળી

http://suratiundhiyu.wordpress.com/

લે. મન વશ થઈ જાય તો જ આ સંસારમાં જીત્યા કહેવાય, નહીં તો મન વશ ના થાય તો જીત્યા નહીં.

જ્યાં સુધી જરૂરિયાત હોય ત્યાં સુધી મન સંસારમાં રાખે છે અને તમારી જરૂરિયાત બંધ થઈ જાય, એટલે તમને મોક્ષે પણ એ લઈ જાય છે. એટલે સંસાર સાગરમાં નાવડારૂપે છે એ. તે જ્યારે તમને મોક્ષે જવું હશે ને ત્યારે કિનારા પર પહોંચાડે. કિનારે આવ્યાપછી એને છોડી દેવાનું, અલવિદા આપી દેવાની. ઊતર્યા પછી કહીએ કે 'જય સચ્ચિદાનંદ.' તું ને હું જુદા !

## ગુરૂપૂર્ણિમાનો મહિમા - વ્યાસપૂજા

ગુરૂપૂર્ણિમા એટલે સદગુરૂના પૂજનનું પર્વ. સદગુરૂનો આદર એ કોઇ વ્યક્તિનો આદર નથી પરંતુ સદગુરૂના દેહની અંદર જે વિદેહી આત્મા-પરબ્રહ્મ પરમાત્મા છે તેમનો આદર છે..જ્ઞાનનો આદર છે.. જ્ઞાનનું પૂજન છે..બ્રહ્મજ્ઞાનનું પૂજન છે.        સદગુરૂ સર્વેશ્વરનો સાક્ષાત્કાર કરાવીને શિષ્યને જન્મ-મરણના બંધનથી મુક્ત કરે છે,તેથી સંસારમાં સદગુરૂનું સ્થાન વિશેષ મહત્વનું છે.મહર્ષિ પરાશરની કૃપાથી ભગવાન વેદવ્યાસનું અવતરણ આ ભારત વસુન્ધરા ઉપર અષાઢ સુદ-પૂર્ણિમાના દિવસે થયું હતું.બદરીકાશ્રમમાં બોર ઉપર વનયાપન કરવાના કારણે તેમનું એક નામ "બાદનારાયણ" પણ કહેવામાં આવે છે.વ્યાસદ્વિપમાં પ્રગટ થયા એટલે તેમનું નામ "દ્વૈપાયન" પડ્યું. કૃષ્ણ (કાળા) હતા તેથી તેમને "કૃષ્ણદ્વૈપાયન" પણ કહેવામાં આવે છે.તેમને વેદોનો વિસ્તાર કર્યો એટલે તેમનું નામ "વેદ વ્યાસ" પડ્યું.જ્ઞાનના અસિમ સાગર.. ભક્તિના આચાર્ય..વિદ્વતાની પરીકાષ્ઠા અને અથાહ કવિત્વ શક્તિ ધરાવનાર ભગવાન વેદ વ્યાસથી મોટા કોઇ કવિ મળવા મુશ્કેલ છે.

આ વ્યાસપૂર્ણિમાને સૌથી મોટી પૂર્ણિમા માનવામાં આવે છે,કારણ કેઃપરમાત્માનું જ્ઞાન અને પરમાત્માની તરફ લઇ જનારી આ પૂર્ણિમા છે તેને વ્યાસપૂર્ણિમા પણ કહેવામાં આવે છે.જ્યાં સુધી મનુષ્યને સત્ય જ્ઞાનની જિજ્ઞાસા રહેશે ત્યાં સુધી આવા વ્યાસ પુરૂષોનું..બ્રહ્મજ્ઞાની સંત મહાપુરૂષો આદર પૂજન થતું રહેશે.વ્યાસપૂર્ણિમાના અવસર પર સત્સંગ સમારોહોનું ભવ્ય આયોજન કરવામાં આવે છે.ભગવાન વેદવ્યાસે વેદોના વિભાગ કર્યા..બ્રહ્મસૂત્રોની રચના કરી..પાંચમો વેદ મહાભારત તથા ભક્તિ ગ્રંથ "શ્રીમદ્ ભગવદ્ ગીતા"ની રચના કરી તથા આ સિવાય અન્ય ૧૮ પુરાણો લખ્યા. વિશ્વમાં જેટલા પણ ધર્મગ્રંથો છે,પછી ભલે તે કોઇપણ ધર્મ..પંથના હોય તેમાં જે કંઇ સાત્વિક અને કલ્યાણકારી વાતો લખવામાં આવી છે તે તમામ સીધી કે આડકતરી રીતે ભગવાન વેદ વ્યાસના શાસ્ત્રોમાંથી જ લેવામાં આવી છે એટલા માટે "વ્યાસોચ્છિષ્ટં જગત્સર્વમ્" કહેવામાં આવે છે. વ્યાસ એ સમગ્ર માનવજાતિને સાચો કલ્યાણનો રસ્તો બતાવ્યો છે.વેદવ્યાસની કૃપા તમામ સાધકોના ચિત્તમાં ચિરસ્થાઇ રહે છે.જેના જેના અંતઃકરણમાં આવા વ્યાસનું જ્ઞાન..તેમની અનુભૂતિ અને નિષ્ઠા

http://suratundhiyu.wordpress.com/

જોવા મળે છે તેવા પુરૂષો હજું પણ જે ઉંચા આસન ઉપર બેસે છે તે પીઠને આજે પણ "વ્યાસપીઠ" કહેવામાં આવે છે.વ્યાસપીઠ ઉપરથી વ્યાસને અમાન્ય એવો એક પણ વિચાર કહી શકાય નહી તેથી વ્યાસપીઠ ઉપર બેસનારે વ્યાસ સાહિત્યનો ઉંડો અભ્યાસ કરવો જોઇએ.વ્યાસપીઠ પરથી કોઇની ખોટી નિન્દા કે ખુશામત કરી શકાય નહી,તેમની વાણી સરળ..સ્પષ્ટ..ઉંડી અને સમાજની ઉન્નત્તિ કરાવનારી હોવી જોઇએ. વેદવ્યાસના શાસ્ત્ર શ્રવણ વિના ભારત તો શું વિશ્વનો કોઇપણ વ્યક્તિ આધ્યાત્મિક ઉપદેશક બની શકતો નથી.વેદવ્યાસનું આવું અગાદ્ય જ્ઞાન છે.જે મહાપુરૂષોએ કઠોર પરીશ્રમ કરીને અમારા માટે જે કંઇ કર્યું છે તે મહાપુરૂષોના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર..ઋષિ ઋણ ચુકવવાનો અવસર.. ઋષિઓની પ્રેરણા અને આર્શિવાદ પામવાનો અવસર છે...વ્યાસ પૂર્ણિમા..!!

ભગવાન શ્રી રામ પણ પોતાના ગુરૂના દ્વારે જતા હતા અને માતાપિતા તથા ગુરૂદેવના શ્રીચરણોમાં વિનયપૂર્વક નમન કરતા હતા...

!! "પ્રાતઃકાળ ઉઠી કૈ રઘુનાથા..માતુ પિતા ગુરૂ નાવહિં માથા" !! ગુરૂજનો..શ્રેષ્ઠજનો તથા પોતાનાથી મોટાઓ(વડીલો)ના પ્રત્યે અગાદ્ય શ્રદ્ધાનું આ પર્વ ભારતીય સનાતન સંસ્કૃતિનું વિશિષ્ટ પર્વ છે.આમ,ગુરૂપૂર્ણિમાએ કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને તપ..વ્રત.. સાધનામાં આગળ વધવાનો આ તહેવાર છે.સંયમ..સહજતા..શાંતિ..માધુર્ય તથા જીવતાં જીવ મધુર જીવનની દિશા બતાવનાર પૂર્ણિમા એટલે...ગુરૂપૂર્ણિમા. ઇશ્વરની પ્રાપ્તિની સહજ..સાધ્ય..સાફ સુથરી દિશા બતાવનાર તહેવાર છેઃ ગુરૂપૂર્ણિમા. આ આસ્થાનું પર્વ છે..શ્રદ્ધાનું પર્વ છે..સમર્પણનું પર્વ છે. જેવી રીતે જ્ઞાન વિજ્ઞાન વિના મોક્ષ થઇ શકતો નથી તેવી જ રીતે સદગુરૂની અનુકંપા વિના જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકતી નથી.સદગુરૂ આ સંસાર સાગરમાંથી પાર ઉતારનાર નાવિક અને તેમના દ્વારા આપવામાં આવતું જ્ઞાન નૌકા સમાન છે.મનુષ્ય આ જ્ઞાન પ્રાપ્ત કરીને ભવસાગરથી પાર ઉતરી શકે છે.

ગોસ્વામી તુલસીદાસજી મહારાજ રામચરીત માનસના આરંભમાં ગુરૂની વંદના કરતાં લખે છે કેઃ !! "બંદઉં ગુરૂ પદ કંજ કૃપા સિન્ધુ નરરૂપ હરિ ! મહામોહ તમ પૂંજ જાસુ બચન રવિ કર નિકર" !!

!! રામચરીત માનસ !!

(જે કૃપાના સાગર છે અને નરરૂપમાં શ્રી હરી છે તથા જેમનાં વચન મહા મોહરૂપ ઘોર અંધકારનો નાશ કરવા માટે સૂર્યનાં કિરણોના સમુહ સમાન છે એવા ગુરૂ મહારાજના ચરણકમળની હું વંદના કરૂં છું)

ગુરૂ શબ્દની વ્યાખ્યા અનેક રીતે કરવામાં આવે છે.

- જે શિષ્યના કાનમાં જ્ઞાનરૂપી અમૃતનું સિંચન કરે છે તે ગુરૂ છે..
- જે પોતાના સદઉપદેશના માધ્યમથી શિષ્યનું અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ કરે છે તે ગુરૂ છે.

http://suratiundhiyu.wordpress.com/

- જે શિષ્યના પ્રત્યે ધર્મ..વગેરે જ્ઞાતવ્ય તથ્યોનો ઉપદેશ આપે તે ગુરૂ છે.
- જે વેદ વગેરે..શાસ્ત્રોના રહસ્યને સમજાવી દે તે ગુરૂ છે.
- જેમ જડ વસ્તુને ઉપર ફેંકવા ચેતનની જરૂર પડે છે તેમ જીવહીન અને પશુતુલ્ય બનેલા માનવને દેવત્વ તરફ મોકલવા જીવંત વ્યક્તિની આવશ્યકતા રહે છે.આ વ્યક્તિ એટલે ગુરૂ.
- જે લઘુ નથી અને જે લઘુને ગુરૂ બનાવે છે..જીવનને મનના વશમાં ના જવા દે,પરંતુ જે મનનો સ્વામી છે તે ગુરૂ છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કેઃ ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂ દેવો મહેશ્વર,ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ !! (બ્રહ્માની જેમ સદગુણોના સર્જક..વિષ્ણુની જેમ સદવૃત્તિના પાલક અને મહાદેવની જેમ દુર્ગુણો અને દુર્વૃત્તિઓના સંહારક તેમજ જીવ-શિવનું મિલન કરાવનાર ગુરૂ એ સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા સમાન છે) ગુરૂ કેવા હોવા જોઇએ ? તેના વિશે લખ્યું છે કેઃ

બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિ,
દ્વંન્દ્વાતીતં ગગનસદ્રશં તત્વમસ્યાદિલક્ષ્યમ્ !
એકમ્ નિત્યમ્ વિમલમચલમ્ સર્વાધિસાક્ષીભૂતમ્,
ભાવાતિતમ્ ત્રિગુણરહીતમ્ સદગુરૂ તમ્ નમામિ !!

(બ્રહ્મના આનંદરૂપ..શિષ્યોને પરમ સુખ આપનાર..કૈવલ સ્વરૂપ જ્ઞાનની મૂર્તિ.. સુખ-દુઃખ..વગેરે દ્વંન્દ્વો થી મુક્ત..આકાશ જેવા નિર્લેપ અને ગંભીર..તત્વમસિ" વગેરે..મંત્રો જેનું લક્ષ્ય છે એવા એક સ્વરૂપ.. નિત્ય..નિર્મળ..અચળ..સર્વની બુદ્ધિના સાક્ષીરૂપ..સર્વભાવોથી મુક્ત અને ત્રણ ગુણ વિનાના (ગુણાતીત) એવા શ્રી સદગુરૂને હું નમન કરૂં છું) જેમને જીવનમાં ભોગમાં પણ ભાવ જોયો..તેમના શ્રીચરણોમાં ગયા પછી ભવની ભીતિ(જન્મ-મરણનો ભય) ચાલી જાય તે સદગુરૂ છે.તે જ્ઞાનની મૂર્તિ હોય છે.જ્ઞાન એટલે પ્રકાશ. જેની પાસે પ્રકાશ..ઉત્સાહ..ચૈતન્ય અને સ્ફુર્તિ છે તે જ્ઞાની..તે સુખ દુઃખમાં સમાન રહે છે.આકાશ જેમ બધી જગ્યાએ વ્યાપક છે છતાં નિર્લેપ રહે છે,આવી રીતે જ તે મહાપુરૂષ બધામાં ફરે..સદગુણી-દુર્ગુણીમાં જાય..શ્રીમંત-ગરીબોમાં જાય તેમ છતાં નિર્લેપ રહે છે. તત્વમસિના ત્રણ અર્થ છેઃતેના લીધે તૂં છે..તેનો તૂં છે..અને તે જ તૂં છે. આ મહાપુરૂષનું કંઇ લક્ષ્ય હશે તો તે "તત્વમસિ" છે.જેની પાસે ગયા પછી આપણું મન એક પરમાત્મામાં ચોંટી જાય..કોઇપણ અવસ્થામાં હોઇશું..આપણે આપણું પાપ પણ તેમની સામે ઓંકીશું તો પણ તે આપણાથી નારાજ થઇ નફરત કરતા નથી તે ગુરૂ..! તે વિમલ શુદ્ધ અને અચલ હોય છે. સત્તા..સંપત્તિ..કીર્તિ કે સ્ત્રીના ઝંઝાવતી પવનો તેને હલાવી શકતા નથી..તે ભાવથી અતિત હોય છે..તે ત્રણ ગુણોથી પર હોય છે..આવા તનુમાનસા સદગુરૂના શ્રી ચરણોમાં નમન થાય છે..

http://suratiundriyu.wordpress.com/

માનવને ડગલેને પગલે ગુરૂની આવશ્યકતા પડે છે.વર્તમાન સમયમાં સાત પ્રકારના ગુરૂઓ જોવા મળે છે. (૧) સૂચક ગુરૂઃ ફક્ત ધર્મગ્રંથોની સૂચના આપે છે. (૨) વાચક ગુરૂઃ વર્ણાશ્રમ..ધર્મ-અધર્મ ઉપર વ્યાખ્યાન આપે છે. (૩) બોધક ગુરૂઃ ફક્ત મંત્ર આપે છે. (૪) નિષિધ્ધ ગુરૂઃ સંમોહન..મારન..વશીકરણ..વગેરે તુચ્છ મંત્રોનું જ્ઞાન આપે છે. (૫) વિહિત ગુરૂઃ સંસારમાંના દુઃખ અને નશ્વરતા સમજાવી વૈરાગ્યનો માર્ગ બતાવે છે. (૬) કારણ ગુરૂઃ મહામંત્રનો આદેશ આપીને સાંસારીક રોગ દૂર કરે છે. (૭) પરમ ગુરૂઃ પરમાત્માનાં અંગસંગ દર્શન કરાવી દે છે.જે અહંકાર શૂન્ય તથા શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ

હોય છે.આવા ગુરૂએ આપેલ જ્ઞાનથી જ શિષ્યનું કલ્યાણ થાય છે.ઘણા જન્મોના પુણ્યોથી આવા પરમ ગુરૂ મળે છે.જેને આવા ગુરૂ મળે છે તે જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થાય છે. આ બધી વાતો વાંચી પ્રશ્ન થાય કેઃ શું આપની દ્રષ્ટ્રિમાં એવો કોઇ ગુરૂ છે જે સત્ય પરમાત્માની સાથે જોડે અને મને લક્ષચૌરાશીના આવાગમનથી મુક્ત કરી શકે,જેમના ચરણોની ભક્તિ કરવાથી મારૂં જીવન સાર્થક થાય ? જો આવી જિજ્ઞાસા હોય તો સંપર્ક કરજો,આપે જિજ્ઞાસા અને વિશ્વાસનું પ્રમાણ આપવું પડશે.શંકરાચાર્યજીએ જિજ્ઞાસાને વેરાગ્ય કહ્યો છે.વૈરાગ્ય અને વિશ્વાસની બે પાંખોથી ઉંડીને સદગુરૂના શ્રી ચરણોમાં પહોચી શકાય છે.....

સંકલનઃ શ્રી વિનોદભાઇ મંગળભાઇ માછી (નિરંકારી)
ફોનઃ ૦૯૭૨૬૧૬૬૦૭૫ (મો) - E-mail: vinodmachhi@gmail.com

## આદિ ગુરૂ શંકરાચાર્યજીની સંસારને ચેતવણી

!!...ભજ ગોવિંદમ્ મૂઢમતે...!!

" ભજ ગોવિંદમ્...ભજ ગોવિંદમ્...ભજ ગોવિંદમ્...મૂઢમતે..." આ આદિ શંકરાચાર્યજી મહારાજનું પ્રસિધ્ધ સ્ત્રોત છે.એકવાર એક વ્યક્તિ મૃત્યુથી બચવા માટે આ મંત્રનો જપ કરી રહ્યો હતો.આચાર્યશ્રી ત્યાંથી પસાર થઇ રહ્યા હતા..તો તેમને સમજાવ્યું કેઃ હે મુરખ ! મંત્રથી ક્યારેય મૃત્યુનો ભય દૂર થતો નથી. તું એક નિરાકાર પ્રભુ પરમાત્મા બ્રહ્મ ગોવિંદને ભજ ત્યારે જ યમરાજાના ચુંગુલમાંથી બચી શકીશ.

મૃત્યુ નિકટ આવીને જ્યારે તારા પ્રાણને,
ડકૃંજ કરણે ધાતુ ત્યાં તને ના બચાવી,
એટલે વ્યોમોહ છોડીને સુન આ રહસ્ય ગૂંઢ,

http://suratiundhiyu.wordpress.com/

ભજ ગોવિન્દમ્ ભજ ગોવિન્દમ્ ભજ ગોવિન્દમ્..."

જે માનવ સત્યને છોડીને અસત્યમાં લાગેલા છે,જેને માયા ઠગીનીએ ઠગ્યા છે,જે અપરીવર્તનશીલને ભુલીને પરીવર્તનશીલમાં ભટકે છે. ક્ષણભંગુરના નામમાં અટકી ગયા છે, જે શિતલ જળથી પોતાની તરસ છીપાવવાના બદલે પાણીને એકત્ર કરવામાં વ્યસ્ત છે, સ્વપ્નમાં મસ્ત છે અને મૃત્યુથી ત્રસ્ત છે..એવા માનવો માટે શંકરાચાર્યજીએ મૂઢ શબ્દનો પ્રયોગ કર્યો છે.આદિ શંકરાચાર્યજી એક નિરાકાર બ્રહ્મને જાણતા તથા માનતા હતા.સંસારમાં આજસુધી જેટલા પણ બ્રહ્મજ્ઞાની તત્વદ્રષ્ટા સિધ્ધ મહાપુરૂષો થઇ ગયા તે તમામ એક નિર્ગુણ નિરાકાર બ્રહ્મના ઉપાસક હતા.ભગવાન શ્રી રામ અને ભગવાન શ્રી કૃષ્ણ પણ પોતાના સમયના નિર્ગુણ નિરાકાર બ્રહ્મને માનવાવાળા હતા,કારણ કેઃ રામાયણમાં કહ્યું છે કેઃ સિયારામ મય સબ જગ જાની,કરહું પ્રણામ જોરી જુગ પાની...!!!
શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કેઃ પ્રકૃતિ અને પુરૂષનો સ્વામી પરબ્રહ્મ સર્વ તરફ હાથ-પગ ધરાવનાર,સર્વ તરફ આંખ,મસ્તક અને મુખ ધરાવનાર અને સર્વ તરફ કાન ધરાવનાર છે,કેમકે સંસારમાં એ સૌને વ્યાપીને સ્થિત છે.. (ગીતાઃ૧૩/૧૩) પરંતુ આદિ ગુરૂ શંકરાચાર્યજી તો ભગવાન વિષ્ણુને માનતા હતા કેઃજેમના ચાર હાથ હતા.આ સબંધમાં તેમના જ આ સ્ત્રોતના ૨૪મા શ્લોકનું અનુવાદ જોઇએ.. ""મારા તારા અને અન્યમાં વ્યાપ્ત એક જ વિષ્ણુ,તેથી વૃથા તું ક્રોધિત થાય છે મુજ પર અસહિષ્ણુ.. આત્મરૂપ પરમેશ્વરને જ તૂં સૌ જીવોમાં જાણ,હવેથી તૂં સર્વત્ર ત્યાગી દે ભેદભાવનું જ્ઞાન.." આનાથી સિધ્ધ થાય છે કેઃ જગતગુરૂ શંકરાચાર્યજીએ આવશ્યકતાઓ ઉપર ભાર મુક્યો છે.પરમાત્માને ફક્ત માનવાથી કામ ચાલતું નથી.માનવું એ કલ્પના હોય છે.અસત્ય હોય છે અને જાણવું એ જ્ઞાન હોય છે, વાસ્તવિકતા હોય છે.આજે સૌથી વધુ પ્રમાણમાં લોકો પરમાત્માને જાણીને નહી,પરંતુ માનીને ચાલે છે. જ્યારે તુલસીદાસજી જેવા મનિષીઓએ સ્પષ્ટરૂપમાં કહ્યું છે કેઃ- "" જાને બિનુ ન હોઇ પરતીતિ, બિનુ પરતીતિ હોઇ નહિ પ્રીતિ " જાણ્યા વિના વિશ્વાસ આવતો નથી, વિશ્વાસ પ્રાપ્ત થાય વિના પ્રીતિ થતી નથી અને પ્રીતિ પ્રાપ્ત થયા વિના ભક્તિમાં દ્રઢતા થતી નથી. અથવા સિયારામ મય બસ જગ જાની કરહું પ્રણામ જોરી જુગ પાની... તેમને "જાની" ના બદલે "માની" નથી લખ્યું.. કેમ? કારણ કેઃ તે જાણતા હતા કેઃ જાણવામાં અને માનવામાં સત્ય-અસત્ય, દિવસ-રાત અને આકાશ-પાતાળ જેટલું અંતર છે.શંકરાચાર્યજી પોતાના સમયના બ્રહ્મજ્ઞાની હતા,પરંતુ આજે શંકરાચાર્યજીના નામધારી અનેક લોકો આપણને મળશે,જે તમામને બ્રહ્મજ્ઞાની સમજી લેવાની ભૂલ ના કરીએ. સંત નિરંકારી મિશનના પ્રસિધ્ધ ગ્રંથ "અવતારવાણી"માં ગુરૂદેવ નિરંકારી બાબા કહે છે કેઃ વિના દેખે મન ના

http://suratiundhiyu.wordpress.com/

માને, મન માન્યા વિના પ્રેમ નહી, પ્રેમ વિના ના ભક્તિ થાયે, ભક્તિ વિના ઉધ્ધાર નહી.. ગુરૂ દેખાડે ગુરૂ મનાવે, ગુરૂ જ પ્રેમ શિખવાડે છે, ગુરૂ વિનાની ભક્તિ નકામી, જીવન વ્યર્થ ગુમાવે છે.. સદગુરૂના ચરણોમાં આવી, ઇશ્વરની ઓળખાણ કરો, "અવતાર" ગુરૂની કૃપાળુ દ્રષ્ટ્રિ, જીવનનું કલ્યાણ કરે... (અવતારવાણી-૭૮) લોકો માને છે કેઃ હું ગંગાજી...વગેરે તિર્થો પર જઇને વ્રત કરૂં છું..જે ભક્તિ છે, પરંતુ આદિ ગુરૂ શંકરાચાર્યજીએ તેની અનાવશ્યકતાઓનો ઉલ્લેખ કર્યો છે.તેમના મત અનુસાર જો આપણને જ્ઞાન ના થાય તો આ તમામ નાટક વ્યર્થ છે.તેમને મોહ મુગદ્દરના ૧૭મા શ્લોકમાં લખ્યું છે કેઃ કોઇ તો કરે ગંગાસાગર માટે જ પ્રસ્થાન, કોઇ વ્રતનું પાલન કરે અથવા દે છે દાન.. છતાં સૌનો એક મત છે, જે રહે જ્ઞાન વિહીન, સો જન્મમાં પણ ના પામે મુક્તિ-પદ વો દીન... (ભાવાનુવાદ) એનો અર્થ એ થયો કેઃઆપણે આજદિન સુધી વ્યર્થના કાર્યોમાં ફસાઇ રહ્યા ? હા..આપણે નદીના કિનારે ખૂંટે બાંધેલ નાવની રસ્સી તો છોડી જ નહી અને નાવને ચલાવવા લાગ્યા, ખૂબ હલેસાં માર્યા, પરસેવે રેઝબેઝ થઇ ગયા..!! અને પાછું જોયું તો નાવ ત્યાંની ત્યાં જ..!! જેમ ઘાંચીનો બળદ સેંકડો મીલની મુસાફરી કરે છે છતાં ત્યાંનો ત્યાં જ..!! આવી જ હાલત ફક્ત કર્મકાંડમાં ફસાયેલા રહે છે તે સૌની છે. અવતારવાણી-માં કહ્યું છે કેઃ

ગંગા યમુના સરસ્વતીમાં, ન્હાવાથી જો જાતાં પાપ, તો તો બધાં જ જળચર પ્રાણી, તરી જતાં એ આપોઆપ.. કર્મકાંડમાં ફસાઇ માનવ, પોતાનું જીવન ગુમાવે છે, ગયો સમય પછી હાથ ના આવે, પછી એ નર પસ્તાયે છે.. સંતની સેવા સરખું ઉચું, કોઇ બીજું કર્મ નથી, કહે "અવતાર" જ્ઞાનથી ઉંચો, કોઇ જગતમાં ધર્મ નથી.. જપ-તપથી ના જાણી શકાતો, કર્મ ધર્મથી ઘણો જ દૂર, કહે "અવતાર" મળે જો સદગુરૂ, હટાવી પડદો દેખાડે નૂર... (અવતારવાણી) હવે પ્રશ્ન થાય કેઃ તો પછી જ્ઞાન મળે ક્યાંથી? આ વિષયમાં શંકરાચાર્યજી પોતાના ગ્રંથોમાં બતાવ્યું છે કેઃ કોઇ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂની શોધ કરો. એવા ગુરૂ કે જે આપણને વિનમ્રતા શિખવાડીને પ્રભુ પરમાત્માનાં દર્શન કરાવે.ત્યારબાદ પોતાના ગુરૂના ચરણ કમલોના ભક્ત બની જઇએ, કેમ કેઃ જ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ જ ભક્તિનો ઉદય થાય છે. બ્રહ્મની પ્રાપ્તિ થયા બાદ જ ભ્રમોની સમાપ્તિ થાય છે. કલ્યાણની પ્રાપ્તિ માટે સંત સેવા અને પોતાના ગુરૂની આજ્ઞાનું પાલન પરમ આવશ્યક છે.

અવતારવાણી-માં કહ્યું છે કેઃ પ્રભુ મળેના તિરથ ભ્રમણથી, મળેના ભસ્મ લગાવેથી, જપ-તપ કરવાથી ના મળતો, મળે ના પાઠ કરાવ્યેથી, પુરા ગુરૂના શરણમાં આવી, શીશ ઝુકાવે મળે છે નામ, કહે "અવતાર" ગુરૂના શરણે, ક્ષણમાં મળે છે રમતો રામ.. ભગવાન શ્રી રામ અને ભગવાન શ્રીકૃષ્ણ..વગેરે પોતાના સમયના ગુરૂ જ હતા અને તેમની ભક્તિ કરવાથી જ ભક્તોનું કલ્યાણ થયું હતું. આપણે પણ ગુરૂ પાસેથી જ્ઞાન લઇ પ્રભુ પરમાત્માનાં કણકણમાં દર્શન કરવાના છે..જ્યાં સુધી

http://suratiundhiyu.wordpress.com/

ગુરૂના શાબ્દિક અર્થનો સબંધ છે.આ બે શબ્દો "ગુ" અને "રૂ" ની સંધિ છે. "ગુ" નો અર્થ છે -અંધકાર અને "રૂ" નો અર્થ છેઃ પ્રકાશ. અજ્ઞાનને નષ્ટ કરનાર જે બ્રહ્મરૂપ પ્રકાશ છે તે ગુરૂ છે.ગુરૂ એ આધ્યાત્મિક અજ્ઞાન દૂર કરનાર આચાર્ય છે. જે અંધકારમાંથી પ્રકાશમાં લાવે અથવા જે આત્મિક અજ્ઞાનતાને દૂર કરી આત્મિક બોધ,સ્વંયમનું જ્ઞાન કરાવે તેમને ગુરૂ કહેવામાં આવે છે.. વર્તમાન સમયમાં ગુરૂ માટે સદગુરૂનો શબ્દ પ્રયોગ કરવામાં આવે છે.જ્યારે પુરાતન ગ્રંથોમાં ગુરૂ શબ્દનો જ પ્રયોગ કરવામાં આવેલ છે,તેનું કારણ એ છે કેઃ જેમ અમારા પૂર્વજો દેશી ઘી ને જ ઘી કહેતા હતા, પરંતુ જ્યારથી બનાવટી ઘી બજારમાં આવ્યું છે ત્યારથી ઘી શબ્દની આગળ દેશી ઘી કહેવું આવશ્યક બન્યું છે.જેથી બનાવટી ઘી અને દેશી ઘી ની ઓળખાણ થઇ શકે.તેવી જ રીતે જ્યારથી બનાવટી પાખંડી ગુરૂઓ ફુટી નિકળ્યા છે ત્યારથી ગુરૂની આગળ સત્  શબ્દ લગાવવો આવશ્યક થઇ ગયું છે.સદગુરૂ એટલે સત્ (પરમાત્મા) ને જાણવાવાળા હોય અને શરણે આવેલા જિજ્ઞાસુ ભક્તોને સત્ય પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી દે.સત્(પરમાત્મા) સાથે જોડે તે સદગુરૂ કહેવાય છે. જે ફક્ત કોઇ મંત્ર,તિર્થ,હવન,પુસ્તક,સ્થાન,મૂર્તિ..વગેરે નાશવાન વસ્તુઓની સાથે જોડે છે તેમને સદગુરૂ કહેવામાં આવતા નથી,તેમને તો ગુરૂ ઘંટાલ જ સમજવા જોઇએ.. હરિભજન દ્વારા ઇશ્વરનો સાક્ષાત્કાર કરવો એ જ માનવ જીવનનો વાસ્તવિક ઉદેશ્ય છે. સંત કબીરજીએ સંસાર ને ચેતવણી આપી છે કેઃ આયે થે હરિમજનકો ઓટન લગે કપાસ...(કબીરવાણી) ઇશ્વરે અમોને મનુષ્ય જન્મ પ્રભુ ભક્તિના માટે જ આપ્યો છે,પરંતુ અમો આ સંસારમાં આવીને અહીના સાંસારીક કાર્યોમાં પોતાને એટલા બધા લીન કરી બેઠા છીએ કેઃ જીવનના વાસ્તવિક ઉદેશ્ય સેવા-સુમિરણ-સત્સંગ-ભજનના માધ્યમથી ઇશ્વરની પ્રાપ્તિ કરવાનું ભુલી ગયા છીએ.. ઇશ્વરે મનુષ્યને જીવ રચનાનો શિરોમણી બનાવીને તેને બુધ્ધિ-વિવેક તથા અંતરાત્મા જેવી અનમોલ વસ્તુ પ્રદાન કરીને ઇશ્વર તેની દ્રષ્ટિથી ઓજલ બની નિરાકાર રૂપમાં મનુષ્યની અંદર બિરાજમાન થયેલ છે, પરંતુ સદગુરૂ કૃપા તથા સહાયતા વિના પ્રભુ પરમાત્માનો સાક્ષાત્કાર થવો અસંભવ છે.

અવતારવાણી-માં કહ્યું છે કેઃ

કરી પ્રયત્નો હજાર જોયા પણ દ્રષ્ટિમાં આવ્યો નહી, કહે "અવતાર" ગુરૂએ જ્યાં સુધી ભેદ અમોને સમજાવ્યો નહી, સદગુરૂ પુરાની એ જ નિશાની, પલમાં દેખાડે અંગસંગ રામ, કહે "અવતાર" એ બ્રહ્મજ્ઞાની છે જે દેખાડે બ્રહ્મનું ધામ... (અવતારવાણી)

સંત કબીરજી તો ગુરૂનું મહાત્મય બીજા જ ઢંગથી રજૂ કરતાં કહે છે કેઃ-

ગુરૂ ગોવિંદ દોનો ખડે કાકે લાગૂં પાય, બલિહારી ગુરૂ આપની, જિન ગોવિંદ દિયો બતાય... ઇશ્વર અને સદગુરૂ બંન્ને મારી સમક્ષ વિધમાન છે,પરંતુ મારા પ્રથમ નમન સદગુરૂના ચરણોમાં જ થશે,કે

http://suratiundhiyu.wordpress.com/

જેમની અપાર કૃપાથી જ હું ઇશ્વરનો સાક્ષાત્કાર કરી શકવામાં સમર્થ બન્યો છું.સદગુરૂ આ ધરતી ઉપર ઇશ્વરનો દૈવી પ્રતિનિધિ હોય છે,કે જેના માધ્યમથી જ અમો જેવા અજ્ઞાની જીવો અમારા આત્માને ઇશ્વરરૂપી સાગરમાં લીન કરી શકીએ છીએ.આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિના માટે સમયના સદગુરૂના શરણમાં જવું અનિવાર્ય છે.મનુષ્ય ગમે તેટલા પ્રયત્નો કરે તેમ છતાં સદગુરૂ કૃપા વિના આત્મજ્ઞાન-બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી. આ સંસારમાં ફક્ત ગુરૂ શિષ્યનો સબંધ જ પૂર્ણતયા નિઃસ્વાર્થ હોય છે.સદગુરૂ પોતે પૂર્ણ હોય છે તથા ડગલે ને પગલે અમારી સહાયતા તથા માર્ગદર્શન સ્વાર્થ વિના જ કરતા હોય છે.સદગુરૂ અમારૂં ઉત્તરદાયિત્વ પોતાના શિરે લઇ અમોને કાળના ક્રૂર પંજામાંથી છોડાવી અમારી આત્માને પોતાનું નિરાકાર રૂપ પ્રદાન કરતા હોય છે.સદગુરૂ કૃપાથી પ્રભુ પરમાત્માનાં દર્શન કરી માનવજીવનનો ઉદેશ્ય પ્રાપ્ત કરી આ અસાર સંસાર(ભવસાગર)માં સદગુરૂ રૂપી કુશળ નાવિકની નૌકામાં અવતરણ કરી જન્મ-મરણના આવાગમનથી છુટકારો મેળવી મોક્ષ પ્રાપ્ત કરી શકીએ છીએ. આવા પરમગુરૂના ચરણોમાં લાગીને તુલસીદાસજીની જેમ ગાવાનું છે કેઃ-
જાઉં કહાં તજી ચરણ તિહારો...
જ્યાં ચરણની વાત આવે છે ત્યાં સમજી લેવાનું કેઃ તે વાત સદગુરૂના માટે જ કહેવામાં આવી છે, કારણ કેઃ રામ(બ્રહ્મ) તો... બિનું પદ ચલઇ સુનઇ બિનું કાના, કર બિનુ કરમ કરઇ બિધિ નાના, આનન રહિત સકલ રસ ભોગી, બિન બાની બક્તા બડ જોગી...!! (રામચરીત માનસઃ૧૧૭/૩)
આવું તેમનું સ્વરૂપ છે...!!
અવતારવાણીમાં કહ્યું છે કેઃ- કાન વિના પ્રભુ સૌનું સાંભળે, હાથ વિના કારભાર કરે, પગ વિના પ્રભુ હરતા ફરતા, અને પર્વતને પાર કરે.. નાક વિના પ્રભુ સૂઘીં શકતા, જીભ વિના રાગ ગાય છે, આંખ વિના પ્રભુ દેખે સઘળું, મોઢા વિના પણ ખાયે છે.. આમ તો આનું રૂપ નથી પણ, રૂપ લઇને આવે છે, કહે "અવતાર" અલખની ઓળખ, સદગુરૂ પોતે કરાવે છે.. (અવતારવાણી-૨૫૬)
આ વાત શંકરાચાર્યજીએ ૩૨ મા શ્લોકમાં કહી છે કેઃ ગુરૂ ચરણામ્બુજ નિર્ભર ભક્ત... તેનું ગુજરાતી ભાવાનુવાદ જોઇએ.. શ્રી ગુરૂદેવ ચરણ પંકજનો બની નિર્ભર ભક્ત, આ અસાર સંસારથી તૂં બન અવિલંબ વિમુક્ત, ઇન્દ્રિયયુત મનનું નિયમન કર આ પ્રકાર, જોઇ શકીશ હ્રદય સ્થિત ઇશ્વરને અનિર્વાર.. ધર્મશાસ્ત્રમાં જ્ઞાન પ્રાપ્તિના આઠ અંતરંગ સાધનોના માધ્યમથી જ્ઞાન પ્રાપ્તિની પ્રચલિત પ્રક્રિયાનું વર્ણન કરવામાં આવેલ છે. (૧) વિવેકઃ સત્ અને અસત્ ને અલગ-અલગ જાણવા એ વિવેક છે. (૨) વૈરાગ્યઃ સત્ અને અસત્ ને અલગ અલગ જાણીને અસત્ નો ત્યાગ કરવો,એટલે કેઃસંસારથી વિમુખ થવું એ વેરાગ્ય છે. (૩) શમ..વગેરે ષટ્સંપત્તિ..શમ..દમ..શ્રધ્ધા..ઉપરતિ..તિતિક્ષા અને સમાધાન.. મન અને ઇન્દ્રિયોઓને વિષયોમાંથી હટાવવી એ દમ છે. ઇશ્વર..શાસ્ત્ર..વગેરે ઉપર
http://suratiundhiyu.wordpress.com/

પૂજ્ય ભાવપૂર્વક પ્રત્યક્ષથી પણ વધારે વિશ્વાસ રાખવો એ શ્રધ્ધા છે. વૃત્તિઓનું સંસાર તરફથી હટી જવું એ ઉપરતિ છે..

શરદી-ગરમી,સુખ-દુઃખ,માન-અપમાન...વગેરે દ્વંન્દ્વોને સહન કરવાં તેમની ઉપેક્ષા કરવી તે તિતિક્ષા છે.

અંતઃકરણમાં શંકાઓ ના રહેવી એ સમાધાન છે..

(૪) મુમુક્ષતાઃ સંસારથી છુટવાની ઇચ્છાને મુમુક્ષતા કહે છે.

(૫) શ્રવણઃ મુમુક્ષતા જાગૃત થાય બાદ પદાર્થો અને કર્મોનો સ્વરૂપથી ત્યાગ કરીને શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરૂની પાસે નિવાસ કરતા રહીને,શાસ્ત્રોને સાંભળીને તેના તાત્પર્યનો નિર્ણય કરવો તથા તેને ધારણ કરવો તેને શ્રવણ કહે છે.શ્રવણથી પ્રમાણગત સંશય દૂર થાય છે.

(૬) મનનઃ પરમાત્માનું યુક્તિ-પ્રયુક્તિઓથી ચિન્તન કરવું એ મનન છે.મનનથી પ્રમેયગત સંશય દૂર થાય છે.

(૭) નિદિધ્યાસનઃ સંસારની સત્તાને માનવી અને પરમાત્માની સત્તાને ના માનવી એ વિપરીત ભાવના કહેવાય છે.વિપરીત ભાવના હટાવવી એ નિદિધ્યાસન છે.

(૮) તત્વ પદાર્થ સંશોધનઃ પ્રાકૃત પદાર્થ માત્ર સાથે સબંધ વિચ્છેદ થઇ જાય અને ફક્ત એક ચિન્મય તત્વ શેષ રહી જાય એ તત્વપદાર્થ સંશોધન છે.

આ પરમતત્વને પ્રાપ્ત કરવાની વિધિ બતાવતાં ભગવાન શ્રી કૃષ્ણજી ગીતા(૪/૩૪)માં કહે છે કેઃ તમામ કર્મો જ્ઞાનમાં સમાપ્તિને પામે છે એ જ્ઞાનને તૂં તત્વદર્શી જ્ઞાનીજનો પાસે જઇને જાણી લે.એમને યોગ્ય રીતે દંડવત્ પ્રણામ કરવાથી,તેમની સેવા કરવાથી તેમજ કપટ છોડીને સરળ ભાવે પ્રશ્ન પૂછવાથી પરમાત્મા તત્વને બરાબર ઓળખનારા એ જ્ઞાની મહાત્માજનો તને એ તત્વજ્ઞાનનો ઉપદેશ આપશે.જ્ઞાનના આ માધ્યમથી તૂં તમામ ભૂતોમાં નિઃશેષ ભાવથી પહેલાં પોતાનામાં અને પછી મારા નિર્ગુણ નિરાકાર સ્વરૂપમાં જોઇશ.. (શ્રીમદ્ ભગવદ્ ગીતાઃ૪/૩૪)

સદગુરૂની કૃપાથી જ મનમાં વિધમાન અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય છે અને જ્ઞાનનો પ્રકાશ થતાં તમામ ભ્રમો-સંશયો દૂર થાય છે.સદગુરૂ વિના પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી એ વાતનું પ્રમાણ ધર્મગ્રંથોમાં મળે છેઃ નારદજી જ્યારે વૈકુંઠમાં ગયા તો તેમને અંદર જવાની પરવાનગી ના મળી,કારણ કેઃ નારદજીને કોઇ ગુરૂ ન હતા,જ્યારે તેમને ગુરૂ ધારણ કર્યા ત્યારે તેમને વૈકુંઠમાં પ્રવેશ મળ્યો. વેદ વ્યાસજીના પૂત્ર શુકદેવજીને માતાના ગર્ભમાંથી જ બ્રહ્મજ્ઞાન હતું, એટલા માટે તેમને ગુરૂ ધારણ કર્યા ન હતા,તેથી તેમને પણ વૈકુંઠમાં જવાની પરવાનગી મળી ન હતી.પરમપિતા પરમાત્માના રહસ્યની જાણકારીના માટે તેમને રાજા જનકને ગુરૂ ધારણ કર્યા

http://suratiundhiyu.wordpress.com/

હતા.આમ, ગુરૂ તમામના માટે અત્યંત આવશ્યક છે. ભગવાન વિષ્ણુના અવતાર શ્રી રામચંદ્રજીએ પણ બ્રહ્મર્ષિ વશિષ્ઠજીને ગુરૂ તરીકે ધારણ કર્યા હતા. પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણજીએ મહાત્મા સાંદિપનીજીને ગુરૂ તરીકે ધારણ કર્યા હતા.અર્જુનને ભગવાન શ્રી કૃષ્ણજીએ..સ્વામી વિવેકાનંદજીને રામકૃષ્ણ પરમહંસજીએ બ્રહ્મજ્ઞાન આપ્યું હતું. ગોસ્વામી તુલસીદાસજી રામચરીત માનસમાં લખે છે કેઃ !! ગુરૂ બિન ભવનિધિ તરહિં ન કોઇ, જો બિરંચી શંકર સમ હોઇ...!!

આ સંસાર એક તોફાની સાગર છે તેને પાર કરવા માટે સદગુરૂ જહાજ છે તથા કપ્તાન છે.સદગુરૂ વિના કોઇ ભવસાગર પાર ઉતરી શકતો નથી.તેમની કૃપાથી જ અમે પરમાત્માનાં દર્શન કરી શકીએ છીએ.તમામ શાસ્ત્રો આત્મજ્ઞાન-બ્રહ્મજ્ઞાનની ચર્ચા કરે છે પરંતુ સદગુરૂ વિના ધર્મશાસ્ત્રોનો ઉપદેશ સમજમાં આવતો નથી. સદગુરૂ એ માતા-પિતા-સ્વામી તથા પરમેશ્વર છે.સુખ પ્રદાન કરનાર સાચા મિત્ર છે.જે ક્યારેય સાથ છોડતા નથી.ગુરૂ તમામ પાપોનો નાશ કરનાર પતિત પાવન છે.સદગુરૂનો મંત્ર હરિનો મંત્ર છે.જેના જપવાથી જીવનો ઉધ્ધાર થાય છે.સદગુરૂ મળ્યા પછી તેમની આજ્ઞા અને ઇચ્છામાં ચાલવું શિષ્યના માટે અતિ આવશ્યક છે.ગુરૂની મહિમાનું પૂર્ણ વર્ણન વેદ..આદિ ધર્મશાસ્ત્રો પણ કરી શકતા નથી.ગુરૂને વેદોમાં ઇશ્વરનું રૂપ માન્યું છે. ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂ દેવો મહેશ્વર, ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ !! ગુરૂગીતામાં કહ્યું છે કેઃ ગુરૂથી અધિક તત્વ અર્થાત્ ઇશ્વર નથી,ગુરૂથી અધિક કોઇ તપ નથી અને ગુરૂથી અધિક કોઇ જ્ઞાની નથી. ગુરૂદેવના કૃપા પ્રસાદથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.જેવી રીતે સ્વેચ્છાચારી સ્ત્રી પોતાના પ્રેમી પુરૂષનું ચિન્તન કરે છે તેવી રીતે હંમેશાં પોતાના ગુરૂદેવનું ધ્યાન કરવું જોઇએ. માનવને ડગલેને પગલે ગુરૂની આવશ્યકતા પડે છે.વર્તમાન સમયમાં સાત પ્રકારના ગુરૂઓ જોવા મળે છે. (૧) સૂચક ગુરૂઃ ફક્ત ધર્મગ્રંથોની સૂચના આપે છે. (૨) વાચક ગુરૂઃ વર્ણાશ્રમ..ધર્મ-અધર્મ ઉપર વ્યાખ્યાન આપે છે. (૩) બોધક ગુરૂઃ ફક્ત મંત્ર આપે છે. (૪) નિષિધ્ધ ગુરૂઃ સંમોહન..મારન..વશીકરણ..વગેરે તુચ્છ મંત્રોનું જ્ઞાન આપે છે. (૫) વિહિત ગુરૂઃ સંસારમાંના દુઃખ અને નશ્વરતા સમજાવી વૈરાગ્યનો માર્ગ બતાવે છે. (૬) કારણ ગુરૂઃ મહામંત્રનો આદેશ આપીને સાંસારીક રોગ દૂર કરે છે. (૭) પરમ ગુરૂઃ પરમાત્માનાં અંગસંગ દર્શન કરાવી દે છે.જે અહંકાર શૂન્ય તથા શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ હોય છે. આવા ગુરૂએ આપેલ જ્ઞાનથી જ શિષ્યનું કલ્યાણ થાય છે.ઘણા જન્મોના પુણ્યોથી આવા પરમ ગુરૂ મળે છે.જેને આવા ગુરૂ મળે છે તે જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થાય છે. આ બધી વાતો વાંચી પ્રશ્ન થાય કેઃ શું આપની દ્રષ્ટ્રિમાં એવો કોઇ ગુરૂ છે જે સત્ય પરમાત્માની સાથે જોડે અને મને લક્ષચૌરાશીના આવાગમનથી મુક્ત કરી શકે,જેમના ચરણોની ભક્તિ કરવાથી મારૂં જીવન સાર્થક થાય ?જો આવી જિજ્ઞાસા હોય તો સંપર્ક કરજો,આપે જિજ્ઞાસા અને વિશ્વાસનું પ્રમાણ આપવું

http://suratiundhiyu.wordpress.com/

પડશે.શંકરાચાર્યજીએ જિજ્ઞાસાને વેરાગ્ય કહ્યો છે.વૈરાગ્ય અને વિશ્વાસની બે પાંખોથી ઉંડીને સદગુરૂના શ્રી ચરણોમાં પહોચી શકાય છે.....

સંકલનઃ શ્રી વિનોદભાઇ મંગળભાઇ માછી (નિરંકારી)
ફોનઃ ૦૯૭૨૬૧૬૬૦૭૫ (મો) - E-mail: vinodmachhi@gmail.com

## દુઃખ નિવારણનો ઉપાયઃ સદગુરૂની શરણાગતિ...

આજના વિજ્ઞાને મોટામાં મોટી નદીઓ..ઉંચા પર્વતો..વિશાળ સાગર અને લાંબી પહોળી ધરતીને માપી લીધી છે,પરંતુ માપી શક્યું નથી આ એક નિરાકાર પ્રભુ પરમાત્માને ! વાસ્તવમાં કર્મ કરે છે કોઇ(ઇશ્વર) અને વાહ ! વાહ ! લે છે કોઇ બીજો (અમે). અનાવશ્યક કર્તાપણાના બોજાથી દબાયેલ માનવને દુઃખમાં જીવવાની ટેવ પડી ગઇ છે.તેને સફળતા મળે તો ખુશ થઇ જાય છે અને નિષ્ફળતા મળે તો નિરાશ થઇ જાય છે.વાસ્તવમાં તે માથા ઉપર બોજો લઇને ફરે છે.બોજો કોઇ બીજાનો અને ઉપાડે છે કોઇ બીજો ! બોજો છે આ નિરાકાર પ્રભુ પરમાત્માના કર્તાપણાનો, પરંતુ ઉપાડી રહ્યા છીએ અમે! તેના લીધે જ સફળતા મળતાં અમારામાં અહંકાર આવે છે અને નિષ્ફળતા મળતાં નિરાશ થઇ જઇએ છીએ.

અમારે ગમે તેવી હાલતમાં એ ભુલવું ના જોઇએ કેઃઆસક્તિનું પરીણામ જ વિપત્તિ છે.જ્ઞાન એ માનવનું ગૌરવ છે અને ધ્યાન..ધારણા ભગવાનનાં કરવાનાં છે.સૌથી મોટું આશ્ર્ચર્ય તો ત્યારે જ થાય છે કે જ્યારે અમે કહીએસાંભળીયે છીએ કેઃ હું ના હોત તો આ કામ ના થઇ શકતું ! વિચારણીય વિષય એ છે કેઃ આજે કે કાલે અમારે આ દુનિયા છોડીને જવાનું છે.અમારા પૂર્વજો જઇ ચૂક્યાં છે તેમછતાં આ દુનિયા ચાલી રહી છે.તેમજ પહેલાંના કરતાં વધુ પ્રગતિ કરી છે.આજનો માનવ મંગળ ગ્રહ ઉપર જવાની તૈયારી કરી રહ્યો છે.આવા સમયે એમ કહેવું કેઃહું ના હોત તો આ ના થાત.! એ બિલ્કુલ અસંગત વાત છે.આપણને પ્રભુ પરમાત્માએ આ મહાયજ્ઞમાં કંઇક જવાબદારીઓ નિભાવવાની તક આપી છે તે માટે આ પ્રભુ પરમાત્માનો હૃદયથી આભાર વ્યક્ત કરવો જોઇએ. જેમને આ જવાબદારી અમોને આપી છે તે પ્રભુ પરમાત્માને જાણવા એ આપણી ફરજ છે.તેમને જાણ્યા વિના કરવામાં આવેલ તમામ કર્મ દુઃખનાં કારણ છે.અમારૂં ખાવું-પીવું,પહેરવું-ઓઢવું તથા કુટુંબ-પરીવાર..વગેરે તમામ ધિક્કારલાયક છે કે જો અમોને આ નિરાકાર પ્રભુ-પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત ના કર્યું..! એટલા માટે જ યુગપુરૂષ બાબા અવતાસિંહજી મહારાજે પોતાના પ્રસિધ્ધ ગ્રંથ

અવતારવાણી માં લખ્યું છે કેઃ-

http://suratiundhiyu.wordpress.com/

અતિકૃપા ભગવાને કરીને,આપી સુંદર કાયા છે,
આ તો થાપણ છે ઇશ્વરની,જેને સહુને બનાવ્યા છે,
મનનું માનીને તૂં મૂરખ,વ્યર્થ જ કષ્ટ ઉઠાવે છે,
મારૂં મારૂં કહીને મૂરખ,ખોટો અહમ્ વધારે છે,
ભવ્ય ઇમારત,કુટુંબ-પરીવાર,આ તો સઘળી માયા છે,
દ્રશ્યમાન છે સકળ વિનાશી,હરતી ફરતી છાયા છે,
જે જે વસ્તુ છે જગમાંહી,પ્રભુ તણી જે માને છે,
એ જ કમળવત્ નિર્લેપ રહીને,સાર આ જગનો જાણે છે,
જેનું છે તન તેનું જ સમજો,આ બધું સર્જનહારનું છે,
કહે અવતાર આ પહેલી પ્રતિજ્ઞા,તન-મન-ધન નિરાકાર(પ્રભુ)નું છે....
(અવતારવાણીઃ૯/ક)

આ જ જ્ઞાન છે અને આ જ્ઞાનનો અભાવ એ જ દુઃખ છે.માનવના દુઃખનું બીજું કોઇ કારણ નથી.આ દુઃખને દૂર કરવાનો ઉપાય બતાવતાં સંતોએ કહ્યું છે કેઃ
!! જ્ઞાન અંજન ગુરૂ દીયા,અજ્ઞાન અંધેર વિનાશ !!

હરિ પ્રભુ-પરમાત્મા નિર્ગુણ નિરાકારની સાથે મિલાપ થવો એ જ અજ્ઞાનતાનો વિનાશ છે અને અજ્ઞાનતાનો વિનાશ એ જ દુઃખનો અંત છે.આમ,દુઃખોથી છુટકારો મેળવવાનો એકમાત્ર ઉપાય ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ(નિરંકારી બાબા)ના શરણમાં જઇ અજ્ઞાનતાનો પર્દાફાશ કરવો તમામના માટે જરૂરી છે કે જેથી ભૌતિકતાની આંધળી દોટના પરિણામ સ્વરૂપ પ્રાપ્ત થનાર દુઃખોથી છુટકારો મેળવી શકાય. દરેક સડક તથા ચાર રસ્તાઓ ઉપર કિ.મી. દર્શાવતું બોર્ડ કે પત્થર લગાવેલ હોય છે.જે અમોને તે માર્ગની સ્થિતિ દર્શાવે છે.જો આ નિર્દિષ્ટ દિશામાં ચાલવાનું શરૂ કરી દઇએ તો અમે લક્ષ્ય સુધી પહોંચી જઇએ છીએ. સંપૂર્ણ અવતારવાણી-માં યુગપુરૂષ બાબા અવતારસિંહજી મહારાજ કહે છે કેઃ-

ત્રણે લોકનો માલિક સ્વામી,યુગ યુગમાં ભંડાર ભરે, ઉપજે દયા તો આવી જગમાં,પાપીઓને પાર કરે.. સ્વયં બનાવી સ્વયં જુવે છે,જગતનો સર્જનહાર આ, આ રાજા છે નભ-ધરતીનો,સાચી છે સરકાર આ.. તને જ પ્રભુ પ્રણામ છે મારા,તૂં દેવાધિ દેવ મારો, અવતાર ગુરૂ ના મરે ના જન્મે,યુગે યુગે એક વેશ તારો..... (અવતારવાણીઃ૩૦)

http://suratiundhiyu.wordpress.com/

આ પદમાં સદગુરૂની વાસ્તવિકતાનો સંકેત કરવામાં આવ્યો છે.વિચારવાની વાત એ છે કેઃ શું અમે આ સંકેતને સમજી શક્યા છીએ...?
સંસારમાં જેટલા પણ ધાર્મિક ગ્રંથો છે તે તમામ માનવમાત્રના માટે કિ.મી.ના પત્થર (Milestone) જેવા છે.તમામ ગ્રંથો માનવમાત્રને સમજાવે છે કેઃ- જીવનની સફળતાના માટે સદગુરૂની શરણમાં આવવું અને તેમની કૃપાથી બ્રહ્માનુભૂતિ પ્રાપ્ત કરવી આવશ્યક છે,પરંતુ માનવ લગભગ આ દિશામાં ચાલતો નથી અને શબ્દો તથા ગ્રંથોની પૂજામાં જ લાગી જાય છે.ધાર્મિક ગ્રંથો તથા શબ્દોના સન્માનના માટે મોટા મોટા આડંબરો અને આયોજનો કરે છે,પરંતુ નિર્દિષ્ટ દિશાનું અનુકરણ કરતો નથી તેથી ચૌરાશી લાખ યોનિઓમાં ભટકતો ફરે છે. સંસારની આવી દયનીય હાલત જોઇને હ્રદય દ્રવિત થઇ ઉઠે છે એટલે જ સમય-સમય પર ગુરૂ પીર પયંગબર અવતાર આવીને માનવને માયાના અંધકૂપમાંથી બચાવીને મુક્તિપથ પર આગળ વધારવાનો પ્રયત્ન કરે છે,પરંતુ આજનો માનવ તેમનું અનુકરણ અનુસરણ કરવાના બદલે બાહ્યપૂજા સુધી જ સીમિત રહી જાય છે.પરિસ્થિતિ અમોને વિવશ કરી રહી છે કેઃ-આપણે બધાએ એક ક્ષણ થોભાઇને વિચારવાનું છે કેઃ- શું અમે અમારા સદગુરૂ દ્વારા નિદિષ્ટ દિશામાં ચાલી રહ્યા છીએ...? અમારે વિચારવું જોઇએ કેઃ કિ.મી.દર્શાવતા પત્થરની વિપરીત દિશામાં ચાલવાથી લક્ષ્ય સુધી પહોંચી શકાતું નથી.અમારા મનમાંથી એ ભ્રમ કાઢી નાખવાનો છે કેઃ ગુરૂદેવ જે મનમતિવાળા અને સાકત પુરૂષોની વાતો કરે છે તે અન્ય કોઇના માટે કહે છે ! પરંતુ નિષ્પક્ષરૂપથી આત્મ-વિશ્લેષણ કરવાનું છે કેઃ અમે ગુરૂભક્ત છીએ કે મનમુખ ?

જેવી રીતે માછલીનું જીવન પાણી છે,વૃક્ષની શોભા ફળ-પાન છે.નાવિક વિના નાવ મહત્વહીન છે,પંખી પાંખો વિના ઉડી શકતાં નથી,આત્મા વિના શરીર માટી જ છે, તેવી જ રીતે બ્રહ્મજ્ઞાન વિના માનવજીવન અર્થહીન છે. સત્યનો માર્ગ છોડીને આજનો માનવ ખૂબ જ ખરાબ રીતે બૂરાઇઓમાં ફસાઇ ગયો છે. પાપોના બંધનમાં જકડાઇને ભયભીત છે,જીવન પથ ઉપર ડગમગી રહ્યો છે.પોતાની જ અજ્ઞાનતા તેને ઘૃણા, હિંસા તથા અનૈતિક કાર્યો કરવા પ્રેરિત કરે છે.તે અજ્ઞાનતાના કારણે જ આ અવગુણોનો ભાગીદાર બને છે.મનુષ્યનું દુર્ભાગ્ય છે કેઃ તે પોતાના વાસ્તવિક સ્વરૂપને ઓળખતો નથી તથા પોતાના સ્વરૂપને જાણવાનો પ્રયત્ન પણ કરતો નથી...! ઇશ્વરીય જ્ઞાનને જાણ્યા વિના માનવજીવન અધૂરૂં છે.પૂર્ણ માનવ બનવા બ્રહ્મનું જ્ઞાન પરમ આવશ્યક છે.પરમાત્માને ન જાણવાના કારણે જ માનવ આલોક તથા પરલોક બંન્નેમાં કષ્ટ ભોગવે છે. માનવજીવનનો મુખ્ય ઉદેશ્ય સર્વવ્યાપી..સર્વજ્ઞ..સર્વ શક્તિમાન..નિરાકાર પ્રભુ પરમાત્માને

http://suratiundriyu.wordpress.com/

જાણવા તથા બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો છે.આ દિવ્યજ્ઞાન માનવજીવનમાં સમરસતા લાવે છે, જીવનને સુખી બનાવે છે,પરમાનંદ પ્રદાન કરે છે.ગુરૂદેવ હરદેવસિંહજી મહારાજ (નિરંકારી બાબા) આ દિવ્યજ્ઞાનને સહજતાથી સરળ વિધિથી ઉપલબ્ધ કરાવે છે.

બ્રહ્મજ્ઞાન પ્રદાન કરવા માટે કોઇપણ પ્રકારના કર્મકાંડની આવશ્યકતા નથી.વિભિન્ન પ્રકારના કર્મકાંડમાં લાગેલા લોકોને ગુરૂદેવ બ્રહ્માનુભૂતિની વાત કરે છે.સંત નિરંકારી મિશન તમામ ધારણાઓ તથા તેમના સિધ્ધાંતોનું સન્માન કરે છે તથા તમામ ધારણાઓના સારતત્વ ભાઇચારાની ભાવના માં વિશ્વાસ રાખે છે.બંધુત્વને મહત્વ આપે છે. ટૂંકમાં તમામ ધારણાઓની મૂળ ભાવના આપસી સદભાવ છે.ગુરૂદેવ હરદેવજી મહારાજ કહે છે કેઃ ઇશ્વર એક છે તથા એક જ ધર્મ છેઃ માનવતા. આ ધર્મનું મૂળ છેઃ પ્રેમ અને નમ્રતા. સદભાવના તેનાં પુષ્પો છે. સદગુરૂ વાસ્તવિક સત્યને અભિવ્યક્ત કરે છે.પ્રત્યેક માનવને સાર્થક જીવન જીવવાની કળા શિખવાડીને તેની વૃત્તિ આધ્યાત્મિક બનાવે છે.જીવન એવું હોવું જોઇએ કેઃજેમાં દિવ્યજ્ઞાનની જ્યોતિ હોય,વિનમ્રતા-કરૂણા-સહનશીલતા-સંવેદનશીલતાની ભાવનાથી રંગાયેલ હોય,ઇશ્વરના પ્રત્યે આસ્થાવાન હોય, બ્રહ્મજ્ઞાનમાં નિષ્ઠા હોય.

શાંત સ્વભાવ,સરળ જીવન,સહનશીલતા,સહિષ્ણુતા,સંવેદનશીલતા,સમરસતા,પ્રેમ,નમ્રતા અને સમદ્રષ્ટિ વગેરે..ગુણો ભક્ત હોવાનાં પ્રમાણ છે.
ધીરજ-સંયમને સમદૃષ્ટિ,સંતોનાં આભૂષણ છે, અને શૃંગાર હરિના જનનો,હરિ ઇચ્છામાં જીવન છે.
(અવતારવાણીઃ૨૮)

સદગુરૂ સંપૂર્ણ માનવજાતિને મુક્તિ(મોક્ષ) અપાવવા અવતરીત થાય છે.સદગુરૂ તે જ છે જે સર્વવ્યાપી નિરાકાર પ્રભુ પરમાત્માની વાસ્તવિકતાને અભિવ્યક્ત કરે છે.સદગુરૂ એ છે જે જિજ્ઞાસુઓને સાંસારીક મહાસાગરની પ્રજ્વલ્લિત અગ્નિથી બચાવીને સાંસારીક મોહ-માયાના બંધનોમાંથી છુટકારો અપાવે છે. નિરાકાર પ્રત્યક્ષ દેખાડે, એ સદગુરૂ કહેવાય છે,

સદગુરૂ કૃપા કરી સેવકની,નૌકા પાર લગાવે છે... અવતારવાણીઃ૧૦૧ સદગુરૂના દિવ્યજ્ઞાનની ઝલક માત્રથી હ્રદય શુધ્ધ થઇ જાય છે.માનવની વૈરમનસ્યતા દૂર થાય છે.સદગુરૂના ચરણકમલોની રજ માથે લગાવવાથી તમામ માનસિક બાધાઓ નષ્ટ થાય છે. ગુરૂદર્શનનું ફળ છે ઉત્તમ, મનને અતિ પવિત્ર કરે, ગુરૂ ચરણોની રજને પામે, મનના મેલને દૂર કરે, જેને ગુરૂની

http://suratiundriyu.wordpress.com/

સંગત મળતી, એ પ્રભુના ગુણ ગાઇ શકે,      નિરાકાર(પ્રભુ)ના પાવન ઘરમાં, એ નર નિવાસ પામી શકે... (અવતારવાણીઃ૧૦૮)

સદગુરૂની મહિમા જાણવાથી સાચા ભક્તના વ્યક્તિત્વમાં નિખાર આવે છે.ભાષા સરળ,મધુર તથા ઓજસ્વી બને છે,તે બીજાઓને પ્રભાવિત કરીને પોતાની તરફ આકૃષ્ઠ કરે છે.તેવા સંતના ચેહરા ઉપર વિશેષ પ્રકારની લાલિમા દૃષ્ટિગોચર થાય છે.  સદગુરૂની મહિમા ગાવાથી કલહ-કલેશ દૂર થાય છે,મનની અંદર નૂર થાય,મનમાં શિતળતા આવે,પત્થરમાં પણ કોમળતા આવે છે,પાપી પણ પાવન થાય છે,અમરત્વની પ્રાપ્તિ થાય છે. સંતજનો ની  કૃપાથી ગુરૂની મહિમા ગાવો જેથી જગતની તૃષ્ણા છૂટે છે. સદગુરૂની શરણમાં જવાથી મારા મનમાં વ્યાપ્ત સંદેહ-ભ્રમો-ભ્રાન્તિઓ દૂર થઇ જાય છે.સદગુરૂની શરણમાં જવાથી મારા દુઃખો તથા પરેશાનીઓ દૂર થયાં છે.સદગુરૂની કૃપાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી દરેક સ્થાન પર, દરેક ક્ષણે,પલ પલ આ નિરાકાર પ્રભુ પરમાત્માનાં દર્શન કરૂં છું.આ પ્રભુની કૃપાથી પાપ તથા દુઃખોથી છુટકારો મળ્યો છે તેથી આત્મિક શાંતિ પ્રાપ્ત થઇ છે.આવી સ્થિતિ પ્રાપ્ત થયા પછી સંતે કોઇ અન્યની શરણમાં જવાની આવશ્યકતા નથી.સંતને સદગુરૂની કૃપા તથા અનુકંપા ઉપર પૂર્ણ વિશ્વાસ હોય છે.સદગુરૂની કૃપા થવાથી જન્મ-મરણના ચક્કરમાંથી છુટકારો મળી જાય છે.સાચો ભક્ત દિવસ રાત દરેક સમયે સદગુરૂની મહિમા ગાવામાં નિમગ્ન રહે છે,તે સમર્પિત ભાવથી પૂર્ણ શ્રધ્ધા,વિશ્વાસ તથા આસ્થાથી સદગુરૂના પ્રત્યે નિષ્ઠાવાન હોય છે.આ ભાવ વ્યક્ત કરતાં યુગપુરૂષ બાબા અવતારસિંહજી મહારાજ કહે છે કેઃ--  સદગુરૂના શરણે આવ્યો તો, ભ્રમ ભ્રાંતિ થઇ ગયાં દૂર,  ચિન્તા મનની મટી ગઇ છે, જ્યાં જોઉં ત્યાં તારૂં જ નૂર..... (અવતારવાણીઃ૨૭૦) સર્વશક્તિમાન સર્વવ્યાપી નિરાકાર પ્રભુનાં દર્શન કર્યા વિના તેમની પ્રશંસા તથા મહિમાનાં ગાન કરવાં એ પાણીમાં આગ લગાવવા સમાન નિષ્ફળ જ છે.      વગર ઓળખે પ્રભુ યશ ગાવો, આકાશે અડવા જેવું છે, વગર ઓળખે પ્રભુ યશ ગાવો, અજાણ રસ્તે જવા જેવું છે, નિજ આંખે નિરખી યશ ગાવો, એ જ અસલ મોટાઇ છે, અવતાર મળ્યા જેને સદગુરૂ પુરા,એને જ દૃષ્ટિ પામી છે..... (અવતારવાણીઃ૧૪૪) નિરાકારને જાણી જે નર, માલિકના ગુણ ગાયે છે, જન્મ મરણમાં કદિ ના જાતો, મુક્તિ પદને પામે છે, વિના દેખે પૂજા અર્ચન, ભૂલી રહ્યો છે સૌ સંસાર, અવતાર ગુરૂ જો કૃપા કરે નહી,તો ના દેખે નિરંકાર.....(અવતારવાણીઃ૧૪૬)
જે સાચા ભક્તો એ પ્રભુની ઓળખાણ કરી લીધી છે અને ત્યારબાદ પ્રભુની મહિમાનું ગાન કરે છે તે યોનિચક્રથી બચી જાય છે, તે હંમેશના માટે મુક્ત થઇ જાય છે. ઇશ્વર પ્રભુ પરમાત્માનું કોઇ રૂપ રંગ આકૃતિ કે આકાર નથી તેથી સ્પષ્ટ છે કેઃપ્રભુ નિરાકાર છે. આ નિરાકાર પ્રભુ પરમાત્માનાં દર્શન ફક્ત સદગુરૂ જ કરાવી શકે છે.સંસારમાં લાખો દાની છે પરંતુ સદગુરૂ જેવો કોઇ દાતા નથી.સદગુરૂ

http://suratiundhiyu.wordpress.com/

કૃપા વિના હરિ મિલન સંભવ નથી.અવતારવાણીમાં કહ્યું છે કેઃ- માનવ ઇશ્વરને શોધવામાં પોતાનું જીવન વ્યર્થ બરબાદ કરે છે,તેમછતાં ઇશ્વરની પ્રાપ્તિ કરી શકતો નથી.સદગુરૂ સમર્થ હોય તો તે ક્ષણભરમાં નિરાકાર પ્રભુ પરમાત્માનો બોધ કરાવી દે છે.જ્યારે સદગુરૂની કૃપા થાય છે તો પ્રભુની પ્રતીતિ થાય છે,પ્રતીતિ પછી જ પ્રભુની સાથે પ્રીતિ થાય છે. આપો આપ પ્રેમ ના ઉપજે, પ્રભુ ચાહે તો થાયે છે,

મનનો દિપક ગુરૂ પ્રગટાવે, તો પ્રજ્વલિત થાય છે, પૂરા ગુરૂની કૃપા વિનાનો, કોઇ જ થાતો પાર નથી, લાખ કરે પણ વિના પતિનો, નારીનો શૃંગાર નથી, સત્ય પુરૂષને જે બતલાવે, એ જ સદગુરૂ પુરા છે, જે મંત્ર આપે છે કેવળ, એવા ગુરૂ અધૂરા છે, શું કરવા છે એવા ગુરૂને, જેઓ ભ્રમ મિટાવે નહી, શાના જ્ઞાની ધ્યાની શાના,જો જ્ઞાની સમ કર્મ નહી,

પુરા સદગુરૂ એક જ ક્ષણમાં રામની સંગે મિલાવે છે, વારંવાર "અવતાર" ગુરૂ પર, વારિ વારિ જાયે છે.... (અવતારવાણીઃ૧૬૮)

સર્વવ્યાપી નિરાકાર પ્રભુ જ સત્ય છે.સત્ય એ જ પરમાત્મા છે.માનવના અંતઃકરણમાં આ પ્રભુનો જ નિવાસ છે.આત્મા પરમાત્માનો જ સનાતન અંશ છે.આ મહાનતમ અનુપમ સત્તાની ઝલક સદગુરૂને પ્રસન્ન કર્યા વિના મળતી નથી.જેવી રીતે દિપક વિના અંધકાર દૂર થતો નથી,ગંદાં કપડાં સાબુ વિના સાફ થતાં નથી,અધ્યાપક વિના શિક્ષણ પ્રાપ્ત થઇ શકતું નથી.માર્ગદર્શક વિના ગન્તવ્ય સ્થાન સુધી પહોચી શકાતું નથી, જેવી રીતે શરીરને સ્વચ્છ બનાવવા માટે સ્નાન કરવું આવશ્યક છે તેવી જ રીતે દિવ્યજ્ઞાનની પ્રાપ્તિના માટે સદગુરૂની શરણમાં જવું પરમ આવશ્યક છે. ભ્રમોથી બચવા માટે બ્રહ્મનું જ્ઞાન જરૂરી છે. તેના માટે ફક્ત ધર્મગ્રંથોનું પઠન-પાઠન સમાધાન નથી.ધર્મગ્રંથોમાં જે કંઇ લખ્યું છે તેના અનુરૂપ આચરણ  કરવું પડશે જ...!!  ગુરૂદેવ કહે છે કેઃતારી ચારે બાજું નિરાકાર પ્રભુ પરમાત્મા વિધમાન છે,તે પહેલાં પણ તારી સાથે હતા.આજે પણ તારી સાથે છે અને હંમેશા તારી સાથે જ રહેવાના છે તેમછતાં ગુરૂની કૃપા વિના તૂં તેને પામી શકતો નથી.જેવી રીતે દર્પણમાં ચહેરો અને દૂધમાં ઘી સમાયેલું છે.તેવી જ રીતે આ નિરાકાર પ્રભુ પરમાત્મા આ સૃષ્ટિમાં સમાયેલા છે.તેના માટે સદગુરૂની કૃપાથી જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત કરવાની જરૂરી છે અને આ જ દુઃખ નિવારણનો સાચો ઉપાય છે.

સંકલનઃ શ્રી વિનોદભાઇ મંગળભાઇ માછી (નિરંકારી) , ફોનઃ ૦૯૭૨૬૧૬૬૦૭૫ (મો), **E-mail: vinodmachhi@gmail.com**

http://sulatundhiyu.wordpress.com/

# અવધૂત ગુરૂ દત્તાત્રેય અને તેમના ૨૪ ગુરૂઓ......

ભારતીય ઇતિહાસમાં એક મહાન ઋષિ થઇ ગયા,જેમનું નામ હતું : ગુરૂ દત્તાત્રેય.એકવાર યાદવ કૂળના પ્રમુખ યદુ મહારાજ તેમને મળવા આવ્યા અને પ્રશ્ન પુછ્યો કેઃમહાત્માજી ! આપ આટલા મહાન જ્ઞાની, વ્યવહાર કુશળ અને દરેક પ્રકારે જીવનમાં સફળ કેવી રીતે બન્યા? આ ભયાનક ખટપટથી ભરેલા સંસારમાં રહીને તમારી બુધ્ધિમત્તા,કર્મનિપુણતા,દક્ષતા અને તેજસ્વીતા કેવી રીતે ટકી રહી?કામ,ક્રોધમાં બળવાવાળી આ દુનિયામાં રહીને સમાધાની,તૃપ્ત,સંતૃષ્ટ અને પ્રસન્ન તમે કેવી રીતે રહી શકો છો?

અવધૂત ગુરૂ દત્તાત્રેય ઋષિએ સમજાવ્યું કેઃ હે રાજા ! મેં બૃધ્ધિના વિકાસ માટે તથા વિશ્વમાં પોતાને સુરક્ષિત અને સફળ બનાવવા કુલ ૨૪ જીવો તથા પદાર્થોની પાસેથી તેમને ગુરૂ માનીને તેમની પાસેથી બોધ પ્રાપ્ત કર્યો છે.પોતાની સન્મુખ ઉપસ્થિત તમામ પદાર્થોના વિશેષ ગુણોને સમજીને તેને જીવનમાં અપનાવી લેવા,તેનામાંથી શિક્ષણ પ્રાપ્ત કરવું એ જ વાસ્તવિક શિષ્યભાવ છે.ઘણા લોકો એક જ ગુરૂ કે એક જ પ્રકારનું વિશેષ જ્ઞાન પ્રદાન કરે છે તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાનું ઇચ્છે છે,પરંતુ ઋષિએ સમજાવ્યું કેઃ જ્યાં સુધી  પૂર્ણતઃ જ્ઞાન પ્રાપ્ત ના થાય ત્યાં સુધી અલગ અલગ વિષયોના ગુરૂઓને ધારણ કરતા રહો.

1) પૃથ્વીઃ પૃથ્વીનેસર્વપ્રથમ ગુરૂ માનીને મેં તેનામાંથી સહનશીલતાનો તથા ક્ષમાશીલતાનો ગુણલીધો છે.પૃથ્વીના એક ભાગને પર્વત કહેવામાં આવે છે.પર્વતમાંથી નીકળતી નદીઓ અને વૃક્ષો પાસેથી મને પરોપકાર કેવી રીતે કરવો? તેનો બોધ મળ્યો છે.

2) જળતત્વઃપાણી પાસેથી મેં સમતા,શિતળતા,નિરહંકારીતા અને ગતિશીલતાનો બોધ લીધો છે. પાણી પાસે અલૌકિક સમતા છે,તે ગરીબ શ્રીમંત બધાને પાસે છે,તે બધાના જીવનમાં ઉત્સાહ આપે છે.ઉંઘમાંથી ઉઠ્યા પછી આંખ ઉપર પાણી છાંટતાં જ શિતળતા,સ્ફુર્તિ અને ઉત્સાહ આપે છે,તે બધી જગ્યાએ જાય છે તેથી નિરહંકારી છે.પત્થરની માફક પાણી સ્થિર નથી,તેમ આપણું જીવન પણ ગતિશીલ હોવું જોઇએ.

3) અગ્નિઃ મારા ત્રીજા ગુરૂ અગ્નિ છે.અગ્નિમાં તેજસ્વીતા,પરપીડાનિવારકતા,પરિગ્રહશૂન્યતા, નિર્મળતા, પાવકતા અને લોકસંગ્રહ છે.સાધના કરવી હોય તો આ બધા ગુણો જીવનમાં લાવવા પડશે.અગ્નિ લાકડામાં ગુપ્ત રહે છે તેમ સાધકે પણ પોતાની આધ્યાત્મિક  શક્તિ ગુપ્ત રાખવી જોઇએ. પોતાની શક્તિ ગુપ્ત રાખવાનો બોધ સાધકે અગ્નિ પાસેથી લેવાનો છે.

http://suratiundhiyu.wordpress.com/

4) વાયુઃ વાયુ મારો ચોથાગુરૂ છે, તેની પાસેથી હું સંગ્રહ ન કરવો,ગતિ, નિર્લિપતા અને અપરીગ્રહતા ની વાતો શિખ્યો છું.વાયુ એટલે અંદર રહેવાવાળો પ્રાણવાયુ અને બહાર ફરવાવાળો વાયુ..અંદર રહેવાવાળો પ્રાણવાયુ જેટલાથી શરીર ચાલે તેટલો જ વાયુ ઉપાડે છે,તેવી જ રીતે જીવનમાં જરૂરી હોય તેટલા જ વિષયભોગ લેવા જોઇએ.આમ,સંગ્રહ ના કરવો, એ એક પ્રકારનો વિકાસ છે- તે હું વાયુ પાસેથી શિખ્યો છું.બહાર ફરવાવાળો વાયુ ફુલની સુગંધતથા દુર્ગંધ બંને લઇને આવે છે. સુગંધ તથા દુર્ગંધ બંનેને આશ્રય આપીને પોતે અલિપ્ત રહે છે. નિર્લિપતા અને અપરીગ્રહતા-આ બે વાતો હું વાયુ પાસેથી શિખ્યો છું.

5) આકાશઃજીવનમાં આકાશના જેવી વ્યાપકતા-વિશાળતા હોવી જોઇએ, તે હું આકાશ પાસેથી શિખ્યો છું. આકાશ બધાને પેટમાં રાખે છે તેમ મારે પણ આગળ વધવું હશે તો બધું પેટમાં રાખવું પડશે. જીવન આકાશ જેવું હોવું જોઇએ.આકાશ કાલાતીત છે.આપણે પણ ત્રણ કાળમાંથી જવાનું છે.ભૂતકાળની ચિંતા નહી,ભવિષ્યના મનોરથો નહી અને વર્તમાનકાળને ચિંટકેલા નહી.ભૂતકાળ આપણા ઉપર પરીણામ કરે છે.ભવિષ્યકાળ આપણને પ્રેરણા આપે છે અને વર્તમાનકાળમાં આપણે રહેવાનું છે.આ ત્રણેય કાળથી અતિત બનવાનું છે.વર્તમાન સારો હોય તો તેની આસક્તિ નહી, ખરાબ હોય તો તેનો તિરસ્કાર નહી.આમ, આકાશ જેવા નિર્મળ,નિઃસંગ,વ્યાપક અને નિર્લેપ થવું જોઇએ-તે હું આકાશ પાસેથી શિખ્યો છું.

6) ચંદ્રઃ મારા છઠ્ઠા ગુરૂ ચંદ્ર છે.ચંદ્રમાની કળા વધે છે અને ઘટે છે તેમ આ શરીરની અવસ્થા અસ્થિ જાયતે વિપરિણમમતે અપક્ષીપતે અને નશ્યતિ - આ ક્રમ છે. ચંદ્ર પાસેથી મને દેહની ક્ષુદ્રતા અને આત્માની અમરતાનું શિક્ષણ મળ્યું છે.મારે ક્યાં અને ક્યારે મરવાનું તે ખબર નથી,એટલે જ્યાંસુધી આ શરીર છે ત્યાંસુધી પ્રભુનું કાર્ય કરી લેવું,સત્કર્મ કરવું હોય તો આજે જ કરી લો, આવતી કાલ ઉપર ના છોડવું.શુકલ પક્ષમાં બધા ચંદ્ર તરફ જુવે છે પરંતુ કૃષ્ણ પક્ષમાં એના તરફ કોઇ જોતું નથી,છતાં તે એટલો જ શાંત,સ્વસ્થ અને સમાધાની છે.આપણા જીવનમાં પણ એક દિવસ એવો આવશે કેઃજયારે આપણી કોઇને જરૂર નહી હોય,કોઇ આપણને પુછશે પણ નહી,આપણા અસ્તિત્વની કોઇ નોંધ પણ નહી લે,તેમછતાં તે વખતે તેવી જ શાંત અને સમાધાની વૃત્તિથી જીવવાનું શિક્ષણ ચંદ્ર પાસેથી લેવાનું છે.

7) સૂર્યઃ સૂર્ય પાસેથી તેજ તથા પોતાની ચમકથી બીજાઓને જીવિત રાખવા એ બોધ મળે છે.સૂર્ય પાસે ઉપકારકતા-પ્રકાશમયતા-નિર્લેપતા અને નિષ્કામતા..જેવા ગુણો છે.આપણા જીવનમાં પણ આ ગુણો આવવા જોઇએ.આજનો માનવ રાગ-દ્વેષ-મત્સર-દિનતા..વગેરેના અંધકારમાં ફસાયેલો છે.તેમની પાસે આશા-ઉલ્લાસ અને પ્રેમનો પ્રકાશ લઇ જવાનો છે, એ જ સાચી સૂર્ય ઉપાસના છે.સૂર્ય પાસે નિર્લેપતા છે.ચોમાસામાં વાદળ આવે છે..ધૂળ ઉડે છે..તેનાથી ઢંકાઇ જવા

http://suratiundhiyu.wordpress.com/

છતાં સૂર્ય નિર્લેપ રહે છે.આપણે પણ જગતમાં ફરવાનું છે તેથી કચરો આવવાનો જ ! પરંતુ સૂર્ય પાસેથી આવી નિર્લેપતા લેવાની છે.ઉપકાર કરવો જોઇએ અને તેનું સાતત્ય ટકવું જોઇએ.

8) કબૂતરઃકબૂતર પાસેથી એવો બોધ લીધો કેઃ માનવજીવનને પરિવારના સદસ્યોના પાલન પોષણ સુધી સિમિત ના રાખવું,નહી તો તેમના માટે જ હોમાઇ જવું પડશે.અત્યંત સ્નેહથી-આસક્તિથી બુધ્ધિનું સ્વાતંત્ર્ય ખતમ થઇ જાય છે,બુધ્ધિ વિચારી શકતી જ નથી..આ વાત કબૂતર પાસેથી શિખવાની છે.એક કબૂતર ફરતું હતું.ત્યાં એક કબૂતરી આવી.તે બન્ને સાથે રહેવા લાગ્યાં.બચ્ચાં પેદા થયાં,સાથે રહેવાથી પ્રેમ વધ્યો.એકબીજા ઉપર અત્યંત વહાલ કરવા લાગ્યાં.બચ્ચાંને પાંખો આવતાં ઉડવા લાગ્યાં.બંને બચ્ચાંના પાલન પોષણમાં આનંદ માનવા લાગ્યાં.કબૂતરને જોઇ તેની માદા(કબૂતરી) ખુશ થઇ ગઇ અને કબૂતરીને ખુશ રાખવી એ જ મારૂં કર્તવ્ય છે એમ કબૂતરને લાગ્યું.એક દિવસ લોભાવિષ્ટ થઇને બચ્ચાં પારધીની જાળમાં ફસાઇ ગયાં,તેમને બચાવવા જતાં કબૂતરી પણ જાળમાં ફસાઇ ગઇ,ત્યાં કબૂતર આવીને બેઠું.પોતાના આખા કુટુંબને જાળમાં ફસાયેલું જોઇને કબૂતર હતાશ થઇ ગયું.કબૂતરને લાગ્યું કેઃ પત્ની અને બચ્ચાંઓ વિના મારૂં જગતમાં કોણ? હવે મારે શા માટે જીવવું? હું પણ કેમ મરી ના ગયો? આ રીતે કબૂતર ત્યાં રડવા લાગ્યું. આ માનવ પરિવાર નું ચિત્ર છે.જે કબૂતર રૂપે સમજાવ્યું છે.શોક અને દુઃખથી માનવ ધર્મચ્યુત અને કર્તવ્યચ્યુત બને છે.પત્ની અને બાળકો મરી જવાથી કબૂતરને પોતાનું જીવન અતૃપ્ત-અકૃતાર્થ અને વ્યર્થ લાગ્યું,તેથી તે પોતે પણ જાળમાં પડી મરી ગયું.અહીં પ્રશ્ન ઉભો થાય કેઃહું શા માટે જન્મ્યો? શું હું ફક્ત કુટુંબ માટે જ છું? મારે જીવનમાં શું કરવાનું છે? જીવિત કોને કહેવાય?મનુષ્ય જીવનનો ઉદેશ્ય શું? હું ક્યાંથી આવ્યો? કેમ આવ્યો? ક્યાં જવાનો?- આ બાબતો વિશે જે વિચાર કરતો નથી તેની ખૂબ જ ખરાબ દશા થાય છે.પત્ની અને બાળકોનું પાલનપોષણ કરવું જ જોઇએ,પરંતુ અતિશય પ્રેમ અને આસક્તિમાં જોખમ છે, તેના લીધે મનુષ્ય પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે. આ જગતમાં મારૂં કોન? મને જન્મ આપનારો કે કુટૂંબ? મારે કોના માટે જીવવાનું? મને પ્રભુએ માનવજન્મ આપ્યો છે.ચૌરાશી લાખ યોનિયોમાં સૌથી શ્રેષ્ઠ બુધ્ધિશાળી બનાવ્યો છે તો આત્મકલ્યાણના માટે કાર્ય કરવું જોઇએ. આદ્ય જગતગુરૂ શંકરાચાર્યજી શતશ્લોકીઃશ્લોકઃ૫ માં કહે છે કેઃ"દેહ,સ્ત્રી,પૂત્ર,મિત્ર, સેવક, ઘોડા,બળદ..વગેરેને ખુશ રાખવામાં એટલે કેઃ માંસમિમાંસા પાછળ જ દરેક જણ પોતાનું આયુષ્ય ગુમાવે છે.જયારે વ્યવહાર કુશળ ચતુરજન જેનાથી પોતાને સૌભાગ્યવંત માને છે,તેના માટે જીવે છે,પરંતુ પ્રાણના અધીશ સમા, અંતર્ગત અમૃતરૂપ આત્મતત્વની મિમાંસા કોઇ કરતું નથી."- ભગવાનને ઓળખવા એ બ્રહ્મવિધા છે.આત્માનું ઉન્નતિકરણ કરીને ઉપર લઇ જવો એ આત્મજ્ઞાન છે.કબૂતર પાસેથી એ શિખવા મળ્યું છે કેઃ મારે "હું" ને ભૂલવો જ જોઇએ.

http://suratiundhiyu.wordpress.com/

9)     અજગરઃસાધકને વિના માંગે,ઈચ્છા કર્યા વિના આપો આપ જ અનાયાસે જે કંઇ મળી જાય તે ભલે રૂખું સુખું હોય કે ભલે ખૂબ જ  મધુર અને સ્વાદિષ્ટ હોઇ,થોડું હોય કે વધુ બુધ્ધિમાન સાધકે અજગરની જેમ ખાઇને જીવન નિર્વાહ કરી લેવો તથા પ્રાપ્ત થયેલ ભોજનમાં જ સંતુષ્ટ રહેવું.વધુ મેળવવા ઉતાવળા ન થવું,કારણ કેઃ માનવ જીવન ફક્ત ભોજન માટે,કમાવવા માટે જ મળ્યુ નથી. હું અજગર પાસેથી આગ્રહશૂન્ય જીવન શીખ્યો.આગ્રહશૂન્ય જીવન એટલે જે મળે તેનો સ્વીકાર.અજગર કંઇ મેળવવા પોતાની શક્તિ વાપરતો નથી,તેના મોઢામાં આવીને પડે છે તે જ ખાય છે.તો પછી કંઇ કરવાનું જ નહી? ભોગો માટે ઉદાસિનતા અને ભક્તિના માટે શક્તિ વાપરવી.મનુષ્યને મનોબળ-ઇન્દ્રયિબળ અને દેહ બળ- આ ત્રણ શક્તિઓ મળેલી છે તેને ભગવાનના કામમાં વાપરવી જોઇએ.

10)    સમુદ્રઃ  સમુદ્ર પાસેથી મેં શિખ્યું છે કેઃસાધકે હંમેશાં મર્યાદામાં રહી પ્રસન્ન અને ગંભીર રહેવું.સાગર પોતાની મર્યાદા છોડતો નથી.સાગર બહારથી પ્રસન્ન અને અંદરથી ગંભીર છે.સાગર દુસ્તર અને અનંત છે.તેમ સાધકે પણ બહારથી પ્રસન્ન અને અંદરથી ગંભીર રહેવું જોઇએ.જીવન વિકાસ માટે પ્રસન્નતા હોવી જોઇએ.વર્ષાૠતુમાં નદીઓમાં પુર આવવાથી તે વધતો નથી અને ઉનાળામાં પાણી વરાળ બનીને ઉડી જવા છતાં તે ઘટતો નથી,તેવી જ રીતે ભગવત્પરાયણ સાધકે સાંસારીક પદાર્થોની પ્રાપ્તિથી પ્રફુલ્લિત ના થવુ તથા વિપત્તિમાં ઉદાસ ના થવું.

" જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમ છતાં મનઃસ્થિતિ એકરસ રહેવી જોઇએ. "

11)    પતંગિયુઃ પતંગિયા પાસેથી એ બોધ પ્રાપ્ત કર્યો કેઃજેમ પતંગિયું રૂપમાં મોહિત થઇને આગમાં કૂદી પડે છે અને બળી મરે છે તેવી જ રીતે પોતાની ઇન્દ્રિયોને વશમાં ન રાખવાવાળો પુરૂષ જયારે માયાની કોઇ પણ આકર્ષક વસ્તુને જુવે છે તો તેના તરફ આકર્ષિત થઇ જાય છે અને ઘોર અંધકારમાં, નરકમાં પડીને પોતાનું સત્યાનાશ કરી દે છે.જે મૂઢ વ્યક્તિ કંચન,ઘરેણાં,કપડાં..વગેરે નાશવાન માયિક પદાર્થોમાં ફસાઇને પોતાની તમામ ચિત્તવૃત્તિઓ તેના ઉપભોગના માટે જ વાપરે છે તે પોતાની વિવેક બુધ્ધિ ખોઇને પતંગિયાની જેમ નષ્ટ થઇ જાય છે.ઇન્દ્રિયોનો સારો ઉપયોગ કરવામાં આવે તો પવિત્ર અને તેનો ઉપભોગ માટે જ ઉપયોગ કરવામાં આવે તો તે અપવિત્ર.સુંદરતા એ પ્રભુની વિભૂતિ છે,પરંતુ જયાં પાવિત્ર્ય છે ત્યાં વાસના ઉભી થતી નથી.હંમેશાં ભોગમાં સૌદર્યનો નાશ થાય છે અને ભક્તિમાં સૌદર્યનું સાતત્ય છે. એકાદ સુંદર યુવતિ રસ્તા ઉપરથી જતી હોય તો તેને જોઇને કૂતરાને વાસના થતી નથી.તેવી જ રીતે સુંદર સ્ત્રીને જોઇને બાળકને કે વૃધ્ધના મનમાં પણ વાસના નિર્માણ થતી નથી,એનો અર્થ એ છે કેઃ વસ્તુમાં વાસના નથી, જોનારની દૃષ્ટિથી વાસના નિર્માણ થાય છે.જે ઈન્દ્રિયાસક્તિથી જોવામાં આવે તો તેને

http://suratiundhiyu.wordpress.com/

ભોગ કહેવામાં આવે છે.જે હૃદયાસક્તિથી જોવામાં આવે તેમાં ભાવ પ્રગટે છે.સુંદર વસ્તુ તરફ બધા જુવે છે,પરંતુ તે કંઇ દૃષ્ટિથી જુવે છે તે અગત્યનું છે.માનવ ભક્તિ નહી કરે તો સૌદર્યની પાછળ પતંગિયાની જેમ મરી જશે,એટલે કેઃમનુષ્ય શરીર ચાલ્યું જશે.આ માટે દરેક માનવે સાવધાન રહેવાનું છે.સૃષ્ટિનું સૌદર્ય ક્ષણિક છે,ખરાબ છે,નશ્વર છે..એવું ફક્ત બોલીને નહી ચાલે એ હકીકત નથી સૃષ્ટિ સુંદર છે એ હકીકત છે તેને ખરાબ ઠરાવીને ભાગવું એ પયાલનવાદ છે.જીવનની દૃષ્ટિ બદલવી જોઇએ અને આ કામ ભક્તિથી જ સંભવ છે.

12) ભમરોઃ ભમરો વિભિન્ન પુષ્પોમાંથી ભલે તે નાનું હોય કે મોટું તેનો સાર ગ્રહણ કરે છે,તેવી જ રીતે જે વિદ્વાન છે,પંડિત છે,બુધ્ધિમાન છે તે પુરૂષે નાના મોટા તમામ શાસ્ત્રોમાંથી તેનો સાર નિચોડ ગ્રહણ કરવો જોઇએ.

13) મધુમાખીઃમધુમાખી પાસેથી એ બોધ મળ્યો કેઃસાધકે બીજા દિવસના માટે ભિક્ષાનો સંગ્રહ ના કરવો.તેની પાસે ભિક્ષા લેવાનું કોઇ પાત્ર હોય તો બે હાથ અને ભેગું કરી રાખવાનું કોઇ પાત્ર હોય તો તે પોતાનું પેટ છે.જે ધન મળ્યું છે તેને વાપરો અને બીજાને આપો,તેનો ફક્ત સંચય ના કરો,નહી તો સંગ્રહેલું ધન બીજા ઉપાડી જશે.જે ખાય છે અને ખવડાવે છે તે જ ખરો ખાનદાન છે.શાસ્ત્રોમાં ધનની ત્રણ ગતિઓ બતાવી છેઃદાન,ભોગ અને નાશ.દાન આપવામાં આપનારને સમાધાન અને લેનારને સંતોષ મળે છે.ભોગવવામાં ભોગવનારને જ સુખ મળે છે,જે આપતો નથી અને ભોગવતો પણ નથી તેના ધનનો નાશ થાય છે.એક પ્રાચિન ભજનની પંક્તિ છે કેઃ

ધન મળ્યુ પણ મોજ ન માણી કહું કરમની કહાણી રે,
કાં તો ભાગ્ય બીજાનું ભળ્યું, કાં તો ખોટી કમાણી મારા સંતો...જૂના ધરમ લ્યો જાણી રે...

14) હાથીઃ અવધૂતે જોયું કેઃહાથી હાથણના સ્પર્શ પાછળ ગાંડો થાય છે,તેને હાથણ સર્વસ્વ લાગે છે, તેના સ્પર્શ સુખની નબળાઇ માનવ સમજે છે તેથી તેનો સદઉપયોગ કરીને શક્તિશાળીને પણ પકડી લે છે.શિકારી એક ખાડો કરીને તેના ઉપર વાંસની પટ્ટીઓ ગોઠવી દે છે,તેના ઉપર ઘાસ પાથરીને જમીન જેવું બનાવી દે છે.ખાડાની બીજી તરફ હાથણને ઉભી રાખવામાં આવે છે.સ્પર્શસુખના માટે પાગલ બનીને હાથી દોડતો આવે છે અને ખાડામાં સપડાઇ જાય છે.હાથીને કેટલાક દિવસો સુધી ભૂખ્યો-તરસ્યો રાખવામાં આવે છે,પછી શિકારી તેને પોતાના તાબામાં લઇ લે છે.સ્પર્શ સુખની પાછળ ગાંડો થવાથી હાથી પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવી બેસે છે.શક્તિશાળી હાથી પણ સ્ત્રી સ્પર્શમાં પાગલ બનીને બંધનમાં પડે છે.જગતમાં સ્ત્રી અને પુરૂષ ભગવાન નિર્મિત છે તેથી સ્ત્રીને ત્યાજ્ય સમજીને તેની નિંદા કરવાની નથી.જેના પેટથી આપણો જન્મ થયો,જેનું સ્તનપાન કરીને આપણે મોટા થયા તેની સાથે પશુવત્ વર્તન કરવાનો શાસ્ત્રમાં નિષેધ કર્યો છે.સ્ત્રી તરફ પશુવત્ વર્તન એટલે સ્ત્રી તરફ ઇન્દ્રિય સુખની દ્રષ્ટિથી જ જોવું.પશુને માનસિક,બૌધિક કે આત્મિક

http://sureshbhimjiyu.wordpress.com/

સુખની દ્રષ્ટિ હોતી જ નથી,તેને ફક્ત શારીરિક સુખની જ ખબર હોય છે.માણસ પણ તે જ દ્રષ્ટિથી જુવે તો તે પશુવત્ દ્રષ્ટિ છે.સ્ત્રી પુરષ સાથે અને ઉપભોગ કરે તો તેમાં કોઇ ખરાબી નથી,પરંતુ સ્ત્રીમાં પાવિત્ર્ય નિર્માણ કરો અને તેના માટે ભક્તિની જરૂર છે.ભગવાને તમામનાં શરીર બનાવ્યાં છે,ભગવાન જ તમામનાં શરીરને ચલાવે છે.આ શરીરની અંદર ભગવાન જ બેઠા છે તેથી આ શરીર પવિત્ર છે,બીજાનું શરીર પવિત્ર માનવા માટે આ ત્રણ વાતો ઘણી જ અગત્યની છે.

15) હરણઃ એક શિકારી હરણનો શિકાર કરતો હતો.અવધૂતે તે જોયું.હરણ અતિશય ચપળ હતું,તેથી શિકારી તેને પકડી શકતો ન હતો.શિકારીને હરણની નબળાઇની ખબર હતી.હરણ ગાયન-સંગીતથી લોભાય છે.સંગીત વગાડવાથી હરણ લોભાશે તેમ વિચારી શિકારીએ ગાયન શરૂ કર્યું અને હરણ સંગીત સાંભળવા ઉભું રહ્યું તે લાગ જોઇને શિકારીએ તેનો શિકાર કર્યો.આ ઘટના જોયા પછી ભાગવતકારે તેના ઉપર એક વાર્તા લખી છેઃ અયોધ્યા નગરી ઉપર આપત્તિ આવી હતી.તેમાંથી અયોધ્યાની રક્ષા કરવી હોય તો ઋષ્યશૃંગ ઋષિને અયોધ્યામાં લાવવા પડે.રાજાએ વિચાર કરીને વેશ્યાઓને ઋષ્યશૃંગ ઋષિને લાવવાનું કામ સોપ્યું.ઋષિ તપ કરતા હતા તે સ્થળે વેશ્યાઓ(નૃત્યાંગનાઓ) પહોચી ગઇ.ત્યાં તેમને ગાયન-નૃત્ય શરૂ કર્યું.તેમના હાવ,ભાવ,નૃત્ય..વગેરે જોઇને ઋષ્યશૃંગ ઋષિ તેમને અનુકૂળ થઇ ગયા.અત્યાર સુધી તેમને સ્ત્રીને જોઇ જ ન હતી.શરૂઆતમાં તો તેમને લાગ્યું કેઃઆ પ્રાણી કોન છે ? મહાન તપસ્વી હોવા છતાં ઋષ્યશૃંગ ઋષિ લુબ્ધ થયા.આમાં ભાગવતકાર સમજાવે છે કેઃજેને જીવન વિકાસ કરવો હોય તેમને ગાયન,નૃત્યના નાદમાં ના પડવું, તે પથચ્યુત બનાવી તકલીફ આપશે.અને જે પરતંત્ર બુધ્ધિનો છે તે જીવન વિકાસ કેમ કરી શકે?જીવન વિકાસ કરવો હોય તો સ્વતંત્ર બુધ્ધિ જોઇએ.જીવન વિકાસના માટે બુધ્ધિ બગડવી ના જોઇએ.કપાળે તિલક કરીને આપણે બુધ્ધિની પૂજા કરીએ છીએ,કારણ કેઃબુધ્ધિ બગડે તો વિચાર અને કર્મ પણ બગડે છે.

16) માછલીઃ અવધૂતે માછલી પાસેથી એવો બોધ ગ્રહણ કર્યો કેઃજેને જીવન વિકાસ કરવો હોય તેને રસના નો મોહ છોડવો પડશે.માછીમાર કાંટામાં માંસનો ટૂકડો રાખીને માછલીને ફસાવે છે,તેવી રીતે સ્વાદના લોભી દુંબુધ્ધિ મનુષ્ય પણ પોતાના મનને મંથન કરનારી જીભને વશ થઇ જાય છે અને માર્યો જાય છે.વિવેકી પુરૂષ ભોજનને છોડીને બીજી ઇન્દ્રિયો ઉપર તો ખૂબ જ જલ્દીથી વિજ્ય પ્રાપ્ત કરી લે છે,પરંતુ તેનાથી રસના ઇન્દ્રિય(જીભ) વશમાં થતી નથી.

17) ટિંટોડીઃ અવધૂત એકવાર ટીંટોડીને જુવે છે.તેની ચોંચમાં માંસનો ટુકડો હતો,તેના લીધે બીજા બધા પક્ષીઓ તેની પાછળ પડ્યા હતા.છેવટે ટીંટોડીએ માંસનો ટુકડો ફેંકી દીધો કે તુરંત જ બધા હેરાન કરવાવાળા ચાલ્યા ગયા અને હેરાગતિ દૂર થઇ.આના ઉપરથી અવધૂત કહે છે કેઃઅપસંગ્રહના લીધે હેરાનગતિ થાય છે, તે છોડી દો તો તકલીફ દૂર થાય છે.અહી માંસના ટુકડાનો

http://suratiundhiyu.wordpress.com/

અર્થ થાય છેઃઉપભોગ્ય વસ્તુ.કવિએ કહ્યું છે કેઃજે છેડે એને કોઇ છોડતું નથી અને જે છોડે તેને કોઇ છેડતું નથી.

18) પિંગલા વેશ્યાઃ દત્તાત્રેય પિંગલા નામની વેશ્યા પાસેથી પણ જ્ઞાન મેળવ્યું છે.શ્રીમદ્ ભાગવત્ માં તેની કથા આવે છે કેઃ વિદેહ નગરી મિથિલા નગરીમાં એક નાચવા ગાવાવાળી પિંગલા નામની વેશ્યા રહેતી હતી,તે ધનની લોભી હતી.પ્રભુએ તેને સુંદરતા આપી હતી,પરંતુ તેનો તે દુર્પયોગ કરતી હતી.ધનવાન અને લાલચુ પુરૂષોને લોભાવીને તે તેમની પાસેથી ધન પડાવતી હતી,પરંતુ તેની યુવાની અસ્ત થતાં ધનવાન પુરૂષો તેની પાસે આવવાના બંધ થઇ ગયા.એક દિવસ તે ગ્રાહક શોધે છે અને તેમાં નિષ્ફળ જાય છે,તેથી તે પશ્ચાતાપ કરે છે કેઃ આ મારો દેહ વિલાસાર્થ નથી.પિંગલા સ્ત્રી હોવા છતાં સ્ત્રી શરીરની નિંદા કરે છે.તેને કામવાસના વિશે નફરત ઉભી કરી છે.કોઇની કામના પૂર્તિના માટે પોતાનું શરીર વાપર્યું,તેથી તે જીવનથી કંટાળી ગઇ,છેવટે તેને વિચાર કર્યો કેઃમારાથી સૌથી નજીકમાં નજીક, મારા હ્રદયમાં જ મારા સાચા સ્વામી ભગવાન વિરાજમાન છે કે જે વાસ્તવિક પ્રેમ,સુખ અને પરમાર્થનું સાચું ધન આપનાર છે.જગતના પુરૂષો અનિત્ય છે અને એક પ્રભુ જ નિત્ય છે તેમને છોડીને મેં તુચ્છ મનુષ્યોનું સેવન કર્યું? કે જે મારી એક પણ કામના પુરી કરી શકે તેમ ન હતા,તેમને મને ફક્ત દુઃખ-ભય--વ્યાધિ-શોક અને મોહ જ આપ્યાં છે.આમાં મારી મૂર્ખતાની હદ છે કેઃહું તેમનું સેવન કરતી રહી..ખરેખર ધનની લાલચ અને આશા ઘણી ખરાબ છે.

મનુષ્ય આશાની ફાંસી ઉપર લટકી રહ્યો છે તેને તલવારથી કાપવાવાળી કોઇ વસ્તુ હોય તો તે ફક્ત વૈરાગ્ય છે.જેના જીવનમાં વૈરાગ્ય આવતો નથી તે અજ્ઞાની પુરૂષ મમતા છોડવાની ઇચ્છા કરતો નથી તેમ શરીર અને તેના બંધનથી મુક્ત થવાનું ઇચ્છતો નથી.પિંગલાએ પોતાને જ સમજાવ્યું કેઃહું ઇન્દ્રિયોના આધિન બની ગઇ ! મેં ખૂબ જ નિન્દનીય આજીવિકાનો આશ્રય લીધો ! મારૂ શરીર વેચાઇ ગયું !લંપટ લોભી અને નિંદનીય મનુષ્યોએ તેને ખરીદી લીધું અને હું એટલી મૂર્ખ છું કેઃઆ શરીરના બદલામાં ધન ઇચ્છતી રહી ! મને ધિક્કાર છે ! આ શરીર એક ઘટ છે તેમાં આડા ઉભા વાંસની જેમ હાડકાં ગોઠવાયેલાં છે.ચામડી,રોમ અને નખથી ઢંકાયેલું છે,તેમાં દશ દરવાજા છે કે જેમાંથી મળ-મૂત્ર નીકળતા જ રહે છે,તેમાંથી જો કોઇ સંચિત સંપત્તિ હોય તો મળ-મૂત્ર છે.મારા સિવાઇ એવી કંઇ સ્ત્રી હશે કે જે આ સ્થૂળ શરીરને પોતાનું પ્રિય સમજીને તેનું સેવન કરે ? આ મિથિલાનગરી વિદેહીઓ અને જીવન્મુક્ત મહાપુરૂષોની નગરી છે અને તેમાં એકમાત્ર હું જ મૂર્ખ અને દુષ્ટ છું,કારણ કેઃઆત્મદાની-અવિનાશી પરમપ્રિય પરમાત્માને છોડીને બીજા પુરૂષોની અભિલાષા કરૂં છું.મારા હ્રદયમાં વિરાજમાન પ્રભુ તમામ પ્રાણીઓના પરમ હિતૈષી,પ્રિયતમ સ્વામી

http://suratiundhiyu.wordpress.com/

અને આત્મા છે.હે મારા મૂર્ખ ચિત્ત ! તૂં બતાવ તો ખરૂં કેઃજગતના વિષયભોગોએ અને તેને આપવાવાળા પુરૂષોએ તને કેટલું સુખ આપ્યું ? અરે ! તે પોતે જ જન્મ-મરણધર્મી હોય તે તને શાશ્વત સુખ કેવી રીતે આપી શકવાના હતા ? હવે ખરેખર મારા કોઇ શુભ કર્મના ફળસ્વરૂપે મારા પ્રભુ મારી ઉપર પ્રસન્ન થયા છે,તેથી જ તો આ દુરાશાથી મને વૈરાગ્યનો ભાવ થયો છે અને આ વૈરાગ્ય જ મને સુખ આપશે.હવે હું ભગવાનનો આ ઉપકાર આદરપૂર્વક શિશ ઝુકાવીને સ્વીકાર કરૂં છું અને વિષયભોગોની દુરાશાને છોડીને જગદીશ્વરની શરણ ગ્રહણ કરૂં છું.હવે મને પ્રારબ્ધ અનુસાર જે કંઇ પ્રાપ્ત થશે તેનાથી મારો જીવન નિર્વાહ કરી લઇશ અને ઘણા જ સંતોષ અને શ્રધ્ધાથી બાકીનું જીવન જગતના કોઇપણ પુરૂષની તરફ ન જોતાં મારા હૃદયેશ્વર આત્મસ્વરૂપ પ્રભુની સંગ વિહાર કરીશ.

જે સમયે જીવ તમામ વિષયોથી વિરક્ત બની જાય છે તે સમયે તે પોતે જ પોતાની રક્ષા કરી લે છે,એટલે ખૂબ જ સાવધાનીની સાથે એ જોતા રહેવું જોઇએ કેઃસમગ્ર જગત કાળરૂપી અજગરથી ભયગ્રસ્ત છે.અવધૂત દત્તત્રેય કહે છે કેઃવાસ્તવમાં વિષયોથી મુક્તિ થઇ જવાથી જ માનવ વાસ્તવમાં મુક્ત થઇ જાય છે તે મેં પિંગલા પાસેથી શિખ્યું તથા જેને પોતાના શરીરને પોતાની અને બીજની કામનાપૂર્તિ માટે વાપર્યું છે તેને શરીરને અપમાનિત કર્યું ગણાય છે.ધનની ચિંતા અને ધનનું ચિંતન એ જ સર્વસ્વ નથી, ફક્ત વાસનાપૂર્તિ માટે જ માનવશરીર મળ્યું નથી,ક્ષુદ્ર પુરૂષોની સેવા કરવાથી કંઇ મળતું નથી.....આ પાંચ વાતોથી અવધૂત દત્તાત્રેયએ ગ્રહણ કરી.

19) અર્ભકઃ અર્ભક એટલે નાનું બાળક. અવધૂત દત્તાત્રેયે નાના બાળક પાસેથી પણ જ્ઞાન પ્રાપ્ત કર્યું. નાના બાળકને માન કે અપમાનનું ધ્યાન હોતું નથી અને ઘર તથા પરીવારજનોની કોઇ ચિંત્તા હોતી નથી.તે પોતાના આત્મામાં જ રમણ કરે છે- તે શિક્ષણ મેં નાના બાળક પાસેથી લીધેલ છે.આ જગતમાં બે જ વ્યક્તિ નિશ્ચિંત અને પરમાનંદમાં મગ્ન રહે છે.નાનું બાળક અને જે પુરૂષ ગુણાતિત બની ગયો છે તે. બાળકને માન અપમાનની કલ્પના નથી,જયારે આપણને એક જ કામના રહે છે કેઃ લોકો અમોને સારા કહે.માણસની ૮૦ ટકા શક્તિ લોક આરાધનામાં ખર્ચાઇ જાય છે.નાનું બાળક નિશ્ચિંત છે તેમ માણસે ચિંતા છોડી દેવી જોઇએ.જયાં સુધી ચિંતા છે ત્યાંસુધી વ્યથા રહેવાની જ ! સુભાષિતકાર કહે છે કેઃ"ચિન્તા ચિત્તા સમાનાસ્તિ" ચિત્તા માણસને મરી ગયા પછી બાળે છે પણ ચિન્તા તો માણસને જીવતાં જ બાળે છે.શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે કેઃ ભૂતકાળની ચિંતા છોડી દો, ભવિષ્યકાળની લાલસા છોડી દો અને વર્તમાનને પકડો.ભગવાને વિસ્મૃતિ ના રાખી હોત તો ભૂતકાળમાં થયેલી ભૂલો, ભોગવેલા દુઃખો યાદ કરીને માણસ મરી જાત.આ ચિંતા દૂર કરવાનો ઉપાય છેઃખરાબમાં ખરાબ સ્વીકારવાની તૈયારી રાખો,જેથી માનસિક શાંતિ મળશે.ચિંતાનું બીજું

http://suratiundriyu.wordpress.com/

કારણ છેઃમુઝવણ. **Confusion is the chief cause of worry.**માણસ નવરો હોય ત્યારે ચિંતા કર્યા કરે છે માટે કામમાં સતત વ્યસ્ત રહો.બીજું કુવિચારથી ચિંતા ઉભી થાય છે.ક્ષુદ્ર,દુર્બળ વિચારો સાંભળવાથી ચિંતા થશે,પરંતુ જે બીજાની ચિંતા કરવા લાગે છે તેના મન ઉપર ચિંતાની ખરાબ અસર થતી નથી.નાના બાળકને જોઇને અવધૂત દત્તાત્રેયને એ કલ્પના આવી કેઃવિષય સુખના બદલે આત્મિક સુખની ઇચ્છા કરવી, માન અપમાનથી દૂર રહેવું અને ચિંતા છોડી દેવી.

20) કુમારીકાઃ એક વખત અવધૂત ફરતા હતા.તે એક ઘરમાં ગયા તો એક કુંવારી કન્યા એકલી જ ઘેર હતી.ઘરના તમામ સદસ્યો બહાર ગયા હતા.ઓચિંતા વર પક્ષના લોકો ઘેર આવ્યા.ઘરમાં બીજું કોઇ હતું નહી.છોકરીએ વિચાર્યું કેઃ ઘરમાં ચોખા નથી તો શું કરવું ? આવેલા મહેમાનો બહારના રૂમમાં બેઠા હતા.તે અંદરના રૂમમાં ડાંગર ખાંડવા બેઠી તો બંગડીઓનો અવાજ થવા લાગ્યો.કુમારીકાએ બંગડીઓનો અવાજ ના થાય તે માટે બંને હાથમાં એક એક બંગડી જ રાખી તેના લીધે અવાજ બંધ થઇ ગયો.અવધૂતને લાગ્યું કેઃજ્યાં વધારે લોકો ભેગા થાય ત્યાં ઝઘડો થશે,અવાજ થશે, બે લોકો ભેગા થાય તો સંવાદ થાય.આનો અર્થ માણસે એકલા રહેવું જોઇએ,તો જ તે શાંતિથી વિચાર કરી શકે.ઘણા લોકો સાથે બેસીને પ્રાર્થના કરી શકે,પ્રાર્થના અને પૂજામાં અંતર છે.પૂજા હંમેશાં એકલા બેસીને જ થાય છે.આમ,તપ એકલાએ જ કરવું અને અધ્યયન-અભ્યાસ બે જણાએ સાથે મળીને કરવો- આ ગુણ તેમણે કુમારીકા પાસેથી જાણવા મળ્યો.

21) સાપ : સાપ પાસેથી અવધૂત એ શિખ્યા કેઃ સંન્યાસીએ સાપની માફક એકલા જ વિચરણ કરવું.તેને મંડળ કે મઠ બાંધવો જોઇએ નહી.જનસંગ્રહ ખોટો છે,ઘર રાખવું ખોટું છે.સાપ બોલતો નથી તમે માણસે પણ મૌનનું મહત્વ સમજીને મૌન રાખવું જોઇએ.સાપ છૂપાઇને ચાલે છે... આ પાંચ વાતો સંન્યાસી પાસે હોવી જોઇએ, તે સન્યાસી માટે પંચામૃત છે.

22) શરકૃત : શરકૃત એટલે બાણ બનાવનાર.બાણ બનાવનાર પોતાના કામમાં એટલો બધો તલ્લીન હતો કેઃતે જ સમયે રસ્તા ઉપરથી રાજાની સવારી ત્યાંથી પસાર થઇ ગઇ, તે સવારીમાં વાજિત્રો-ઢોલ-શરણાઇ..વગેરેનો ઘણો જ અવાજ થતો હતો, તેમછતાં બાણ બનાવનાર એટલો પોતાના કામમાં એકાગ્ર હતો કેઃઉપર સુધ્ધાં જોયું નહી.આ જોઇને અવધૂતને લાગ્યું કેઃ જગતમાં ઘણા અવાજો આવશે,પરંતુ જીવન વિકાસ સાધવાનો પ્રયત્ન કરનારે પોતાના કાર્યમાં એકાગ્ર રહેવું જોઇએ.આસન અને પ્રાણાયામ વડે પ્રાણને જીતીને અભ્યાસ અને વૈરાગ્યના દ્વારા પોતાના મનને વશમાં કરી લેવું અને પછી પોતાના લક્ષ્ય સ્વ-સ્વરૂપમાં લગાવવું.જયારે પરમાનંદ સ્વરૂપ પરમાત્મામાં મન સ્થિર થઇ જાય છે તો ત્યાર પછી ધીરે ધીરે વાસનાઓની ધૂળ ધોવાઇ જાય છે.જેમ ઇંધન વિના અગ્નિ શાંત પડી જાય છે તેમ સત્વગુણની વૃધ્ધિ થવાથી રજોગુણ અને તમોગુણી વૃત્તિઓનો ત્યાગ થવાથી મન શાંત બની જાય છે.

http://suratiundhiyu.wordpress.com/

23) કીટક: (ભમરી) જેવી રીતે ભમરી એક કીડાને લાવીને દિવાલમાં પોતાના બનાવેલ ઘરમાં બંધ કરીને ડંખ માર્યા કરે છે.કીડાને ભય હોય છે કેઃભમરી મને ખાઇ જશે, આવા ભયથી તે સતત ભમરીનું જ ચિંતન કરે છે, આમ,સતત ચિંતનથી કીડો પોતાના પહેલાંના શરીરનો ત્યાગ કર્યા વિના જ ભમરી બની જાય છે.અવધૂત દત્તાત્રેયે આ કીટક પાસેથી બોધ લીધો કેઃ"જો પ્રાણી સ્નેહથી-દ્રેષથી અથવા ભયથી પણ જો જાણી જોઇને એકાગ્રરૂપથી પોતાનું મન તેમાં લગાવી દે તો તેને ચિંતન અનુસાર તે વસ્તુ,વ્યક્તિનું સ્વરૂપ પ્રાપ્ત થઇ જાય છે.જીવનમાં ચિંતન ઘણું જ મહત્વનું છે.જેવું ચિંતન કરીશું તેના જેવા થઇ જઇશું.આ ચિંતનમાં આપણે કોનું અને કેટલું ચિંતન કરીએ છીએ તે અગત્યનું છે.પવિત્ર વાતોનું ચિંતન કરવાથી જીવન બદલાય છે.

24) કરોળિયો : જેમ કરોળિયો પોતાની લાળથી જાળ બનાવે છે તેમાં વિહાર કરે છે અને પછી તેને ગળી જાય છે, તેવી જ રીતે તમામના પ્રકાશક અને અંતર્યામી સર્વશક્તિમાન પરમેશ્વર પૂર્વકલ્પમાં અન્ય કોઇની સહાયતા વિના પોતાની માયાથી આ જગતને પોતાનામાંથી ઉત્પન્ન કરે છે, તેમાં જીવરૂપમાં વિહાર કરે છે અને કલ્પના અંતમાં કાળશક્તિના દ્વારા વિશ્ર્વને પોતાનામાં જ લીન કરી લે છે.

આમ, મેં ૨૪ ગુરૂઓ પાસેથી જે શિક્ષણ મેળવ્યું તે મેં બતાવ્યું. હવે મેં પોતાના શરીર પાસેથી જે કંઇ શિખ્યો છું તે બતાવું છું.આ શરીર પણ મારો ગુરૂ છે કારણ કેઃ તે મને વિવેક અને વૈરાગ્યનું શિક્ષણ આપે છે.આત્માની અમરતા અને દેહની ક્ષુદ્રતા સમજાવે છે. આ શરીરને ક્યારેય પોતાનું સમજવું નહી, પરંતુ એવો નિશ્ર્ચય કરવો કેઃતેને એક દિવસ શિયાળ કે કૂતરાં ખાઇ જાય છે અથવા અગ્નિના હવાલે કરી દેવામાં આવશે, એટલે તેનાથી અસંગ બનીને વિચરણ કરવું.

જીવ જે શરીરને સુખી રાખવા અનેક પ્રકારની કામનાઓ અને કર્મ કરે છે તથા સ્ત્રી-પૂત્ર-ધન-દૌલત-ભૌતીક સંપત્તિ-સગાં વહાલાંનો વિસ્તાર કરીને તેના પાલન પોષણમાં લાગેલો રહે છે, ઘણી મુશ્કેલીઓ વેઠીને ધનનો સંચય કરે છે.આયુષ્ય પુરૂ થતાં જ શરીર નષ્ટ થઇ જાય છે અને વૃક્ષની જેમ બીજા શરીરના માટે બીજ આરોપીને બીજાઓના માટે પણ દુઃખની વ્યવસ્થા કરીને જાય છે.

જેમ ઘણી બધી સ્ત્રીઓ(પત્નીઓ) એક પતિને પોતાની તરફ ખેંચે છે તેવી જ રીતે જીવને પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો પોત પોતાના વિષયો તરફ ખેંચે છે.પરમાત્માએ મનુષ્ય શરીરની રચના એવી બુધ્ધિથી કરી છે કેઃજે બ્રહ્મસાક્ષાત્કાર કરી શકે છે.જો કે આ મનુષ્ય શરીર અનિત્ય છે,પરંતુ તેનાથી પરમ પુરૂષાર્થની પ્રાપ્તિ પણ થઇ શકે છે.મૃત્યુ તેનો દરેક પળે પીછો કરી રહ્યું છે માટે અનેક જન્મો પછી મળેલો આ અત્યંત દુર્લભ મનુષ્ય જન્મ પામીને બુધ્ધિમાન પુરૂષોએ જેટલું બની શકે તેટલું વહેલું, મૃત્યુ પહેલાં મોક્ષ માટે પ્રયત્ન કરવો જોઇએ.વિષયભોગ તો અન્ય

http://suratiundriyu.wordpress.com/

તમામ યોનિઓમાં પ્રાપ્ત થાય છે જ, પરંતુ મોક્ષ માટે ફક્ત મનુષ્ય જન્મ જ છે, માટે વિષયભોગોમાં અમૂલ્ય જીવન ખોવું ના જોઇએ.

આ વિચારોથી મને જગતમાંથી વૈરાગ્ય થયો.મારા હ્રદયમાં જ્ઞાન વિજ્ઞાનની જ્યોતિ જાગવા લાગી.હવે મને કશાયમાં આસક્તિ કે અહંકાર નથી.હવે હું સ્વછંદરૂપથી પૃથ્વી ઉપર વિચરણ કરૂં છું.ફક્ત ગુરૂ પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ કરી લેવા માત્રથી કોઇ એમ વિચારે કેઃ હું ભવસાગર પાર થઇ જઇશ તો તે મનુષ્યની મોટી ભૂલ છે, કારણ કેઃ પોતાની બુધ્ધિથી વિચાર કરીને પોતાના કર્મોથી તે જ્ઞાનમાર્ગને અપનાવવામાં ના આવે તો તે શિષ્ય ગુરૂકૃપાનો પાત્ર બની શકતો નથી.ઋષિઓએ એક જ અદ્વિતિય બ્રહ્મનું અનેક પ્રકારથી વર્ણન કર્યું છે.

આમ, ગંભીર બુધ્ધિવાળા અવધૂત ગુરૂ દત્તાત્રેયે રાજા યદુને ઉપર મુજબનો ઉપદેશ આપ્યો હતો. રાજા યદુ અવધૂત દત્તાત્રેયની આવી વાતો સાંભળીને તમામ આસક્તિઓથી છૂટકારો મેળવીને સમદર્શી બની ગયા, તેવી જ રીતે આપણે પણ તમામ આસક્તિઓનો પરીત્યાગ કરી સમદર્શી બનવાનું છે, આ માટે પ્રભુ પરમાત્મા આપણે સૌને શક્તિ પ્રદાન કરે.....

વિનોદભાઇ એમ.માછી "નિરંકારી") - ફોન:૯૭૨૬૧૬૬૦૭૫(મો) - e-mail:vinodmachhi@gmail.com

## અનુપમ માર્ગદર્શક - સદગુરૂ

ગુરૂ શબ્દ પ્રાચિન અધ્યાત્મની ધરોહર છે.સંત મહાત્માઓએ ગુરૂને પુરાતન યુગીન શાસ્ત્રીય અર્થોથી અલગ અલગ સ્વરૂપે અપનાવ્યાં છે.તેમના મત અનુસાર ગુરૂ ફક્ત અધ્યાપક કે માર્ગદર્શક જ નહી,પરંતુ પરમપિતા પરમાત્માના અંશના નિર્મિત હોય છે.જેની કલ્પના પૌરાણિક વિચાર પધ્ધતિએ અવતાર ધારણા ની પરિભાષામાં કરી છે. તે દેહધારી દેખાવા છતાં દેહધારી નહી પરંતુ શબ્દ હોય છે. સ્વયં પરમાત્મા પોતાના જીવોની રક્ષા માટે તેમનામાં શબ્દની સ્થાપના કરે છે અને તે શબ્દનું રહસ્યોદ્ઘાટન તે ત્રસ્ત જનતાની સન્મુખ રાખીને તેમને શાંતિ પહોચાડે છે.પ્રસ્તુત વિચારધારા અનુસાર ગુરૂનું વાસ્તવિક રૂપ શબ્દ રૂપ છે અને તે પોતે પરમાત્માનું તત્વ છે જેનું પ્રમાણ છેઃ શ્રીમદ્ ભગવદ્ ગીતાઃ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કેઃ- "જ્યારે જ્યારે ધર્મની હાની અને અધર્મની વૃધ્ધિ થાય છે ત્યારે ત્યારે હું પોતાની જાતને સાકારરૂપે પ્રગટ કરૂં છું. સાધુઓ (ભક્તો)ની રક્ષા કરવા માટે,પાપ કર્મ કરવાવાળાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સારી રીતે સ્થાપના કરવાને માટે હું યુગ યુગમાં પ્રગટ થયા કરૂં છું."(ગીતાઃ૪/૭-૮)

http://suratiundhiyu.wordpress.com/

રામચરીત માનસ-માં ગોસ્વામી તુલસીદાસજી લખે છે કેઃ-
"જબ જબ હોઇ ધર્મકી હાની, બાઢહીં અસુર અધમ અભિમાની,
કરહીં અનીતિ જાઇ નહીં બરની, સીદહીં વિપ્ર ધેનુ સુર ધરની,
તબ તબ પ્રભુ ધરી બિબિધ શરીરા, હરહીં કૃપાનિધિ સજ્જન પીરા.."
(રામચરીત માનસઃ૧/૧૨૦ઘ/૩-૪)

જ્યારે જ્યારે ધર્મની હાની થાય છે અને નીચ..અભિમાની તથા અસુરોની વૃધ્ધિ થાય છે અને જ્યારે તેઓ વર્ણવી ના શકાય તેવી અનીતિ કરે અને બ્રાહ્મણો..ગાયો..દેવતાઓ તથા પૃથ્વી ખેદ પામે ત્યારે ત્યારે કૃપાનિધિ પ્રભુ વિવિધ શરીરો ધારણ કરીને સજ્જનોની પીડાનું હરણ કરે છે. સંસારમાં સાધારણમાં સાધારણ કાર્ય શીખવા માટે અમારે તેના જાણકાર ગુરૂનું શરણું લેવું પડે છે.એવા વ્યક્તિની શોધ કરવી પડે છે કે જે પહેલાંથી જ તે ક્ષેત્રનો જાણકાર હોય છે,તેવી જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ શાંતિ પ્રાપ્ત કરવા માટે કોઇ પરમ પુરૂષની શરણાગતિ અતિ આવશ્યક છે.જેવી રીતે પ્રકાશ વિના અંધકાર દૂર થતો નથી, જ્ઞાની વિના જ્ઞાન પ્રાપ્તિ ફક્ત કલ્પના જ છે,નાવિક વિના નૈયા પાર ઉતરી શકાતું નથી,શિક્ષક વિના શિક્ષણ પ્રાપ્ત થતું નથી,તેવી જ રીતે ગુરૂના જ્ઞાનરૂપી પ્રકાશ વિના માયાનો અંધકાર દૂર થઇ શકતો નથી.ગુરૂજ્ઞાન વિના રહસ્ય રહસ્ય જ રહી જાય છે. માનસકાર કહે છે કેઃ-"ગુરૂ બિન ભવનિધિ તરઇ ન કોઇ, જો બિરંચી શંકર સમ હોઇ"(રામાયણ)

ગુરૂની આવશ્યકતાની સાથે સાથે અહીં કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે કેઃજો ગુરૂ મળી જાય તો તેમને શું પુછવું ? તેમની પાસેથી શું શિખવું ? ગુરૂ કેવી રીતે મળે ? જવાબ સ્પષ્ટ છે કેઃજે જિજ્ઞાસાવૃત્તિની શાંતિના માટે મનુષ્યને ગુરૂની ગુરૂની આવશ્યકતા પડી તે સમસ્યાનું નિરાકરણ ગુરૂ પાસેથી મેળવવું જોઇએ.સંસારચક્રમાં સુખ દુઃખના ગોરખધંધાથી અસંતુષ્ઠ વ્યક્તિ ગુરૂ પાસેથી સંતુષ્ઠિ જ ઇચ્છશે. આધુનિક વૈજ્ઞાનિક મસ્તિસ્ક તર્કક્ષેત્રમાં અસફળ રહ્યો છે.તેથી ગુરૂ શરણમાં શ્રધ્ધાને અપનાવશે. સમગ્ર દુનિયાના માનવો પોતપોતાની રીતે પ્રભુનું નામ સુમિરણ કરી રહ્યા છે.કોઇ રામ રામ..કોઇ હરિ ૐ..કોઇ અલ્લાહ..કોઇ વાહેગુરૂ તો કોઇ **GOD**..એક જ માલિક પ્રભુ પરમાત્માનાં જે અનેક નામ છે તેનો બોધ કરાવવા માટે ગુરૂ તેનો પરીચય વ્યક્તિગત અનુભવથી પ્રદાન કરે છે. " તુરંત મિલાવે રામસે ઉન્હે મિલે જો કોઇ " જે પણ તેમને મળે છે તેમને રામની સાથે કે જે ઘટઘટમાં રમી રહ્યા છે.તે જ્યોતિસ્વરૂપ પ્રભુની સાથે જોડી દે છે.ગુરૂ શબ્દનો અર્થ પણ એ જ છે કેઃ જે અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશ પ્રદાન કરે.ગુરૂ સત્યનો બોધ કરાવે છે

http://suratiundriyu.wordpress.com/

કે જેનાથી અંતરનું અજ્ઞાનરૂપી અંધારૂં દૂર થાય છે.તેવા જ ગુરૂને ધારણ કરો કે જે સત્યની પ્રતીતિ કરાવી દે.જે અકથ છે..અવર્ણનીય છે..તેનો અમોને અનુભવ કરાવી દે.

કબીર સાહેબ કહે છે કેઃ-

સાધો સો સદગુરૂ મોહે ભાવે,પરદા દૂર કરે આંખનકા નિજ દર્શન દિખલાવે.

ગુરૂનું આ જ કામ છે.ગુરૂ તો તે છે જે અજ્ઞાનતાનો પડદો હટાવીને અંર્તમુખ જ્યોતિનો અનુભવ કરાવે છે.હરિનામનું અમૂલ્ય રત્ન પૂર્ણ ગુરૂની પાસે હોય છે.જે તેમના આદેશ મુજબ ચાલે છે,તેને પોતાનો વ્યક્તિગત અનુભવ કરાવી દે છે.સમય સમયે અનેક મહાન વિભૂતિઓ વિશ્વમાં અવતરીત થતી રહે છે.પૃથ્વી પર અવતરીત થવા છતાં ઇશ્વર સાથે તેમનો સબંધ અતૂટ રહે છે.આ વિભૂતિઓ ઇશ્વરના પ્રતિનિધિના રૂપમાં આવે છે,તે આ વિશ્વના મિથ્યા રંગ તમાશાઓમાં ભાગ લેવા છતાં પણ તેનાથી અલિપ્ત રહીને પોતાના પ્રભુ પરમાત્માની યાદમાં તલ્લીન રહે છે અને જે પોતે પરમાત્મામાં લીન હશે તે જ સંસારના નરકમાં બળતા જીવોને પોતાના જેવી લીનતાનો માર્ગ બતાવી શકે છે.આવી વ્યાપક આત્માઓની શોધની આવશ્યકતા છે.ગુરૂની શોધ..જિજ્ઞાસા..ઉત્સુકતા..ની ઉગ્ર સ્થિતિ સાધકની પ્રથમ અને અંતિમ સીડી છે.

કબીર સાહેબના શબ્દોમાં.....

!! જિન ઢૂંઢા તિન પાઇયા, ગહરે પાની પૈઠ, મૈં બાવરી ડુબનિ ડરી,રહી કિનારે બૈઠ !!

શોધની સત્યતાનું આ પ્રમાણ છે.જે શોધ કરે નહી,ઉંડાણમાં ઉતરશે નહી તે શું પ્રાપ્ત કરી શકશે? તે તો કિનારા ઉપર બેસીને જ જીવનની અનમોલ ઘડીઓને ગુમાવી દેવાનો ! ગુરૂની પ્રાપ્તિના માટે હું અને મારાપણાનો ત્યાગ તથા અભિમાન રહિત નિષ્કપટ શોધની આવશ્યકતા છે.મહાત્મા ઇસુએ **New Testament** માં ઉપદેશ આપતાં સુંદર શબ્દોમાં આ વાતનો સંકેત આપ્યો છે કેઃ"સાચા દિલથી માંગો તો મળશે,સાચા ભાવથી શોધો તો પ્રાપ્ત થશે, સત્ પથ ઉપર આચરણ કરતાં તેમનું દ્વારા ખટખટાવશો તો અવશ્ય ખુલશે."

મોક્ષ-પ્રદાતા ગુરૂને તે જ પ્રાપ્ત કરી શકે છે કે જેનું પ્રારબ્ધ ઉચ્ચકોટિનું છે અને જે સંસારમાં સદગુણોની ખાણ બનીને જીવનના ચરમ લક્ષ્યની પ્રાપ્તિના માટે પ્રયત્ન કરે છે.પ્રભુ પરમાત્માની પરમકૃપા જ જિજ્ઞાસુઓને ગુરૂ સાથે ભેટો કરાવે છે.જિજ્ઞાસુ ભાવથી યાચના કરનારને હરિદાન આપનાર,બ્રહ્માનુભૂતિ કરાવનાર ભૂલેલા ભટકેલા પ્રાણીઓને પરમતત્વમાં લીન કરવા તથા માયાન્ધ વ્યક્તિને વિવેક નેત્ર પ્રદાન કરી કાળની સીમાથી બહાર પરમપિતા પરમાત્મા સાથે સબંધ જોડી

http://suratiundhiyu.wordpress.com/

આપનાર શક્તિનું નામ ગુરૂ છે. ભારતીય વિચારધારા જન્મ-મરણના ચક્રની યર્થાથતામાં વિશ્વાસ રાખે છે તેમાંથી ગુરૂ મુક્ત કરી શકે છે.ત્રણે લોકમાં ગુરૂ સિવાય કોઇ મુક્તિનું સાધન નથી.તેમની પ્રેરણા અને માર્ગદર્શનથી જ જીવ પ્રભુ ભક્તિ કરી શકે છે તથા રાત દિવસ તેનામાં મગ્ન રહીને પોતાની માનસિક તથા આધ્યાત્મિક ભૂખ શાંત કરી શકે છે.ગુરૂ પોતે એક તિર્થ છે.તેમના ચરણોમાં બેસવા માત્રથી પાપો ધોવાઇ જાય છે.તે સંતોષનો ભંડાર હોય છે.ગુરૂ ચિર નિર્મલ જળનો સંચાર કરનાર સ્ત્રોત છે,જેનાથી દુર્ગતિનો મેલ ધોવાઇ જાય છે.વાસ્તવમાં જો ગુરૂ પૂર્ણ હોય તો પશુ સમાન પતિત અને કુટિલ મનુષ્યને પણ દેવત્વ-પદ પ્રાપ્ત કરે છે.તેમના હૃદયમાંથી હંમેશાં નીકળતી બ્રહ્મજ્ઞાનની સુગંધી વિશ્વ પ્રકૃતિને સુગંધિત કરે છે.આવા મહામાનવના ચરણોમાં શિશ ઝુકાવવાથી અવશ્ય કલ્યાણની પ્રાપ્તિ થાય છે.સદગુરૂ સમાજના દરેક વ્યક્તિને બ્રહ્મજ્ઞાન પ્રદાન કરીને પોતાના મૂળ સ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવીને વ્યક્તિ તથા સમાજને સ્વર્ગીય આનંદ પ્રદાન કરે છે.

હવે સહજમાં જ પ્રશ્ન થાય કેઃમુક્તિદાતા,જીવ-બ્રહ્મમાં એકત્વ સ્થાપિત કરનાર તથા સંસારના વિષય-વિકારોમાંથી મુક્તિ અપાવનાર ગુરૂ ક્યાંના નિવાસી હોય છે? શારીરિક રૂપમાં તે ભલે દુનિયાદારી દેખાય,પરંતુ વાસ્તવમાં તે આ વિલાસી જગતના હોતા નથી,તે દુનિયાના નરકમાં તડપતી માનવતાના મસીહા ભૌતિકરૂપ લઇને આવે છે,તેમછતાં તે સ્વયમ્  પરબ્રહ્મ પરમાત્માના પ્રતિનિધિ હોય છે.ગુરૂ દેહમાં જ સ્થિત હોતા નથી,તે પ્રભુથી અભિન્ન હોય છે,તે સાકાર હોવા છતાંપણ નિરાકાર હોય છે,તે જીવોનું કલ્યાણ કરવા માટે દેહ ધારણ કરતા હોય છે.તમામ સદગ્રંથોએ તેમની મહીમાનું વર્ણન કર્યું છે.ગુરૂ અમારી જેમ માનવીય આકારમાં હોય છે.તેમનું શરીર સંસારમાં કામ કરતું દેખાય છે,પરંતુ તે પ્રભુથી અભિન્ન હોય છે.આ જગતના કોઇ બંધન તેમને હોતા નથી.ગુરૂ એ પ્રભુએ મોકલેલ દૂત છે.જે સંસારના કલ્યાણના માટે પ્રભુથી વિખૂટા પડેલ જીવોને પરમાત્માની સાથે જોડવા માટે આવે છે.

ગુરૂ અને શિષ્યનો સબંધ પ્રગાઢ હોય છે.જેની તુલના કોઇની સાથે કરી શકાતી નથી.દુનિયાના તમામ સબંધો સ્વાર્થથી બંધાયેલ છે,જ્યારે ગુરૂ-શિષ્યનો સબંધ નિઃસ્વાર્થ હોય છે.ગુરૂ શિષ્યને મન અને ઇન્દ્રિયોને સ્થિર કરવાનું સાધન બતાવતા હોય છે.પોતાની કૃપા દૃષ્ટિથી શિષ્યને બુધ્ધિની નિર્મળતા પ્રદાન કરે છે,કેમ કે પરમાર્થમાં મન,ઇન્દ્રિયો તથા બુધ્ધિની સ્થિરતા નિતાન્ત આવશ્યક છે.સદગુરૂ શિષ્યના તમામ રોગ-સંતાપ દૂર કરી દે છે.પ્રારબ્ધ અનુસાર ભોગવવાના દુઃખોને પોતાની શક્તિથી હલકા બનાવી દે છે અને દુઃખ સહન કરવાની શક્તિ આપે છે.

જ્યો જનની સૂત જન પાલતી રખતી નજર મંઝાર,ત્યોં સદગુરૂ શિષ્યકો રખતા હરિ પ્રિત પ્યાર..

http://suratiundhiyu.wordpress.com/

એટલે કેઃ માતાથી વધુ અધિક અટૂટ પ્રેમથી ગુરૂ શિષ્યની પાલના કરે છે.તે નામ-સત્યજ્ઞાનનું ભોજન જમાડી શિષ્યનું પાલન પોષણ કરે છે,તે પ્રેમની રોટી,જીવન અમૃત શિષ્યને આપે છે.ગુરૂનો અદૃશ્ય હાથ ઘણો લાંબો હોય છે.તેમના સામિપ્ય કે દુર વસવાથી કોઇ ફરક પડતો નથી,તેમાં કારણ-કરણ પ્રભુ સત્તા કામ કરતી હોય છે.

હવે પ્રશ્ન થાય કેઃ ગુરૂ પણ અમારી જેમ જ માનવ છે તો પછી તેમને વિશેષતા કેમ આપવામાં આવે છે? તેનો જવાબ એ છે કેઃગુરૂનો અમારી જેમ જ માનવ દેહ હોય છે,પરંતુ તેમનામાં પરમાત્મા પ્રગટ રૂપમાં હોય છે.પરમાત્મા દરેકમાં છે જ,પરંતુ.......
સબ ઘટ મેરા સાંઇયા સૂની સેજ ના કોઇ, બલિહારી તિસ ઘટકી જા ઘટ પ્રગટ હોય...... ગુરૂમાં જે સત્તા પ્રગટ છે તે બીજાઓમાં પણ પ્રગટ કરતા હોય છે,એટલા માટે જ તે માનવ શરીરને અમે વિશેષ માનીએ છીએ,તેમની પૂજા કરીએ છીએ.

ભારતીય વિચારધારા કર્મ અનુસારના જીવન-મરણ-આવાગમનના સિધ્ધાંતને સ્વીકારે છે.શાસ્ત્રોમાં ચૌરાશી લાખ યોનિયો(ઇંડજ..પિંડજ..સ્વેદજ અને ઉદભિજ)નું વર્ણન છે તથા દેવ દુર્લભ મનુષ્ય જન્મની પ્રાપ્તિ ઘણા જ સત્કર્મોનું પ્રતિક છે એમ કહેવામાં આવ્યું છે.સૃષ્ટિના વિકાસક્રમમાં ઉત્તરોત્તર ઉન્નતિનો ઉપાસક માનવ તમામ જીવોમાં મોટો કહેવાય છે,કારણ કેઃતેની પાસે બુધ્ધિ,વિવેક,મૂલ્યાંકન કરવાની તથા વાસ્તવિકતા શોધી કાઢવાની શક્તિ તેનામાં છે.આ શક્તિના આધારે તે પોતાના જીવન લક્ષ્યના વિશે વિચારી શકે છે તથા જીવન રહસ્યની શોધ કરી છેલ્લે આવાગમનના ચક્કરમાંથી છુટકારો મેળવીને પ્રભુમાં લીન થઇ શકે છે અને આ જ મનુષ્યજીવનની સાર્થકતા છે.પ્રભુ પરમાત્માની ગોદમાં સ્થાન પ્રાપ્ત કરી સાંસારિક ભોગો-સુખો-આકર્ષણો-વિકર્ષણોથી મુક્તિ મળે છે અને માયાના અંધકાર પાર કરી વિવેકરૂપી દિપક લઇ પોતાનો વાસ્તવિક માર્ગ શોધી લેવો.ભવસાગરમાં ગોથાં ખાવા કરતાં સત્યબોધ પ્રાપ્ત કરી અલૌકિક આનંદ પ્રાપ્ત કરવો તથા જીવતાં રહીને પોતાનાં પ્રારબ્ધ કર્મોનો હિસાબ પુરો કરી નવેસરથી સદવિચારી..સમવ્યવહારી તથા પરકલ્યાણકારી જીવન વિતાવવું – એ જ વાસ્તવમાં મનુષ્ય જીવનનું લક્ષ્ય છે, પરંતુ આ ક્યારે શક્ય બને ? સંસારમાં જન્મ લેતાં જ મનુષ્ય માયાવી ગોરખધંધામાં એવો ફસાઇ જાય છે કેઃઆધ્યાત્મિક જ્ઞાનનો દિપક અવિવેકરૂપી ભયંકર અંધકારમાં પોતાનો પ્રકાશ ફેલાવી શકતો નથી.દીપથી દીપ પ્રગટાવવાનો સિધ્ધાંત પ્રસિધ્ધ છે,એટલે જ્ઞાનરૂપી દિપકને ગુરૂની સહાયતાથી પ્રકાશિત કરી શકાય છે,એટલે સર્વપ્રથમ મનુષ્યએ પોતાના જીવન લક્ષને પ્રાપ્ત કરવા,જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થવા કોઇ સાચા ગુરૂની શોધ કરવી જોઇએ.        ગુરૂ એક એવી શક્તિ

http://suratiundhiyu.wordpress.com/

છે જેમની અનુપસ્થિતિમાં મનુષ્ય પાસે બધું જ હોવાછતાં પણ શૂન્ય છે,તે કસ્તુરી મૃગની જેમ પોતાની અંદરથી જ આવતી સુગંધને જંગલોમાં,પહાડો,તિર્થોમાં શોધતો ફરે છે,તેને કોઇ વાસ્તવિકતા સમજાવી દે તો તેને કેટલી અલૌકિક શાંતિ મળે ! સર્વત્ર સાક્ષાત બ્રહ્મ વિધમાન છે તેમની સુગંધી એટલે કેઃ માયા કે પ્રકૃતિ ચારે દિશામાં ફેલાયેલ છે,પરંતુ ગુરૂરૂપી સોપાન વિના આ સ્થિતિને પ્રાપ્ત કરવી અસંભવ છે.ગુરૂ સત્ય-અસત્યનો માપદંડ છે.સંસાર સાગરથી પાર કરાવનાર નાવિક તથા મહાનતમ તીર્થ છે,જેના દર્શન કરવાથી અડસઠ તીર્થોનું પુણ્ય પ્રાપ્ત થાય છે.

સદગુરૂના આદેશ-ઉપદેશને માનનાર,તેમના આદેશ મુજબ આચરણ કરનાર ઇશ્વરનો સાક્ષાત્કાર કરીને તેમાં લીન થઇ જાય છે.ગુરૂ વચનોની સહાયતાથી તેને કાળનો ભય રહેતો નથી.જ્યાંસુધી સદગુરૂની શરણાગતિ લેવામાં આવતી નથી ત્યાંસુધી પ્રભુ મિલનની વાતો ફક્ત કોરી કલ્પના જ છે. આત્મા જ્યારે પોતાનું અલગ અસ્તિત્વ નથી –એવું સમજી ઇશ્વરમાં લીન થઇ જાય છે એટલે કેઃઅંશ અંશીમાં સમાઇ જાય છે તો મનુષ્યને સંસારમાં પુનઃજન્મ લેવો પડતો નથી.બ્રહ્મમાં લીન થયા પછી તેનું અલગ વ્યક્તિત્વ રહેતું નથી,તેને જ મોક્ષ કહેવામાં આવે છે.ગુરૂ માર્ગ-પ્રદર્શક જ્યોતિ છે તેના વિના અવિવેકના અંધકારમાં રસ્તાની શોધ કરવી અસંભવ છે.ગુરૂ અને પરમાત્મામાં મોટું કોન? આ પ્રશ્ન ઉપર પુરાતન કાળથી વિચારો થઇ રહ્યા છે.શું આ બંન્ને એક છે? શું બંન્નેમાં અંતર છે? આ પ્રશ્ન પણ આ સંદર્ભમાં વિચારણીય છે.અદ્વૈતવાદી વિચારક બંન્નેના એકત્વ સિધ્ધ કરવા માટે નિઃસંકોચ કહી ઉઠે છે કેઃ-- ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂ દેવો મહેશ્વરઃ ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈઃ શ્રી ગુરવે નમઃ !! એટલે કેઃ ગુરૂ જ બ્રહ્મા છે,ગુરૂ જ વિષ્ણુ છે અને ગુરૂ જ શંકર ભગવાન છે,ગુરૂ જ સાક્ષાત પરબ્રહ્મનું રૂપ છે,એટલે કેઃસંસારમાં ઉત્પત્તિ,પોષણ અને શાંત કરવાવાળી ત્રણે શક્તિઓ ગુરૂમાં હોય છે.

લેખક : વિનોદભાઈ.મંગલભાઈ.માછી – ઇમેલ- vinodmachhi@gmail.com
ફોન: ૦૯૭૨૬૧૬૬૦૭૫(મો)

http://suratiundhiyu.wordpress.com/

## માનવ જીવનમાં તમામ સમસ્યાઓનું કારણ મન છે..!

**માનવ જીવનમાં તમામ સમસ્યાઓ..દુઃખો અને તકલીફોનું પ્રમુખ કારણ મન છે,કારણ કેઃમનુષ્યની તમામ ઇન્દ્રિયોમાં મન જ મુખ્ય છે.આમ તો કર્મ કરવા માટે**

પાંચ કર્મેન્દ્રિયો(હાથ..પગ..મુખ..ગુદા અને ઉપસ્થ) તથા કોઇ પણ જાણકારી મેળવવા પાંચ જ્ઞાનેન્દ્રિયો(આંખ..કાન..નાક..જીભ અને ત્વચા) આપવામાં આવેલ છે,પરંતુ કોઇપણ કર્મેન્દ્રિય કે જ્ઞાનેન્દ્રિય મનના આદેશ વિના કામ કરી શકતી નથી.ક્યારેક એવું બને છે કેઃકોઇ વ્યક્તિ અમારી નજરની સામે જ પસાર થાય તેમછતાં અમે તેને જોઇ શકતા નથી..કોઇ વ્યક્તિ અમોને બોલાવે છે તેમ છતાં અમે સાંભળતા નથી,ત્યારે અમોને પૂછવામાં આવે તો અમો કહીએ છીએ કે મેં તે વ્યક્તિને જોયો જ નથી કે મેં તેની બૂમ સાંભળી જ નથી.આનું કારણ એ છે કેઃ આંખો દ્વારા જોવા છતાં તથા કાનો દ્વારા સાંભળવા છતાં અમારૂં ધ્યાન અન્યત્ર હોવાના કારણે જોઇ કે સાંભળી શકતા નથી.આનો અર્થ એ થયો કેઃમન જ જુવે છે અને મન જ સાંભળે છે,ઇન્દ્રિયો તો નિમિત્તમાત્ર છે.માનવ શરીરમાં મન જ સમ્રાટ છે.શરીરના તમામ અવયવો મનના ઇશારે જ કામ કરે છે.     એકવાર એક વ્યક્તિ પૂજા કરી રહ્યો હતો..તેના હાથમાં માળા ફરી રહી હતી..જીભથી પ્રભુ નામનો જપ થઇ રહ્યો હતો,તેની બિલ્કુલ સામે તેના ફાટેલા બૂટ પડ્યા હતા,રસોડામાં તેની પૂત્રી રસોઇ બનાવી રહી હતી કે જે બ્રહ્મજ્ઞાની હતી,તે જ સમયે તેના પિતાશ્રીને મળવા કોઇ આગંતુક આવે છે અને તેના પિતાશ્રીના વિશે પૂછતાં પૂત્રીએ જવાબ આપ્યો કેઃ મારા પિતાશ્રી તો ઘેર નથી તેઓ મોચીને ત્યાં તેમના ફાટેલાં બૂટ રીપેર કરાવવા માટે ગયા છે,તે આગંતુકના ગયા બાદ પૂજા પુરી થતાં તેના પિતાશ્રી ગુસ્સામાં આવી પૂત્રીને કહે છે કેઃ તૂં જુઠું કેમ બોલી ? હું તો પૂજાખંડમાં પૂજા કરી રહ્યો હતો.પૂત્રીએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો કેઃ પિતાશ્રી ! આપનું શરીર ભલે પૂજાખંડમાં હતું પરંતુ આપનું મન ફાટી ગયેલા બૂટને રીપેર કરાવવા મોચીને ત્યાં ગયું હતું તો પછી હું જુઠું ક્યાં બોલી ! એટલે જ કબીરજીએ લખ્યું છે કેઃ માલા તો કરમેં ફિરે..જીભ ફિરે મુખ માંહી, મનુઆ તો દશો દિશામેં ફિરે..યહ તો સુમિરણ નાહીં....૧

માલા ફેરત જુગ ભયા..ગયા ન મનકા ફેર, કરકા મનકા ડારી દે મનકા મણકા ફેર....૨

http://suratiundhiyu.wordpress.com/

મનનો સ્વભાવ છેઃ અવગુણોની તરફ દોડવું..કોઇની નિન્દા કરવાની હોય..કોઇને નુકશાન થાય તેવી યોજના બનાવવાની હોય..વ્યભિચારની વાતો થતી હોય ત્યાં મન ઘણું જ રસપૂર્વક સાંભળતું હોય છે, એટલે જ તો લોકો પોતાની પ્રસંશા કરવામાં અને સાંભળવામાં..બીજાના અવગુણોની ચર્ચા કરવામાં..ગપ્પાં મારવામાં.. પોતાની મહત્તા વધારવામાં વ્યસ્ત જોવા મળે છે,પરંતુ જો સત્સંગમાં જવાનું હોય..પ્રભુની ચર્ચા કરવાની હોય તો તેમની પાસે સમય હોતો નથી.. મનની આ જ મૂઢતા છે કે પ્રભુ ભક્તિને છોડીને અસ્થાયી અને નિમ્ન કોટીના કામોમાં આનંદ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. મન જ પ્રાણીઓના ભવિષ્યનું નિર્માણ કરે છે. !! આશા ત્યાં વાસા અને સૂરતા ત્યાં મૂકામ !!

મૃત્યુના સમયે મન જેમાં લાગે છે તેવી જ ગતિ થાય છે.સારૂં કર્મ હોય કે ખરાબ કર્મ હોય..જેમાં મન લાગી જાય છે તે બંધનનું કારણ બને છે.જો મનને વશ કરી લેવામાં આવે તો વ્યક્તિ બંધનમુક્ત થઇ જાય છે..એટલે કે મોક્ષને પ્રાપ્ત થઇ શકે છે તેના માટે ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ પરમાત્માના ચરણકમળમાં ધ્યાન લગાવવાની આવશ્યકતા છે.મન ક્યારેક શાંત તો ક્યારેક અશાંત રહે છે. પરિસ્થિતિ અનુકૂળ અને પ્રતિકૂળ બંન્ને અસ્થાયી છે.જે અનુકૂળતાની રાહ જુવે છે તે સામાન્ય માનવ કહેવાય છે.જે પ્રતિકૂળતાને અનુકૂળ બનાવવાની હિંમત રાખે છે તે મહાન કહેવાય છે.ક્ષણભંગુર જીવનમાં અનુકૂળતા આવવાની રાહ જોયા વિના જે પ્રાપ્ત થયેલ છે તેનો ઉપયોગ કરવો પડતો હોય છે અને આવી જ રીતે જીવનચક્ર ચાલતું રહે છે.અમે જ્યાં સુધી જાગીએ છીએ ત્યાં સુધી લગભગ દોડતા જ રહીએ છીએ.દુનિયાના તમામ માનવો ભૌતિક પદાર્થો ભેગા કરવાની પ્રતિયોગિતામાં દોડી રહ્યા છે,તેમની દ્દષ્ટિ પોતાનાથી આગળ વધી રહેલાઓની ઉપર હોય છે અને તેઓ વિચારતા હોય છે કેઃહું તેનાથી કેવી રીતે આગળ નીકળું...? સુતી વખતે લગભગ આપણે શાંત હોઇએ છીએ,પરંતુ દરેક સૂતેલો વ્યક્તિ શાંત જ હોય છે તેવો દાવો કરી શકાતો નથી.જેમ જાગવાવાળાઓની દુનિયા છે તેવી જ રીતે ઉંઘવાવાળાઓની પણ દુનિયા હોય છે.જ્યારે સ્વપ્ન પ્રતિકૂળ હોય છે તો બિસ્તર ગમે તેટલો નરમ કેમ ના હોય..મન

http://suratiundhiyu.wordpress.com/

અશાંત જ રહે છે.જાગનાર પણ અશાંત અને ઉંઘનાર પણ અશાંત ! તો પછી શાંતિ ક્યાંથી મળે ? નવજાત બાળકથી માંડીને વૃદ્ધાવસ્થાએ પહોચેલા તમામ શાંતિની શોધ કરી રહ્યા છે.આ બંન્નેને પોતપોતાના કારણો છે.નવજાત શિશુને હજુ ભાવિ જીવન જીવવાનું છે એટલે તેમની ઉપલબ્ધિઓનો કટોરો ખાલી છે.વૃદ્ધ જીવન જીવી ચુક્યા છે,પરંતુ પામવું (+) અને ખોવું (-) તેનું પરીણામ શૂન્ય છે. ગણિતના આ ખેલમાં એકનો અનિશ્ચય અને બીજાના જીવનમાં નિરાશા છે.જે કાલે રડી રહ્યો હતો તે આજે પણ રડી રહ્યો છે.રડવું એ તથ્યનું પરીચાયક છે કે બંન્નેને શાંતિ મળી નથી...!

સદીઓથી બુદ્ધિજીવીઓ ચિન્તન કરી રહ્યા છે..વક્તા ભાષણ આપી રહ્યા છે..મોટા મોટા સંમેલનો..મોટી મોટી જાહેર ખબરો...આ બધું અવિરતપણે ચાલી રહ્યું છે તેમછતાં શાંતિ મળતી નથી.આ બહું મોટી સમસ્યા છે.તમામ સમસ્યાઓ મનની છે.મનને ઠેકાણું જોઇએ. ચિંતન..મનન.. ભાષણ..સંમેલન...તમામ મુબારક છે કે જો મન આત્માને આધિન હોય.. મન અને આત્મા જીવનરૂપી વૃક્ષ ઉપર બેઠેલા બે પક્ષીઓ છે.તફાવત એટલો છે કેઃમન ફળ ખાવાની ઇચ્છા રાખ્યા કરે છે અને આત્મા ફળની ઇચ્છાથી રહીત હોય છે.આત્માની ઇચ્છા છેઃ પરમાત્મા કે જે આત્માનું મૂળ સ્વરૂપ છે.આત્મા પરમાત્માની સાથે જોડાઇ જાય તો પરમ શાંત થઇ જાય છે.આ અવસ્થામાં મન આત્માની આધિનતા સ્વીકારી લે તો મન પણ શાંત બની જાય છે. સમસ્યા અંદરની છે તો સમાધાન પણ અંદરથી જ કરવું પડશે.સમાધાન એક જ છે કેઃ આત્માનું પરમાત્માની સાથે મિલન.આ જ આધ્યાત્મિકતાનું શિખર છે.વિશ્વના દરેક મનુષ્યનો આત્મા પરમાત્માની સાથે જોડાઇ જાય તો જ વિશ્વ શાંતિ સંભવ છે.શાંતિ જોઇએ તો આ કદમ ઉપાડવું જ પડશે....તો આવો આપણે સૌ આગળ વધીએ.....!!!

અમારા અંતઃકરણ ચતુષ્ટ્રયના ચાર ભાગ છેઃ મન..બુદ્ધિ..ચિત્ત અને અહંકાર. મનમાં સંકલ્પ-વિકલ્પ થાય છે.ચિત્ત તેના ઉપર ચિન્તન કરે છે,ત્યારબાદ બુદ્ધિ તેના સબંધમાં નિર્ણય કરે છે..અહંકારથી કતૃત્વભાવ ઉત્પન્ન થાય છે..આમ,મન અમારા સંકલ્પ-વિકલ્પોનું ઉદગમ સ્થાન છે.મન અમારી ઇન્દ્રિયોનું પ્રેરક તથા નિયંત્રક છે.મનને કેન્દ્રિત કર્યા સિવાય કોઇપણ કાર્ય સંપૂર્ણપણે સંપાદન થઇ શકતું નથી.અમે જે કંઇ

http://suratiundhiyu.wordpress.com/

શુભ-અશુભ કર્મ કરીએ છીએ તેની રૂપરેખા પ્રથમ અમારા મનમાં જ બને છે અને તે મુજબ જ અમારી કર્મેન્દ્રિયો તેને કાર્યાન્વિત કરે છે.આમ,અમારા તમામ શુભ-અશુભ કર્મોનું પ્રધાન કારણ અમારૂં મન જ છે.

ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કેઃ !! મન એવમ્ મનુષ્યાણામ્ બંધન કારણ મોક્ષયો !!

મન જ અમારા બંધન અને મોક્ષનું કારણ છે.આ સિવાય અમારા જીવનમાં સફળતા અને નિષ્ફળતાઓમાં પણ અમારૂં મનોબળનું મહત્વપૂર્ણ યોગદાન હોય છે.મનમાં ઉત્સાહ હોય તો કઠીન કાર્ય પણ સુગમતાપૂર્વક સંપન્ન થાય છે,પરંતુ ઉત્સાહહીન અધૂરા મનથી કરેલ કાર્યમાં અસફળતા જ મળે છે,એટલે વિજ્ય-પરાજયનું કારણ પણ અમારૂં મનોબળ છે.

!! મનકે હારે હાર હૈ ! મનકે જીતે જીત !!

મનની આ ચંચળતાનું કારણ મનનો વિષય ઇન્દ્રિયોની સાથેનો સંયોગ છે. ઇન્દ્રિયો વિષયોના સંયોગથી મનને પોતાનું અનુગામી બનાવી લઇ મનને સ્થિર થવા દેતું નથી.જો કે મનને ઇન્દ્રિયોથી શ્રેષ્ઠ..સબળ અને સુક્ષ્મ કહેવામાં આવ્યું છે.

શ્રીમદ્ ભગવદગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કેઃ

"ઇન્દ્રિયોને સ્થૂળ શરીર કરતાં પર (શ્રેષ્ઠ..સબળ..પ્રકાશક..વ્યાપક તેમજ સૂક્ષ્મ) કહે છે.ઇન્દ્રિયોથી પર મન છે..મનથી પર બુદ્ધિ છે અને જે બુદ્ધિથી પણ પર છે તે કામ છે."

!! (ગીતાઃ૩/૪૨)

સ્થૂળ શરીર વિષય છે..ઇન્દ્રિયો બહિઃકરણ છે અને મન..બુદ્ધિ અંતઃકરણ છે.સ્થૂળ શરીરથી ઇન્દ્રિયો પર છે તથા ઇન્દ્રિયોથી પર બુદ્ધિ છે.બુદ્ધિથી પર અહં છે જે કર્તા છે.આ અહં(કર્તા)માં કામ એટલે કેઃ લૌકીક ઇચ્છા રહે છે.સાધકના હ્રદયમાં રહેલી તમામ કામનાઓ જ્યારે સમુળગી નષ્ટ થઇ જાય છે ત્યારે મરણધર્મી મનુષ્ય અમર થઇ જાય છે અને અહી મનુષ્ય શરીરમાં જ બ્રહ્મનો સારી રીતે અનુભવ કરી લે છે.જે સમયે મનુષ્ય પોતાના મનમાં રહેવાવાળી તમામ કામનાઓનો પરીત્યાગ કરી દે છે તે જ સમયે તે ભગવત્સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે.

http://suratiundhiyu.wordpress.com/

શ્રીમદ્ ગીતાના છઠ્ઠા અધ્યાયમાં અર્જુને ભગવાનને પોતાની વિવશતા વ્યક્ત કરતાં કહ્યું કેઃ "હે મધુસૂદન..! આપે સમતાયુક્ત જે યોગનો ઉપદેશ આપ્યો છે..મનની ચંચળતાના કારણે યોગની સ્થિર સ્થિતિ જોતો નથી." (ગીતાઃ૬/૩૪) સાંસારીક પદાર્થોની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં ચિત્તની સમતા રહેવી જોઇએ.આ સમતાથી મનુષ્યનું કલ્યાણ થાય છે.જ્યાં સુધી મનની ચંચળતા દૂર થાય નહી ત્યાં સુધી ધ્યાનયોગ સિદ્ધ થતો નથી અને ધ્યાનયોગ સિદ્ધ થયા વિના સમતાની પ્રાપ્તિ થતી નથી.

અર્જુનના આ કથનની સહમતી વ્યક્ત કરતાં ભગવાન શ્રી કૃષ્ણજીએ મનોનિગ્રહના બે ઉપાય બતાવતાં કહ્યું કેઃ

"આ મન ઘણું જ ચંચળ છે તેમજ મુશ્કેલીથી વશ થનારૂં છે.આ તારૂં કહેવું બિલ્કુલ બરાબર છે..છતાં પણ એ અભ્યાસ અને વૈરાગ્ય વડે વશમાં થાય છે."(ગીતાઃ૬/૩૫) મનને વારંવાર ધ્યેયમાં લગાડવાને અભ્યાસ કહે છે.આ અભ્યાસની સિદ્ધિ નિરંતર સમય આપવાથી થાય છે.સમય પણ નિરંતર કાઢવો જોઇએ..દરરોજ કાઢવો જોઇએ.ક્યારેક અભ્યાસ કર્યો અને ક્યારેક ન કર્યો...આમ ન કરવું.અભ્યાસના બે પ્રકાર છેઃ (૧) પોતાનું જે લક્ષ્ય કે ધ્યેય છે તેમાં મનોવૃત્તિ લગાડવી અને બીજી વૃત્તિ આવી જાય એટલે કેઃ બીજું ચિન્તન આવી જાય તેની ઉપેક્ષા કરી દેવી..તેનાથી ઉદાસીન થઇ જવું. (૨) જ્યાં જ્યાં મન ચાલ્યું જાય ત્યાં ત્યાં પોતાના લક્ષ્ય પરમાત્માને જ જોવા.. અભ્યાસની અંદર

સ્વાધ્યાય..ધ્યાન..સેવા..સુમિરણ..સત્સંગ...વગેરે સાધન આવે છે.ધાર્મિક સદગ્રંન્થો નું અધ્યયન કરવું તથા ચિંતન..મનન કરવાનો અભ્યાસ કરવો.ત્યારબાદ તે અનુસાર ધ્યાન કરવાનો તથા નામ સુમિરણ કરવાનો અભ્યાસ કરવો.મનની પ્રવૃત્તિ વિષયોન્મુખ હોય છે તેથી મનને વિષયોમાંથી હટાવીને ઇશ્વરોન્મુખ કરવું.મનને પરમાત્મામાં લગાડવું એ અભ્યાસ છે. ઉપરોક્ત બે સાધનો સિવાય મન લગાડવાના બીજા કેટલાક ઉપાય છે જેવા કે.....

પરમાત્મા તત્વને જાણીને તેમની સાથે સબંધ જોડીને નામનું સુમિરણ કરવું..

http://suratiundhiyu.wordpress.com/

જ્યારે ધ્યાન કરવા બેસીએ ત્યારે સૌથી પહેલાં બે ચાર શ્વાસ બહાર કાઢીને એવી ભાવના કરવી કે મેં મનથી સંસારને સર્વથા કાઢી નાખ્યો છે,હવે મારૂં મન સંસારનું નહી પરંતુ પરમાત્માનું જ ચિંતન કરશે અને ચિંતનમાં જે કંઇપણ આવશે તે પરમાત્માનું જ સ્વરૂપ હશે..

વૈરાગ્યનો અર્થ છેઃસાંસારીક વિષયોના પ્રત્યે દોષદ્દષ્ટિ અપનાવીને તેમના પ્રત્યે અનાસક્તિ અને ઉદાસીનતાનો ભાવ પેદા કરવો.વિષયોમાં દોષદર્શન અને વિષયાસક્તિના કુ-પરીણામના ચિંતનથી વિષયોન્મુખ મન વિષયોના પ્રત્યે વિરક્ત થઇ જાય છે.આ પ્રસંગમાં રાજર્ષિ ભતૃહરી લેખિત શ્લોક ઘણો જ ઉપયોગી છે.

“ભોગમાં રોગ થવાનો ભય…કુલાભિમાનથી પતનનો ભય…ધનથી રાજાનો ભય…મૌનમાં દીનતાનો ભય…બળવાન હોવામાં શત્રુનો ભય…સુંદરતામાં વૃદ્ધાવસ્થાનો ભય…શાસ્ત્રજ્ઞ હોવામાં વાદ-વિવાદ (વિરોધ)નો ભય…ગુણવાન હોવામાં દુષ્ટોનો ભય અને શરીરમાં મૃત્યુનો ભય બનેલો રહે છે…ફક્ત વૈરાગ્યમાં જ અભય(ભયમુક્ત) નો ભાવ છે.” (વૈરાગ્ય શતકઃ૩૫)

અભ્યાસની સહાય માટે “વૈરાગ્ય” ની જરૂર છે,કારણ કેઃસંસારના ભોગોથી જેટલો રાગ દૂર થશે તેટલું જ મન પરમાત્મામાં લાગશે.. વૈરાગ્ય લાવવાના કેટલાક ઉપાય છે…!!

સંસાર પ્રતિક્ષણ બદલાય છે અને પોતાનું સ્વરૂપ ક્યારેય અને કોઇપણ ક્ષણે બદલાતું નથી, આથી સંસાર આપણી સાથે નથી અને આપણે સંસારની સાથે નથી…આવો વિચાર કરવાથી સંસારથી વેરાગ્ય થાય છે.

પોતાના કહેવાવાળા જેટલા કુટુંબીજનો અને સબંધીઓ છે તેઓ આપણી પાસે અનુકૂળતાની ઇચ્છા રાખતા હોય છે તેથી આપણી શક્તિ..સામર્થ્ય..યોગ્યતા અને સમજ અનુસાર તેમની ન્યાયયુક્ત ઇચ્છા પુરી કરી દેવી અને પરીશ્રમ કરીને તેમની સેવા કરવી,પરંતુ તેમની પાસેથી પોતાની અનુકૂળતાની તથા કંઇ લેવાની ઇચ્છાનો ત્યાગ કરવો..આમ કરવાથી સ્વાભાવિક જ વૈરાગ્ય આવી જાય છે.

http://suratiundhiyu.wordpress.com/

વિષયો અને ઇન્દ્રિયોના સંયોગથી જે સુખની અનુભૂતિ થાય છે તે ક્ષણિક અને પરીણામમાં વિષ બરાબર છે આ સત્યને હ્રદયમાં ઉતારી લેવાથી મનમાં વિષયોના પ્રત્યે વૈરાગ્યનો ભાવ આવી જાય છે..

શ્રીમદ ભગવદ્ ગીતામાં વર્ણવેલ ઉપરોક્ત બે ઉપાયો (અભ્યાસ અને વૈરાગ્ય) માં પ્રથમ બતાવેલ અભ્યાસ એ ભક્તપરક છે અને વૈરાગ્ય જ્ઞાનપરક છે.મનને વિષયોમાંથી હટાવીને ઇશ્વરોન્મુખ બનાવવું ભક્તિથી જ સંભવ બને છે.તેના માટે ઇશ્વરની શરણાગતિ અપેક્ષિત છે.વિષયોમાં દોષદર્શન જ્ઞાનમાર્ગની સાધનાથી સંભવ બને છે.જ્ઞાની અસતનો ત્યાગ કરીને સતને ગ્રહણ કરે છે. સંસાર અને તેના તમામ પદાર્થો અસત્ અને અનિત્ય છે એવું માનીને જ્ઞાની પોતાના મનને વિષયોન્મુખ થવા દેતા નથી.

ભારતીય દર્શનોમાં એક યોગદર્શન છે.તેના પ્રણેતા “મહર્ષિ પાતંજલી” છે.આ દર્શનમાં યમ..નિયમ.. આસન..પ્રાણાયામ..પ્રત્યાહાર..ધારણા..ધ્યાન અને સમાધિ...વગેરેના અભ્યાસ દ્વારા મન અને ઇન્દ્રિયોને નિયંત્રિત કરીને સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરવાનું કહેવામાં આવ્યું છે.

પાતંજલી યોગદર્શનનું બીજું સૂત્ર છેઃ યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ એટલે કેઃ ચિત્ત(મન)ની વૃત્તિઓનો નિરોધ એ જ યોગ છે.ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવાનો અર્થ છે મનની ચંચળતાને રોકવી.આ નિરોધ કેવી રીતે થાય ? આ સબંધમાં મહર્ષિ પાતંજલીએ પણ બે સાધનોનો ઉલ્લેખ કર્યો છે કે જે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ કહેવામાં આવ્યો છે. યોગદર્શનનું બારમું સૂત્ર છેઃ અભ્યાસવૈરાગ્યાભ્યાં તન્નિરોધઃ પરંતુ જો આ બે ઉપાયો કરવા છતાં સફળતા ના મળે..એટલે કે મનની ચંચળતા દૂર ના થાય તો શું કરવું ? આનું સમાધાન કરતાં મહર્ષિ પાતંજલીએ આગળના સૂત્રમાં લખ્યું છે કે.................. !! ઇશ્વરપ્રણિધાનાદ્વો !! (સમાધિપાદઃ સૂત્ર-૨૩) ઇશ્વર પ્રણિધાનનો અર્થ છે...ઇશ્વરની શરણાગતિ. ઇશ્વરની શરણાગતિ સ્વીકારી તેમના નામ..રૂપ.. ગુણ અને લીલાનું શ્રવણ..કિર્તન અને ચિંતન..મનન કરવું તથા તમામ કર્મો ભગવાનને સમર્પિત કરી દેવાં.ઇશ્વર સર્વ સમર્થ છે તે પોતાના શરણાગત ભક્ત ઉપર પ્રસન્ન થઇને તેમના

http://suratiundhiyu.wordpress.com/

ભાવ અનુસાર તમામ સુખો પ્રદાન કરે છે.ઇશ્વરમાં મન લગાડવાથી ચ;ચળતા આપોઆપ સમાપ્ત થઇ જાય છે.આના માટે ભગવત્કૃપાનું અવલંબન લેવું પડે છે કારણ કે વ્યક્તિની બુદ્ધિ..શક્તિ..પ્રયત્ન અને પુરૂષાર્થ સિમિત છે.સિમિત સાધનોથી અસિમિતને કેવી રીતે મેળવી શકાય !! એટલે પુરૂષાર્થની સાથે સાથે ભગવાનની કૃપાનો આશ્રય ગ્રહણ કરવો આવશ્યક છે.ભગવાનના શરણાગત થઇને પ્રભુને પ્રાર્થના કરવી જોઇએ..

જેવી રીતે ઢીમર(માછીમાર) માછલીઓને પકડવા માટે નદીમાં જાળ નાખે છે, તો જાળની અંદર આવવાવાળી તમામ માછલીઓ પકડાઇ જાય છે, પરંતુ જે માછલી જાળ નાખવાવાળા માછીમારના ચરણોની પાસે આવી જાય છે તે પકડાતી નથી, તેવી જ રીતે ભગવાનની માયા(સંસાર)માં મમતા કરીને જીવો ફસાઇ જાય છે અને જન્મ-મરણના ચક્કરમાં ફરતા રહે છે, પરંતુ જે જીવો માયાપતિ પરમાત્માને જાણીને,માનીને તેમના શરણમાં આવી જાય છે તેઓ માયાને તરી જાય છે. ગોસ્વામી તુલસીદાસજી મહારાજ વિનય પત્રિકામાં મનની ચંચળતા વિશે લખતાં કહે છે કે........ મેરો મન હરિજુ હઠ ન તજે !! નિસદિન નાથ દેઉં શિખ બહું બિધિ કરત સુભાઉં નિજૈ !! હે હરી ! મારૂં મન હઠ છોડતું નથી.હે નાથ ! હું દિવસ રાત તેને અનેક પ્રકારથી સમજાવું છું,પરંતુ મન પોતાના સ્વભાવ અનુસાર જ કરે છે.હું અનેક પ્રકારના ઉપાયો કરી કરીને થાકી ગયો છું,પરંતુ આ મન અત્યંત બળવાન અને અજય છે.તુલસીદાસજી કહે છે કેઃ મારૂં મન ત્યારે જ વશમાં આવશે કે જ્યારે પ્રેરણા કરનાર પરમાત્મા પોતે જ તેને રોકે !!!

સંકલન: વિનોદભાઈ.મંગલભાઈ.માછી – ઇમેલ- **vinodmachhi@gmail.com**
ફોન: ૦૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## હિંદુ ધર્મમાં વેદ અને અટકો:

http://suratiumiya.wordpress.com/

રાત રહે જાહરે પાછલી ખટ ઘડી
સાધુ પુરુષને સૂઇ ન રહેવું;
નિદ્રાને પરહરી, સમરવા શ્રી હરિ,
'એક તું' 'એક તું' એમ કહેવું
જોગિયા હોય તેણે જોગ સંભાળવા,
ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા,
વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા

આજે નરસિંહ મહેતાની આ રચના યાદ આવી. આમા સાતમી પંક્તિની આજે વાત કરવી છે. આપણે જાણીએ છીએ કે હિન્દુ ધર્મમાં ચાર વેદ છે. જેણે જેટલા વેદનો અભ્યાસ કર્યો હોય તે પોતાની અટક (સરનેઈમ) દ્વારા અન્ય લોકોને જણાવે છે. દા.ત. જેમણે એક જ વેદ નો અભ્યાસ કર્યો હોય તે 'વેદ' (ભાટિયા કોમમા મળસે) અથવા બેદી (પંજાબીઓમાં) જેમણે બે વેદનો અભ્યાસ કર્યો હોય તે દ્વિવેદી અને દવે. જેમણે ત્રણ વેદનો અભ્યાસ કર્યો હોય તે ત્રિવેદી જેમને ચારે વેદનો અભ્યાસ કર્યો હોય તે ચતુર્વેદી અથવા ચોબે મારા મિત્રોમાં વેદ, દવે અને ત્રિવેદી છે, ચતુર્વેદી કે ચોબેજીની રાહ જોઉં છું. મૂળ પ્રશ્ન એ છે કે આમાના કેટલા વેદિયા સાતમી લીટીમા નરસિંહ મહેતાએ આપેલી શિખામણ પાળે છે? સારૂં છે નરસિંહ મહેતાએ દાવડાને કંઈપણ કરવાનું કહ્યું નથી.

પી.કે.દાવડા

## ઘર એક મંદિર: પારિવારિક શાંતિ સાચા સુખનો આધાર

જીવન અને વહેવારમાં ધર્મ જેટલો ઊતરવો જોઈએ તેટલો ઊતર્યો નથી. ધર્મના પ્રભાવની સાથે જીવન જે રીતે ખીલવું જોઈએ તે ખીલ્યું નથી. ધર્મના રંગે રંગાયેલા માણસોના ચહેરાઓ મુરઝાયેલા કેમ? માણસ મંદિરમાં જેવો દેખાય છે તેવો ઘરમાં બની રહે તો ઘર નંદનવન બની જાય. ધર્મ એ જીવન જીવવાની કલા છે, પણ આપણે તેને સાચી રીતે સમજતા નથી

http://suratiundhiyu.wordpress.com/

## જીવન દર્શન - મહેન્દ્ર પુનાતર

ધર્મનો પ્રભાવ ચોમેર વધ્યો છે. મંદિરો, દેરાસરો, હવેલીઓ, ઉપાશ્રયો અને ધર્મસ્થાનકોમાં લોકોની ભીડ વધી છે. કથાઓ, વ્યાખ્યાનો, આધ્યાત્મિક શિબિરો અને પ્રવચનોમાં મોટી સંખ્યામાં લોકો ઊભરાય છે. મોટા ભાગના લોકો નતમસ્તકે ધ્યાનપૂર્વક સાંભળતા હોય એવું લાગે છે. જીવન અને ધર્મ અંગે જાણવાની લોકોની જિજ્ઞાસા વધી છે. આમ છતાં ધર્મની જીવન પર જે અસર થવી જોઈએ તે થતી નથી. વર્તમાનમાં કોઈ પણ માણસ સાચા અર્થમાં સુખી નથી. ધર્મના પ્રભાવની સાથે જીવન જે રીતે ખીલવું જોઈએ તે ખીલ્યું નથી. પારિવારિક શાંતિ સાચા સુખનો આધાર છે. તેમાં ઠેર ઠેર ગાબડાં પડ્યાં છે. ધાર્મિક માણસ વધુ શાંત, સરળ અને સહજ હોવો જોઈએ. તેનું ઘર શાંતિનું મંદિર બનવું જોઈએ. ધર્મના રંગે રંગાયેલો માણસ પણ આટલો દુ:ખી અને વ્યથિત કેમ? ધર્મનો પ્રભાવ છતાં સમાજ ખોખલો કેમ બનતો જાય છે? સંપ્રદાયો, ધર્મના ઝઘડાઓ અને વાદવિવાદો કેમ વધતા જાય છે? આ બધા પ્રશ્નોનો જવાબ એટલો સરળ નથી પણ એક વાત ચોક્કસ છે કે જીવન અને વહેવારમાં ધર્મ જેટલો ઊતરવો જોઈએ તેટલો ઊતર્યો નથી. ધર્મ એ જીવન જીવવાની કળા છે, પરંતુ ધર્મને આપણે સાચી રીતે સમજતા નથી. આપણે આપણી રીતે તેનું અર્થઘટન કરીએ છીએ. ધર્મની વાત સાંભળવી સારી લાગે છે, પણ તેનું અનુશરણ થઈ શકતું નથી. આપણા સ્વભાવ અને વલણમાં કાંઈક પાયાની ખામી છે. ધર્મ જીવન જીવવાનો સાચો માર્ગ બતાવે છે, પણ આપણે આડેપાટે ચડી ગયા છીએ. આપણે ધર્મને આપણા ચોકઠામાં ફિટ કરી દીધો છે. આપણે જે કાંઈ કહીએ અને કરીએ તે જ સાચું, બીજું બધું ખોટું એમ માનીએ છીએ એટલે સાચી દિશા સૂઝતી નથી અને તેનાં ઘણાં કારણો છે. દંભ અને દેખાવ વધ્યો છે. આપણે જે કાંઈ છીએ તેના કરતાં જુદું જીવીએ છીએ. બહારનું અને અંદરનું જીવન અલગ છે. ધર્મનું મહોરું પહેરી લીધું છે પણ વહેવાર એટલો શુદ્ધ જણાતો નથી. સ્વાર્થ આવે ત્યારે માણસ જૂઠ અને કપટ આચરતાં અચકાતો નથી. ક્રોધ, લોભ અને મોહ છૂટતો નથી. પ્રેમ, દયા અને કરુણાનાં ઝરણાંઓ જે વહેવાં જોઈએ તે દિલમાં વહેતાં નથી. બહારથી માણસ સદાચારી લાગે છે, પરંતુ ભીતરનું જીવન ધર્મથી તદ્દન વિમુખ છે. ધર્માત્માઓનું જીવન અને આચરણ પણ જુદું ભાસે છે. તેઓ જોઈએ તેટલો પ્રેરણાનો સ્ત્રોત બની શક્યા નથી.

બીજું કારણ છે માણસ જાણ્યે-અજાણ્યે હિંસામાં પ્રવૃત્ત છે. આપણે રોજબરોજ સ્થૂળ અને સૂક્ષ્મ હિંસા આચરતા રહીએ છીએ. હિંસા દૂર થાય નહીં ત્યાં સુધી પ્રેમ પ્રગટ થઈ શકે નહીં. ક્રોધ, લોભ અને મોહ પણ હિંસાનાં સૂક્ષ્મ સ્વરૂપો છે. આ ત્રણે એકબીજા સાથે સંકળાયેલાં છે. તેમાં માણસ પોતે શું કરે છે તેનું ભાન રહેતું નથી, ન કરવાનું કરી બેસે છે. પ્રગટ, અપ્રગટ હિંસાના ભાવો દૂર થાય નહીં ત્યાં સુધી મૈત્રીભાવના વિકસિત થઈ શકે નહીં.

http://suratiundhiyu.wordpress.com/

ત્રીજું કારણ છે મંદિરનો ધર્મ ઘર અને દુકાન સુધી પહોંચતો નથી, પરંતુ દુકાનો મંદિર સુધી પહોંચી ગઈ છે. મંદિરમાં અને દેરાસરમાં માણસ પ્રભુ સામે બે હાથ જોડીને ઊભો હોય ત્યારે તેના ભાવો જોઈને આપણને એમ લાગે કે આ માણસ હવે જીવનમાં કદી ખોટું કરશે નહીં, પરંતુ મંદિરનાં પગથિયાં ઊતરતાંની સાથે જ ધર્મ વીસરાઈ જાય છે અને દુકાનો સુધી પહોંચ્યા પછી ધર્મ ધર્મ રહેતો નથી, પણ પાકો વહેવાર બની જાય છે. માણસ મંદિરમાં જેવો દેખાય છે તેવો ઘરમાં રહે તો ઘર નંદનવન બની જાય, પરંતુ આવું બનતું નથી. કૌટુંબિક વિખવાદ, સ્વાર્થના આટાપાટા, આ તારું અને આ મારું, હું કહું એ જ સાચું, પૈસાનો લોભ, આ બધાના કારણે જીવન કલૂષિત બની ગયું છે. જેની પાસે છે અને જેની પાસે નથી એ બંનેની સ્થિતિ સરખી છે. ધર્મ પોથીમાંનાં રીંગણાં જેવો બની ગયો છે.

ચોથું કારણ આપણે અહંકારમાં જીવી રહ્યા છીએ. ચોમેર બહોશી, કેફ અને નશો છે. કોઈને તનનું, કોઈને ધનનું તો કોઈને પદ-પ્રતિષ્ઠાનું અભિમાન છે. આપણો અહંકાર જ આપણું નુકસાન કરે છે. સુખેથી રહેવા દેતો નથી.

એક સૂફી સંત પાસે એક માણસ આવ્યો અને તેનાં વખાણ કરવા લાગ્યો. તેણે કહ્યું, 'આપ સાક્ષાત્ ભગવાન છો. આપનાં દર્શનથી હું ધન્ય થઈ ગયો. આપ સર્વ વ્યાપી, પરમ જ્ઞાનિ, મહાન આત્મા છો. દુ:ખી અને ગરીબોના બેલી છો.' આવું બધું આ માણસ બોલતો રહ્યો અને સંત સાંભળતા રહ્યા પણ કશું બોલ્યા નહીં.

આ માણસ ગયા પછી તુરત બીજો એક માણસ આવ્યો. તેને સંત સાથે કાંઈ વાંકું પડ્યું હશે. આવતાંની સાથે તે ગમેતેમ બોલવા લાગ્યો. તેણે સંતને લુચ્ચા, લફંગા, ધુતારા કહ્યા અને ગાળો આપી. છેવટે થાક્યો એટલે બૂમબરાડા પાડીને ચાલ્યો ગયો.

આ માણસ ગયા પછી ત્યાં બેઠેલા શિષ્યોએ સંતને કહ્યું, 'આ માણસ આટલો બધો બકવાસ કરી ગયો અને તમે કશું બોલ્યા નહીં...'

સંતે કહ્યું, 'તેણે કશું ખોટું કર્યું નથી. હું તેનો ઉપકારી છું. મારું સંતુલન ડગી ગયું હતું તેણે ઠીક કરી દીધું છે. આ પહેલા આવેલા માણસે મારી ભારોભાર પ્રશંસા કરીને મારા અહંકારના પારાને ઊંચે ચડાવી દીધો હતો. આ માણસે આવીને તેને નીચે ઉતારી દીધો છે. હવે હું મૂળ સ્થિતિ પર પાછો આવી ગયો છું.'

પ્રશંસા, ખુશામત ભલભલાને ડગમગાવી નાખે છે. એક વખત તેનો નશો ચડ્યા પછી ઊતરતો નથી. તે માણસને ખુવાર કરી નાખે છે.

http://suratiundhiyu.wordpress.com/

પાંચમું કારણ છે મોહ અને આસક્તિ. ઈચ્છાઓ અનંત છે. તે કદી પૂરી થતી નથી. બધાની ખુશીનું અંતર એક કદમ દૂર છે. ગમે તેટલું મળ્યા પછી પણ એક કદમ દૂર જ રહે છે. માણસને જીવનમાં જે કાંઈ મળ્યું છે તેમાં રાજી નથી. જે નથી મળ્યું તે આંખમાં ખટકે છે.

મોહનો અર્થ છે આપણે આપણામાં નહીં, પરંતુ બીજી કોઈ વસ્તુમાં જીવી રહ્યા છીએ. કોઈને પુત્રમાં, કોઈને પત્નીમાં તો કોઈને તિજોરીમાં મોહ રહેલો હોય છે. તેના વગર તેને જીવન અધૂરું લાગે છે. જેના પ્રત્યે મોહ હોય તેના પ્રત્યે માણસ આસક્ત બની જાય છે. કોઈને તિજોરી લૂંટાઈ જાય કે કોઈની ખુરશી ખેંચાઈ જાય તો મોહને વશ થયેલો તે માણસ ખતમ થઈ જશે, કારણ કે તેનો જીવ તેમાં ચોંટેલો હતો. આ મોહ સંસાર છે. જ્યાં આપણે જીવ રાખી દીધો તેના દાસ બનીને રહેવું પડશે. જે વસ્તુને આપણે પકડીશું તેના ગુલામ બની જઈશું. તેના વગર આપણને નહીં ચાલે. અને જે વસ્તુને જોરથી પકડી રાખીશું તે પકડ ઢીલી થઈ જતાં છટકી જશે અને તેને ગુમાવવાનો વારો આવશે ત્યારે દુ:ખ અને પીડાનો પાર નહીં રહે. કોઈ પણ વસ્તુ પ્રત્યે મમત્વ ઓછું થશે તો મોહ ધીરે ધીરે ખતમ થઈ જશે. પછી કોઈ ચીજ પ્રત્યે આસક્તિ નહીં રહે. ઉંમરની સાથે સંસારનાં સુખો બદલાયા કરે છે. આપણી અંદર જે વસ્તુ જોર કરતી હોય તે સંસાર બની જાય છે.. આપણે તેને રંગોથી ભરી દઈએ છીએ. રાગનો અર્થ છે આસક્તિ. જેના પ્રત્યે રાગ અને આસક્તિ હોય તે આપણે મન સુંદર બની જાય છે અને આપણે તેનાથી મોહિત બની જઈએ છીએ.

ધર્મ જીવનમાં ઊતરતો નથી તેનું છઠ્ઠું કારણ છે સ્નેહ અને પ્રેમનો અભાવ. જીવનમાં પ્રેમનાં ઝરણાંઓ સુકાઈ ગયાં છે. તેમાં રાગ-દ્વેષનું પ્રદૂષણ ફેલાઈ ગયું છે. માણસ વિકસવાના બદલે સંકુચિત બની રહ્યો છે. પ્રેમને આપણે ઘરમાં કેદ કરી દીધો છે. એકદમ નજીકના માણસો સિવાય કોઈના પ્રત્યે પ્રેમભાવના રહી નથી. પ્રેમનું આ ફલક વિસ્તરવાના બદલે સંકોચાઈ ગયું છે. હવે તેનો વિસ્તાર પત્ની અને સંતાનો પૂરતો સીમિત બની ગયો છે. માત-પિતા, ભાઈ-બહેનો પણ આમાંથી બાકાત થતાં જાય છે. પ્રેમ વિના દુનિયા નિર્ધન છે. પ્રેમ જીવનનું અમૃત છે. પ્રેમ હોય ત્યાં હિંસા સંભવિત નથી. બીજાને દુખ આપવાનો વિચાર પણ આવી શકે નહીં. સામાનું દુ:ખ આપણું દુ:ખ બની જાય.. પ્રેમમાં માત્ર ફરજ અને કર્તવ્ય નહીં, પરંતુ સંપૂર્ણ સમર્પણ હોય છે.

મનુષ્ય જીવન દુર્લભ છે, પરંતુ તેનો બોધ થતો નથી. જીવનની યથાર્થતા સમજાય એ પહેલાં જીવન વેડફાઈ જાય છે. જે વસ્તુ હાથમાં હોય છે ત્યાં સુધી ખ્યાલ આવતો નથી, પરંતુ હાથમાંથી છટકી જાય છે ત્યારે તેની કિંમત સમજાય છે. જીવનમાં પણ આવું બને છે. મોત જ્યારે દરવાજો ખટખટાવે છે ત્યારે જીવનનું મૂલ્ય સમજાય છે. માણસ આવતી કાલનો વધુ વિચાર કરે છે. સમગ્ર જીવન ભવિષ્ય પર નિર્ભર છે. આવતી કાલની ચિંતાઓ, ઈચ્છાઓ અને વાસના કેડો છોડતી નથી. અસ્તિત્વ વર્તમાનમાં હોય છે અને વર્તમાનમાં રહે છે. જીવનમાં આજની ક્ષણ મહત્ત્વની છે. માણસ

http://suratiundhiyu.wordpress.com/

આજને માણી શક્તો નથી. ભવિષ્યની ચિંતામાં આજનાં સુખોને ગુમાવી દે છે. ધર્મ હંમેશાં વર્તમાનમાં રહે છે. આજે જે જામી જાય છે તેને આવતી કાલ સુધી રાહ જોવાની જરૂર નથી. જીવનને આજની સાથે જોડી દઈને અને તેની ક્ષણેક્ષણ માણીએ તો જીવન ખુદ ધર્મ બની જાય

## દુનિયાની ભીડમાં અલગારી મસ્ત ફકીરો

માણસ સમૂહમાં જીવવા ટેવાયેલો છે પણ સમૂહજીવન ક્યારે ભીડજીવન બની જાય છે તેનો આપણને ખ્યાલ રહેતો નથી. દુનિયામાં એવા અનેક લોકો છે કે જેઓ ધમધમતી જીવનશૈલી છોડીને પોતાની મસ્તીમાં એકલા જીવે છે

સઘળું છોડીને સંન્યાસ લઈને એકાંત સેવતા સંત- ફકીરોની પરંપરા તો ભારતમાં સદીઓ પુરાણી છે. દેશમાં એવા કેટલાય કર્મશીલો પણ છે જે ધોમધખતી કારકિર્દી છોડીને બિલકુલ એકાંતમાં કોઈ ધ્યેયને સમર્પિત થઈને જીવતા હોય. 'એકલતા' અને 'એકાંત' એવા બે શબ્દો છે. એકલતા માણસને કોરી ખાય છે, જ્યારે એકાંત માણસ એન્જોય કરે છે. એકાંત એટલે એવી પરિસ્થિતિ જ્યાં માણસ પોતાની જાતની વધુ નિકટ પહોંચે છે. વિશ્વમાં એવા કેટલાય અલગારી જીવો છે જેમણે ધમધમતી કારકિર્દી છોડીને કોઈ એકાંતવાસમાં ધૂણી ધખાવી છે. ઇટલીના મિલાન શહેરમાં વસતા ફોટોગ્રાફર અને ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર કાર્લો બેવિલેક્વાએ દુનિયાને ખૂણેખાંચરે વસેલા આવા લોકોની તસવીરો ઝડપી અને દુનિયાને તેની ઝાંખી કરાવી હતી. ચાલો, દુનિયાની ભીડને છોડીને પોતાની આગવી દુનિયા વસાવનારા એકાંતપ્રિય લોકોના જીવનમાં ડોકિયું કરવા.

### ઊંચી મેડી રે મારા સંતની રે : મેક્સિમ

જ્યોર્જિયા નામના દેશમાં ચ્યતુરા જિલ્લો આવેલો છે. ત્યાં કત્સખી નામની એક ટેકરી છે. ૧૩૦ ફૂટ ઊંચાઈ પર એક મઢૂલી બાંધીને મેક્સિમ નામનો માણસ રહે છે. મેક્સિમ ખ્રિસ્તી સંત છે. ૧૯૯૫થી તે અહીં રહેવા આવ્યો છે. મેક્સિમ પરંપરાવાદી જ્યોર્જિયન સંત છે. ચોથી સદીમાં ખ્રિસ્તી ધર્મ જ્યોર્જિયામાં આવ્યો હતો અને છઠ્ઠીથી આઠમી સદી દરમ્યાન આ ટેકરી પર ચર્ચ બન્યું હતું. ખ્રિસ્તી ધર્મમાં 'સ્ટાઇલાઇટ્સ' નામનો એક સંપ્રદાય છે. એ મૂળે ગ્રીક શબ્દ છે. જેનો અર્થ થાય છે પીલર. આ સંપ્રદાયના લોકો પીલર પાસે ઊભા રહીને પ્રાર્થના કરે છે.

ફાધર મેક્સિમ કહે છે કે, "હું જ્યારે યુવાન હતો ત્યારે પીલરની ટોચ પર રહેવાની ઇચ્છા હતી. મારી અંદર એક સ્ટાઇલાઇટ્સ જીવતો હતો. હું જ્યારે મારા દોસ્તો સાથે ટેકરી પર આવતો ત્યારે વર્ષો અગાઉ આ પીલર પર રહેતા સંતો વિષે કલ્પના કરીને રોમાંચિત થઇ ઊઠતો હતો."

http://suratiundhiyu.wordpress.com/

૧૯૯૩માં મેક્સિમ સંતની જેમ ટેકરીની ટોચે જઇને વસ્યો. ત્યાં તેણે એક ચર્ચ પણ બનાવ્યું છે. મેક્સિમે ભક્તિની નવી ઊંચાઈ પ્રાપ્ત કરી છે જેની ટોચ પર એકાંત બિરાજે છે.

## ધૂણી રે ધખાવી : સ્વામી અજતાનંદ પુરી

'ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની....' આ ભજન આ ભૂરિયા સાધુએ સાંભળ્યું નહીં હોય, પરંતુ પોતાના વ્યક્તિત્વમાં તે એ ભજનની મસ્તી લઈને જીવે છે. સ્વામી અજતાનંદ પુરી મૂળે રોમાનિયાના છે. ભારત આવ્યા એટલે તેમના રોમેરોમમાં અધ્યાત્મની લગની ઊઠી. ૧૯૯૭થી ૨૦૧૨ સુધી આખું ભારત ફર્યા.અંતે અરુણાચલ તિરુવન્નામલાઈના પર્વતો પર મન ઠર્યું. દીક્ષા લઈને સ્વામી અજતાનંદ પુરી નામ ધારણ કર્યું. આસન જમાવ્યું.અજતાનંદ પુરી રમણ મહર્ષિની વેદાંત ફિલસૂફીના શિષ્ય છે. પોતે વેદાંત ફિલસૂફી ભણ્યા છે. એકલા જીવે છે. શાસ્ત્રો વાંચે છે. સ્ટુડન્ટ્સને વેદાંત, ફિલસૂફી ભણાવે છે. હાલ તેઓ રોમાનિયા ગયા છે. તેમણે રોમાનિયામાં 'ઓમ એસોસિયેશન' શરૂ કર્યું છે. 'ગાર્લેન્ડ ઓફ અદ્વૈતિક વિઝડમ' નામનું પુસ્તક લખ્યું છે.

## આત્મખોજને મારગે : મારિયો ડયુમિની

કોઈ સંત થઈને એકાંત ગાળે છે તો કોઈ રૂઢિચુસ્ત સંપ્રદાયોથી બચવા એકાંત ગાળે છે. મારિયો ડયુમિની આમાંનો જ એક છે.

શાંતિપ્રિય મારિયો ડયુમિની રોમની પાસે આવેલી એક નાનકડી ગુફામાં જીવે છે. ધર્મ વિષે તેણે આત્મખોજનો માર્ગ અપનાવ્યો એટલે તેને દુન્યવી જગતમાં અદેખો કરી દેવામાં આવ્યો. તે વેટિકનની ખિલાફ છે અને એના વિષે સમીક્ષા કરવામાં તેણે ક્યારેય પાછી પાની કરી નથી. વેટિકનથી તે અંતર રાખે છે. વેટિકન સામે વિરોધનો સૂર વ્યક્ત કરતાં તેનાં પોસ્ટરો રોમની ગલીઓમાં જોવા મળી જાય છે. મારિયો ડયુમિની ગુફામાં એકદમ એકાંતમાં જિંદગી જીવે છે. મારિયો ડયુમિની અમેરિકામાં જન્મેલા ઇટાલિયન ફાસિસ્ટ અમેરિગો ડયુમિનીનો પુત્ર છે. ઇટાલિયન સોશ્યાલિસ્ટ પોલિટિશ્યન જ્યેકોમો મેટયોટ્ટીનું અમેરિગો ડયુમિનીએ ખૂન કર્યું હતું.

## ગ્લેમર વર્લ્ડથી વનવગડામાં : પામેલા

ધમધમતું ફિલ્ડ છોડીને સાવ એકાંતવાસમાં રહેવાનું પસંદ કરનારાઓમાં પામેલા પણ સામેલ છે. પામેલા ગ્લેમરના ચળકાટભર્યા ક્ષેત્રમાંથી સંન્યાસ લઇને સૂકા રણમાં એકલી જીવે છે, મોજથી જીવે છે. પામેલા હોલિવૂડની સ્ક્રીન રાઇટર તેમજ પ્રોડયુસર હતી. એક તબક્કે બધું છોડીને તે અમેરિકાના

http://suratiundhiyu.wordpress.com/

રણમાં એક ભાંગેલી-તૂટેલી સ્કૂલ બસમાં ઘર બનાવીને રહે છે. પોતાની જરૂર પૂરતી ઘરવખરી તેણે બસમાં સંઘરી છે. ચિત્રો દોરે છે અને પોતાની મસ્તીમાં રહે છે. હોલિવૂડમાં કામ કરવાનાં સપનાં જોનારાઓની સંખ્યા લાખોમાં હશે. વાસ્તવિકતાને પામવા પામેલા જેવા લોકો સપનાંઓની દુનિયા છોડીને વનવગડામાં વસે છે. પામેલા પોતાના હાલના જીવનથી એકદમ ખુશ છે.

## રણ લાગે છે પોતીકું : માર્કો

માત્ર સંન્યાસ લઇને ધર્માભિમુખ થવા માટે જ લોકો એકાંત નથી ગાળતા. કેટલાક મોજથી એકાંત પસદ કરે છે તો કેટલાક લોકો પોતાના અંગત જીવનથી કંટાળીને એકાંત પસંદ કરે છે. કોઈ વ્યક્તિ એન્જિનિયરીંગના ક્ષેત્રમાં હોય અને જીવનના એક તબક્કે બધું છોડીને સાવ નિર્જન એકાંત રણમાં રહેવા જતી રહે એવું બની શકે ખરું ? માર્કો નામના એન્જિનિયરના જીવનમાં આવું જ થયું છે. જર્મનીનો માર્કો એન્જિનિયર છે. ઘણાં વર્ષો સુધી તેણે ઇ-કોમર્સની વેબસાઇટમાં એટલે કે ઓનલાઇન શોપિંગની સગવડ પૂરી પાડતી વેબસાઇટમાં પ્રોગ્રામર તરીકે કામ કર્યું હતું. દરમ્યાન પત્ની સાથે છૂટાછેડા થયા અને તેણે પોતાની લાઇફસ્ટાઇલ જ બદલી નાખી. બધું છોડીને તે એકલો કેલિફોર્નિયાના રણમાં રહે છે.

## અનિવાર્ય છે એકાંત : રાચેલ ડેન્ટન

"એકાંતમાં રહેવું એ મારા માટે જીવવાની અનિવાર્ય બાબત છે. હું એકાંતમાં ન રહું તો જીવી ન શકું." એકાંતને આકંઠ માણનારી વ્યક્તિ જ આ વાત કહી શકે. ઇંગ્લેન્ડમાં લિંકનશાયરમાં રહેતી ૪૯ વર્ષની રાચેલ ડેન્ટનના આ શબ્દો છે. રાચેલબહેન કેથલિક પરિવારમાંથી આવે છે. સાધ્વી જેવું જીવન જીવે છે. સરળતા, એકાંત અને શાંતિ આ ત્રણ તેમના જીવનના માપદંડો અને તે ૨૦૦૬થી તે પ્રમાણે જ જીવે છે. તેની દિનચર્યા જુઓ. વહેલી સવારે બે કલાક પ્રાર્થના કરવાની. ત્યારબાદ પોતાના કોટેજ ગાર્ડનમાં કામ કરવાનું. સાંજે ફરી પ્રાર્થના કરવાની. સાંજે ચાલવા જવાનું. માત્ર રવિવારે જ્યારે ચર્ચની સામૂહિક પ્રાર્થના થાય ત્યારે જ તે લોકોને મળે છે. એ સિવાય માત્ર ને માત્ર નિજમસ્તીમાં જ રહેવાનું. પોતાને સંન્યાસી ગણાવતાં રાચેલબહેન સાયન્સની ટીચર રહી ચૂક્યાં છે. અંતરિયાળ ગામડામાં એક કોટેજ બાંધીને એકલા રહેવું અને શાકભાજી તેમજ ફળફળાદી ઉગાડવા એ મારા જીવનની મહત્ત્વપૂર્ણ ઇચ્છા હતી. ૨૦૦૨માં હું લિંકનશાયરમાં રહેવા આવી ગઇ. મારાં માતાપિતા વર્ષે એક વખત મને મળવા આવે છે. આ પ્રકારનું જીવન જીવવું સહેલું નથી. એકાંત અને શાંતિની વચ્ચે હું નૈતિક રીતે ઉત્તરોત્તર વિકસી રહી છું એવું રાચેલબહેન કહે છે.

http://suratiundhiyu.wordpress.com/

## હરિયાળીનો સર્જક : ગર્થ બોવ્લ્સ

એકલો માણસ કેટલું કરી શકે એની ક્ષમતાનો અંદાજ કદાચ ગર્થ બોવ્લ્સ પરથી આવી શકે છે. અમેરિકામાં કેલિફોર્નિયા નજીક આવેલા પાયનિયર ટાઉનમાં ગર્થભાઈ એકલા રહે છે. છેલ્લાં ૩૦ વર્ષમાં તેમણે ત્યાંના ઉજ્જડ વગડામાં થોડી હરિયાળી ફેલાવી છે. વેરાન ભૂમિમાં તેણે આઠ તળાવ તૈયાર કર્યાં છે, વૃક્ષો ઉછેર્યાં છે. પર્યાવરણને દિલોજાનથી ચાહતો ગર્થ ખૂબ મહેનતકશ છે. ૬૫ વર્ષેય તેની મહેનતમાં જુવાની ટપકે છે. તેણે કેટલાંક પ્રાણીઓ પણ પાળ્યાં છે. તે કહે છે કે "જમીનને નુકસાન પહોંચાડયા વગર તેની સાથે પ્રેમથી જીવી શકાય છે એવો મારે એક દાખલો પૂરો પાડવો હતો. મારી ઇચ્છા એક એવો કોમ્યુનિટી ગાર્ડન તૈયાર કરવાની છે જે બાળકોના શિક્ષણ માટે એક મહત્ત્વપૂર્ણ રિસોર્સ બને.' ગર્થભાઈ ખુલ્લામાં જ રહે છે, જમીન પર સુવે છે અને આસપાસ વૃક્ષો પર હરખથી ઝૂલે છે.

## વન્યપ્રાણીઓનો પરિવાર : ગ્યાન્ની મેનીચેટ્ટી

છેલ્લાં ૪૧ વર્ષથી આ માણસ દુનિયાથી અલિપ્ત કુદરતની વચ્ચે જીવે છે. તેનો પરિવાર મોટો છે અને એમાં કૂતરાં, મરઘાં સહિતનાં પશુપક્ષીઓ સામેલ છે. ગ્યાન્ની ઇટલીમાં આવેલી વાઇલ્ડ કેન્યનની વનરાજીમાં જીવે છે.

વન્યજીવન અભયારણ્યને ડેવલપરોથી બચાવવા માટે તેણે લડાઈ આદરી છે. ગ્યાન્ની પોતે કવિ છે, ફિલસૂફ છે અને કર્મશીલ છે. ઓસ્ટ્રેલિયન આર્ટિસ્ટ વાલી મેયર્સનો ગ્યાન્નીને સપોર્ટ મળ્યો હતો. વાલી સારી ડાન્સર તેમજ એક્ટર હતી. કોઈ બંધનો વગર જીવનને ફ્રી સ્પિરિટથી જીવવામાં માનતી હતી. વાલી ઇટલીના એ અભયારણ્યમાં રહેતી હતી. વાલી પાસેથી ગ્યાન્ની જીવનના ઘણા પાઠ ભણ્યો. બંનેએ એકબીજાને ભરપૂર પ્રેમ કર્યો. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ કેન્સરની બીમારીથી વાલી મેયર્સનું મૃત્યુ થયું. ગ્યાન્નીએ 'વાલી મેયર્સ અ મેમોર' નામનું પુસ્તક પણ વાલીની યાદમાં લખ્યું છે. વન્યજીવન અભયારણ્યને ઊની આંચ ન આવે એ માટે વાલીએ જે મિશન શરૂ કર્યું હતું એની મશાલ ગ્યાન્નીએ સળગતી રાખી છે. ગ્યાન્ની ઇટલીમાં લીલી વનરાજી અને પ્રાણીઓ વચ્ચે એકાંતમાં ભરપૂર જીવન જીવે છે. એક રસપ્રદ વાત એ છે કે ગ્યાન્ની કાલી માતાનો ભક્ત છે.

http://suratiundhiyu.wordpress.com/

# દાનથી પરીગ્રહ વીચ્છેદ સુધી

(અપરીગ્રહની અવાસ્તવીકતા) –મુરજી ગડા

કોઈપણ પરીક્ષામાં પાસ થવા માટે એમાં સમાવેલા બધા જ વીષયોમાં પાસ થવું જરુરી હોય છે. જેને દરેક વીષયમાં 100માંથી 40-50 માર્કસ મળે તે પાસ ગણાય છે. પછી ભલેને બીજાઓની સરખામણીમાં એનો નંબર ઘણો પાછળ હોય ! જેને એક વીષયમાં 100માંથી 100ની નજદીકના માર્કસ મળે; પણ બીજા વીષયમાં ફક્ત 2 કે 4 માર્કસ મળે તે નાપાસ ગણાય છે.

જો આ નીયમ ધાર્મીકતાને લાગુ પાડવામાં આવે તો મોટા ભાગના ધાર્મીકો એમની ધાર્મીકતાના દાવામાં નાપાસ થતા દેખાશે.

જૈન ધર્મ એક એવો ધર્મ છે જેમાં અપરીગ્રહને ખુબ મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે એક સમુદાય તરીકે જૈનેતરની સરખામણીમાં જૈનો વધુ સાધનસમ્પન્ન (પરીગ્રહી) હોવાનું દેખાય છે. ઘણા જૈન વેપારી હોવાથી એમની વૃત્તી અને પ્રવૃત્તી સ્વાભાવીકપણે વધુ સમ્પત્તી ભેગી કરવાની હોય છે. એને જ સફળતાનો માપદંડ માનવામાં આવતો હોવાથી સમાજમાં સમ્પત્તી પ્રમાણે વ્યક્તીનું સ્થાન નક્કી થાય છે. ધનસંચય સીવાયની અન્ય સીદ્ધીઓને એટલું મહત્ત્વ નથી અપાતું. (ડૉક્ટરની કાબેલીયત કરતાં તે કેટલા પૈસા કમાય છે એની ચર્ચા વધુ થાય છે.) જે કોઈ વ્યક્તી સન્તોષ માની કે પછી પ્રામાણીકતા જાળવવા પોતાની આર્થીક પ્રવૃત્તીઓ મર્યાદીત રાખે તો તેને નીચી નજરે જોવામાં આવે છે.

અફસોસ એ વાતનો છે કે આ સર્વવ્યાપી વાસ્તવીકતાને અવગણી, અપરીગ્રહના આદર્શને આગવું સ્થાન આપી એની ફક્ત વાતો જ કર્યા કરવાનો દમ્ભ આપણે છોડતા નથી. આટલી સરળ વાતમાં પણ આપણે પ્રામાણીક નથી બની શક્યા.

ભારતીયો પશ્ચીમી સંસ્કૃતીને ભોગવાદી ગણે છે. ભૌતીકતાને સંસ્કૃતી કરતાં મનોભાવના સાથે વધુ સમ્બન્ધ છે. હકીકતમાં આપણે પણ એટલા જ ભોગવાદી છીએ. આપણી પાસે ભૌતીક સગવડનાં સાધનો ઓછાં હતાં; કારણ કે તે અહીં મળતાં નહોતાં. હવે જ્યારે મળવા લાગ્યાં છે ત્યારે જેને પણ પોષાય છે એમની પાસે ભરપુર પ્રમાણમાં છે. એટલું જ નહીં; આપણી સમુદ્ધીનું પ્રદર્શન કરવામાં આપણે જરાયે પાછળ પડતા નથી. લગ્ન પ્રસંગો, ધાર્મીક તેમ જ અન્ય ઉજવણીઓના આના દાખલા છે. ખુદ ભગવાનની મુર્તી પર અલંકારો ચઢાવી એમને પરાણે પરીગ્રહી બનાવાય છે. ભૌતીકતાની સાચી વ્યાખ્યા કોઈની પાસે કેટલી વસ્તુઓ કે સમ્પત્તી છે તે નહીં; પણ એમના માટે એનો લગાવ કેટલો છે તે છે. આપણને જરુર ન હોય; છતાં બીજા પાસે છે, માટે ભેગી કરવી; વસ્તુઓ ન હોવાનો અફસોસ કરવો વગેરે ભૌતીકવાદી માનસીકતાની નીશાની છે. આપણા આધ્યાત્મીકપણાના દાવામાં તથ્ય કરતાં દમ્ભ વધારે છે.

http://sureshjani.wordpress.com/

આપણી રોજબરોજની પ્રવૃત્તીને આસાન બનાવતાં સગવડનાં સાધનો વાપરવામાં કંઈ ખોટું નથી. એના લીધે બીજાં અગત્યનાં કામ માટે વધુ સમય ફાળવી શકાય છે. સગવડ વીરોધી વાતો અને વર્તન કરવાથી આધ્યાત્મવાદી નહીં; પણ અગવડવાદી થઈ જવાય છે. બધી બાબતોની જેમ અહીં પણ બન્ને બાજુનો અતીરેક નુકસાનકારક જ છે.
અપરીગ્રહની પ્રચલીત વ્યાખ્યા ભૌતીક સમ્પત્તી ભેગી ન કરવાની છે. ગૃહસ્થી માટે એ વ્યવહારુ નથી. આર્થીક રીતે સ્વતંત્ર (સધ્ધર) ન હોય એવી વ્યક્તીને ઘણી બાંધછોડ કરવી પડે છે. એમને વ્યક્તીગત સ્વતંત્રતાના મુળભુત હક્ક જાળવવા અઘરા પડે છે. કોઈના મતે અપરીગ્રહ એ સાંસારીક જવાબદારીમાંથી છટકી જવાનો એક પ્રકારનો પલાયનવાદ છે.

આપણે આવકનાં જે પણ સાધન વીકસાવ્યાં હોય એને આગળ વધારવામાં કંઈ ખોટું નથી. બીજા જે પણ આપણી પ્રવૃત્તી સાથે સંકળાયેલા હોય એ બધાના હીત માટે પણ એ જરુરી છે. એકમાત્ર શરત આપણા ધન્ધા-વ્યવસાયમાં સમ્પુર્ણ પ્રામાણીકતા જાળવવાની છે.
દેશમાં જેટલી સમ્પત્તી વધી રહી છે તે તો વધવાની જ છે. આપણે નહીં તો બીજા કોઈ, એ ભેગી કરી એનો દુરુપયોગ કરી શકે છે. સારા માણસોના હાથમાં પ્રામાણીકપણે આવેલી સમ્પત્તીનો કેટલો સદુપયોગ થઈ શકે એ વાત આગળ આવે છે.
કોઈ આ ભાગદોડથી દુર રહેવા માંગતા હોય તો એમાં કંઈ ખોટું નથી. એનાથી શાન્તી, સન્તોષ અને તનાવમુક્તી મળે છે. છતાં જે સાંસારીક જવાબદારીઓ સ્વીકારી છે તેને પુરી કરવાની ફરજ તો રહે જ છે.
અપરીગ્રહ ઉપદેશતા સમાજમાં (ધર્મમાં) સામાજીક અને ધાર્મીક પ્રસંગોએ ધનવાનોને (પરીગ્રહીને) આગવું મહત્ત્વ આપવામાં આવે છે. કારણ કે એમનાં જ દાનને લીધે બધી ધાર્મીક અને સામાજીક સંસ્થાઓ અને પ્રવૃત્તીઓ ચાલતી હોય છે. આમાં પણ કંઈ ખોટું નથી. તટસ્થ રીતે જોઈએ તો દાનની વાસ્તવીકતાએ અપરીગ્રહના આદર્શને પરાજીત કરેલ છે.
આટલી લાંબી રજુઆતનો આશય અપરીગ્રહને સદન્તર ભુલી જવાનો નથી. વાસ્તવમાં આપણે અપરીગ્રહ (સમ્પુર્ણ ત્યાગ) કરતાં દાનનો (આંશીક ત્યાગ) અમલ કરીએ છીએ. આ દાન અને અપરીગ્રહ ઉપરાંત ત્રીજો વીકલ્પ પણ છે. એમાં સમ્પત્તી ભેગી કરવાનો બાધ નથી; છતાં એ ભાવનાગત રીતે પરીગ્રહ નથી થતો.
આ વીકલ્પ છે ભેગી કરેલી સમ્પત્તીના માલીક નહીં; પણ ટ્રસ્ટી બની રહેવાનું. અહીં ટ્રસ્ટીપણાનો અર્થ થોડો જુદો છે. આપણી સમ્પત્તીનો બધો વહીવટ આપણા હાથમાં હોવા છતાં; તે ફક્ત આપણા

http://suratiundhiyu.wordpress.com/

અંગત ઉપભોગ (Wants) માટે નહીં; પણ બીજા ઘણાના ઉપયોગ (Needs) માટે પણ વપરાય. આ નવું નથી.

અતી ધનાઢય લોકો એમની સમ્પત્તીને લીધે અવારનવાર સમાચારોમાં ચમકે છે. શ્રીમંતોની વાર્ષીક યાદી પ્રગટ કરવાની ફેશન થઈ ગઈ છે. જોકે દુનીયાની અતી ધનાઢ્ય બે વ્યક્તીઓ જુદા કારણસર સમાચારોમાં ચમકે છે.

બીલ ગેટસ્ અને વૉરન બફેટ, બન્નેએ પોતાની મોટા ભાગની મીલ્કતનું ટ્રસ્ટ બનાવી એને સમાજકલ્યાણ માટે વાપરવાની જાહેરાત કરી છે. (દરેકની સમ્પત્તી ત્રણ લાખ કરોડ રુપીયા જેટલી છે.) એમની પ્રવૃત્તી શીક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પુરેપુરી દુનીયાને આવરી લેવાની છે. સો વરસ પહેલાં અમેરીકાના સ્ટીલ ઉદ્યોગના પ્રણેતા એન્ડ્ર્યુ કાર્નેગીએ પણ આવું જ કર્યું હતું. ભારતમાં અઝીમ પ્રેમજીએ આવુ કર્યાનું વાંચવામાં આવ્યું છે.

આ લોકો પાસે પુષ્કળ સમ્પત્તી હોવાથી એ સમાચાર માધ્યમોમાં ચમકે છે. બીજા પણ કેટલાક એવા હશે જેમણે આવું જ કર્યું હોય. જાહેરમાં નોંધ ન લેવાયાથી એમની ભાવના કે કાર્યનું મહત્ત્વ જરાય ઓછું થતું નથી.

આ બધી વ્યક્તીઓ સમાજ પાસેથી રળેલી સમ્પત્તી સમાજને પાછી સોંપે છે. અપરીગ્રહની ભાવનાને જાળવી રાખી એના અવ્યવહારુપણાનો આ શ્રેષ્ઠ વીકલ્પ છે. અઢળક સમ્પત્તી કમાયા પછી પણ એના માલીક મટી, ટ્રસ્ટી બનીને શું કરી શકાય તે આ વ્યક્તીઓની કરણીમાં જોઈ શકાય છે.

આ મહાનુભવોની વીશીષ્ટતા એ છે કે એમણે પોતાના બધા જ વારસદારોને મળીને મીલકતના 10 થી 15 ટકા જેટલી જ રકમ આપી છે. વંશજોને શ્રેષ્ઠ શીક્ષણ આપી, એમના વ્યવસાય માટે જરુરી મદદ કર્યા પછી, એમની કાબેલીયત પર છોડી દીધા છે. પોતે આપબળે સમૃદ્ધ થયા હોવાથી પુત્રો, પૌત્રોને સ્વાવલંબી બનવાની ફરજ પાડી છે. બીજું કંઈ નહીં તો ઘણા કીસ્સામાં બને છે તેમ, એમના વંશજો કુપાત્ર બનવાની શક્યતા ઘટે છે.

બધા વારસદાર હમ્મેશાં કાબેલ કે સુપાત્ર હોય એ જરુરી નથી. વારસાગત રીતે ચાલતા ઘણા ઉદ્યોગગૃહો અને શ્રીમંત કુટુંબો બીજી કે ત્રીજી પેઢીએ પડી ભાંગતા જોયા છે.

વૉરન બફેટ તો પહેલેથી જ સાચા અર્થમાં અપરીગ્રહી રહ્યા છે. આટલી સમ્પત્તી મેળવ્યા છતાં; તેઓ 55 વરસથી એક જ ઘરમાં (એટલે એ જ પડોશમાં) રહે છે. 75 વર્ષની ઉંમરે પોતાની ગાડી જાતે ચલાવીને ઑફીસે જાય છે.

અપરીગ્રહનો પ્રચલીત અર્થ કશું ભેગું ન કરવાનો થાય છે. ત્યાગનો અર્થ ભેગું કરેલું બધું છોડી દેવાનો કે આપી દેવાનો થાય છે. આમના કીસ્સાઓમાં સમ્પત્તીનો ત્યાગ છે; પણ જવાબદારી

http://suratiundhiyu.wordpress.com/

જાળવી રાખેલ છે. આના માટે વધુ યોગ્ય શબ્દ ન મળે ત્યાં સુધી આપણે એને પરીગ્રહ–વીચ્છેદ કહીશું. આવો પરીગ્રહ–વીચ્છેદ એ પાછલી ઉંમરે કરેલ આંધળો નહીં; પણ જાગૃત ત્યાગ છે. આંધળા ત્યાગમાં પાછળ શું થાય છે એની દરકાર નથી હોતી. જાગૃત ત્યાગમાં સમ્પત્તી યોગ્ય માર્ગે વપરાય એ જવાબદારી જાળવી રાખવામાં આવે છે. સત્તાની જેમ સમ્પત્તી પણ જ્યારે અયોગ્ય હાથમાં જાય છે ત્યારે ઘણું નુકસાન કરી શકે છે.

સમ્પત્તી પોતે ગુણ કે દોષ વગરની છે. એ વ્યક્તીના મુળભુત સ્વભાવમાં રહેલી સારી અને ખરાબ બન્ને ખાસીયતો બહાર લાવે છે. એ થોડા લોકોને નમ્ર અને ઉદાર બનાવે છે; જ્યારે મોટાભાગના કીસ્સામાં એ વ્યક્તીને ઘમંડી બનાવે છે. એટલે જ કદાચ જૈન વીચારધારામાં અપરીગ્રહને આટલું મહત્ત્વ આપવામાં આવ્યું હશે. કમનસીબે એ વ્યવહારુ સાબીત નથી થયું.

આવો પરીગ્રહ–વીચ્છેદ જેની પણ ઈચ્છા હોય એના માટે શક્ય છે. પોતાની સમ્પત્તીના માલીક મટી ભાવનાગત રીતે ટ્રસ્ટી બનવું અઘરું નથી; પણ વીશાળ અર્થમાં એને નભાવવું અઘરું છે. કૌટુમ્બીક ધોરણે આપણે એનો અમલ કરીએ જ છીએ. આપણી કમાયેલી મીલકત કુટુમ્બના અન્ય સભ્યોના ઉપયોગ માટે હોય જ છે. એ સહજ છે. પરીગ્રહ–વીચ્છેદમાં કુટુમ્બનો વ્યાપ બને તેટલો વીશાળ બનાવવાનો થાય છે. આપણા સમ્પર્કમાં આવતી તેમ જ અન્ય જરુરતમન્દ વ્યક્તીઓની મદદનો એમાં સમાવેશ થાય છે. લોહીના સમ્બન્ધથી આગળ જવામાં જ ઉદારતા સમાયેલી છે. જનહીતાર્થે ચાલતી સંસ્થાઓને આપેલું દાન આનો એક પર્યાય છે. પરીગ્રહ–વીચ્છેદ એ સાંસારીક જવાબદારીઓ પુરી કર્યા પછી અપરીગ્રહી બનવાની બીજી તક છે.

ટ્રસ્ટી શબ્દ સામાન્ય રીતે સમાજની જાહેર સંસ્થાઓ અને મીલકતનું સંચાલન કરનારા માટે વપરાય છે. એ જુદી જાતનું ટ્રસ્ટીપણું છે. એમાં સમાજને ટ્રસ્ટીઓની વહીવટી કુશળતાનો લાભ મળે છે; એમની સમ્પત્તીનો નહીં.

દાનેશ્વરી તરીકે પ્રસીદ્ધી પામેલા કે લોકહીતાર્થે કાર્ય કરનારા રાજાઓ આવા સંસ્થાકીય ટ્રસ્ટીઓથી વધારે નહોતા. એમની સમ્પત્તી જાતમહેનત કે કુનેહથી મેળવેલી નહોતી. પ્રજા પાસેથી કરવેરા દ્વારા ભેગી કરેલી હતી.

ઘણી મોટી કમ્પનીઓ અને શ્રીમન્ત કુટુમ્બો પોતાની આંશીક સમ્પત્તીના ટ્રસ્ટ બનાવી ઘણાં ઉત્તમ સામાજીક કાર્યો કરે છે. આવા બધા ટ્રસ્ટ પરીગ્રહ–વીચ્છેદ નહીં; પણ દાનના વ્યાપમાં આવે છે. ભુતકાળમાં ભામાશા, જગડુશા વગેરે નામો આપણે ત્યાં પ્રસીદ્ધી પામેલાં છે. એ મોટા દાનેશ્વેરી હતા. રાજાને કે પ્રજાને મુસીબત પ્રસંગે મોટી મદદ કરવી અને સ્વેચ્છાએ જનહીતાર્થે સંસ્થાઓ ઉભી કરવી એમાં ઘણો ફરક છે. સંસ્થાઓ સક્રીય **(Pro-active)** હોય છે. જ્યારે પ્રસંગોપાત્ત કરેલી મદદ પ્રતીક્રીય **(Reactive)** હોય છે.

http://suratiundhiyu.wordpress.com/

બીજી બધી ધાર્મીક વીચારધારાઓમાં અપરીગ્રહની નહીં; પણ દાનની વાત કરવામાં આવી છે. દાનનો મહીમાં વર્ણવતાં ગીતામાં કહેવાયું છે કે, 'સો હાથે કમાઓ અને હજાર હાથે આપો' આ કથન દાન કરતાં આપણી પરીગ્રહ–વીચ્છેદની ભાવનાને વધુ મળતું આવે છે અને વધારે વાસ્તવીક પણ છે.

દાન અને પરીગ્રહ–વીચ્છેદ વચ્ચે ભેદરેખા દોરવી અઘરી છે. એ દરેકની કૌટુમ્બીક અને આર્થીક સ્થીતી પર આધાર રાખે છે. આનો સીધો અને શ્રેષ્ઠ ઉકેલ ખ્રીસ્તી ધર્મમાં વર્ણવવામાં આવેલા દાનની માત્રામાંથી મળે છે. **"GIVE UNTIL IT HURTS."** 'તમને પોતા માટે કમી મહેસુસ થાય ત્યાં સુધી આપો.' આ વાત પણ દાનથી આગળ વધી પરીગ્રહ–વીચ્છેદ સુધી પહોંચી જાય છે. ધાર્મીક દૃષ્ટાન્ત કથાઓમાં, ગરીબના નાનકડા દાનને ધનવાનના મોટા દાન કરતાં વધારે મહત્ત્વનું ગણવામાં આવે છે. કારણ, ગરીબને દાન કરવા માટે પોતાની જરુરીયાતો પર કાપ મુકવો પડે છે. શ્રીમંતોની જીન્દગીમાં મોટા દાનથી પણ જરાય ફરક પડતો નથી.
ભુખ્યાને ખવડાવવું એ નીઃશંક સત્કાર્ય છે. જ્યારે કોઈને પગભર કરવો એ વધારે મોટું સત્કાર્ય છે. એનાથી એના આખા કુટુમ્બને લાંબા સમય સુધી લાભ મળે છે. આ દૃષ્ટીએ જોઈએ તો સદાવ્રત કરતાં શીક્ષણ અને આરોગ્ય સંસ્થાઓ વધારે સારી ગણાય. આવી ધંધાદારી કે બીનધંધાદારી સંસ્થાઓનું અન્તીમ લક્ષ્ય એક હોવા છતાં એમની ભાવનામાં ઘણો ફરક હોય છે. ધંધાદારી સંસ્થા સંચાલકો માટે પરીગ્રહલક્ષી છે જ્યારે બીજી પરીગ્રહ–વીચ્છેદ લક્ષી છે.
ધાર્મીક સ્થળોએ કે પ્રસંગોએ થતા દાન વીશે કેટલાક લોકો એવી માન્યતા ધરાવે છે કે જેટલું આપીએ છીએ એનાથી ઘણું વધારે મળવાનું છે. આવી ભાવના દાનને એક સોદા કે રોકાણમાં બદલી નાંખે છે. એમાં પરીગ્રહ વધારવાની ભાવના ઉપરાન્ત પોતાના ઈશ્વરને છેતરવાપણું વધારે લાગે છે. દુઃખની વાત એ છે કે સૌથી વધુ દાન આ ક્ષેત્રે થાય છે; પણ જરુરીયાતવાળા સુધી એમાંનું સાવ ઓછું પહોંચે છે. આ બાબતમાં દેખાદેખી છોડી પોતાની વીવેકબુદ્ધી પ્રમાણેનું વર્તન બધાના હીતમાં રહેશે.
પરીગ્રહ–વીચ્છેદ એ અપરીગ્રહ નથી. એ નીષ્ક્રીય અને આંધળો ત્યાગ પણ નથી. કરેલા પરીગ્રહથી વીમુખ થવાની એ પ્રક્રીયા છે. કુદરત અને માનવ સમુદાય પાસેથી મેળવેલું પાછું આપવાની આપણને તક પુરી પાડે છે. મુખ્યત્વે પાછલી ઉમ્મરે કૌટુમ્બીક જવાબદારીઓ પુરી થયા પછી શરુ થતી આ પ્રક્રીયા છે. એ **Abandonment** નથી; **Detachment** છે.
આ પરીગ્રહ–વીચ્છેદ સમ્પત્તી ઉપરાન્ત પ્રવૃત્તી અને સમ્બન્ધોને પણ લાગુ પડે છે. આનો અર્થ પ્રવૃત્તી કે સમ્બન્ધોને છોડી દેવાનો નથી; પણ એમને નવો વળાંક આપવાનો છે. માલીકીભાવ અને

http://suratiundhiyu.wordpress.com/

અનુરાગ છોડી કર્તવ્યભાવ અપનાવવાનો છે, અનાસક્તી કેળવવાની છે. એમાં મોટાં થયેલાં સંતાનોને સમ્પુર્ણ સ્વતંત્રતા આપવાની વાત છે. કૌટુમ્બીક તેમ જ અન્યો પરના અંકુશો અને બન્ધનો ઢીલાં કરવાનાં છે. એમાં નીષ્ક્રીયતા નહીં; પણ પ્રવૃત્તીઓ પાછળની ભાવનાને ઉમદા કરવાની વાત છે. પક્ષપાત છોડી નેકી (Fairness) અપનાવવાની વાત છે.

વૈદીક સંસ્કૃતીની વર્ણવ્યવસ્થાએ ઘણા અનર્થો સર્જ્યા છે. જ્યારે એની આશ્રમવ્યવસ્થામાં ઘણું વજુદ રહેલું છે. ગૃહસ્થાશ્રમ પછી વર્ણવાયેલ વાનપ્રસ્થાશ્રમ આ પરીગ્રહ–વીચ્છેદની ભાવનાને મળતો આવે છે. એ સમ્પત્તી, સમ્બન્ધો, સત્તા, પ્રવૃત્તી વગેરે બધાને નવી દૃષ્ટીએ જોઈ અલીપ્તતા કેળવવાનું કહે છે.

પુનર્જન્મમાં માનતા લોકો ભવના ફેરામાંથી છુટકારો મેળવવા કંઈ કેટલીયે ધાર્મીક પ્રવૃત્તીઓ કરતા હોય છે. પણ આ જનમમાં કેળવેલા અને મેળવેલા અંકુશો તેમ જ પરીગ્રહો છોડી શકતા નથી. આપણી ચારેકોર દેખાતી આ એક મોટી કરુણતા છે.

અપરીગ્રહ બાબતે આપણી પાસે ત્રણ વીકલ્પો છે: (1) પરમ્પરાથી ચાલ્યો આવતો અપરીગ્રહનો આદર્શ રાખી, કથની અને કરણીના વીરોધાભાસનો દમ્ભ ચલાવે રાખવાનો; (2) સ્વીકારી લીધેલા આદર્શનું પાલન ન થવાથી  જાત પ્રત્યે અપરાધભાવ અનુભવવાનો; કે પછી (3) વાસ્તવીકતાને સ્વીકારી, અપરીગ્રહને નવું નામ આપી નવી નજરે જોવાનું. જે આદર્શ કોઈ પાળતું નથી કે પાળવાની ઈચ્છા પણ રાખતું નથી એની વાતો કર્યા કરવાથી બીજા એક આદર્શ 'સત્ય'નો ભંગ થાય છે.

સામાજીક સ્તરે આવી વીચારસરણી વીકસાવવા માટે સમાજના આગેવાનોની ઈચ્છા અને ઈચ્છાશક્તી જરુરી છે. સમાજના સાચા આગેવાન કથાકાર–સાધુ–સન્તગણ છે. જનમાનસ પર સૌથી વધારે પ્રભાવ એમના કહેવાનો થાય છે. એમણે પોતાના વીચાર/પ્રચારને નવી દીશા આપવાની જરુર છે.

## દુનિયાની ભીડમાં અલગારી મસ્ત ફકીરો

માણસ સમૂહમાં જીવવા ટેવાયેલો છે પણ સમૂહજીવન ક્યારે ભીડજીવન બની જાય છે તેનો આપણને ખ્યાલ રહેતો નથી. દુનિયામાં એવા અનેક લોકો છે કે જેઓ ધમધમતી જીવનશૈલી છોડીને પોતાની મસ્તીમાં એકલા જીવે છે

સઘળું છોડીને સંન્યાસ લઈને એકાંત સેવતા સંત- ફકીરોની પરંપરા તો ભારતમાં સદીઓ પુરાણી છે. દેશમાં એવા કેટલાય કર્મશીલો પણ છે જે ધોમધખતી કારકિર્દી છોડીને બિલકુલ એકાંતમાં કોઈ ધ્યેયને સમર્પિત થઈને જીવતા હોય. 'એકલતા' અને 'એકાંત' એવા બે શબ્દો છે. એકલતા માણસને

http://suratiundhiyu.wordpress.com/

કોરી ખાય છે, જ્યારે એકાંત માણસ એન્જોય કરે છે. એકાંત એટલે એવી પરિસ્થિતિ જ્યાં માણસ પોતાની જાતની વધુ નિકટ પહોંચે છે. વિશ્વમાં એવા કેટલાય અલગારી જીવો છે જેમણે ધમધમતી કારકિર્દી છોડીને કોઈ એકાંતવાસમાં ધૂણી ધખાવી છે. ઇટલીના મિલાન શહેરમાં વસતા ફોટોગ્રાફર અને ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર કાર્લો બેવિલેક્વાએ દુનિયાને ખૂણેખાંચરે વસેલા આવા લોકોની તસવીરો ઝડપી અને દુનિયાને તેની ઝાંખી કરાવી હતી. ચાલો, દુનિયાની ભીડને છોડીને પોતાની આગવી દુનિયા વસાવનારા એકાંતપ્રિય લોકોના જીવનમાં ડોકિયું કરવા.

## ઊંચી મેડી રે મારા સંતની રે : મેક્સિમ

જ્યોર્જિયા નામના દેશમાં ચ્યતુરા જિલ્લો આવેલો છે. ત્યાં કત્સખી નામની એક ટેકરી છે. ૧૩૦ ફૂટ ઊંચાઈ પર એક મઢૂલી બાંધીને મેક્સિમ નામનો માણસ રહે છે. મેક્સિમ ખ્રિસ્તી સંત છે. ૧૯૯૫થી તે અહીં રહેવા આવ્યો છે. મેક્સિમ પરંપરાવાદી જ્યોર્જિયન સંત છે. ચોથી સદીમાં ખ્રિસ્તી ધર્મ જ્યોર્જિયામાં આવ્યો હતો અને છઠ્ઠીથી આઠમી સદી દરમ્યાન આ ટેકરી પર ચર્ચ બન્યું હતું. ખ્રિસ્તી ધર્મમાં 'સ્ટાઇલાઇટ્સ' નામનો એક સંપ્રદાય છે. એ મૂળે ગ્રીક શબ્દ છે. જેનો અર્થ થાય છે પીલર. આ સંપ્રદાયના લોકો પીલર પાસે ઊભા રહીને પ્રાર્થના કરે છે.

ફાધર મેક્સિમ કહે છે કે, "હું જ્યારે યુવાન હતો ત્યારે પીલરની ટોચ પર રહેવાની ઇચ્છા હતી. મારી અંદર એક સ્ટાઇલાઇટ્સ જીવતો હતો. હું જ્યારે મારા દોસ્તો સાથે ટેકરી પર આવતો ત્યારે વર્ષો અગાઉ આ પીલર પર રહેતા સંતો વિષે કલ્પના કરીને રોમાંચિત થઇ ઊઠતો હતો."

૧૯૯૩માં મેક્સિમ સંતની જેમ ટેકરીની ટોચે જઇને વસ્યો. ત્યાં તેણે એક ચર્ચ પણ બનાવ્યું છે. મેક્સિમે ભક્તિની નવી ઊંચાઈ પ્રાપ્ત કરી છે જેની ટોચ પર એકાંત બિરાજે છે.

## ધૂણી રે ધખાવી : સ્વામી અજતાનંદ પુરી

'ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની....' આ ભજન આ ભૂરિયા સાધુએ સાંભળ્યું નહીં હોય, પરંતુ પોતાના વ્યક્તિત્વમાં તે એ ભજનની મસ્તી લઈને જીવે છે. સ્વામી અજતાનંદ પુરી મૂળે રોમાનિયાના છે. ભારત આવ્યા એટલે તેમના રોમેરોમમાં અધ્યાત્મની લગની ઊઠી. ૧૯૯૭થી ૨૦૧૨ સુધી આખું ભારત ફર્યા.અંતે અરુણાચલ તિરુવન્નામલાઈના પર્વતો પર મન ઠર્યું. દીક્ષા લઈને સ્વામી અજતાનંદ પુરી નામ ધારણ કર્યું. આસન જમાવ્યું.અજતાનંદ પુરી રમણ મહર્ષિની વેદાંત ફિલસૂફીના શિષ્ય છે. પોતે વેદાંત ફિલસૂફી ભણ્યા છે. એકલા જીવે છે. શાસ્ત્રો વાંચે છે. સ્ટુડન્ટ્સને વેદાંત, ફિલસૂફી ભણાવે છે. હાલ તેઓ રોમાનિયા ગયા છે. તેમણે રોમાનિયામાં 'ઓમ એસોસિયેશન' શરૂ કર્યું છે. 'ગાર્લેન્ડ ઓફ અદ્વૈતિક વિઝડમ' નામનું પુસ્તક લખ્યું છે.

## આત્મખોજને મારગે : મારિયો ડયુમિની

http://suratiundhiyu.wordpress.com/

કોઈ સંત થઈને એકાંત ગાળે છે તો કોઈ રૂઢિચુસ્ત સંપ્રદાયોથી બચવા એકાંત ગાળે છે. મારિયો ડયુમિની આમાંનો જ એક છે.

શાંતિપ્રિય મારિયો ડયુમિની રોમની પાસે આવેલી એક નાનકડી ગુફામાં જીવે છે. ધર્મ વિષે તેણે આત્મખોજનો માર્ગ અપનાવ્યો એટલે તેને દુન્યવી જગતમાં અદેખો કરી દેવામાં આવ્યો. તે વેટિકનની ખિલાફ છે અને એના વિષે સમીક્ષા કરવામાં તેણે ક્યારેય પાછી પાની કરી નથી. વેટિકનથી તે અંતર રાખે છે. વેટિકન સામે વિરોધનો સૂર વ્યક્ત કરતાં તેનાં પોસ્ટરો રોમની ગલીઓમાં જોવા મળી જાય છે. મારિયો ડયુમિની ગુફામાં એકદમ એકાંતમાં જિંદગી જીવે છે. મારિયો ડયુમિની અમેરિકામાં જન્મેલા ઇટાલિયન ફાસિસ્ટ અમેરિગો ડયુમિનીનો પુત્ર છે. ઇટાલિયન સોશ્યાલિસ્ટ પોલિટિશ્યન જ્યેકોમો મેટયોટ્ટીનું અમેરિગો ડયુમિનીએ ખૂન કર્યું હતું.

## ગ્લેમર વર્લ્ડથી વનવગડામાં : પામેલા

ધમધમતું ફિલ્ડ છોડીને સાવ એકાંતવાસમાં રહેવાનું પસંદ કરનારાઓમાં પામેલા પણ સામેલ છે. પામેલા ગ્લેમરના ચળકાટભર્યા ક્ષેત્રમાંથી સંન્યાસ લઇને સૂકા રણમાં એકલી જીવે છે, મોજથી જીવે છે. પામેલા હોલિવૂડની સ્ક્રીન રાઇટર તેમજ પ્રોડયુસર હતી. એક તબક્કે બધું છોડીને તે અમેરિકાના રણમાં એક ભાંગેલી-તૂટેલી સ્કૂલ બસમાં ઘર બનાવીને રહે છે. પોતાની જરૂર પૂરતી ઘરવખરી તેણે બસમાં સંઘરી છે. ચિત્રો દોરે છે અને પોતાની મસ્તીમાં રહે છે. હોલિવૂડમાં કામ કરવાનાં સપનાં જોનારાઓની સંખ્યા લાખોમાં હશે. વાસ્તવિકતાને પામવા પામેલા જેવા લોકો સપનાંઓની દુનિયા છોડીને વનવગડામાં વસે છે. પામેલા પોતાના હાલના જીવનથી એકદમ ખુશ છે.

## રણ લાગે છે પોતીકું : માર્કો

માત્ર સંન્યાસ લઇને ધર્માભિમુખ થવા માટે જ લોકો એકાંત નથી ગાળતા. કેટલાક મોજથી એકાંત પસદ કરે છે તો કેટલાક લોકો પોતાના અંગત જીવનથી કંટાળીને એકાંત પસંદ કરે છે. કોઈ વ્યક્તિ એન્જિનિયરીંગના ક્ષેત્રમાં હોય અને જીવનના એક તબક્કે બધું છોડીને સાવ નિર્જન એકાંત રણમાં રહેવા જતી રહે એવું બની શકે ખરું ? માર્કો નામના એન્જિનિયરના જીવનમાં આવું જ થયું છે. જર્મનીનો માર્કો એન્જિનિયર છે. ઘણાં વર્ષો સુધી તેણે ઇ-કોમર્સની વેબસાઇટમાં એટલે કે ઓનલાઇન શોપિંગની સગવડ પૂરી પાડતી વેબસાઇટમાં પ્રોગ્રામર તરીકે કામ કર્યું હતું. દરમ્યાન પત્ની સાથે છૂટાછેડા થયા અને તેણે પોતાની લાઇફસ્ટાઇલ જ બદલી નાખી. બધું છોડીને તે એકલો કેલિફોર્નિયાના રણમાં રહે છે.

## અનિવાર્ય છે એકાંત : રાચેલ ડેન્ટન

http://suratiundhiyu.wordpress.com/

"એકાંતમાં રહેવું એ મારા માટે જીવવાની અનિવાર્ય બાબત છે. હું એકાંતમાં ન રહું તો જીવી ન શકું." એકાંતને આકંઠ માણનારી વ્યક્તિ જ આ વાત કહી શકે. ઇંગ્લેન્ડમાં લિંકનશાયરમાં રહેતી ૪૯ વર્ષની રાચેલ ડેન્ટનના આ શબ્દો છે. રાચેલબહેન કેથલિક પરિવારમાંથી આવે છે. સાધ્વી જેવું જીવન જીવે છે. સરળતા, એકાંત અને શાંતિ આ ત્રણ તેમના જીવનના માપદંડો અને તે ૨૦૦૬થી તે પ્રમાણે જ જીવે છે. તેની દિનચર્યા જુઓ. વહેલી સવારે બે કલાક પ્રાર્થના કરવાની. ત્યારબાદ પોતાના કોટેજ ગાર્ડનમાં કામ કરવાનું. સાંજે ફરી પ્રાર્થના કરવાની. સાંજે ચાલવા જવાનું. માત્ર રવિવારે જ્યારે ચર્ચની સામૂહિક પ્રાર્થના થાય ત્યારે જ તે લોકોને મળે છે. એ સિવાય માત્ર ને માત્ર નિજમસ્તીમાં જ રહેવાનું. પોતાને સંન્યાસી ગણાવતાં રાચેલબહેન સાયન્સની ટીચર રહી ચૂક્યાં છે. અંતરિયાળ ગામડામાં એક કોટેજ બાંધીને એકલા રહેવું અને શાકભાજી તેમજ ફળફળાદી ઉગાડવા એ મારા જીવનની મહત્ત્વપૂર્ણ ઇચ્છા હતી. ૨૦૦૨માં હું લિંકનશાયરમાં રહેવા આવી ગઇ. મારાં માતાપિતા વર્ષે એક વખત મને મળવા આવે છે. આ પ્રકારનું જીવન જીવવું સહેલું નથી. એકાંત અને શાંતિની વચ્ચે હું નૈતિક રીતે ઉત્તરોત્તર વિકસી રહી છું એવું રાચેલબહેન કહે છે.

### હરિયાળીનો સર્જક : ગર્થ બોવ્લ્સ

એકલો માણસ કેટલું કરી શકે એની ક્ષમતાનો અંદાજ કદાચ ગર્થ બોવ્લ્સ પરથી આવી શકે છે. અમેરિકામાં કેલિફોર્નિયા નજીક આવેલા પાયનિયર ટાઉનમાં ગર્થભાઈ એકલા રહે છે. છેલ્લાં ૩૦ વર્ષમાં તેમણે ત્યાંના ઉજ્જડ વગડામાં થોડી હરિયાળી ફેલાવી છે. વેરાન ભૂમિમાં તેણે આઠ તળાવ તૈયાર કર્યાં છે, વૃક્ષો ઉછેર્યાં છે. પર્યાવરણને દિલોજાનથી ચાહતો ગર્થ ખૂબ મહેનતકશ છે. ૬૫ વર્ષેય તેની મહેનતમાં જુવાની ટપકે છે. તેણે કેટલાંક પ્રાણીઓ પણ પાળ્યાં છે. તે કહે છે કે "જમીનને નુકસાન પહોંચાડયા વગર તેની સાથે પ્રેમથી જીવી શકાય છે એવો મારે એક દાખલો પૂરો પાડવો હતો. મારી ઇચ્છા એક એવો કોમ્યુનિટી ગાર્ડન તૈયાર કરવાની છે જે બાળકોના શિક્ષણ માટે એક મહત્ત્વપૂર્ણ રિસોર્સ બને.' ગર્થભાઈ ખુલ્લામાં જ રહે છે, જમીન પર સુવે છે અને આસપાસ વૃક્ષો પર હરખથી ઝૂલે છે.

### વન્યપ્રાણીઓનો પરિવાર : ગ્યાન્ની મેનીચેટ્ટી

છેલ્લાં ૪૧ વર્ષથી આ માણસ દુનિયાથી અલિપ્ત કુદરતની વચ્ચે જીવે છે. તેનો પરિવાર મોટો છે અને એમાં કૂતરાં, મરઘાં સહિતનાં પશુપક્ષીઓ સામેલ છે. ગ્યાન્ની ઇટલીમાં આવેલી વાઇલ્ડ કેન્યનની વનરાજીમાં જીવે છે.

વન્યજીવન અભયારણ્યને ડેવલપરોથી બચાવવા માટે તેણે લડાઈ આદરી છે. ગ્યાન્ની પોતે કવિ છે, ફિલસૂફ છે અને કર્મશીલ છે. ઓસ્ટ્રેલિયન આર્ટિસ્ટ વાલી મેયર્સનો ગ્યાન્નીને સપોર્ટ મળ્યો હતો. વાલી સારી ડાન્સર તેમજ એક્ટર હતી. કોઈ બંધનો વગર જીવનને ફ્રી સ્પિરિટથી જીવવામાં માનતી

http://suratiundhiyu.wordpress.com/

હતી. વાલી ઇટલીના એ અભયારણ્યમાં રહેતી હતી. વાલી પાસેથી ગ્યાન્ની જીવનના ઘણા પાઠ ભણ્યો. બંનેએ એકબીજાને ભરપૂર પ્રેમ કર્યો. ૧૨ ફેબ્રુઆરી, ૨00૩ના રોજ કેન્સરની બીમારીથી વાલી મેયર્સનું મૃત્યુ થયું. ગ્યાન્નીએ 'વાલી મેયર્સ અ મેમોર' નામનું પુસ્તક પણ વાલીની યાદમાં લખ્યું છે. વન્યજીવન અભયારણ્યને ઊની આંચ ન આવે એ માટે વાલીએ જે મિશન શરૂ કર્યું હતું એની મશાલ ગ્યાન્નીએ સળગતી રાખી છે. ગ્યાન્ની ઇટલીમાં લીલી વનરાજી અને પ્રાણીઓ વચ્ચે એકાંતમાં ભરપૂર જીવન જીવે છે. એક રસપ્રદ વાત એ છે કે ગ્યાન્ની કાલી માતાનો ભક્ત છે.

## ભગવાન, સ્વર્ગ, નરક અને પુનર્જન્મ

એક આસ્તિક માણસ તેની જોડે વિમાનમાં બેઠેલી એક નાનકડી છોકરીને ધાર્મિક પુસ્તક વાંચતા જોઈને પૂછે છે ભગવાન, સ્વર્ગ, નરક કે મરીગયા પછી પુનર્જન્મ જેવી વસ્તુઓનું અસ્તીત્વ જ નથી. એટલે પેલી છોકરીએ તેણે કહ્યું કે ઘોડો, ગાય અને બકરી ઘાસ જ ખાય છે છતાં ઘોડો લાદ કાઢે છે, ગાય પોદળો કાઢે છે અને બકરી લીંડી કાઢે છે તેનું કારણ શું? પેલો નાસ્તિક નાની છોકરીની ડહાપણભરી વાત સાંભળીને ચોંકી ગયો અને તેને કહ્યું મને તેની કોઈ ખબર નથી. એટલે પેલી છોકરીએ જવાબ આપ્યો જો આ વસ્તુની તમને ખબર નથી તો તમને ભગવાન, સ્વર્ગ, નરક કે પુનર્જન્મની કોઈ ખબર નથી તો ક્યાં આધારે ખોટી દલીલ કરો છો?

## રોજ આ પાંચનું દર્શન થોડીવાર કરો, થશો સફળઃ પૂ. મોરારીબાપુ

પૂ. મોરારી બાપુ જેમને કદાચ ઈશ્વરે રામકથા કરવા જ આ દુનિયામાં બોલાવ્યા હશે. કોઈ એવો વ્યક્તિ નહીં થયો હોય જે સાત સો જેટલી વાર માત્ર એક કથા કરે અને લાખોની તાદાતમાં લોકો ઉમટી પડે. તેમની કેટલીક નાની વાતો પણ જીવનમાં એક રાહ બતાવી જાય છે. કારણ કે તેમણે સમય સાથે બદલીને યુવાનો માટે પોતાની વાત કરવાનો આગ્રહ રાખ્યો છે.

- આદર બધાને આપો. આત્મા કોઈ એકને આપો.
- ગુરુ અને વેદાંતના વાક્યોમાં વિશ્વાસ કરવો તે જ શ્રદ્ધા છે.
- આપણે આપણી ખોજ કરીએ, બીજાની સેવા કરીએ અને પરમતત્વથી પ્રેમ કરીએ તો ઘણી સમસ્યા ઉકેલાઈ જાય.

http://suratiundhiyu.wordpress.com/

- રોજ આ પાંચનું દર્શન થોડાં સમય માટે કરો – દેવ દર્શન, પ્રકૃતિ દર્શન, સંત દર્શન, શાસ્ત્ર દર્શન, નિજ હૃદય દર્શન.
- શિવ વિશ્વની ઔષધિ છે. આપણા બધા ઈલાજ કરનાર દેવતા છે.
- લક્ષ્ય પ્રાપ્તિ માટે એક ડગલું આગળ ભરો, બીજું પરમાત્મા ભરાવશે.
- સ્વાસ્થ્ય સંભાળો, પણ ડરો નહીં, ભય તમારી ભીતરી વ્યવસ્થાને વધારે બગાડી દેશે.
- વ્યક્તિનું જીવન ત્યાગ અને પ્રમે વગર અધુરું છે.
- પ્રેમમાં કામ અને લોભ વિઘ્ન રૂપ નથી થતાં, પ્રેમના પ્રગટીકરણમાં ક્રોધ વિઘ્નરૂપ થાય છે.
- પ્રામાણિક પ્રેમ પ્રસન્નતાની જનેતા છે.
- કેટલીક વાતો જોવામાં નાની લાગે છે, એક મંત્ર, એક નામ નાનું એવું હોય છે અને કેટલું મોટું કામ કરી દે છે.

http://suratiundhiyu.wordpress.com/

સંદેશ

Shraddha

Wednesday, September 26, 2012

## ઈશ્વર ક્યાં છે?

ગુરુજ્ઞાન - બીપીન ડાભી

સંત તિરુવલ્લુવરની સભા ચાલી રહી હતી. લોકો દૂર-દૂરથી તેમનાં દર્શન કરવા અને તેમના સત્સંગનો લાભ લેવા આવતા હતા. ત્યાં ઉપસ્થિત બધા જ ભક્તો સંતની વાતો ધ્યાનથી સાંભળી રહ્યા હતા. તેમાંથી દરેક જણ તેમને પોતાના પ્રશ્નો પૂછીને પોતાની જિજ્ઞાસા શાંત કરવા માંગતા હતા. સંત બધાના પ્રશ્નોના ઉત્તર સ્નેહપૂર્વક આપી રહ્યા હતા.

તેમાંથી એક જિજ્ઞાસુએ પૂછયું, "મહારાજ, તમે કહો છો કે ઈશ્વર દરેક જગ્યાએ છે. તેમને ગમે ત્યાં જોઈ કે અનુભવી શકાય છે. આ વાત સાચી છે કે લોકોને ભ્રમિત કરનારી છે? મેં આ જ સવાલ પહેલાં અનેક સાધુ-મહાત્માઓને પૂછયો હતો, પરંતુ તેનો મને આજ સુધી સંતોષકારક જવાબ મળી શક્યો નથી, તેથી કૃપા કરીને તમે જવાબ આપો અથવા કોઈ ઉદાહરણ આપી સમજાવશો તો સારું થશે."

સંત તિરુવલ્લુવરે હળવા સ્મિત સાથે આશ્રમમાં રાખેલી મેંદી મંગાવી અને તેમાંથી થોડી મેંદી પલાળીને સવાલ પૂછનાર વ્યક્તિના હાથમાં લગાવી. ત્યારબાદ પૂછયું, "અત્યારે તને હથેળી પર કયો રંગ દેખાઈ રહ્યો છે?" તે વ્યક્તિએ કહ્યું, "જી, આનો જવાબ તો કોઈ પણ આપી શકે છે કે આ લીલો રંગ છે."

ત્યારબાદ સંતે તેને થોડી વાર રાહ જોવાનું કહ્યું, પછી તેને હાથ ધોવાનું કહ્યું અને પૂછયું, "હવે કહે કે આ હથેળીનો રંગ કયો છે?" તે વ્યક્તિએ જવાબ આપ્યો, "આ પ્રશ્નનો જવાબ પણ ગમે તે આપી શકે છે કે હથેળીનો રંગ લાલ છે." સંતે કહ્યું, "આ લાલ રંગ ક્યાંથી આવ્યો?" સંતનો આ પ્રશ્ન સાંભળીને તે વ્યક્તિ સહિત હાજર સૌ ઉત્સુક થઈ ગયા.

સંતે કહ્યું, "જે રીતે લીલા રંગની મેંદીમાં લાલ રંગ હોય છે, પરંતુ દેખાતો નથી તે જ રીતે ઈશ્વર પણ આપણા બધાની અંદર અલગ-અલગ રૂપમાં ઉપસ્થિત છે. આપણે યોગ્ય પ્રયત્ન કરીને તેનો અનુભવ કરી શકીએ છીએ." લોકો સંતની વાત સાંભળીને ખૂબ જ પ્રસન્ન થયા, સાથે તે વ્યક્તિને પણ તેના વર્ષો જૂના સવાલનો સંતોષકારક જવાબ પણ મળી ગયો.

.

Sandesh - Leading Gujarati Daily

## દરેક ધર્મ પ્રકૃતિની સુરક્ષાની શીખ આપે છે.....

અલાહાબાદ હાઇકોર્ટે પ્રતિબંધ લાદ્યો હોવા છતાં ૨૦૧૩ના કુંભમેળામાં આવનારા શ્રદ્ધાળુઓ, સાધુ મહાત્માઓ, સ્થાનિકો અને દર્શનાર્થીઓ થર્મોકોલ તથા પ્લાસ્ટિક, પોલિથીનમાંથી બનેલા સામાનનો બેરોકટોક ઉપયોગ કરી રહ્યા છે. પરમેશ્વરે પૃથ્વીના સ્વરૂપને અનુરૂપ નર અને નારી જેવા મનુષ્યની રચના કરી પ્રદૂષિત પાણીને યોગ્ય ટ્રીટમેન્ટ આપ્યા બાદ નદીઓમાં છોડાતું નથી પણ તળાવમાં છોડી દેવાય છે અથવા ખેતી માટે ઉપયોગમાં લેવાય છે, જેથી ખાતરની ક્ષમતા પણ વધે છે તથા ભૂમિગત જળના સ્તરને ઘટતું અટકાવી શકાય છે, નહીંતર આવનારા ભવિષ્યમાં પીવાના પાણીની સમસ્યા ઉત્પન્ન થશે. મહાકુંભ એ માત્ર ધાર્મિક આયોજન અથવા પ્રયોજન જ નથી, પણ તે વિશ્વના વિશાળ સામાજિક-સાંસ્કૃતિક ચિંતન અને સંકલ્પને ઉત્પન્ન કરનારાં અનુષ્ઠાન પૈકીનું એક છે. શા માટે મહાકુંભમાં ત્રિવેણીના તીરે જ માનવ સંસાર ઊમટી પડે છે? જ્યાં સુધી પ્રકૃતિનું સમતુલન યથાવત્ છે ત્યાં સુધી સૃષ્ટિ છે, જીવન છે. દરેક ધર્મમાં પ્રકૃતિની સુરક્ષાનું વિધાન છે.

અલાહાબાદ હાઇકોર્ટે પ્રતિબંધ લાદ્યો હોવા છતાં ૨૦૧૩ના કુંભમેળામાં આવનારા શ્રદ્ધાળુઓ, સાધુ મહાત્માઓ, સ્થાનિકો અને દર્શનાર્થીઓ થર્મોકોલ તથા પ્લાસ્ટિક, પોલિથીનમાંથી બનેલા સામાનનો બેરોકટોક ઉપયોગ કરી રહ્યા છે. પરમેશ્વરે પૃથ્વીના સ્વરૂપને અનુરૂપ નર અને નારી જેવા મનુષ્યની રચના કરી. સાથોસાથ પરમેશ્વરે સમુદ્રની માછલીઓ, આકાશનાં પક્ષીઓ અને ઘરેલુ પશુઓ તથા આખી પૃથ્વી પર વિહરતાં જંતુઓનું પણ સર્જન કર્યું છે. જ્યાં સુધી આ પૃથ્વી પર પ્રકૃતિ અકબંધ રહેશે ત્યાં સુધી માનવજાતિ પાંગરતી જ રહેશે.

ઋગ્વેદમાં કહેવામાં આવ્યું છે કે 'ઓમ્ દ્યૌ શાંત હો, અંતરિક્ષ શાંત હો, પૃથિવી શાંત હો, જલ શાંત હો, ઔષધિયાં શાંત હો, વનસ્પતિયાં શાંત હો, વિશ્વ કે સમસ્ત દેવતા શાંત હો, બ્રહ્મ શાંત હો, સભી શાંત હો, શાંતિ હી શાંતિ હો, અશાંતિ કભી ન હો.' લોકો આ મંત્રનો ઉચ્ચાર કરીને શુભ કાર્યનો આરંભ કરે છે. ગીતામાં પણ પર્યાવરણના સંરક્ષણ માટે નિર્દેશ આપવામાં આવ્યો છે કે 'લોકસંગ્રહમેવાપિ સંપશ્યન્કર્તુમર્હસિ'. ગુરુ નાનકદેવજીએ પણ ગુરુ ગ્રંથસાહિબના માધ્યમથી નિર્દેશ આપ્યો છે કે, "મનુષ્ય જેની રચના નથી કરી શકતો તેને બરબાદ કરવાનો તેને કોઈ અધિકાર નથી." બાઇબલમાં પણ કહેવાયું છે કે, "હરિત ઔષધિ જેવી તમામ વસ્તુઓ મેં તમને પ્રદાન કરી છે." ઋગ્વેદમાં ઉલ્લેખ છે કે 'જો તમે જીવનફળ અને આનંદનો સેંકડો અને હજારો વર્ષ સુધી ઉપભોગ કરવા ચાહતા હો તો સુનિયોજિત રીતે વૃક્ષારોપણ કરો.' કુંભનગરીમાં માતા ત્રિવેણીના તટ પર ઊમટનારા મહાત્માઓ, સંન્યાસીઓ અને સાધુઓ, શ્રદ્ધાળુઓ અને સમાજસેવી સંસ્થાઓએ લોકોને સંકલ્પ લેવડાવવો જોઈએ કે તેઓ જ્યાં પણ રહે એ જગ્યાએ વહેતી નદીને પ્રદૂષિત થતી અટકાવે અને દરરોજ પોતાના જીવનનો એક કલાક અથવા એક ઘડી નદીની સફાઈ તથા પ્રદૂષણ હટાવવા માટે આપે. નદીઓમાં સદાય નિર્મળ પાણી ખલખલ વહેતું રહે તે આપણા સૌ માટે જરૂરી છે. જરા વિચારો કે જો શુદ્ધ પીવાલાયક પાણી જ નહીં હોય તો માનવજાતિનું શું થશે? પ્રકૃતિની જાળવણી થશે તો જ માનવજાતિનું અસ્તિત્વ રહી શકશે એ વાત દીવા જેવી સ્પષ્ટ છે.

## ગાયત્રી મંત્રનું અનુષ્ઠાન

ગાયત્રી મંત્રનું અનુષ્ઠાન કે નિયમિત ગાયત્રી મંત્રનો જાપ જે તે મનુષ્ય, સાધક કે ઉપાસકના જીવનને ખૂબ જ ઉત્તમ તથા પ્રકાશમય બનાવે છે. જે સાધક કે ઉપાસક ગાયત્રી મંત્રની ઉપાસના કરે છે તે સાધક કે ઉપાસકની ઉત્તમોત્તમ પ્રગતિ થાય છે. ગાયત્રી મહામંત્ર અગ્નિમુખી છે, તેથી તેને જળમાં ઊભા રહી કદી ન જપાય. ગાયત્રી મંત્ર જપવા માટે રુદ્રાક્ષની માળા ઉત્તમ છે. સ્ફટિકની

http://suratiundhiyu.wordpress.com/

માળા પણ શ્રેષ્ઠ છે. ગાયત્રી મંત્ર દ્વારા ત્વરિત પરિણામ મેળવવું હોય તો ઉપાસકે શુદ્ધ અને સાત્ત્વિક જીવન જીવવું જોઈએ અને નિયમિત ગાયત્રી મંત્રોચ્ચાર કરવા જોઈએ. ગાયત્રી મંત્રમાં બુદ્ધિને પ્રકાશિત કરવાની ક્ષમતા છે.

ગાયત્રી મંત્રમાં કહેવામાં આવ્યું છે કે ધિયો યોનઃ પ્રચોદયાત્ અર્થાત્ હે પરમાત્મા, તમે અમારી બુદ્ધિને પ્રકાશિત કરો. આપણે મારી બુદ્ધિને નહીં, પરંતુ અમારી બુદ્ધિને એવું કહીએ છીએ. આપણે ભગવાન પાસે તમામ પ્રાર્થના કરીએ છીએ, પરંતુ આજકાલની પ્રાર્થના આજની મનોવૃત્તિનો પરિચય આપે છે. સુખ સંપત્તિ ઘર આવે, કષ્ટ મિટે તન કા. જોકે આપણાં એવાં દૃષ્ટિ કે વિચાર ક્યારેય નથી રહ્યાં કે મારા ઘરમાં સુખ સંપત્તિ આવે, બીજાઓનું જે થવાનું હોય તે થાય. ભગવાન સૌનું ભલું કરો. બસ, આમાં સૌના ભલા-કલ્યાણની વાંછના ભગવાન પાસે કરવાની છે. એવું નથી કહેવાનું કે ભગવાન સૌનું ભલું કરો અને શરૂઆત મારાથી કરો.

સમગ્ર સમાજનો વિકાસ થાય, સમષ્ટિગત જીવનનો વિકાસ થાય તેવી જ અમારી પ્રાર્થના છે. 'સ્વ'નો વિકાસ પણ સમષ્ટિના વિકાસથી આપોઆપ થતો જ રહેશે. આપણી ભૂમિમાં એવા મહાપુરુષો જન્મ્યા છે કે જેમણે 'સ્વ'થી ઉપર ઊઠીને સમાજ, રાષ્ટ્ર, દેશ અને સમગ્ર વિશ્વની સાથે એકતાના તાર જોડ્યા છે. જેમણે સમગ્ર વિશ્વની એક પરિવાર તરીકેની કલ્પના કરી છે.  સમગ્ર સમાજ સુખી થાય તેવી આકાંક્ષા આપણામાં છે. આપણા પ્રાચીન સાહિત્યમાં ભગવાનને જેટલી પ્રાર્થના કરવામાં આવી છે તે તમામ પ્રાર્થનામાં સમાજના કલ્યાણની જ વાત કરવામાં આવી છે. ગાયત્રી મંત્ર ઉપરાંત ઉપનિષદમાં પણ સમાજના કલ્યાણ માટે સુંદર શ્લોક છે કે 'સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયાઃ સર્વે ભદ્રાણી પશ્યન્તુ મા કશ્ચિત દુઃખ ભાગ ભવેત.'

http://suratiundhiyu.wordpress.com/

ઋષિમુનિઓએ એવી શોધ કરી છે કે સચરાચર વિશ્વમાં એક આત્મા અથવા તો પરમાત્મા હોઈ તે સઘળામાં વ્યાપ્ત છે. આત્મા અજર, અમર, અવિનાશી તત્ત્વ છે. જે પરમ ચેતન સ્વરૂપ છે. જે દરેક દેહધારી પ્રાણીમાં સમાયેલ છે. જે આત્મા આપણી અંદર છે તે આત્મા સમગ્ર વિશ્વમાં હું શરીર નથી એટલે આપણી સંસ્કૃતિનું અંતિમ લક્ષ્ય આત્મા-પરમાત્મા જ આપણી અંદર છે તેની પ્રતીતિ કરવી,

વ્યવહારમાં તેની અભિવ્યકિત કરવી અને પરમાત્માનાં દર્શન બીજામાં કરવાં. આ ધારણ કરવાથી પણ સ્વવિકાસના બદલે સમાજ અને દેશના વિકાસની ધારણા આપોઆપ મજબૂત બનતી જાય છે.

## દીપાવલી અને તેનું મહત્વ:

ઉપનિષદમાં કહ્યું છે કે ... "તમસો મા જ્યોતિર્ગમય " અર્થાત્ પ્રકાશ તરફ જાઓ. ઉપનિષદની આ વાત દીપાવલીનો તહેવાર યથાર્થ કરે છે. દીપાવલીનો અર્થ છે દીપોની પંક્તિ. દીપાવલી શબ્દમાં બે શબ્દની સંધિથી બનેલો છે. દીપ અર્થાત્ દીવો અને આવલી અર્થાત્ પંક્તિ, અર્થાત દીવાઓની પંક્તિ દીપાવલી.

વિશ્વભરમાં વસેલા હિન્દુઓ માટે આ તહેવારનું સામાજિક અને ધાર્મિક મહત્વ છે. લંકાથી લંકાપતિ રાવણ પર વિજય કરીને અયોધ્યા પધારેલા રાજા રામના આગમન પર અયોધ્યાવાસીઓએ હર્ષાન્વિત થઈ ઘી ના દીવાઓ કર્યા અને આ દીવાઓની પંક્તિઓ બનાવી આખા અયોધ્યાનગરને દીપાવલીઓ દ્વારા સુશોભિત અને પ્રકાશમાન કર્યું તે સમયથી આજ સુધી આસોવદની અમાસે દીપાવલી (દીપોની પંક્તિઓ દ્વારા) દીપાવલીનો ઉત્સવ ઉજવવામાં આવે છે.

દીપાવલી એ અંધારામાંથી અજવાળામાં જવાનું પ્રતિક છે. આ તહેવાર અસત્ય પર સત્યનાં વિજયનું પણ પ્રતિક છે. દીપાવલીનો તહેવાર અસતો મા સદગમ્ય:, તમસો મા જ્યોર્તિગમય ના ઉદ્દેશ્યને ઉજાગર કરે છે, અર્થાત્ સ્વચ્છતા અને પ્રકાશનું પ્રતિક છે. દીપાવલી એ પાંચ દિવસનો ઉત્સવ છે જે ધર્મ અને સમાજનાં પાંચ તત્વોને ઉજાગર કરે છે.

• ધનતેરસ-ધનત્રયોદશી:- દીપાવલીનાં આ તહેવારનો પ્રથમ દિવસ ધનતેરસ છે જે દિવસે અર્થ વ્યવસ્થાનું નવું વર્ષ શરૂ થાય છે. આ તહેવારની શરૂઆત ધનત્રયોદશીથી થાય છે. આ દિવસે પરંપરાગત રીતે સુવર્ણ અને ચાંદીના આભૂષણો તેમજ વાસણોની ખરીદી કરવાનો રિવાજ છે. સંધ્યા સમયે ઘરનાં મુખ્યદ્વાર પર દીપ પ્રગટાવવામાં આવે છે. આ દિવસે ભગવાન ગણપતિ અને લક્ષ્મીજીનું પૂજન કરવામાં આવે છે.

• કાળીચૌદશ- નરક ચતુર્દશી-રૂપ ચતુર્દશી:- બીજો દિવસ તે નરક ચતુર્દશી છે, આ દિવસને રૂપ ચતુર્દશી તરીકે પણ ઓળખવામાં આવે છે. તે દિવસે દ્વાપર યુગમાં ભગવાન શ્રીકૃષ્ણએ ભૂદેવીનાં પુત્ર નરકાસુરનો સત્યભામા દ્વારા વધ કરાવ્યો અને ૧૬૦૦૦ રાજકન્યાઓને નરકાસુરની કેદમાંથી છોડાવી તેમની સાથે વિવાહ કરી સમાજમાં તેમને ઉચ્ચ સ્થાન પ્રદાન કર્યું હતું. ભગવાન શ્રી

http://suratiundhiyu.wordpress.com/

કૃષ્ણના આ કાર્યથી પ્રસન્ન થઈ દ્વારિકાની નારીઓએ દીપ પ્રગટાવી પોતાનો આનંદ વ્યકત કર્યો હતો. આમ બુરાઈ પર સારાઈની જીત થઈ હતી. તાંત્રિકો આ દિવસની રાત્રીએ કાલિકા માતાની ઉપાસના કરતાં હોવાથી આ દિવસને કાલી ચૌદશના નામે પણ ઓળખે છે.

• દિપાવલી:- ત્રીજો દિવસ તે અમાવસ્યા છે આ દિવસ વામન અવતારમાં વામન રૂપે આવેલા ભગવાન વિષ્ણુની રાજા બલી પર વિજય મેળવવા પર મનાવવામાં આવે છે આ દિવસે લક્ષ્મીજીનાં દર્શન કરવામાં આવે છે. દિવાળી બાદનાં પ્રથમ દિવસે બલીરાજા પાતાળમાં ગયાં અને ત્યાં જઈ નવા રાજ્યની સુવ્યવસ્થા કરી. વર્ષનો અંતિમ દિવસ હોવાથી આ દિવસે લક્ષ્મી, ગણપતિ અને સરસ્વતીનું પૂજન કરવામાં આવે છે. આ દિવસે શેરડીનાં સાઠાં પર સૂકા નાળિયેરનો વાટકો મૂકી મેરાયું બનાવવામાં આવે છે અને આ મેરાયામાં દીપ પ્રગટાવવામાં આવે છે. આ દિવસથી ખેડૂતો ફસલની કાપણી કરવાની શરૂઆત કરે છે.

દીપાવલીના દિવસો દરમ્યાન દીપ પ્રગટાવવા પાછળ વિવિધ માન્યતાઓ અને અમુક કારણો રહેલા છે જે પ્રાચીન અર્વાચીન યુગને એકઠા કરે છે.

• એક માન્યતા એવી પણ છે કે દિવાળીના દિવસે ભગવાન નૃસિંહે રાક્ષસ હિરણ્યકશિપુનો વધ કર્યો હતો.

• અન્ય એક માન્યતા અનુસાર આ દિવસો દરમ્યાન દેવો અને દાનવો સમુદ્રમંથન કરી રહ્યાં હતાં તે સમયે લક્ષ્મીજી અને ધનવંતરી દેવનું પણ પ્રાગટ્ય થયું હતું.

• જૈન ધર્મ અનુસાર દીપાવલીનો દિવસ તેમના તીર્થંકર ભગવાન મહાવીરનો નિર્વાણનો પણ દિવસ છે.

• શીખ લોકો માટે પણ દીપાવલીનું અનેરું મહત્વ છે તેના બે કારણ છે પ્રથમ કારણ એ છે કે આ દિવસે અમૃતસાર સ્થિત સુવર્ણમંદિરમાં શિલાન્યાસ થયો હતો, અને બીજું કારણ એ છે કે આ દિવસે શીખોના છઠ્ઠા ગુરુ હરગોવિંદસિંહ ૧૬૧૯માં જેલમાંથી મુક્ત થયા હતાં.

• દીપાવલીનો દિવસ નેપાળી લોકો માટે પણ મહત્તમ સ્થાન ધરાવે છે કારણ કે આ દિવસથી નેપાળીલોકોનું નવું સવંતત્સર શરૂ થાય છે.

• આ દિવસ પંજાબમાં જન્મેલ સ્વામી રામતીર્થનાં શિષ્યો માટે પણ એક યાદગાર દિવસ છે કારણ

http://suratiundhiyu.wordpress.com/

કે આ દિવસે સ્વામી રામતીર્થ જન્મયાં હતાં અને આજ દિવસે તેઓએ ગંગાકિનારે સમાધિ લીધેલી હતી.

• આ દિવસ આર્યસમાજીઓ માટે પણ અતિ મૂલ્યવાન છે કારણ કે આ જ દિવસે સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્યસમાજની સ્થાપના કરી હતી.

• ઇતિહાસ સાક્ષી છે કે દિલ્હીપતિ બાદશાહ અકબરે દીપાવલીનો ઉત્સવ ધામધુમથી ઉજવવાની શરૂઆત કરી હતી. બાદશાહ અકબરે શરૂ કરેલ આ પ્રથા મુઘલ વંશના અંતિમ બાદશાહ બહાદુરશાહ ઝફર સુધી ચાલી હતી. અકબર બાદ જહાંગીર, શાહજહાં વગેરે આ ઉત્સવ અતિ શાનોશૅશાહપૂર્વક ઊજવતાં હતાં પરંતુ ઔરંગઝેબે આ પ્રથા લગભગ બંધ કરાવેલી પરંતુ ઔરંગઝેબ પછીના થયેલા મુઘલ બાદશાહોએ ફરી દીપાવલીનાં ત્યોહારને નાના મોટા પાયા પર ઉજવવાનું ચાલુ કર્યું હતું, જેમાં હિન્દુઓ અને મુસ્લિમો બંને પ્રજા સાથે મળીને આ ઉત્સવ ઉજવતી હતી અને આ સમય દરમ્યાન શહેરની સાથે સાથે તેમના મહેલોમાં પણ દીપોની પંક્તિઓ લગાવવામાં આવતી હતી.

• અન્નકૂટ- બેસતું વર્ષ- ગોવર્ધન પૂજા:- દિપાવલી પૂરી થયા બાદ પ્રથમ દિવસ તે બેસતું વર્ષ છે. આ દિવસે અન્નકૂટ ઉત્સવ ઉજવવામાં આવે છે. આ દિવસે પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં ગોબરના ભાવાત્મક ગિરિરાજજી બનાવવામાં આવે છે અને તે ગિરિરાજજીનું ભાવપૂર્વક પૂજન કરાય છે. આ દિવસે હવેલીઓમાં ગાયોને શણગારાય છે. આ દિવસે ખેડૂતો પોતાના ઔજારોનું પૂજન કરે છે. આ દિવસ દેવોનાં શિલ્પી વિશ્વકર્માને અર્પિત કરાયો છે.

• ભાઈબીજ- યમદ્વિતીયા:- આ દિવસ દિપાવલીનાં તહેવારનો અંતિમ દિવસ છે. આ દિવસ ભાઈનાં કર્તૃત્વને અને બહેનનાં પ્રેમને અર્પિત કરાયો છે. આ દિવસે યમુનાસ્નાનનું અધિક મહત્વ રહેલું છે, તેમાંયે ખાસ કરીને ભાઈ-બહેન એક સાથે યમુના સ્નાન કરે છે તેને તો અતિ ઉત્તમ માનવામાં આવ્યું છે.
અંધકાર પર પ્રકાશનાં વિજયની પતાકા ફરકાવનાર આ તહેવારને વિશ્વભરમાં ફેલાયેલ પ્રત્યેક હિન્દુ સમાજ ધામધૂમથી ઉજવે છે ત્યારે ચારે દિશામાં ઉલ્લાસ, પ્રસન્નતા અને પ્રેમનો સંદેશો ફેલાઈ જાય છે.

http://suratiundhiyu.wordpress.com/

## સુંદર છે હે ભગવાન !

હે ભગવાન ! જગતને તુજ સુધારજે પણ એની શરૂઆત મારાથી કરજે.
જીન્દગીમાં જે માંગીએ છીએ તે બધુંજ નથી મળતું
અને મળે છે તેમાનું ઘણુંજ માંગેલુ પણ નથી હોતું
પોતાની જવાબદારીઓમાંથી છટકી શકાય પણ પરિણામોથી નથી છટકી શકાતું
નીતિ કપડા સમાન છે અને ધર્મ દાગીના સમાન
જેમ કપડા વિના ઘરેણા શોભતા નથી તેમ નીતિ વગરનો ધર્મ સારો લાગતો નથી.
શરીરને માત્ર સુખી કરવા જતા આત્મા દુખી ના થઇ જાય તેનો ખ્યાલ રાખવો.
બે દિવસની મુસાફરી કરવા માટે કેટલીયે તૈયારી કરનારો માણસ,
કાયમની મુસાફરી કરવા માટે કેમ કંઈજ તૈયારી કરતો નથી?
આંખમાં અમી તો દુનિયા ગમે, જીભમાં અમી તો દુનિયા નમે.
એક વાર ખાય તે યોગી, બે વાર ખાય તે ભોગી,
ત્રણવાર ખાય તે રોગી અને અનેક વાર ખાય તેની બરબાદી.
જેમ શરીરને સાફ રાખવા નીયમીત સ્નાન કરવું પડે છે,
તેમ અંતકરણને સ્વચ્છ રાખવા નીયમીત પ્રાર્થના કરવી પડે છે.
પગ લપસવાથી થયેલા ઘા રૂજાઇ જશે,
પણ જીભ લપસવાથી થયેલા ઘા રૂઝાતાં બહુ વાર લાગે છે.

## મહાન લોકોના અનુભવની ૧૬ વાતો...

**1-**ગુણઃ- ન હોય તો રૂપ વ્યર્થ છે.

**2-**વિનમ્રતા- ન હોય તો વિદ્યા વ્યર્થ છે.

**3-**ઉપયોગ- ન આવે તો ધન વ્યર્થ છે.

**4-**સાહસ- ન હોય તો હથિયાર વ્યર્થ છે.

http://suratiundhiyu.wordpress.com/

**5-**ભૂખ- ન હોય તો ભોજન વ્યર્થ છે.

**6-** હોશ- ન હોય તો જોશ વ્યર્થ છે.

**7-** પરોપકાર- ન કરનારાઓનું જીવન વ્યર્થ છે.

**8-**ગુસ્સો-અકલને ખાઈ જાય છે.

**9-**અંહકાર- મનને ખાઈ જાય છે.

**10-**ચિંતાઃ- આયુને ખાઈ જાય છે.

**11-**રિશ્વત- ઇન્સાફને ખાઈ જાય છે.

**12-**લાલચ- ઇમાનને ખાઈ જાય છે.

**13-**દાન- કરવાથી દરિદ્રતાનો અંત થઈ જાય છે.

**14-**સુંદરતા- લજ્જા(લાજ) વગરની સુંદરતા વ્યર્થ છે.

**15-**દોસ્ત-ચિડાતો દોસ્ત હસતા દુશ્મન કરતા સારો છે.

**16-**ચહેરો-માણસની કિમત તેની સૂરતથી નહીં પણ સીરત અર્થાત ગુણોથી લગાવવી જોઈએ.

## માણસોને મદદરૂપ થવું એ મોટી પ્રાર્થના છે

ચાઇનીઝ સાધુ માત્સુ અને તેમના ગુરુની વચ્ચે થયેલો સંવાદ

ચીનમાં માત્સુ નામના એક મહાન સાધુ હતા. તેમણે ભગવાનને પામવા માટે આકરી સાધના શરૂ કરી હતી. તેઓ પોતાનું શહેર છોડીને નિર્જન સ્થળે રહેવા ચાલ્યા ગયા હતા. ત્યાં તેમણે એક નાનકડી ઝૂંપડી બાંધી હતી. તેમણે સતત ઈશ્વરની સાધના શરૂ કરી અને તમામ લોકો સાથે સંબંધ કાપી નાખ્યો.

એક સાધક તરીકે તેમના નામની વાહવાહ બોલાવા લાગી. જોકે માત્સુને એવી વાહવાહની પરવા નહોતી. તેઓ તો પોતાની સાધનામાં મસ્ત હતા.

એક દિવસ માત્સુના ગુરુ માત્સુને મળવા જઈ પહોંચ્યા. તેમના સુધી પણ માત્સુની વાહવાહ પહોંચી હતી. માત્સુના ગુરુ માત્સુથી જુદી પ્રકૃતિના હતા. તેઓ લોકો વચ્ચે ફરતા રહેતા હતા અને સાથે સાથે સમય મળે ત્યારે સાધના પણ ચાલુ રાખતા હતા.

http://suratiundhiyu.wordpress.com/

માત્સુના ગુરૂ માત્સુ પાસે જઈને ઊભા રહ્યા પણ માત્સુ સાધનામાં એટલા રત હતા કે તેમને ગુરુના આગમનની પણ ખબર પડી નહીં.

ગુરુએ માત્સુને સાધનામાં રહેવા દીધા. ખાસ્સી વાર થઈ પણ માત્સુને ગુરુની હાજરીની ખબર પડી નહીં. છેવટે ગુરુએ એક ઈંટ ઉપાડી અને એ ઈંટ એક પથ્થર ઉપર ઘસવા માંડી. માત્સુએ સાધનામાંથી જાગૃત થઈને જોયું ત્યારે તેમના ગુરુજી પથ્થર ઉપર ઇંટ ઘસી રહ્યા હતા.

માત્સુએ એ જોઈને આશ્ચર્ય સાથે સવાલ કર્યો કે, 'ગુરૂજી તમે નાના બાળકની જેમ આ શું કરી રહ્યા છો?' ગુરુએ શાંતિથી પથ્થર ઉપર ઈંટ ઘસતા ઘસતા કહ્યું કે 'આ પથ્થર ઉપર ઈંટ ઘસીને હું તેનો અરીસો બનાવીશ.'

આ સાંભળીને માત્સુને હસવું આવ્યું. તેમણે કહ્યું કે, 'તમે આ કેવી વાત કરો છો? ઈંટ કદી આયનો બને? તમે તો મૂર્ખ જેવી વાત કરો છો!' ગુરુએ કહ્યું, 'મૂર્ખ હું નહી તું છે.' માત્સુ કહે કે, 'હું સમજયો નહીં.'

ગુરુએ કહ્યું, 'ભલા માણસ તું તારા મનરૂપી ઈંટને સતત ખાલી પ્રાર્થના અને સાધના રૂપી પથ્થર પર ઘસ્યા કરે છે. પણ એથી શું તારું મન દર્પણ બનશે ખરું? અહીં નિર્જન સ્થળે પ્રાર્થના સાધના કરવાને બદલે લોકોને ઉપયોગી થાય એવા કામ કર. લોકોને મદદરૂપ બનવાની કોશિશ કર. લોકોની સેવા કરતા મોટી કોઇ સાધના નથી. દુખી અને જરૂરતમંદ લોકોને મદદ કર એ જ સાચી સાધના છે.'

માત્સુના ગળે એ વાત ઊતરી ગઇ અને તેમણે નિર્જન સ્થળ છોડીને લોકોની વચ્ચે વસવાનું નક્કી કર્યું. એ પછીની જિંદગી તેમણે લોકોને મદદરૂપ બનવામાં કાઢી .

ચાઇનીઝ સાધુ માત્સુના જીવન પરથી એ પ્રેરણા લેવા જેવી છે કે મંદિરોમાં અને આશ્રમોમાં ભટકવાને બદલે આપણી આજુબાજુના માણસોને  મદદરૂપ થઇએ તો એ સાચી સાધના કે ભક્તિ છે. દેખાડો કરવા માટે લાખો રૂપિયાનું દાન કરવાને બદલે આપણી આજુબાજુના માણસોને ઉપયોગી થવું એ ભગવાન સુધી પહોંચવાનો સરળ રસ્તો છે. સૌજન્ય- મુંબઈ સમાચાર

## સ્વર્ગ અને નરકની પરિભાષા શું છે?

**દુઃખ એક માનસિક કલ્પના છે. કોઈ પદાર્થ, વ્યક્તિ અથવા ક્રિયા એ ક્યારેય દુઃખ હોતી નથી. સંસારના તમામ નામ-રૂપ ગર્દભ-હાથી, સ્ત્રી-પુરુષ, પશુ-પક્ષી, વૃક્ષ-લતા વગેરે બધાં કુદરતનાં**

રમકડાં માત્ર જ છે. જો આપણે પોતાને કેવળ રમકડું જ માનીશું તો આપણને પોતાની જાત પ્રત્યે દુ:ખની લાગણી સર્જાશે, પરંતુ જો આપણે સ્વયંને સુવર્ણ, મૂલ્યધાતુ તરીકે જોઈશું તો આપણની નજરમાં આપણું શરીર એ માનવદેહ માત્ર જ નહીં રહે. આપણે સ્વયં વિરાટ છીએ, સાક્ષાત બ્રહ્મ છીએ. જે મનુષ્ય આ જગતના પ્રપંચને સત્ય માને છે, તે માયાનાં બંધનમાં બંધાયેલો છે. જે વસ્તુ કે જે શરીર પહેલા નહોતું, એ ભવિષ્યમાં પણ નહીં જ રહે. વચ્ચેના થોડા સમયગાળા પૂરતું આપણું શરીર અસ્તિત્વ ધરાવે છે. આ ક્ષણભંગુર શરીરને સર્વસ્વ સમજતા મોહિત મનુષ્ય ભૌતિકતાથી ભરપૂર વ્યવહારમાં જ જીવન વીતાવી નાખે છે. આવા લોકોએ તત્વજ્ઞાનમાં ડોકિયું કરવાની જરૂર છે. જે દેખાય છે તેને દેખાવા દો, જે બદલાય છે તેને બદલાવા દો, જે આવ-જા કરે છે તેને આવવા-જવા દો. આ બધો માત્ર કુદરતનો જાદુનો ખેલ જ છે. 'યે હિ સંસ્પર્શજા ભોગા દુ:ખયોનય એવ તે. આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ' પુરાણોમાં એક કથાનું વર્ણન મળે છે. મહારાજા જનકના જીવનમાં એક ભૂલ થઈ હતી. મૃત્યુ બાદ તેઓને યમલોકમાં જવું પડ્યું. ત્યાં તેમને નરકમાં જવા કહેવામાં આવ્યું. મહારાજા જનક તો બ્રહ્મજ્ઞાની હતા. તેમના માટે તો શું નરક અને શું સ્વર્ગ. તેઓ રાજીખુશીથી ચાલ્યા ગયા. નરકમાં પ્રવેશતાંની સાથે જ તેમની ચોતરફથી પોકારો ઊઠ્યા કે ''મહારાજા જનકજી! જરા અહીં રોકાજો.'' મહારાજ જનકે પૂછ્યું, ''આ કેવો શબ્દ છે?'' યમદૂતોએ જણાવ્યું કે આ નરકનાં પ્રાણીઓ ચિલ્લાઈ રહ્યાં છે. જનકે ફરી પૂછ્યું ''આ લોકો શું કહે છે?'' યમદૂત બોલ્યા, ''એ લોકો તમને રોકવા માગે છે.'' જનક આશ્ચર્યમાં પડી ગયા. ''આ લોકો મને રોકવા માગે છે?''. યમદૂત બોલ્યા : ''આ પાપી પ્રાણીઓ પોતપોતાના પાપકર્મોને લીધે અહીં દારૂણ યાતના ભોગવી રહ્યા છે. તેમને ખૂબ પીડા થતી હતી. અહીં વહેતો પવન તમારા શરીરને સ્પર્શીને તેમના સુધી પહોંચ્યો તો તેમની પીડા દૂર થઈ ગઈ. આનાથી તેમને ખુબ શાંતિ મળી.'' આ સાંભળી જનકજી બોલ્યા, ''જો મારા અહીં રહેવાથી આ બધાને શાંતિ મળતી હોય, તેમનું દુ:ખ ઘટતું હોય તો હું અહીં જ રહીશ.'' તે પછી જનક વિદેહી ત્યાં થોડીવાર ઊભા રહ્યા. જેથી પવન ત્યાંથી પસાર થતાં તમામ જીવ શાંતિ પામ્યા. જેના કારણે જનક રાજાનું પુણ્ય વધી ગયું અને તેમનો નર્કવાસ પણ દૂર થયો. કહેવાનો અર્થ ફક્ત એટલો જ છે કે ભલો માણસ જો નરકમાં પહોંચશે તો નરક પણ સ્વર્ગ બની જશે અને જો ખરાબ માણસ સ્વર્ગમાં પહોંચશે તો સ્વર્ગને પણ નરક બનાવી દેશે. આથી આપણે હંમેશાં પોતાનાં કર્મો પ્રત્યે સજાગ રહેવું જોઈએ અને આપણા ચિત્તમાં નરક નહીં પણ સ્વર્ગ ભરવું જોઈએ. જ્યારે તમને આખું વિશ્વ પોતાના આત્મામાં જણાય, ત્યારે રોગ-દ્વેષ, સંઘર્ષ-હિંસા તમારી નજરમાં ક્ષુલ્લક થઈ જશે અને તમારા મનમાં સ્વર્ગનું નિર્માણ થશે.

http://suratiundhiyu.wordpress.com/

## સુખ-દુ:ખમાં સમાન ભાવ ધારણ કરો

જૈન ધર્મમાં સમતા (સમાન ભાવ)નું ખૂબ મહત્ત્વ છે. આનો અર્થ થાય છે કે સુખ અને દુઃખ એ બંને પ્રકારની અવસ્થામાં અસ્થિર બનવું નહીં, સામ્ય ભાવ રાખવો. શ્રમણ શબ્દ પ્રાકૃત ભાષાના સમણમાંથી બનેલો છે, જેનો અર્થ થાય છે કે સમતા ધારણ કરો. 'સમણો સમ સુખ દુક્ખો' એટલે કે જે સુખ અને દુઃખમાં સમાન રહે એ જ શ્રમણ છે. ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથના જીવનમાંથી કષ્ટમાં પણ સમતા ભાવ ધારણ કરવાની શીખ મળે છે. બાવીસમા તીર્થંકર ભગવાન નેમિનાથનાં ૮૩,૭૫૦ વર્ષ બાદ કાશી (બનારસ)ના કશ્યપ ગોત્રના રાજા વિશ્વસેન અશ્વસેન તથા રાણી વામાદેવીના ઘરે પાર્શ્વનાથનો જન્મ થયો હતો. પાર્શ્વનાથના શરીરની કાંતિ અનાજના નાના છોડ જેવી લીલા રંગની હતી. એક માન્યતા પ્રમાણે પાર્શ્વનાથ પૂર્વજન્મમાં બ્રાહ્મણપુત્ર મરુભૂતિ હતા અને તેમના મોટા ભાઈ કમઠે દ્વેષવશ શિલા પર પછાડીને તેમની હત્યા કરી હતી. આ જ કમઠ વિવિધ જન્મમાં પાર્શ્વનાથ પાસેથી વેર વસૂલતો રહ્યો, પણ પાર્શ્વનાથે એક પણ જન્મમાં તેનો પ્રતિકાર ન કર્યો અને દરેક વિપત્તિ ધૈર્યપૂર્વક સહન કરતા રહ્યા. અંતિમ ભવમાં પાર્શ્વનાથનો જન્મ એક રાજ પરિવારમાં થયો. રાજા માટે ત્યાં સંસારને ભોગવવાની દરેક ચીજ હતી, પણ તે વીરક્ત પાર્શ્વનાથને આસક્ત ન કરી શકી. ત્રીસ વર્ષની યુવાનવયે તેઓ વૈરાગી બની ગયા. એક કથા પ્રમાણે એક દિવસ તેઓ દેવદારના વૃક્ષ નીચે ધ્યાનમાં બેઠા હતા ત્યારે આકાશ માર્ગે જઈ રહેલા કમઠે (જે આ જન્મમાં શંબર નામનો અસુર હતો) તેમને ધ્યાન કરતાં જોયા. કમઠે મહાગર્જના અને અતિવૃષ્ટિ કરી ત્યારે નાગદંપતી ધરણેન્દ્ર અને પદ્માવતીના રૂપમાં મહાયોગી પાર્શ્વનાથની રક્ષા માટે આવ્યું અને પોતાની ફેણ ફેલાવીને કમઠની આપત્તિઓથી પાર્શ્વનાથની રક્ષા કરી. આ બધી ઘટનાઓ હોવા છતાં વીરક્ત પાર્શ્વનાથ તપસ્યામાંથી ડગ્યા નહીં અને તેમને કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ. કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ બાદ તેમણે ભારતના વિવિધ સ્થળે ધર્મસભાના માધ્યમથી લોકોને આત્મકલ્યાણનો માર્ગ બતાવ્યો. તેમણે લગભગ ૧૭ વર્ષ વિહાર કર્યો. અંતમાં બિહારમાં આવેલ સમેતશિખર પર પ્રતિભાયોગ ધારણ કરી બિરાજમાન થયા અને ત્યાં જ તેમને મોક્ષની પ્રાપ્તિ થઈ. જૈન પરંપરાની માન્યતા અનુસાર જે અરિહંત આઠ કર્મમાંથી ચાર કર્મ સમાપ્ત કરી દે તે પરમાત્મા બની જાય છે. તીર્થંકર ધર્મતીર્થનું સંચાલન કરે છે અને તમામ જીવને આત્મકલ્યાણનો માર્ગ બતાવે છે. ભારતમાં પાર્શ્વનાથનાં મંદિરો હજારોની સંખ્યામાં છે, તેમની ઓળખ સર્પની ફેણ દ્વારા થઈ શકે છે. આપણે થોડી ખુશીથી પણ ફુલાઈને ફરીએ છીએ અને થોડુંક દુઃખ આપણને હચમચાવી મૂકે છે. તીર્થંકર પાર્શ્વનાથના જીવન પરથી આપણને પ્રેરણા મળે છે કે આપણે કષ્ટ અને વિપત્તિમાં પણ દુઃખ સામે નિઃસ્પૃહ બનીને રહી શકીએ છીએ. આપણે તીર્થંકર પાર્શ્વનાથના જીવનથી સુખ-દુઃખમાં સમતાની પ્રેરણા મેળવી શકીએ છીએ.

## વિજ્ઞાન અને ઈશ્વર– ડૉ. પ્રદીપ પંડ્યા

એક કૉલેજમાં એક પ્રોફેસર ફિલોસોફી પર પ્રવચન આપી રહ્યા હતા. વિષય હતો – 'વિજ્ઞાન અને ઈશ્વર વચ્ચેના પ્રશ્નો.'

પ્રોફેસર : તો તમે ઈશ્વર – અલ્લા – ગોડમાં માનો છો ?

વિદ્યાર્થી : ચોક્કસ સર.

પ્રોફેસર : શું ઈશ્વર સરસ છે ?

વિદ્યાર્થી : ચોક્કસ

પ્રોફેસર : શું ઈશ્વર સર્વશક્તિમાન છે ?

વિદ્યાર્થી : હા

પ્રોફેસર : મારો ભાઈ કેન્સરમાં મૃત્યુ પામ્યો હતો. મેં ઈશ્વરને પ્રાર્થના કરી હતી. મોટા ભાગની વ્યક્તિઓ માંદગી સમયે ઈશ્વરને પ્રાર્થના કરે છે. તેને મદદ ન કરી. તો પછી આ ઈશ્વરને સારો કેમ કહી શકાય ?

વિદ્યાર્થી : (ચૂપ)

પ્રોફેસર : શું સેતાન સારો છે ?

વિદ્યાર્થી : ના

પ્રોફેસર : સેતાન ક્યાંથી આવે છે ?

વિદ્યાર્થી : ઈશ્વર પાસેથી.

પ્રોફેસર : સાચી વાત છે. હવે મને કહે, શું વિશ્વમાં ખરાબ તત્વ છે ?

વિદ્યાર્થી : હા

પ્રોફેસર : ખરાબ તત્વો સર્વવ્યાપી છે, બરાબર ? અને ઈશ્વર જ બધું સર્જન કરે છે, બરાબર ?

વિદ્યાર્થી : હા

પ્રોફેસર : તો પછી ખરાબ તત્વનું સર્જન કોણે કર્યું ?

વિદ્યાર્થી : (ઉત્તર આપતો નથી.)

પ્રોફેસર : શું બિમારી છે ? દર્દો છે ? મૃત્યુ ? ધૃણા-ધિક્કાર ? ગંદકી ? આ બધી જ ભયંકર વસ્તુઓ વિશ્વમાં છે – બરાબર ?

વિદ્યાર્થી : હા

પ્રોફેસર : તો પછી આ બધું કોણે બનાવ્યું ?

http://suratiundhiyu.wordpress.com/

વિદ્યાર્થી : (ચૂપ રહે છે.)
પ્રોફેસર : વિજ્ઞાન કહે છે કે શરીરમાં પાંચ ઈન્દ્રિયો છે જેને તમે ઓળખી શકો છો અને વિશ્વમાં જોઈ શકો છો. મને હવે કહે કે તે ઈશ્વર-અલ્લાને જોયો છે?
વિદ્યાર્થી : ના, સાહેબ
પ્રોફેસર : મને કહે કે તેં તારા ઈશ્વરને કોઈ દિવસ સાંભળ્યો છે ?
વિદ્યાર્થી : ના
પ્રોફેસર : શું તેં ક્યારેય ઈશ્વરનો સ્પર્શ કર્યો છે ? સ્વાદ માણ્યો છે ? સુગંધ માણી છે ? શું તને કદી પણ તેનો અનુભવ થયો છે ?
વિદ્યાર્થી : ના સાહેબ, આમાંથી કંઈ પણ મેં અનુભવ્યું નથી.
પ્રોફેસર : આમ છતાં પણ તું ઈશ્વરમાં માને છે ?
વિદ્યાર્થી : હા
પ્રોફેસર : અત્યારના પ્રમાણો પદ્ધતિઓ ચિંતન જોતાં વિજ્ઞાન કહે છે કે ઈશ્વરનું અસ્તિત્વ શક્ય નથી. આને માટે તારે શું કહેવું છે ?
વિદ્યાર્થી : કંઈ જ નહિં, મારી પાસે ફક્ત શ્રદ્ધા છે.
પ્રોફેસર : શ્રદ્ધા ? વિજ્ઞાનને આ જ પ્રશ્ન મુંઝવે છે.
વિદ્યાર્થી : સર, ઉષ્મા, ગરમી, જેવી કોઈ વસ્તુ છે ?
પ્રોફેસર : હા
વિદ્યાર્થી : અને ઠંડી જેવી પણ કોઈ વસ્તુ છે ?
પ્રોફેસર : હા
વિદ્યાર્થી : ના સાહેબ, એવી કોઈ વસ્તુ નથી. (આખો વર્ગ સ્તબ્ધ બનીને આ વાતચીત સાંભળી રહ્યો હતો. બનાવો બદલાતા જતા હતા.)
વિદ્યાર્થી : સર, તમારી પાસે ગરમી છે, તેની માત્રાઓ છે. સુપરહીટ, મેગાહીટ, શ્વેત ગરમી, ગરમી નહિ. પરંતુ આપણે જેને ઠંડક કહીએ છે, તે નથી. આપણે 458 અંશ થી વધુ નીચે જઈ શકીએ છીએ પરંતુ તે પછી ? કંઈ જ નહીં. ઠંડક જેવું છે જ નહિ. ગરમી-ઉષ્માનો અભાવ એટલે ઠંડી. ઠંડી તે ગરમીની વિરુદ્ધ નથી, તેનો અભાવ છે.
(હોલમાં ટાંકણી પડે તેવી શાંતિ પથરાઈ ગઈ હતી.)
વિદ્યાર્થી : સર, અંધકાર એટલે શું ? શું અંધકાર જેવી કોઈ વસ્તુ છે ?
પ્રોફેસર : હા. રાત્રી તે અંધકાર નહિ તો બીજું શું છે ?

http://suratiundhiyu.wordpress.com/

વિદ્યાર્થી : ફરી તમે ખોટા છો. અંધકાર એ કોઈક વસ્તુનો અભાવ છે. તમારી પાસે આછો પ્રકાશ, પૂર્ણ પ્રકાશ, સામાન્ય પ્રકાશ, વિજળી વિ છે. પરંતુ પ્રકાશનો સંપૂર્ણપણે અભાવ હોય તો તે અંધકાર છે. બરાબર ?

પ્રોફેસર : હા પણ તું કહેવા શું માંગે છે ?

વિદ્યાર્થી : મારો મુદ્દો તે છે કે તમારી ફિલોસોફી – ચિંતન ખોટું છે.

પ્રોફેસર : ખોટું છે ? કઈ રીતે ?

વિદ્યાર્થી : સર, તમે હંમેશા 'બે' નો ઉપયોગ કરો છો. તમે કહો છો કે જિંદગી છે તો મૃત્યુ છે, સારો ઈશ્વર અને ખરાબ ઈશ્વર. તમે ઈશ્વરને એક સીમા છે તે રીતે જુઓ છો. જેને માપી શકાય. સર વિજ્ઞાન – એક વિચાર આવે છે તેને પણ સમજાવી શકતું નથી. તે વિજળી અને ચુંબકીયતાનો ઉપયોગ કરે છે, જેને તમે કદાપી જોયા નથી કે થોડાક પણ સમજ્યા નથી. મૃત્યુ તે જિંદગીની વિરુદ્ધ છે, તેમ કહેવું તે અજ્ઞાનતા છે. કારણકે જિંદગી વગર મૃત્યુ શક્ય નથી. મૃત્યુ તે જિંદગીની વિરુદ્ધ નથી, ફક્ત તેનો અભાવ છે. હવે પ્રોફેસર – સર, મને કહો કે તમે ઉત્ક્રાંતિ શીખવો છો ને કે માનવીનો ઉદ્ભવ વાંદરામાંથી થયો છે ?

પ્રોફેસર : તું જો કુદરતી ઉત્ક્રાંતિનો વિચાર કરતો હોય તો ઉત્તર હા માં છે.

વિદ્યાર્થી : શું તમે, તમારી નરી આંખે ઉત્ક્રાંતિ જોઈ છે ? (પ્રોફેસરે સ્મિત સહ ના પાડી, હવે તેઓને લાગતું હતું કે આ વિદ્યાર્થી કઈ દિશામાં આગળ વધી રહ્યો છે.)

વિદ્યાર્થી : જો તમે કદાપી ઉત્ક્રાંતિને જોઈ ન હોય અને તે પણ સાબિત કરી શકતા ન હોય કે તે એ જ રીતે આગળ વધે છે, તો પછી તમે વૈજ્ઞાનિક નથી પરંતુ એક ઉપદેશક છો – બરાબર ?

(સમગ્ર વર્ગમાં ઉહાપોહ થાય છે.)

વિદ્યાર્થી : શું આ વર્ગમાં કોઈ પણ એવી વ્યક્તિ છે જેણે પ્રોફેસરનું મગજ જોયું છે ?

(સમગ્ર વર્ગમાં હાસ્યનું મોજું ફરી વળ્યું.)

વિદ્યાર્થી : શું કોઈએ પ્રોફેસરના મગજને સાંભળ્યું છે ? અનુભવ્યું છે ? સ્પર્શ કર્યો છે ? સુગંધ માણી છે ? કોઈએ પણ એનો અનુભવ કર્યો નથી, તો પછી તમાર જ પ્રમાણોને લઈને કહી શકાય કે તમારામાં મગજ જ નથી. તો પછી મને માનપૂર્વક કહેવા દો કે શું અમારે તમારા પ્રવચનો પર વિશ્વાસ રાખવો જોઈએ ? (વર્ગમાં શાંતિ પૂર્ણ હતી. પ્રોફેસરે વિદ્યાર્થી સામે જોયું)

પ્રોફેસર : મને લાગે છે કે તમારે તે વાત શ્રદ્ધાથી લેવી જોઈએ.

વિદ્યાર્થી : સર, મારે તમને એ જ કહેવું છે. માનવી અને ઈશ્વર વચ્ચેની સાંકળ શ્રદ્ધા છે, તે જ સમગ્ર વિશ્વને ચેતનવંતુ રાખે છે.

– અને તે વિદ્યાર્થી હતો ભારતના રાષ્ટ્રપતિ એ.પી. જે. કલામ

http://suratiundhiyu.wordpress.com/

જલનમાતરીનો આ શેર એટલે જ અદ્દભુત બની જાય છે :

શ્રદ્ધાનો જો હોય વિષય તો
પુરાવાની ક્યાં જરૂર છે
કુરાનમાં ક્યાંય પયગંબરની સહી નથી.

તે સાથે મારું એક મુક્તક છે.....

હું બદ્રી-કેદાર ને નમન કરતો જ નથી
પણ, જે શ્રદ્ધાથી માનવી,
બદ્રી-કેદારને નમન કરે છે
તે શ્રદ્ધાને, હું નમન કરું છું.

## શરીરના એન્જિનમાં ભક્તિનું લુબ્રિકેશન

ધારી લો કે તમે એક મશીન છો. આપણી પાસે શરીર પણ છે અને મગજ પણ છે, મતલબ કે એક ઈન્ટેલિજન્ટ મશીન તરીકે તમારી પાસે બધું જ છે. ત્યારબાદ તમે જેને ઈશ્વરની કૃપા કહો છો તે ચીકણા લુબ્રિકન્ટ જેવી છે. એન્જિન ભલે ગમે તેટલું મજબૂત હોય, પણ લુબ્રિકેશન વગર તે અટકી જશે. આ પૃથ્વી પર અનેક લોકો બુદ્ધિમાન અને ક્ષમતાવાન છે, પરંતુ તેઓ જીવનના દરેક વળાંકે અટકી જાય છે, કેમ કે તેમની પાસે ઈશ્વરકૃપારૂપ લુબ્રિકેશન હોતું નથી. કેટલાક લોકોના જીવનમાં ભરપૂર કૃપા હોય છે અને તેમનું જીવન આનંદમય હોય છે, જ્યારે અમુક લોકો નાની-નાની ચીજો માટે પણ સંઘર્ષ કરતા હોય છે. આપણે જીવનની સફરને આનંદમય બનાવવા માટે ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરવી પડશે અને તેને મેળવવાનો સૌથી સરળ માર્ગ ભક્તિનો છે, પરંતુ બુદ્ધિ બહુ ચાલાક છે, તે કોઈની ભક્ત બની શકે નહીં. આપ ભક્તિનાં ગીત ગાઈ શકો છો, પણ આપની બુદ્ધિ તર્ક લડાવે છે, હિસાબ લગાવે છે. એક મતલબી બુદ્ધિ ક્યારેય ભક્તિ કરી શકે નહીં. આવામાં ભક્ત બનવાનો પ્રયત્ન કરવો એ સમય તથા જીવન બંને બરબાદ કરવા સમાન છે. આપણે જીવનમાં ઘણીવાર ભક્તિસંગીત સાંભળ્યું હશે. વાસ્તવમાં તેમાં કોઈ ભક્તિ હોતી નથી, તેમાં ઈશ્વરના નામે થતા વેપારની ઝાંખી જોવા મળે છે. કોઈ સાચો ભક્ત કોઈ વ્યક્તિ અથવા દેવતા વિશેષનો ભક્ત હોતો નથી. ભક્તિ તો એક ગુણ છે. કોઈ દિશા અથવા લક્ષ્યને પોતાની જાત ૧૦૦ ટકા સમર્પિત કરી દેવાને ભક્તિ કહેવાય છે. જો આપ નિરંતર એક જ દિશામાં કેન્દ્રિત રહો છો તો તમે એક ભક્ત છો. જ્યારે કોઈ વ્યક્તિ, તેનાં વિચાર-ભાવના અને તમામ ઈન્દ્રિયો એકાગ્ર થઈ જાય ત્યારે તે કૃપાને પાત્ર બની જાય છે અને તેના ઉપર કૃપા થવી સ્વાભાવિક બની જાય છે. જ્યાં ભક્ત છે ત્યાં ઈશ્વર અવશ્ય નિવાસ કરે છે. ભક્તિની શક્તિ ખુદ જાતે જ ઈશ્વરને શોધી લે છે. તાર્કિક બુદ્ધિને હંમેશાં ભક્તિથી એલર્જી જ હોય છે, કારણ કે કહેવાતા ભક્તો હંમેશાં ભક્તિના નામે પોતાની મૂર્ખતાનું પ્રદર્શન કરતા હોય છે. આ લોકો હંમેશાં ભયને ભક્તિના રૂપમાં રજૂ કરતા હોય છે. કેટલાક પોતાની કુટિલતાને ભક્તિના રૂપમાં રજૂ કરે છે. એક જ્ઞાની માણસ જ ભક્તિનો આનંદ સમજી શકે છે, મૂર્ખ નહીં. ભક્તિને ભાવનાત્મક રીતે અનુભવવી અલગ વાત છે અને તેને જીવનના પરમ આનંદકારી લક્ષ્યના રૂપમાં ઓળખવી એ તદ્દન જુદી વાત છે. ભક્તિને

http://suratiundhiyu.wordpress.com/

ભાવનાના રૂપમાં જાણવાથી તમારું જીવન કદાચ મધુર બની જશે, પણ ભક્તિનો ઉદ્દેશ જીવનને મધુર બનાવવા પૂરતો જ સીમિત નથી. ભક્તિ તમારું સમગ્ર જીવન બદલી શકે છે. ભક્તિ આત્મસુધારનું સાધન નથી. ભક્તિ સ્વયંને પરમાત્મામાં લીન કરવા માટે છે, જે ખુદને લીન કરવા માટે તૈયાર હોય છે એ જ સાચો ભક્ત છે. - સૌજન્ય:મેટ્રો

## અધ્યાત્મ જીવનમાં ઉતારવાની ચીજ છે

ત્રણ યુવાનોએ ધર્મ અને અધ્યાત્મનો ઊંડો અભ્યાસ કર્યો. અઘરામાં અઘરા શ્લોક અને નીતિસૂત્ર કંઠસ્થ કર્યાં. એક દિવસ તેઓ ક્યાંક જતા હતા. રસ્તામાં તેમણે એક ભૂખ્યા અને બીમાર માણસને જોયો. ત્રણેય પાસે ભોજન હતું. આ લોકો પેલા ભૂખ્યા માણસને ભોજન આપવા જતા હતા તેવામાં એક સાધુ આવ્યા અને બોલ્યા, "તમે આવી રીતે આને ભોજન કરાવી નહીં શકો. તમે ત્રણ છો અને પેલો એકલો છે. તમે ત્રણેય ઉપકાર કરીને પુણ્ય કમાવવા માગો છો. આ માટે પુણ્યનો અવસર મેળવવા તમારે એક પરીક્ષા આપવી પડશે." સાધુએ થોડે દૂર એક મંદિર તરફ આંગળી ચીંધતાં કહ્યું કે, "તમે આ મંદિરમાં જઈ દેવીમાંના આશીર્વાદ લો અને એક કલાક ધ્યાન ધરો. આ ગાળામાં તમારા પૈકી જેના મનમાં સર્વશ્રેષ્ઠ વિચાર આવશે તે વ્યક્તિને જ સેવાનો અવસર મળશે." સાધુની વાત સાંભળી ત્રણેય મંદિર તરફ ચાલવા લાગ્યા. થોડા સમય બાદ ત્રણેય સાધુ પાસે આવ્યા. પહેલો યુવક બોલ્યો, "ધ્યાન દરમિયાન મેં અનુભવ્યું કે મેં અધ્યાત્મનો માર્ગ અપનાવવા માટે સર્વસ્વનો ત્યાગ કર્યો છે, તેથી એ ભૂખ્યાની સેવા કરવાનો અધિકાર મને જ છે." બીજો બોલ્યો, "મેં ધ્યાન દરમિયાન જોયું કે હું જ ગુરુ છું અને મારે જ સૌનું માર્ગદર્શન કરવાનું છે. આથી ભૂખ્યાની સેવાનો આરંભ મારે કરવો જોઈએ". સાધુએ ત્રીજા યુવકની સામું જોયું ત્યારે એ બોલ્યો, "મહારાજ! મારું મન જ ન લાગ્યું. મારા મનમાં એ ભૂખી અને બીમાર વ્યક્તિ જ છવાયેલ હતી એટલા માટે હું મંદિરથી પાછો આવી ગયો. જો આપણે સમયસર કોઈની તકલીફ મટાડી ન શકતા હોઇએ તો એવા પુણ્યનો ફાયદો જ શું? આ માટે મેં પાછા આવીને એના ઘા પર મલમપટ્ટો લગાવ્યો. મેં ધ્યાન કર્યું જ નથી." આ સાંભળી સાધુ બોલ્યાઃ "વાસ્તવમાં ધર્મ, અધ્યાત્મ અને મોક્ષને એકમાત્ર તું જ સમજી શક્યો છે. જ્ઞાન અને અધ્યાત્મનો લાભ ત્યારે મળે કે જ્યારે તેને વ્યવહારમાં ઉતારાય. શુભ મુહૂર્ત અને શુભ દિન જોઈને કરાતાં પુણ્યકર્મથી પુણ્ય મળતું નથી. પુણ્ય હંમેશાં નિઃસ્વાર્થ ભાવ દ્વારા કરાયેલા કામમાંથી મળે છે." સાધુનો વેશ ધરીને ફરવાથી અધ્યાત્મ અને જ્ઞાનની પીપાસા શાંત નથી થતી. જ્ઞાન જેટલું વધુ વહેંચાય એટલું જ શ્રેષ્ઠ છે. જ્યારે તમે વ્યવહારિક જીવનમાં સદ્ભાવના અને પ્રામાણિકતા વડે બીજા માટે અધ્યાત્મનો ઉપયોગ કરો ત્યારે જ તમે અધ્યાત્મમાં ઊંડા ઊતરી શકો. પોતાના જીવનમાં ઈમાનદારી અને મહેનત વડે કામ કરતા સૌ કોઈને શક્ય એટલી તમામ મદદ કરનારા માણસથી મોટો આધ્યાત્મિક યોગી બીજો કોઈ નથી. અધ્યાત્મને વ્યવહારમાં ઉતારનાર વ્યક્તિ જ આદરને પાત્ર હોય છે. બહુ ઓછા લોકો અધ્યાત્મને

વ્યવહારમાં ઉતારી શકે છે. એક સામાન્ય વ્યક્તિ પોતાના પ્રયાસો વડે આધ્યાત્મિક બની શકે છે. ભજન ગાવાં કે કર્મકાંડ કરવાં એ જ આધ્યાત્મિકતા નથી – સૌજન્ય:મેટ્રો

## ઈશ્વર સાથેનો સંબંધ સમજો

જ્યારે પરમગુરુ માધવ ગોસ્વામી મહારાજ ચૈતન્ય મહાપ્રભુની વાણીના પ્રચાર-પ્રસારમાં રત હતા ત્યારે એક વાર તેઓ પંજાબ રાજ્યના જાલંધર શહેરમાં પ્રચાર માટે ગયા. તેઓ પ્રતિદિન સવારે એક મંદિરમાં ભાગવતશાસ્ત્રના માધ્યમથી પ્રવચન આપતા હતા. અહીં દરરોજ એક વૃદ્ધ મહિલા પણ તેમનાં પ્રવચન સાંભળવા આવતી હતી. એક દિવસ તેણે ગોસ્વામીજીને કહ્યું કે તે પચાસ વર્ષથી સીતારામ મંદિરમાં આવે છે, એક દિવસ પણ પાડ્યો નથી. પ્રતિદિન ઠાકોરજીનાં આરતી-દર્શન, મંદિર-પરિક્રમા અને હરિનામ કીર્તન કરું છું. કોઈ ભક્તજન જો ગીતા, ભાગવત અને રામાયણ વગેરેનો પાઠ કરતા હોય તો તેનું પણ શ્રવણ કરે છે. આટલું વિવરણ આપ્યા બાદ વૃદ્ધાએ કહ્યું કે પચાસ વર્ષમાં હું ઘરડી થઈ ગઈ છું. પણ સીતારામજી સાથે લેશમાત્ર પ્રેમ થયો નથી. ઊલટાનું મારાં પુત્ર-પુત્રી અને પૌત્ર-દોહિત્રીઓમાં મારી આસક્તિ વધી ગઈ છે. આનું કારણ શું? જો ભગવાન સાથે પ્રેમ ન થયો હોય તો આ તમામ સાધનોનું ફળ શું મળે? સવાલ સાંભળીને ગોસ્વામીજીએ માતાજીને પૂછ્યું કે શું તમે ક્યારેય સીતા-રામજીના સ્વરૂપ, પોતાના સ્વરૂપ, જગતના સ્વરૂપ અને તેની સાથે પોતાના સંબંધ વિશે જાણવાની જિજ્ઞાસા વ્યક્ત કરી છે? કે પછી દરરોજ ગાડરિયા પ્રવાહનો એક ભાગ બનીને મંદિરમાં આવો છો? આ વિષયોની જિજ્ઞાસા કરવાની ક્યારેય જરૂર અનુભવી છે ખરી? ગોસ્વામીજીએ વ્યાખ્યા કરતાં જણાવ્યું કે જ્યાં સુધી સંબંધનું જ્ઞાન ન હોય ત્યાં સુધી ભગવાન સાથે પ્રીત ન થઈ શકે. સંબંધ જ્ઞાન દ્વારા જ પ્રીતિ થાય છે. સામાન્ય રીતે આપણો પરિચય પુછાય ત્યારે આપણે પોતાનો સાંસારિક પરિચય આપીએ છીએ-જેમ કે આ મારા પિતા છે, આ મારી માતા છે, હું આનો પુત્ર, પતિ કે પત્ની છું. ગોસ્વામીજીના કહેવા પ્રમાણે આ જ સાંસારિક સંબંધોનું જ્ઞાન લઈને આપણે મંદિરમાં આવીએ છીએ. અહીં આપણે ઠાકોરજીનાં દર્શન કરીએ છીએ અને હરિકથા સાંભળીએ છીએ, પરંતુ ઠાકોરજી સાથેના આપણા સંબંધની આપણને ખબર જ હોતી નથી. આપણને માત્ર આપણા સાંસારિક સંબંધોની જ ખબર છે, તેથી જ મંદિર આવ્યા બાદ પણ આપણને ઠાકોરજીમાં આસક્તિ થતી નથી. ઊલટાની સંસારમાં આસક્તિ વધે છે. આપણે સાંસારિક સંબંધોને કારણે જ ઠાકોરજી પાસે આવીએ છીએ-કોઈ સુંદર પત્ની મેળવવા આવે છે, કોઈ પુત્રની સફળતા માટે અને કોઈ મા-બાપના લાંબા આયુષ્ય માટે આવે છે. મંદિરમાં આપણે આ સૌ લોકો માટે અનુષ્ઠાન કરીએ છીએ, જેને તમે ધર્મ કહી શકો, પણ ભક્તિ ન કહી શકો.

http://suratiundhiyu.wordpress.com/

આપણે મઠ કે મંદિરમાં પણ સાંસારિક સ્વાર્થની સિદ્ધિ માટે જ આવીએ છીએ, ભગવાન માટે નહીં. જ્યારે તમે સમજશો કે તમે ભગવાનના છો અને ભગવાન સાથે જ આપણો સંબંધ છે, ભગવદ્પ્રાપ્તિ સૌથી મોટી આવશ્યક્તા છે ત્યારે તમે સ્વાભાવિક રીતે ભગવાન માટે કાર્ય કરશો. આ પ્રકારની અવસ્થામાં જ ભગવાન સાથે પ્રીત થઈ શકશે. ઈશ્વર સાથેના સંબંધ જાણવા પ્રત્યે ધ્યાન આપો. સૌજન્ય:મેટ્રો

.com/

## ખુશી માટે સકારાત્મક વિચારધારા જરૂરી છે

અત્યારે તહેવારોની મોસમ ચાલે છે. દરેક તરફ ઉત્સાહનો માહોલ છે. તહેવારોની ઝલક ઘરથી લઈને બજારમાં જોવા મળી રહી છે, પરંતુ ઘણા લોકોના ચહેરા તહેવારોમાં ઉદાસ જ હોય છે. આવું કેમ? સતત વધી રહેલી મોંઘવારી અને બેકારીની સ્થિતિમાં લોકોના ચહેરાનું નૂર છીનવાયું છે. શું કરે? ગજવામાં પૈસા હોય તો તહેવાર માણે ને? નોકરી જો મળે તો લાંબો સમય ટકે નહીં! અને જો ટકે તો છટણીની તલવાર તો માથે લટકતી જ હોય. બીજી બાજુ ઘરનો ખર્ચ વધતો જ જાય છે. લોકો બિચારા કરે તો પણ કરે શું? આ સ્થિતિ દેશના લગભગ તમામ યુવાનોની છે. નોકરીની શોધમાં ભટકતા લોકોની તો હાલત પૂછવી જ નહીં! અને નોકરી કરનારાઓ પણ મુશ્કેલીથી દિવસો કાઢી રહ્યા છે. કિસ્મતને દોષ દેવાથી મુશ્કેલીનો અંત નહીં આવે. રોજી-રોટી અને ઘર-પરિવાર ચલાવવા માટે મહેનત કરવી પડે ત્યાં કિસ્મત કનેક્શન ન ચાલે. જે ચીજ આપના વશમાં નથી તેમાં ભેજું ફોડવાથી કંઈ વળવાનું નથી. તમે વ્યવહારિક રીતે જે કામ કરી શકતા હો એમાં મહેનત કરો. આ મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે તમારે રસ્તો શોધવો પડશે. હાથ પર હાથ મૂકીને કિસ્મતને દોષ આપનારા લોકોની પ્રગતિ ખૂબ ધીમી હોય છે. વખતસર જાગી જઈને મહેનત શરૂ કરવામાં જ ભલાઈ છે. આપણે પોતાની આંતરિક ઊર્જાને પ્રજ્જ્વલિત કરવાની આવશ્યક્તા છે. આનાથી તમારી અંદર રહેલો આત્મવિશ્વાસ જાગશે અને વિપરીત પરિસ્થિતિનો સામનો કરવાનું આત્મબળ પેદા થશે. આપ હતાશ કે નિરાશ થશો નહીં. આ શુભ સમયગાળા અને ઉત્સવી માહોલમાં તમે પોતાની સકારાત્મક વિચારધારા દ્વારા પોતાની સાથે સમગ્ર પરિવારનો માહોલ ખુશીમય બનાવી શકો છો. આ માટે તમારે ધ્યાનમગ્ન થઈને પોતાની ક્ષમતા અંગે વિચાર કરવો પડશે. આ વખતે નિષ્ફળતાનો વિચાર શુદ્ધાં કરવો નહીં. માત્ર અને માત્ર પોતાના સામર્થ્ય વિશે જ વિચારો. એકાગ્ર થઈને વિચાર કરો કે તમારામાં સૌથી શ્રેષ્ઠ કલા કઈ છે? પહેલા પ્રયાસમાં તમારું ધ્યાન વિચલિત થઈ જાય એ શક્ય છે, પરંતુ ધીરજ ગુમાવ્યા વિના આ અભિયાન ચાલુ જ રાખજો. આ માટે પૂજાપાઠ કરવા જ જોઈએ એ જરૂરી નથી. ધીમે ધીમે

તમને રસ્તા આપોઆપ સૂઝવા લાગશે. આપની ક્ષમતા અનુસાર આપને જેટલા પણ વિકલ્પ સૂઝે તે પૈકીના બે-ત્રણને અલગ તારવો. બેકારીના સમયને પોતાની કમજોરીઓ દૂર કરવામાં વિતાવવો જોઈએ. ધીમે ધીમે તમારા મનપસંદ વિકલ્પની દિશામાં મહેનત કરો. આ ગાળામાં જે કંઈ તક મળે તેને ઓળખવાનો પ્રયાસ કરો. ઘણીવાર કોઈ ક્ષેત્રમાં લાંબો વખત વિતાવ્યા બાદ પણ આપણને સફળતા મળતી હોતી નથી. હવેનો સમય એક જ ક્ષેત્રને ચીપકી રહેવાનો નથી. માનવીએ લકીરના ફકીર બનવાના બદલે પોતાને સમય સાથે બદલતાં રહેવું જોઈએ. તમારા વર્તમાન કામમાં ધ્યાન આપવાની સાથોસાથ નવા રસ્તા શોધો અને તેના પર અમલ કરો અને યાદ રાખો કે રસ્તા અને અવસર શોધવા માટેની પહેલ તમારે જ કરવી પડશે. સૌજન્ય:મેટ્રો

## હૃદયના દ્વાર ખોલતાં જ ઈશ્વરીય સુગંધ પ્રસરશે

દરેક વ્યક્તિને શાંતિ જોઈએ છે, પરંતુ શાંતિ છે ક્યાં? શાંતિ ઈશ્વરની સુગંધ સમાન છે. જ્યારે પરમપિતા પરમેશ્વર તમારી નજીકમાં હોય, ત્યારે તમને તેની ખુશબૂ અનુભવવા મળે છે. જ્યારે તમે એનો અનુભવ કરો ત્યારે તમારું હૃદય નાચી ઊઠે છે અને એ વખતે જીવન સંપૂર્ણ લાગે છે. શાંતિ એ મધુર સંગીત છે કે જેને આપણું મન વારંવાર સાંભળવા ઇચ્છે છે. અમુક લોકો ધર્મની સમસ્યાઓ વિશે વાત કરતા જોવા મળે છે. વાસ્તવમાં ઈશ્વર ક્યારેય સમસ્યા હોતો જ નથી, ઈશ્વરીય પરિભાષા જ સમસ્યા હોય છે. જો તમે જીવનમાં શાંતિ મેળવવા માગતા હો તો એ કોઈ સંયોગ નથી. જીવનમાં પૂર્ણતા એ કોઈ સંયોગ નથી. શાંતિ એ કોઈ સામાન્ય ઘટના હોતી નથી. અમુક લોકો તો વળી એમ પૂછે છે કે શાંતિ કેવી રીતે શક્ય છે? સાચી વાત તો એ છે કે માણસ પાસે શાંતિ મેળવ્યા સિવાય કોઈ વિકલ્પ જ નથી. શાંતિ એ કોઈ કાલ્પનિક વસ્તુ નથી, તે એક વાસ્તવિક્તા છે. જીવનમાં શાંતિ સંભવ છે. ભવિષ્યમાં લાંબા સમય સુધી  તમારા જીવનમાં શાંતિ રહી શકે છે. પરંતુ શાંતિ એટલે શું? સંતોષ એટલે શું? અહીં જે શાંતિની વાત થઈ રહી છે એ શાંતિ આપણા હૃદયની અંદર જ છુપાયેલી છે. આપણે જે વિચારીએ છીએ એ જીવનની વાસ્તવિક્તા હોતી નથી.  જીવન એ શું છે? જીવન એ પરમાત્માએ આપેલી એક અણમોલ ભેટ છે. પરમાત્મા એક એવી શક્તિ છે કે જેનું વર્ણન કરવું ખુબ મુશ્કેલ છે. ઈશ્વર અવર્ણનીય છે. શું તમે પોતાના શ્વાસમાં જીવનદાતાની સુગંધનો અનુભવ કર્યો છે? શું તમે તેનો અનુભવ કરવા માગો છો? શું શ્વાસમાં છુપાયેલી શાંતિનો અનુભવ કરવાથી તમને કોઈ ફરક પડશે? તમારું હૃદય આનંદિત થાય તો તમને ફરક પડશે ખરો? શું બાળસહજ નિર્દોષતા સાથે આ સંસારને જોવાથી કોઈ ફરક પડશે? પ્રશ્નો જ નહીં, પણ જવાબને સમજવાથી કોઈ ફરક પડશે? અત્યાર સુધી તમે

http://suratiundhiyu.wordpress.c

માત્ર સવાલો જ સમજ્યા છે. તમારી પાસે એ સવાલોના ઉત્તર નથી. તમને પ્રશ્નો સમજવાનું ગૌરવ છે, પણ તેના જવાબો તમારી પાસે છે? શું તમે પોતાના જીવનમાં શાંતિનો અનુભવ કર્યો છે? બુદ્ધિ વડે નહીં હૃદયપૂર્વક શાંતિ માણી છે? જીવન એ પરિભાષાઓની વ્યાખ્યા નથી કે કોઈ ઉખાણું નથી. જે દિવસે તમે જીવનની અત્યંત મધુર વાસ્તવિક્તાઓનો સ્વીકાર કરવાનું શરૂ કરો એ દિવસથી તમને શાંતિનું મહત્વ સમજાવા લાગશે. તમારી અંદર એક ભવ્ય શાંતિ છે. તમારે શાંતિ પ્રાપ્ત કરવા ધર્મ, પરિવાર કે નોકરી છોડવાની જરૂર નથી. એ શાંતિ તો તમારી અંદર પહેલેથી છે જ. હૃદયનાં દ્વાર ખોલો અને જુઓ. જો સાચા હૃદય સાથે શોધવામાં આવે તો તમને એ ભવ્ય ઈશ્વરીય સુગંધ જરૂર માણવા મળશે. આપણે ઘરમાં સુગંધ પ્રસરાવવા ધૂપ-બત્તી પ્રકટાવીએ છીએ, પરંતુ આપણા શરીરરૂપી ઘરમાં પહેલેથી જ દિવ્ય સુગંધ વાસ કરી રહી છે, તેને પહેલા ઓળખો. સૌજન્ય:મેટ્રો

## સુખ માટે સ્નેહ-સન્માન અને સ્વતંત્રતા જરૂરી

આજે સંયુક્ત પરિવાર વિખેરાઈ રહ્યા છે. એકલ પરિવાર પણ તણાવમાં છે. બદલાતા માહોલમાં પારિવારિક સૌહાર્દનો ગ્રાફ સતત નીચે ઊતરી રહ્યો છે. આનાથી પરિવારના મૂળ આધાર એવા સ્નેહમાં પણ તિરાડ પડી જાય છે. આ સમસ્યા આદિકાળથી ચાલી આવે છે, પરંતુ તે હજુ સુધી અકબંધ છે, કારણ કે અધિકાંશ પરિવારોએ આ સમસ્યાના અતિસરળ ઉપાયો પર ક્યારેય વિચાર જ નથી કર્યો. સ્નેહ-સન્માન અને સ્વતંત્રતાનું સૂત્ર જ સમાધાનનો મૂળમંત્ર છે. આ ત્રણેયનો પારસ્પરિક સંબંધ સમજીને જો આપણે તેને આચરણમાં ઉતારી શકીએ તો ઘર સાચા અર્થમાં 'સ્વર્ગ' બની જશે. દુનિયાભરનાં ધન અને સંપત્તિ એ લાગણી નહીં આપી શકે કે જે સ્નેહ અને સન્માનનો મધુર ભાવ આપે છે. સાસુ-વહુના સંબંધમાં જ નહીં, પણ પિતા-પુત્ર અને મા-દીકરી, નણંદ-ભોજાઈ, ભાઈ-ભાઈ વગેરે જેવા સંબંધમાં પણ આ વાત એકસરખી જ લાગુ થાય છે. આપ સામેની વ્યક્તિને સ્નેહ અને સન્માન આપશો તો તમને બદલામાં એ જ મળશે. પારિવારિક સુખ અને શાંતિ રૂઢિચુસ્તતા કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે. પહેલાંથી ચાલી આવતી રીત પર ચાલવાથી જે છે એ પણ જો ચાલ્યું જાય તો એ રીત-નિયમનો મતલબ જ શું? એક જૂની કહેવત છે કે 'જેવું વાવો તેવું લણો'. સાડી અને માથે લાજ કાઢવાનો નિયમ, પતિ સહિત ઘરના તમામ સદસ્ય પૂર્વે ભોજન ન કરવાની જડતા, સાસુ-સસરા સાથે હસીને ન બોલવાનો નિયમ, નણંદ અને દિયરનાં નાનાં બાળકોને પણ 'તમે' કહેવાની ઔપચારિકતા, પતિના નિર્ણયોમાં કશું ન બોલવાની ચુસ્તતા વડે આજના યુગમાં કોઈ વ્યક્તિ કે પરિવાર મહાન ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકે નહીં. આયુર્વેદમાં નીરોગી કાયા માટે જેવી રીતે વાત, પિત્ત અને કફનું

http://sutanudhiyu.wordpress.com/

સંતુલન જરૂરી ગણાવવામાં આવ્યું છે એવી જ રીતે પારિવારિક સુખ અને શાંતિ માટે સ્નેહ-સન્માન અને સ્વતંત્રતાનું સંતુલન જરૂરી છે. 'જેવું વાવો એવું લણો' કહેવતના આધારે કહી શકાય કે તમે બીજા પાસેથી જે વર્તનની અપેક્ષા રાખો એવું વર્તન તમારે પણ કરવું જોઈએ ત્યારે જ તમે 'સુખ' માણી શકશો. સુખદ પારિવારિક જીવન માટે સંસ્કાર અને સહિષ્ણુતા જરૂરી છે. ગૃહસ્થ સમાજમાં સુખી ગૃહસ્થ જીવન વિતાવવા માટે સહિષ્ણુતાની બહુ જરૂર હોય છે, જે હવે ઘટતી જાય છે. હવે એવું લાગે છે કે આપણામાં સહનશક્તિ નામની કોઈ ચીજ જ નથી. બધા લોકોમાં સહિષ્ણુતા ઘટી ગઈ છે. હવે વ્યક્તિ પોતાના ભાઈ, પુત્ર, પિતાને કે એક પાડોશી બીજા પાડોશીને સહન જ નથી કરી શકતા. માણસની ઓળખ તેના સંસ્કાર વડે થાય છે. સંસ્કાર આપણા જીવનની શક્તિ છે. માણસે સહિષ્ણુ બનતાં પૂર્વે સંસ્કારવાન બનવાની ખૂબ જરૂર છે. સૌજન્ય:મેટ્રો

## ઈશ્વર પ્રત્યેનું આકર્ષણ જ પ્રેમ છે

એક કથા છે કે રામ-લક્ષ્મણ હોડીમાં બેસી ગંગા નદી પાર કરી રહ્યા હતા. તેઓ હોડીમાંથી ઊતર્યા ત્યારે નાવિકે જોયું કે ભગવાન રામના ચરણસ્પર્શથી હોડી સોનાની થઈ ગઈ છે. આ જોઈને નાવિક પોતાના ઘરે દોડી ગયો અને તેણે તેની પત્નીને કહ્યું કે જો તો ગજબ થઈ ગયો. ભગવાન રામચંદ્રના ચરણસ્પર્શથી હોડી સોનાની થઈ ગઈ ત્યારે નાવિકની પત્નીએ શું કર્યું? ઘરમાં જેટલો પણ લાકડાનો સામાન હતો તે વેલણ, આડણી અને પાટલી-આ તમામ વસ્તુઓ લઈને તે રામચંદ્ર પાસે દોડી ગઈ અને રામચંદ્રના ચરણમાં તે જે પણ વસ્તુ અડકાડતી તે સોનાની થઈ જતી હતી. તમે જાણો છો કે લાકડાના સામાન કરતાં સોનું ખૂબ ભારે હોય છે. તે લાવતા સમયે તો ખૂબ સરળતાથી સામાન લઈ આવી હતી, પરંતુ આ સામાન પરત લઈ જવામાં તેને પીઠમાં દર્દ થવા લાગ્યું. હવે તે સામાન કેવી રીતે લઈ જાય? નાવિકે કહ્યું કે અરે! તું તો ખૂબ મૂર્ખ છે. જે રામચંદ્રના ચરણસ્પર્શથી લાકડું સોનું બને છે તે ચરણને તું પોતાના ઘરમાં કેમ નથી રાખી લેતી? તારી જેટલી ઈચ્છા હોય તેટલું સોનું બનાવી લે, મૂર્ખતા ના કર. ભક્ત ક્યારેય પણ આ પ્રકારની મૂર્ખતા નથી કરતો. ભક્ત જાણે છે કે ઈશ્વર તેમની જે પણ ઈચ્છા હોય તે આપી શકે છે. ભગવાનને તમારી અંદર રાખો, તેમને કોઈના ઘરે શોધવા જવાની જરૂર નથી. તમે જે ઈચ્છશો તે મેળવી શકશો. તેને પોતાના અંતઃકરણમાં જ શોધો. જે પારસમણિને પરમ ધન માનવામાં આવે છે તેનાથી જે જોઈએ તે મેળવી શકાય છે, પરંતુ આવા તો કેટલાય મણિ ''ચિંતામણિ''ના ઘરની સામે પડેલા છે. જેની પાસે તમામ વસ્તુ છે તેની પાસે અન્ય વસ્તુ શું કામ માગવી જોઈએ? શું માગવું જોઈએ ભગવાન પાસે? ભક્ત કહે છે કે હે ઈશ્વર, હું તમને ચાહું છું,

http://suratiundhiyu.wordpress.com/

પરંતુ ઈશ્વર શું કહે છે ભક્તને? તે ઈચ્છે છે કે તું પોતાનું મન મને આપી દે. બાકીની વસ્તુઓ તારી પાસે જ  રાખ. આ તો એમ જ થયું કે ઘરની તમામ વસ્તુ તમારી રહી, પરંતુ તાળું અને ચાવી મારાં એટલે કે જ્યારે ભગવાન કહે છે કે તું પોતાનું મન મને આપી દે, બાકી બધું તારું રહેશે. જ્યારે તમે ભગવાનને તમારું મન જ આપી દીધું તો પછી બાકી શું રહ્યું? પ્રેમ શું છે? જ્યાં કોઈ નાના લાભ પ્રત્યે આકર્ષણ નથી, આકર્ષણ માત્ર અનંત સત્તાનું છે, તે જ આકર્ષણનું આધ્યાત્મિક નામ પ્રેમ છે. ભક્તિ અને પ્રેમ એક જ વસ્તુ છે. જેની પાસે ભક્તિ છે તેના હૃદયમાં પ્રેમ છે. જેની પાસે પ્રેમ છે તેની પાસે ભક્તિ છે. બંને એક જ વસ્તુ છે, બંનેમાં કોઈ અંતર નથી. પ્રેમ છે ઈશ્વર પ્રત્યેનું આકર્ષણ. જ્યાં સુધી આ પ્રેમભાવ જગતમાં રહે છે ત્યાં સુધી મનુષ્ય તેને સમજી શકે છે. જ્યારે મનુષ્ય ઈશ્વરને પોતાનું મન નથી આપી શકતો ત્યારે ઈશ્વર તેના તરફથી મુખ ફેરવી લે છે, પરંતુ ફકત મોઢું ફેરવીને ઈશ્વર નથી રહી શકતા, કેમ કે જીવ તેમને અત્યંત પ્રિય છે. માત્ર મંદિરમાં જઈને ઈશ્વરની મૂર્તિ સામે હાથ જોડીને નમન કરવાથી તમને જે જોઈએ તે મળતું નથી, પરંતુ ઈશ્વર પ્રત્યે સમર્પણની ભાવના અને શ્રદ્ધા રાખવાથી જ આપણને ઈશ્વરપ્રાપ્તિ થાય છે. સૌજન્ય:મેટ્રો

## ભગવાન બુદ્ધ

એક ગામમાં ભગવાન બુદ્ધનો નિવાસ હતો. કર્મકાંડ માટે બીજે ગામ જતી વખતે બ્રાહ્મણે પત્નીને કહ્યું: 'જો એ શ્રમણ આપણે ઘેર ભિક્ષા માટે આવી ચડે તો કશુંય આપતી નહીં.' એ જમાનામાં કોઇ પત્નીની મગદૂર છે કે પતિની આવી કડક સૂચનાનો અનાદર કરે? બીજે દિવસે સવારે તથાગત ભિક્ષા માટે આંગણામાં આવીને ઊભા ત્યારે બ્રાહ્મણની પત્નીએ વિનય અને વિનમ્રતાપૂર્વક કહ્યું: 'ભગવન્! આજ હમારે ઘર મેં આપકો દેને કે લિયે કુછ નહીં હૈ. ક્ષમા કરે.' ત્રણ દિવસ સુધી બુદ્ધ ભિક્ષા માટે ઘરે આવ્યા અને પત્નીનો વિવેકપૂર્ણ જવાબ સાંભળીને ચાલી ગયા. ચોથે દિવસે બુદ્ધ આવ્યા ત્યારે બ્રાહ્મણ પતિ ઘરમાં હતો. એણે ઓટલે આવીને તથાગત પર ગુસ્સો ઠાલવ્યો અને કહ્યું: 'મેરી પત્ની બાર બાર ના કહતી રહી ફિર ભી આપ યહાં ક્યું રોજ ચલે આતે હૈ?' ભગવાન બુદ્ધે પ્રસન્ન ચિત્તે બ્રાહ્મણને કહ્યું: 'જિસ વિનમ્રતાસે, જિસ માધુર્યસે ઔર જિસ આભિજાત્યસે તેરી પત્ની મુઝે ના કહતી થી ઉસ ના સુનને કે લિએ મૈં આતા થા.' આપણી પરંપરાનો અત્યંત મધુર શબ્દ 'તથાગત' (તથ+આ+ગત) છે. જે આ પ્રમાણે આવે અને આ પ્રમાણે ચાલી જાય તે 'તથાગત' ગણાય. **One who comes and goes thus**. ભગવાન બુદ્ધ પૂર્વાશ્રમમાં રાજકુમાર સિદ્ધાર્થ હતા. જેના જીવનનો અર્થ સિદ્ધ થયો તે 'સિદ્ધાર્થ'. આપણે માટે પણ એમ બને તે અશક્ય નથી.

http://suratiundhiyu.wordpress.com/

## શ્રાદ્ધમાં શા માટે કાગડાઓને કરાવવામાં આવે છે ભોજન?

શ્રાદ્ધ પક્ષ પિતૃઓને પ્રસન્ન કરવાનો એક ઉત્સવ છે.
આ એક એવો અવસર છે જ્યારે આપણે ખીર-પૂરી વગેરે પકવાન બનાવી તેનો ભોગ આપણા પિતૃઓને અર્પિત કરીએ છીએ. જેથી પિતૃઓ તૃપ્ત થઇને આર્શિવાદ આપે છે. શ્રાદ્ધ પક્ષ સાથે જોડાયેલી પરંપરાઓ પણ આપણા સમાજમાં પ્રચલિત છે. એવી જ એક પરંપરા છે જેમાં કાગડાને આમંત્રિત કરી તેમને શ્રાદ્ધનું ભોજન કરાવવામાં આવે છે.

તેનું એક કારણ એ છે કે હિન્દુ પુરાણોમાં કાગડાને દેવપુત્ર માનવામાં આવે છે. એવી માન્યતા છે કે ઇન્દ્રના પુત્ર જયંતે જ સૌથી પહેલા કાગડાનું રૂપ ધારણ કર્યું હતું. આ કથા ત્રેતા યુગની છે જ્યારે ભગવાન શ્રીરામે અવતાર લીધો અને જયંતે કાગડો બની માતા સીતાને ઘાયલ કર્યા હતાં. ત્યારે ભગવાન શ્રીરામે ઘાસના તણખલાથી બ્રહ્માસ્ત્ર ચલાવી જયંતની એક આંખ ફોડી નાંખી હતી. જ્યારે કાગડાના રૂપમાં આવેલા જયંતે માફી માંગી તો રામે વરદાન આપ્યું કે તને અર્પિત કરેલું ભોજન પિતૃઓને મળશે. ત્યારથી શ્રાદ્ધમાં કાગડાઓને ભોજન કરાવવાની પરંપરા ચાલી આવી રહી છે. આ જ કારણ છે કે શ્રાદ્ધ પક્ષમાં કાગડાઓને જ પહેલા ભોજન કરાવવામાં આવે છે.

## પ્રાર્થના જિંદગી સામેના જંગ માટે માણસને તૈયાર કરે છે

**માણસે જ્યારથી પંચતત્ત્વની શક્તિને જાણી ત્યારથી પ્રાર્થનાનો જન્મ થયો અને ત્યારથી પ્રાર્થના માનવજાતની સફરની એક સાથી બની ગઈ છે. પ્રાર્થનાના ચાહકોએ તેને જેમ યોગી કંઠમાં માળા ધારણ કરે તેવી રીતે અપનાવી લીધી. માણસે ક્યારેક પ્રકૃતિના કોપથી બચવા હાથ જોડ્યા તો ક્યારેક આગ, હવા કે પાણીના તાંડવ સામે. સમય સાથે માણસની આસ્થા વધતી ગઈ. આ શક્તિ કોણ છે, કેવી છે, ક્યાં છે? નિરાકાર છે કે સાકાર, તે કોઈ નથી જાણતું. બસ, લોકોને આસ્થા છે એટલે પ્રાર્થના કરે છે. વિજ્ઞાન પણ પ્રાર્થનાની શક્તિને કબૂલ કરી ચૂક્યું છે. પ્રયોગોમાં એ સાબિત થયું છે કે પ્રાર્થના વડે એક નવી સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે. જ્યારે કોઈ પ્રાર્થના માટે હાથ જોડે અથવા ઉઠાવે કે પછી મંદિર, મસ્જિદ ગુરુદ્વારા કે ચર્ચમાં શીશ નમાવે ત્યારે તે દુઃખથી છુટકારો મેળવવાની કામના કરે છે. એક રીતે માણસ સ્વયંને ભીતરથી સંજોગોનો સામનો કરવા માટે તૈયાર કરે છે. પ્રાર્થનાથી માણસમાં એક વિશ્વાસ પેદા થવા લાગે છે. તેને લાગે છે કે હવે જિંદગીમાંથી મુસીબતો ઓછી થઈ જશે અને સારો સમય શરૂ થઈ જશે. આવું વિચારતાં તેને પોતાની ભીતર નવી આધ્યાત્મિક શક્તિનો**

http://suratiundhiyu.wordpress.com/

અહેસાસ થાય છે.  આ સકારાત્મક ભાવના માણસમાં સમય અને સંજોગો સામે લડવાની નવી શક્તિનું સર્જન કરે છે.  પ્રાર્થનાથી માણસમાં જે પરિવર્તન આવે છે તેને જિંદગી સામેના જંગ માટે તૈયાર કરે છે.  એક ઉક્તિ છે કે જો કોઈ હોડી તોફાની સમુદ્રમાં સપડાઈ હોય તો તેને મલ્લાહ જ બહાર કાઢી શકે. આવી જ રીતે આપણી જિંદગીની હાલત તોફાનમાં ફસાયેલી એક નાવ જેવી છે, જેના મલ્લાહ જ આપણે પોતે જ છીએ. પ્રાર્થના આપણને તોફાન સામે લડવાની શક્તિ આપે છે. પ્રાર્થનાની પદ્ધતિ દરેક ધર્મ અને સંપ્રદાયમાં અલગ અલગ છે, પરંતુ તેનો હેતુ એક જ છે-સારું થવાની કામના. પ્રાર્થના પોતાના માટે જ નહીં, બીજાને માટે પણ હોય છે.  પ્રાર્થના સાર્વભૌમિક છે. સંપૂર્ણ સૃષ્ટિ માટે છે.  જાપાનની સુનામી હાલત બાદ દેશ અને દુનિયામાં અસંખ્ય પ્રાર્થનાસભા યોજાઈ ચૂકી છે. ઘણી વાર મદદ આપવા માટે પણ પ્રાર્થનાનો સહારો લેવામાં આવે છે. આખરે માણસની પણ એક સીમા હોય છે એવા સમયે પ્રાર્થના જ કામ આવે છે. દુનિયામાં એવા અસંખ્ય લોકો થઈ ગયા કે જેને માનવજાતિ ભગવાન માને છે. જે લોકોએ પોતાનું જીવન માનવતાની સેવા અને પ્રભુની પ્રાર્થનામાં લગાવ્યું તેમની દુઆ જરૂર કબૂલ થાય છે. પ્રાર્થનાના માધ્યમથી જો કોઈને મદદ કરવી હોય તો તેના માટે પ્રામાણિક ઈરાદો હોવો જરૂરી છે. જ્યારે માણસ એવા સંજોગો વચ્ચે ફસાઈ જાય કે જ્યાં કોઈ માનવીની મદદ કામ નથી લાગતી ત્યારે પ્રાર્થના જ કામ આવે છે. ઘણીવાર ડોકટરો પણ એમ કહે છે કે દવા સાથે દુઆની પણ જરૂર છે. સૌજન્ય:મેટ્રો

## સંન્યાસી બનવા નિષ્કામ મન જરૂરી

બે બૌદ્ધ ભિક્ષુ પર્વત પર આવેલા પોતાના મઠે જઈ રહ્યા હતા. રસ્તમાં એક ઊંડું નાળું આવતું હતું. નાળાના કિનારે એક યુવતી બેઠી હતી, જે નાળું પાર કરીને મઠની પેલી બાજુ આવેલ પોતાના ગામે જવા માગતી હતી, પરંતુ ભારે વરસાદના કારણે નાળામાં પૂર આવી ગયું હતું અને યુવતી ધસમસતા પાણીમાં ચાલીને નાળું પાર કરતા ગભરાતી હતી. બન્ને ભિક્ષુ પૈકીનો એક યુવાન હતો. તેણે યુવતીને પોતાના ખભે બેસાડી અને નાળું પાર કરીને તેને ઉતારી દીધી. યુવતી પોતાના ગામ તરફ ચાલી ગઈ અને ભિક્ષુઓ પોતાના મઠ તરફ ચાલ્યા. યુવતીને ખભે બેસાડનાર યુવાન ભિક્ષુની સાથેનો અન્ય ભિક્ષુ આ બધું જોઈ રહ્યો હતો. તેણે પોતાના સાથીને કહ્યું કે  આપણા સંપ્રદાયમાં તો સ્ત્રીને જોવાની પણ મનાઈ છે. પણ તમે તો એ યુવાન સ્ત્રીને ખભે બેસાડીને નાળું પાર કરાવ્યું. આ ખૂબ શરમની વાત છે. આ સાંભળીને યુવાન ભિક્ષુ બોલ્યો, "મેં તો એ સ્ત્રીને નાળું પાર કરીને ઉતારી દીધી હતી, પણ લાગે છે કે તમે આ વાતનો બોજ હજુ સુધી ઊંચકી રાખ્યો છે. કોઈની સેવા કે સહાયતાનો ત્યાગ કરવો એ

http://suratiundhiyu.wordpress.com/

સંન્યાસનો અર્થ નથી. સંન્યાસ એટલે મનમાંથી વાસના અને વિકારોનો ત્યાગ કરવો.'' આ દૃષ્ટિએ એ યુવતીને ખભે બેસાડીને નાળું પાર કરાવનાર ભિક્ષુ જ સાચો સંન્યાસી છે. બીજા ભિક્ષુનું મન તો વિકારોથી ભરેલું હતું. આપણે પોતાના મનમાં રહેલા વિકારો અને વાસના પર નિયંત્રણ મેળવી લઈએ તો આપણે ગૃહસ્થ હોવા છતાં પણ સંન્યાસી બની શકીએ. સંસારમાં રહેતો કોઈ પણ મનુષ્ય ઇચ્છે તો સંન્યાસીનું જીવન જીવી શકે છે. તેના માટે મન નિર્મળ અને કપટરહિત હોવું જોઈએ. રાગ-દ્વેષ, ધૃણા આદિ નકારાત્મક ભાવ તો ઘરને પણ નરક બનાવી મૂકે છે, તો મનને કેવી રીતે નિર્મળ રહેવા દેશે? આપણા અનેક મહાન સાધુ-સંત ગૃહસ્થ જ હતા. સંત કવિ તિરુવલ્લુવર અને કબીર, રવિદાસ, નામદેવ, નિસર્ગદત્ત મહારાજ ગૃહસ્થ જ હતા અને અર્થોપાર્જન માટે વણાટકામ, દરજીકામ, મોચીકામ, પરચૂરણની દુકાન જેવી પ્રવૃત્તિ પણ કરતા હતા. સાંસારિક મુશ્કેલીઓથી ગભરાઈને પલાયન કરનાર માણસ ભલે પોતાના બાહ્ય શરીર પર ભગવા ધારણ કરી લે અથવા મઠમાં રહેવા લાગે, પણ સહજતા-સરળતા અને મનની નિર્મળતા વિના તે સંત કે આધ્યાત્મિક બની શકે નહીં. કર્મ પણ એક સાધના છે અને કર્મયોગનો સાધક નિષ્કામ કર્મ દ્વારા આધ્યાત્મને અનુસરે છે. વ્યવસાયમાં ઈમાનદારી અને સેવામાં કર્તવ્યનિષ્ઠા એક પ્રકારની આધ્યાત્મિકતા જ છે. કોઈ પણ પ્રકારનું વૈચારિક બંધન આધ્યાત્મિકતાની પ્રાપ્તિમાં બાધારૂપ હોય છે. મનુષ્યના મનોભાવ જ તેનું સૌથી મોટું બંધન હોય છે. બાકી ઘર-પરિવાર અને સંસાર બંધનકર્તા હોતા જ નથી. સંસારમાં રહીને તમે દુર્ભાવનાનો ત્યાગ કરી જ શકો છો અને જે દુર્ભાવનાનો ત્યાગ કરી શકે તે જ સાચા અર્થમાં સંન્યાસી કહેવાય છે.
સૌજન્ય:મેટ્રો

## માણસ પોતાની અંદર એકલો રહી શકતો નથી

નવલકથાકાર જહોન સ્ટાઈનબેકે એક જગ્યાએ કહ્યું છે કે, છેવટે માણસ પાસે અંતકાળે આવીને ઊભો રહેતો સવાલ એક જ હોય છે- બીજાઓનું કંઈ ભલું કર્યું કે ન કર્યું, પણ આપણા પોતાના માનેલા માણસોને પણ આપણે પૂરેપૂરા ચાહ્યા છે ખરા? આ પણ ચોટદાર સવાલ છે. આપણે બીજા કોઈનું ઝાઝું ભલું કરી શકીએ કે ન કરી શકીએ, બીજા કોઈનું કશું કલ્યાણ કરવાની ત્રેવડ આપણામાં ન હોય એવું પણ બને, પણ આપણે ચાહી જરૂર શકીએ છીએ! કોઈ પણ માણસ પોતાની પાસે શું શું નથી તેની લાંબી યાદી બનાવી શકે છે, પણ કોઈ માણસ એવું તો કહી જ નહીં શકે કે મારે હૃદય જ નથી અને મારામાં કોઈને ચાહવાની શક્તિ નથી! માણસ બીજા કોઈને નહીં તો છેવટે પોતાના આપ્તજનો તથા મિત્રોને ચાહી શકે છે, પણ મોટા ભાગે તેઓ પોતાની આ 'લાગણી' સામી વ્યક્તિને પહોંચાડી શકતા નથી! ચાહવું એટલું જ બસ નથી, જેને ચાહો તેને તમારા સ્નેહની પ્રતીતિ પણ થવી જોઈએ! આ જ મહત્ત્વનું અને અઘરું કામ છે. માણસ ચાહ્યા વગર તો રહી શકતો નથી. છેવટે બીજા કોઈને નહીં તો

http://suratiundhiyu.wordpress.com/

પોતાના કૂતરાને પણ ચાહવો પડે છે! મહાન જર્મન ફિલસૂફ શોપનહોર સગી માતાને ધિક્કારતો હતો, પણ તેના કૂતરાને જરૂર ચાહતો હતો! એણે પોતાના કૂતરાનું નામ 'આત્મા' રાખ્યું હતું! શોપનહોર મહાવિદ્વાન હતો, પણ એણે કદી પોતાનું દિલ ખોલ્યું જ નહીં હોય તેમ લાગે છે. કેમ કે તેણે જિંદગીમાં કદી કોઈ નારીને ચાહી હોય એવું દેખાતું નથી- તેનાં લખાણોમાં નારી વિશેના બધા જ ઉલ્લેખો નિંદાના જ છે. ક્યાંક બુદ્ધિનો અસાધારણ વિકાસ જોવા મળે અને હૃદયનો મુદ્દલ વિકાસ જ ન થયો હોય તેવું પણ જરૂર જોવા મળે છે! પણ સામાન્ય બુદ્ધિના સરેરાશ માણસની વાત કરીએ ત્યારે તો આવો દરેક માણસ વધુ કંઈ નહીં તો પોતાના કુટુંબને, નિકટનાં સગાંવહાલાંને અને કોઈ ને કોઈ મિત્રોને ચાહતો હોય છે, પણ પોતે તેમને ચાહે છે તે હકીકતની ખાતરી પેલી વ્યક્તિઓને ન થાય તો સારું, એવી કાંઈક મનોવૃત્તિ ધરાવતો હોય છે. એક પિતા તેના પુત્રને ખૂબ ચાહતા હતા, પણ બહારથી કઠોર વહેવાર કરતા હતા. તેમને પ્રશ્ન પૂછ્યો કે આમ કેમ? દીકરાને ચાહો છો, 'તો' તેની કબૂલાત કેમ કરી શકતા નથી! પિતાએ જવાબ આપ્યો કે, 'દીકરાને ચાહું છું- તે વિના તો રહી જ ન શકું, પણ જો દીકરાને ખબર પડી જાય કે, હું તેને કેટલો બધો ચાહું છું તો તે મારી નબળાઈ જાણી જાય! તેને ખબર પડી જાય કે હું કેટલો લાચાર છું!' આ રીતે ઘણા બધા માણસો વિચારે છે- તેમનો ખ્યાલ એવો છે કે આપણી લાગણી એ આપણી નબળાઈ છે-સામી વ્યક્તિને તેની ખબર પડી જાય તો તે આપણને દબાવે- કોઈ ને કોઈ વાર આપણી ઈચ્છા વિરુદ્ધ પોતાનું ધાર્યું કરાવી જાય! એક પિતા તરીકે, એક પતિ તરીકે, એક પુત્ર તરીકે, એક મિત્ર તરીકે 'નબળા' નહીં દેખાવા માટે જ કેટલાક પોતાની લાગણીને 'ગુપ્ત' રાખે છે, પણ તેમને ખબર નથી હોતી કે આમ કરવાથી એક સુંદર સંબંધમાં પરસ્પર વહેવારનો માર્ગ જ રૂંધાયેલો રહે છે અને એક ગાઢ સ્નેહસંબંધની જે ગુંજાશ હોય છે તે પૂરેપૂરી બેમાંથી એકપણ વ્યક્તિ પામી શકતી નથી. જેમ ઊંડાં મૂળ વિના ગમે તેવું મોટું કે નાનું વૃક્ષ ટકી શકતું નથી, નાના કે મોટા ઝંઝાવાતમાં સલામત રહી શકતું નથી તેમ માણસ પણ સંબંધોનાં ઊંડાં મૂળ વિના ટકી શકતો નથી. પછી તે ભલે પોતાના સામર્થ્યની કિંમત ગમે તેટલી આંકતો હોય. કેટલાક માણસો એવું માને છે કે, બધા સંબંધો રૂપિયાના જ હોય છે- સ્વાર્થના જ છે, પણ આવું માનનારા કેટલાક માણસોને બહુ જ કડવા અનુભવ થતા હોય છે. એમની પાસે રૂપિયા હોય અને છતાં ચકલું પણ એમની નજીક ન ફરકે, શરૂશરૂમાં એ એવું માને છે કે હું સંપૂર્ણ સલામત છું, કારણકે હું મારા રૂપિયાની ચોકી કરતો એકલો બેઠો છું અને મારે કોઈનું શું કામ છે? મારી પાસે બધું જ છે- અન્ન, વસ્ત્ર, ઘર, સલામતી, આર્થિક નિશ્ચિંતતા- પછી શું જોઈએ? પછી તેને થાય છે કે માણસ વગર માણસ જીવી શકતો નથી. જંગલમાં એકલું તો ઝાડ પણ ન હજો! સલામતીના નામે માણસ ભલે ગમે તેવો કિલ્લો રચે, તે પોતાની અંદર એકલો રહી શકતો નથી- તે સંવાદ વિના જીવી શકતો નથી. માણસને માણસના અવાજ વિના ચાલતું નથી. એક દાક્તરે તાજેતરમાં એક કિસ્સામાં એવું નિદાન કર્યું હતું કે, 'આ જુવાન શહેર-માનવવસતીથી દૂર એકાંતમાં તદ્દન એકલો અને સોબત વગર રહ્યો હોવાથી તે આવો મૂંગો અને ઉદાસ બની ગયો છે. તે હજુ વધુ વખત આવા

http://suratiundhiyu.wordpress.com/

**એકાંતમાં રહ્યો હોત તો કદાચ માનસિક સમતુલા પણ ગુમાવી બેઠો હોત!' રશિયન વાર્તાકાર એન્ટન ચેખોવની એક વાર્તામાં એક એકાકી માણસ તેના ઘોડાની પાસે પોતાનું દુખ ગાય છે. માણસને દુખ તો કોઈને કહેવું જ પડે છે અને સુખની વાત પણ તે કોઈને કહ્યા વિના રહી શકતો નથી! મેં મારી એક આંગળી ઉપર સાચા હીરાની વીંટી પહેરી હોય, પણ તેની વાત મારે કોઈના ધ્યાન ઉપર મૂકવી જ પડે છે. મોંએથી ન બોલું તો છેવટે મારે તેને બતાવવી તો પડે જ છે! મારા સિવાય જો કોઈ તેની નોંધ લેનાર જ ન હોય તો મને માત્ર હીરાની વીંટી મારી પાસે હોવાનો આનંદ પણ અધૂરો જ લાગે છે!** સૌજન્ય:મેટ્રો

## ઈશ્વરનું અસ્તીત્વ માનવતામાં છે.

અત્યાર સુધીનાં મારાં ગુજરાતી લખાણો કરતાં કાંઈક જુદા પ્રકારનું જ લખાણ લખવાની મને ઘણા સમયથી અંતરના ઉંડાણમાં તમન્ના હતી. તેને ન્યાય આપવા અને એક સામાજીક પ્રદુષણનો નાશ કરવા મારે આજે આંતરમનોવેદના, આસ્થા, શ્રદ્ધા અને ઈશ્વર અંગેનો મારો પોતાનો સ્વતંત્ર સ્પષ્ટ અભીપ્રાય પ્રસ્તુત કરવો છે. જોરાવરનગરના ભાઈશ્રી. જમનાદાસ કોટેચાએ તે માટે મને ઈજન અને તક આપ્યાં છે તેને વધાવી લઈ મારી વાત કરું છું. જીવનની સત્ય અનુભવેલી સ્થીતી-પરીસ્થીતીનું મારું આ તારણ છે.

ભગવાન, પરમેશ્વર, ઈશ્વર અંગે માનવસમાજના બે ભાગ આદીકાળથી જ પડેલા છે. એમાં ત્રીજો એક વીભાગ છેલ્લા ૫૦૦ વરસથી ઉમેરાયો છે. તે છે 'ઈશ્વર છે અને નથી...' ઈશ્વર નથી; છતાં છે પર પરમ્પરાગત માન્યતાઓને સ્વીકારી જીવનારો ત્રીજો વર્ગ. 'ધોબીનો કુતરો ન ઘરનો; ન ઘાટનો' એવી દશામાં તેઓ જીવે છે; છતાં દમ્ભ અન્તરને સુખ લેવા દેતો નથી એટલે આસ્તીક અને નાસ્તીક એ બન્ને પ્રકારના લોકોને અવગણે છે, તીરસ્કારે છે, સતત અસન્તોષની આગમાં બળતા રહે છે.

તો મારે એ બાબત કાંઈક અલગ જ કહેવું છે. મેં ગુજરાતી, હીન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષામાં ઘણા ઉત્તમ ગ્રંથો વાંચ્યા છે. વેદોનો તલસ્પર્શી અભ્યાસ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. વીશ્વના ૧૨ મોટા સમ્પ્રદાયો કહેવાય છે તેના દરેક પવીત્ર ગ્રંથનો અભ્યાસ - અનુવાદ કરાવીને પણ - કર્યો છે. ક્યાંય ઈશ્વર કોઈને પ્રત્યક્ષ મળ્યો હોય તેવો એક પણ દાખલો નથી, પુરાવો નથી. હા, જીવ ઈશ્વરનો અંશ છે, જીવમાત્ર સમાન ગુણધર્મ ધરાવે છે, તે વૈજ્ઞાનીક સીદ્ધાન્તો દ્વારા

http://suratiundhiyu.wordpress.com/

જીવશાસ્ત્રીઓએ સાબીત કર્યું છે. માનવ કે અન્ય જીવની ઉત્પત્તી એ શરીરવીજ્ઞાનની એક ક્રીયાનું જ પરીણામ છે. તેમાં ઈશ્વર કાંઈ કરતો જ નથી. છતાં આપણે ઈશ્વરના ફોટા, મુર્તી, છબીઓ, ધુપ-દીપ, માળા, પુજા, મંદીર, આરતી વગેરે ઈશ્વર વીશે માત્ર ને માત્ર કલ્પનાથી લખાયેલી વાર્તાઓ કે ધર્મગ્રંથોની પુરાણી દૃષ્ટાન્ત કથાઓને આધારે જ કર્યા કરીએ છીએ. આપણે આગળની વાત પછી કરીએ. પૃથ્વીની રચના થયા પછી માનવની ઉત્પત્તીનો ઈતીહાસ આજે સૌ જાણે છે. શેવાળથી માંડી આજ સુધીના માનવપ્રગતીના ઈતીહાસમાં ઈશ્વરે કોઈ કામ કર્યું હોય અથવા કોઈપણ માનવને કે જીવને તે રુબરુ મળ્યા હોય તેવું બન્યું નથી, બનવાનું પણ નથી; છતાં જે અન્ધશ્રદ્ધાપુર્ણ માન્યતાઓ જ છે તેને સત્ય માની, આપણે જીવનનો ઘણો કીમતી સમય કર્મકાંડ, દોરા-ધાગા, પુજા-જાપ, મંત્ર-તંત્ર, ભુત-ભુવા, ગ્રહોની પીડા વગેરેમાં વેડફી રહ્યા છીએ. આ બધું ખોટું છે, સત્યથી વેગળું છે. જેને તમે ભગવાન, ઈશ્વર કે પરમેશ્વર માનો છો તે તત્ત્વ નીર્મળ સત્ય છે. આ નીરંજન-નીરાકાર પરમ તત્ત્વ સાથે આજની આપણી ઘોર અન્ધશ્રદ્ધા-ગેરસમજોને કોઈ નાતો નથી અને આપણે કાળા દોરડાને અન્ધારામાં સાપ માની ડરીને, અજ્ઞાનતાથી કાંઈ પણ વીચાર કર્યા વગર, આંખો મીંચી ઈશ્વરને નામે થતાં પાખંડો, ભ્રષ્ટાચારો, વ્યભીચારોને પોષણ આપીએ છીએ એ ભયંકર પાપ છે. આ આપણું સામાજીક પ્રદુષણ છે જે કેન્સર ટી.બી. કે અસાધ્ય રોગ બની માનવજાતને ભયંકર નુકસાન કરી રહ્યું છે.

અનુભવ અને અભ્યાસને આધારે મારી સ્પષ્ટ માન્યતા છે કે જ્યોતીષ, ગ્રહો, દોરા, જાપ અને કર્મકાંડી વીધીવીધાનથી સુખ, સન્તોષ, સમ્પત્તી, સન્તાન મળે છે તે હળાહળ ખોટું છે. માત્ર ભ્રમ ઉભો કરી કહેવાતા 'પાખંડી લોકોને પેટ ભરવાનો જાહેર ધંધો' છે જે ખુલ્લેઆમ લુંટ સીવાય બીજું કશું નથી. મારા પીતા અમને વારસામાં જે આપી ગયા છે તેને અણમોલ શીખામણ કહો કે ઈશ્વર વીશેની સત્ય વ્યાખ્યા કહો, તે પ્રમાણે આજે ૭૫ વરસે હું નીડરપણે મારો સત્ય અભીપ્રાય જાહેરમાં આપવા સક્ષમ છું. કારણ બહુ જ સ્પષ્ટ છે, મને ધર્મગ્રંથો, સાહીત્યની ઉત્તમ કૃતીઓ, મહાન ગણાતા સન્તો-મહન્તો, આચાર્યો, પંડીતોની વાણી તેમ જ ૭૫ વરસની લાંબી જીવનયાત્રામાં ઈશ્વરનો સાક્ષાત્કાર, પ્રત્યક્ષ અનુભવ કરેલ હોય એવું કોઈ જ મળ્યું નથી. તેમ જ અગાઉ કોઈને મળ્યા હોય તેવો એક પણ દાખલો જગતભરમાં નથી તે સાબીત કરવાની મારી તૈયારી છે.

હવે વાંચો મારી વાત :

http://sunilshah.wordpress.com/

છેલ્લી સાત પેઢીથી અમારા પરીવારનો કર્મકાંડનો તદ્દન બનાવટનો, લોકોને લુંટવાનો, લોકોને જાહેરમાં મુર્ખ બનાવી રોટલો રળવાનો ધંધો રહ્યો. એ કરનાર અમારા વડીલોએ જે મરતાં મરતાં અમને કહ્યું છે તે આપને કહેવા માંગુ છું. તેમણે કહ્યું, "અમે ઓછું ભણેલા બ્રાહ્મણના દીકરા એટલે બીજી કોઈ મહેનત - મજુરી કરી ન શકવાને કારણે કથા, વાર્તા, જ્યોતીષ, યજ્ઞ, દોરા-ધાગા, સરવણી વગેરે વીધી કરવાના થોડાક ચાલુ મંત્રો પુસ્તકોમાંથી ગોખીને શીખી લીધા. પછી ગાડું ચાલ્યું. નાણાં, માન, વસ્ત્રો અને સારાં મકાન પણ અમે આ કર્મકાંડના ગોરખધંધા વડે પ્રાપ્ત કરી જીવ્યા છીએ.

"પણ આપણી પુત્રીઓ, પુત્રો, વહુઓ, બાળકો આ અનીતીભરી આવકને કારણે સુખી થયાં નથી. રોગ, ગાંડપણ કુસંસ્કારના ભોગ બન્યાં છે. અમારા વડવાઓ પણ છેલ્લે દુ:ખી થઈને મર્યા છે. કારણ કે માનવજાતને અમે માનવ થઈને છેતરી છે. દગો દીધો છે. માનવમાત્ર ઈશ્વરનો અંશ છે. દરેક જીવમાં ઈશ્વરનું અસ્તીત્વ અનુભવી શકાય છે. જો વેદના - સમ્વેદના કે હૃદયમાં થતી લાગણીનો અનુભવ થાય તો એ જ ઈશ્વર છે એમ માની કરુણા, સ્નેહ, પ્રેમ, હુંફ આપી માનવમાં રહેલા ઈશ્વરને રાજી કરજો. એ સીવાય મફતનું ખાવું, મફતનું લેવું, બ્રાહ્મણ છીએ માટે મફત ભોજન, દાન-દક્ષીણા લેવાનો હક્ક કાયમ માટે ત્યાગીને નાત-જાત છોડીને સમગ્ર માનવ પ્રત્યે સમજણપુર્વક સમાન વાણી અને વહેવાર રાખી વર્તન કરજો એ ઈશ્વરની ખરી પુજા છે."

છેલ્લે મરણની છેલ્લી પળે મારા સ્વ. પીતાજીએ મારા માતુશ્રીને હાથમાં પાણી લેવડાવી પ્રતીજ્ઞા કરાવી હતી કે,

"આપણાં સન્તાનોને આ કર્મકાંડનો ધન્ધો નહીં કરાવીશ. ભીક્ષાવૃત્તીનો ત્યાગ કરાવીશ. મફતનું ભોજન, અન્ન, વસ્તુ- સીધુંસામાન-દાનદક્ષીણા કદાપી લેવા દઈશ નહીં. પેટ ન ભરાય તો ફોડી નાખજો."

મારા સ્વ. માતુશ્રી ૨૬ વરસની ઉમ્મરે વીધવા થયાં. અમે ચાર સન્તાનો અને પોતે એમ પાંચનું ભરણપોષણ, ખડ વાઢીને, જીવનભર અજાચક બની જીવવાના ઉત્તમ સંસ્કારો અમને આપ્યા. આજ સુધીમાં મન્ત્ર, તન્ત્ર, જન્માક્ષર, સમય-વાર, ચોઘડીયાં કે ગ્રહો કોઈ ક્યાંય અમને

http://suratiundhiyu.wordpress.com/

નડ્યાં નથી. દરેક સન્તાન ૧૮ વર્ષની ઉમ્મરે કામે લાગી જાય. અને આપ સૌને નવાઈ લાગશે કે ૮૧ વરસની ઉમ્મરે મારાં પુજ્ય માતુશ્રી સ્વર્ગવાસી થયાં ત્યારે શીક્ષણ, સંસ્કાર, સમ્પત્તી અને સાચી સમજણ સાથે અમને જીવતા જોઈને પરમ સન્તોષ સાથે આશીર્વાદ આપીને ગયાં.
તેઓએ એ જ કહ્યું કે,

‘આપણી અજાચકવ્રતની વારસાગત મુડી સાચવજો. માનવમન્દીરમાં રહેલ ઈશ્વરને વન્દન કરી નમ્રતા, સરળતા અને સહજ જીવન જીવજો…’

આ સત્ય હકીકત મેં એટલા માટે રજુ કરી છે કે સમાજમાં અત્યારે વ્યાપી રહેલી અન્ધશ્રદ્ધા, ભુત, ભારાડી, ધર્મને નામે ચાલતાં આશ્રમો, મંદીરો કે જેનો માત્ર નાણાં કમાવા સીવાય કોઈ હેતુ નથી તેમાં પડવું નહીં. કદાચ તેને પડકાર કરવા કે તે ખોટું છે તેમ કહેવાની હીમ્મત, છાતી, તાકાત ન હોય તો ભલે; પણ તેનાથી દુર તો રહેવાય ને ? મારે પણ આસ્તીક, નાસ્તીક કે વચ્ચેના કોઈ માનવસમાજની પ્રવૃત્તીઓ-ધન્ધા, સાચા, ખોટામાં પડવું નથી; પણ આ બધાથી દુર રહીને ખુબ સારી રીતે જીવાય છે તેવો મારો પોતાનો જાતઅનુભવ છે. હું શીક્ષણનો માણસ છું. માણસ બનીને જ માનવ તૈયાર કરવાનનું કામ મેં અને મારાં પત્નીએ ૩૫ વરસ કર્યું છે. ગામડાંમાં, શહેરમાં, ગલી, પોળમાં કે દુનીયાના અન્ય દેશોમાં ક્યાંય અમે માનવતા ચુકતાં નથી. અન્ધશ્રદ્ધા કે દમ્ભી દેવદર્શન કરી દાન-દક્ષીણા લેતા તો નથી જ; પણ ક્યારેય એક પણ પૈસો મન્દીરમાં, સન્તને કે તેના આશ્રમને આપતા નથી. મન્દીર, હવેલી કે અન્ય ધર્મસ્થળોની આજુબાજુ જે ગરીબ, ભુખ્યાં લોકો ટળવળતા હોય તેની તપાસ કરી, તેમને ઘરે બોલાવીએ છીએ. તેમનાં ઝુંપડાંઓમાં જઈને કપડાં, અનાજ, રુપીયા, પુસ્તકો, બાળકોને ભણવાની ફી આપીએ છીએ. અમારાં પેન્શનની રકમ દર મહીને ૨૦ થી ૨૫ હજાર આવે છે. કોઈ પણ જાતની પ્રસીદ્ધી કર્યા વીના છેલ્લાં ૧૦ વરસથી વડોદરા શહેરમાં રહીને આવી મદદ આપ્યા જ કરીએ છીએ. અમે બન્ને પ્રાથમીક શાળાના નીવૃત્ત શીક્ષક-દમ્પતી છીએ. ઈશ્વરનું અસ્તીત્વ અમે માનવમાં જોયું છે. અને માનવસેવા એ જ ઈશ્વરસેવા છે તેમ દૃઢપણે માનીએ છીએ. બાકી બધો દમ્ભ છે, ધતીંગ છે, ખોટું છે, છેતરવાના ગોરખધંધા છે. લોકોની લાચારી, ગરીબી, નીરક્ષરતા, બેકારીનો લાભ લેતી આવી વ્યક્તીઓ, સંસ્થાઓ કે આશ્રમોને ખુલ્લાં પાડી સત્ય સમજાય તેવું સામાજીક પરીવર્તન કોઈએ તો કરવું જ પડશે.

http://suratiumdhiyu.wordpress.com/

છેલ્લે એટલું કહું કે કાદવના ખાડાને તમે પુરી શકો તેમ ન હો; તો પણ તેનાથી દુર તો રહી શકાય છે ને ?

શીક્ષીત વ્યક્તી આટલું સમજી પોતાના પુરતો નીર્ણય કરી જીવે તો પણ ઘણું બધું કામ થાય...'

લેખક ડૉ. પ્રતાપ પંડ્યા, વડોદરા

## બીજાનું સુખ જોઈને  ક્યારેય દુઃખી ના થવું

**મહાવીરે કહ્યું છે કે તમે જે પોતાના માટે ઈચ્છતા હો તેવું જ બીજા માટે પણ ઈચ્છો અને જે તમે પોતાના માટે ના ઈચ્છતા હો તે બીજા માટે પણ ના ઈચ્છશો. આ જ જૈન શાસન છે. સામાન્ય રીતે તમે જે પોતાના માટે ઈચ્છતા હો તે બીજા માટે ઈચ્છતા નથી, કેમ કે પોતાના માટે કોઈ વસ્તુની ઈચ્છા કરવાનો કોઈ અર્થ જ રહેતો નથી. આપણે પોતાના જેવો મહેલ બીજું કોઈ ન બનાવી શકે એવું અજાણતાં જ ઈચ્છતા હોઈએ છીએ. આપણે એવું વિચારીએ છીએ કે જો દરેકનો મહેલ આપણા મહેલની જેવો જ બની જાય તો આપણી મહેલની સિદ્ધિ શા કામની? જો તમે કોઈ સુંદર સ્ત્રી કે પુરુષને ચાહતા હો તો તમે મનોમન કદાચ એવું ઈચ્છશો કે આવો સુંદર સાથી બીજા કોઈને ન મળવો જોઈએ. જો બીજા કોઈને આવો સાથી મળે તો આપણે મનોમન ડંખ અનુભવીએ છીએ. "સંસારમાં જે સર્વાધિક સુંદર હોય તે મને અને માત્ર મને જ મળવું જોઈએ" એવો આપણા પૈકીના ઘણાંનો મત હોય છે. સ્ત્રીની સુંદરતામાં પણ આપણે પોતાના અહંકારનું ઝેર ભરી દઈએ છીએ.  માણસ પોતાના જેવું બીજા માટે ક્યારેય ઈચ્છતો નથી. પોતાના માટે સુખ અને બીજા માટે દુઃખ. અત્યારે જીવનનો અર્થ માત્ર ને માત્ર હરીફાઈ, સ્પર્ધા, મહત્ત્વાકાંક્ષા, ગાંડપણ, ચીલઝડપ અને ગળાકાપ સંઘર્ષ પૂરતો જ સીમિત થઈ ગયો છે. હવે બીજાના દુઃખમાં આપણે પોતાનું સુખ જોતા થઈ ગયા છીએ. આપણી પ્રસન્નતા બીજા કોઈના ઉદાસ ચહેરા પર આધારિત હોય છે. આપણું ધન બીજાની નિર્ધનતામાં ધરબાયેલું પડ્યું હોય છે. તમે ભલે ગમે તેટલો ચહેરો ઉદાસ રાખો, પણ બીજો જ્યારે દુઃખી થાય ત્યારે તમે  ભીતરમાં ઊંડે ઊંડે હરખાતા હો છો. તમારી સહાનુભૂતિમાં પણ સુખ છલકાય છે.  તમે ક્યારેય સહાનુભૂતિ વ્યક્ત કરતી વખતે પોતાનો ચહેરો જોયો છે? કોઈનું દેવાળું નીકળે ત્યારે તમે દુઃખ વ્યક્ત કરવા જાઓ છો. જ્યારે કોઈને લોટરી લાગે ત્યારે તમે સુખ પ્રગટ કરવા ગયા છો ખરા? બીજાનું જ્યારે સારું થાય ત્યારે આપણને મનમાં રહેલી ઈર્ષા જકડી રાખે છે. તમે કદાચ એવું પણ કહી બેસો છો કે, "એ માણસ તો બેઈમાન છે, દગાબાજ છે." તમે પરમાત્માને ફરિયાદ પણ કરો છો કે, "તારા સંસારમાં આ શું થઈ રહ્યું છે?**

સંસારમાં પાપી અને વ્યભિચારી સૌથી વધુ સુખી છે અને મારા જેવો પુણ્યાત્મા દુઃખ ભોગવે છે." પુણ્યાત્મા એટલે આપણે? બીજાના સુખમાં આપણે બેઈમાની, છળકપટ અને કપટ શોધતા ફરીએ છીએ. મહાવીર એટલા માટે જ કહી ગયા છે કે જે તમે પોતાના માટે ના ઈચ્છતા હો તે બીજા માટે પણ ના ઈચ્છશો. લોકો પોતાના માટે સ્વર્ગ અને બીજા માટે નરક જ ઈચ્છતા હોય છે. પ્રતિસ્પર્ધા અને મહત્ત્વાકાંક્ષા વિનાનું જીવન ખૂબ સુખી હોય છે. સૌજન્ય:મેટ્રો

## 'સ્વ'ને બદલવા દૃઢ સંકલ્પ જરૂરી

એક પરેશાન યુવકે એક મહાત્માને પૂછ્યું કે, "જીવનનું રહસ્ય શું છે?" મહાત્માએ કહ્યું કે, "બાજુમાં એક ધર્મશાળા છે. ત્યાં એક ચોકીદાર કામ કરે છે તેની પાસે જઈને રહે અને ત્યાંથી જ તને જીવનનું રહસ્ય પ્રાપ્ત થઈ શકશે." યુવક તેની પાસે જઈ દિવસો સુધી રહીને તેની દિનચર્યા જોતો રહ્યો. પણ તેને કંઈ સમજાયું નહીં. પછી એક દિવસે તેણે ચોકીદારને સીધે સીધું પૂછી જ લીધું કે, "તમે આખો દિવસ શું કરો છો? ચોકીદારે કહ્યું કે વિશેષ કંઈ નહીં પણ રાત્રે વાસણ સાફ કરીને સૂઈ જાઉં છું અને રાત્રે વાસણ પર જામેલી ધૂળને સવારે સાફ કરું છું." ચોકીદારની વાત સાંભળીને યુવક પાછો મહાત્મા પાસે આવીને બોલ્યો કે, "તમે તો કહેતા હતા કે તેની પાસેથી જીવનનું રહસ્ય જાણવા મળશે. મને તો એવું કંઈ ન દેખાયું." મહાત્માએ હસતાં હસતાં કહ્યું કે, "તને જોવા મળ્યું જ હતું, પરંતુ તું સમજી શક્યો નહીં. એ ચોકીદાર રાતે વાસણ સાફ કરીને સૂઈ જાય છે અને સવારે વાસણ પર જામેલી ધૂળ ફરી સાફ કરે છે. આ જ સમજવા જેવી વાત છે. રાત્રે મનને વાસણની જેમ સાફ કરો અને મનમાં જો કોઈ વિકાર આવે તો સવારે ફરી સાફ કરો. પોતાના જ્ઞાનરૂપી પાણી વડે વિચારોને સદાય સાફ કરતા રહો. સંકલ્પ લો અને તેને કાર્યાન્વિત કરો. જ્યારે સંકલ્પ કરવાની અને તેને અમલમાં મૂકવાની રીત સમજાઈ જશે ત્યારે જીવનની દરેક મૂંઝવણનો ઉકેલ મળી જશે." વાસ્તવમાં મનુષ્યમાં શક્તિની કમી હોતી નથી. સંકલ્પની કમી હોય છે. જૈન સાધનામાં એક મહત્ત્વપૂર્ણ ધારણા એવી છે કે સંકલ્પ દ્વારા ભાગ્યને બદલી શકાય છે. કદાચ વર્તમાન સમય માટેનું આ સૌથી મહત્ત્વનું સૂત્ર છે. જો તમે સંકલ્પ કરી લો તો પોતાની જન્મકુંડળી, હાથની રેખાઓને પણ બદલી શકો છો. સંકલ્પ વડે આ જ્યોતિષીની વાણીને ખોટી સાબિત કરી શકો છો. મનુસ્મૃતિમાં કહેવાયું છે કે સંકલ્પ ઈચ્છાનું મૂળ છે. યજ્ઞ સંકલ્પોથી જ થાય છે. તમામ વ્રત, ધર્મ વગેરે સંકલ્પ વડે જ થાય છે. એક ડચ દાર્શનિક થઈ ગયો. જેનું નામ સ્પિનોજા હતું. તેણે મનુષ્યની તુલા રેશમના કીડા સાથે કરી હતી. એનું કહેવું હતું કે રેશમનો કીડો જેમ પોતાની ચોતરફ પોતાનું ઘર બનાવે છે અને પોતે તેની વચમાં બેસી રહે છે. એ જ પ્રકારે પ્રત્યેક માણસ પોતાની

http://suratundhiyu.wordpress.com/

આસપાસ વિચારો, ભાવનાઓ, માન્યતાઓ, કલ્પનાઓ તથા વિશ્વાસનું એક અદૃશ્ય વાતાવરણ રચે છે. તે આ વાતાવરણને યથાવત રાખવાની કોશિશ કરે છે, પણ પોતે તેનો અનુભવ કરતો નથી. આપણે પોતાના સામર્થ્ય અનુસાર સંકલ્પ કરવો જોઈએ. સંકલ્પ સાથે પવિત્ર લક્ષ્ય જોડાયેલું હોવું જોઈએ. સંકલ્પ કરો તો તેને સાકાર કરવાની પણ તૈયારી રાખવી જોઈએ. અતૃપ્ત આકાંક્ષાને સંતુલિત કરવા તથા સ્વયંમાં બદલાવ માટે સંકલ્પની સાધના કરવી જરૂરી છે. સંકલ્પ જેટલો મજબૂત સફળતા એટલી વધુ. સૌજન્ય:મેટ્રો

## પ્રાર્થના ઈચ્છાની પૂર્તિ માટે ના હોવી જોઈએ

ઈશ્વરને જે પ્રાર્થના કરવામાં આવે છે તેના બે પ્રકાર હોય છે. પ્રાર્થનાના પહેલા પ્રકારમાં લોકો પ્રભુ પાસે કંઈક ને કંઈક માગતા હોય છે અને બીજા પ્રકારમાં લોકો પોતાનાં ખરાબ કર્મોનાં પરિણામથી બચવા માટે આરાધના કરે છે. એક સ્ત્રી કોઈ ધર્મસ્થળે પહોંચી. તેણે જોયું કે લોકો જાતજાતના પૂજાપાઠ અને કર્મકાંડ કરી રહ્યા છે. તેણે લોકોની પ્રાર્થના સાંભળીને કહ્યું કે ઓ ભાઈ, તમે લોકો કોઈ ને કોઈ પ્રયોજનથી પરમાત્માને પ્રાર્થના કરી રહ્યા છો તે નરકથી બચવા માટે અથવા સ્વર્ગ મેળવવા માટે કરી રહ્યા છો! ત્યારે લોકોએ પૂછ્યું કે પ્રાર્થનાનો બીજો શો હેતુ હોઈ શકે? આ સાંભળીને સ્ત્રી બોલી કે મારા માટે પ્રાર્થના એ પરમાત્માના અસ્તિત્વમાં પ્રવેશ કરવા માટેનું અને પરમાત્મા સાથે ઐક્ય સ્થાપિત કરવાનું સાધન છે. યંત્રવત્ કરાતી પ્રાર્થનાઓથી પરમાત્માનો રાજીપો પ્રાપ્ત કરી શકાય નહીં. એક બહુ મોટા સૂફી સંતે પોતાની પ્રાર્થનામાં કહ્યું હતું કે હે પ્રભુ, આપ મને જે સાંસારિક પદાર્થ અને સુખ આપવા માગો છો તે આપની નિંદા કરનારા લોકોને આપી દો. આપ મને સ્વર્ગમાં જે વરદાન આપવાના છો તે આપને પ્રેમ કરનારા લોકોને આપી દો. હે પ્રભુ, મારા માટે તો એકલા આપ જ પૂરતા છો. પ્રભુની આરાધના સાંસારિક પદાર્થો કે સ્વર્ગની ઈચ્છા કે કામના સાથે ના કરવી જોઈએ. પ્રભુના દિવ્ય રૂપનાં દર્શન અને મેળાપ કરવાની એકમાત્ર કામના આપોઆપ સુખના દરવાજા ખોલી નાખે છે. દુનિયાની દૃષ્ટિએ જોઈએ તો જેમ આપણને કોઈની સાથે પ્રેમ થઈ જાય છે તેમ પ્રભુને પ્રેમ કરો. જેમ આપણને પ્રિયજનને મળીને ઊંડો સંતોષ થાય છે તેવો સંતોષ પ્રભુ સાથેના મિલનમાંથી મેળવો. આપણને જ્યારે કોઈ પ્રિયજન વસ્તુ માગવાનું કહે ત્યારે આપણે કહીએ છીએ કે મારે કશું જ નથી જોઈતું, તું મારી સાથે છે ને તે બસ છે. આવી જ કોઈ ભાવના આપણે ઈશ્વર પ્રત્યે પણ રાખી શકીએ. જેને ઈશ્વર સાથે પ્રેમ થાય છે તે એક દિવ્ય આનંદની મસ્તીમાં ડૂબેલો રહે છે. આવા લોકો પ્રભુના આનંદદાયક પ્રેમમાં એટલા લીન થઈ જાય છે કે તેમને પ્રભુ પાસે બીજું કાંઈ માગવાની જરૂર રહેતી જ

http://suratundhiyu.wordpress.com/

નથી. આવા લોકોને નાશવંત ચીજો, નામ, યશ, સત્તા માગવા ગમતાં જ નથી. એ સૂફી સંતની ભાવના કેટલી ઊંચી હતી તે હવે સમજીએ. તેમણે પોતાના હિસ્સાના સાંસારિક પદાર્થો પરમાત્માની નિંદા કરનારા લોકોને આપવાનું એટલા માટે કહ્યું કે તે જાણતા હતા કે પ્રભુથી વિમુખ થઇ ચૂકેલા લોકો આનાથી કૃતજ્ઞતાને વશ થઇને પ્રભુ પ્રત્યે આકર્ષાશે. આ સંત ઇચ્છતા હતા કે સૌ કોઇ પરમાત્માને ઓળખે. જો કોઇ સાંસારિક પદાર્થ બીજાને આપવાથી એ લોકોમાં પ્રભુ પ્રત્યે પ્રેમ જાગતો હોય તો સંત પોતાના હિસ્સાના સાંસારિક પદાર્થનો ત્યાગ કરવા માટે તત્પર હતા. આ સંત પોતાના માટે કંઇ જ ઇચ્છતા નહોતા, તેથી જ તેઓ પોતાના હિસ્સાનાં વરદાન પણ અન્યને આપી દેવા માગતા હતા. તેમના માટે તો પ્રભુની ચાહત જ સર્વસ્વ હતી. પ્રભુને પામવા માટે આરાધના કરનારા લોકો બહુ ઓછા છે. સૌજન્ય:મેટ્રો

## ક્ષમાભાવના મનને સંતુલિત બનાવે છે

આપણે મહાવીરને તો જોયા નથી, પણ અહિંસા અને ગાંધીને તો આપણે જોઈ અને સાંભળી ચૂક્યા છીએ. ગાંધીજીએ પોતાની જાતના ઉદાહરણ દ્વારા ક્ષમાને માનભર્યો દરજ્જો અપાવ્યો હતો. જ્યારે તેઓ દક્ષિણ આફ્રિકામાં કામ કરતા હતા ત્યારે તેમણે યુદ્ધના નામે વસૂલાતો એક ટેક્સ ચૂકવવાની ના પાડી દીધી હતી, કારણ કે ગાંધીજી તેને અન્યાયપૂર્ણ માનતા હતા. ના પાડવા બદલ જનરલ સ્મટ્સે તેમને જેલમાં નાખી દીધા હતા. ગાંધીજીએ જેલમાંથી છૂટતાંની સાથે જ જનરલ સ્મટ્સને એક જોડી સેન્ડલ ભેટમાં આપ્યાં હતાં. આ સેન્ડલ ગાંધીજીએ જેલમાં જાતે બનાવ્યાં હતાં. ગાંધીજીની ક્ષમાભાવનાનું જ્વલંત ઉદાહરણ તેમના જીવનની અંતિમ ક્ષણોમાં જોવા મળી શકે છે. તેમણે પોતાની હત્યા કરનારને ક્ષમા કરવા જણાવ્યું હતું. ગાંધીજી માનતા હતા કે આંખના બદલે આંખના ન્યાયથી આખી દુનિયા આંધળી થઈ જશે. ક્રોધને ત્યાગીને પોતાના સ્વરૂપમાં સ્થિર રહેવું તે જ ક્ષમા છે. મોટાં શહેરોમાં વાહન ડાબી બાજુએ હંકારવાનો નિયમ હોય છે, લાલબત્તી પર રોકાઈ જવાનો નિયમ હોય છે. આ નિયમો આપણી આઝાદીને બાધિત કરે છે, પરંતુ આ એક પ્રકારની ક્ષમા જ છે, કેમ કે તે આપણને બીજી કેટલીક દુર્ઘટનાઓથી બચાવે છે. ક્ષમાની ભાવના આપણને માનસિક સંતુલન પ્રદાન કરે છે. જૈન સમુદાય પર્યુષણ પર્વ દરમિયાન ક્ષમા, માર્દવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, અકિંચન અને બ્રહ્મચર્ય આ દસ ધર્મે આત્મસાત્ કર્યા બાદ પર્વના સમાપન વખતે ક્ષમાપનનો કાર્યક્રમ ઊજવે છે.

http://suratilndiyu.wordpress.com/

ક્ષમા માગીને આપણે પોતાના શિરે રહેલો બોજ હળવો કરી શકીએ છીએ. કોઈને ક્ષમા આપવાથી આપણું મન નિર્મળ બને છે. સામાન્ય રીતે કોઈ અપ્રિય અથવા વણજોઈતી ઘટના પ્રત્યે ક્રોધ ન કરવો એ જ ક્ષમા છે. ઊકળતું દૂધ શીતળ પાણીના છાંટાથી શાંત થાય છે. ક્ષમા આપવાથી સંહાર અને આત્મરક્ષામાં આપણી શક્તિ વેડફાતી અટકે છે, જેનો આપણે ગરીબી અને બેરોજગારી જેવી જટિલ સમસ્યાઓના ઉકેલ માટે ઉપયોગ કરી શકીએ છીએ. ક્ષમાથી અહિંસાનો વિકાસ થાય છે. ક્ષમા જ સાચા સમાજવાદની આધારશીલા છે. ક્ષમાથી આપણને સહનશીલતાથી રહેવાની પ્રેરણા મળે છે. ક્ષમા એ કોઈ વિચાર નથી કે તેનો શાસ્ત્રમાં કોઈ ઉલ્લેખ નથી. ક્ષમા અંતરંગ અને આચરણ સંબંધિત વસ્તુ છે, તે આત્માનો સ્વાભાવિક ગુણ છે. માત્ર પાણી શબ્દ બોલવાથી કોઈની તરસ છીપતી નથી. એવી જ રીતે માત્ર હાથ જોડવાથી કે માફીના બે શબ્દ કહેવાથી ક્ષમા ધર્મનું વહન થતું નથી. આપણા વ્યવહારથી, કટુ વચનથી કે અભિમાનથી કોઈને દુઃખ કે ઠેસ પહોંચી હોય તો તેનો ઉપચાર કરવો એ પણ ક્ષમાનો એક ભાગ જ છે. સૌજન્ય:મેટ્રો

## ઈશ્વર કોઈ રાજમહેલમાં બેઠેલો મનસ્વી શાસક નથી

સંસાર જેને સ્વામી વિવેકાનંદના નામે ઓળખે છે એ નરેન્દ્રનાથ દત્ત જ્યારે એકવીસ વર્ષના યુવાન હતા ત્યારે તેમના કુટુંબ ઉપર ઓચિંતી એક મોટી આફત ઊતરી આવી. નરેન્દ્રનાથ સ્નાતક થયા હતા અને કાયદાનો અભ્યાસ કરવા માગતા હતા. તેમના પિતા વિશ્વનાથ કોલકાતા હાઈકોર્ટમાં એક સફળ એટર્ની-એટ-લૉ હતા. કુટુંબના એ એકમાત્ર કમાનારા સભ્ય હતા. એ એક દિવસ ઓચિંતા હૃદયરોગના હુમલાથી મૃત્યુ પામ્યા. નરેન્દ્રનાથનું કુટુંબ દારુણ ગરીબીના ખપ્પરમાં આવી પડ્યું. પિતા ઉદાર માણસ હતા. તેમણે ઘણાં બધાં સગાંસંબંધીઓને મદદ કરી હતી, પણ જ્યારે એમના મૃત્યુ પછી એમનું કુટુંબ ગરીબીનો સામનો કરવાની સ્થિતિમાં મુકાઈ ગયું ત્યારે તેમનાં કોઈ સગાંસંબંધી કશી જ મદદ કરવા આવ્યાં નહીં. લેણદારો રોજ તકાદો કરતા. જે મકાનમાં તેઓ રહેતા હતા તે મકાનમાંથી તેમને હાંકી કાઢવા સગાંવહાલાં તૈયાર થઈ ગયાં! હવે કુટુંબના ભરણ પોષણની બધી જ જવાબદારી નરેન્દ્રનાથના શિરે આવી પડી. સ્વામી વિવેકાનંદે પોતાની જિંદગીના આ સૌથી વિકટ સમયનું વર્ણન કર્યું છે. વિવેકાનંદે કહ્યું છેઃ 'પિતાના મૃત્યુના શોકનો સમય પૂરો થાય તે પહેલાં જ મારે તો નોકરીની શોધમાં જવું પડ્યું હતું. હું રોજ બપોરના તાપમાં એક હાથમાં અરજી લઈને એક પછી એક દફ્તર-કચેરીમાં ભટક્યા કરતો હતો. મારા એકબે નિકટના મિત્રોને મારા પ્રત્યે સહાનુભૂતિ હતી. નોકરીની શોધમાં હું નીકળતો ત્યારે કોઈ કોઈ વાર આ એકબે મિત્રો મારી સાથે આવતા, પણ દરેક જગ્યાએ મારા

http://suratumdhiyu.wordpress.com/

માટે બારણાં બંધ જ હતાં. જિંદગીની વાસ્તવિકતા સાથેનો આ મારો પ્રથમ પરિચય હતો અને મને લાગ્યું કે આ દુનિયામાં નિઃસ્વાર્થ સહાનુભૂતિ એક દુર્લભ ચીજ છે. નિર્બળ, નિર્ધન અને દુખી માણસ માટે ક્યાંય જગ્યા જ નથી. મેં જોયું કે થોડાક દહાડા પહેલાં જ જે લોકો મને મદદરૂપ થવામાં ગૌરવ અનુભવતા હતા તે હવે જાણે મારાથી મોં સંતાડતા હતા. મને મદદ કરવા માટે તેમની પાસે પૂરતાં સાધનો હતાં. આ બધું જોઈને મને કોઈ કોઈ વાર એવું લાગતું કે આ દુનિયા ઈશ્વરે નહીં, શયતાને બનાવેલી લાગે છે!' સ્વામી વિવેકાનંદને જે સવાલ જાગ્યો એ સવાલ આજે પણ લાખો જુવાનોને જાગે છે, પણ સ્વામી વિવેકાનંદ તો એક અવતારકાર્યના આત્મા હતા. એવું ભાગ્ય તો દરેકનું કે કોઈ પણ એકનું હોઈ ન શકે, પણ હરેક માણસ જેને એવું લાગે કે ઈશ્વર છે છતાં સંસારમાં આટલી પીડા અને અન્યાય કેમ? તો તેણે સ્વામી વિવેકાનંદની વાત સમજવા જેવી છે. સ્વામી વિવેકાનંદે કાલી માતા પાસે પોતાના માટે કશું માગ્યું નહીં- ત્રણ વાર દર્શન થયાં, પોતાની માતા અને ભાઈઓ માટે વધુ કંઈ નહીં તો દાળરોટીનું સુખ માગવાનું મન તેમને થયું હતું, પણ તે આવું માગી શક્યા નહીં. આટલી ક્ષુદ્ર માગણી અને તે જગતની માતા પાસે કરવાની? એક વાર તો તેમણે રામકૃષ્ણ પરમહંસને વિનંતી કરી- 'મા પાસે મારા માટે કંઈક માગોને!' રામકૃષ્ણ પરમહંસે કહ્યુંઃ 'નરેન, તું જ જાતે માગી લે ને. માને તું જાણે છે. મા તને જાણે છે.' પણ સ્વામી વિવેકાનંદે પોતાની દુખી માતા કે ભાંડુઓ માટે કંઈ માગ્યું નહીં. સ્વામી વિવેકાનંદનો સંદેશો એ છે કે નિર્બળતા છોડો અને દરેક માણસને પેટ છે તે ખરું હોવા છતાં માત્ર પેટના ગુલામ ન બનો. ઈશ્વરને માત્ર મૂર્તિમાં ન જુઓ- મૂર્તિમાં ઈશ્વર છે અને જીવતાજાગતા માણસમાં ઈશ્વર નથી? ઈશ્વર તો સર્વત્ર છે- દરેક માણસ ઈશ્વરનો જ અંશ છે અને ઈશ્વરની સાચી ભક્તિ તે માણસની સેવા છે. દુખી માણસને સાંત્વન અને સહાય આપવા તમે જ ઈશ્વરના દૂત બનો. આ આખું વિશ્વ- સમગ્ર બ્રહ્માંડ- ઈશ્વરનો જ આવિષ્કાર છે. ઈશ્વર ક્યાંય જુદો કોઈક રાજમહેલમાં સંતાઈને બેઠેલો મનસ્વી શાસક નથી. સ્વામી વિવેકાનંદ માનવીની કરુણામાં પણ ઈશ્વરની કરુણા જુએ છે અને એમાં જ ઈશ્વરનો સાક્ષાત્કાર અને ચમત્કાર બંને જુએ છે. સ્વામી વિવેકાનંદ સ્પષ્ટ કહે છે કે, 'માણસ જો માણસનું દુખ સમજે, તેને મદદ કરે તો આ પૃથ્વી પરથી ઘણાં બધાં દુખો અદૃશ્ય થઈ જાય.' આથી ઊલટું, આપણે જોઈએ છીએ કે માણસો ઈશ્વરનું નામ લઈને માણસને પીડા આપે છે, જુલમ કરે છે, રાજાનું નામ આગળ કરીને અત્યાચાર કરતા રાજાના કારભારીની જેમ. સૌજન્યઃમેટ્રો

http://suratiundhiyu.wordpress.com/

## શ્રાદ્ધકર્મમાં શ્રદ્ધાનું મહત્ત્વ સવિશેષ છે

શ્રદ્ધા એ શ્રાદ્ધકર્મનું મૂળ તત્ત્વ છે. શ્રાદ્ધના માધ્યમથી વંશજ પોતાના પૂર્વજો પ્રત્યેની કૃતજ્ઞતા દર્શાવે છે. શ્રાદ્ધ પર્વ આપણને પૂર્વજો તથા વડીલોના દિશાનિર્દેશ માનવાનો અને તેમની વાતો પર અમલ કરવાનો તથા તેમનું સન્માન કરવાનો અવસર આપે છે. દિવંગત થઈ ચૂકેલાં સ્વજનોની સાથોસાથ આપણા જીવિત વડીલોને પણ આપણે પૂરતું સન્માન આપવું અને તેમના ગુણોને જાળવી રાખવા કે જીવનમાં ઉતારવા એને જ પૂર્વજો પ્રત્યેનો શ્રદ્ધાભાવ કહેવાય. આપણી સંસ્કૃતિમાં ભૌતિક જગતની સાથોસાથ પરલોકનું ચિંતન પણ કરાયું છે. પુરાણોમાં શ્રાદ્ધ અને તર્પણ વિશેનું વિસ્તૃત વિવરણ ઉપલબ્ધ છે. બ્રહ્મપુરાણમાં કહેવાયું છે કે જે વ્યક્તિ વિધાનપૂર્વક શ્રાદ્ધ કરે તે માત્ર પોતાના પિતૃઓને જ નહીં, પણ સંપૂર્ણ બ્રહ્માંડને તૃપ્ત કરે છે. વાયુપુરાણ અને પુલત્સ્યસ્મૃતિમાં શ્રાદ્ધ શબ્દની વ્યાખ્યા આપતાં કહેવાયું છે કે અત્યંત શ્રદ્ધા સાથે થતું હોવાના કારણે જ આને શ્રાદ્ધ કહેવાય છે. મતલબ કે પિતૃઓ પ્રત્યેનો શ્રદ્ધાભાવ વ્યક્ત કરવા માટે કરાતા કર્મને શ્રાદ્ધના નામથી ઓળખવામાં આવે છે. ભારતીય સમાજમાં એવી માન્યતા છે કે મૃત્યુથી માત્ર સ્થૂળ શરીરનો નાશ થાય છે, સૂક્ષ્મ શરીર (આત્મા)નો નાશ થતો નથી. શ્રીમદ્ ભગવદ્ગીતામાં આત્માને નિત્ય, અજન્મ, અજર અને અમર માનવામાં છે. ગીતાના બીજા અધ્યાયમાં કહેવાયું છે કે  મનુષ્ય જે રીતે જૂનાં વસ્ત્રો ત્યાગીને નવાં વસ્ત્રો ધારણ કરે છે તેવી જ રીતે જીવાત્મા જૂના શરીરને ત્યાગીને નવું શરીર પ્રાપ્ત કરે છે. મૃત્યુમાં માત્ર શરીરનું અવસાન થાય છે. મરણોપરાંત જીવાત્મા પોતાના કર્મ અનુસાર જન્મ લઈને સુખ કે દુઃખ ભોગવે છે. સનાતન ધર્મમાં માનનારા  મૃત માતા-પિતા, દાદા-દાદી, પરદાદા-પરદાદી વગેરે સંબંધીઓના નિધનની તિથિના દિવસે તેમના નિમિત્તે શ્રાદ્ધ કરે છે. બદલાતા સમય સાથે હવે લોકોએ શ્રાદ્ધનો મતલબ માત્ર બ્રહ્મભોજન પૂરતો સીમિત કરી દીધો છે. શ્રાદ્ધ કર્મમાં પિંડદાન અને તર્પણની સાથોસાથ પૂર્વજો પ્રત્યેના મનમાં રહેલા શ્રદ્ધાભાવને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ઋષિ-મુનિઓએ સંવત્સરનું એક પખવાડિયું પિતૃઓના નામે સમર્પિત કરી દીધું છે, જેને આપણે પિતૃપક્ષ તરીકે ઓળખીએ છીએ. ભાદરવા માસના વદ પક્ષને પિતૃઓના શ્રાદ્ધ અને તર્પણ માટે નિશ્ચિત કરવામાં આવ્યો છે. શાસ્ત્રો અનુસાર ગૃહસ્થે પોતાના પૂર્વજની મૃત્યુતિથિના દિવસના ત્રીજા પ્રહરમાં શ્રાદ્ધ કરવું જોઈએ. ગરુડપુરાણ અને અગ્નિપુરાણમાં કહેવાયું છે કે પિતૃપક્ષમાં શ્રાદ્ધ કરનારને દીર્ઘાયુ, ધન, સંપત્તિ, સંતતિ, સમૃદ્ધિ અને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. મત્સ્યપુરાણ અને વાયુપુરાણમાં શ્રાદ્ધ કરતી વખતે બોલાતા શ્લોકનું વર્ણન છે. વિષ્ણુપુરાણ અનુસાર જો કોઈ માણસની આર્થિક સ્થિતિ શ્રાદ્ધ કરી શકાય તેવી ન હોય તો તે ગાયને ઘાસ પણ ખવડાવી શકે છે. સૌજન્યઃમેટ્રો

http://suratiundhiyu.wordpress.com/

## શ્રદ્ધા વિનાનો ધર્મ એ કન્યા વિનાના લગ્ન જેવો છે

શ્રદ્ધા વિના ધર્મ અસત્ય છે. ધર્મનો અર્થ છે કંઈક ધારણ કરવું અને ધર્મ ધારણ કરવા માટે શ્રદ્ધા હોવી આવશ્યક છે. આજના જમાનામાં શ્રદ્ધાના ભાવનો દુરુપયોગ થઈ રહ્યો છે. શ્રદ્ધા મનમાની કરવા માટેનું એક હથિયાર બની ગઈ છે. લોકો નામ શ્રદ્ધાનું લે છે અને તેની આડમાં પોતાની લાલસા સંતોષવા ઈચ્છે છે. અમુક લોકોના મત મુજબ આસ્થા, નિષ્ઠા અને શ્રદ્ધા સૌનો એક જ અર્થ નીકળે છે, પરંતુ શ્રદ્ધા એટલે શું? અસલમાં શ્રદ્ધા એટલે હૃદયની એક અનુભૂતિ. આપણી આત્મચેતનાનું હાર્દ એટલે શ્રદ્ધા. અનેક સ્થિતિઓમાં વિશ્વાસઘાત થઈ શકે છે. અમુક સ્થિતિઓમાં વિશ્વાસ નિષ્ફળ પણ જઈ શકે છે, પરંતુ શ્રદ્ધા કોઈ પણ સ્થિતિમાં નિષ્ફળ જતી નથી. તે એક પહાડની જેમ અડગ હોય છે. શ્રદ્ધામાં વિશ્વાસઘાત થવાની સંભાવના હોતી નથી. આવું કેમ? આનો ઉત્તર ભગવાન શ્રીકૃષ્ણએ ગીતાના ૧૭મા અધ્યાયમાં આપ્યો છે. તેમણે કહ્યું છે કે, 'હે અર્જુન, આ મનુષ્ય શ્રદ્ધામય છે. શ્રદ્ધા તો પોતાનું સ્વરૂપ છે. કોઈ સ્ત્રી કે પુરુષ પોતાની જાત સાથે કેવી રીતે વિશ્વાસઘાત કરી શકે? ભગવાને શ્રદ્ધાનાં ત્રણેય રૂપને વ્યક્ત કરીને કહ્યું છે કે શાસ્ત્રીય સંસ્કારોથી રહિત માત્ર સ્વભાવથી ઉત્પન્ન શ્રદ્ધા ત્રણ પ્રકારની હોય છે. રાજસી, તામસી અને સાત્ત્વિક. તામસી શ્રદ્ધા શરીરમાં ભટકનારી હોય છે. દા.ત. હું સુંદર છું, હું જ્ઞાની છુ. આ પ્રકારના મનુષ્ય જીવનમાં આનંદ માણી શકતા નથી. આવી શ્રદ્ધા થકી કરાતી પૂજા શરીર કેન્દ્રી હોય છે. રૂપ માટે, વાંકડિયા વાળ માટે કે ચમકીલી ત્વચા માટે આવી પૂજા થતી હોય છે. રાજસી શ્રદ્ધા એટલે ચીજોમાં પોતાપણાનો ભાવ મૂકવો. ક્ષણભંગુર ચીજોમાંથી મળનારા સુખમાં શ્રદ્ધા રાખનારા લોકો રાજસી શ્રદ્ધા ધરાવે છે એમ કહી શકાય. સાત્ત્વિક શ્રદ્ધા ધરાવતા લોકો સદાચાર અને ભાવમાં શ્રદ્ધા રાખે છે. આવી શ્રદ્ધા વ્યક્તિ અને સમાજ બંનેનું કલ્યાણ કરે છે. દરેક વ્યક્તિ પોતાની શ્રદ્ધાને અનુરૂપ જ્ઞાન મેળવે છે અને તેને અનુરૂપ ધર્મનું આચરણ કરે છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે શ્રદ્ધા વિના કરાયેલો હવન, અપાયેલું જ્ઞાન તથા કરાયેલું તપ તથા અન્ય તમામ પ્રકારનું શુભ કાર્ય અસત્ય છે. તે માણસને જીવતાં તો કામ નથી લાગતું, મર્યા બાદ પણ કામ નથી લાગતું. શંકરાચાર્ય કહી ગયા છે કે જે પ્રકારે પૃથ્વી વિના પુષ્પમાં સુગંધ પેદા થઈ શકે નહીં તે પ્રકારે શ્રદ્ધા વિનાનો ધર્મ કલ્યાણકારી અને ફળદાયી હોઈ શકે નહીં. શ્રદ્ધા વિનાનો ધર્મ એ કન્યા વિનાના લગ્ન જેવો છે. શ્રદ્ધા તો ધર્મનો પ્રાણ છે. શ્રદ્ધાના બળથી જ ભકત કંકરમાં શંકરને પ્રગટ કરી શકે છે. દ્રોણાચાર્ય જે એકલવ્યને વિદ્યા આપી શક્યા નહીં તે એકલવ્યે પોતાની શ્રદ્ધાના સહારે દ્રોણાચાર્યની માટીની મૂર્તિ બનાવીને વિદ્યા શીખી લીધી. ગુરુ નાનકમાં શ્રદ્ધા રાખવાના કારણે લહનાસિંહ શીખના બીજા ગુરુ અંગદદેવના રૂપમાં પ્રતિષ્ઠિત થયા. શ્રદ્ધા કોઈ પણ ચીજમાં હોઈ શકે છે. મંત્રમાં, ગુરુમાં, શાસ્ત્રમાં અને વિદ્વાનમાં, જેની જેવી શ્રદ્ધા હોય છે તેવી જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સાભાર: મેટ્રો

http://suratiundhiyu.wordpress.com/

## અંધવિશ્વાસમાં લોકોને વિશ્વાસ કેમ છે?

એક પંડિતજી દરરોજ સવારે પૂજા કર્યા બાદ શંખ વગાડતા હતા. આ અવાજ સાંભળીને પડોશનો ગર્દભ પોતાના કોઈ ભાઈબંધુનો અવાજ સમજીને હોંચી...હોંચી... કરવા લાગતો હતો. પંડિતજી એવું વિચારતા કે કદાચ આ ગર્દભ પૂર્વજન્મમાં કોઈ મોટો તપસ્વી કે ભક્ત હશે અને મનોમન મલકાતા. એક દિવસ ગર્દભનો અવાજ સંભળાયો નહીં. પંડિતજીએ તપાસ કરી તો જાણવા મળ્યું કે તે મરી ગયો હતો. પંડિતે તે ગર્દભનું વિધિવત્ તર્પણ કર્યું અને પોતાનું માથું મુંડાવી દીધું. સાંજે પંડિત વાણિયાની દુકાને કંઈક ખરીદવા ગયા. વણિકને શંકા જતાં તેણે પૂછ્યું કે મહારાજ આજે કેમ આપનું માથું સફાચટ છે? પંડિત બોલ્યા, અરે ભાઈ! શંખરાજની જીવનલીલા સમાપ્ત થઈ ગઈ. વણિક વેપારી પંડિતનો યજમાન હતો. તેણે પણ પોતાનું માથું મુંડાવી નાખ્યું. વાત જેટલા લોકો સુધી પહોંચી તે બધાએ માથું મુંડાવી નાખ્યું. ધીમે ધીમે આ વાતનો પ્રસાર કોઈ ચેપી રોગની જેમ થયો. એક સિપાઈ વણિક વેપારીને ત્યાં આવ્યો. તેને જાણવા મળ્યું કે શંખરાજજી મહારાજ દેવ થયા છે. તો તેણે પણ માથું મુંડાવી નાખ્યું. ધીમેધીમે આખા સૈન્યએ માથું મુંડાવી નાખ્યું. સેનાપતિને આનું આશ્ચર્ય થયું. તેણે તપાસ કરી અને વાતનું મૂળ શોધતો શોધતો તે પંડિતના ઘર સુધી પહોંચ્યો. ત્યાં ગયા પછી તેને ખબર પડી કે શંખરાજ એ કોઈ માણસનું નહીં પણ રોજ સવારે ભોંકનારા પેલા ગર્દભનું નામ હતું. આ વાત જાણીને જેટલાયે માથું મુંડાવ્યું હતું તે બધાના મસ્તક શરમથી ઝુકી ગયા. આપણા સમાજમાં આવા કેટલાય અંધવિશ્વાસ પ્રવર્તે છે, જેનાં મૂળ વિશે કોઈનેય ખબર નથી. ધર્મ પરંપરાવાદી નથી. સત્યની પ્રતિષ્ઠા માટે છે. જે સુધાર અને સમન્વયનો માર્ગ હોય તેને જ મનુષ્યએ સ્વીકારવો જોઈએ. આપણા દેશની એક બહુ વિચિત્ર ખાસિયત છે કે અહીં એક તરફ ઊંચા ઊંચા બૌદ્ધિક સિદ્ધાંતોની ચર્ચાઓ સાંભળવા મળે છે. તો બીજી બાજુ અંધવિશ્વાસથી ભરેલાં દૃશ્યો પણ જોવા મળે છે. આપણો દેશ જ્ઞાનની ધરતી ગણાય છે, પણ અહીં મોટા મોટા પંડિતો પણ એક છીંક આવવાને લીધે અથવા કાળી બિલ્લી દેખાવાના લીધે રોકાઈ જતા જોવા મળે છે. દેશના લગભગ તમામ ધર્મના લોકોને અધંવિશ્વાસમાં વિશ્વાસ છે. આધુનિક શિક્ષણ મેળવનારા અને નવી પેઢીના કહેવાતા લોકો પણ અંધવિશ્વાસમાંથી બાકાત નથી. માતા-પિતાના અંધવિશ્વાસ અને વહેમને જોઈને બાળકો પણ ભીરુ બને છે. ઘણા લોકો નાના-મોટા કામ માટે શુભ મુહૂર્ત કઢાવવા પંડિત પાસે જોડી જાય છે. સ્ત્રીઓમાં જાદુ ટોના, મંત્ર-તંત્ર, નજર ઉતારવા જેવાં લક્ષણો થોડા વધારે પ્રમાણમાં જોવા મળે છે. ઘણી વાર સ્ત્રીઓ કોઈ બીમારીને દૂર કરવા માટે નજર ઉતારીને ચાર રસ્તે મૂકી આવે છે. આમ મૂર્ખતાને કારણે નજર તો નથી ઊતરતી પણ બીમારી વધી જાય છે. સાભાર: મેટ્રો

http://suratiummiyu.wordpress.com/

## કાગવાસ શામાટે?

**આપણા સમાજમાં પરાપૂર્વથી શ્રાદ્ધ પક્ષમાં કાગવાશ કરવાનો રિવાજ છે. આ શા માટે છે? તેની મોટાભાગના લોકોને ખબર નથી. પરંતુ આપણા પૂર્વજોએ જે કાંઈ નીતિ નિયમ બનાવ્યા છે તે કોઈ ખાસ હેતુસર જ બનાવ્યા છે. તેની પાછળ કોઈ વિધાન અથવા કોઈ વિશિષ્ટ હેતુ સમાયેલો છે. જેમ કરણ વગર કારણ સંભવ હોતું નથી. જેમ ધુમાડાની પાછળ અગ્નિ છુપાયેલ હોય છે તેમ કાગવાશ પાછળનો પણ ઘણો જ વિશિષ્ટ મહિમા છે. આવો આપણે તે જાણીએ. ભાદરવા સુદ પૂનમથી ભાદરવા વદ અમાસ સુધીના ૧૬ દિવસને શ્રાદ્ધ પક્ષ કે મહાલયા કહેવાય છે. તેથી શ્રાદ્ધમાં અન્ય વિધિઓ સાથે કાગવાશ કરવાનો પણ મહિમા છે. એક માન્યતા અનુસાર સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર આવતા પૂર્વજો કાગસ્વરૂપે આ જગતમાં આવે છે. તેથી શ્રાદ્ધ પક્ષના ૧૬ દિવ દરમિયાન કાગડાનાં માનપાન વધી જાય છે. કાગડા પિતૃના પ્રતીક છે. તેમ કહી શકાય. જોકે કાગડાની કર્કશવાણી કોઈનેય ગમતી નથી. શ્રાદ્ધના દિવસોમાં જે તે પૂર્વજ પાછળ લગભગ દરેક હિન્દુ તેમના પૂર્વજની જે તે તિથિએ જે કાંઈ મિષ્ટાન પોતાના પિતૃ માટે બનાવ્યું હોય છે તેમાંથી થોડું તેમના નિમિત્તનું મિષ્ટાન લઈને ઘરનાં છાપરાં ઉપર કે અગાશીમાં જઈને કાગડાને બોલાવી કાગવાશ કરે છે. આ માટે જે તે ઘરની વડીલ વ્યક્તિ અથવા આ દોડધામવાળા યુગમાં જેને સમય મળે તે પૈકીની કોઈપણ વ્યક્તિ શુદ્ધ ધોયેલાં વસ્ત્ર પહેરી એક હાથમાં લોટામાં જળ તથા બીજા હાથમાં મિષ્ટાનની વાટકી લઈ અગાશી કે ધાબે કે છાપરે જઈ જળનું કુંડાળું કરી ત્રણ વખત કાગવાશ, કાગવાશ, કાગવાશનો ઉચ્ચાર કરી જે તે મિષ્ટાન કાગડા આવ્યા હોય તો તેને મૂકી દે છે. અથવા તે વાટકી ધાબે મૂકીને પિતૃઓને પગે લાગી નીચે આવી જાય છે. તે પછી જ ઘરનાં નાના મોટા તમામ સભ્ય પિતૃનું સ્મરણ કરી ભોજન કરે છે. કહેવાય છે કે ચોમાસાના ચાર માસ દરમિયાન જાત જાતનાં જીવજંતુ સૃષ્ટિ ઉપર થઈ જાય છે. તે બધાનું કાગડા તથા અન્ય બીજાં પક્ષી તેનું ભક્ષણ કરતાં હોય છે. આવાં જીવજંતુમાં કેટલાંક ઝેરી જીવજંતુ પણ હોય છે. તેને ખાવાથી કાગડાના શરીરમાં પિત્ત થઈ જાય છે. હવે દૂધ પૂરી પિત્તનાશક હોવાથી કાગવાશ કરવાથી જે તે કાગડાને ઝેરી જીવજંતુ ખાવાથી જે પિત્ત ઉત્પન્ન થયું હોય તે દૂર થઈ જાય છે. જુઓ, જુઓ આપણા પૂર્વજો તથા વડીલોનો કેટલો સૂક્ષ્મ વિચાર અહીં કામ કરે છે તે ?**

**કાકાસી યમદૂતોસી ગ્રહણબલિ ઉત્તમમ્ ।
યમદ્વારે ગતે પ્રેતે અયાયપિ તુ મહર્ષિ ॥**

**અર્થાત ચંદ્રલોક એટલે કે પિતૃલોકના અધિષ્ઠાતા યમદેવ છે. રાહુ ગ્રહનો પ્રતિનિધિ કાગડો છે. કેતુનો પ્રતિનિધિ કૂતરો ગણાય છે. આપણે જે શ્રાદ્ધ કરીએ છીએ, પિંડદાન કરીએ છીએ તે કાગડાના માધ્યમથી પિતૃલોકમાં પહોંચે છે. જેથી શ્રાદ્ધમાં ખીર, દૂધપાક અથવા જે કાંઈ મિષ્ટાન બનાવ્યું હોય છે તે આપણે આપણા પિતૃસ્વરૂપી કાગડાને ખવડાવવા કાગવાશ કરતા હોઈએ છીએ.** સાભારઃ મેટ્રો

http://suratiundhiyu.wordpress.com/

---

## પિતૃઋણમાંથી મુક્ત થવા શ્રદ્ધાપૂર્વક કરો પૂર્વજોનું શ્રાદ્ધ

શ્રા દ્ધ એટલે આપણા પૂર્વજો અથવા પિતૃઓની જે તે તિથિએ કરાતું તર્પણ. શ્રાદ્ધ પક્ષ દર વર્ષના ભાદરવા સુદ પૂનમથી ભાદરવા વદ અમાસ એમ ૧૬ દિવસ હોય છે. આપણા પિતૃ આપણા તથા પરિવારના ઉત્કર્ષ મોહ જીવનભર મહેનત કરી આપણને સુખ સંપત્તિ અપાવવા માટે ખુદ પોતાનાં સુખ સમૃદ્ધિનો ભોગ આપતા હોય છે. તેથી તેમનાં કલ્યાણાર્થે તેઓ જે તિથિએ સ્વર્ગે સિધાવ્યા હોય તે તિથિ યાદ કરી તેમને પૂજા વિધિ દ્વારા તર્પણ આપી તેમના કલ્યાણાર્થે મિષ્ટાન્ન અર્થાત્ દૂધ પૂરી કે ખીર પૂરી તથા અન્ય ફરસાણ વગેરે બનાવી બપોરે ૧૨થી એક દરમિયાન ઘરના ધાબે, છાપરે કાગવાશ કરી તે મિષ્ટાન્ન તેમને શ્રદ્ધાથી અર્પણ કરવું. આમ કરવાથી સૂક્ષ્મરૂપે આપણા ઘરની આસપાસ ફરતા આપણા પિતૃ તૃપ્ત થાય છે તેઓ તૃપ્ત થતાં આપણને આશિષ આપી પાછા પોતાના પિતૃલોકમાં ચાલ્યા જાય છે. તે જે આશિષ આપે છે તેના થકી આપણું તથા આપણે કુટુંબનું કલ્યાણ થાય છે. આપણા પિતૃ કે પૂર્વજને આપણે શ્રાદ્ધ દ્વારા જે અર્ઘ્ય આપીએ છીએ તેનો અર્થ ઘણો જ વિશાળ થાય છે. જે તે ભક્તે પોતાના પિતૃ પાછળ માત્ર શ્રાદ્ધ જ નથી કરવાનું પરંતુ તેની સાથે સાથે તેમની પ્રતિષ્ઠા પણ જાળવવાની છે. તેમના હોય તેવા આચારવિચાર જાળવવાની પણ સંપૂર્ણ કોશિશ કરવી. તેમની આબરુને કોઈ ઠેસ ન પહોંચે તે પણ જાળવવાનું હોય છે. શ્રાદ્ધના દિવસે આપણે આપણી જાતનું પણ નિરિક્ષણ કરવાનું હોય છે. વર્ષભર આપણે કેવાં કેવાં કાર્યો કર્યા અને કેવા કર્મો કરવાની જરૂર હતી ? જો કોઈ ભૂલ થઈ હોય તો આપણે આપણા પૂર્વજોથી માફી માગી શકાય એટલાં સત્કર્મ કરવાં. આમ તો શ્રાદ્ધ પક્ષ ૧૬ દિવસનો હોય છે, પરંતુ આપણું જીવન અનેક કર્મોથી બંધાયેલ છે. આપણી ઉપર ઈશ્વરનું પણ ઋણ છે. દેવો ઋષિ તથા સત્પુરુષોનું પણ ઋણ છે. તેથી શ્રાદ્ધના આ સોળ દિવસ આપણે એકદમ સાદગી તથા નૈષ્ઠિક રીતે જીવવું. સન્માર્ગે ચાલવું. દેવોનું ઋણ ચૂકવવા જે તે દેવની આરાધના કરવી. ઋષિઓએ તેમનું જીવન આપણે સુખી થઈએ તે માટે ગાળ્યું હોવાથી આપણે તેમના પણ ઋણી હોવાથી આપણે આપણાં સત્કર્મો દ્વારા તેમનું પણ ઋણ ઉતારવાની શક્ય એટલી કોશિશ કરવી. જ્યોતિષ કહે છે કે સૂર્ય રાહુ સાથે હોય તો પિતૃદોષ થાય છે. તેથી તેમની શાંતિ માટે આપણી કુંડળીમાં રાહુ સૂર્ય ભેગા હોય તો તેમના નિમિત્તે શ્રાદ્ધ અવશ્ય કરવું. જો આપણા પિતૃ ક્યારે મૃત્યુ પામ્યા તે તિથિનું આપણને સ્મરણ ન હોય તો તેમનું શ્રાદ્ધ આપણે ભાદરવા માસની અમાસે કરવું. કારણ આ અમસાનું જ એક નામ સર્વપિતૃ અનાસ છે તેથી જેની તિથિ ખબર નથી તેવા પિતૃના શ્રેયાર્થે સર્પપિતૃ અમાસે તેમના નિમિત્તે બનાવેલું મિષ્ટાન્ન તેમને તર્પણ કરવું. તર્પણ કરવા માટે છાણાં અથવા કોલસા બાળી પિતૃ નિમિત્તે જે કાંઈ બનાવ્યું હોય તેમાંથી થોડું થોડું લઈ તે અગ્નિમાં હોમવું તે દવ્યાન્ન બળીને કોલસો થાય ત્યાં સુધી તેને દગ્ધવું. તેમાં થોડાં શુદ્ધ ઘી ગોળ ઉમેરવા. જે તે પિતૃને યાદ કરી તેમને આહ્‌વાન આપી તેમનું મનોમન ચિંતન કરી તેમના શ્રેયાર્થે તે ભોજનને કાગવાશ કરવુ. પૂર્વજોને તર્પણ કે કાગવાસ દક્ષિણ તરફ મોં રાખીને જ આપો. દક્ષિણ દિશા જ પિતૃ દિશા છે. મનુષ્ય જ્યારે મૃત્યુ પામે ત્યારે યમરાજ કે યમદૂત તેમના આત્માને દક્ષિણ દિશાથી લઈ પોતાનો યમલોક કે જે દક્ષિણાયન છે ત્યાં જે તે આત્માને લઈ જાય છે. પિતૃ તર્પણ કર્યા પછી પિતૃઓને મનોમન કહેવું કે, ''હે પૂર્વજો, હે પિતૃઓ, હવે આપ આપના સ્થાને પધારો. અમારું કલ્યાણ કરો.'' સાભાર: મેટ્રો

http://sureshjani.wordpress.com/

## સદા પ્રસન્ન રહેવું એ પણ ઈશ્વરની ભક્તિ છે

ફૂલમાં સુગંધ, તલમાં તેલ, લાકડામાં અગ્નિ, દૂધમાં ઘી, શેરડીમાં ગોળ - આ રીતે મનુષ્યના મનમાં સુવિચારો સમાયેલા હોય છે. સારા માણસની પરીક્ષા એની બોલીથી, એના વિચારોથી અને એના વર્તનથી થાય છે.......!!!!! કશું ભૂલવાનો પ્રયત્ન કરો ત્યારે તમને ખબર પડે છે કે તમારી યાદશક્તિ કેટલી તીવ્ર છે.

જેના વિચારો ઉત્તમ છે તે ઉત્તમ કાર્ય જ કરશે અને જેના કાર્ય ઉત્તમ હશે તેના ચરણોમાં સુખ શાંતિ હશે. સબંધો એવા રાખો કે જેથી તમને એવુ ના લાગે કે તમને સૌથી સારી વ્યક્તિ મળી છે, પણ એ વ્યક્તિ ને એ વુલાગે કે તેને તમારાથી સારી એકેય વ્યક્તિ નહી મળે.

"દરેક શબ્દમાં બહુ ફરક હોય છે, ટૂંકા વાક્યોને પણ ઘણા અર્થ હોય છે, એક પણ સવાલ સહેલો હોતો નથી, અને આપેલા જવાબમાં પણ પ્રશ્નાર્થ હોય છે."

સદા પ્રસન્ન રહેવું એ પણ ઈશ્વરની ભક્તિ છે. માનવ જાતની એક ખાસિયત છે કે હાજર વસ્તુનો આનંદ લેતી નથી પરંતુ ગેરહાજર વસ્તુઓ માટે વલખાં મારે છે........!!!!!!

ગુસ્સાની એક ક્ષણ ઉપર જો તમે નિયંત્રણ રાખી શકો, તો પસ્તાવાના સો દિવસ બચાવી શકો. સફળતા મેળવવા માટેઅંગ્રેજી ભાષાના આત્રણ **'C'** યાદ રાખવા જેવા છે : ચોઈસ, ચાન્સ અને ચેન્જ. તમારે જીવનમાં જો પરિવર્તન (ચેન્જ) જોઈતું હોય તો કઈ તક (ચાન્સ) ક્યારે બરાબર ઝડપી લેવી એની પસંદગી (ચોઈસ) કરતાં આવડવું જોઈએ!

તમારો કોઈ મિત્ર ભૂલ કરે તો એને ટેકો આપજો, પણ એટલું યાદ રાખજો કે તમારો ટેકો માત્ર મિત્રને જ હોવો જોઈએ, એની ભૂલને નહીં. સામાજિક જીવનની અનિવાર્યતા હોય છે સંબંધ, સમર્પણ અને સાથ - સહકાર. કહેવાય છે કે માણસ એક્લો રહી શક્તો નથી અને ક્યારેક બીજા માણસને સહન પણ કરી શક્તો નથી.

## શાશ્વત સુખ તો પોતાના સ્વમાં છે

http://suratundhiyu.wordpress.com/

આ સંસારમાં મનુષ્યોએ શેમાં શેમાં સુખ માન્યું છે? માણસને નાની મોટી સફળતા મળે ત્યારે તેને તેમાં સુખ લાગે છે. સફળતા મળે ને રાત્રે સૂવાનું મળે કે ન મળે કે રાત્રે ખાવાનું કે પીવાનું મળે કે ન મળે તેને સુખ કહેવાય ? જો તમે કેરી ખા ખા કરો અને પછી તમને તેનાથી એલર્જી થઇ જાય ને તે પછી તમને દુખ થાય. કંટાળો આવે. એટલે જે સુખનું પ્રમાણ વધી જાય કે ઘટી જાય તેથી દુખ જ મળ્યું કહેવાય. તેમાં સુખ ક્યાંથી મળ્યું કહેવાય? આપણે આ દુખમાંથી શોધખોળ શેની કરવાની? સનાતન સુખની. આ સુખ તો ઘણું ભોગવ્યું. એનાથી સંતોષ થાય પણ તૃપ્તિ ન થાય.સર્વ દુખથી મુક્તિ કેવી રીતે મળે? તે જાણવા માટે જ જીવન જીવવાનું છે. જગતમાં બધા જ સુખ શોધે છે. પરંતુ સુખની વ્યાખ્યા જ કોઈ પાસે નથી. સુખ એવું હોવું જોઈએ કે જે મેળવ્યા પછી ક્યારેય દુખ ન આવે. એવું એક પણ સુખ આ જગતમાં તો છે જ નહીં. હોય તો જાવ ખોળી કાઢો.શાશ્વત સુખ તો પોતાના સ્વમાં છે. પોતે જ અને તે સુખનું ધામ છે અને લોકો તે નાશવંત ચીજોમાં ખોળે છે. આ સંસારીઓનાં સુખ કેવાં છે?. શિયાળાનો દિવસ હોય,અગાસીનો મહેમાન હોય, લક્કડિયા હિમની શરૂઆત હોય, ટૂંકી રજાઇ હોય, સુનારો લંબુ હોય, માથું ઢાંકે તો પગ બહાર આવે. આવું તો સંસારનું સુખ છે. હકીકતમાં આ સંસારમાં સુખ જેવી કોઈ વસ્તુ જ નથી. દુખ તો કોઈ વસ્તુ જેવું છે જ નહીં. તે તો કલ્પનાથી ઊભું કરેલું છે. જલેબીમાં દુખ છે તેવી કલ્પના કરો તો તેમાં પણ દુખ લાગે. જો તેમાં સુખ છે તેવી કલ્પના કરો તો તેમાં તમને સુખ લાગે. જે સુખ છે તે તો બધાને લાગવું જ જોઈએ. પરંતુ મને જેમાં સુખ લાગે છે તેમાં જો દુખ હોય તો તે સારી બાબત તો ન જ કહેવાય. આ જગત પણ એવું જ છે. સંસારમાં રહેવું અને શાંતિપૂર્વક જીવવું. તે માટે બે રસ્તા છે. એક તો વ્યવહારમાં પ્રામાણિકતા જોઈએ. બીજું એ કે શક્ય એટલું દાન પુણ્ય કરો. હવે સંસારમાં કોઈ સંપૂર્ણપણે તો પ્રામાણિક તો રહી જ ન શકે. કોઈ પણ જીવને કિંચિત માત્રામાં પણ દુખ ન આપશો. બસ ત્યારે તમને કોઈ કહેશે કે કોઈકે મને ગાળો દીધી તો. જો તેણે દીધેલી ગાળો તમને ગમતી હોય તો તમે પણ તેને એવી જ ગાળો આપો અને તેની સાથે ગાળોનો વ્યવહાર ચાલુ રાખો. જો તમને તે વ્યવહાર ગમતો જ ન હોય તો તે વ્યવહાર બંધ જ કરી દો. જો તમારે રાત દિવસ સુખ જ જોઈતું હોય તો લોકોને રાત દિવસ સુખ જ આપ્યા કરો. જે રીતે બને તે રીતે. વાણીથી, વર્તનથી કે પછી ગમે તે રીતે તમે તેને સુખ આપો. જે બીજાને સુખ આપે છે તેનાથી તેને પુણ્ય બંધાય છે. પુણ્ય કરનારને તેનો સુખદ બદલો ભગવાન આપતો જ હોય છે. જે કોઈ બીજાને દુખ આપે છે તેને સામું પણ દુખ જ પ્રાપ્ત થાય છે. જો તમારાથી કોઈને દુખ અપાશે તો તેનો તો મોક્ષ અટકશે જ સાથેસાથે તમારો પણ મોક્ષ અટકવાનો જ.તમે તો માત્ર એટલું જ વિચારો કે મારાથી જગતના કોઈ પણ જીવને દુખ ન અપાય. જો તમે કોઈને સહેજ પણ દુખ આપશો તો તમે સહેજપણ સુખી થઇ શકશો જ નહીં. દાન આપવું એટલે બીજાને સુખ આપવું. મનુષ્ય હોય કે બીજાં જાનવર હોય. બધાને સુખ આપવું તે દાન છે. તે જ જગતનો મોટામાં મોટો ધર્મ છે. લોકોને તમે જાટલું સુખ

http://suratiundhiyu.wordpress.com/

આપશો તેટલું તેનું રીએક્શન આવશે અને તમે તરત સુખી થશો. જો તમે સુખી નહીં હો તો પણ સુખ તમને શોધતું શોધતું તમારી પાસે આવશે જ. સૌજન્ય:મેટ્રો

## રાધાનું હૈયું એટલે માધવ

જ ગતમાં સૌથી પ્રથમ દિવ્ય, અલૌકિક પ્રેમ રાધા-કૃષ્ણનો. રાધાજી શ્રીકૃષ્ણના પર્યાય બની ગયાં હતાં. કદાચ એટલે જ આજે પણ કૃષ્ણ-રાધા નથી કહેવાનું પરંતુ રાધે-કૃષ્ણ, રાધેકૃષ્ણ-રાધેકૃષ્ણ કહેવાય છે. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ શ્રાવણ વદ આઠમની મધરાત્રે મથુરાની કાળમીંઢ જેલમાં ભારે પહેરા વચ્ચે થયેલો. જ્યારે રાધાજીનો જન્મ પંદર દિવસ પછી એટલે કે ભાદરવા સુદ આઠમની મધ્યાહ્ને વ્રજ પાસે આવેલા. બરસાના નજીક આવેલા રાવલ ગામમાં વૃષભાનુને ઘરે કલાવતીને કૂખે થયો. રાધા વગર શ્યામ અધૂરા અને શ્યામ વગર રાધા અધૂરા. ભગવાન શ્રીકૃષ્ણને ૧૬,૧૦૮ રાણીઓ. આઠ પટરાણીઓ અને આટલી બધા રાણીઓ, દરેકને દસ બાળકો. દ્વારકાનો આટલો મોટો કારભાર જગત આખાનું કલ્યાણ કરવાની ખેવના. આ બધા જ વચ્ચે પણ આ જગતનું કોઈ તત્ત્વ રાધાજીને ભગવાન શ્રીકૃષ્ણના દિલમાંથી હટાવી શક્યું નથી. સર્વ શ્રેષ્ઠ સખત્વ એટલે રાધાજી. ભગવાન શ્રીકૃષ્ણના હૈયાની ધડકન એટલે શ્રી રાધાજી. રાધાજીના દિવ્યજ્ઞાનનો નાદ સાંભળવો હોય તો પહોંચી જાવ વૃંદાવન ધામમાં. વૃંદાવનની બધી જ ગોપીઓ ''હું શ્રીકૃષ્ણ છું.'' એવું એક બીજીને કહેતી. જ્યારે રાધાજી  તો શ્વાસે શ્વાસે કૃષ્ણ-કૃષ્ણ જપતાં એકાંતમાં સૂનમૂન બેઠા હોય. એક વખત યમુના કિનારે માધવ ફરતા હતા. રાધાજી ગોપીઓ સાથે જળ ભરવા યમુના તીરે આવ્યા હતા. શ્રીકૃષ્ણને જોતાં જ રાધાજી અનન્ય પ્રેમવશાત બેશુદ્ધ થઈ ગયા. સખીઓ, રાધાજીનાં માતા-પિતા, ગામ લોકો ટોળે વળ્યા. શું થયું રાધાજીને ? સવાલ સૌના હોઠે ચંદ્રભાગા અને લલિતા રાધાજીની પ્રિય સખીઓ. તેમણે રાધાજીના માતાને કહ્યું કે, ''જો રાધાજીને હોશમાં લાવવા હોય તો માધવને બોલાવો. માધવ નામ સાંભળતાં જ રાધાના કાન ચમક્યા. વળી પાછા માધવ રાધાના ચક્ષુ સમક્ષ આવ્યા. તેમને જોવાથી જે તાપ થયો હતો. તેમનું નામ સાંભળવાથી તે તાપ શમી ગયો. આવો દિવ્ય પ્રેમ રાધાજી તથા શ્રીકૃષ્ણનો છે. થોડા દિવસ પછી વૃજવાસીઓ તથા વૃષભાનુ, જશોદા, કલાવતી, નંદજીની સંમતિથી બંનેના વિવાહ થયા. જેમ સીતા રામની જોડી અવિનાશી છે. તેમજ રાધાકૃષ્ણની જોડી પણ અવિનાશી છે. શ્રીકૃષ્ણ મથુરા ગયા છે. તેમના આવવાના કોઈ ખબર નથી.એટલામાં ઉદ્ધવજી શ્રીકૃષ્ણનો સંદેશો લઈને આવે છે. ઉદ્ધવજી તો રાધાની દશા જોઈને દંગ થઈ ગયા. રાધાજી ઉદ્ધવજીને કહે છે કે તમારા આ સંદેશાથી મને શાંતિ મળે. શ્રીકૃષ્ણને હું એક ક્ષણ પણ ભૂલી શકું તેમ નથી. મારા શ્વાસેશ્વાસમાં કૃષ્ણ છે. રાધાની આ દશા જોઈ એક એક પક્ષી તથા વૃક્ષ રડવા લાગ્યા. રાધાજીના મુખમાંથી જ્યારે ઉચ્છવાસ નીકળતો ત્યારે

http://suratundhiyu.wordpress.com/

ત્યારે ભમરા તેમના મુખ પાસે આવી જતા. તેથી રાધાજી ભમરાને પણ કૃષ્ણ કાળા અને તું પણ કાળો એમ કહી ઠપકો આપે છે. એ શ્લોકોને 'ભ્રમરગીત' કહે છે.  શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમ બતાવવા રાધાજી ઉદ્ધવજીના હાથમાંથી વાંસળી લે છે તો વાંસળીમાંથી ઓચિંતો રાધે ગોવિંદ, રાધે ગોવિંદ એવો મધુર ધ્વનિ નીકળે છે. તે ધ્વનિના નાદથી ગોપીઓ કૃષ્ણ કીર્તનમાં તન્મય બની જાય છે. જ્યારે શ્રીકૃષ્ણ મથુરાથી દોડતા ના આવ્યા હોય ? ઉદ્ધવજી તો રાધાકૃષ્ણનો દિવ્ય પ્રેમ જોઈને છક થઈ ગયા. રાધાજીની ભક્તિ પ્રેમલક્ષણા ભક્તિ હતી. શ્રીકૃષ્ણ ન આવ્યા તેથી ઉદ્ધવજી સાથે રાધાએ વાંસળી તથા કામળી પણ પાછા મોકલાવી દીધાં. સૌજન્ય:મેટ્રો

## કરેલાં કર્મો ભોગવતાં બીક શેની?

મ નુષ્ય કર્મ કરતી વખતે જેટલો નથી ફફડતો તેનાથી અનેક ગણો તે કર્મનો ભોગવટો આવે ત્યારે ફફડતો હોય છે. જો મનુષ્ય તેનાં કર્મ છુપાવતો હોય તો પણ કુદરત તો તેનો પાકો હિસાબ રાખતી જ હોય છે. કદાચ મનુષ્ય છદ્મવેશે પણ જો અઘોર કૃત્ય કરે તો પણ તેને તેનું કર્મ  જેમ હજાર ગાયનાં ટોળાંમાં વાછરડું તેની માતાને શોધી કાઢે છે તેમ તેને  શોધીને તેની પાસે પહોંચી જાય છે. હવે જ્યારે તે કર્મ જ્યારે ભાગ્ય બનીને મનુષ્યની સામે વિકરાળ સ્વરૂપે આવતું હોય છે. ત્યારે મનુષ્ય ખૂબ જ ફફડતો હોય છે. તમે જે કામ હસતાં હસતાં કર્યું હોય છે તે કર્મનો ભોગવટો આવે ત્યારે રડવું કે નાસવું શા માટે પડે છે.? શા માટે મનુષ્ય ખોટાં કુકર્મ કરી પછી પોતાનું મોં છુપાવતો ફરે છે? તેની કોઇને સમજ પડતી નથી અને જ્યારે કર્મોના ભોગવટા આવે છે ત્યારે રડે છે. હવે તમે ખાંડણિયામાં માથું મૂક્યું જ છે તો સાંબેલું જોરથી મારે કે ધીમેથી. વાગવાનું તો માથું મૂકનારને જ છે ને? જે કર્મ હસતાં હસતાં કર્યું છે તે કર્મ રડતાં રડતાં ભોગવવાનું જ છે તે તમે લખી રાખો. કદાચ આજે  નહીં તો કાલે તેનું ફળ તમારે ભોગવવાનું જ છે. કેટલાક લોકો એમ માનતા હોય છે કે હું જે કર્મ કરીશ તેનું ફળ મારે જ ભોગવવાનું છે તો પછી હું કોઇનાથી શા માટે ડરું?  તમે ગમે તેટલા હોશિયાર હો પરંતુ તમે કરેલાં કર્મોનું ફળ તમારે જ ભોગવવાનું છે તે તમે લખી રાખો. તમે જો કોઇ ખોટાં કર્મો કર્યાં હશે તો જો તમે પૈસાવાળા હશો તો તમે તમારા પૈસાના જોરે કદાચ અહીંની અદાલતમાંથી છૂટી જશો.પરંતુ ઈશ્વરના અદ્દલ ઈન્સાફમાંથી સહેજ પણ છૂટી નહીં શકો. તમે કેટકેટલાં કર્મો કરો છો તેનો તમે કદી હિસાબ રાખ્યો છે ખરો? ના. તે તો શક્ય જ નથી.તમે જે કાંઇ કરશો તે તમારે અહીંને અહીં જ ભોગવવું પડશે. કરેલાં કર્મોનો

http://suratiundhiyu.wordpress.com/

ભોગવટો આવે ને ત્યારે તમે હસતે મોંએ તેનો ભોગવટો સ્વીકારી લેજો. કર્મના હિસાબમાંથી જો તમે છટકવાની કોશિશ કરશો તો આ નહી તો આવતા કે પછી તેના પછીના ભવમાં તે ભોગવટો તમારે ભોગવવો જ પડશે. તેમાં તમે લાખ વાનાં કરશો તો પણ તેમાંથી તમે છટકી નહીં શકો. જો તમને કોઈ સ્ત્રી પ્રત્યે આ જનમમાં અદ્ભુત લગાવ થાય અને તમે તેને આ ભવમાં જો પામી ન શકો તો તમે તેનાં સતત ચિંતનમાં કદાચ આ આખો જનમારો કાઢી નાખો. તેવું પણ બને પરિણામે તમારા ભાવ જગતમાં તમે એક ન જોઈ શકાય તેવા દોરથી બંધાઈ જશો.પરિણામે તમારો કોઈક જનમમાં તે સ્ત્રી સાથે અચાનક જ મેળાપ થઈ જશે. તેની માટે તમે પ્રયત્ન નહીં કર્યો હોય છતાં તે તમને અનાયસે જ પ્રાપ્ત થશે. આ બધું દર્શાવે છે કે તમે કરેલું કર્મ તમારે જ ભોગવવું પડશે. સૌજન્ય:મેટ્રો

## મનને આત્મા સાથે જોડે તે જ સાચું જ્ઞાન

એક વાર બે મોટા પંડિતો વચ્ચે વિવાદ છેડાયો કે અવાજ પહેલાં આવે છે કે વીજળી પહેલાં દેખાય છે? મહિનાઓ સુધી વાદવિવાદ ચાલ્યો, પરંતુ કોઈ નિર્ણય થઈ શક્યો નહીં. ત્યારબાદ આ લોકોએ નિર્ણય કર્યો કે રાત્રે વરસાદ પડતો હોય ત્યારે કોઈ વૃક્ષની નીચે ઊભા રહીને જોઈ લઈએ કે વાસ્તવિકતા શી છે? અવાજ પહેલાં આવે છે કે વીજળી પહેલાં દેખાય છે? આગલી સવારે ગામના લોકો જ્યારે પંડિતોને શોધવા નીકળ્યા ત્યારે તેમણે જોયું કે બંને પંડિતો વીજળી પડવાને લીધે મરી ગયા હતા. બંને પંડિતો જ્ઞાનની શોધ કરતા નહોતા. તેઓ જ્ઞાની પણ નહોતા. તેઓ જ્ઞાની હોવાના ભ્રમમાં જીવતા હતા. જ્ઞાન શું છે? બાહ્ય વિષયોને આત્મસાત્ કરવા એ જ જ્ઞાન. જ્ઞાન વ્યક્તિને સ્થૂળતાથી સૂક્ષ્મતા તરફ લઈ જાય છે. જ્ઞાનનો આધાર શું છે? જો જ્ઞાન ભૌતિક હોય તો તેનો આધાર મન છે અને જો જ્ઞાન આધ્યાત્મિક હોય તો તેનો આધાર આત્મા છે. જ્ઞાન મનને આત્માની સાથે જોડે છે. આ જ્ઞાનની મોટામાં મોટી વિશેષતા છે. જે મનને આત્મા સાથે જોડે નહીં તે જ્ઞાન નથી, બલકે જ્ઞાનનો ભ્રમ છે. તથાકથિત જ્ઞાન વડે મનમાં અહંકાર પેદા થાય છે. તમે જ્યારે કોઈ અહંકારી વ્યક્તિને જુઓ ત્યારે સમજી લેવું કે આ વ્યક્તિમાં જ્ઞાન નથી બલકે તે જ્ઞાન હોવાના ભ્રમમાં જીવી રહી છે. કૌરવો અને પાંડવો વચ્ચે યુદ્ધના સમયે કૌરવોને યુદ્ધના પરિણામથી વાકેફ કરાવવા માટે ખૂબ પ્રયાસો કરવામાં આવ્યા. યુધિષ્ઠિરે આ લોકોના ભાવમાં પરિવર્તન લાવવા માટે ભગવાનને પ્રાર્થના પણ કરી હતી, પરંતુ જડતા હોવાના કારણે કૌરવો તે સમજી શક્યા નહીં, પણ કૌરવો અર્જુનના ગાંડિવનો ટંકાર સરળતાથી સમજી શક્યા હતા.

અવિકસિત મન ભૌતિકતા વડે છલોછલ હોય છે. સાંસારિક જ્ઞાન ત્રણ પ્રકારનું હોય છે. સૌથી પહેલું જ્ઞાન ભૌતિક-માનસિક હોય છે. આપણે ભૌતિક વસ્તુની જાણકારી સૌથી પહેલાં મેળવીએ છીએ. ત્યારબાદ આ જ્ઞાન માનસિક બની જાય છે. પદાર્થ તમારી સામે હોય કે ન હોય, પણ તેની જાણકારી તમારા મનમાં હોય છે. આ જ્ઞાનનો જ્યારે આપણે પુનઃ ભૌતિક જગતમાં ઉપયોગ કરીએ ત્યારે માનસિક જ્ઞાન ભૌતિક જ્ઞાન બની જાય છે. આપણા ભૌતિક-માનસિક જ્ઞાનનું જીવનમાં વધુ મહત્ત્વ નથી. તેનું મૂલ્ય બદલાતું રહે છે. આજે લોકપ્રિયતાના શિખરે બિરાજતો સિદ્ધાંત આવતી કાલે જૂનો થઈ જાય છે. જ્ઞાન શાશ્વત હોવું જોઈએ. અસલી જ્ઞાન શું છે? જે જ્ઞાનને દેશ, સમય અને વ્યક્તિમાં થનારાં પરિવર્તનોથી કોઈ ફરક ન પડતો હોય તે જ સાચું જ્ઞાન છે. આ જગતમાં તમામ ચીજો પાછળ એક કારણ છે. કાર્ય એ કારણનું પરિણામ છે અને કારણનું પરિણામ કાર્ય હોય છે. દુનિયા આ રીતે જ ચાલે છે. એક સ્તર પર થતું કાર્ય બીજા સ્તરે કારણ બની જાય છે. આ જ્ઞાન અથવા તેના સ્રોતોની જાણકારી વડે કોઈ જ્ઞાની ન બની શકે. જે માનસિક જ્ઞાનનું આખરી ચરણ આધ્યાત્મિક જ્ઞાન હોય તે જ સાચું જ્ઞાન છે અને એ જ જ્ઞાનના માધ્યમથી મનુષ્ય પોતાના વાસ્તવિક લક્ષ્ય સુધી પહોંચી શકે છે.
સૌજન્ય:મેટ્રો

## જ્યાં મમત્વ આવ્યું ત્યાં રાગ ઉત્પન્ન થાય

આ સંસાર મોહમાયાથી ઉત્પન્ન થયો છે. સંસારનો દરેક જીવ મારું-તારું કરીને તેને પોતાનો બનાવવા મથે છે. જ્યાં મોહ-માયા આવ્યાં ત્યાં રાગ ઉત્પન્ન થાય છે. રાગ આ સંસારને અસાર બનાવે છે, જોકે સંસારી તો તેને જ સંસાર તરવાનું સફળ સાધન માને છે, પણ આ ખોટું છે. જ્યાં મમત્વ આવ્યું ત્યાં રાગ ઉત્પન્ન થાય છે, જેનાથી મન રાગમુક્ત થાય છે, મૈત્રીભાવ વધે છે. તેને જ જ્ઞાન કહે છે. તમારી પાસે જે જ્ઞાન છે તેનો ઉપયોગ કરતાં તમને ન આવડે તો તમારું જ્ઞાન વ્યર્થ છે તો પછી પ્રશ્ન એ છે કે રાગ શું છે? રાગનો અર્થ એ છે કે કોઈ પણ વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે મમત્વનો ભાવ રાખવો. આ મારું મકાન છે. ચિંતાનો અર્થ છે-આપણી પાસે જે નથી તેને પોતાનું બનાવવાની ઈચ્છા. જ્યારે રાગનો અર્થ છે-જે મળી ગયું છે તેને પોતાનું માનવાની વૃત્તિ. મારું મકાન, મારી પત્ની, મારી બહેન, મારો ભાઈ...જ્યાં મમત્વ આવ્યું ત્યાં રાગ ઉત્પન્ન થાય છે. રાગ બંધન છે. જે આ બાબતને જાણે છે તે આ મારું શરીર છે. એમ કહેવાના બદલે શરીર તો પૃથ્વીનું ઘર છે. પંચભૂતોનો બનેલો દેહ છે. હું ન હતો ત્યારે પણ શરીર હતું, હું નહીં હોઉં ત્યારે પણ રહેશે. મારું કાંઈ જ નથી. મારાપણાનો ભાવ જેટલો વધતો જશે તેટલી જ વ્યક્તિ જ્ઞાનમાંથી અંધકાર તરફ જતી રહેશે. જેમ જેમ મારાપણાનો ભાવ દૂર થતો

જશે તેમ તેમ સૌનો અનુભવ થશે. હું કોણ છું? મારું કાર્ય શું છે? તેનું જ્ઞાન થશે. કોઇ વ્યક્તિ તમને પૂછે કે તમારી ઓળખ શી? તો તે કહેશે કે હું ફલાણાનો પુત્ર છું, હું ડોક્ટર છું, હું હિંદુ છું, હું મુસલમાન છું, હું જૈન છું. આ તમારી ઓળખ નથી. પોતાનાપણામાંથી બહાર આવવું મુશ્કેલ છે, પરંતુ સંઘર્ષ તો કરવો જ પડે. એ લોકો ભાગ્યશાળી છે, જેઓ આ ભાવનામાંથી મુક્ત થઇ શકે છે. પોતાનાપણાની ભાવનામાંથી મુક્ત થતાં જીવન ધન્ય બની જાય છે. મહાવીર કહે છે કે શરૂઆતમાં જે વસ્તુ મીઠી લાગે છે તે વસ્તુ અંતમાં પણ મીઠી હશે તે જરૂરી નથી અને જે વસ્તુ શરૂઆતમાં કડવી હોય તે અંતમાં પણ કડવી હોય તે જરૂરી નથી. ઔષધિ કડવી હોવા છતાંય તે તબિયત માટે લાભદાયક હોય છે. કેટલીક મીઠાઈઓ મનને લલચાવે છતાં તે તબિયત માટે હાનિકારક નીવડે છે, આથી મનુષ્યએ શ્રેષ્ઠ વસ્તુની પસંદગી કરવી જોઇએ. આવી પસંદગી કરતી વખતે વિવેક-ધૈર્ય જરૂરી છે. માત્ર આકર્ષાઇને કે દિલની વાત સાંભળીને પસંદગી કરવી યોગ્ય નથી. જેનાથી શ્રેયસ વધે છે તે માત્ર જ્ઞાન છે, જેનાથી પ્રેમ અને મિત્રતા વધે છે. તે જ્ઞાન છે. પંક્તિનું જ્ઞાન પ્રેમને વધારતું નથી.મુલ્લા-મુલ્લીનું જ્ઞાન પ્રેમને ઘટાડતું નથી, પરંતુ વધારે છે. હિંદુ-મુસ્લિમ એકબીજાને નફરત કરે છે તે જ્ઞાન નથી. જ્ઞાન માત્ર જોડવાનું કાર્ય કરે છે, તોડવાનું નહીં. સૌજન્ય:મેટ્રો

http://suratiundhiyu.w

## પુનર્જન્મ

પુનર્જન્મ વિષેનો આ લેખ ઘણા છીંડાઓને ખુલ્લો કરેછે,પુર્નજન્મમાં માનનારાઓનો આપણાં સમાજમાં તૂટો નથી, ભારતના સુશિક્ષિતથી માંડીને અભણ વર્ગના લોકોમાં સદીઓથી પરમ્પરાગત ઘર કરી ગયો છે, આ વળગાડનો કેડો છોડવો મુશ્કેલ છે. આજના અપાતા શિક્ષણમાં ધરમૂળથી કોઈ ફેરફાર થાય તો જ વિચારધારા બદલે પણ સ્થાપિત હક્કો આવું રોકવાને મરણીયો પ્રયત્ન કરતા રહેશે, તેમની પાસે આર્થિક, સત્તાકીય અને ધાર્મિક બાણોનો જથ્થો ભરપુર છે. આ લેખમાં સારી એવી છણાવટ કરવામાં આવી છે, વાંચવાથી ઘણા વિચારોનું મનન થશે.

**By Courtsey of Govind Maru**

## પુનર્જન્મનું વાસ્તવીક સ્વરુપ - મુરજી ગડા

મીડલ ઈસ્ટ કહેવાતા પશ્ચીમ એશીયામાં પાંગરેલા ખ્રીસ્તી, ઈસ્લામ તેમજ અન્ય ધર્મ પુનર્જન્મમાં માનતા નથી. જ્યારે ઉત્તર ભારતમાં ઉદ્ ભવેલ હીન્દુ, બૌદ્ધ, જૈન, શીખ ધર્મ પુનર્જન્મમાં માને છે. (આની પાછળનાં કારણોની ચર્ચા અલગ વીષય છે.) પ્રચલીત માન્યતા પ્રમાણેનો પુનર્જન્મ શક્ય હોય અથવા ન પણ હોય, જે વાતને દુનીયાની અડધાથી વધુ પ્રજા સ્વીકારતી ન હોય તે વીષય, બીજું કંઈ નહીં તોયે, વધુ વીચાર અવશ્ય માગી લે છે.
પુનર્જન્મની પ્રચલીત માન્યતા સામે બીજો પડકાર આવ્યો છે ઉત્ક્રાન્તીવાદ તરફથી.
ઉત્ક્રાન્તીવાદ એ કોઈ માન્યતા કે હાયપોથીસીસ નથી.
સૌ પહેલાં આપણે પ્રચલીત માન્યતાનાં છીંડાં તપાસીએ, એ માન્યતાની શરુઆત પાછળનાં કારણ જાણીએ અને પછી વાસ્તવીકતા શી છે એની ચર્ચા થશે.
પુનર્જન્મના સમર્થનમાં કરવામાં આવતી સૌથી પહેલી દલીલ છે કે કોઈ શ્રીમન્તને ત્યાં જન્મે છે; તો કોઈ ગરીબને ત્યાં. એની પાછળ પુર્વજન્મનાં કર્મો સીવાય બીજું કંઈ હોઈ ન શકે. ધાર્મીક વ્યાખ્યાનોમાં સમ્પત્તીને તુચ્છ કહેવામાં આવે છે. જ્યારે શ્રીમન્તને ત્યાં જન્મવાથી જીવન સગવડીયું તો થાય; પણ જાણે સાર્થક થતું હોય એવો ઉપરના વીધાનનો છુપો અર્થ છે.
જન્મ વીશે સવાલ પુછવો જ હોય તો એ છે કે ગરીબ હોય, શ્રીમન્ત હોય, હીન્દુ હોય કે મુસ્લીમ હોય : એમનાં બાળકો એમને ત્યાં ન જન્મે તો બીજા કોને ત્યાં જન્મે ? પ્રચલીત માન્યતા પ્રમાણે જન્મનાર બાળકનો આત્મા જન્મ ક્યાં લેવો તે નક્કી કરે છે. વાસ્તવીકતા એ છે કે નવા જન્મનો નીર્ણય જન્મનારની ઈચ્છા પર નહીં; પણ જન્મ આપનાર માતા-પીતાના હાથમાં હોય છે. સજીવોનો જન્મ એક બાયોલૉજીકલ ઘટના માત્ર છે, એનાથી વીશેષ કંઈ નથી.
એક કાલ્પનીક દાખલો લઈએ. દુનીયામાં દર વર્ષે 15-17 કરોડ માનવબાળ જન્મે છે. (આ વાસ્તવીક છે.) માની લો કે દુનીયાનાં પુખ્ત વયનાં બધાં સ્ત્રી-પુરુષ એક વર્ષ માટે સમ્પુર્ણ બ્રહ્મચર્ય પાળે તો મનુષ્ય તરીકે જન્મ લેવા યોગ્ય આ 15-17 કરોડ સમભવીત આત્મા ક્યાં અને કેવી રીતે જન્મ લેશે ? આ બ્રહ્મચર્યનું વ્રત જો બધા લાંબો સમય પાળે તો શું થઈ જાય ?
થોડાં વર્ષોથી શહેરમાં ચકલીઓ ઓછી થઈ રહી છે. નીષ્ણાતોનું માનવું છે કે એમનાં ખોરાકમાં, પાણીમાં કે હવામાનમાં આવેલ ફેરફારને લીધે એમનું પ્રજનન તંત્ર ખોરવાઈ ગયું છે. આવી જ રીતે કોઈ નવું કાતીલ રસાયણ કે નવાં વાયરસ આપણા પ્રજનન તન્ત્રને ખોરવી દે એ શક્યતા નકારી ન શકાય. આવા સંજોગોમાં કોઈપણ આત્મા મનુષ્ય યોનીમાં જન્મ ન લઈ શકે. બધા માટે મોક્ષ અશક્ય થઈ જાય.

http://suratiundhiyu.wordpress.com/

બે ત્રણ પેઢી પહેલાનાં દંપતીને આઠ - દસ બાળકો હોવાં સામાન્ય બાબત હતી. હવે મોટાભાગના લોકો બે ત્રણ બાળકોથી સન્તોષ માને છે. વધુ બાળકોને જન્મ ન આપવાનો નીર્ણય માતા-પીતાનો હોય છે, જે વૈજ્ઞાનીક શોધોને લીધે શક્ય બન્યું છે. આ બધાં દૃષ્ટાન્તોથી જન્મનો નીર્ણય કોને આધીન હોય છે એનો વીવાદ શમી જાય છે.

પુનર્જન્મની તરફેણમાં કરવામાં આવતી બીજી દલીલ છે અવારનવાર છાપામાં ચમકતા પુર્વજન્મની યાદ(સ્મરણ)ના દાવા. આવા દાવાઓની પોકળતા એ છે કે તે હમ્મેશાં કોઈ દુરના ગામમાં જ થતા હોય છે. આપણા શહેરના કોઈને ક્યારેય પણ પોતાના પુર્વજન્મની યાદ આવી હોય એવું વાંચવામાં આવ્યું નથી.

અમેરીકામાં પણ એક વખત આવો બનાવ બન્યો હોવાનું વાંચ્યું હતું. કુતુહલવશ, ત્યાંની મોટી પબ્લીક લાયબ્રેરી, જ્યાં બધાં મોટાં શહેરોનાં છાપાં આવતાં હોય ત્યાં જઈ કથીત ગામની નજીકનાં શહેરોનાં છાપાં ઉથલાવી જોયાં. માત્ર એ દીવસના જ નહીં; પણ એની આગળપાછળના **4-5** દીવસનાં છાપાં જોયાં; પરન્તુ ક્યાંય પણ એ ગામના આવા બનાવ વીશેનો ઉલ્લેખ નહોતો.

એ શહેરોમાં પણ ક્યારેક પુર્વજન્મની યાદના દાવા છપાતા હશે. એ દાવાઓ એમના શહેરના નહીં; પણ અન્ય કોઈ શહેરના હશે. ક્યારેક કોઈ દુરના શહેરના છાપામાં મુમ્બઈમાં કોઈને પુર્વજન્મની યાદના સમાચાર આવ્યા હશે. તેમ છતાં તે વેળાના મુમ્બઈનાં એક પણ છાપામાં એનો ઉલ્લેખ નહીં હોય.

છાપાંઓનો મુખ્ય હેતુ પોતાનું વેચાણ વધારવાનો હોય છે. સનસનાટીભર્યા સમાચાર એમાં મદદ કરે છે. એવા બધા સમાચાર સાચા હોવાનું માની ન લેવાય.

પુનર્જન્મની યાદની બીજી પણ એક ખાસીયત છે. જેને પણ આવી યાદ આવી હોય તે કોઈ દુરના પ્રદેશના કોઈ કુટુમ્બના સભ્ય હોવાનું કહે. કોઈને પણ પોતે વાંદો, સાપ, મચ્છર કે ગટરમાં પડ્યા રહેતા ડુક્કર હોવાનું યાદ નથી આવતું. શા માટે ?

જાણીતા લોકોને હીપ્નોટીઝમથી ભુતકાળમાં લઈ જઈ પુર્વજન્મની યાદ તાજી કરાવતી એક સીરીયલ થોડા સમય પહેલાં ટીવી પર બતાવાતી હતી. ટુંક સમયમાં જ એને બન્ધ કરવી પડી. અન્ધશ્રદ્ધાથી ભરપુર દેશમાં પણ એ ચાલી શકી નહીં, તે બાબત પોતે જ ઘણું કહી જાય છે.

એ માન્ય છે કે કોઈને પણ પુર્વજન્મની યાદ ન હોવી; એ પુનર્જન્મ ન હોવાની નક્કર સાબીતી ન ગણાય. એ જ રીતે છુટા છવાયા એકલદોકલ કહેવાતા દાવાઓને પુર્વજન્મ હોવાની સાબીતી

http://suratiundhiyu.wordpress.com/

પણ ન જ ગણાયને ? પુનર્જન્મની માન્યતામાં આટલાં છીંડાં હોય, દુનીયાની અડધાથી વધુ પ્રજા એમાં માનતી ન હોય છતાંયે ભારતમાં તે આટલી કેમ સ્વીકારાઈ છે ?

પ્રાચીન વૈદીક વીચારધારામાં પાપોનો (ખોટાં કાર્યોનો) નાશ કરવાનો સાવ સહેલો ઉપાય બતાવવામાં આવ્યો હતો. પુજાપાઠ, વ્રત, હવન, ચોક્કસ દીવસે નદીમાં સ્નાન વગેરે કરવાથી પાપોમાંથી મુક્તી મળે. બીજી રીતે જોઈએ તો આવી ગોઠવણથી ખોટું કરવાનો પરવાનો મળી જતો. મનફાવે તેમ વર્તો અને અમુક ક્રીયાકાંડ કરી ખોટું કર્યાના પરીણામ ભોગવવામાંથી છુટકારો મેળવો. આ માટે જરુરી ક્રીયાકાંડ કરનાર બ્રાહ્મણોનો ધન્ધો ખુબ ફુલ્યોફાલ્યો. આ ગોઠવણે પરમાત્માને આજના ભ્રષ્ટ સરકારી અધીકારીની સમકક્ષ લાવી દીધા. ફાવે તેમ કાયદાનો ભંગ કરો અને લાગતાવળગતા અધીકારીને પૈસા આપો એટલે તે જવા દે.

પરમાત્માને થોડી લાલચ આપી કે ખુશામત કરી મનાવી લેવાનો આ ઉકેલ કેટલાક વીદ્વાન વીચારકોને વાજબી લાગ્યો નહીં. સમાજમાં વ્યવસ્થા અને જાહેર શાન્તી માટે માણસોને ખોટું કરતાં અટકાવવું જરુરી હતું. એના વીકલ્પ રુપે એમણે એક નવો નીયમ શોધ્યો, બનાવ્યો. આ નવા નીયમ અનુસાર સારાં કર્મો(પુણ્ય)નું સારું ફળ જરુર મળે; પણ એનાથી ખરાબ કર્મો(પાપ)નો નાશ થાય નહીં. ખરાબ કર્મોનું ફળ પણ ભોગવવું જ પડે. આ નીયમ કર્મના સીદ્ધાન્ત તરીકે જાણીતો થયો.

કર્મના સીદ્ધાન્તની લોકમાનસ પર થોડી અસર થઈ ખરી; પણ સાથેસાથે આ સીદ્ધાન્તમાં પણ છીંડાં દેખાવાં લાગ્યાં. બધાનો રોજબરોજનો અનુભવ કંઈક જુદો જ હતો. ખોટું કરનારા મોજ કરતા હતા, જ્યારે સારું કરનારને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ વીટમ્બણાનો એક માત્ર ઉકેલ હતો, કર્મના ફળ માટેની સમયમર્યાદા વધારવાનો. દરેક સારા કે ખરાબ કર્મનું ફળ ભોગવવું જ પડે છે. આ ભવમાં ન બને તો આવતા ભવમાં અથવા તો પછીના કોઈપણ ભવમાં ભોગવવું તો પડે જ. આ હતી પુનર્જન્મની માન્યતાની શરુઆત.

પ્રાચીન ભારતમાં કર્મનો સીદ્ધાન્ત અને પુનર્જન્મનો ખ્યાલ ફેલાવવાનો બીજો (કદાચ વધુ અગત્યનો) હેતુ વૈદીક સમયની વર્ણવ્યવસ્થાને કાયમી બનાવવાનો હતો. નીચલા વર્ણોના માનસમાં એમના ઉતરતા દરજ્જાનો ખ્યાલ ઠસાવવા માટે પુનર્જન્મની કલ્પના આબાદ કારગત નીવડી. જેથી એના પ્રચાર અને પ્રસાર માટે કર્મકાંડીઓનો મોટો ઉદ્યોગ ખીલી નીકળ્યો. કોઈ એકલદોકલ વ્યકતી એની વાસ્તવીકતા વીશે પ્રશ્ન કરે તો સ્થાપીત હીતો એને તુરન્ત દબાવી દેતા. આવી માન્યતાઓને લીધે ત્યારથી ચાલી આવતી વર્ણવ્યવસ્થા એના વીકૃત સ્વરુપે આજ

http://suratiundhiyu.wordpress.com/

સુધી ટકી રહી છે. (બુદ્ધ અને મહાવીરે વર્ણવ્યવસ્થાનો વીરોધ કર્યો અને પુનર્જન્મને પણ માન્ય રાખ્યો તેથી વર્ણવ્યવસ્થાને અટકાવી શક્યા નહીં)

પુનર્જન્મને સ્વીકાર્ય બનાવવા આત્માને શરીરથી અલગ અને અમર બતાવવો જરુરી હતો. આનાથી માણસની અમર થવાની જન્મજાત અભીલાષા પણ સન્તોષાતી હતી. આ તો એક પંથ ને દો કાજ જેવું થયું ! ભાવતું'તું એ વૈદે બતાવ્યું ! લોકમાનસને અમર આત્માની કલ્પના એટલી ગમી ગઈ કે એની સાથે સંકળાયેલું બધું જ એમણે સહર્ષ સ્વીકારી લીધું.

પુનર્જન્મમાં ન માનતી પ્રજામાં પણ અમરત્વની પ્રબળ ઈચ્છા હોય છે. આ ઈચ્છા સન્તોષવા પ્રાચીન ઈજીપ્તમાં મૃત શરીરને મમી **(Mummy)** બનાવી સાચવી રાખતા હતા. આજે પશ્ચીમના દેશોમાં મમી બનાવવાને બદલે શબને કોફીનમાં સાચવીને જમીનમાં દટાય છે.

શરીરથી સ્વતન્ત્ર એવો અમર આત્મા, પુનર્જન્મ અને કર્મનો સીદ્ધાન્ત એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. જો એકને પ્રચલીત માન્યતા પ્રમાણે સ્વીકારીએ તો બાકીના બે ને પણ એવા જ અર્થમાં સ્વીકારવા પડે. એ જ રીતે જો એકની પ્રચલીત માન્યતાને નકારી એના વીકલ્પને સ્વીકારીએ તો બાકીના વીકલ્પ પણ શોધવા પડે.

આ લેખમાળામાં શરીરથી સ્વતંત્ર એવા આત્માના સ્વરુપને નકાર્યું છે. (તારીખ: **4-03-2011**ની પોસ્ટ : વૈજ્ઞાનીક દૃષ્ટીએ આત્માનું સ્વરુપ ) એના વીકલ્પ રુપે, સજીવોને નીર્જીવથી અલગ પાડતું તત્ત્વ જે આપણા **DNA**માં અંકીત માહીતી છે એને આપણી ચેતના કહી છે. આ ચેતના આપણા માતા-પીતામાંથી આપણામાં આવે છે અને આપણા દ્વારા આપણા બાળકોમાં ઉતરે છે. બીજે ક્યાંયથી નથી આવતી. બીજા શબ્દોમાં કહીએ તો આ ચેતના પેઢી દર પેઢી નવું શરીર ધારણ કરે છે, એટલે કે પુનર્જન્મ પામે છે.

એવું માનવામાં આવે છે કે આગલા ભવમાં કરેલ કર્મોને લીધે આ ભવમાં મનુષ્ય અવતાર મળ્યો છે તેમ જ ઉચ્ચ ધર્મ અને જ્ઞાતી મળ્યા છે. (બધાને પોતાના ધર્મ અને જ્ઞાતી સર્વોત્તમ લાગે છે.) આ કહેવાનો અર્થ એ થયો કે કોઈ પ્રાણીનો આત્મા આપણામાં આવ્યો છે. આ માન્યતાથી માતા-પીતાના વારસાની ઘોર અવહેલના થાય છે. બીજો પણ એક સવાલ છે. વાંદા, મચ્છર, સાપ કે ડુક્કરે એવાં કયાં “પુણ્ય” કર્યાં હશે જેને લીધે એમને મનુષ્ય અવતાર મળ્યો હોય ! દર વર્ષે કરોડોના હીસાબે વધતી વસ્તી જોતાં એટલું કહી શકાય કે કાં તો પ્રાણીઓ ખુબ “સત્કર્મી” બન્યા છે અથવા આ માન્યતા સાવ પોકળ છે.

http://suratiundhiyu.wordpress.com/

મોટા ભાગના લોકો ધર્મનો ઉપયોગ વધુ સમ્પત્તી અને સુખસગવડ મેળવવાના સાધન તરીકે કરે છે. એ સમ્પત્તી તેઓ સાથે નથી લઈ જવાના; બલકે સન્તાનો માટે છોડી જવાના છે. વળી એ પણ તેઓ જાણે છે, સમજે છે અને પરોક્ષ રીતે સ્વીકારે છે કે એમનું “અમરત્વ” પુર્વજન્મ દ્વારા નહીં; પણ સન્તાનો દ્વારા જળવાવાનું છે. પ્રચલીત પુનર્જન્મમાં જો પુરો વીશ્વાસ હોત તો પોતાની મોટાભાગની સમ્પત્તી સત્કાર્યોમાં વાપરી આવતા ભવનું ભાથું બાંધત. તે ઉપરાન્ત પોતાના વાનપ્રસ્થાશ્રમનો સમય વધુ અર્થોપાર્જનને બદલે પોતાને ગમતાં સત્કાર્યોમાં કરત. પ્રચલીત માન્યતા, આદર્શો અને વાસ્તવીકતા વચ્ચેના આ વીરોધાભાસને કેમ નજરઅંદાજ કરવામા આવે છે ! કેમ હાંસીયામાં ધકેલી દેવામાં આવે છે ?

હવે વાત રહી કર્મના સીદ્ધાન્તની. જે રીતે આપણી ચેતના આપણા સન્તાનોમાં ઉતરી આવે છે એ જ રીતે આપણાં સારાં-નરસાં કર્મોનાં ફળ પણ તેઓ ભોગવે છે. ગરીબને ત્યાં જન્મનારને શરુઆતથી જ સંઘર્ષો કરવા પડે છે. એને દુર્ભાગ્ય ગણવું કે જીવન ઘડતરની પાઠશાળા ગણવી તે દરેકના દૃષ્ટીકોણ પર આધાર રાખે છે. આ ઉપરાન્ત બધા પોતાનાં કર્મોનાં ફળ એક યા બીજા સ્વરુપે આ જન્મમાં જ ભોગવે છે.

એટલું સાચું છે કે ચેતના, પુનર્જન્મ અને કર્મનો સીદ્ધાન્ત એકબીજા સાથે અવશ્ય સંકળાયેલા છે. ફરક એટલો છે કે તે શરીરથી સ્વતંત્ર એવા આત્માને લીધે નહીં; પણ સજીવોની પોતાનો વંશવેલો આગળ વધારવાની મુળભુત વૃત્તીને લીધે છે. એટલા માટે જ તો યોગ્ય સમયે પ્રજનન તંત્રનો વીકાસ આપમેળે થાય છે. (શરીરનાં બીજાં બધાં તંત્રો પોતાનું અસ્તીત્વ ટકાવી રાખવા માટે છે.) નેશનલ જ્યોગ્રાફી જેવી ચેનલ જોનારે, પોતાનો વંશવેલો વધારવા જીવસટોસટની લડાઈ કરતા પ્રાણીઓ જોયા હશે. આપણે થોડા સંસ્કારી અને સંયમી હોવાથી એ રીતે ઝઘડતા નથી છતાં કુદરતી રીતે તો પ્રાણી જ છીએ.

ઉત્ક્રાન્તીવાદ અને સર્જનવાદ વચ્ચે મુખ્ય ફરક એ છે કે ઉત્ક્રાન્તીવાદ પ્રમાણે સજીવોની પ્રજાતીઓ કુદરતી પરીબળોને આધીન ધીરેધીરે વીકસી છે. જ્યારે સર્જનવાદ પ્રમાણે બધું એક સાથે એક સમયે સર્જાયું છે, સહેતુક સર્જવામાં આવ્યું છે. સર્જનવાદ વીશે કેટલાક પ્રશ્નો છે. એમાંથી અત્યારે બે પ્રશ્નો વીશે વીચારીએ.

સર્જન માટે સર્જકની જરુર પડે છે. સર્જક ક્યારે પણ પોતાના સર્જનની અન્દર હોતો નથી. તે સર્જનની બહાર હોય છે. આ કીસ્સામાં સર્જનની બહાર એટલે તારામંડળો અને અવકાશ સહીત સમસ્ત બ્રહ્માંડની બહાર હોવું જરુરી છે. બ્રહ્માંડની બહાર શું હોઈ શકે એની હજી સુધી કોઈને કલ્પના સુધ્ધાં નથી. કંઈપણ હોય તો વળી એના સર્જક વીશે પણ આ જ પ્રશ્ન ઉભો રહે

http://suratiundhiyu.wordpress.com/

છે. સર્જનવાદમાં માનતી બધી વીચારધારાઓ સર્જકને પૃથ્વી ફરતા વાદળોની ઉપર હોવાનું કહે છે. બ્રહ્માંડની સરખામણીએ પૃથ્વી એક રજકણ માત્ર છે. આપણા સીવાય બીજા કોઈ માટે એનું કશું મહત્ત્વ નથી. વાદળોની ઉપર થોડા અન્તર માટે પાતળું વાતાવરણ છે, પૃથ્વીનું ચુમ્બકીય ક્ષેત્ર છે અને માનવસર્જીત ઉપગ્રહો પૃથ્વીની પ્રદક્ષીણા કરે છે. ત્યાં બીજું કંઈ નથી. જો સર્જકના અસ્તીત્વને સ્વીકારીએ તો એક નવો પ્રશ્ન ઉભો થાય છે. સર્જકને કોણે સર્જ્યો ? જો સર્જક સ્વયમ્ભુ હોય તો બ્રહ્માંડ સ્વયમ્ભુ કેમ ન હોઈ શકે ?

બીજો પ્રશ્ન સર્જનના હેતુ વીશે છે. આ વીષયમાં ક્યાંય સ્પષ્ટ માહીતી નથી. સર્જનના સમય વીશે પણ મતમતાન્તર છે. એક વીચારધારા પ્રમાણે બધું આશરે સાત હજાર વરસ પહેલાં સર્જાયું છે. જ્યારે બીજી વીચારધારા અનન્તકાળની વાતો કરે છે.

અંગ્રેજી સાહીત્યની એક પરીકથા પ્રમાણે મેઘધનુષ્યને છેડે સોનાનો ચરુ હોય છે. કોઈ વ્યક્તી જ્યારે અવાસ્તવીક ખ્વાબ જોતી હોય ત્યારે તે આ કાલ્પનીક સોનાના ચરુ પાછળ દોડી રહી છે એવું કહેવાય છે. આ ચરુ માત્ર એક પરીકલ્પના હોવાથી ક્યારે પણ કોઈને મળ્યો નથી. (મેઘધનુષ વાતાવરણમાં રચાય છે. એ પુરો ગોળ હોવાથી એને છેડો નથી. એ ક્યાં પણ જમીનને સ્પર્શતો નથી.)

પુનર્જન્મ, સ્વર્ગ, મોક્ષ વગેરેની માન્યતાઓ પણ આ સોનાના ચરુ જેવી હોઈ શકે છે. મોક્ષને જીવનનું અંતીમ ધ્યેય ગણી એ દીશામાં પવૃત્ત રહેવા કરતાં પૃથ્વીપરની સજીવ-નીર્જીવ સૃષ્ટીના સારા ભવીષ્ય માટે પ્રવૃત્તી કરવી વધુ વહેવારુ છે.

ઉત્ક્રાન્તીમાં અત્યારે મનુષ્ય છેલ્લો છે; પણ અંતીમ નથી. આપણાથી વધુ વીકસીત પ્રજાતી કેવી હશે એની કલ્પના ઘણાએ કરી છે પણ ખબર કોઈને નથી. ત્રીકાળજ્ઞાની કોઈ થયું નથી અને થવું શક્ય નથી. ત્રીકાળજ્ઞાન પણ એક કલ્પનામાત્ર છે. ભવીષ્ય જાણી શકનારને ભુતકાળની ખબર હોવી જ જોઈએ. ભુતકાળ અને ત્યારના ભવીષ્ય વીષેની ઘણી પુરાણી માન્યતાઓ ખોટી સાબીત થઈ છે, જે ત્રીકાળજ્ઞાનની ભ્રામકતા પુરવાર કરે છે.

સત્ય ક્યારેક સરળ હોય છે તો ક્યારેક અટપટું અને કડવું પણ હોય છે. લોકોને એ ગમતું ન હોવાથી એનાથી દુર ભાગે છે. કેટલાક લોકો પોતાની માન્યતાઓને એટલા પંપાળતા હોય છે કે નવો વીચાર સાંભળવા કે સમજવા પણ માગતા નથી. એના વીશે વીચારવાની તેમ જ ગમે તો સ્વીકારવાની વાત તો દુર રહી. એકબીજાથી વીરોધી વીચારોનું વાચન કરીએ તો મનોમન્થનનું વલોણું થાય અને એમાંથી સત્ય ઉભરી આવે. ઘણી વીચારધારાઓ શરુઆતમાં સમ્પુર્ણ સત્ય જેવી લાગતી હોય છે. સમય જતાં એમાં ત્રુટીઓ દેખાવા લાગે છે એટલે એના વીકલ્પ શોધાય

http://suratiundhiyu.wordpress.com/

છે. એ રીતે નવી વીચારધારાઓ અસ્તીત્વમાં આવે છે. આર્થીક હોય, રાજકીય હોય કે ધાર્મીક હોય, કોઈપણ ક્ષેત્રની આજસુધીની એકપણ વીચારધારા સર્વમાન્ય થઈ શકી નથી. દરેક ક્ષેત્રમાં નવા વીચારનો અવકાશ છે.

પુરાણી માન્યતોને ક્યાં સુધી વળગી રહીશું ? અણગમતાં સત્યો ક્યારે સ્વીકારતા થઈશું ?
-મુરજી ગડા

## માળા એટલે શું ? તેમાં 108 મણકા કેમ રખાય છે ?

સંસારની આંટીઘૂંટી, જીવનનિર્વાહ માટેની દોડધામ અને ક્યારેક આળસના લીધે મનુષ્ય દિવસમાં એક વાર પણ પરમકૃપાળુ પરમાત્માનું સ્મરણ કરતો નથી હોતો. આવી પરિસ્થિતિથી આપણા પૂર્વજો અજાણ ન હતા. ઋષિમુનિઓ આવા વ્યસ્ત મનુષ્યોને દિવસમાં એક વાર પ્રભુસ્મરણ કરવાની પ્રેરણા આપતા હતા. જે આગળ વધતા પાંચ વાર અને પછી અગિયાર વાર નામસ્મરણ કરવા કહેતા. પ્રભુસ્મરણ માટે પોતે આપેલ મંત્ર જપવા માટે જ્યારે ચોક્કસ ગણતરીની જરૂરત ઊભી થઈ ત્યારે મણકાવાળી માળાનો જન્મ થયો હોવો જોઈએ તેમ માનવામાં આવે છે.

બહુ જ સાદા અર્થમાં કહીએ તો મંત્ર-માળાની ગણતરીની સાનુકૂળતા માટેનું સાધન એટલે માળા. આ માળા 108 મણકાની બનાવવામાં આવી તે પાછળનું રહસ્ય જાણવા જેવું છે. મનુષ્યની શારીરિક રચના મુજબ તે 1 મિનિટમાં 15 વાર શ્વાસ લે છે. આ ગણતરી પ્રમાણે મનુષ્ય 24 કલાકમાં 21,600 વાર શ્વાસ લે છે. આપણા શાસ્ત્રોમાં પણ તેની નોંધ છે. રાત્રિના 12 કલાક જો બાદ કરી લઈએ તો દિવસના 12 કલાકમાં મનુષ્ય 10,800 વાર શ્વાસ લે છે. સ્વાભાવિક છે કે દરેક શ્વાસે ભગવાનનું સ્મરણ ન થઈ શકે. પરંતુ જો વિધિપૂર્વક મંત્રનો જાપ કરવામાં આવે તો પ્રત્યેક મંત્રજાપનું 100ગણું ફળ મળે છે. ઋષિમુનિઓના આ વિધાન મુજબ દિવસ દરમ્યાન જો 108 વાર મંત્રનો વિધિપૂર્વક જાપ થાય તો તેનું 100ગણું ફળ મળે. તે ગણતરીએ (108 x 100 = 10800) માળામાં 108 મણકા પરોવવામાં આવ્યા હતા. 108 મણકાની એક માળા મંત્રજાપ કરી ફેરવવાથી શ્વાસેશ્વાસે ભજન કર્યું ગણાય. આમ દિવસમાં એક માળા ફેરવવી એ પ્રભુભજનનું પહેલું પગથિયું ગણાય છે.

108 મણકા માટેનો બીજો મત ખગોળશાસ્ત્રીય છે. ખગોળશાસ્ત્ર પ્રમાણે સૂર્ય-ચંદ્રના આધારે પૃથ્વી ઉપર ઋતુચક્ર ચાલે છે. સૂર્યના માર્ગને પ્રાચીન ઋષિ-વૈજ્ઞાનિકોએ 27 વિભાગોમાં વહેંચીને પ્રત્યેક

http://suratiundhiyu.wordpress.com/

વિભાગમાં રહેલા તારાઓના સમૂહને 'નક્ષત્ર' સંજ્ઞા આપી છે. આ નક્ષત્ર માળાના આધારે આપણી માળાની કલ્પના કરવામાં આવી છે. પ્રત્યેક નક્ષત્રના ચાર ચરણ હોય છે. આથી 27 નક્ષત્રોના મળીને કુલ 108 ચરણ થાય છે તેથી માળાના મણકાની સંખ્યા 108 રખાઈ છે તેમ આપણા પૂર્વજોનું માનવું છે. બ્રહ્માંડની નક્ષત્રમાળા જેને કેન્દ્રમાં રાખીને ફરે છે તે સ્થાનને 'સુમેરુ પર્વત' નામથી શાસ્ત્રમાં વર્ણવવામાં આવ્યું છે. આથી માળાના બંને છેડા જ્યાં મળે છે તે સ્થાનને અને તે મણકાને 'સુમેરુ' કહેવામાં આવે છે જે અપભ્રંશ થઈ મેરુ તરીકે ઓળખાય છે. જ્યારે માળા ગણતાં મેરુનો મણકો આવે છે ત્યારે 108 મંત્રજાપ પૂરા થયાનો સંકેત મળે છે અને ભાવિકો તે સમયે મેરુને આંખે અડકાડે છે. મેરુના મણકાને રેશમના દોરાના ગુચ્છાથી પરોવવામાં આવે છે.

માળાના આ મણકાઓ વિવિધ પ્રકારની વસ્તુઓમાંથી બનાવવામાં આવે છે, પરંતુ શાસ્ત્રોક્ત રીતે આ મણકા સુખડના લાકડાના કે સાદા લાકડાના હોય તે પસંદ કરવામાં આવે છે. ગળામાં પહેરવાની માળા તુલસીના લાકડામાંથી બનાવવામાં આવે છે જેનાથી કેટલાક રોગોમાં રાહત થાય છે. મનુષ્યના પોતાના મનની શાંતિ માટે, પરમાત્માના ઉપકારોનું ઋણ અદા કરવા માટે માળા દ્વારા મંત્રજાપ કરે છે.

## મંદિરની પ્રદક્ષિણા શા માટે કરવામાં આવે છે?

આપણે જ્યારે કોઈ મંદિરમાં જઈએ ત્યારે ભગવાનનાં દર્શન કર્યા પછી આપણે મંદિરના ગર્ભાગારની પ્રદક્ષિણા કરીએ છીએ. લોકો સામાન્ય રીતે ત્રણ વાર પ્રદક્ષિણા કરતા હોય છે. ક્યાંક આ સંખ્યા એક, ત્રણ, સાત, અગિયાર હોય છે. મંદિર સિવાય વડ અને પીપળાના વૃક્ષની પ્રદક્ષિણા કરવામાં આવે છે. ગણપતિજીએ પણ માતા-પિતાની પ્રદક્ષિણા કરીને સમગ્ર બ્રહ્માંડની પ્રદક્ષિણા કરી લીધી હતી. જે વાત સૌ કોઈ જાણે છે.

મધ્યબિંદુ વિના વર્તુળ દોરી શકાતું નથી. ઈશ્વર આપણા જીવનનું મધ્યબિંદુ, ઉદ્ભવસ્થાન અને સારતત્ત્વ છે. તેને આપણા જીવનનું મધ્યબિંદુ ગણીને આપણે દૈનિક કાર્યો કરતા હોઈએ છીએ.

વળી, વર્તુળ ઉપરનું દરેક બિંદુ કેન્દ્રથી સમાન અંતરે આવેલું હોય છે. એનો અર્થ એવો છે કે આપણે જ્યાં હોઈએ કે જે કંઈ પણ હોઈએ, આપણે સમાન રીતે ઈશ્વરની સમીપે જ છીએ. કોઈ પણ જાતના ભેદભાવ વિના તેની કૃપા આપણી તરફ વહેતી હોય છે.

http://suratiundhiyu.wordpress.com/

પ્રદક્ષિણા હંમેશાં ડાબેથી જમણી બાજુ કરવામાં આવતી હોય છે. તેવું શા માટે તે જાણીએ. જ્યારે આપણે પ્રદક્ષિણા કરીએ છીએ ત્યારે ભગવાન હંમેશાં આપણી જમણી બાજુએ હોય છે. હિન્દુઓ જમણી બાજુને પવિત્ર ગણે છે, તેથી આપણે પ્રદક્ષિણા કરતા હોઈએ ત્યારે આપણે સતત એ વાતનું સ્મરણ રાખવું જોઈએ કે ધર્મના અને ઈશ્વરના પક્ષમાં રહીને આપણે પવિત્ર અને નેક જીવન જીવવાનું છે. ઈશ્વર શક્તિ અને મદદના ખૂબ જ જરૂરી મૂળ સ્રોત છે, તે આપણા જીવનના સાચા પથદર્શક છે, સાચા મદદગાર છે. આમ વિચારવાથી આપણે આપણી દુષ્પ્રવૃત્તિઓ અને ભૂતકાળમાં કરેલાં પાપ ફરીથી કરવામાંથી બચી જઈએ છીએ.

આપણાં શાસ્ત્રો આપણને બોધ આપે છે. માતૃ દેવો ભવ. એટલે કે માતાને દેવરૂપ માનો. પિતૃ દેવો ભવ. એટલે કે પિતાને દેવરૂપ માનો. આચાર્ય દેવો ભવ. એટલે કે આચાર્યને દેવરૂપ માનો. આ વાતને ધ્યાનમાં રાખીને આપણે આપણાં માતા, પિતા અને ગુરુની દેવોની જેમ પ્રદક્ષિણા કરેલી તે કથા જાણીતી છે.

મંદિરમાં પૂજા કર્યા પછી આપણે મંદિરની પ્રદક્ષિણા કરીને આપણા અંતરમાં વરેલા પરમાત્માને સ્વીકારીને આપણે તેમનું સ્મરણ કરીએ છીએ. આપણે બહાર જેની મૂર્તિસ્વરૂપે પૂજા કરીએ છીએ, તે જ પરમાત્મા આપણી અંદર છે - પરંપરા - સુખદેવ આચાર્ય

## ઇશ્વર અંશ જીવ અવિનાશી...

સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ(નિરંકારી બાબા)એ પોતાના પ્રવચનોમાં જણાવ્યું છે કેઃ ધાર્મિક ગ્રંથોને ફકત એકલા વાંચવાના નથી,પરંતુ તેને સમજવાની પણ જરૂરત છે.સદગુરૂના મુખારવિંદથી નીકળેલો એક એક શબ્દ ખૂબ જ ઉંડાણમાં વિચાર કરવા પ્રેરે છે.ગુરૂભક્તનું કામ તો તેને અમલમાં લાવવાનું હોય છે.સદગુરૂએ સર્વવ્યાપી પરમપિતા પરમાત્માના દર્શન(અનુભૂતિ) કરાવ્યાં છે જે પરિપૂર્ણ, અભેદ અને અછેદ છે.પરમપિતા પરમાત્મા કણ કણ અને ઘટ ઘટમાં વ્યાપ્ત છે,પરંતુ કણ કણ અને ઘટ ઘટ પરમપિતા પરમાત્મા નથી.પરમાત્માનું નૂર બધામાં છે,ભલે પછી તે જડ હોય કે ચેતન.આ સૃષ્ટિમાં અમે જે કંઇ જોઇ રહ્યા છીએ તે તમામમાં પરમાત્માનું નૂર છે.કહ્યું છે કેઃ

આદમકો ખુદા મત કહો,આદમ ખુદા નહી, લેકિન ખુદાકે નૂરસે,આદમ જુદા નહી...

જીવ ઇશ્વરનો જ અંશ છે,પરંતુ ઇશ્વર નથી.જીવને ચૌરાશી લાખ યોનિઓમાંથી મુક્તિ મેળવવી છે, એટલા માટે સંત મહાત્માઓએ પરમાત્માને ઓળખવાની વાત કહી છે.હવે સવાલ એ પેદા થાય કેઃ શું પોતાના મૂળની ઓળખાણ થઇ ગયા પછી જીવ પોતાના મૂળ (નિરાકાર પ્રભુ પરમાત્મા)માં

http://suratiundhiyu.wordpress.com/

વિલિન થઇ જાય છે? અથવા તેનું પોતાનું અસ્તિત્વ રહે છે? આ જાણતાં પહેલાં જીવ શું છે?તેને જાણવું ખૂબ જ જરૂરી છે.જીવ શું છે? અને તેને મુક્તિ કેમ જોઇએ?

ભક્ત શિરોમણી તુલસીદાસજીએ રામચરીત માનસમાં કહ્યું છે કેઃ

સુનહું તાત યહ અકથ કહાની,સમુઝત બનઇ ન જાઇ બખાની,

ઇશ્વર અંશ જીવ અવિનાશી,ચેતન અમલ સહજ સુખરાશી,(રામચરિત માનસઃ૧૧૬/ખ/૧)

હે તાત ! આ કથનીય કથા તો સાંભળો ! જે સમજવાથી જ બને તેમ છે,પણ તે સંપૂર્ણ રીતે વર્ણવી શકાય તેમ નથી.જીવ ઇશ્વરનો અંશ છે અને તેથી જ તે અવિનાશી,ચૈતન્યરૂપ,નિર્મળ અને સહજરૂપે સુખનો રાશિ છે.તે માયાને વશ થઇને પોપટની જેમ કે વાંદરાની માફક બંધાઇ રહ્યો છે.આ રીતે જડ અને ચેતનમાં ગાંઠ પડીને તે એકરૂપ થઇ ગયાં છે.જો કે તે ગાંઠ મિથ્યા જ છે,પરંતુ તેના છુટવાની વાત કઠણ સમજવી. અને એ ગાંઠ પડવાથી જીવ સંસારી બની ગયો(જન્મીને મરનારો).હવે નથી તો તે ગાંઠ છૂટતી કે નથી તેને સુખ પ્રાપ્ત થતું.વેદોએ તથા પુરાણોએ એને ઉપાયો બતાવ્યા હોવા છતાં પણ તે ગાંઠ નથી છૂટતી ઉલ્ટાની વધારેને વધારે મજબૂત થતી જાય છે.જીવોના હ્રદયમાં મોહરૂપી અંધકાર વિશેષ હોવાથી તેમને આ ગાંઠ નજરે પડતી નથી ત્યારે છૂટવાની તો કેવી રીતે હતી ?

અવિનાશી તે જ હોય છે જે ક્યારેય નષ્ટ થતો નથી.જે નષ્ટ થઇ જાય અથવા જેનું અસ્તિત્વ સમાપ્ત થઇ જાય તે અવિનાશી ન કહેવાય.વિલય પછી તો અસ્તિત્વ જ સમાપ્ત થઇ જાય છે,જેમ નદી સમુદ્રમાં ભળી જાય છે તો તેના નામ તથા પોતાનું અસ્તિત્વ જ સમાપ્ત થઇ જાય છે.

મન,બુધ્ધિ,ચિત્ત,અહંકાર,પાંચ જ્ઞાનેન્દ્રિયો,પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ પ્રાણથી જીવ બને છે અને મુક્તિની આવશ્યકતા પણ આ જીવને જ છે. "સત્યાર્થ પ્રકાશ" અનુસાર જીવ બળ,પરાક્રમ,આકર્ષણ,પ્રેરણા, ગતિ, ભિષણ,વિવેચન,ક્રિયા,ઉત્સાહ,સુમિરણ,નિશ્ચય,ઇચ્છા,પ્રેમ,દ્વેષ,સંયોગ-વિયોગ,વિભાગ,સંયોજક,વિભાજક, શ્રવણ,સ્પર્શ,દર્શન,સ્વાદન અને ગંધગ્રહણ- આ ૨૪ પ્રકારના સામર્થ્યથી યુક્ત હોય છે.

જીવ જયારે સ્થૂળ શરીરને છોડે છે તો પાંચ મહાભૂત(પૃથ્વી,પાણી,અગ્નિ,વાયુ,આકાશ) પોતાના મૂળ તત્વમાં ભળી જાય છે.શેષ રહે છેઃ જીવાત્મા. જે અજર અમર છે.જીવ અને આત્માનો એક પ્રકારનો સમવાય સબંધ છે.આત્મા નિરાકાર પરમાત્માનું જ સુક્ષ્મરૂપ છે.જયારે અમે નિરાકાર પ્રભુ પરમાત્માનું વિરાટરૂપ જોઇએ છીએ તો તેને પરમાત્મા કહીએ છીએ અને સુક્ષ્મરૂપ જોઇએ છીએ તો આત્મા કહીએ છીએ, જો કે પરમાત્મા અને આત્મા એક જ પરમસત્તાનાં બે અલગ અલગ નામ

http://suratiundhiyu.wordpress.com/

છે.આત્મા એટલા માટે તમામ પ્રકારના બંધનોથી મુક્ત છે.કર્મોનું બંધન તો જીવની સાથે છે,જે તેને વારંવાર વિભિન્ન યોનિઓમાં જન્મ લેવા માટે વિવશ કરે છે.

અજામેકાં લોહિતશુકલ કૃષ્ણ, બહુ વીઃપ્રજા સૃજમાનાં સરૂપા,

અજો હમકો જુષમાણોડનુશેને, જહાત્યેનાંમુક્તભોગામજોઅન્યાઃ (શ્વેતાશ્વર ઉપનિષદઃ૪/૫)

એટલે કેઃપ્રકૃતિ,જીવ અને પરમાત્મા ત્રણે અજન્મા છે,અર્થાત્ આ ત્રણે તમામ જગતના કારણરૂપ છે,તેમનું કારણરૂપ કોઇ નથી.આ અનાદિ પ્રકૃતિનો ભોગ અનાદિ જીવ કરીને ફસાય છે,પણ આમાં પરમાત્મા ફસાતા નથી કે ભોગ પણ કરતા નથી.

જયારે માનવી ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સદગુરૂના શરણમાં નતમસ્તક થઇને પોતાને પૂર્ણરૂપે સમર્પિત કરી દે છે તો સદગુરૂ તેને બ્રહ્મજ્ઞાન આપીને તમામ પ્રકારના બંધનોમાંથી મુક્ત કરી દે છે,ભલે પછી તે કર્મો પૂર્વજન્મોના હોય કે આ જન્મનાં હોય.સદગુરૂ જ્ઞાનરૂપી અગ્નિથી જીવનાં તમામ કર્મો બાળી નાખે છે અને આ જન્મ મરણના ચક્કરમાંથી મુક્ત થઇ જાય છે.જીવની મુક્તિ માનવયોનિમાં જ સંભવ છે.મનુષ્ય યોનિઓમાં જ જીવ તમામ યોનિઓથી વધુ ચેતન હોય છે,બાકીની તમામ યોનિઓ ભોગ યોનિઓ છે,ફક્ત માનવ યોનિ જ એક માત્ર એવી યોનિ છે જેમાં જીવને પૂર્વજન્મના કર્મોના ફળ ભોગવવાની સાથે સાથે નવા કર્મો કરવાની પણ સ્વતંત્રતા હોય છે.મનવયોનિમાં જ જીવ કર્મોના બંધનથી બંધાય છે.જેમ કીચડ પાણીથી જ બને છે અને જયારે કીચડથી પગ બગડે છે ત્યારે પાણી દ્વારા જ સાફ કરી શકાય છે-તેવું જ માનવયોનિનું છે.

આ એક મોટી વિડંબણા છે કેઃકેટલાક લોકો એવું માને છે કેઃ મૃત્યુ બાદ મુક્તિ મળે છે.આ વાત પૂર્ણતઃ સાચી નથી,કારણ કેઃરાજા જનક જીવત જીવ જ વિદેહી કહેવાયા તથા સંત કબીરે પણ કહ્યું છે કેઃ

હમ ન મરૈ મરિહૈ સંસારા, હમકો મિલ્યા જીયાવનહારા......

આધ્યાત્મિક દ્રષ્ટ્રિમાં મુક્તિ શબ્દનો અર્થ થાય છેઃજીવિત અવસ્થામાં જ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને તમામ પ્રકારના બંધનોથી મુક્ત થવું.મરણ પછી તો આ અમૂલ્ય માનવજન્મથી જ મુક્તિ મળે છે,કોઇપણ પ્રકારના બંધનથી નહી ! એકવાર આ માનવજન્મ છૂટી ગયા પછી પુનઃ મળતો નથી.

હવે મુખ્ય વિષયની ચર્ચા કરીએ કે- જે જીવને સદગુરૂ દ્વારા બ્રહ્મજ્ઞાન નથી મળતું તે તો પુનઃ લક્ષચૌરાશી યોનીઓમાં ચક્કર ફર્યા જ કરે છે,પરંતુ જે જીવને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે તે જીવ આવાગમનના ચક્કરમાંથી મુક્ત થઇ જાય છે.જો જીવનું નિરાકાર પ્રભુ પરમાત્મામાં વિલય થઇ જાય તો પછી જીવ મુક્તાવસ્થાનો આનંદ કેવી રીતે ભોગવે?મુક્તાવસ્થામાં જ જીવ પરમાનંદના આનંદને કોઇપણ પ્રકારની શ;કા,ભય,શોકથી રહિત થઇને ભોગવે છે,વાસ્તવમાં મુક્ત જીવની સાથે

http://suratiundhiyu.wordpress.com/

જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો રહેતી નથી,મુક્ત જીવ જયારે જેવી રીતે આનંદને ભોગવવાની કલ્પના કરે છે તો તેના સંકલ્પમાત્રથી તેને તે ઇન્દ્રિય પ્રાપ્ત થાય છે અને તે ઇન્દ્રિય દ્વારા તે કલ્પિત આનંદને ભોગવી લે છે.

જે સૌથી મુખ્ય વાત છે તે નિરાકાર પ્રભુ પરમાત્માની પરિપૂર્ણતા. જો જીવનો નિરાકાર પ્રભુ પરમાત્મામાં વિલય થાય છે તો તેનો અર્થ એ થાય કેઃનિરાકાર પ્રભુ પરમાત્મા પૂર્ણ નથી.પરમાત્મા તો અભેદ અને અછેદ છે.કોઇપણ વસ્તુનો બીજી વસ્તુમાં વિલય ત્યારે જ સંભવે છે કે તેમાં વિલય થવા માટે જગ્યા ખાલી હોય,જેમકેઃપાણીમાં ખાંડ/મીઠું ઓગળીને સમસ્ત પાણીને મીઠું/ખારૂં બનાવી દે છે.હવામાં ખુશ્બુ(સુગંધ)ભળી જાય છે,આકાશમાં શબ્દ ભળી જાય છે. એક નિરાકાર પ્રભુ પરમાત્મા સિવાય તમામમાં વિલય કરવા માટે જગ્યા હોય છે.જો થોડો ઉંડાણપૂર્વક વિચાર કરવામાં આવે તો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે તે પ્રમાણે

આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી,આને અગ્નિ બાળી શકતો નથી,આને પાણી ભિંજવી શકતું નથી અને પવન આને સુકવી શકતો નથી.(ગીતાઃ૨/૨૩) એનું કારણ એ છે કેઃ આ નિરાકાર પ્રભુ પરમાત્મા એટલો પરિપૂર્ણ છે કેઃ સોઇની અણી જેટલી જગ્યા પણ તેના વિના ખાલી નથી,જયારે તેના વિના કોઇ જગ્યા જ ખાલી નથી તો શસ્ત્ર ચલાવવા માટે જગ્યા જ બચતી નથી તો પછી શસ્ત્ર ચલાવશો કેવી રીતે? કારણ કેઃશસ્ત્ર ચલાવવા માટે પણ જગ્યા જોઇએ,આવું જ અગ્નિ,હવા,પાણી પર લાગુ પાડી શકાય. - વિનોદભાઇ એમ.માછી "નિરંકારી"

## અખાત્રીજ-અક્ષયતૃતિયાનું આધ્યાત્મિક દર્શન

ભારત દેશ સંસ્કૃતિ પ્રધાન દેશ છે.હિન્દુ સંસ્કૃતિમાં વ્રતો અને તહેવારોનું વિશેષ મહત્વ છે.વ્રત અને તહેવારો નવી પ્રેરણા અને સ્કુર્તિનું સંવહન કરે છે,તેનાથી માનવીય મૂલ્યોની વૃધ્ધિ થાય છે અને સંસ્કૃતિનું નિરંતર પરિપોષણ તથા સંરક્ષણ થાય છે.ભારતીય મનીષિયોએ વ્રત-પર્વોનું આયોજન કરીને વ્યક્તિ અને સમાજને પથભ્રષ્ટ થવાથી બચાવ્યા છે.અક્ષયતૃતિયાનું પર્વ વસંત અને ગિષ્મના સંધિકાળનો મહોત્સવ છે.ભારતીય સમયની ગણતરી અનુસાર ચાર સિદ્ધ અભિજિત મુહૂર્ત છેઃ ચૈત્ર સુદ એકમ(ગુડી પડવો), અખાત્રીજ, દશેરા અને દિવાળી પહેલાંની પ્રદોષ તિથિ..

વૈશાખ સુદ-ત્રીજને અક્ષય તૃતિયા કે અખાત્રીજ પણ કહેવામાં આવે છે.અક્ષય નો શાબ્દિક અર્થ છેઃ જેનો ક્યારેય નાશ(ક્ષય) ના થાય અથવા જે સ્થાઇ રહે. સ્થાઇ તે જ રહી શકે છે કે જે સત્ય છે.સત્ય ફક્ત પરમાત્મા(ઇશ્વર) જ છે કે જે અક્ષય,અખંડ અને સર્વવ્યાપક છે.આ અક્ષયતૃતિયા તિથિ ઇશ્વર તિથિ છે.આ અક્ષય તિથિ પરશુરામજીનો જન્મદિવસ હોવાથી પરશુરામ તિથિ પણ કહેવામાં આવે છે.ચાર યુગો (સતયુગ,ત્રેતાયુગ,દ્વાપરયુગ તથા કળિયુગ) માં ત્રેતાયુગનો પ્રારંભ આ અખાત્રીજથી થાય છે.

અખાત્રીજથી ભગવાનશ્રી બદ્રીનારાયણના પટ ખુલે છે,ત્યાં દર્શનાર્થીઓ તથા ભક્તોની અપાર ભીડ રહે છે.ભક્તો દ્વારા આ દિવસે કરવામાં આવેલ પુણ્ય કાર્યો,ત્યાગ,દાન-દક્ષિણા,જપ-તપ,હોમ-હવન..વગેરે કાર્યો અક્ષયની

http://suratiundhiyu.wordpress.com/

ગણતરીમાં આવી જાય છે.અખાત્રીજના દિવસે વૃદાવનમાં શ્રી વિહારીજીના ચરણોના દર્શન વર્ષમાં ફક્ત એક જ વાર થતા હોય છે.દેશના ખૂણે ખૂણેથી શ્રધ્ધાળુ ભક્ત જનો ચરણ દર્શનના માટે વૃદાવન પધારતા હોય છે.આ દિવસે અમોને આત્માન્વેષણ,આત્મવિવેચન તથા અવલોકન કરવાની પ્રેરણા આપે છે.આ દિવસ નિજ મન મુકુર સુધારી નો દિવસ છે.આ દિવસે અમારે સમજવાનું..વિચારવાનું કે ભૌતિકરૂપથી દેખાતું આ સ્થૂળ શરીર..સંસાર અને સંસારની તમામ વસ્તુઓ ક્ષયધર્માં(નાશવાન) છે.નાશવાન વસ્તુઓ અસદભાવના..અસદવિચાર..અહંકાર..સ્વાર્થ..કામ..ક્રોધ તથા લોભ પૈદા કરે છે.જેને ભગવાને શ્રીમદ ભગવદ ગીતામાં(૧૬/૧૮) આસુરી વૃત્તિ કહી છે.જ્યારે અક્ષયધર્મા સકારાત્મક ચિન્તન-મનન અમોને દૈવી સંપત્તિની તરફ લઇ જાય છે,તેનાથી અમો ત્યાગ..પરોપકાર..મૈત્રી..કરૂણા અને પ્રેમ પામીને પરમ શાંતિ પામીએ છીએ,એટલે કે અમોને દિવ્ય ગુણોની પ્રાપ્તિ થાય છે.આ દ્દષ્ટિથી આ તિથિ અમોને માનવીય મૂલ્યોને પસંદ કરવાનો સંદેશ આપે છે.

અખાત્રીજનો દિવસ સામાજીક પર્વનો દિવસ છે.આ દિવસે બીજું કોઇ મુર્હુત ના જોતાં સ્વયં સિધ્ધ અભિજિત શુભ મુર્હુતના કારણે વિવાહોત્સવ..વગેરે માંગલિક કાર્યો કરવામાં આવે છે. અક્ષયગ્રંથ ગીતાઃ ગીતા સ્વંયમ એક અક્ષય..અમરનિધિ ગ્રંથ છે.જેનું પઠન..પાઠન..મનન તથા સ્વાધ્યાય કરીને અમો જીવનની પૂર્ણતાને પામી શકીએ છીએ.જીવનની સાર્થકતાને સમજી શકીએ છીએ અને અક્ષય તત્વ(પરમાત્મા) ને પ્રાપ્ત કરી શકીએ છીએ. અખાત્રીજ તિથિ..સોમવાર અને રોહિણી નક્ષત્ર ત્રણેનો યોગ ઘણોજ શુભ માનવામાં આવે છે.વૈશાખ સુદ-અખાત્રીજે જો રોહિણી નક્ષત્ર ના હોય..પોષની અમાસે મૂળ નક્ષત્ર ના હોય..રક્ષાબંધનના દિવસે શ્રવણ અને કારતક સુદ પુનમના દિવસે કૃત્તિકા નક્ષત્ર ના હોય તો પૃથ્વી પર દુષ્ટોનું બળ વધે છે અને તે વર્ષે અનાજની ઉપજ પણ સારી થતી નથી. અખાત્રીજની જેમ અમારો સંકલ્પ દ્દઢ..શ્રધ્ધાપૂર્ણ અને અમારી નિષ્ઠા અતૂટ હોવી જોઇએ તો જ અમો વ્રતોપવાસોનું સમગ્ર આધ્યાત્મિક ફળ પ્રાપ્ત કરી શકીશું.

સંકલનઃ સુમિત્રાબેન ડી..નિરંકારી - છક્કડીયા ચોકડી,તા.ગોધરા,જી.પંચમહાલ (ગુજરાત) - Sumi7875@gmail.com

## મહાન ઉપદેશ

સંતવાણીમાં ૠષિઓ-સંત મહાત્માઓએ લખ્યું છે કેઃ મનુષ્યએ છ ચીજોનો આશ્રય લેવો જોઇએ.

- ઇશ્વરીય ગ્રંથોનું અવલંબન..
- ૠષિ મુનિઓ દ્વારા પ્રચાર કરવામાં આવેલ ઇશ્વરની આજ્ઞાનું પાલન કરવું..
- ખાન પાનની પવિત્રતા..
- આપણને દુઃખ આપનારા અને નિન્દા કરનારાઓને પણ દુઃખ ન આપવું.તથા નિંદા ન કરવી..
- નિષિધ્ધ કર્મોથી દૂર રહેવું.. અને
- જે કંઇ આપવાનો વિચાર થાય તેનો તુરંત જ અમલ કરવો..

જ્યાં સુધી અમારી જીવન યાત્રા ચાલે છે ત્યાં સુધી અમારે કંઇને કંઇ તો કરવું જ પડતું હોય છે.અમે કંઇ જ ના કરીએ તો પણ અમારૂં શરીરરૂપી યંત્ર તો કામ કરતું જ રહે છે.અમે અમારી પોતાની મરજીથી જે કંઇ કાર્યો કરીએ છીએ તેમાં ભૂલો થવાની સંભાવના રહે છે,અમારી શક્તિ નિરર્થક જાય છે,પરંતુ જો અમે અનુભવના આધારે બોલેલા વચનો અનુસાર કાર્યો કરીએ તો અમોને પુરેપુરો લાભ થાય છે અને અમારી શક્તિ નષ્ટ થતી નથી.મનુષ્ય માત્રએ બે વાતો ખાસ યાદ રાખવી જોઇએ કેઃ સંસાર મિથ્યા છે,તેને છોડીને એક દિવસ જવાનું છે

http://suratiundhiyu.wordpress.com/

અને ક્યાં જવાનું છે તેની જાણકારી મેળવવા હંમેશાં ઉત્સુક રહેવું જોઇએ. અમારી સત્તા..અમારી વાસ્તવિકતા તો પ્રભુ પરમાત્મા છે,તેમને અમારે જાણવાના છે.આના માટે અમોએ સંતો મહાત્માઓ પાસેથી માર્ગદર્શન મળે છે..

સંતો અમોને સમજાવે છે કેઃ જો આપણામાં પુસ્તકો તથા ગ્રંથો વાંચવાની ભાવના હોય તો ઇશ્વરીય ગ્રંથોનું અધ્યયન કરવું જોઇએ,કારણ કેઃઇશ્વરને જાણવા એ આપણું મુખ્ય લક્ષ્ય છે.પ્રાચિન યુગમાં માતા-પિતા બાળકોને ઋષિ મુનિઓની પાસે તેમના આશ્રમમાં મોકલી આપતા હતા,કારણ કેઃ તેઓ સમજતા હતા કેઃ મનુષ્યનું મુખ્ય લક્ષ્ય તો ઇશ્વરને જાણવા એ છે.ત્યાં ખાવા પીવાની કોઇ કમી ન હતી. તમામ પ્રકારની સુખ સુવિધાઓ હોવા છતાં મનુષ્યએ પોતાના લક્ષ્યને ભુલવું જોઇએ નહી.અન્ય પુસ્તકો વાંચવાથી મનુષ્ય પ્રકૃતિની સાથે જોડાય છે જ્યારે ઇશ્વરીય ગ્રંથો વાંચવાથી ભલે મનુષ્ય લક્ષ્યની પ્રાપ્તિ ના કરે, પરંતુ લક્ષ્યની સાથે જોડાઇ રહે છે..

બીજી વાત સંતો અમોને સમજાવે છે કેઃઋષિ મુનિઓ દ્વારા પ્રચાર કરવામાં આવેલ ઇશ્વરની આજ્ઞાનું પાલન કરવું જોઇએ. કહેવામાં આવે છે કેઃઇશ્વર સંતોના મુખના માધ્યમથી બોલતા હોય છે.જ્યારે પ્રભુ પરમાત્મા કોઇનું ભલું કરવા ઇચ્છે છે તો તે સંતોના માધ્યમથી સંસારને સંદેશ આપે છે કેઃ આવાં આવાં કર્મો કરો.આમ,સંતોના વચનોને જીવનમાં કર્મરૂપમાં અપનાવનાર સુખી જીવન જીવે છે.તે તમામનું ભલું ઇચ્છે છે..ઇર્ષા-નિંદા-ચુગલીથી દૂર રહે છે,હ્રદયમાં બદલાની ભાવના રાખતા નથી,તેથી તે હંમેશાં પ્રસન્ન રહે છે.

યુગપુરૂષ બાબા અવતારસિંહજી મહારાજ (નિરંકારી બાબા) પોતાના પ્રસિધ્ધ ગ્રંથ અવતારવાણીમાં લખે છે કેઃ

જે ઇશ્વરને શોધે દુનિયા, સંત હ્રદયમાં વાસ કરે,
સંતની જિહ્વા ઉપર બેસી, અમૃતવાણી રૂપે સરે.
સમય ગયા પછી હાથ ના આવે, કર્મ કરો જે કરવું છે,
ભૂલીને સઘળી માન મોટાઇ, સંત ચરણ શીર ધરવું છે.
ધન્ય ધન્ય છે એ માનવને, જેને એવું કામ કીધું,
વચન ગુરૂનું ધારી હ્રદયમાં, જોઇ પ્રભુનું ધામ કીધું.
પ્રભુ પ્રિતને જે લઇ શકતો, એ વિરલો વ્યાપારી છે,
અવતાર નામના વ્યાપારી પર વારંવાર બલિહારી છે...

(અવતારવાણીઃપદઃ૭૩)

ત્રીજી વાત સંતો અમોને સમજાવે છે કેઃ ખાવા પીવામાં પવિત્રતા રાખો.જીવન જીવવા માટે ખાવો પીવો પરંતુ ખાવા પીવા માટે જ ના જીવો.ખાવા પીવામાં બનાવટ ના હોવી જોઇએ..લોભ અને દેખાડાપણાનો ભાવ ના હોવો જોઇએ.ખાવા પીવામાં પવિત્રતા ખુબ જ જરૂરી છે.મનુષ્યની જે સ્વાભાવિક વૃત્તિ-સ્થિતિ બને છે તેમાં આહાર પણ એક કારણ છે..કહેવત છે કેઃ જેવું ખાય અન્ન તેવું થાય મન.. આમ, સાત્વિક આહારથી સાત્વિક વૃત્તિ બને છે.

ઉપનિષદ કહે છે કેઃ અન્નમય હિ સૌમ્ય મન..(છાંદોગ્ય ઉપનિષદ)

જેવું અન્ન હોય છે તેવું જ મન બને છે.અન્નની અસર મન ઉપર પડે છે.અન્નના સૂક્ષ્મભાગથી મન (અંતઃકરણ) બને છે,બીજા નંબરના ભાગથી વિર્ય,ત્રીજા ભાગથી લોહી અને ચોથા ભાગથી મળ બને છે.આથી મનને શુધ્ધ બનાવવા માટે ભોજન શુધ્ધ પવિત્ર હોવું જોઇએ.

જ્યાં ભોજન કરીએ છીએ ત્યાંનું સ્થાન,વાયુ મંડળ..દ્રશ્ય તથા જેના ઉપર બેસીને ભોજન કરીએ છીએ તે આસન પણ શુધ્ધ પવિત્ર હોવું જોઇએ.ભોજન બનાવવાવાળાના ભાવો, વિચારો પણ શુધ્ધ સાત્વિક હોવા જોઇએ.ભોજન કરતાં પહેલાં હાથ પગ અને મુખ શુધ્ધ પવિત્ર જળથી ધોઇ લેવાં..પછી પૂર્વ કે ઉત્તર દિશાની તરફ

http://suratiundhiyu.wordpress.com/

મુખ રાખીને શુધ્ધ આસન ઉપર બેસીને ભોજનની તમામ ચીજોને ભગવાન ને અર્પણ કરીને જ ભોજન શરૂ કરવું.પ્રત્યેક કોળિયો મુખમાં મુક્યા પછી બત્રીસવાર ચાવવાથી જ તે ભોજન સુપાચ્ય અને આરોગ્યદાયક થાય છે. ભોજન કરતી વેળાએ મનને શાંત તથા પ્રસન્ન રાખવું જોઇએ.

શુધ્ધ નીતિની કમાણીના પૈસાથી અનાજ..વગેરે પદાર્થો ખરીદવામાં આવે..રસોઇ પવિત્ર જગ્યાએ સ્વચ્છ વસ્ત્ર પહેરીને..પવિત્રતાપૂર્વક બનાવવામાં આવે..ભોજન ભગવાનને અર્પણ કરવામાં આવે અને ભગવાનનું નામ-ચિન્તન કરતાં કરતાં પ્રસાદ બુધ્ધિથી ભોજન ગ્રહણ કરવામાં આવે તો એવું ભોજન સાત્વિક ભોજન કહેવાય છે.

ચોથી વાત અમોને સંતો સમજાવે છે કેઃઆપણને દુઃખ આપનારા અને નિન્દા કરનારાઓને પણ દુઃખ ના આપવું તથા તેમની નિંદા ન કરવી. અમોને જે દુઃખ આપી રહ્યા છે તે પહેલાંથી જ અમારાથી વધુ દુઃખી છે,જો અમે તેમને વધુ દુઃખ આપીશું તો અમારામાં બદલાની ભાવના આવી જશે..એટલે જે અમોને દુઃખ આપે છે તેમને ક્યારેય દુઃખ ના આપવું અને જો અમારી નિંદા થાય તો તેના અનુસાર અમારામાં સુધારો કરવાનો પ્રયાસ કરવો,પરંતુ ક્યારેય અમારી નિંદા કરનારની નિંદા ન કરવી..પરંતુ તેમનો આભાર માનવો,તેનાથી અમારી ઉન્નતિ થશે તેમાં શંકા નથી.

પાંચમી વાત સંતો સમજાવે છે કેઃ અમારે નિષિધ્ધ કર્મોથી દૂર રહેવાનું છે.એવા કામો કે જે ન કરવાની સંત મહાપુરૂષોએ પ્રેરણા આપી છે તે તથા જે કામો કરવાથી અમારી અવનતિ થાય છે તેવા કામ ક્યારેય ન કરવા.દારૂ પીવો..અસત્ય ભાષણ..જુગાર રમવો..વ્યભિચાર..હિંસા..અનીતિની કમાણી.. વગેરે કર્મો ત્યજી દેવાં..

છઠ્ઠી વાત સંતો સમજાવે છે કેઃ જે કંઇ દાન આપવાના શુભ સંકલ્પની સ્ફુરણા થાય તેનો તુરંત જ અમલ કરી દેવો. સામાન્ય રીતે મનુષ્યની પ્રકૃતિ જ એવી છે કેઃતે કોઇને પણ કોઇપણ ચીજ આપવા ઇચ્છતો જ નથી..પરંતુ ક્યારેક કોઇને કંઇપણ આપવાની ભાવના જાગે તો આ કામ તુરંત જ કરી દેવું. જીવનમાં આપણે જે કંઇ ખાધું પીધું..ભોગવ્યું તેની કોઇ કિંમત નથી.આપણે બીજાને કેટલું આપ્યું..? તેનું જ મૂલ્ય છે.

સંતો મહાપુરૂષોએ અમોને જે કંઇ ઉપદેશ આપે છે,અમે હ્રદયથી તેનો અમલ કરીએ, કારણ કેઃતેમના ઉપદેશને જીવનમાં અપનાવવાથી જ અમારૂં જીવન સુખી સમૃદ્ધ અને આનંદથી ભરપૂર બને છે.....!

સંકલનઃ સુમિત્રાબેન ડી..નિરંકારી - છક્કડીયા ચોકડી,તા.ગોધરા,જી.પંચમહાલ (ગુજરાત) - Sumi7875@gmail.com

## સફળ જીવન જીવવા માટેનાં નીતિસૂત્રો-૧

- ❖ સંસારમાં માણસની તમામ શક્તિ તેની બુધ્ધિમાં હોય છે.
- ❖ એકમાત્ર શક્તિથી કામ થતું નથી,તેની સાથે બુદ્ધિ..ચતુરાઇની પણ જરૂર પડે છે.
- ❖ પરીશ્રમ કરનારની જ ગરીબાઇ દૂર થાય છે.
- ❖ ઝઘડો થતો હોય ત્યાં ક્યારેય ઉભા ન રહેવું,કારણ કેઃઘણી વખત ઝઘડામાં નિર્દોષ માર્યો જાય છે.
- ❖ પોતાની અંગત વાતો બીજાને કહેનાર લોકો દગો પામે છે.
- ❖ પત્ની (પત્ની માટે પતિ)..ધન..અને ભોજન જેવું પણ હોય..આ બધું જો સમયસર મળી જાય તો જ ઉત્તમ છે.
- ❖ પુસ્તકને વાંચ્યા સિવાય પોતાની પાસે રાખવું તે યોગ્ય નથી જ,તેના કરતાં તો પુસ્તક ના રાખવું વધારે સારૂં.
- ❖ પોતાની આવક કરતાં વધારે ખર્ચ કરનાર ક્યારેય સુખી થતો નથી.
- ❖ શક્તિશાળી દુશ્મન અને કમજોર મિત્ર હંમેશાં નુકશાનકર્તા છે.

http://suratiundhiyu.wordpress.com/

- જે લોકો પોતાના મનનો..પોતાના હ્રદયનો સાદ સાંભળીને ચાલે છે તે હંમેશાં સુખી થાય છે.
- વિશ્વમાં દોષ વગરનો માનવી મળવો મુશ્કેલ છે.જો માત્ર દોષ શોધવામાં આવે તો ચારેબાજુ દોષ જ દેખાશે..
- માણસના વ્યવહાર અને વર્તન પરથી જ તેના વંશની ખબર પડે છે.ભાષા ઉપરથી તેના દેશની ખબર પડે છે.વ્યવહારથી કુળની અને શરીર જોવાથી તેના ખાનપાનની ખબર પડે છે.
- દયા વિનાનો ધર્મ..વિદ્યા વિનાના ગુરૂ..ઝઘડાળુ સ્ત્રી અને પ્રેમ વિનાના સબંધ...એ બધાનો ત્યાગ કરવો યોગ્ય છે.
- પ્રવાસમાં વિદ્યા મિત્ર છે..ઘરમાં પત્ની મિત્ર છે..ઔષધ રોગીનો મિત્ર છે..ધર્મ મૃતકનો મિત્ર છે.
- જે પરીવારમાં પતિ-પત્ની વચ્ચે ક્લેશ કંકાશ થતો નથી તે ઘર સુખી અને સમૃદ્ધ બને છે.
- મનુષ્યની ઉંચાઇ તેના સદગુણોને આભારી છે.ઉચ્ચ સ્થાને બેસવાથી વ્યક્તિ ઉંચી થઇ જતી નથી.
- સાહસ કર્યા સિવાય મહત્વપૂર્ણ કાર્ય થઇ શકતું નથી.
- મીઠું લાગે છતાં અહિતકારી ના હોય તેવું વચન ક્યારેય ના બોલવું.
- માનવીનો સૌથી મોટો દુશ્મન તેનો અહંકાર છે.
- મર્યાદાનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ક્યારેય સુખી થઇ શકતી નથી.
- સ્ત્રીનું સાચું આભૂષણ લજ્જા છે.
- ખરાબ માણસનો સંગ કરવો તેના કરતાં સાપનો સંગ કરવો સારો.
- વિદ્યા એક ગુપ્ત ધન છે,તેને કોઇ જોઇ શકે નહી..ચોરી શકે નહી..લૂંટી શકે નહી.. તે ખોવાય નહી..તે બધી રીતે સુરક્ષિત હોય છે.
- દુષ્ટ કર્મોથી દૂર રહેનાર મનુષ્ય ઉપર ભગવાનની પ્રસન્નતા રહે છે.
- સુખ અને દુઃખ વચ્ચેના અંતરને ઓળખો.સુખની પ્રાપ્તિ માટે દુઃખની મુક્તિ મેળવવી જરૂરી છે.
- જે સ્ત્રી પોતાના પતિ સિવાય બીજાને જુવે છે..બીજા પુરૂષની સાથે પ્રેમ કરે છે તે ગમે ત્યારે દગાબાજ થઇ શકે છે..તેવી સ્ત્રીઓથી હંમેશાં દૂર રહો..તે કોઇ એકની બનીને રહી શકતી જ નથી.
- પુરૂષની સરખામણીમાં સ્ત્રીનું ભોજન બેગણું વધારે..શરમ ચાર ગણી વધારે..હિંમત છ ગણી વધારે અને કામવાસના આઠ ગણી વધારે હોય છે.
- મોહમાયાની જાળમાં ફસાયેલ કોઇપણ વ્યક્તિને શાંતિ મળતી નથી.
- જો ધનનો સંગ્રહ કરવામાં આવે તો તે નિરર્થક છે..જો ધનને દાનમાં આપવામાં આવે તો તે લાભદાયી છે.ધનને ખરાબ કામમાં વાપરવું એ પાપ છે.
- કામના અને કામવાસના ખરાબ નથી તેનો અતિરેક ભયંકર છે.
- એકતારામાં સંગીત છે,પરંતુ તેને ખોલી નાખવાથી હાથમાં કાંઇ ના આવે ! ફુલમાં સુગંધ છે,પરંતુ તેને વિખેરી નાખવાથી કંઇ પ્રાપ્ત થતું નથી.સુંદરતાને ભોગવો,પરંતુ તે ક્યાં છે તે શોધવાથી નહી મળે..
- સ્થાનના આધારે સ્થિતિ ફરે..આપણે સ્થિતિના આધારે સ્થાનને ફેરવીએ તે જ ખરી મોટાઇ છે.
- કુસંગનો સંગ ક્યારેય ના કરવો..
- પારકા પાસે પોતાપણું અર્પણ કરી પારકાને પોતાનો કરી લે તે શક્તિ સંતોમાં હોય છે.
- જરૂર હોય તો જરૂર લેવું..જરૂર ના હોય તો જરાય ના લેવું..નહી તો જરૂરીયાત ઉભી થશે.
- દેહ અને આત્માને જુદા પાડવાની પ્રક્રિયાનું નામ જ મૃત્યું છે.
- પરીવારના માધ્યમથી પણ પરમાત્મા સુધી પહોંચી શકાય છે.

http://suratundriyu.wordpress.com/

- નાની ભૂલને ભૂલ ન સમજવી...એ મોટામાં મોટી ભૂલ છે.
- ઇંટથી બનાવેલ ઇમારત સલામતી ઇચ્છતી હોય તો અનંત કોષોથી બનેલી આ કાયા પણ સલામતી માંગી શકે..
- દુ:ખની જાણ અને પીડાની પહેચાન સુખ શોધવાની પહેલી શરત છે.પીડા વિના પ્રાર્થના જન્મતી નથી.
- શાંતિ પણ બે અશાંતિઓની વચ્ચેનું સ્થાન છે.
- માનવી પોતાના દુ:ખે દુ:ખી નથી..બીજાનું સુખ જોઇને દુ:ખી થાય છે.
- અભ્યાસનો અનુભવ નથી..અનુભવનો અભ્યાસ કામે લાગવાનો છે.
- તમે કહો અને હું માની લઉં એ વાત જુદી અને હું જાણી લઇ તમને કહું તે વાત પણ જુદી છે.
- અજ્ઞાનના કારણે નવ માસ દરમ્યાનના ગર્ભના દુ:ખનો અનુભવ નથી..અનુમાન છે.
- ચાલો..!! આપણે આપણું જીવન વાંચીએ ! શું આધ્યાત્મિક દ્દષ્ટિએ આપણે ગૂનેગાર નથી ? ભલે આપણું જીવન બીજું કોઇ ના જાણી શકે,પરંતુ અંતર્યામીથી અજાણ્યું હોઇ શકે ખરૂં ?
- નિંદનીય વંદનીય ત્યારે જ બની શકે,જ્યારે પ્રામાણિકતાથી પોતાની ભૂલો..પાપોનું સંત સમક્ષ પ્રસારણ કરે.
- ભક્તિ એટલે પોતાના સર્જક માટે અંતરમાંથી પ્રગટેલો પ્રેમ. ભક્તિ પ્રેમસ્વરૂપા છે.પૂર્ણ પ્રેમ વિના ભક્તિ થઇ શકતી નથી.
- કોઇ નથી રહ્યા ! નથી રહેવાના ! જવાના તેની તૈયારી કરો..તેનું નામ ભક્તિ !!
- શિષ્ય થવાના અધિકારી બનો.ગુરૂ થવું સહેલું છે,પરંતુ ગુરૂત્વ પામવું કઠીન છે..માનવમાં માનવતાના ગુણો વિકસાવવા કઠીન છે.
- બધાનો વિશ્વાસ રાખજો,પરંતુ પોતાના મનનો વિશ્વાસ ના રાખશો ! ક્યા સમયે ફરી જાય.. ફેરવી નાખે ! કેટલાકને મન એ રમાડ્યા તો કેટલાક મનને રમારડે !!
- પોતાનું જીવન તપાસીએ કે તે નિંદનીય છે કે વંદનીય છે ??
- પોતાના ગૂનાઓની કબૂલાત કરવી એ જ સ્વચ્છ થવાની રીત છે.
- પૈસાથી બધું ખરીદી શકાય છે,પરંતુ પ્રેમ..નમ્રતા..સહનશીલતા ખરીદી શકાતી નથી,તે તો સંત મહાત્માના સાનિધ્યથી જ પ્રાપ્ત થાય છે.
- જેવી રીતે પક્ષી જે વૃક્ષની ડાળ ઉપર બેસે છે તેને તે વૃક્ષનાં જ ફળ પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે મનની અવસ્થા પણ તેવી જ હોય છે..જેવી સંગત મળે છે તેવો જ તેના પર પ્રભાવ પડે છે.
- ધીરજ અને સંતોષની અવસ્થા ધારણ કરનારના જીવનમાં આનંદ પ્રાપ્ત થાય છે,જ્યારે પ્રભુ હ્દયમાં વસી જાય તો વિનમ્રતાનો ભાવ સહજમાં આવી જાય છે.
- ધરતીને સ્વર્ગ બનાવવી હોય તો સુંદર ભાવ..સુંદર ચાલ અને વ્યવહારીક જીવન પણ સુંદર હોવું જોઇએ.
- નદી કિનારે ઉભેલા વૃક્ષની જેમ જીવનની સ્થિતિ પણ ક્ષણભંગુર છે.
- નરકનો એક માત્ર દરવાજો અને મદીરા જેવી મોહીત કરનાર નારી છે (કામાસક્તિ)
- મૂર્ખ..પાપી..નીચ અને લુચ્ચા માણસોનો સંગ ના કરવો તથા તેમની સાથે નિવાસ ના કરવો.
- ભૂલ કબૂલ કરતાં શરમાવવું નહી,કારણ કે:ભૂલ કબૂલ કરવાનો સીધો અર્થ એ થાય છે કે ગઇકાલ કરતાં આજે હું વધારે સારો થયો છું.
- મહેલ ભલે ભવ્ય..! પણ એમાં કોઇ રહેતું ના હોય તો તે ખંડેર જેવો લાગે..તેવી જ રીતે ચારીત્રહીન માણસ ગમે તેટલી ભૌતિક સમૃદ્ધિવાળો હોય તો પણ ખંડેર જેવો છે.

http://suratiundhiyu.wordpress.com/

# જીવનમાં વણી લેવા જેવાં નીતિસૂત્રો...!! ૨ !!

- તમારે ઘેર કોઇ આવતું હોય તો ઇશ્વરનો આભાર માનજો.તમોને ઇનામમાં ટ્રોફી કે ગોલ્ડ મેડલ મળે,પરંતુ તે જોનાર ઘરમાં કોઇ નહી હોય તો કોને બતાવશો ? રડવાનું મન થાય ત્યારે કોઇના ખભા ઉપર માથું ટેકવવાની જરૂર પડે છે.સિનેમા કે નાટકમાં જતી વખતે બે ટીકીટ લેવાની થતી હોય તો પણ માનજો કે તમે નસીબદાર છો.
- પૈસા આપણી સગવડોમાં થોડો વધારો કરી શકે,પરંતુ સુખની ગેરન્ટી ના આપી શકે.સુખનું ઝરણું તો આપણી અંદર છે અને તે જ સુખનું સાચું સરનામું છે.
- માનવનું બાળપણ રમતમાં અને ઘડપણ પસ્તાવામાં જતું હોય છે તેથી તે વખતે ઇશ્વરનું સ્મરણ થતું નથી, માટે યુવાન અવસ્થામાં જ પ્રભુ ભક્તિ,ધ્યાન,ભજન,સેવા-સુમિરણ-સત્સંગ કરી લઇએ..
- દરેક મહાન કાર્યની શરૂઆતમાં ટીકાઓ અને નકારાત્મક વાતો સંભળાય છે,પરંતુ ધીર પુરૂષો તેમના ધ્યેય કાર્યથી ચલીત થતા નથી.ફક્ત એક દાંડીકૂચે આખા દેશની દિશા બદલી નાખી !
  મેં અકેલા ચલા થા જાનીબે મંઝીલ,મગર લોગ સાથ આતે રહે ઔર કારવાઁ બનતા ચલા !!
- આપણે બનાવટના વાઘા પહેરીએ છીએ..બનાવટી સ્મિત કરીએ છીએ..કુદરતને પણ બનાવવા ફરીએ છીએ.. એવું નથી લાગતું આપણે અદાવત..નપાવટ અને બનાવટ તરફ ઝડપથી જઇ રહ્યા છીએ..!!
- સેવા દિલથી..નિષ્કામ અને નિરઇચ્છિત ભાવથી કરીએ..પ્રસિદ્ધિ અને પોતાના અહમને સંતોષવા સેવા ના કરીએ !
- તમારા પ્રત્યે લોકો સારૂં વર્તન ના દાખવે તો તેમની સામે મોઢું ચઢાવીને કે ગુસ્સે થઇને વાત ના કરશો.બધા લોકો આપણી સાથે સારો વર્તાવ કરે તેવો અબાધિત નિયમ નથી,પરંતુ એક સજ્જન તરીકે આપણે સારૂં વર્તન કરવું જોઇએ.
- કોઇના વગર આ દુનિયામાં કશું અટકી જતું નથી.થોડો વખત કદાચ કોઇની ગેરહાજરી કે ખોટ સાલે પરંતુ કશું અટકતું નથી.તમારી આસપાસના લોકો, સગાં સબંધી તમોને એકલા છોડી દે ત્યારે આ સમજી લેવું જોઇએ.
- જીંદગી ખુબ ટૂંકી છે તેને કુરૂક્ષેત્ર બનાવી વધારે ટૂંકી ના બનાવશો.
- લાગણીઓ અને સંવેદનાઓ સમય સાથે વહી જશે.જેને તમે ખૂબ ચાહો છો તે પણ કદાચ તમોને નિરાશ કરે તો પણ શાંતિ રાખજો. વધારે પડતી આસક્તિને ખંખેરી નાખજો..
- જ્યારે તમે કંઇપણ કહો ત્યારે શબ્દો બહુ કાળજી પૂર્વક અને વિચારીને વાપરજો અને શબ્દોનું માન રાખજો. તમે બીજા માટે કદાચ કંઇક સારૂં કર્યું હોય તો પણ બીજાએ તમારા માટે તે પ્રમાણે જ કરવું જોઇએ તેવી અપેક્ષા ના રાખશો..

http://suratiundhiyu.wordpress.com/

- જીંદગી તો લોટરીની ટીકીટ જેવી છે.અહી ઇનામ લાગશે જ એવું કહી શકાય નહી.સખત પરીશ્રમનો કોઇ પર્યાય નથી.અહીં જીંદગીમાં કશું જ મફત મળતું નથી..મથવું પડે છે.
- વિજ્ય અને પરાજયમાં ખેલદિલી બતાવજો. પ્રશંસા જાહેરમાં કરજો અને ટીકા ખાનગીમાં કરજો..
- પોતાની જાતને સુધારવા સતત પ્રયત્નો કરજો.
- બધાંની આગળ દુઃખ અને મુશ્કેલીઓની વાતો ના કરવી.કોઇની પાસે નમક હોય છે તો કોઇની પાસે મલમ..
- ઘરમાં ઉંચા સાદે બોલવું નહી અને મોં બંધ રાખશો તો ઝઘડા આપોઆપ બંધ થઇ જશે..
- ઘૃણા અને તિરસ્કારના વિચારો કરશો તો તે બમણી ઝડપે તમારી પાસે પાછા આવશે..
- સારા પુસ્તકો વાંચતા રહેવું અને દરરોજ ડાયરી લખવી.
- જે લોકો પાસે ઉંચા અને ઉમદા વિચારો છે તેમની સાથે મિત્રતા કરવી..
- રોજ નિયમિત થોડો સમય એકાંતમાં ઇશ્વર માટે ફાળવવો.
- માણસ પોતાની દ્દષ્ટિ ત્યજી બીજાની દ્દષ્ટિથી જુવે તો અડધી દુનિયા શાંત થઇ જાય.
- આ પૃથ્વી પર આપણે એકલા નથી.સુખેથી જીવો અને જીવવા દો.વ્યક્તિ મટી આપણે વિશ્વ માનવ બનીએ.
- સુખનું બીજું નામ સમજણ.
- સુખ તો અત્તર જેવું છે કોઇની ઉપર જો છાંટશો તો થોડાં ટીપાં તમારી ઉપર પણ પડશે.મહેંદી મુકનારના હાથ આપોઆપ લાલ થઇ જાય છે,કરવા નથી પડતા.આ દુનિયામાં ક્યારેય આપણી જાતની સરખામણી બીજા સાથે ન કરીએ.આમ કરવાથી આપણે આપણી જાતનું જ અપમાન કરીએ છીએ..
- સદકાર્યો પૈસાના અભાવે અટકતા નથી.જો આપણી દાનત,ભાવના અને પ્રયત્નોમાં ખામી ના હોય તો તમે જે માંગશો તે જરૂરથી મળશે અને નહી માંગો તો નહી મળે.
- આપણે જાણે અજાણ્યે જીવતા જાગતા માણસોને પ્રેમ કરવાનું ભુલીને નિર્જીવ ચીજોને ગળે લગાવીએ છીએ.નિર્જીવ ચીજો તો વાપરવા માટે છે નહી કે પ્રેમ કરવા. આપણને હવે સબંધ કરતાં પણ વધુ સાધન વધારે અગત્યનાં લાગે છે.
- વાણી અને પાણી સંભાળીને વાપરવાં જોઇએ.શબ્દો વૃદ્ધિ પણ કરે અને વિનાશ પણ કરે.શબ્દો જ મારે અને શબ્દો જ તારે છે.શબ્દો ઉપરનો સંયમ ઉત્તમ તપ અને ઉપાસના છે.
  વાણી ઐસી બોલીએ મનકા આપા ખોઇ,ઔરન કો શિતલ કરે આપકી શિતલ હોઇ..!
  શબ્દ સંભાળી બોલીયે,શબ્દકે હાથ ન પાંવ, એક શબ્દ ઔષધિ કરે એક શબ્દ કરે ઘાવ..!
- માણસ જ્યારે રૂપિયાની નોટો ગણતો હોય છે ત્યારે કોઇ જગ્યાએ ધ્યાન આપતો નથી પણ જ્યારે સત્સંગ ભજનમાં બેઠો હોય છે ત્યારે બધે જ ધ્યાન આપે છે.

http://suratiundhiyu.wordpress.com/

- ઇશ્વર એકવારની ભૂલ માફ કરી શકે,પરંતુ એકની એક ભૂલ ફરી માફ ન કરી શકે.એકની એક ભૂલ વારંવાર કરવી તે બેદરકારી છે.ઇશ્વર પાસે આપણે ભૂલો સુધારવા ભેજું અને તે સ્વીકારવા કલેજું માંગીએ..
- નાના સરખા બનાવથી ઘણીવાર આપણે ઇશ્વરનો દોષ કાઢતા હોઇએ છીએ મનોમન નિરાશ થઇ જઇએ છીએ,પણ કદાચ તે સારા માટે પણ હોઇ શકે.
- સતત સરખામણી અને ફરીયાદો કરવાની આપણને ટેવ પડી ગઇ છે અને પછી દુઃખી થઇએ છીએ..
- ઇશ્વર જ્યારે રસ્તો બતાવવા અને દોરવા માંગે છે ત્યારે ગમે તે રીતે સ્વપ્નમાં પણ રસ્તો સુઝાડે છે.ભાવનાઓ શુદ્ધ હોય તો જીવનની દિશા બદલાઇ જાય છે.
- Every one thinks of Changing world, but no one thinks of Changing Himself..!
- સુકાયેલા ફુલોમાંથી ફોરમ શોધતો હતો, તૂટેલા તારોમાંથી રણકાર શોધતો હતો, ભાગેલા હૃદયમાંથી હેત શોધતો હતો, ફાટેલા ધર્મગ્રંથોમાંથી સંસારનો સાર શોધતો હતો, વિખૂટા પડેલા પરમાત્માથી આત્માનું મિલન શોધતો હતો, જન્મોજન્મથી ચાલતી આ ખોજ હે સદગુરૂ બાબા ! તમારા ચરણોમાં આવવાથી પૂર્ણ થઇ છે..!
- સંકલનઃ સુમિત્રાબેન ડી..નિરંકારી - છક્કડીયા ચોકડી,તા.ગોધરા,જી.પંચમહાલ (ગુજરાત) - Sumi7875@gmail.com

## જીવનમાં વણી લેવા જેવાં નીતિસૂત્રો...!

- માણસ પોતાની દ્રષ્ટિ ત્યજી બીજાની દ્રષ્ટિથી જુવે તો અડધી દુનિયા શાંત થઇ જાય.
- આ પૃથ્વી પર આપણે એકલા નથી.સુખેથી જીવો અને જીવવા દો.વ્યક્તિ મટી આપણે વિશ્વ માનવ બનીએ.
- સુખનું બીજું નામ સમજણ.
- સુખ તો અત્તર જેવું છે કોઇની ઉપર જો છાંટશો તો થોડાં ટીપાં તમારી ઉપર પણ પડશે.મહેંદી મુકનારના હાથ આપોઆપ લાલ થઇ જાય છે,કરવા નથી પડતા.આ દુનિયામાં ક્યારેય આપણી જાતની સરખામણી બીજા સાથે ન કરીએ.આમ કરવાથી આપણે આપણી જાતનું જ અપમાન કરીએ છીએ..
- સદકાર્યો પૈસાના અભાવે અટકતા નથી.જો આપણી દાનત,ભાવના અને પ્રયત્નોમાં ખામી ના હોય તો તમે જે માંગશો તે જરૂરથી મળશે અને નહી માંગો તો નહી મળે.
- માણસ જ્યારે રૂપિયાની નોટો ગણતો હોય છે ત્યારે કોઇ જગ્યાએ ધ્યાન આપતો નથી પણ જ્યારે સત્સંગ ભજનમાં બેઠો હોય છે ત્યારે બધે જ ધ્યાન આપે છે.
- ઇશ્વર એકવારની ભૂલ માફ કરી શકે,પરંતુ એકની એક ભૂલ ફરી માફ ન કરી શકે.
એકની એક ભૂલ વારંવાર કરવી તે બેદરકારી છે.ઇશ્વર પાસે આપણે ભૂલો સુધારવા ભેજું અને તે સ્વીકારવા કલેજું માંગીએ..

http://suratiundhiyu.wordpress.com/

- નાના સરખા બનાવથી ઘણીવાર આપણે ઇશ્વરનો દોષ કાઢતા હોઇએ છીએ મનોમન નિરાશ થઇ જઇએ છીએ,પણ કદાચ તે સારા માટે પણ હોઇ શકે.
- સતત સરખામણી અને ફરીયાદો કરવાની આપણને ટેવ પડી ગઇ છે અને પછી દુઃખી થઇએ છીએ..
- ઇશ્વર જ્યારે રસ્તો બતાવવા અને દોરવા માંગે છે ત્યારે ગમે તે રીતે સ્વપ્નમાં પણ રસ્તો સુઝાડે છે.ભાવનાઓ શુદ્ધ હોય તો જીવનની દિશા બદલાઇ જાય છે.
- Every one thinks of Changing world, but no one thinks of Changing Himself..!
- સુકાયેલા ફુલોમાંથી ફોરમ શોધતો હતો, તૂટેલા તારોમાંથી રણકાર શોધતો હતો, ભાગેલા હ્રદયમાંથી હેત શોધતો હતો, ફાટેલા ધર્મગ્રંથોમાંથી સંસારનો સાર શોધતો હતો, વિખૂટા પડેલા પરમાત્માથી આત્માનું મિલન શોધતો હતો, જન્મોજન્મથી ચાલતી આ ખોજ હે સદગુરૂ બાબા ! તમારા ચરણોમાં આવવાથી પૂર્ણ થઇ છે..!
- ભૂખ લાગે ત્યારે ખાવું તે પ્રકૃતિ; ભૂખ ન લાગી હોય તોય ખાવું તે વિકૃતિ અને ભૂખ્યા રહીને બીજાને ખવરાવવું તે સંસ્કૃતિ...
- પથ્થર જેવો ક્રોધ કોકનું માથું ફોડી નાખે છે, પણ પાણી જેવી ક્ષમા લાંબે ગાળે પથ્થર જેવા ક્રોધને તોડી નાખે છે એ વાસ્તવિકતા કયારેય ભૂલશો નહિ
- આપણે એવું નહીં વિચારવું કે ભગવાન અમારા શુભ ફળ તરત કેમ નથી આપતા? બલકે ભગવાનનો આભાર માનો કે આપણને ભૂલની સજા તરત નથી આપતા.
- ખાઈમાં પડેલો માનવી બચી ને ઉપર આવી શકે છે, પરંતુ અદેખાઈમાં પડેલો માનવી ક્યારેય ઉપર આવી શકતો નથી.
- દરિયો સમજે છે કે મારી પાસે પાણી અપાર છે, પણ એ ક્યાં જાણે છે કે આ તો નદીએ આપેલો પ્રેમ ઉધાર છે.
- 'ફૂલ ને ખીલવા દો, મધમાખી પોતાની જાતે જ તેની પાસે આવશે; ચારિત્ર્યશીલ બનો, વિશ્વાસ જાતે જ તમારા પર મુગ્ધ થઇ જશે.'
- પ્રસાદ એટલે શું ? 'પ્ર' એટલે પ્રભુ, 'સા' એટલે સાક્ષાત, 'દ' એટલે દર્શન માટે જે આરોગવાથી પ્રભુના સાક્ષાત દર્શન થાય તે સાચો પ્રસાદ, અને પ્રસાદ આરોગતી વેળાએ હ્રદયમાં પ્રભુના મુખારવિંદની ઝાંખી થાય તે મહાપ્રસાદ
- "ઈશ્વર માનવીને લાયકાત કરતા વધારે સુખ આપતો નથી... તો સહનશક્તિ કરતા વધારે દુઃખ પણ નથી આપતો.
- પૈસા માટે તો બધા પરસેવો પડે છે! પર-સેવા માટે પરસેવો ના પડાય ?
- કશું ના હોય ત્યારે "અભાવ" નડે છે, થોડું જ હોય ત્યારે "ભાવ" નડે છે, જીવનનું આ એક કડવું સત્ય છે, બધું જ હોય ત્યારે "સ્વભાવ" નડે છે.
- કોઈ દિવસ કુંભાર પણ મન માં વિચારતો હશે, કે "ટકોરા" મારીને મારા માટલાને ચકાસતો આ માનવી આટલી જલ્દી કેમ તૂટી જાય છે ?

http://suratjundhiyu.wordpress.com/

- કોણ કહે છે કે ભગવાન નથી દેખાતા? ખાલી એ જ તો દેખાય છે જ્યારે કંઇ નથી દેખાતું!
- તારૂં કશું ન હોય તો છોડીને આવ તું, તારૂં જ બધું હોય તો છોડી બતાવ તું.
- સુધારી લેવા જેવી છે પોતાની ભૂલ, ભૂલી જવા જેવી છે બીજાની ભૂલ, આટલું માનવી કરે કબુલ, તો હરરોજ દિલમાં ઉગે સુખના ફુલ.
- કોણ કહે છે "સંગ એવો રંગ" માણસ "શિયાળ" સાથે નથી રેહતો તોયે "લૂચ્ચો" છે, માણસ "વાઘ" સાથે નથી રેહતો તોયે "ક્રૂર" છે, અને માણસ "કુતરા" સાથે રહે છે તોયે "વફાદાર" નથી.
- "માણસને પ્રેમ કરો વસ્તુને નહી, વસ્તુને વાપરો માણસને નહી...
- સાચો પ્રેમ હોય તો એમાં ગાજવીજ ન હોય. પ્રેમ એ અત્યંત સૂક્ષ્મ વસ્તુ છે. બે વ્યકિત વચ્ચેની અંગત વાત છે. એને જાહેર કરો એટલે એમાં દર્શન કરતાં પ્રદર્શનનું તત્વ વધારે આવે. પ્રેમને દેખાડાની જરૂર નથી.
- સફળતા એટલે એક નિષ્ફળતા થી બીજી નિષ્ફળતા તરફ ઉત્સાહ ગુમાવ્યા વગર વધવુ.
- આત્મ વિશ્વાસ એ સફળતાનું પ્રથમ પગથીયુ છે. Self-trust is the first secret of success.
- સફળતામાં સાથે મળીને તાળીઓ પાડતા અનેક હાથો કરતા, નિષ્ફળતામાં આંસુઓ લૂછતો એક હાથ વધુ મહત્વનો છે.
- સ્વપ્ન જુઓ તો એવા જુઓ કે તમે કાયમ માટે જીવવાના છો, જીવો તો એવા જીવો કે તમે આજે જ મરવાના છો.
- બધાજ કાંઈને કાઈ મોટું મેળવવાની કોશિશ કરે છે પણ તેઓને ખબર નથી કે જિન્દગી એ નાની વસ્તુઓથી જ સમ્પુર્ણ થાય છે.
- બીજાઓને તેઓના સપના સાકાર કરવામાં મદદ કરો અને તમે તમારા સપના સાકાર કરશો.
- સ્વપ્ન એ નથી કે જે તમે ઉંઘમાં જુઓ છો, પણ સ્વપ્ન એ છે કે જે તમને ઉંઘવા ના દે.
- દરેક મુશ્કેલીમાં એક તક રહેલી હોય છે.
- હિમ્મત કાયમ મોટેથી બોલવામાં નથી, કોઈક વાર હિમ્મત એ દિવસના અંતે નીકળેલો ધીમો અવાજ છે જે કહે છે "હુ કાલે ફરી કોશિશ કરીશ"
- ઝુકો પણ તુટો નહી...આ વિચાર વાંસના ઝાડ પાસે થી શિખવા જેવો છે , તોફાનો ના સમયમાં તે ઝુકે છે હાલે છે પણ તોફાનો શમતાં જ ફરીથી ઉન્નત શિરે ઉભા થઈ જાય છે.
- વહાણ દરિયા કિનારે હંમેશાં સલામત હોય છે, પણ એ દરિયા કિનારે રહેવા માટે નથી સર્જાયુ. આ વાક્ય જીવનમાં જોખમો ખેડવાની સલાહ આપે છે,જોખમો ઉઠાવ્યા સિવાય સફળતા મળતી નથી.
- એકલા ઉભા રહેવાનો મતલબ એ નથી કે હું એકલો છું, એનો મતલબ એ છે કે હું મારી રીતે પરિસ્થિતિનો સામનો કરવા સક્ષમ છું.

- જનસેવા એ જ પ્રભુસેવા

http://suratundhiyu.wordpress.com/

- પરમેશ્વરમાં શ્રધ્ધા.પરમેશ્વર જ્યારે જે સ્થિતિમાં રાખે તે સહર્ષ સ્વીકારવી.પોતાની જાતમાં શ્રધ્ધા.. જેમની સાથે હું કામ કરૂં છું,જેમની જોડે હું જીવું છું,જેમના માટે હું કામ કરૂં છું એમાં શ્રધ્ધા..સમગ્ર માનવજાતમાં શ્રધ્ધા.....
- ગઇકાલ કરતાં આજ સારી છે,આજ કરતાં આવતી કાલ વધુ સારી આવવાની છે.
- પ્રભુ પાસે પાત્ર નહિ, પાત્રતા લઇને જઇએ.
- હું પ્રભુનો,પ્રભુ છે મમ રક્ષક, એહ ભરોસો જાય નહિ,જે પ્રભુ કરશે તે મમ હિતનું એ નિશ્ચય બદલાય નહિ.
- જીવનમાં દુઃખો અનિવાર્ય છે, દુઃખી થવું અનિવાર્ય નથી.
- રાત જીતની ભી રંગીન હોગી, સુબહ ઉતની હી સંગીન હોગી..
- નિરાશા રસ્તા ઉપરના સ્પીડ બ્રેકર જેવી હોય છે.સ્પીડ બ્રેકર પર લાંબો સમય રહેવું પડતું નથી, પછીનો આગળનો રસ્તો મજાનો હોય છે.
- નોકરી ઉપર જાઓ છે ત્યાં કોઇને કોઇ તકલીફ તો આવવાની જ પણ તેની સાથે ઘરના સદસ્યોને,મિત્રને શું લેવાદેવા ? સાંજે કામ ઉપરથી આવો ત્યારે તે બધી તકલીફો ત્યાં જ છોડીને આવો.ઓફિસની તકલીફો ટેન્સનની વાતો ત્યાં જ છોડીને આવો.સવારમાં જોશો તો તેમાંની ઘણીખરી બીજા દિવસે સવારે ત્યાં હોતી નથી.
- અમાસની રાતે ચંદ્ર નથી ના અફસોસમાં વિતે તો તારાનું સૌદર્ય ક્યાંથી માણી શકાય ?
- વેદનાઓ વેલ બને ગીત એવું ગાજે..શોકને બનાવી શ્લોક જીવનને શણગારજે.
- દુઃખ ભલે હો મેરૂં સરખું,રંજ એનો ના થાવા દેજો, રંજ સરખું દુઃખ જોઇ બીજાનું રોવાને બે આંસુ દેજે...
- આજે હું સ્વીકારની ભૂમિકા અપનાવીશ.આજે હું મારી આસપાસની વ્યક્તિઓ,પરિસ્થિતિ,સંજોગો અને ઘટનાઓને જેવા હશે તેવા રૂપમાં સ્વીકારીશ.મારા જીવનમાં આવતી પરિસ્થિતિ કે ઘટના માટે અન્ય ઉપર દોષારોપણ નહી કરૂં.
- આ જગતમાંથી હું એકવાર પસાર થવાનો છું તેથી હું કશી મમતા બતાવી શકું તેમ હોઉં કે કોઇ સારૂ કામ કરી શકું તેમ હોઉં તો લાવ અત્યારે જ કરી લઉં..
- આપણું ધાર્યું થાય તો એતે હરિકૃપા સમજવી...એ પ્રમાણે ના થાય તો હરિઇચ્છા સમજવી.
- એટલી સમજ મને પરવરદિગાર દે.. સુખ જ્યારે જ્યાં મળે બધાનો વિચાર દે...
- પરમેશ્વર કોઇને કોઇ સ્વરૂપે આપણી પાસે આવે છે..આપણે ના છૂટકે જરાક આપીએ છીએ અને આશા વધારેની રાખીએ છીએ..
- હમ ના સોચે હમે ક્યા મિલા હૈ..હમ યે સોચે કિયા ક્યા હૈ અર્પણ...
- સામટું આવેને ભલે જગનું અંધારૂં તો યે હૈયાની હું હિંમત ના હારૂં...
- કોઇનો સ્નેહ ક્યારેય ઓછો નથી હોતો,આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.

http://suratiundhiyu.wordpress.com/

- કોઇને કશું જ આપી ન શકે અગર કોઇને માટે કશું જ ના કરી શકે એટલો દરિદ્ર કે નિર્બળ કોઇ માણસ હોતો જ નથી.
- પરિસ્થિતિ બદલવાની નહિ દ્રષ્ટિ બદલવા પ્રાર્થના કરવી.
- જે સ્થિતિ હું બદલી શકતો નથી તેને સ્વીકારવાની મતિ આપ..જે સ્થિતિ બદલી શકું છું તેને બદલવાની શક્તિ આપ અને એ બે પરિસ્થિતિનો ભેદ સમજવાની બુધ્ધિ આપ...
- હું ક્યાં કહું છું આપની હા હોવી જોઇએ પણ ના કહો છો એમાં વ્યથા હોવી જોઇએ...
- જીવનમાં ભાગો નહી આપણે જેટલા ભાગીશું તેટલી જ મુસિબત આપણી પાછળ દોડશે, મુસિબતોનો હિંમતથી સામનો કરો.
- સંકલનઃ સુમિત્રાબેન ડી..નિરંકારી - છક્કડીયા ચોકડી,તા.ગોધરા,જી.પંચમહાલ (ગુજરાત) - Sumi7875@gmail.com

## જીવનમાં વણી લેવા જેવાં નીતિસૂત્રો – ૧૦

- ગુરૂની નજીક એ છે કે જે ગુરૂના વચનોની પાલના કરે છે.
- મનુષ્યને પરમાત્માએ એવી શક્તિ પ્રદાન કરી છે કે જેનાથી માનવ પોતાના સારા નરસાનો વિચાર કરી શકે અને ખરાબ કર્મોને છોડીને સારા કર્મોને અપનાવીને પોતાના લોકને સુખી અને પરલોકને આનંદમય બનાવી શકે.
- સમગ્ર સૃષ્ટિનો સ્વામી એક નિરાકાર પરમાત્મા છે.સંત મહાપુરૂષો આ એક પરમાત્માના પ્રત્યે સમર્પિત થઇને પોતાનું જીવન વ્યતિત કરે છે.તન મન અને ધનને પ્રભુની અમાનત માની અભિમાન કરતા નથી.
- બ્રહ્મજ્ઞાન સદગુરૂની કૃપાથી પ્રાપ્ત થાય છે,પરંતુ તેના ઉપર વિશ્ર્વાસ સંત મહાપુરૂષોનો સંગ કરવાથી દ્રઢ થાય છે.જેમ જેમ અમો સતસંગ કરીએ છીએ તેમ તેમ અમારૂ મન સ્થિર અને શાંત બનતું જાય છે.
- જાતીઓ તથા ભાષાઓની ભિન્નતા હોવાછતાં માનવ ફક્ત માનવ છે.
- માનવમાં માનવતા નથી તો બાકીના તમામ ગુણો નકામા છે.
- જયારે માનવ માનવતાની ચાલ ચાલશે ત્યારે જ તેનું માનવજીવન સાર્થક થશે.
- ઇશ્ર્વરને સીમાઓમાં બાંધવા એ માનવની અજ્ઞાનતાનું પ્રમાણ છે.
- ચિંતાઓ છોડી ચિંન્તન કરીશું તો પ્રભુ નજીક દેખાશે.
- સદગુરૂ પરમાત્મા પાસે પ્રેમભક્તિનું દાન માંગો.
- એકબીજાની સાથે નિઃસ્વાર્થભાવે પ્રેમ કરો,પ્રેમમાં લેવાનું નહિ પરંતુ અર્પણ કરવાનું હોય છે.
- દિશા યોગ્ય હશે તો દશા અવશ્ય સુધરશે.

http://suratiundhiyu.wordpress.com/

- પ્રભુનો દરવાજો દરેક ધર્મ-જાતિ અને વર્ણના મનુષ્યના માટે ખુલ્લો છે.ધન,વિદ્વતા,શુભ કર્મોનું અભિમાન કરનાર તેમાંથી પસાર થઇ શકતો નથી,કારણ કેઃ આ દરવાજામાં ઝુકીને પસાર થવું પડે છે.
- મનુષ્ય પરમાત્માની અદભુત સર્વશ્રેષ્ઠ કૃતિ છે.મનુષ્યની એક મોટામાં મોટી કમજોરી એ છે કેઃતે જોઇને..સાંભળીને..સમજીને પણ તેના અનુરૂપ કર્મ કરતો નથી.
- જો માનવજીવનને સુખમય અને સાર્થક બનાવવું હોય તો સંતોની દિવ્યવાણીનું અનુકરણ અને અનુસરણ આવશ્યક છે.જ્ઞાન અને કર્મ જીવન રથનાં બે પૈડાં છે.જીવનને ગતિમય બનાવવા માટે આ બંનેમાં સંતુલન રાખવું અતિ આવશ્યક છે.
- જ્ઞાનના નકશામાં વિભિન્ન ભૌતિક કર્મોના માધ્યમથી સુંદરરૂપ પ્રદાન કરવાનું છે,તો જ જીવન ભક્તિભાવથી પરીપૂર્ણ અને સુગંધમય બનશે.
- જ્ઞાનનો સૂર્ય ઉદય થતાં પ્રેમનો જન્મ થાય છે અને નફરત સમાપ્ત થાય છે.જયારે અભિમાનના કારણે ભક્તિ તથા સુમતિ બંને ખોઇ બેસીએ છીએ.
- સેવા-સુમિરણ-સત્સંગ વિના જીવનમાં આનંદ આવી શકતો નથી.
- નામદાન,બ્રહ્મજ્ઞાન,આત્મજ્ઞાન,આત્મપ્રકાશ,કુંડલિની જાગરણ - આ બધાં જ્ઞાનના પર્યાય શબ્દો છે.
- જ્ઞાન મુજબ આચરણ કરવું - એ જ સંતની ઓળખાણ છે.
- જ્ઞાનીજન હંમેશાં ધીરજ-સંતોષમાં રહે છે,ગુરૂ ઉપર વિશ્ર્વાસ રાખે છે.
- જ્ઞાન એ વિદ્યા અને બુધ્ધિનું સૂક્ષ્મરૂપ છે,પ્રેમ જ્ઞાનની માતા છે.
- સાચા મનથી પૂજા કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.
- સુખનો આરંભ પોતાના ઘરથી કરો,દરેકનો સત્કાર કરો તથા વાણીમાં મિઠાશનો પ્રયોગ કરો,દરેકની સાથે મીઠું બોલો,પોતાના માતા-પિતા,ભાઇ-બહેન તથા અન્ય સબંધિઓની સાથે વ્યવહારમાં ખૂબ જ નમ્રતા રાખો.
- પોતાના માતા-પિતા સાથે સારો વ્યવહાર કરો,જો માતા-પિતા ઘરડાં થઇ ગયાં હોય તો તેમની કડવી વાતને પણ નમ્રતાથી સહન કરો.
- આજનો મનુષ્ય રત્તીભર કામ કરીને તેની પહાડ જેટલી ચર્ચા કરે છે, ભક્ત પહાડ જેટલું કામ કરીને રત્તીભર પણ ચર્ચા કરતા નથી.
- ભક્ત પોતાની વિશ્ર્વાસની નૌકામાં કોઇ છેદ થવા દેતા નથી.
- ભક્ત ફક્ત ગુણોના ગ્રાહક હોય છે.ભાવના જ ભક્તની ઓળખાણ હોય છે.શિતળતા પ્રદાન કરવી એ ભક્તનો સ્વભાવ હોય છે.

http://suratiundhiyu.wordpress.com/

- કોઇપણ સંત મહાપુરૂષને અમે સાધારણ મનુષ્ય ના સમજીએ.
- સત્સંગથી ધર્મ,જ્ઞાન અને પ્રેમનું જીવન જીવવાની શિખ મળે છે, ધર્મ એ લેબલ નથી ફરજ છે.
- બીજાની આબરૂને પોતાની આબરૂથી વધુ સમજો,બીજાની આબરૂનો પડદો બનીને રહો.
- જ્ઞાન અને કર્મના સંગમથી જ ધરતી સ્વર્ગ બનશે.

(ગુરૂદેવ હરદેવજી મહા.(નિરંકારી બાબા)ના પ્રવચનમાંથી સાભાર...)

## જીવનમાં વણી લેવા જેવાં નીતિસૂત્રો – ૧૧

- ગુરૂ જ બ્રહ્મા છે,ગુરૂ જ વિષ્ણુ છે અને ગુરૂ જ શંકર ભગવાન છે,ગુરૂ જ સાક્ષાત પરબ્રહ્મનું રૂપ છે,એટલે કેઃસંસારમાં ઉત્પત્તિ,પોષણ અને શાંત કરવાવાળી ત્રણે શક્તિઓ ગુરૂમાં હોય છે.
- આત્મા વિના શરીર માટી જ છે, તેવી જ રીતે બ્રહ્મજ્ઞાન વિના માનવજીવન અર્થહીન છે.
- માનવજીવનનો મુખ્ય ઉદેશ્ય સર્વવ્યાપી..સર્વજ્ઞ..સર્વ શક્તિમાન..નિરાકાર પ્રભુ પરમાત્માને જાણવા તથા બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો છે.આ દિવ્યજ્ઞાન માનવજીવનમાં સમરસતા લાવે છે, જીવનને સુખી બનાવે છે,પરમાનંદ પ્રદાન કરે છે.ગુરૂદેવ હરદેવસિંહજી મહારાજ (નિરંકારી બાબા) આ દિવ્યજ્ઞાનને સહજતાથી સરળ વિધિથી ઉપલબ્ધ કરાવે છે.
- સદગુરૂ વાસ્તવિક સત્યને અભિવ્યક્ત કરે છે.પ્રત્યેક માનવને સાર્થક જીવન જીવવાની કળા શિખવાડીને તેની વૃત્તિ આધ્યાત્મિક બનાવે છે.જીવન એવું હોવું જોઇએ કેઃજેમાં દિવ્યજ્ઞાનની જ્યોતિ હોય,વિનમ્રતા-કરૂણા-સહનશીલતા-સંવેદનશીલતાની ભાવનાથી રંગાયેલ હોય,ઇશ્વરના પ્રત્યે આસ્થાવાન હોય, બ્રહ્મજ્ઞાનમાં નિષ્ઠા હોય.
- શાંત સ્વભાવ,સરળ જીવન,સહનશીલતા,સહિષ્ણુતા,સંવેદનશીલતા,સમરસતા,પ્રેમ,નમ્રતા અને સમદ્રષ્ટિ વગેરે..ગુણો ભક્ત હોવાનાં પ્રમાણ છે.
- તારી ચારે બાજું નિરાકાર પ્રભુ પરમાત્મા વિધમાન છે,તે પહેલાં પણ તારી સાથે હતા.આજે પણ તારી સાથે છે અને હંમેશા તારી સાથે જ રહેવાના છે તેમછતાં ગુરૂની કૃપા વિના તૂં તેને પામી શકતો નથી.જેવી રીતે દર્પણમાં ચહેરો અને દૂધમાં ઘી સમાયેલું છે.તેવી જ રીતે

http://suratiundhiyu.wordpress.com/

આ નિરાકાર પ્રભુ પરમાત્મા આ સૃષ્ટિમાં સમાયેલા છે.તેના માટે સદગુરૂની કૃપાથી જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત કરવાની જરૂરી છે અને આ જ દુઃખ નિવારણનો સાચો ઉપાય છે.

- સર્વશક્તિમાન સર્વવ્યાપી નિરાકાર પ્રભુનાં દર્શન કર્યા વિના તેમની પ્રશંસા તથા મહિમાનાં ગાન કરવાં એ પાણીમાં આગ લગાવવા સમાન નિષ્ફળ જ છે.
- ભ્રમોથી બચવા માટે બ્રહ્મનું જ્ઞાન જરૂરી છે. તેના માટે ફક્ત ધર્મગ્રંથોનું પઠન-પાઠન સમાધાન નથી.ધર્મગ્રંથોમાં જે કંઇ લખ્યું છે તેના અનુરૂપ આચરણ  કરવું પડશે જ...!!
- ભૂલો કઈ રીતે થઈ તે સમજવામાં જેટલો સમય વેડફાય છે તેના કરતાં ઓછા સમયમાં,એ ભૂલ સુધારી શકાય છે.
- ભૂખ લાગે ત્યારે ખાવું તે પ્રકૃતિ,ભૂખ ન લાગી હોય તોય ખાવું તે વિકૃતિ અને ભૂખ્યા રહીને બીજાને ખવરાવવું તે સંસ્કૃતિ...
- માનવીના જ્ઞાનને માપવા માટે,તેની નમ્રતા અને બધાને પ્રેમ કરવાની તેની તાકાતને તપાસવી પડેછે.
- કોઈ અક્ષર એવો નથી,જેમાંમંત્ર ન હોય.કોઈ મૂળ એવું નથી, જેમાં ઔષધ ન હોય.કોઈ વ્યક્તિ એવી નથી,જે અયોગ્ય હોય.માત્ર એને પારખીને એનો ઉપયોગ કરનાર દુર્લભ છે.
- "જીવનમાં જેટલી કિંમતી વસ્તુ પ્રાપ્ત કરશો,એટલું જ કિંમતી એનું ઋણ ચુકવવું પડશે"
- પથ્થર જેવો ક્રોધ કોકનું માથું ફોડી નાખે છે એ વાત સાચી, પણ પાણી જેવી ક્ષમા લાંબે ગાળે પથ્થર જેવા ક્રોધને જ તોડી નાખેછે એ કયારેય ભૂલશો નહિ.
- આપણી આવક,એ આપણા પગરખાં જેવી છે.જો ટૂંકી હોય તો ડંખે; પણ વધુ મોટી હોય, તો ગડથોલિયું જ ખવડાવે .
- આપણે એવું નહીં વિચારવુ કે ભગવાન અમારા શુભ  ફળ તરત કેમ નથી આપતા, બલકે ભગવાનનો આભાર માનો, કે આપણને ભૂલની સજા નથી આપતા.

http://suratiundhiyu.wordpress.com/

- સાદગી ઉત્તમ સુંદરતા છે,ક્ષમા ઉત્તમ બળ છે,નમ્રતા ઉત્તમ તર્ક છે, અને મિત્રતા ઉત્તમ સંબંધ છે. તેને ધારણ કરીને જીવનને ઉત્તમ બનાવો.
- પૈસો આવે છે ત્યારે ખર્ચના લશ્કરને લઇને આવે છે,એજ પૈસો જયારે જાય છે ત્યારે એકલો જ જતો રહેછે પરંતુ..,પેલું ખર્ચનું લશ્કર મૂકતો જાય છે.
- ”ખાઈ” માં પડેલો માનવી બચીને ઉપર આવી શકે છે,પરંતુ.., “અદેખાઈ” માં પડેલો માનવી ક્યારેય ઉપર આવી શકતો નથી ..........
- તમે નિષ્ફળ થાવ તો પ્રયત્ન કરો અને સફળ થઇ જાઓ, તો તમે સફળ થયા કહેવાય, કે નિષ્ફળ થયા કહેવાય?????
- દરિયો સમજે છે કે મારી પાસે પાણી અપાર છે, પણ એ ક્યાં જાણે છે કે, તો નદીએ આપેલો પ્રેમ ઉધાર છે....
- જિદગીમાં એવું કશુ જ મુશ્કેલ નથી હોતું જે આપણે વિચારવાની હિંમત ના કરી શકીએ, હકિકતમાં આપણે, કશુંક જુદું જ કરવાનું વિચારવાની હિંમત નથી કરી શકતા.
- ‘ફૂલને ખીલવા દો, મધમાખી પોતાની જાતેજ તેની પાસે આવશે;ચારિત્ર્યશીલ બનો, વિશ્વાસ જાતે જ તમારા પર મુગ્ધ થઇ જશે.’
- પ્રસાદ, એટલેશું? પ્ર – એટલેપ્રભુ, સા – એટલેસાક્ષાત, દ – એટલેદર્શન.માટે આરોગવાથી, પ્રભુના સાક્ષાત દર્શન થાય તે સાચો પ્રસાદ. અને પ્રસાદ આરોગતી વેળાએ, હૃદયમાં પ્રભુના મુખારવિંદની ઝાંખી થાય તે મહાપ્રસાદ.
- ”ઈશ્વર માનવીને લાયકાત કરતા વધારે સુખ આપતો નથી... તો સહનશક્તિ કરતા વધારે દુઃખ પણ નથી આપતો..........
- પૈસા માટે તો બધા પરસેવો પડે છે, પણ પર-સેવા માટે,પરસેવો ના પડાય ?

http://suratiundhiyu.wordpress.com/

- કશું ના હોય ત્યારે "અભાવ" નડે છે, થોડું જ હોય ત્યારે "ભાવ" નડે છે,બધું જ હોય ને ત્યારે "સ્વભાવ" નડે છે..જીવનનું આ એક કડવું સત્ય છે.
- કોઈ દિવસ કુંભાર પણ મનમાં વિચાર તો હશે.. કે "ટકોરા" મારીને મારા માટલાને ચકાસતો આ માનવી, આટલી જલ્દી કેમ તૂટી જાય છે?
- કોણ કહે છે,કે ભગવાન નથી દેખાતા?? ખાલી, એજ તો દેખાય છે,જ્યારે કંઇ નથી દેખાતું..!!
- તારું કશું ન હોય,તો છોડીને આવ તું,તારું જ બધું હોય,તો છોડી બતાવ તું........
- અવગણના વચ્ચે જીવતું બાળક, અપરાધ શીખશે.દુશ્મનાવટ વચ્ચે જીવતું બાળક,લડાઇ શીખશે. ઉપહાસ વચ્ચે જીવતું બાળક શરમ શીખશે.સહનશીલતા વચ્ચે જીવતું બાળક ધૈર્ય શીખશે. પ્રોત્સાહન વચ્ચે જીવતું બાળક વિશ્વાસ શીખશે મૈત્રી અને આવકાર વચ્ચે જીવતું બાળક જગતમાં પ્રેમ આપતા અને મેળવતા શીખશે..
- સુધારી લેવા જેવી છે પોતાની ભૂલ,ભૂલી જવા જેવી છે બીજાની ભૂલ.,.આટલું માનવી કરે કબુલ તો હરરોજ દિલમાં ઉગે સુખના ફુલ ...
- કોણ કહે છે "સંગ એવો રંગ",માણસ "શિયાળ" સાથે નથી રેહતો તોયે "લૂચ્ચો" છે,માણસ "વાઘ" સાથે નથી રહેતો તો ય "ક્રૂર" છે,અને માણસ "કુતરા" સાથે રહે છે તોયે "વફાદાર" નથી.....
- માણસને પ્રેમ કરો વસ્તુને નહી,વસ્તુને વાપરો માણસને નહી.

સંકલનઃ સુમિત્રાબેન ડી..નિરંકારી - છક્કડીયા ચોકડી,તા.ગોધરા,જી.પંચમહાલ (ગુજરાત) - Sumi7875@gmail.com

http://suratiundhiyu.wordpress.com/

## સ્વાતિ બૂંદ

- મન બદલાય તો સ્વભાવ બદલાય છે.. વિચાર બદલાય છે..વિચાર બદલાય તો જીવન જીવવાની રીત બદલાય છે.જીવનની દિશા યોગ્ય હોય તો પછી દશા આપોઆપ બદલાય છે. દરેક પ્રાણીમાત્રમાં એક પ્રભુ પરમાત્માનાં દર્શન થાય છે.

- હંસી-મઝાક કરવી એ કોઇ ખરાબ વાત નથી,પરંતુ હંસી મઝાક તેવી કરો કે સામાવાળાની આબરૂ વધે તે ધ્યાનમાં રાખવું.
- અમે એવું ઇચ્છતા હોઇએ કે અમારા બાળકો સદગુણોને ધારણ કરે..તેમનું ચારીત્ર અને આચરણ સારૂં બને..વડીલોનો આદર સત્કાર કરે તો તે કામ પહેલાં આપણે પોતે કરવાનું છે.
- બાળકોનું જીવન ઇમાનદાર અને પવિત્ર બનાવવા ઇચ્છતા હો તો બાળપણથી તેમને સેવા.. સુમિરણ.. સત્સંગમાં જોડવા જોઇએ. જ્યારે પણ કોઇ સંત મહાત્માઓનું આપણા ઘેર આગમન થાય ત્યારે બાળકોના હાથે સંત મહાત્માઓનો આદર..સત્કાર..સેવા કરાવવાથી બાળકોમાં ભક્તિના દિવ્ય ગુણો આપોઆપ આવી જાય છે.
- બાળકો એ અમારી સાચી દૌલત અને સંપત્તિ છે.તેમાનામાં સારા સંસ્કારોનું સિંચન તથા યોગ્ય અને સારૂં શિક્ષણ મળે તેનું ખાસ ધ્યાન રાખવું જોઇએ.સારા સંસ્કાર અને શિક્ષણ આપવાથી દેશ સમાજ અને પરીવારનું કલ્યાણ થાય છે.
- ઘર..ધંધાનું સ્થળ..સત્સંગ સમારોહ કે સંસાર..દરેક જગ્યાએ અમારૂં શુભ આચરણ તથા ચોક્ખા વ્યવહારથી જ અમોને સુખ શાંતિ મળે છે.
- સેવા..સુમિરણ..અને સત્સંગ જ સાચું તપ અને ત્યાગ છે જેના દ્વારા જ ગુરૂભક્ત કર્તા-ભોક્તાના ભાવથી બચી શકે છે.
- અમારે સત્કર્મો..પરોપકારનાં કાર્યો ફળની આશા રાખ્યા વિના પોતાનું કર્તવ્ય સમજીને કરવાં જોઇએ.જો કે શુભ કર્મોનું ફળ શુભ જ મળે છે તે સનાતન સત્ય વાત છે.
- રામરાજ્ય ફક્ત કહેવાથી..સપના જોવાથી..ભાવનાત્મક વાતો કરવાથી અથવા તો મોટા મોટા ભાષણો કરવાથી આવવાનું નથી,પરંતુ રામરાજ્યની સ્થાપના કરવા માટે ભગવાન શ્રી રામના સિદ્ધાંતો અને શિક્ષાઓને જીવનમાં અપનાવવી પડશે...


- સંકલનઃ સુમિત્રાબેન ડી..નિરંકારી - છક્કડીયા ચોકડી,તા.ગોધરા,જી.પંચમહાલ (ગુજરાત) - Sumi7875@gmail.com


## ગુરૂવચનામૃત

- **સંતુષ્ટિ અને તૃપ્તિનો એકમાત્ર રસ્તો છેઃ પ્રભુનું જ્ઞાન.**
- **શુભ કર્મો કરવાથી જ શુભકામનાઓ સાર્થક થાય છે.**
- **પ્રેમની ભાષા સર્વોત્તમ ભાષા છે.**
- **ધરતીને સ્વર્ગ બનાવવી હોય તો સુંદર ભાવ..સુંદર ચાલ અને વ્યવહારીક જીવન પણ સુંદર હોવું જોઇએ.**

http://suratundriyu.wordpress.com/

- જ્ઞાન અને કર્મના સંગમથી જ પૃથ્વી સ્વર્ગ બનશે.
- ગમે તે બનો મુબારક છે પણ તે પહેલાં માનવ બનો.
- બ્રહ્મજ્ઞાનના પ્રકાશમાં રહેનાર જ ધરતીના માટે વરદાન બને છે.
- સત્યની અનુભૂતિથી જ વાસ્તવિક મુક્તિ સંભવ છે.
- સમદ્દષ્ટિને અપનાવવાથી જ જીવન ખુશહાલ બને છે.
- માનવતાના રસ્તા પર ચાલવાથી જ સુંદર ઘર સંસાર બને છે.
- માનવ માનવ બને એ જ સાચો ધર્મ છે.
- સુખ શાંતિથી જીવન જીવવું હોય તો સહનશીલ બનો.
- માનવ ભાઇચારાની ભાવનાથી સંસારને સજાવો.
- માનવ કો માનવ હો પ્યારા..એક દૂજે કા બને સહારા.
- ઉત્સવ હૈ એકત્વકા પ્રેમ ઔર અપનત્વકા..!
- પ્યાર સજાતા હૈ ગુલશનકો ઔર નફરત વિરાન કરે...!
- ભેદભાવકી દિવાલે ગિરાયે સમદ્દષ્ટિ અપનાયે...!
- ના વૈર ના તકરાર કી આજ હૈ જરૂરત પ્યાર કી...!
- અમન ચૈનસે રહેના હૈ તો સહનશીલ બન જાયે..
- ધર્મ હૈ બસ ઇન્સાન હોના કોઇ ઔર ધર્મ ઇમાન નહી..

સંકલનઃ સુમિત્રાબેન ડી..નિરંકારી - છક્કડીયા ચોકડી,તા.ગોધરા,જી.પંચમહાલ (ગુજરાત) - Sumi7875@gmail.com

## સંતવાણી -૧

- આપણા પૂર્વજો પાસે એક એવું જ્ઞાન હતું, એક એવી વિદ્યા હતી, એક એવી શક્તિ હતી કે જે એક ફૂંક માત્ર થી પણ યુરોપની સમસ્ત પ્રચંડ શક્તિને પણ તણખલાની પેઠે ઉડાવી દઈ શકે, એ શક્તિ મેળવવા માટે ઉપાસનાની-સાધનની જરૂર છે, પરંતુ આપણે શક્તિના નહિ સહજના ઉપાસક છીએ ને સાધના વિના શક્તિ શી રીતે પામી શકાય? આપણ પૂર્વજોએ ચિંતનનો મહાસાગર ડહોળીને મેળવેલ જ્ઞાન સહજમાં શી રીતે પમાય ?
- આદર્શો એ અકસ્માતો નથી.લાંબી તપસ્યાનું અને અનેક જન્મોનું ફળ છે.આદર્શો જેટલા તીવ્ર હોય, જીવન એટલું મહાન હોય. એક વિચારને ખાતર જીવી શકતા હોય એવા

આત્માઓ ખરેખર વિરલ જ હોય, હવે જે યુગ ઉદય પામી રહ્યો છે તેમાં ભૂતકાળના આદર્શોને બાજુ પર ફેંકી દેવામાં આવશે નહિ, પરંતુ હવે તો પ્રથમ વાર જ એમની સાચી સફળતા પ્રાપ્ત થશે.

- આપણે જેમ જેમ ઊંડાણમાં દ્રષ્ટિ કરીશું તેમ તેમ આપણને ખાત્રી થશે કે એક વસ્તુની ખાસ ખામી છે, જે મેળવવા સૌથી પહેલો પ્રયત્ન કરવો જોઈએ અને એ છે શારીરિક શક્તિ, માનસિક શક્તિ, નૈતિક શક્તિ અને એ બધા ઉપરાંત એ બધાનો અક્ષય, અવિનાશી અને મૂળ સ્રોત રૂપ આધ્યાત્મિક શક્તિ. આપણામાં આ શક્તિઓ આવી હશે તો બાકીની બધી વસ્તુઓ સહેલાઈથી અને સ્વાભાવિક રીતે આવી મળશે, માટે શક્તિની પ્રાપ્તિ માટે જ પ્રયત્ન કરીએ.
- આપણે એવો ડર રાખવાની જરૂર નથી કે હિન્દ માં કોઈ ફેરફાર થશે તો એ એક જરી પુરાના યુરોપ જેવો બની જશે. હિંદુનું વ્યક્તિત્વ એટલું તો પ્રચંડ છે કે એના માટે આવો કોઈ વિનિપાત બનવાનો જ નથી. એનો આત્મા એટલો તો પ્રશાંત અને સ્વયં-પૂર્ણ છે કે તે આવી કોઈ શરણાગતિ સ્વીકારશે જ નહિ. હિન્દ પોતે જ પોતાની પરિસ્થિતિઓનું સર્જન કરશે, સમાજની વ્યવસ્થાનું ગુપ્ત રહસ્ય એ શોધી લેશે ને જગત અને આત્માનો સુસંવાદ મેળવવાની વાત પૃથ્વીની પ્રજાને રૂડી રીતે શીખવશે.
- જેટલું બને એટલું અને બની શકે તો સંપૂર્ણ શાંતિમય રહેવાની સાથે કોઈ દૈવી કૃપા પર અડગ વિશ્વાસ અને શ્રદ્ધા રાખશો તો તમે જાતે જ સંજોગોને વધુને વધુ શુખદ બનવાનો અવસર આપી શકશો. તમને ભલે ગમે કે ન ગમે પણ સૌથી વધુ શ્રેષ્ઠ ત્યારે જ બને છે, અને તેમને જ સાપડે છે, જેમને પોતાનો સંપૂર્ણ વિશ્વાસ માત્ર દિવ્ય શક્તિમાં મૂકી દીધો છે.
- હિંદુ ધર્મ સનાતન અને શાશ્વત ધર્મ છે. હિમાલય અને સાગરની વચ્ચે આવેલી હિન્દની શાંત ભૂમિમાં આ ધર્મ વૃદ્ધિ પામ્યો છે. કાળના અનંત પ્રવાહમાં એને સુરક્ષિત રાખવા આ પુરાતન અને પુણ્ય ભૂમિમાં તે આર્ય પ્રજાને સોપાયેલ છે. પરંતુ એ ધર્મ કોઈ એક જ દેશની સીમમાં પુરાયેલો નથી. એ કોઈ પ્રદેશની આગવી મિલકત નથી એ તો બધા ધર્મને પોતાનામાં સમાવી લેનારો શાશ્વત અને વ્યાપક ધર્મ છે.
- હિંદુ ધર્મ એક એવો ધર્મ છે કે જેણે ભૌતિક વિદ્યાની શોધખોળો તેમજ તત્વજ્ઞાનના મંતવ્યોનું સ્વરૂપ પહેલેથી પામી જઈને જડવાદ પર વિજય પામવાનું સામર્થ્ય મેળવી લીધું છે. પ્રભુ આપનાથી કેટલો સમીપ છે તેની પ્રતીતિ કરાવી છે અને પ્રભુપ્રાપ્તિના સર્વ માર્ગોનો પોતાનામાં સમાવેશ કર્યો છે. આ ધર્મજ સત્યને બુદ્ધિ દ્વારા સમજવામાં અને શ્રદ્ધા વડે માનવામાં સહાય કરે છે. અને સત્યનો સાક્ષાત્કાર પણ કરાવે છે.

http://suratiundhiyu.wordpress.com/

❖ જો તારા હૃદયને અંદરથી કષ્ટ થતું હોય,જો લાંબા ગાળા સુધી તું પ્રગતિ કરતો ન હોય,જો તારું બળ મૂર્છા પામતું હોય અને પશ્ચાતાપ અનુભવતું હોય તો પણ તું હમેશા આપણા પ્રેમી અને સ્વામીની શાશ્વત વાણીને યાદ રાખજે કે હું તને સર્વ પાપોમાંથી તથા અનિષ્ટો માંથી મુક્ત કરીશ, શોક ન કર.

❖ આપણું પહેલું ધ્યેય છે - માનવ જાતિનું ઐક્ય સાધવું. આપણું બીજું ધ્યેય છે, માનવને પશુતામાંથી પાછો લાવી માનવતા વાળો બનાવવો, અર્થ પ્રધાન, બુદ્ધી પ્રધાન, ને કળા પ્રધાન જીવનમાંથી આધ્યાત્મિક જીવન ભણી લઇ જવો. અને આપણું ત્રીજું ધ્યેય છે, આધ્યાત્મિક શક્તિનું મનુષ્યના શરીરમાં અને ચિતમાં અવતરણ. આ અવતરણ થતા માનવ, માનવત્વ ને વિકસાવી પરમ માનવીની કોટિને પ્રાપ્ત કરશે.

❖ અત્યારે આપણા માટે માતૃભૂમિ સિવાય કશું જ મહત્વ નું કે પ્રિય હોવું ન જોઈએ. માતૃભૂમિની સેવા માટે જ અભ્યાસ કરજો. તમારી જાતને મનને અને આત્માને તેની સેવા માટે જ તૈયાર કરજો. તમારી આજીવિકા પણ તેની સેવામાં જીવવા માટે જ મેળવજો. વિદેશ જાઓ તો પણ તેની સેવા માટેનું જ્ઞાન મેળવવા અને તેને સમૃદ્ધ બનાવવા માટે જ વિદેશ જજો. એના રાજીપા માટેજ સહન કરજો.

## સંતવાણી – ૨

- જનસેવા એ જ પ્રભુસેવા
- પરમેશ્વરમાં શ્રધ્ધા.પરમેશ્વર જ્યારે જે સ્થિતિમાં રાખે તે સહર્ષ સ્વીકારવી. પોતાની જાતમાં શ્રધ્ધા..જેમની સાથે હું કામ કરૂં છું,જેમની જોડે હું જીવું છું, જેમના માટે હું કામ કરૂં છું એમાં શ્રધ્ધા..સમગ્ર માનવજાતમાં શ્રધ્ધા.....
- ગઇકાલ કરતાં આજ સારી છે,આજ કરતાં આવતી કાલ વધુ સારી આવવાની છે.
- પ્રભુ પાસે પાત્ર નહિ, પાત્રતા લઇને જઇએ.
- હું પ્રભુનો,પ્રભુ છે મમ રક્ષક, એહ ભરોસો જાય નહિ,જે પ્રભુ કરશે તે મમ હિતનું એ નિશ્ચય બદલાય નહિ.
- જીવનમાં દુઃખો અનિવાર્ય છે, દુઃખી થવું અનિવાર્ય નથી.
- રાત જીતની ભી રંગીન હોગી, સુબહ ઉતની હી સંગીન હોગી..
- નિરાશા રસ્તા ઉપરના સ્પીડ બ્રેકર જેવી હોય છે.સ્પીડ બ્રેકર પર લાંબો સમય રહેવું પડતું નથી, પછીનો આગળનો રસ્તો મજાનો હોય છે.

http://suratiundhiyu.wordpress.com/

- નોકરી ઉપર જાઓ છે ત્યાં કોઇને કોઇ તકલીફ તો આવવાની જ પણ તેની સાથે ઘરના સદસ્યોને,મિત્રને શું લેવાદેવા ? સાંજે કામ ઉપરથી આવો ત્યારે તે બધી તકલીફો ત્યાં જ છોડીને આવો.ઓફિસની તકલીફો ટેન્સનની વાતો ત્યાં જ છોડીને આવો.સવારમાં જોશો તો તેમાંની ઘણીખરી બીજા દિવસે સવારે ત્યાં હોતી નથી.
- અમાસની રાતે ચંદ્ર નથી ના અફસોસમાં વિતે તો તારાનું સૌદર્ય ક્યાંથી માણી શકાય ?
- વેદનાઓ વેલ બને ગીત એવું ગાજે..શોકને બનાવી શ્લોક જીવનને શણગારજે.
- દુઃખ ભલે હો મેરૂ સરખું,રંજ એનો ના થાવા દેજો, રંજ સરખું દુઃખ જોઇ બીજાનું રોવાને બે આંસુ દેજે...
- આજે હું સ્વીકારની ભૂમિકા અપનાવીશ.આજે હું મારી આસપાસની વ્યક્તિઓ,પરિસ્થિતિ,સંજોગો અને ઘટનાઓને જેવા હશે તેવા રૂપમાં સ્વીકારીશ.મારા જીવનમાં આવતી પરિસ્થિતિ કે ઘટના માટે અન્ય ઉપર દોષારોપણ નહી કરૂં.
- આ જગતમાંથી હું એકવાર પસાર થવાનો છું તેથી હું કશી મમતા બતાવી શકું તેમ હોઉં કે કોઇ સારૂ કામ કરી શકું તેમ હોઉં તો લાવ અત્યારે જ કરી લઉં..
- આપણું ધાર્યું થાય તો એતે હરિકૃપા સમજવી,એ પ્રમાણે ના થાય તો હરિઇચ્છા સમજવી.
- એટલી સમજ મને પરવરદિગાર દે.. સુખ જ્યારે જ્યાં મળે બધાનો વિચાર દે...
- પરમેશ્વર કોઇને કોઇ સ્વરૂપે આપણી પાસે આવે છે..આપણે ના છૂટકે જરાક આપીએ છીએ અને આશા વધારેની રાખીએ છીએ..
- હમ ના સોચે હમે ક્યા મિલા હૈ..હમ યે સોચે કિયા ક્યા હૈ અર્પણ...
- સામટું આવેને ભલે જગનું અંધારૂં તો યે હૈયાની હું હિંમત ના હારૂં...
- કોઇનો સ્નેહ ક્યારેય ઓછો નથી હોતો,આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.
- કોઇને કશું જ આપી ન શકે અગર કોઇને માટે કશું જ ના કરી શકે એટલો દરિદ્ર કે નિર્બળ કોઇ માણસ હોતો જ નથી.
- પરિસ્થિતિ બદલવાની નહિ દ્રષ્ટિ બદલવા પ્રાર્થના કરવી.
- જે સ્થિતિ હું બદલી શકતો નથી તેને સ્વીકારવાની મતિ આપ..જે સ્થિતિ બદલી શકું છું તેને બદલવાની શક્તિ આપ અને એ બે પરિસ્થિતિનો ભેદ સમજવાની બુધ્ધિ આપ...
- હું ક્યાં કહું છું આપની હા હોવી જોઇએ પણ ના કહો છો એમાં વ્યથા હોવી જોઇએ...
- જીવનમાં ભાગો નહી આપણે જેટલા ભાગીશું તેટલી જ મુસિબત આપણી પાછળ દોડશે, મુસિબતોનો હિંમતથી સામનો કરો.

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/